ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) કાયદો, ૨૦૨૫ હેઠળ Gujarat State Fisheries Harbour and Aquaculture Authority ની સ્થાપના કરેલ છે, જે આંતરદેશીય એક્વાકલ્ચરનાં વિકાસ અને મત્સ્ય

ઉતરાણ કેન્દ્રોની જાળવણી માટેની કામગીરી કરશે.

ઝીંગા ફાર્મ ઉછેર ક્ષેત્ર માટે રૂ.૯૫ કરોડનું Comprehensive Package ચાલુ વર્ષે મંજૂર થયેલ છે જે હેઠળ ભાંભરાપાણી મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ફાર્મ ધારકોને ઈલેક્ટ્રીસીટી ડ્યુટી ઉપર સંપૂર્ણ રાહત અને વીજ વપરાશના યુનિટ ઉપર સહાય આપવામાં આવે છે. જાન્યુઆરી –૨૦૨૬ અંતિત કુલ રુ ૬૦.૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

ગુજરાતના માછીમારો નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી મત્સ્ય/ઝીંગા ઉત્પાદન કરી પોતાની આવક બમણી કરી શકે તે માટે વિકસિત ગુજરાત ફંડ હેઠળ ઈન્ટેસીવ એક્વાકલ્ચર ફાર્મિંગ માટે તથા મેરીકલ્ચર ઝોનેશન માટે રૂ.૧૨.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માછીમાર જૂથ અકસ્માત વીમા યોજના દ્વારા રાજ્યના ૧,૧૦,૦૦૦ માછીમારોને વીમા કવચ આપવામાં આવ્યું છે.

સહકાર

ભારત સરકાર દ્વારા બનાવેલ સહકાર મંત્રાલય દ્વારા **'સહકારથી સમૃદ્ધિ'**ના મંત્રને ચરિતાર્થ કરવા માટે અને સહકારી મંડળીઓને આર્થિક રીતે વધુ સક્ષમ તેમજ પારદર્શક બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ ક્રાંતિકારી પહેલો અમલમાં મૂકવામાં આવી છે.

રાજ્યના સહકારી માળખામાં નાણાકીય સમાવેશને વેગ આપવા માટે મારી સરકારે ઐતિહાસિક પગલું ભરીને ૧૨,૫૮૦ થી વધુ માઈક્રો એટીએમ (Micro ATM) કાર્યરત કર્યા છે, જેણે ગ્રામીણ વિસ્તારોમાં અત્યાર સુધીમાં રૂ. ૧૩,૦૦૦ કરોડથી વધુના મૂલ્યના ૨.૧૬ કરોડ ટ્રાન્ઝેક્શન સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ પહેલ અંતર્ગત ૧૯ લાખથી વધુ પશુપાલકોને બેંકિંગ સેવાઓ સાથે સીધા જોડવામાં આવ્યા છે. તેમજ રાજ્યના મોટા ભાગના ગામો બેંકિંગ સુવિધાનો લાભ મેળવી રહ્યા છે.

બનાસ ડેરી દ્વારા દામા ખાતે દૈનિક ૪૦ મે.ટન ગોબરનું એકત્રીકરણ અને વૈજ્ઞાનિક પ્રોસેસિંગ કરીને **બાયો સી.એન.જી.** નું ઉત્પાદન કરતો પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે, જેનાથી પશુપાલકોને ગોબરના વેચાણ થકી વધારાની આવક પ્રાપ્ત થઈ રહી છે. આ પ્રોસેસિંગ દરમિયાન તૈયાર થતા ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભૂમિ–**જૈવિક ખાતર ("ભૂમિ અમૃત")** ના ઉપયોગથી ખેડૂતોના ખેતીખર્ચમાં ઘટાડો થયો છે.

૧૦૦ મે.ટન ના એક પ્લાન્ટ દ્વારા પ્રતિ દીન આશરે ૧,૮૦૦ કિલો બાયો–સીએનજી (Bio-CNG) અને ૧૦૦ મે.ટન જેટલા જૈવિક ખાતરનું ઉત્પાદન કરવામાં આવે છે. આ જૈવિક ખાતરનું બનાસ ડેરી દ્વારા "ભૂમિ અમૃત" બ્રાન્ડ નામે વેચાણ કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ્સ માત્ર પશુપાલકોની આવકમાં વધારો જ નહીં, પરંતુ વાર્ષિક અંદાજે ૬,૭૫૦ ટન જેટલા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરીને પર્યાવરણ સંરક્ષણમાં પણ પાયારૂપ ભૂમિકા ભજવશે.

જળ વ્યવસ્થાપન

એક સમયે ગુજરાતને પાણીની અછતવાળા વિસ્તાર તરીકે ઓળખવામાં આવતું હતું. મારી સરકારના ઉત્તમ જળ વ્યવસ્થાપનથી આજે ગુજરાત **પાણીદાર** રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૨૫–૨૬માં ડિસેમ્બર – ૨૦૨૫ સુધીમાં નાના અને મોટા મળી કુલ ૨૦૨ ચેકડેમોના કામો પૂર્ણ થયા છે. ઉપરાંત ૧૮૬ નાના અને ૨૦૪ મોટા ચેકડેમો પ્રગતિ હેઠળ છે, જે પૂર્ણ થતા ૭૮૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇ લાભ મળશે. ડિસેમ્બર–૨૦૨૫ સુધી રાજ્યમાં કુલ ૧,૮૭,૭૯૧ ચેકડેમો થકી અંદાજે ૪.૬૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં સીધો અથવા આડકતરો સિંચાઇ લાભ પ્રાપ્ત થયો છે.

ચોમાસા દરમ્યાન સાબરમતી નદીમાં **ઘરોઈ બંધ**થી હેઠવાસમાં નદીમાં વહી જતા પાણીનો સંગ્રહ કરવા માટે સાબરમતી નદી ઉપર રૂ.૨૦૦૦ કરોડથી વધુના ખર્ચે જુદા જુદા ૧૪ સ્થળોએ સીરીઝ ઓફ બેરેજ બનાવીને નદીને જીવંત રાખવાનું આયોજન સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ. જે પૈકી ૦૫ બેરેજની કામગીરી પૂર્ણ થયેલ છે. જેનાથી અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને સાબરકાંઠા જીલ્લાના ૫૦,૦૦૦ હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ લાભ થાય છે.

આ ઉપરાંત ઘરોઈ બંધને રૂ.૧૦૫૯ કરોડના ખર્ચે વિશ્વ કક્ષાના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે.

સૌની યોજના અંતર્ગત નર્મદાના પૂરનાં વધારાના પાણીથી ડિસેમ્બર–૨૦૨૫ સુધીમાં ૧૦૫ જળાશયો જોડવામાં આવેલ છે. જે પૈકી ૯૯ જળાશયો, ૨૩૪ ગામ તળાવો અને ૧૬૧૬ ચેકડેમોમાં ૧,૨૯,૦૩૮ મિલિયન ઘન ફૂટ પાણી આપવામા આવેલ છે. જેના થકી આશરે ૨.૬૩ લાખથી વધુ હેક્ટરમાં સિંચાઇ

સુવિધા અને અનેક શહેરોમાં પીવાના પાણીની સુવિધા સુદ્રઢ બની છે.

કડાણા, પાનમ, કરજણ, ઉકાઈ જળાશય તેમજ નર્મદા નહેર આધારિત કુલ ૧૧ ઉદવહન સિંચાઈ યોજનાઓ દ્વારા દાહોદ, પંચમહાલ, મહિસાગર, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાઓના ૭૬૯ ગામોના આશરે ૯૨,૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ આપવામાં આવી રહ્યો છે.

સુજલામ સુફલામ જળ અભિયાન– **"કેચ ધ રેઇન ૨.૦"** અંતર્ગત વર્ષ ૨૦૨૫ દરમ્યાન જુદા–જુદા વિભાગો દ્વારા ૧૪,૫૦૦ થી વધુ કામો થયેલ છે. આ કામો થકી જળ સંગ્રહશક્તિમાં કુલ ૨૦,૮૧૫ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયેલ છે તથા ૧૦.૩૯ લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થયેલ છે

પાણી પુરવઠા

રાજ્ય સરકારે પાણી પુરવઠા યોજનાઓ માટે ભૂગર્ભ જળ ઉપર અવલંબન ન રાખતા તેને નદી, જળાશય, કેનાલ, તળાવ જેવા સરફેસ સોર્સ આધારીત યોજનામાં તબદીલ કરવાની અનેરી સિદ્ધિ મેળવી છે.

પાણી પુરવઠા યોજનાઓ માટે ૩૨૯૦ કિલોમીટરની બલ્ક પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક ઉભું કરી દેશમાં સૌપ્રથમ એવી રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજ્યના ૧૫,૮૦૨ ગામોને અને ૨૫૧ શહેરી વિસ્તારોને સરફેસ સ્રોતત આધારિત પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે અને તેનાથી ગુજરાતનાં ૫.૪૫ કરોડ નાગરિકોને પીવાના પાણીનો લાભ મળતો થયો છે.

મારી સરકાર દ્વારા પાણી પુરવઠા માટે ચાલુ વર્ષે રૂ. ૪૪૩ કરોડની ૧૨ યોજનાઓનું લોકાર્પણ તથા રૂ.૬૦/–કરોડની ૧ યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે.

રાજ્યની પ્રજાને યોગ્ય ગુણવત્તાવાળુ અને પૂરતી માત્રામાં પાણી વિતરણ સુનિશ્ચિત બને તે ઉદ્દેશથી તેમજ લીકેજ, ચોરી, વેડફાટ ઉપર નિયંત્રણ રહે તે હેતુથી સ્માર્ટ મીટરીંગ તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ક્વોલિટી એનલાઇઝરનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેનું ગાંધીનગર સેન્ટ્રલ મોનીટરીંગ સ્ટેશન દ્વારા રીયલટાઇમ મોનીટરીંગ કરવામાં આવે છે.

પાણીની ગુણવત્તાની યોગ્ય ચકાસણી માટે રાજ્યમાં ચાલુ વર્ષે નવીન ૦૩ લેબોરેટરી શરૂ થતા કુલ ૮૩ લેબોરેટરીઓ કાર્યરત થઇ છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ મારી સરકાર દ્વારા ૭૫ લાખ કુટુંબોની ૩.૧૮ કરોડ જનસંખ્યાને અન્ન સુરક્ષા પૂરી પાડવામાં આવી રહી છે, જેમાં અંત્યોદય કુટુંબોને માસિક કુટુંબ દીઠ ૩૫ કિલોગ્રામ તથા અગ્રતા ધરાવતા કુટુંબોને માસિક વ્યક્તિદીઠ ૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

વન નેશન વન રેશનકાર્ડ યોજના હેઠળ રાજ્યના જુદા જુદા જિલ્લાઓમા નોંધાયેલ કાર્ડધારકો રાજ્યમા કોઇ પણ વાજબી ભાવની દુકાનેથી "સ્ટેટ પોર્ટેબીલીટી" હેઠળ અનાજ મેળવી શકે છે. જે હેઠળ રાજ્યમાંથી ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે આશરે ૫.૨૯ લાખ જેટલા વધુ એટલે કે, કુલ ૩૭.૯૧ લાખ જેટલા કાર્ડધારકોએ આ યોજનાનો લાભ લીધેલ છે.

વર્ષ ૨૦૨૫–૨૬ માં જાન્યુઆરી–૨૦૨૬ સુધી વર્ષ ૨૦૨૪–૨૫ની સરખામણીમાં **કઠોળ વિતરણ યોજના** હેઠળ, તુવેરદાળ અને ચણાનું કુલ ૧૭,૧૩૮ મે.ટન વધુ વિતરણ થવા પામેલ છે તથા **મીઠાનાં વિતરણ યોજના** હેઠળ ડબલ ફોર્ટીફાઇડ મીઠાનું ૪,૩૦૩ મે.ટન વધુ વિતરણ થવા પામેલ છે અને **ખાદ્યતેલ વિતરણ યોજના** હેઠળ ૭૭,૯૬૭ પાઉચનું વધુ વિતરણ થવા પામેલ છે.

"પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" અંતર્ગત વર્ષ ૨૦૨૫–૨૬ના પ્રથમ તબક્કામાં ગત વર્ષની સરખામણીએ ૮.૩૯ લાખ જેટલા વધુ લાભાર્થીઓ એટલે કે, કુલ ૩૮.૩૯ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

જનવિશ્વાસ ૨.૦ પહેલ અંતર્ગત લીગલ મેટ્રોલોજી એક્ટ હેઠળ નાના વેપારીઓ અને ઉદ્યોગોને વ્યવસાય કરવાની સરળતા વધે તે હેતુથી અનાવશ્યક અનુમતિઓ અને દંડાત્મક જોગવાઇઓમાંથી રાહત આપવામાં આવેલ છે.

રાજ્ય ગ્રાહક સુરક્ષા હેલ્પલાઇન પર ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં દસ હજાર કરતાં વધારે ગ્રાહકોને ફરિયાદ પરત્વે માર્ગદર્શન આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઊર્જા અને

આ ઉર્જાવાન ગુજરાત છે. રાજ્યના નાગરિકોના જીવનમાંથી અંધારા ઉલેચવા અને અજવાળા પાથરવા

પેટ્રોકેમિકલ્સ

આ સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત રાજ્યના વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૫ દરમ્યાન થયેલા નોંધપાત્ર અને ઐતિહાસિક વિકાસમાં વીજ ક્ષમતા વૃદ્ધિનું મહત્વપૂર્ણ યોગદાન રહેલ છે. રાજ્યની મહત્તમ વીજ માંગ વર્ષ ૨૦૦૨ માં ૭.૭ ગીગાવોટ હતી, જે વર્ષ ૨૦૨૫ સુધીમાં વધીને ૨૬.૪ ગીગાવોટ થઈ છે — જે લગભગ ત્રણ ગણી વૃદ્ધિ દર્શાવે છે. આ ગુજરાતના ઝડપી ઔદ્યોગિક વિકાસ અને આર્થિક પ્રગતિનું પ્રતિબિંબ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ માં સબ–સ્ટેશનોની સંખ્યા ૭૩૬ હતી, જે વર્ષ ૨૦૨૫માં ત્રણ ગણા વધારા સાથે ૨,૪૭૪ થઈ છે. ટ્રાન્સમિશન લાઇનો ૩૧ હજાર કિમીમાંથી વધીને ૭૯ હજાર કિમી થઈ છે. તથા ડિસ્ટ્રિબ્યુશન લાઇનો (HT + LT) ૩.૬૧ લાખ કિલોમીટરથી વધીને ૨.૨૫ ગણા વધારા સાથે ૮.૨૬ લાખ કિલોમીટર થઈ છે, જેના કારણે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજળીની પહોંચ વધુ મજબૂત બની છે. ટ્રાન્સફોર્મર સેન્ટરો ૨.૨૮ લાખમાંથી દસ ગણા વધારા સાથે ૨૧.૨૫ લાખ થયા છે.

ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL) ને ભારત ઇલેક્ટ્રિસિટી – પાવરિંગ ઇન્ડિયા એવોર્ડ્સ 2025માં **"બેસ્ટ જનરેશન કંપની ઓફ ધ યર – સ્ટેટ જેન્કો"** ના પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યને ઇન્ડિયન વિન્ડ ટર્બાઇન મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (IWTMA) દ્વારા સૌથી વધુ પવન ક્ષમતા સ્થાપિત કરવા માટે **વિન્ડ ઇન્ડિયા એવોર્ડ 2025 જેવા પ્રતિષ્ઠિત એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવેલ છે.

રાજ્યની ચારેય સરકારી વીજ વિતરણ કંપનીઓ UGVCL, MGVCL, DGVCL & PGVCL ને મીનીસ્ટ્રી ઓફ પાવર, ભારત સરકાર, નવી દિલ્હી દ્વારા A+ રેટીંગ સાથે દેશની શ્રેષ્ઠ ચાર કંપનીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ગુજરાતનો ઈતિહાસ સૂર્ય અને પ્રકૃતિપૂજાનો ઈતિહાસ છે. આ પુરાતન ઈતિહાસને નૂતન ટેકનોલોજી સાથે જોડતા ગુજરાત આજે સમગ્ર દેશમાં ૪૨.૫ ગીગાવોટ સ્થાપિત રીન્યુએબલ એનર્જી ક્ષમતા સાથે **સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે** છે. જેમાં ૧૪.૮ ગીગાવોટ સ્થાપિત પવનઊર્જા ક્ષમતા સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે. તથા ૨૫.૫ ગીગાવોટ સ્થાપિત સોલાર ઊર્જા ક્ષમતા સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે.

ગુજરાત રાજ્યમાં કચ્છમાં ખાવડા ખાતે ૩૭ ગીગાવોટ રીન્યુએબલ એનર્જીની ક્ષમતા ધરાવતો **વિશ્વનો સૌથી મોટો રીન્યુએબલ એનર્જી પાર્ક** બની રહ્યો છે. જેમાં હાલમાં ૧૧ ગીગાવોટથી વધુ રીન્યુએબલ એનર્જી ઉત્પાદન ક્ષમતા હાંસિલ કરેલ છે.

રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ નોંધણીથી લઈને પ્રોજેક્ટ કમિશનિંગ સુધીના વન–સ્ટોપ સોલ્યુશન માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ પોર્ટલ **"અક્ષય ઉર્જા સેતુ પોર્ટલ"** શરૂ કર્યું છે.

રાજ્યના ખેડૂતોને વિશ્વસનીય વીજ પુરવઠો, ઉદ્યોગોને સતત ઊર્જા અને સામાન્ય નાગરિકોને ગુણવત્તાયુક્ત સેવા ઉપલબ્ધ થાય તે માટે વિજ વિતરણ કંપનીઓ દ્વારા ૨૦,૭૦૦ kmથી વધુના MVCC કેબલ નાખવામાં આવેલ છે.

દરિયાકાંઠાના વિસ્તારો અને સીમા ચૌકી (Border Outpost) વિસ્તારોમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા અને અતિપ્રતિકૂળ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને Elevated 11KV XLPE Cable Network પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મૂકાયો છે.

ભારત સરકારની RDSS યોજના મારફત વીજ વિતરણ ક્ષેત્રમાં નુકસાન ઘટાડવા, વિતરણ નેટવર્ક મજબૂત કરવા અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત, સતત વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના હેઠળ રાજ્યમાં વીજ વિતરણ આંતરમાળખાનાં મજબૂતીકરણ અને આધુનિકીકરણ માટે ભારત સરકાર દ્વારા ૬૦ ટકા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. જેનો મારી સરકારે મહત્તમ ઉપયોગ કરીને ડિસેમ્બર–૨૦૨૫ સુધીમાં રૂ. ૩૭૮૪ કરોડનાં કામો પૂર્ણ કરેલ છે.

મારી સરકાર દ્વારા ડિસેમ્બર ૨૦૨૫માં **ત્રણ અત્યંત મહત્વપૂર્ણ નવી નીતિઓ** – (૧) ગુજરાત ઇન્ટીગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પૉલિસી ૨૦૨૫, (૨) ગુજરાત પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ (PSP) પૉલિસી, ૨૦૨૫ અને (૩) ગુજરાત ગ્રીન હાઇડ્રોજન પૉલિસી, ૨૦૨૫ જાહેર કરવામાં આવી છે. જે દર્શાવે છે કે આ રાજ્યનો વિકાસ પોલીસી ડ્રીવન વિકાસ છે.

ઉક્ત નીતિઓ દ્વારા રાજ્યમાં ૧૦૦ GW થી વધુ રિન્યુએબલ ક્ષમતાના વિકાસનું લક્ષ્ય રાખવામાં આવેલ

છે. વધુમાં ગ્રીન હાઇડ્રોજન માટે ૩૦ GW ઇલેક્ટ્રોલાઇઝર ક્ષમતાને ટેકો આપવા માટે ૭૫ GW રિન્યુએબલ એનર્જીનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને જે લગભગ ૫ MMTPA CO2 ઉત્સર્જન ઘટાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. રાજ્યમાં ૨૦૩૫ સુધીમાં લગભગ ૭૫,૦૦૦ કરોડના રોકાણ સાથે ૭૫ GWh પમ્પ્ડ સ્ટોરેજ ક્ષમતા બનાવવાનું પણ લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. જે ગુજરાત રાજ્યને સ્વચ્છ ઉર્જા, ઉર્જા સંગ્રહ અને ગ્રીન હાઇડ્રોજન માટે અગ્રણી હબ તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.

શિયાળાની કડકડતી ઠંડીમાં ખેડૂતોને રાત્રે ખેતરમાં પાણી વાળવામાં પડતી મુશ્કેલી અને જંગલી પશુપ્રાણીઓના ભયની ચિંતાને દૂર કરવા સરકારે દિવસે વીજળી આપવા **કિસાન સૂર્યોદય યોજના** અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ રાજ્યના ૯૯% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી પ્રદાન કરવામાં આવી રહી છે.

રાજ્યમાં **પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના** હેઠળ ૫ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપિત કરી દેશમાં પ્રથમ ક્રમાંકે છે.

GSECL દ્વારા ભાવનગર (પડવા) ખાતે ૭૫૦ કિલોવોટનો **રાજ્યનો પ્રથમ ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ** શરૂ કરાયો છે અને બીજા આશરે ૨૫૦૦ મેગાવોટ થી વધુ કેપેસિટીના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ્સ આયોજન હેઠળ છે.

રાજ્યના ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (GSPL) એ ગેસના પરિવહન માટે ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં કુલ ૨૭૯૫ કિમી લાંબી કુદરતી ગેસ ટ્રાન્સમીશન પાઇપ લાઈન નેટવર્ક વિકસાવેલ છે.

ઉદ્યોગ

- ઉદ્યોગ અને વ્યાપાર એ ગુજરાતીઓના લોહીમાં છે. વાઇબ્રન્ટ ગુજરાતના સફળ મોડેલને વધુ વિસ્તૃત કરવા યોજાયેલ **વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (VGRC) ૨૦૨૫–૨૬**માં મહેસાણા ખાતે કુલ રૂ. ૩.૨૫ લાખ કરોડના અને રાજકોટ ખાતે રૂ.૫.૭૮ લાખ કરોડના એમ.ઓ.યુ થયેલ છે.
- રાજ્યમાં ટેક્સટાઇલ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે વિવિધ ટેક્સટાઇલ આવી છે અને અંદાજિત ૬૫,૦૦૦થી વધુને રોજગારી મળેલ છે.
- રાજ્યમાં સંશોધન અને વિકાસ પ્રવૃતિને વેગ મળે તથા રાજ્યના યુવા સાહસિકોને તેમના ઈનોવેટીવ વિચારને પ્રોત્સાહન આપવા માટે **સ્ટાર્ટઅપ અને ઇનોવેશન યોજના** હેઠળ રૂ.૬૮.૧૪ કરોડથી વધારેની સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે. આ યોજના માટે વર્ષ : ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૧, ૨૦૨૨ અને વર્ષ : ૨૦૨૩–૨૪ એમ સતત પાંચ ટર્મમાં નેશનલ સ્ટાર્ટઅપ રેન્કીંગ ફ્રેમવર્ક અંતર્ગત સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે **"બેસ્ટ પરફોર્મર"** તરીકે જાહેર થયેલ છે.
- મોટા કદના ઉદ્યોગોને સહાય યોજના હેઠળ કુલ ૨૨૩ એકમોને અપાયેલ રજિસ્ટ્રેશનથી કુલ રૂ.૬૩ હજાર કરોડથી વધુનું સૂચિત મૂડીરોકાણ અને અંદાજિત ૭૧,૫૦૦ ની પ્રત્યક્ષ રોજગારી તેમજ અંદાજિત ૧.૭૮ લાખ જેટલી પરોક્ષ રોજગારી ઉદભવશે.
- રાજ્યએ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ તથા ઈઝ ઓફ લિવિંગને અપનાવીને તેને વધુ સશકત બનાવવા માટે વિશ્વાસ આધારિત ગવર્નન્સ (ટ્રસ્ટ બેઝડ ગવર્નન્સ) ના અભિગમ અને રિડયુસિંગ કોમ્પ્લાયન્સ બર્ડન અભ્યાસ હેઠળ મારી સરકારે ગુજરાત જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારા) અધિનિયમ ૨૦૨૫ અમલમાં મૂક્યો છે. આ અધિનિયમ અંતર્ગત ૧૧ રાજ્ય અધિનિયમો તથા નિયમોની કુલ ૫૧૬ જોગવાઈઓને ગુનારહિત કરવામાં આવી છે. આ એકરૂપ કાયદાકીય સુધારાઓ હેઠળ નાની તથા ટેકનિકલ ભૂલો માટે કેદની જોગવાઈને નિરીક્ષણાત્મક દંડમાં બદલી દેવામાં આવી છે. જેના પરિણામે ઉત્પાદક, દુકાનદાર તથા ઔદ્યોગિક કામદારોને સીધો લાભ પ્રાપ્ત થયો છે તેમજ સરકાર પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.
- MSME ઉદ્યોગોને સહાય આપવા વિવિધ યોજનાઓ માટે કુલ રૂ.૧૫૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજનાઓ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ MSME યોજના હેઠળ કુલ ૨૨,૭૩૦ ક્લેઇમ અરજીઓને આશરે રૂ.૧૩૧૯ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે તથા અંદાજે રૂ.૨૭,૪૬૭ કરોડનું મુડી રોકાણ આવેલ છે અને ૧ લાખથી વધુ રોજગારીનું સર્જન થયેલ છે.
- માર્કેટ ડેવલપમેન્ટ આસીસ્ટન્સ યોજના હેઠળ પ્રદર્શનમાં ભાગ લેનાર એકમોને તથા આયોજનકર્તાને

લાભ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત કુલ ૧૦૦૨ એકમોને રૂ.૧૮૮૪.૨૯ લાખની સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે.

- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં આશરે ૩૪૨.૬૨ હેક્ટર જમીન નવી વસાહતો માટે મેળવવામાં આવી છે. વર્ષ ૧૯૬૨ થી ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન કુલ ૪૬,૮૧૯ હેક્ટર જમીન ઔદ્યોગિક વિકાસ માટે સંપાદિત કરવામાં આવી છે.
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા આજદિન સુધી રાજ્યમાં ૨૩૯ થી વધુ ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૫ દરમિયાન ૪૪૭ ઉદ્યોગકારો માટે ૨૭૪ હેક્ટર જમીનમાં ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે.
- સાણંદ એક આંતરરાષ્ટ્રીય ઈન્ડસ્ટ્રીઅલ હબ તરીકે વિકસી રહ્યું છે. સાણંદ ઔદ્યોગિક વસાહતમાં Micron, Kaynes Technology, CG Power, Taiyo Nippon Sanso India, BASF જેવી વિશ્વકક્ષાની મલ્ટીનેશનલ કંપનીઓ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવામાં આવી રહેલ છે.
- **એક સમયે જેને ખારા પાટની ખારી જમીન તરીકે ઓળખવામાં આવતું હતું તે ધોલેરા આજે વિકાસની નવી ઉંચાઈઓ સાથે નવી ઓળખ મેળવી રહ્યું છે. ધોલેરા સ્પેશીયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલોપમેન્ટ ઓથોરીટી** ખાતે ભારત સરકારના "ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન" હેઠળના ૫ પૈકીના ૪ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ ગુજરાતમાં સ્થાપવામાં આવી રહ્યા છે. જેમાં દેશનું પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ દ્વારા રૂ.૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે કામ પ્રગતિમાં છે.
- **ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.** દ્વારા બેડી પોર્ટ થી વિન્ડમિલ સ્ટેશન (૨.૫૭ કિમી) સુધી રેલ તથા ગતિશક્તિ ટર્મીનલ પ્રોજેક્ટ પૂર્ણ કરી કમીશનિંગ કરેલ છે. તેમજ પી.એમ. ગતિશક્તિ પ્રોજેક્ટ અન્વયે મોરબી નજીક રફાલેશ્વર ખાતે ગતિશક્તિ કાર્ગો ટર્મિનલનું કાર્ય પૂર્ણ થયેલ છે.
- ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતા મારફત ચાલુ વર્ષઃ ૨૦૨૫-૨૬ દરમ્યાન કુલ રૂ.૨૦૬૭ કરોડની મહેસૂલી આવક થયેલ છે.
- જાહેર હરાજીથી મુખ્ય ખનીજનાં કુલ-૯ બ્લોકમાં તથા ગૌણ ખનીજના કુલ-૪૫૭ બ્લોકમાં ખનીજ ઉત્પાદન કરવાની કાર્યવાહી શરૂ થયેલ છે જે આવનારા સમય માટે મહેસૂલી આવકનો વધારો સૂચવે છે.
- ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિ. દ્વારા ૨૦,૦૦૦ કરોડ ની માર્કેટ કેપનો લક્ષ્યાંક પ્રાપ્ત કરેલ છે.
- પાછલા નાણાકીય વર્ષમાં ગુજરાત વિકાસ નિગમ મારફત રાજ્ય સરકારને રૂ.૨૩૭ કરોડ જેટલી ડિવિડન્ડની આવક પ્રાપ્ત થયેલ છે.

પ્રવાસન

ગરબો એ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ છે. યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક વારસા (Intangible Cultural Heritage) તરીકે જાહેર કરેલ છે. આપણો ગરવો ગરબો હવે ગ્લોબલ બન્યો છે ત્યારે ગુજરાત ટુરીઝમ દ્વારા પ્રથમ વાર પ્રિ-નવરાત્રિનું આયોજન રાજ્ય બહાર ઉદયપુર, રાજસ્થાન ખાતે અને પોસ્ટ-નવરાત્રિનું આયોજન દિલ્હી ખાતે કરવામાં આવેલ હતું.

રાષ્ટ્રીય એકતા દિવસની સાથે-સાથે દિલ્હી બહાર પ્રથમવાર **"ભારત પર્વ"**નું આયોજન સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે તા.૦૧ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવેલ હતું. ભારત પર્વમાં વિવિધ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા ભાગ લઈને પોતાની લોકસંસ્કૃતિ, ખાણી-પીણી, હસ્તકળાનું પ્રદર્શન કરીને **"ભારતની વિવિધતામાં એકતા"**ના દર્શન કરાવેલ હતાં.

કૃષ્ણ-રૂક્ષ્મણી યાત્રાધામ માધવપુર-પોરબંદરના સર્વગ્રાહી વિકાસ માટે પ્રથમ તબક્કામાં રૂ. ૪૭.૯૯ કરોડના કામો પૂર્ણ થયેલ છે.

આદ્યશક્તિ ધામ અંબાજી ખાતે **આદિ શક્તિ રાષ્ટ્રીય મહિલા તીરંદાજી સ્પર્ધાનું** તારીખ ૮ થી ૧૦ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રણ દિવસીય સ્પર્ધા દરમિયાન, દેશભરના અલગ-

અલગ રાજ્યોમાંથી ૭૦૦ થી વધુ યુવા મહિલા તીરંદાજોએ ભાગ લીધો હતો. આ વર્ષે તા.૨૧-૨૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન રાષ્ટ્રીય મહિલા તીરંદાજી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

એડવેન્ચર પ્રવાસનના વિકાસ અર્થે મે-જૂન ૨૦૨૫માં ધરોઈ ખાતેના એડવેન્ચર ફેસ્ટમાં તેમજ ડીસેમ્બર ૨૦૨૫માં માંડવી ખાતેના બીચ ફેસ્ટીવલમાં સ્પોર્ટ્સ એકટીવીટીનું સફળ આયોજન કરવામાં આવેલ છે.

મોકરસાગર-પોરબંદર અને ધોળાવીરા-કચ્છ ખાતે રૂ.૨૦૦ કરોડના ખર્ચે હાલમાં પ્રવાસન સવલતો વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રમાં થયેલ વિકાસને કારણે રાજ્યમાં આવતા પ્રવાસીઓની સંખ્યા વર્ષ ૨૦૨૪માં ૧૬.૭૭ કરોડ હતી, જે વધીને વર્ષ ૨૦૨૫માં ૨૨.૨૮ કરોડ થયેલ છે.

અંબાજી યાત્રાધામ ખાતે **"અંબાજી કોરીડોર"** પ્રોજેક્ટ અંતર્ગત રૂ.૧૬૩૨ કરોડના ખર્ચે બે તબક્કામાં વિવિધ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે.

શ્રી માતાનો મઢ, જિ.કચ્છ ખાતે શ્રી આશાપુરા માતાજી મંદિરના દર્શને આવતા યાત્રાળુઓને પુરતી સગવડો ઉપલબ્ધ થાય તે માટે તેનો સર્વગ્રાહી વિકાસ કરવા અંગે રૂ. ૩૨.૭૦ કરોડના ખર્ચે વિકાસકામો કરવામાં આવેલ છે.

હૈદરાબાદ ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાની 'વિંગ્સ ઇન્ડિયા-૨૦૨૬' ઇવેન્ટમાં કેન્દ્રીય ઉડ્ડયન મંત્રીશ્રીના હસ્તે ગુજરાતને **'બેસ્ટ સ્ટેટ ફોર પ્રમોશન ઓફ એવિએશન ઇકોસિસ્ટમ'**નો પુરસ્કાર એનાયત કરવામાં આવેલ.

કુટીર અને ગ્રામોદ્યોગ

મારી સરકાર દ્વારા 'વોકલ ફોર લોકલ' અને 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના મંત્રને સાકાર કરવા સ્વદેશી ખાદીના ઉત્પાદન પર સહાય તેમજ વેચાણ માટે મેળાઓ થકી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ આપેલ 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશનના સૂત્રને સાકાર કરતા, રાજ્ય સરકારશ્રીના વિવિધ પ્રયત્નો થકી છેલ્લા ચાર વર્ષમાં ખાદીનું કુલ વેચાણ રૂ. ૩૬૭ કરોડ થી વધીને રૂ. ૬૮૩ કરોડ થયેલ છે.

આમ, ખાદીના વેચાણમાં છેલ્લા ચાર વર્ષમાં ૮૬ ટકાનો વધારો જોવા મળેલ છે. શ્રી વાજપેયી બેન્કેબલ યોજના અંતર્ગત લોન મર્યાદા રૂ. ૮ લાખથી વધારીને રૂ.૨૫ લાખ અને સહાયની મહત્તમ મર્યાદા રૂ. ૧.૨૫ લાખથી વધારીને રૂ. ૩.૭૫ લાખ કરવામાં આવેલ છે. આ યોજના થકી વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી-૨૦૨૬ અંતિત ૪૭,૫૫૧ લાભાર્થીઓને અંદાજિત રૂ. ૩૬૭ કરોડનો લાભ આપવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય હસ્તકલા અને હાથસાળ નિગમ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં રૂ. ૩૩.૫૯ કરોડની હાથસાળ અને હસ્તકલાની ચીજવસ્તુઓનું વિક્રમજનક વેચાણ કરવામાં આવેલ છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ

મારી સરકાર 'સર્વે સન્તુ નિરામય'નાં મંત્રને સાચા અર્થમાં સાકાર કરી રહી છે. ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓ જન-જન સુધી પહોચાડવા આ સરકાર પ્રતિબદ્ધ છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, ઓ. પી. ડી અને આઈ. પી. ડી મારફતે આશરે ૯.૫૦ કરોડ કેસોમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે. ૧૩ લાખથી વધુ મોટી અને નાની સર્જરીઓ, ૬.૨૫ કરોડથી વધુ લેબોરેટરી પરીક્ષણો અને ૨.૯૬ કરોડથી વધુ લોકોનું બિનચેપી રોગો માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. વધુમાં, લગભગ ૯.૬૩ લાખ ગર્ભવતી મહિલાઓ અને ૯.૪૧ લાખ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.

કિડની અને કેન્સરના દર્દીઓને વિકેન્દ્રિત સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ૨૮૧ ડાયાલિસિસ કેન્દ્રો અને ૩૫ ડે-કેર કીમોથેરાપી કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે.

અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ મજબૂત બનાવવા માટે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨૨ ટેલિમેડિસિન હબ મારફતે ૧.૨૪ કરોડથી વધુ કન્સલ્ટેશન કરવામાં આવ્યા છે.

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત, ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨.૭૦ કરોડથી વધુ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. તેમજ રૂપિયા ૩૨૭૩.૭૦ કરોડના દાવાઓને મંજૂર કરવામાં આવ્યા છે.

નમોશ્રી યોજના અંતર્ગત માતા મૃત્યુદર અને શિશુ મૃત્યુદર ઘટાડવાના હેતુથી DBT મારફતે પાત્રતા ધરાવતી ૭.૫ લાખથી વધુ મહિલાઓને રૂપિયા ૪૫૦ કરોડ જેટલી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી

છે.

મલ્ટી–સ્પેશિયાલિટી તથા સુપર–સ્પેશિયાલિટી સેવાઓ ઉપલબ્ધ કરાવવા ગાંધીનગર, અમદાવાદ–સોલા, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતેની સરકારી હોસ્પિટલોની ક્ષમતા અને કાર્યક્ષમતામાં વધારો કરવામાં આવી રહ્યો છે.

ડૉક્ટરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. MBBS ડૉક્ટરોની ૯૫ ટકા કરતાં વધુ જગ્યાઓ ભરવામાં આવી છે. MBBS તથા તજજ્ઞ ડૉક્ટરોની પૂરતી ઉપલબ્ધતા માટે રાજ્યમાં સ્નાતક અને અનુસ્નાતક બેઠકોની સંખ્યા અનુક્રમે ૭૫૭૫ અને ૩૫૪૫ થઈ છે.

જાહેર આરોગ્ય વ્યવસ્થામાં દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે આવશ્યક દવાઓની યાદી (Essential Drug List)માં ૧૫૦ નવી દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેના પરિણામે યાદીમાં કુલ દવાઓની સંખ્યા ૧૪૭૯ થઈ છે.

શિક્ષણ

બાળકો એ રાજ્યનું ભાવિ છે અને શિક્ષણ દ્વારા આ ભાવિને ઉજ્જવળ બનાવી શકાય છે. સંસ્કાર અને જ્ઞાનથી શિક્ષિત અને કૌશલ્યોથી દીક્ષિત ગુજરાત માટે મારી સરકાર અવિરત કાર્ય કરી રહી છે. સરકારી શાળાઓમાં કાયમી શિક્ષકોની ભરતી, આધુનિક માળખાકીય સુવિધાઓ અને ગુણવત્તાસભર શિક્ષણના કારણે વર્ષ ૨૦૨૧–૨૨થી ૨૦૨૫–૨૬ દરમિયાન ૩,૪૩,૦૦૦ વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળાઓમાં પ્રવેશ લીધો છે.

શિક્ષણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે વર્ષ ૨૦૨૫–૨૬માં રાજ્યમાં **૧૦,૧૪૧ વિદ્યાસહાયકોની નિમણૂંક** કરવામાં આવી છે ઉપરાંત, **કચ્છ જિલ્લાના** ગ્રામ્ય અને સીમાવર્તી વિસ્તારો માટે ખાસ ભરતી દ્વારા ૨,૦૭૩ વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે.

શાળા પ્રવેશોત્સવ યોજનાના સકારાત્મક પરિણામે આજે રાજ્યમાં **નામાંકન ૧૦૦ ટકા** સુધી પહોંચવામાં છે અને **ડ્રોપઆઉટ દર** ૨૦૦૧–૦૨ માં ૩૭.૨૨થી ઘટીને ૨૦૨૪–૨૫ માં ૨.૪૨ થયો છે. વર્ષ ૨૦૨૫–૨૬માં ધોરણ–૧માં ૫,૧૫,૬૪૮ અને બાલવાટિકામાં ૫,૭૮,૫૭૮ બાળકો અભ્યાસમાં જોડાયા છે.

રાજ્ય સરકારે R.T.E અંતર્ગત નબળા વર્ગના બાળકો માટેની ફી પરત ચુકવણી પેટે વર્ષ ૨૦૧૩–૧૪ થી ૩.૧૦,૦૦૦ ને બદલે વર્ષ ૨૦૨૨–૨૩ થી વધારો કરી **૩.** ૧૩,૬૭૫ ની મર્યાદામાં ચૂકવવા, તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી માટે ૩. ૩,૦૦૦ ની સહાય આપનાર **ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય** બન્યું છે.

R.T.E. અધિનિયમ અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪થી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૧માં ૨૫ ટકા બેઠકો નબળા વર્ગ અને વંચિત જૂથના બાળકો માટે વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૫–૨૬માં કુલ ૯૫,૪૯૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓની સલામતી રાજ્ય સરકારની પ્રાથમિકતા છે, આ હેતુસર **વિદ્યાદીપ યોજના** અંતર્ગત વર્ષ ૨૦૨૫–૨૬થી અકસ્માત વીમા સહાય ૩. ૨,૦૦,૦૦૦ વિદ્યાર્થીદીઠ કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૨–૦૩થી ૨૦૨૪–૨૫ દરમિયાન ૬,૬૫૦ લાભાર્થીઓને અંદાજે ૩.૨૯ કરોડની સહાય આપવામાં આવી છે.

બેગલેસ દિવસના કાર્યક્રમ માટે શાળાઓમાં પ્રિ–વોકેશનલ કૌશલ્યો વિકસાવવા માટેની પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે. જોયફુલ–બેગલેસ શનિવાર– વિદ્યાર્થીઓને મજા આવે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, યોગ, સૂર્યનમસ્કાર, રમત, પુસ્તક વાંચન, પ્રયોગો વગેરેનું આયોજન કરેલ છે.

૫ વર્ષથી વધુ ઉંમરના બાળકો માટે પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા વર્ગની શરૂઆત કરવામાં આવી છે તથા બાલવાટિકા નોંધણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ભારતીય જ્ઞાન પ્રણાલીને અભ્યાસક્રમમાં સમાવવા માટે ભગવદ્ ગીતાના સારને ધોરણ ૬ થી ૧૦માં રસપ્રદ રીતે રજૂ કરતું સાહિત્ય શાળાઓ સુધી પહોચાડવામાં આવેલ છે.

ધોરણ ૬ થી ૯ માં વૈદિક ગણિત પાઠ્યપુસ્તકો દરેક શાળામાં ઉપલબ્ધ કરાવ્યા છે.

વર્ષ-૨૦૨૫-૨૬ માં રાજ્યમાં ૮૫ નવી સરકારી માધ્યમિક શાળાઓ અને ૦૫ નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરુ કરવામાં આવી છે, ઉપરાંત ૦૮ મહાનગરપાલિકા વિસ્તારમાં અંગ્રેજી માધ્યમની

સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત છેલ્લાં ત્રણ નાણાંકીય વર્ષ દરમિયાન કુલ ૯૦,૦૦૦ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૬૮.૯૦ કરોડની શિષ્યવૃતિ ચુકવવામાં આવી છે.

મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમિયાન કુલ ૭૫,૦૦૦ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૯૭.૫૩ કરોડની શિષ્યવૃતિ ચુકવવામાં આવી છે.

નમો લક્ષ્મી યોજના અંતર્ગત છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમિયાન ૧૦,૮૪,૮૯૨ વિદ્યાર્થીનીઓને રૂ.૧૩૩૮ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

નમો સરસ્વતી યોજના અંતર્ગત છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમિયાન ૧,૫૦,૭૬૨ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૨૦૫ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪ની ભરતી અંતર્ગત સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૯૪૦૦ શિક્ષણ સહાયક, ૪૭૦ આચાર્યની ભરતી કરવામાં આવી છે.

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ

રાજ્યના ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત જાન્યુઆરી અંતિત કુલ ૯૨,૦૩૪ વિદ્યાર્થીઓને રૂ.૩૮૭.૦૩ કરોડની સહાય ચૂકવેલ છે તથા આ યોજના અંતર્ગત આજદિન સુધીમાં કુલ ૬,૨૩,૮૯૧ વિદ્યાર્થીઓને કુલ રૂ.૨૮૪૪.૬૮ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

રાજ્ય સરકારે MBBS માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય પૂરી પાડવા મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN) હેઠળ જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં કુલ ૪૩૯૧ વિદ્યાર્થીનીઓને રૂ.૧૩૭.૨૫ કરોડની સહાય ચુકવવામાં આવી છે તથા આ યોજના અંતર્ગત આજદિન સુધીમાં કુલ ૨૭,૯૯૭ વિદ્યાર્થીનીઓને કુલ રૂ.૮૩૫.૧૯ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

રાજ્યના યુવાનો સંશોધન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે સજ્જ થાય તે હેતુથી વર્ષ ૨૦૧૭માં શરૂ કરવામાં આવેલ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી (SSIP) હેઠળ થયેલ કામગીરી માટે ભારત સરકાર દ્વારા રાજ્યોને સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમવર્ક માટે આપવામાં આવતા એવોર્ડ અંતર્ગત ગુજરાત રાજ્ય **સતત પાંચ વર્ષથી બેસ્ટ પર્ફોમર રાજ્ય** તરીકેનો એવોર્ડ મેળવી રહ્યું છે, જે આપણા સૌ માટે ગૌરવપૂર્ણ છે.

દેશની સૌપ્રથમ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી(2.0) અંતર્ગત સહાય મેળવી રહેલ સંસ્થાઓ દ્વારા ૪,૯૪૮ પ્રૂફ ઓફ કન્સેપ્ટ, ૨,૨૮૨ IP ફાઇલિંગ, ૮૨૮ સ્ટાર્ટઅપને સપોર્ટ આપવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા ઇન્ટીગ્રેટેડ મોડ્યુલ ફોર પ્લેસમેન્ટ એપ્રેન્ટિસશીપ કમ ટ્રેઈનીંગ (IMPACT) યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ૧૬,૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સહિત આજ દિન સુધીમાં અંદાજિત ૫૮ હજાર વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

વંચિતોનો વિકાસ

વિકસતી જાતિ કલ્યાણ

વંચિતોના વિકાસ માટે વંચિતોના વાણોતર બની આ સરકાર વંચિત વિકાસનું ઉત્તમ કાર્ય કરી રહી છે. બાલવાટિકા તથા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તેમજ માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિકસતી જાતિના ૩૩.૭૫ લાખ વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ ડિસેમ્બર,૨૦૨૫ અંતિત રૂ.૭૬૦.૨૫ કરોડની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે રાજ્યમાં ૭૫૦ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, ૬૮ સરકારી છાત્રાલયો અને ૧૮૭ આશ્રમશાળાઓ તેમજ ૩૫ નિવાસી શાળાઓ કાર્યરત છે, જેમાં અંદાજે ૮૨,૦૦૦ **વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા, જમવા અને ભણવાની સુવિધાઓ** પુરી પાડવામાં આવી રહી છે, જેમા અત્યાર સુધીમાં રૂ.૨૭૪.૭૧ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

પંડિત દિનદયાળ આવાસ યોજના અંતર્ગત મકાન બાંધકામ સહાય રૂ.૧.૨૦ લાખથી વધારીને રૂ.૧.૭૦

લાખ કરવામાં આવી છે. છેવાડાના અતિપછાત, વિચરતી વિમુકત જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગના ૧૫,૫૦૦ થી વધુ નાગરિકોને મકાન બાંધવા માટે ડિસેમ્બર,૨૦૨૫ અંતિત રૂ.૧૫૩ કરોડ જેટલી સહાય ચૂકવવામાં આવી છે.

કુંવરબાઈનું મામેરું યોજના અને **સાત ફેરા સમૂહ લગ્ન યોજના** અંતર્ગત સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગની ૫૬,૦૦૦ થી વધુ કન્યાઓને ડિસેમ્બર,૨૦૨૫ અંતિત અંદાજિત રૂ. ૬૮.૫૦ કરોડની સહાય આપવામાં આવી છે.

અનુસૂચિત જાતિ કલ્યાણ

પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ તથા ગણવેશ સહાય યોજના અને **પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજના**માં ડિસેમ્બર,૨૦૨૫ અંતિત રૂ.૪૧૯ કરોડનો ખર્ચ કરી ૪.૮૫ લાખ જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવી છે.

ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં રૂ.૨.૫૦ લાખ સહાય આપવામાં આવે છે. ડિસેમ્બર,૨૦૨૫ અંતિત રૂ.૧૬.૦૩ કરોડનો ખર્ચ કરી ૫૪૭ યુગલોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે, જે સામાજિક સમરસતાને પ્રેરણા આપે છે.

ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ રૂ.૧,૭૦,૦૦૦ ની સહાય આપવામાં આવે છે. આ યોજનામાં ડિસેમ્બર,૨૦૨૫ અંતિત રૂ.૫૮.૧૨ કરોડનો ખર્ચ કરી ૪,૭૯૯ લાભાર્થીઓને મકાન બાંધવા માટે સહાય આપવામાં આવી છે.

ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત વિદેશમાં ચાલતા ઉચ્ચ કક્ષાના અભ્યાસ અર્થે રૂ.૧૫ લાખની લોન ૪%ના દરે આપવામાં આવે છે. જેમાં ડિસેમ્બર,૨૦૨૫ અંતિત રૂ.૬૨.૮૦ કરોડનો ખર્ચ કરી ૪૧૮ **વિદ્યાર્થીઓને વિદેશમાં ભણવા માટે લોન** આપવામાં આવી છે.

સમાજ સુરક્ષા સંત સૂરદાસ યોજના હેઠળ ૬૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા કુલ-૭૬,૫૨૫ વ્યક્તિઓને ડિસેમ્બર,૨૦૨૫ અંતિત કુલ રૂ.૬૩.૧૦ કરોડની નાણાકીય સહાય આપવામાં આવેલ છે.

બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની પેન્શન યોજના હેઠળ ડિસેમ્બર,૨૦૨૫ અંતિત ૭૭,૯૦૦ જેટલા લાભાર્થીઓને આશરે રૂ.૬૯ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.

નિરાધાર વૃદ્ધો અને નિરાધાર દિવ્યાંગોના નિભાવ માટે આર્થિક સહાય યોજના હેઠળ ડિસેમ્બર,૨૦૨૫ અંતિત અંદાજિત ૫.૪૨ લાખ લાભાર્થીઓને રૂ.૫૨૬ કરોડ જેટલી સહાય ચૂકવી છે.

રાજ્ય સરકારની સેવાઓમાં દિવ્યાંગજનો માટે ૨૧,૦૦૦ થી વધુ જગ્યાઓ ભરવા માટે ખાસ ભરતી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ૧૮ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોને **પાલક માતા-પિતા યોજના** હેઠળ અંદાજિત ૨૧,૫૦૦ લાભાર્થીઓને ડિસેમ્બર, ૨૦૨૫ અંતિત રૂ.૫૯ કરોડ જેટલી સહાય ચૂકવેલ છે. આ યોજનાની લાભાર્થી દિકરીને લગ્ન સમયે સહાય યોજના હેઠળ ડિસેમ્બર,૨૦૨૫ અંતિત ૨૫૦ લાભાર્થી દિકરીઓને રૂ.૫ કરોડની સહાય ચૂકવેલ છે.

અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓ માટે ચાલતી શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી લોન યોજના માટે વિવિધ નિગમોને ચાલુ વર્ષે રૂ. ૭૫૦ કરોડ તેમજ દિવ્યાંગજનો માટે ચાલતી સ્વરોજગારલક્ષી લોન યોજના માટે રૂ. ૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

આદિજાતિ વિકાસ

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ.૨૨,૦૨૫.૮૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ તેમજ ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૩૦૧૨૦.૯૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. **'ગુજરાત પેટર્ન'** હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૧૦૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

રાજ્ય સરકારની તથા ભારત સરકારની પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની યોજનાઓ અંતર્ગત અત્યાર સુધી રૂ.૮૫૪ કરોડના ખર્ચે ૧૨.૨૨ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલો છે.

સરકારી **એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ** તથા અનુદાનિત **આશ્રમશાળાઓ** ખાતે અનુસુચિત જનજાતિના આશરે ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓએ અત્યાર સુધી રૂ.૪૫૬.૪૭ કરોડના ખર્ચે વિનામુલ્યે નિવાસ સહ અભ્યાસની સુવિધાનો લાભ લઇ રહેલ છે.

એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓએ વર્ષ–૨૦૨૪–૨૫માં ધોરણ ૧૦નું ૯૭.૧૮%, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૨.૧૭%, ધોરણ ૧૨ વાણિજ્ય પ્રવાહનું ૯૮.૩૬% અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૯.૮૬% સરેરાશ બોર્ડ પરિણામ મેળવેલ છે. જ્યારે આદર્શ નિવાસી શાળાઓએ ધોરણ ૧૦માં ૯૭.૨૩% તથા ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૮૩.૨૨% પરિણામ મેળવેલ છે.

અનુસૂચિત જનજાતિના કુમાર–કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરી શકે તે માટે **ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય** માટે ચાલુ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધી ૭૪.૭૮ કરોડ નો ખર્ચ કરવામાં આવેલ છે. આ છાત્રાલયોમાં ૫૬,૪૮૨ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે.

ઉચ્ચ અભ્યાસ માટે બહાર ગામ રહીને અભ્યાસ કરતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટે રહેવા–જમવાની સુવિધા સાથેના **સરકારી છાત્રાલયો અને સમરસ છાત્રાલયો** માટે ચાલુ વર્ષે અત્યાર સુધી રૂ.૬૫.૩૮ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. જેનો લાભ ૨૧,૩૦૦ વિદ્યાર્થીઓ લઇ રહ્યા છે.

અનુ. જનજાતિના પરિવારો માટેની **વ્યક્તિગત અને હળપતિ આવાસ યોજના** અંતર્ગત રૂ.૨૩.૫૮ કરોડનો ખર્ચ કરી અંદાજિત ૩૧૧૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલો છે.

અનુસૂચિત જનજાતિ સમાજના ગંભીર રોગથી પીડિત દર્દીઓને તબીબી સારવાર તથા પૌષ્ટિક આહારના ખર્ચમાં મદદરૂપ થવા માટે આપવામાં આવતી સહાય પેટે અત્યાર સુધી રૂ.૧૪.૩૨ કરોડનો ખર્ચ કરી **૨૩૪૭** લાભાર્થીઓને લાભ આપવામાં આવેલો છે.

કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને સુધારેલા બિયારણ, ખાતર કીટ અને કૃષિ અંગેની તાલીમ આપવામાં આવે છે તથા રૂ. ૪૨ કરોડના ખર્ચે કુલ ૮૬,૧૩૧ ખેડૂતોને યોજના હેઠળ આવરી લેવામાં આવેલા છે.

આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ મહિલાઓને રોજગારી પુરી પાડવાના હેતુસર ચાલુ વર્ષે કુલ રૂ.૩૬.૮૦ કરોડના ખર્ચે ૧૨,૪૬૫ દુધાળા પશુઓ **૪૦૮૬** મહિલા લાભાર્થીઓને આપવામાં આવેલા છે.

ઇન્ટીગ્રેટેડ ડેરી ડેવલપમેન્ટ પ્રોજેકટ (આઇ.ડી.ડી.પી) અંતર્ગત રાજ્યની ડેરીઓ દ્વારા ગ્રામ્ય આદિજાતિ વિસ્તારમાં નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬માં અત્યાર સુધી **કુલ– ૫૬૨૮ લાભાર્થીઓને** રૂ.૧૬.૩૨ કરોડના ધિરાણનો લાભ આપવામાં આવેલો છે.

મહિલા અને બાળ કલ્યાણ

યત્ર નાર્યસ્તુ પૂજયન્તેનાં મંત્ર સાથે નારી ઉત્કર્ષ અને કલ્યાણ માટે મારી સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યની તમામ આંગણવાડીઓમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા મારી સરકાર કટીબધ્ધ છે. રાજયની કુલ ૫૩,૦૬૫ આંગણવાડીઓમાં શૌચાલય, વીજ કનેક્શન તેમજ પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫–૨૬ માં ૧૦૬૩ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવેલ છે જ્યારે ૧૦૯૭ આંગણવાડી કેન્દ્રોના ખાતમુહુર્ત કરવામાં આવેલ છે જેનું બાંધકામ પ્રગતિમાં છે.

આંગણવાડી કાર્યકર અને તેડાગર વગર કોઇ આંગણવાડી ન રહે તે માટે ચાલુ વર્ષે **૯૦૦૦થી વધુ** આંગણવાડી કાર્યકર અને તેડાગરને માનદસેવાઓથી લેવા માન. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે નિમણૂકપત્રો એનાયત કરવામાં આવેલ છે.

રાજ્યમાં પોષણ સ્તરને સુદ્રઢ કરવા **"પૂરક પોષણ યોજના"** હેઠળના લાભાર્થીઓને બાલશકિત અને માતૃશકિતના **રેડી ટૂ કૂકના** પેકેટ **ટેક હોમ રેશન** તરીકે આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫–૨૬ માં નવેમ્બર, ૨૦૨૫ અંતિત **૩૦ લાખથી વધુ** બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ **આપવામાં આવ્યો** છે.

બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા કુલ ૧૪૧ ઘટકોમાં **દૂધ સંજીવની યોજના** અમલી છે. વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન અત્યાર સુધીમાં ૮.૬૪ લાખ બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓએ આનો લાભ લીધેલ છે.

પોષણ સુધા યોજના અંતર્ગત આદિજાતિ જિલ્લાઓની સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્રમાં

જ દરરોજ એક વખત પૌષ્ટિક ગરમ ભોજન આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬ માં નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ૮૯ હજાર માતાઓને લાભ આપ્યો છે.

મહિલાઓની સગર્ભાવસ્થાથી બાળક ૨ વર્ષનું થાય ત્યાં સુધીના **૧૦૦૦ દિવસ** સુધી પોષણ પૂરૂ પાડવા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ થી **"મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના** (MMY)"નો અમલ કરી **રો-રાશન કીટ** આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન લાભાર્થીઓ માટે ૧૫૬ કરોડ ખર્ચ થયેલ છે.

પૂર્ણા યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને વાર્ષિક ૩૦૦ દિવસ માટે પૂરક પોષણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬ માં રાજ્યની અંદાજિત ૯.૫૦ લાખ કિશોરીઓને આવરી લીધેલ છે. જે અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૫ અંતિત કુલ રૂ.૨૫૦.૩૫ કરોડ ખર્ચ થયેલ છે.

રાજ્યમાં પોષણ અંગે જાગૃકતા લાવવા ૩.૭ કરોડ લોકોની સહભાગીતા સાથે ૧.૩૫ કરોડ પ્રવૃત્તિઓ હાથ ધરીને **પોષણ માસ**ની ઉજવણી રાજ્યમાં કરવામાં આવેલ છે.

રાજ્યની ગંગાસ્વરૂપા બહેનો સન્માનપૂર્વક જીવી શકે તે હેતુથી આર્થિક રીતે મદદરૂપ થવા મારી સરકાર દ્વારા **ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના** અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યમાં હાલ અંદાજીત ૧૭ લાખ લાભાર્થી ગંગા સ્વરૂપા બહેનોને ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફતે દર માસે રૂ.૧૨૫૦ લેખે આ વર્ષે રૂ.૨૫૬૨ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.

રાજયમાં દિકરીના જન્મદર અને શિક્ષણને પ્રોત્સાહિત કરવા **"વ્હાલી દીકરી યોજના**" અંતર્ગત ૩ લાખથી વધુ લાભાર્થી દીકરીઓની સહાય મંજૂર કરવામાં આવેલ છે.

રાજ્યની મહિલાઓને વિપરીત સ્થિતિમાં ત્વરિત મદદ મળી રહે તે માટે અદ્યતન ટેકનોલોજીથી સજ્જ **૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન** યોજના હેઠળ પહ રેસ્ક્યુ વાનની સુવિધા પુરી પાડી છે. આ વર્ષે મહિલા હેલ્પલાઇન માં ૧.૫૦ લાખથી વધુ મહિલાઓએ માર્ગદર્શન અને કાઉન્સેલીંગ માટે કોલ કરતાં ૩૦ હજારથી વધુ બહેનોને ઘટનાસ્થળે જઈને મદદ પહોંચાડવામાં આવી છે.

પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના હેઠળ કૌટુમ્બિક કે અન્ય સમસ્યાથી અસરગ્રસ્ત મહિલાઓને પોલીસ સ્ટેશનમાં જ કાઉન્સેલિંગ દ્વારા માનસિક અને કાનૂની પીઠબળ પૂરું પાડવામાં આવે છે. રાજ્યના જિલ્લા અને તાલુકા મથકોએ કુલ ૮૦ સપોર્ટ સેન્ટર કાર્યરત છે, જેમાં ૧૬૦ જેટલા કુશળ કાઉન્સિલરો દ્વારા કાઉન્સેલીંગ તેમજ કાનૂની માર્ગદર્શન આપવામાં આવે છે. આ વર્ષે ૧૦ હજારથી વધુ મહિલાઓને આ સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ

દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાત રાજ્યના તત્કાલિન માન. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૫ માં "શહેરી વિકાસ વર્ષ"ની શરૂઆત કરી હતી. મારી સરકારે વર્ષ ૨૦૨૫ ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવી વિકાસની ગતિ બમણી કરી છે.

શહેરી વિકાસ વર્ષ અન્વયે કુલ ૫૫,૦૭૩ કરોડનાં ૧૩,૩૧૪ કામો મંજૂર કર્યા છે, જે પૈકી નવરચિત કરમસદ -આણંદ, નડીયાદ, મોરબી, સુરેન્દ્રનગર, ગાંધીધામ, પોરબંદર વાપી, નવસારી, મહેસાણા મહાનગરોમાં કુલ ૪૯૫૫ કરોડથી વધુના ૨૩૦૦ જેટલા કામો મંજૂર કર્યા છે.

કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસર એમ કુલ ૫ સેટેલાઇટ ટાઉન જાહેર કરવામાં આવ્યા છે.

Railway Over Bridge/Railway Under Bridge હેઠળ ૩૧૮૦ કરોડના ૯૬ કામો મંજૂર કરવામાં આવ્યા છે.

વડોદરા, જૂનાગઢ, નવસારી અને પોરબંદર શહેરોમાં ૮.૪૫ કિ.મી.આઇકોનિક રોડ બનાવવામાં આવ્યા છે.

સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ગુજરાતના ૬ શહેરોમાં કુલ રૂ.૧૧૫૦૭ કરોડના ૩૫૯ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અંતર્ગત ૨૨,૦૦૦ જેટલા આવાસોની ફાળવણી કરવામાં આવી છે અને વધુ ૧૦૦૦૦ આવાસો ફાળવણી હેઠળ છે.

PM e Bus સેવા યોજના હેઠળ રાજ્યના ૮ મહાનગરોમાં ૭૫૦ થી વધુ બસ માટે ૧૧૩ કરોડનું આયોજન હાથ ધરેલ છે.

મેટ્રો પરિવહન સેવા હેઠળ કુલ ૬૮.૨૫૭ કિ.મી. કામગીરી પૂર્ણ કરેલ છે. જે પૈકી મોટેરાથી મહાત્મા મંદિર સુધીના કુલ ૨૮.૨૫ કિમીના રૂટને માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં જાહેર જનતા માટે ખુલ્લો મુકાયો છે.

સાબરમતી રિવરફ્રન્ટના કુલ ૬ ફેઝમાંથી ૧૧.૨ કિમીના ૩.૧૨૦૨ કરોડના કામો પૂર્ણ કરેલ છે. જ્યારે ૨૮ કિમીના કામો હાલ પ્રગતિ હેઠળ છે

"PM Street Vendors AtmaNirbhar Nidhi" (PM SVANidhi) થી ૪.૯૦ લાખથી વધુ શેરી ફેરીયાઓને રૂ. ૧૧૭૦/- કરોડની લોન બેંક ગેરંટી વગર આપવામાં આવી છે.

૧૦ લાખથી વધારે વસ્તી ધરાવતા સ્વચ્છ શહેરોની કેટેગરીમાં અમદાવાદ મહાનગરપાલિકાને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયેલ છે.

રાજ્યની તમામ ૧૬૭ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ODF પ્રમાણિત થઈ છે. અનેક શહેરોને Garbage Free City , ODF+/ODF++/Water+ સર્ટિફિકેશન મળ્યું છે.

ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ વેબ-GIS દ્વારા ૪૦૦ ટી.પી. સ્કીમ ઉપલબ્ધ કરવામાં આવી છે અને વધુ ૬૦૦ સ્કીમનું ડિજિટલાઇઝેશન પ્રક્રિયા હેઠળ છે.

ODPS 3.0 ને AI, Blockchain જેવી આધુનિક ટેક્નોલોજી સાથે અમલમાં મૂકવા આયોજન છે.

૩૨ મુસદ્દારૂપ નગર રચના યોજના, ૩૮ પ્રારંભિક નગર રચના યોજના, ૪૩ આખરી નગર રચના યોજના તેમજ ૦૪ વિકાસ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે.

Bullet Train ના રાજ્યના ૮ સ્ટેશનો માટે Gujarat High Speed Railway Station Planning Authority ની રચના કરવામાં આવી છે.

પંચાયત અને ગ્રામ વિકાસ

મારી આ સરકાર પૂજ્ય મહાત્મા ગાંધીજીના વિચારોને વરેલી સરકાર છે. બાપુએ કહ્યું હતું કે, 'ભારતનો આત્મા ગામડાઓમાં વસે છે." આ મંત્રને ચરિતાર્થ કરતા ગ્રામીણ વિકાસ ક્ષેત્રે આ સરકાર અભૂતપૂર્વ કાર્ય કરી રહી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૫–૨૬માં નવેમ્બર–૨૦૨૫ સુધીમાં ૭૮,૭૫૨ આવાસોનું લાભાર્થીઓ દ્વારા નિર્માણ કરવામાં આવેલ જેમાં રૂ. ૯૭૮ કરોડથી વધુની સહાય આપવામા આવેલ છે.

તા.૧૫/૧૧/૨૦૨૫ના રોજ માનનીય વડાપ્રધાનશ્રીના વરદહસ્તે નર્મદા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અંતર્ગત સમગ્ર રાજ્યમાં રૂ.૧૦૦૮.૧૯ કરોડના ખર્ચે કુલ ૬૧,૧૨૫ લાભાર્થીઓનો ઈ-ગૃહ પ્રવેશ કરવામાં આવેલ છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માં નવેમ્બર-૨૦૨૫ અંતિત વ્યક્તિગત શૌચાલય ૪૫૦૧૦, સામુહિક શૌચાલય ૧૩૨, વ્યક્તિગત સોકપીટ ૩૦૩૧ અને સામૂહિક સોકપીટ ૨૨૯૩૮ બાંધકામ પૂર્ણ થયેલ છે તેમજ ઘન કચરાના વ્યવસ્થાપન અંતર્ગત જૈવિક કચરાના નિકાલ માટે ૫૭૯૬ સામૂહિક કમ્પોસ્ટ પીટ અને ૩૩૮૨ વ્યક્તિગત કમ્પોસ્ટ પીટ બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. ઘન કચરાના વ્યવસ્થાપનની કામગીરીના ભાગરૂપે ૧૨૦૩ સેગ્રીગેશન શેડનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે અને કુલ રૂ. ૧૭૪.૯૨ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

ગોબરધન પ્રોજેકટ અંતર્ગત પ્રથમ ચરણની સફળતા બાદ બીજા ચરણમાં ૪૮૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના-વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનન્ટ ૨.૦ અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં નવેમ્બર-૨૦૨૫ અંતિત ભૂમિ અને ભેજ સંરક્ષણના, જળસંગ્રહના અને ભૂ-જળ રિચાર્જના કુલ ૪૫૮૨ કામો તેમજ ઉત્પાદન વૃદ્ધિને લગત ૧૪૭૩ કામો પૂર્ણ થયેલ છે. જે પૈકી રૂ. ૪૮.૨૪ કરોડનો ખર્ચ થયેલ છે.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માં નવેમ્બર-૨૦૨૫ અંતિત ૬૭૩૧ સ્વસહાય જુથોની રચના કરવામાં આવેલ છે. રીવોલ્વીંગ ફંડ (RF) પેટે કુલ ૪૪૦૧ સ્વસહાય જૂથોને કુલ રૂ. ૧૩.૧૬ કરોડ સહાય આપવામાં આવેલ છે, કોમ્યુનિટી ઇન્વેસ્ટમેંટ ફંડ (CIF) પેટે ૫૮૩૨ સ્વસહાય જૂથોને રૂ.૭૫.૪૫ કરોડ પેટે સહાય આપવામાં આવેલ છે. કુલ ૪૮૪૭૪ સ્વસહાય જૂથોને કેશ ક્રેડિટ

(CC) લોન પેટે બેન્ક માથી રૂ. ૯૭૬.૬૧ કરોડનું ધિરાણ આપવામાં આવેલ છે.

મારી સરકારે રાષ્ટ્રીય અને પ્રાદેશિક કક્ષાના ૧૩ **સરસ મેળા**નું આયોજન કર્યું છે. જેમાં ગુજરાત અને અન્ય રાજ્યના એમ કુલ ૯૮૦ સખી મંડળ દ્વારા ભાગ લીધેલ અને રૂ. ૯.૫૦ કરોડ જેટલું વેચાણ થયેલ છે.

ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત મળનાર સેવાઓની સંખ્યા વધીને ૩૨૧ થયેલ છે. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ માં ૪.૯૩ કરોડ ટ્રાન્જેક્શન થયેલ છે. જે પૈકી ડીજીટલ સેવા સેતુ હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર-૨૫) અંતિત ૨૨.૧૪ લાખ ટ્રાન્જેક્શન થયેલ છે.

૧૫મા નાણાપંચ અંતર્ગત રસ્તા, પ્રાથમિક શિક્ષણ વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ હેઠળના કામો માટે અત્યાર સુધીમાં ૧૩,૦૯૫ કરોડની ગ્રાન્ટ પંચાયતોને ફાળવવામાં આવેલ છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં રૂ.૧૦,૧૬૨.૬૦ કરોડના ખર્ચે ૫,૮૨,૭૬૯ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ થી રાજ્યની તમામ ગ્રામ પંચાયતોમાં ડોર ટુ ડોર ઘન કચરાનું કલેકશન કરી એકત્રિત કરવામાં આવેલો કચરો લેન્ડ ફિલ્ડ સાઇટ સુધી લઇ જવા માટે પ્રતિ માસ વ્યક્તિ દીઠ રૂ.૪.૦૦ લેખે ગ્રાન્ટ આપવામાં આવતી હતી, જે મારી સરકારે વધારીને પ્રતિ માસ વ્યક્તિ દીઠ રૂ.૮.૦૦ લેખે સહાય આપવાનો નિર્ણય કરેલ છે. વર્ષ ૨૦૨૫-૨૬માં નવેમ્બર-૨૦૨૫ અંતિત રૂ.૧૪૧.૯૧ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવી છે.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર

- ઉદ્યોગોને કુશળ માનવબળ મળી રહે તે હેતુથી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (I.T.I.) ખાતે કારીગર તાલીમ યોજના હેઠળ પ્રવેશસત્ર ૨૦૨૫–૨૬ અંતર્ગત ૧,૨૦,૩૩૨ તાલીમાર્થીઓને પ્રવેશ આપેલ છે.
- ડિસેમ્બર–૨૦૨૫ અંતિત કુલ ૧૨૬૮ ઔદ્યોગિક ભરતી મેળાના આયોજનથી કુલ ૭૨,૧૨૮ ઉમેદવારોને તથા રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા કુલ ૨,૯૨,૫૩૮ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૫ દરમિયાન મુખ્યમંત્રી એપ્રેન્ટિસ તાલીમ યોજના અંતર્ગત આશરે **એક લાખ** યુવાઓને ઔદ્યોગિક એકમોમાં ઉદ્યોગલક્ષી તાલીમ આપવામાં આવી છે. આ પ્રયાસો રાજ્યના યુવાધનને રોજગારક્ષમ બનાવી આત્મનિર્ભર ગુજરાતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે
- રાજ્યના યુવાધન માટે સાંપ્રત સમયની જરૂરિયાતને અનુલક્ષીને કૌશલ્યવર્ધન હેતુથી સ્થપાયેલ 'કૌશલ્ય ધી સ્કીલ યુનિવર્સિટી' દ્વારા સ્કીલ ઇન્સ્ટિટ્યૂટ/ઇન્ડસ્ટ્રીઝ તથા યુનિવર્સિટીઓ/શૈક્ષણિક સંસ્થાઓ સાથે ક્રેડિટ ટ્રાન્સફર માટે ૯, સ્ટ્રેટેજિક પાર્ટનર તરીકે ૧૬, એફીલીયેટેડ પાર્ટનર તરીકે ૩૫ તથા આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ સાથે ૧૧ એમઓયુ સહિત કુલ ૭૧ એમઓયુ કરેલ છે. આ યુનિવર્સિટી ખાતે ૧૩૭૫ વિદ્યાર્થીઓએ લાંબા ગાળાના અભ્યાસક્રમમાં તથા છેલ્લા ૧ વર્ષમા ૧૫૫૯ વિદ્યાર્થીઓએ ટૂંકા ગાળાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ છે.
- શ્રમ સેતુ પોર્ટલમાં છેલ્લા ૧ વર્ષમાં ૫૫૦૦ અરજીઓ પર ઓનલાઈન કાર્યવાહી કરેલ છે તથા ૧૩,૮૧૦ ઓનલાઈન ઇન્સ્પેકશન કરવામાં આવેલ છે.
- રાજ્યના શ્રમયોગીઓને દિવાળીના સમયે બોનસની રકમ મળી રહે તે માટે વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ૧૨,૪૪,૬૫૯ શ્રમિકોને **રૂ.૨૦૨૯ કરોડ** રકમ બોનસ તરીકે ચૂકવણી કરાવવામાં આવેલ છે.
- ધન્વંતરી આરોગ્ય રથ યોજના હેઠળ કુલ ૧૫૪ ધન્વતરી આરોગ્ય રથ મારફતે ડિસેમ્બર–૨૦૨૫ અંતિત કુલ ૪૦.૨૫ લાખ શ્રમિકોને આરોગ્યલક્ષી સેવા આપેલ છે.
- શિક્ષણ સહાય યોજના હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોના બે બાળકોને ધોરણ ૧ થી Ph.D. સુધીના અભ્યાસ માટે રૂ.૧,૮૦૦ થી રૂ. ૨ લાખ સુધીની સહાય આપવામાં આવે છે, જેમાં ડિસેમ્બર–૨૦૨૫ સુધી કુલ ૪૪,૪૮૩ લાભાર્થીઓને **રૂ.૭૬ કરોડ**ની સહાય આપવામાં આવી છે.
- શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રૂ.૫ ના રાહત દરે બાંધકામ શ્રમિકોને પોષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. હાલ ૨૯૩ બુથ કાર્યરત છે અને ડિસેમ્બર–૨૦૨૫ સુધી કુલ ૧૧૫.૩૦ લાખ ભોજન

વિતરણ થયેલ છે.

માર્ગ અને મકાન વિભાગ

ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના છેડાઓને જોડવા તેમજ વધતા જતા વાહન વ્યવહારને પહોંચી વળવા રાજ્ય સરકારે **નમો શક્તિ એક્સપ્રેસ–વે** અને **સોમનાથ–દ્વારકા એક્સપ્રેસ–વે** બનાવવાનો નિર્ધાર કર્યો છે. આ પ્રોજેક્ટ્સ રાજ્યના ઔદ્યોગિક કેન્દ્રો, પ્રવાસન ધામો અને બંદરોને જોડશે, જેનાથી આર્થિક ગતિવિધિઓને વેગ મળશે અને ગુણવત્તાયુક્ત રસ્તાઓ અને ફ્લાય ઓવરના નિર્માણથી ઈંધણની બચત થશે અને મુસાફરી ઝડપી તથા સુરક્ષિત બનશે. ૧૧૦૦ કિ.મી. લંબાઈના અને રૂ. ૯૩૨૪૦ કરોડના અંદાજીત ખર્ચે હાથ ધરાનારા આ પ્રોજેકટથી રાજ્યના ૧૫ જીલ્લાના અંદાજીત ૨.૫ કરોડથી વધુ લોકોને લાભ મળશે અને છેવાડાના જીલ્લાઓનો વિકાસ થશે તથા આંતરમાળખાકીય સુવિધાઓના લાભ થકી સમગ્ર રાજ્યના વિકાસને વેગ મળશે.

ગરવી ગુજરાત હાઇસ્પીડ કોરીડોર અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૧૨ કામોને રૂ.૭૨૦૬.૧૮ કરોડના ખર્ચે વિકસાવવા મંજુરી આપેલ છે. જે કામગીરી પ્રગતિ હેઠળ છે.

SER (સુરત આર્થિક ક્ષેત્ર) અંતર્ગત રોડ અને ઇન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટ અંગે નવી બાબત તરીકે સમાવેશ કરી વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૫૦૦ કરોડની જોગવાઇ રાખેલ છે, રૂ.૧૭૪૯.૧૦ કરોડના કામો આયોજન હેઠળ છે.

રાજ્ય સરકાર દ્વારા રસ્તાઓના નિર્માણ માટે **આબોહવા સ્થિતિસ્થાપક (કલાઇમેટ રેઝીલીયન્ટ) અને નવી ટેકનોલોજી** વાળા ૨૦ કામોની રૂ.૧૧૪૭.૦૮ કરોડની મંજુરી આપેલ છે.

રાજ્યમાં ૧૦૦૧ કિ.મી. લંબાઇના રસ્તાઓનું રૂ.૨૩૭૩ કરોડના ખર્ચે ચારમાર્ગીયકરણ / ૧૦ મીટર/ ૭ મી. પહોળા કરવાની કામગીરી પૂર્ણ કરી છે. જ્યારે ૧૪૨૭ કિ.મી. લંબાઇના રસ્તાઓનું રૂ..૫૦૮૩ કરોડની અંદાજીત રકમથી ચારમાર્ગીયકરણ / ૧૦ મીટર / ૭ મીટર પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં છે.

રાજ્યમાં પુલનાં બાંધકામ/નવા પુલો સહિત ૨૮ પુલોની કામગીરી રૂ.૧૫૭ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે, જ્યારે રૂ.૧૫૯૮ કરોડના ૮૬ પુલોની કામગીરી પ્રગતિમાં છે.

રાજ્યમાં **મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના** હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ થી અત્યાર સુધી રૂ.૪૨૪૭૮ કરોડ ના ૮૬૭૫૭ કિ.મી.ના ૩૬૪૭૪ કામો મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી ૬૬૩૩૦ કિ.મી. ના ૨૭૮૩૦ કામો પૂર્ણ થયેલ છે તથા બાકીના કામો પ્રગતિમાં છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫–૨૬ માં કુલ રૂ.૫૪૦૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના – ૧ અને ૨ હેઠળ મંજૂર થયેલ તમામ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. તથા **પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના– ૩** હેઠળ ૩૦૧૨ કિ.મી. લંબાઈને આવરી લેવામાં આવેલ છે. હાલની સ્થિતિએ ૨૮૦૦ કિ.મી. લંબાઈનાં ૨૮૯ રસ્તાના કામો તથા ૪૫ બ્રિજના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ને જોડતા નર્મદા, તાપી અને ડાંગ જિલ્લામાંથી પસાર થતો સાપુતારા-શબરીધામ-સોનગઢ-શેરુલા-ઝરવણી થઇને ગોરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીના ૨૩૭ કિ.મી. લંબાઇના પ્રથમ તબક્કામાં નર્મદા, તાપી અને ડાંગ જિલ્લાના ૯૫ કિ.મી. લંબાઇના હયાત રસ્તાઓને ૧૦ મી. પહોળા કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે.

ઔદ્યોગિક અને ખાણ ખનીજ વિસ્તારોને જોડતા રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન અને મજબૂતીકરણની કામગીરી હાથ ધરી અદ્યતન સવલતો પૂરી પાડવાના અભિગમરૂપે ૨૩૪૩ કિ.મી. લંબાઇના ૨૩૧ કામોને રૂ.૭૧૭૮ કરોડની મંજુરી આપવામાં આવેલ છે. જે પૈકી ૧૨૭૨ કિ.મી. લંબાઇના ૧૩૬ કામો રૂ.૨૮૨૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે.

ગુજરાત દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે. ગુજરાતના દરિયાકિનારે આવેલા બંદરો વ્યુહાત્મક દ્રષ્ટિએ ઘણા મહત્વના હોઇ, જરૂરી માર્ગવ્યવસ્થાનું આંતરમાળખું અદ્યતન કરવા માટે બંદરોને જોડતા ૭૫૭ કિ.મી. લંબાઇના ૪૬ કામો રૂ.૧૧૧૮ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે.

ગુજરાતના દરિયા કાંઠે આવેલ હયાત રસ્તાઓનું મજબૂતીકરણ, અપગ્રેડેશન, ખુટતી કડીના રસ્તાઓ અને નાના મોટા પુલોના બાંધકામ સહિત **કોસ્ટલ હાઈવે** વિકસાવવા માટે રૂ.૨૪૪૦ કરોડનાં આયોજન અન્વયે પ્રથમ તબક્કામાં કુલ ૨૭૨.૮૦ કિ.મી. લંબાઇના ૨૫ રસ્તાઓના કામોને રૂ.૬૯૩.૫૩ કરોડની મંજુરી મળેલ છે. જે પૈકી રૂ.૪૬૯ કરોડના ૨૧ રસ્તાઓની કામગીરી પૂર્ણ થઈ છે તથા રૂ.૨૨૪.૫૦ કરોડના ૪

રસ્તાઓના કામો હાથ ધરેલ છે.

સરખેજ–ગાંધીનગર હાઈવેને રૂ.૯૧૩ કરોડના ખર્ચે છ–માર્ગીય કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે તેમજ ઈસ્કોનથી સાણંદ ફલાય ઓવરમાં એલીવેટેડ કોરીડોર રૂ..૫૩૦ કરોડ, છારોડી પાસે ૬ માર્ગીય ફલાયઓવર, સાબરમતી નદી પર ચારમાર્ગીય બ્રીજ રૂ.૬૮ કરોડના ખર્ચે તથા અડાલજ ચાર માર્ગીય કેનાલની બાજુમાં નવીન ચારમાર્ગીય કેનાલની કામગીરી રૂ.૮૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

વાહનવ્યવહારની સલામતી માટે તેમજ સમયની બચત માટે **ફાટકમુકત અભિયાન** હેઠળ રાજ્ય સરકાર તથા રેલ્વે મંત્રાલય, ભારત સરકારના ૫૦–૫૦ ટકા ભાગીદારી હેઠળ એક લાખ ટ્રેન વ્હીકલ યુનિટથી વધુ ટ્રાફીક હોય તેવા રેલ્વે ક્રોસીંગ પર ઓવરબ્રીજ બાંધવાની કામગીરી અન્વયે વિવિધ યોજના અંતર્ગત રૂ.૩૯૩૧ કરોડના ખર્ચે કુલ ૮૨ રેલ્વે ઓવરબ્રીજ પૂર્ણ થયેલ છે.

વાહન વ્યવહાર

ફેસલેસ સેવાનું અમલીકરણ થવાથી ડ્રાઇવીંગ લાયસન્સ અને લર્નિંગ લાયસન્સ સંબંધિત સેવાનો ૭.૬૦ લાખ નાગરિકો તેમજ વાહન સંબંધિત સેવાઓનો કુલ ૧૮.૬૭ લાખથી વધુ નાગરિકોએ લાભ લીધેલ છે.

Registered Vehicle Scrapping Facility (RVSF) મારફતે વાહન સ્ક્રેપ કરવાથી ટ્રાન્સપોર્ટ વાહનના મોટરવાહન ટેક્ષમાં ૧૫% અને નોન–ટ્રાન્સપોર્ટ વાહનના મોટરવાહન ટેક્ષમાં ૨૫% મુજબની રાહત આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫–૨૬માં ૧,૦૯૧ લાભર્થીઓએ કુલ રૂ.૧.૦૬ કરોડની ટેક્ષ રાહતનો લાભ લીધેલ છે.

૮ વર્ષથી વધુ આયુ ધરાવતા કમર્શિયલ વાહનો સરકાર માન્ય સ્ક્રેપીંગ સેન્ટરમાં સ્ક્રેપ કર્યેથી તેઓનો જૂનો ભરપાઇ કરવાનો બાકી ટેક્ષ, પેનલ્ટી, વ્યાજ તથા ચલણના દંડની રકમ માફ કરવા માટે વન ટાઇમ વેવર યોજના તા.૦૧.૦૫.૨૦૨૫ થી એક વર્ષ માટે અમલી કરવામાં આવેલ છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં નવેમ્બર ૨૦૨૫ માસના અંતે ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશન દ્વારા કુલ ૨,૨૩,૩૨૧ ફિટનેસ સર્ટિફિકેટ ઇસ્યુ કરવામાં આવેલ છે.

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવાના ભાગરૂપે પર્યાવરણની જાળવણી અને સંવર્ધન માટે જે ઈલેક્ટ્રીક વાહનો પર હાલમાં ૬% સુધી ઉચ્ચક(Lumpsum) વાહન વેરો અમલમાં છે, તેવા સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર ૧ વર્ષ માટે ૫% સુધી રીબેટ આપી અસરકારક ૧% લેખે વેરાનો દર રાખવાનો પ્રજાલક્ષી અને પર્યાવરણલક્ષી નિર્ણય મારી સરકારે કર્યો છે.

રાજ્યમાં કાર્યરત NHAI અને રાજ્યના ટોલ પ્લાઝા પરથી પસાર થતા વાહનોના દસ્તાવેજો ઓનલાઇન ચકાસવા માટે NIC દ્વારા "e-detection" એપ્લીકિશન વિક્સાવવામાં આવેલ છે. જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં નવેમ્બર ૨૦૨૫ અંતિત કુલ ૩,૧૩,૮૮૨ ચલણ ઇસ્યુ કરવામાં આવેલ છે.

આદિજાતિ બોર્ડર વિલેજ યોજના અંતર્ગત નવીન ૧૧૧ મોટી બસો વિદ્યાર્થીઓ માટે સંચાલનમાં મુકેલ છે.

રાજ્ય સરકારે ગત વર્ષે ૯૬૨ સુપર એક્સપ્રેસ વાહનો, ૧૬૩ ગુર્જરનગરી વાહનો અને ૩૫૦ મીડી બસો મળી કુલ ૧૪૭૫ નવીન અદ્યતન ટેકનોલોજી વાળા વાહનો મુસાફર જનતાની સેવામાં મુકેલ છે.

ભગવાન બિરસા મુન્ડાજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે લોકલાડીલા માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૧૧૧ નવીન રેડી બિલ્ટ વાહનોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫–૨૬ માં કંડકટર કક્ષામાં ૨૩૨૦, ડ્રાયવર કક્ષામાં ૩૦૮૪ તથા હેલ્પર કક્ષામાં ૧૬૫૮ ઉમેદવારોને નિમણૂક આપેલ છે.

બંદરો

વર્ષ ૨૦૨૪–૨૫ માં **ગુજરાત મેરીટાઇમ બોર્ડ** દ્વારા સંચાલિત નોન–મેજર બંદરો દ્વારા કુલ કાર્ગો પરિવહન ૪૮૭.૭૩ મિલિયન મેટ્રિક ટન થયું છે. જે ગત નાણાકીય વર્ષ કરતા ૮.૫૬%નો વધારો દર્શાવે છે. જ્યારે આ જ સમયગાળા દરમિયાન ભારતના કુલ બંદરો પરથી આશરે ૧૫૯૩ મિલિયન મેટ્રિક ટન કાર્ગો પરિવહન થયેલ. જેમાં ગુજરાત રાજ્યના નોન–મેજર બંદરો કુલ રાષ્ટ્રીય પરિવહનના ૩૧% તથા દેશના નોન–મેજર બંદરો પરના પરિવહનમાં આશરે ૬૬% સિંહફાળો દર્શાવે છે.

ભાવનગર જિલ્લાના **અલંગ–સોસીયા** ખાતે વિશ્વનો સૌથી મોટો **શીપ રીસાયકલીંગ યાર્ડ** વિકસાવવામાં આવેલ છે. આ શીપ રીસાયકલીંગ યાર્ડ ખાતે હાલમાં ૧૫૦ પ્લોટો આવેલા છે, તે પૈકી ૧૨૮ પ્લોટ કાર્યરત

છે. આ ચાર્ડ ખાતે વર્ષ ૧૯૮૩ થી અત્યાર સુધી ૭૧.૦૫ મીલીયન મેટ્રીક ટન એલ.ડી.ટી (લાઇટ ડીસપ્લેસમેન્ટ ટન)ના ૮૯૨૪ જહાજો ભાંગવામાં આવેલ છે. શીપ રીસાયકલીંગ ઉદ્યોગમાં પ્રવર્તતી મંદીના કારણે સરકારશ્રી દ્વારા શીપ બ્રેકરોને વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધીમાં પ્લોટ ચાર્જીસમાં કુલ ૩.૧૪૫ કરોડની છૂટછાટ આપવામાં આવેલ છે

મહેસૂલી વ્યવસ્થાપન

મારી સરકારે ખેડૂતલક્ષી અભિગમ કેળવીને ખેતીની જમીનના વેચાણ અંગે **ખેડૂત ખરાઇ**ની ચકાસણીમાં અરજદારની અરજીની તારીખથી ૨૫ વર્ષ અગાઉનો રેકર્ડ ધ્યાને લેવાનો રહેશે નહી તે મુજબનો નીતિવિષયક નિર્ણય લઈને એક ઐતિહાસિક પગલું ભર્યું છે.

રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ તથા વિકાસ સત્તા મંડળો સિવાયના રાજ્યના તમામ વિસ્તારની ખેતી હેતુસરની નવી અને અવિભાજ્ય શરત, પ્રતિબંધિત સત્તા પ્રકાર અથવા નિયંત્રિત સત્તા પ્રકારની તમામ જમીનો જુની શરતની ગણવા એટલે કે આ વિસ્તારમાં **પ્રિમિયમ ભરવામાંથી મુક્તિ** આપવામાં આવેલ છે.

પ્રજાલક્ષી અભિગમના ઉમદા હેતુથી મારી સરકારે હાઉસીંગ સોસાયટી/ એન.ટી.સી./ એસોસીયેશન દ્વારા એલોટમેન્ટ લેટર તેમજ શેર સર્ટીફીકેટથી કરવામાં આવેલ તબદીલીઓ ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવા અંગેની **એમ્નેસ્ટી યોજના**માં વસુલવાપાત્ર ખુટતી સ્ટેમ્પ ડ્યુટીની રકમમાં ***૮૦ ટકા ઘટાડો*** કરીને પ્રજાલક્ષી નિર્ણય કરેલ છે.

રાજ્યમાં મહિલાઓનો સામાજીક દરજ્જો ઉંચો આવે તે હેતુથી માત્ર મહિલાઓના નામે ખરીદ થતી સ્થાવર મિલકતના દસ્તાવેજોમાં **મિલકત ખરીદનાર મહિલાઓને ૧% નોંધણી ફી માફ** કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ થી નવેમ્બર ૨૦૨૫ અંતીત નોંધણી થયેલ કુલ ૪.૫ લાખ જેટલા દસ્તાવેજોમા ૯.૭૩ લાખ જેટલી મહીલાઓને રૂપિયા **પંદરસો કરોડ** કરતા વધુની નોંધણી ફી ની માફી આપવામાં આવી છે.

રાજયમાં **સ્વામિત્વ યોજના** અંતર્ગત રાજયના ૧૪,૭૦૦ કરતાં વધુ ગામોમાં ડ્રોન દ્વારા મિલકતોની માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ૯૭૬૨ ગામોમાં પ્રમોલગેશન અને ૧૬ લાખથી વધુ પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવામાં આવેલ છે.

મહેસૂલી વહીવટમાં પારદર્શિતા વધે, આધુનિક જમીન વહીવટ પ્રણાલી વધુ મજબૂત બને તથા જમીન વિવાદોમાં ઘટાડો થાય તે હેતુસર આધુનિક તકનિકીનું સંયોજન કરવા **સ્પેસ એપ્લીકેશન સેન્ટર (SAC) ઇસરો, અમદાવાદ તથા મહેસૂલ વિભાગ** વચ્ચે MOU કરવામાં આવેલ છે જેના થકી ૩૦ સે.મી. હાઇ રીઝોલ્યુશન ધરાવતી સેટેલાઇટ ઇમેજ પ્રોક્યોર કરીને સરકારી જમીનો પરના દબાણો શોધવામાં તેમજ શરતભંગ શોધવામાં મદદ મળેલ છે.

રાજ્યમાં **દબાણ હટાઓ ઝુંબેશ** સ્વરૂપે કિમતી સરકારી જમીનો પરના દબાણો દૂર કરવામાં આવેલ છે. જેની વિગતે એપ્રિલ–૨૦૨૫ થી ડિસેમ્બર–૨૦૨૫ સુધીના સમયગાળામાં અંદાજે ૪૧૩૫ હેકટર જમીન પરથી કુલ ૧૬૩૬ સર્વે નંબરોના દબાણ દૂર કરેલ છે. જેની જંત્રી આધારિત કિમત અંદાજે ૩૭૬૫ કરોડ થાય છે.

કાયદો અને વ્યવસ્થાપન

ભારત સરકારના ગૃહ મંત્રાલયની ગાઇડલાઇન મુજબ રાજ્યવ્યાપી એકીકૃત ડાયલ – ૧૧૨ **ERSS (Emergency Response Support system)** સીસ્ટમ લાગુ કરવામાં આવી છે. જે અંતર્ગત પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર, અભયમ, ચાઇલ્ડ હેલ્પલાઇન, ડીઝાસ્ટર મેનેજમેન્ટ જેવી ઇમરજન્સી સેવાઓ સંકલિત કરવામાં આવેલ છે અને કુલ ૯૬૨ PCR વાહનો કાર્યરત છે. જેનાં ફળ સ્વરૂપે જાન્યુઆરી ૨૦૨૬ ની સ્થિતિએ ગ્રામ્ય વિસ્તારમાં response time ઘટીને ૧૧ મિનિટ ૫૬ સેકન્ડ અને શહેરી વિસ્તારોમાં અંદાજિત ૦૮ મિનિટ જેટલો થઈ ગયેલ છે.

રાજ્ય પોલીસ દળમાં કાયમી પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૫માં લોકરક્ષક સંવર્ગોની ૧૧,૮૯૯ જેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે.

સમગ્ર ભારતમાં **સાયબર કાઇમ** અંગેની હેલ્પલાઇન–૧૯૩૦ની કામગીરીમાં ગુજરાત બીજા ક્રમાંક પર રહેલ છે.

સાયબર ક્રાઇમનો ભોગ બનેલ અરજદારના બ્લોક/ફ્રિઝ થયેલ નાણાં B.N.S.S. કલમ–503 (Cr.P.C.–૪૫૭) મુજબ નામદાર કોર્ટમાં અરજી કરી અરજદારને પરત અપાવી શકાય છે. નામદાર કોર્ટ દ્વારા આજદિન સુધીમાં ૧,૩૨,૭૬૫ જેટલા અરજદારોને કુલ ૩.૨૦૨ કરોડથી વધુ નાણાં પરત અપાવવાનો હુકમ કરેલ છે.

સાયબર ક્રાઇમ અંગે નાગરીકોમાં અખબારો, રેડીયો સ્ટેશનો, ટી.વી.ચેનલો, GSRTC બસ પેનલ પર જાહેરાતો, સોશીયલ મીડીયા જેવા વિવિધ પ્રચાર પ્રસારનાં માધ્યમો દ્વારા જાગરુકતા લાવવામાં આવે છે. તેમજ શાળા–કોલેજોમાં જાગૃતિ સત્ર યોજવામાં આવેલ છે.

ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ના અમલીકરણ માટે પોલીસ, જેલ, પ્રોસીક્યુટર, ફોરેન્સીક તેમજ જ્યુડીશીયલના તમામ અધિકારી–કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ છે.

એક ભારત શ્રેષ્ઠ ભારતના ભાગરૂપે **શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી** નિમિતે ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં એકત્વની થીમ પર નવી દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગષ્ટના રોજ થતી પરેડ જેવી પરેડનું સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની યાદમાં રૂપિયા ૧૫૦ના સિક્કાનું અનાવરણ કરવામાં આવેલ હતુ.

નાણા વ્યવસ્થાપન

ગુજરાતે FRBM (ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એન્ડ બજેટ મેનેજમેન્ટ) દ્વારા નિર્ધારિત ૩%ની રાજકોષીય ખાધની મર્યાદાનું ચુસ્તપણે પાલન કર્યું છે અને RBI રિપોર્ટ મુજબ, સાતત્યપૂર્ણ રીતે GSDPના ૨%થી ઓછી રાજકોષીય ખાધ અને મહેસૂલી પુરાંત જાળવી રાખી છે.

રાજ્યએ દેવા બાબતે પણ ચુસ્ત શિસ્ત જાળવેલું છે, જેમાં વર્ષ ૨૦૨૪–૨૫ માં જાહેર દેવું GSDPના ૧૪.૨૩% રહ્યું છે – જે FRBMની ૨૭.૧%ની મર્યાદા કરતા ઘણું ઓછું છે.

રાજ્યની પોતાની કરવેરાની આવક ૨૦૨૦–૨૧ થી ૨૦૨૪–૨૫ વચ્ચે લગભગ બમણી થઈ છે. વર્ષ ૨૦૨૪–૨૫ માં જી.એસ.ટી., વેટ, વીજકર અને પ્રોફેશનલ ટેક્સ હેઠળ રૂ.૧.૧૯ લાખ કરોડ મેળવ્યા છે, જે રાજ્યના મહેસૂલી માળખાની સુદ્રઢતા દર્શાવે છે.

વર્ષ ૨૦૨૪–૨૫માં GSTR-3B પત્રકના ૯૯.૬% ફાઈલિંગ સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ પર છે.

સને ૨૦૨૫–૨૬માં નવેમ્બર–૨૦૨૫ અંતિત ઈ–વે બિલના વેરીફીકેશનમાં **ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે** છે.

હીરા ઉદ્યોગના નિયત કરાયેલા માઇક્રો એકમોને એક વર્ષ માટે વીજકરમાં છૂટ આપી મુશ્કેલ સમયમાં ઉદ્યોગ અને શ્રમિકોને રાહત પૂરી પાડવામાં આવેલ છે.

ગુજરાત સામુહિક જુથ (જનતા)અકસ્માત વીમા યોજના હેઠળ કુલ ૪.૧૨ કરોડથી વધારે લાભાર્થીઓને આવરી લેવાયેલ છે. વર્ષ ૨૦૨૫–૨૬ થી આ યોજના હેઠળ વીમા સહાય રકમમાં વધારો કરીને રૂ. ૨ લાખ થી રૂ. ૪ લાખ સુધીની વીમા સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો

ખેલ મહાકુંભ દેશનો સૌથી મોટો જન–ભાગીદારી આધારિત રમતગમત આંદોલન બનીને વિકસ્યો છે, જેમાં ચાલુ વર્ષે ૭૨ લાખથી વધુ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન થયેલ છે. જેમાં અત્યાર સુધી અંદાજીત ૫૮ લાખ જેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ છે.

સેન્ટર ઑફ એક્સેલન્સ કાર્યક્રમ અંતર્ગત ૧૦ જિલ્લાઓમાં ૧૫ રમતો માટે કુલ ૨૮ એકેડમી કાર્યરત છે,જેમાં અંદાજિત ૧૭૯૦ ખેલાડીઓને નિવાસી તથા બિન–નિવાસી એકેડમી હેઠળ તાલીમ આપવામાં આવે છે. નડિયાદ સ્થિત હાઇ પરફોર્મન્સ સેન્ટરમાં સાત રમતોના ૨૯૦થી વધુ એલિટ ખેલાડીઓને ઉચ્ચ સ્તરની સહાય પૂરી પાડવામાં આવે છે.

ગુજરાતને કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫,૧૧મી એશિયન એક્વેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૫ના આયોજનની યજમાની મળેલ છે.

સરકાર 'યુવા શક્તિ' અને 'સાંસ્કૃતિક વારસા'ના સમન્વય દ્વારા રાજ્યને નવી ઊંચાઈઓ પર લઈ જવા કટિબદ્ધ છે. 'હર ઘર તિરંગા', 'સરદાર@૧૫૦પદયાત્રા' અને રાષ્ટ્રીય દિવસની ઉજવણી દ્વારા રાષ્ટ્રપ્રેમની જ્યોત પ્રજ્વલિત રાખવામાં આવે છે.

આપણો સાંસ્કૃતિક વારસો એ આપણી ઓળખ છે. મોઢેરાના સૂર્યમંદિર ખાતે યોજાતો 'ઉત્તરાર્ધ ઉત્સવ' હોય કે ગાંધીનગરનો 'વસંતોત્સવ', તેમજ "માધવપુર ઘેડનો મેળો" આજે ગુજરાત, પશ્ચિમ ભારત અને ઇશાન

ભારતની અલગ ઓળખ બની રહ્યો છે, જે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પનાને ચરિતાર્થ કરે છે.

છેલ્લા બે શૈક્ષણિક વર્ષ(વર્ષ ૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫) માં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ West Zone, All India University, Khelo India તથા World University Games (Germany)જેવી સ્પર્ધાઓમાં જુદી જુદી રમતોમા કુલ ૩૫ મેડલ પ્રાપ્ત કર્યા છે, Athleticsમાં All India Gold Medal તથા Women's Volleyball Team દ્વારા West Zone Silver Medal પ્રાપ્ત કરવું રાજ્ય માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે.

વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી

SPV મોડેલ અંતર્ગત, રાજ્યએ છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત ગ્રામપંચાયત બાબતે ૧૦૦ % અને નેટવર્ક અપટાઇમ બાબતે ૯૫% સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. **ભારતનેટ અંતર્ગત ફેઝ-૨** માં ડિજિટલ સેવા સેતુમાં આવરી લેવાતી ૩૨૧ જેટલી સેવાઓ ૧૦૦ Mbps જેટલા ઝડપી ઈન્ટરનેટ સાથે પહોંચાડવામાં આવી રહી છે. જેનો લાભ ૯૦૦૦ જેટલી સંસ્થાઓને મળે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતનેટ ફેઝ-૨ હેઠળનાં ૨૨ જિલ્લાઓના ૭૬૮૫ થી વધુ ગ્રામ પંચાયત કચેરીમાં વાઇ-ફાઇ દ્વારા ઈન્ટરનેટ સેવા પુરી પાડવાનો **"ગ્રામ્ય વાઈ-ફાઈ"** પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. આ ગ્રામ્ય વાઇ-ફાઇ પ્રોજેકટ દ્વારા ગામડાનાં નાગરીકો હાલમાં દરરોજ પ્રથમ ૬૦ મિનિટ (એક કલાક) માટે નિ:શુલ્ક ઈન્ટરનેટ સુવિધાનો સીધો જ લાભ મેળવી રહ્યા છે. ત્યારબાદ નજીવા દરે રીચાર્જ કરાવીને ગ્રામ્ય નાગરિકો ઈન્ટરનેટ સેવાનો લાભ લઇ રહ્યા છે.

૨૦૦ થી વધુ **ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)** યોજનાઓમાં આધાર પ્રમાણીકરણ સેવાઓનો ઉપયોગ થઇ રહ્યો છે. ગત નાણાકીય વર્ષમાં ૫૬ કરોડ થી વધુ આધાર પ્રમાણીકરણ ટ્રાન્ઝેક્શન થયેલ છે.

ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર એ ગુજરાત સરકારનું એક અત્યાધુનિક બાયોટેકનોલોજી સંશોધન કેન્દ્ર છે. ગુજરાત રાજ્યએ રાષ્ટ્રીય જૈવ સુરક્ષાનાં મહત્વને ધ્યાને લઈ "નેશનલ સેન્ટર ફોર હાઈ-કન્ટેનમેન્ટ પેથોજન રિસર્ચ ફેસીલીટી" તરીકે રૂ.૩૬૨ કરોડનાં ખર્ચે ભારતની બીજી અત્યાધુનિક બાયોસેફટી લેવલ-૪ (BSL-4) લેબોરેટરી બનાવવાની કામગીરી ચાલુ કરેલ છે. જેના દ્વારા અત્યંત ચેપી વાયરસ જેવા કે કોરોના, ચાંદીપૂરા, CCHF પર દવા અને રસી ના સંશોધનમાં મદદ મળશે.

ગુજરાતના પશુઓમાં દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે NDDB, બનાસ, સાબર ડેરી તથા GCMMF સાથે મળીને ૪૦૦૦૦ પશુઓનો જીનોટાઈપિંગનો પ્રોગ્રામ ચલાવે છે અને અત્યાર સુધીમાં ૨૮,૦૦૦ થી વધુ પશુઓનું જીનોટાઈપિંગ કરવામાં આવેલ છે. જેના થકી આવનાર દિવસોમાં વધારે દૂધ ઉત્પાદનની ક્ષમતા ધરાવનાર પશુધન ઊભું કરી શકાશે.

રાજ્યમાં થયેલા ચાંદીપુરા વાયરસ આઉટ બ્રેકમાં **ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર**એ પી.સી.આર. બેઝડ ટેસ્ટ વિકસાવી નિદાનનો સમય ૨૪ કલાકથી પણ ઓછો કરી આજ દિન સુધી ૩૭૯ જેટલા સેમ્પલનું નિદાન પૂરું પાડેલ છે. આ ઉપરાંત ચાંદીપુરા વાયરસનું જીનોમ સીક્વન્સી કરેલ છે.

ગીફ્ટ સિટી ખાતે AI સેન્ટર ઓફ એકસેલન્સને કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં જાહેર સેવાઓ માટે ડીપ્લોયેબલ AI સોલ્યુશન્સ માટે AI ઇનોવેશન ચેલેન્જ શરૂ કરવામાં આવેલ છે. AI સેન્ટર ઓફ એકસેલન્સ ખાતે ૧૮ સ્ટાર્ટ-અપ કાર્યરત છે. આ ઉપરાંત સરકારી ક્ષેત્રના ૧૬ યુઝ કેસો અને ખાનગી ક્ષેત્રના ૧૪ યુઝ કેસો માટે AI ઇનોવેશન ચેલેન્જ લોન્ચ કરવામાં આવેલ છે.

દેશમાં AI ક્ષમતા તથા બૌદ્ધિક સંપદા(IP)નો વિકાસ કરવા રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર તથા ખાનગી ક્ષેત્રનાં સંયુક્ત સહકારથી રૂ.૩૦૦ કરોડના ખર્ચે દેશમાં સર્વપ્રથમ Indian AI Research Organization (IARIO)ની સ્થાપના કરવામાં આવી છે.

ગુજરાત ધોલેરા SIR (ભારતનું પ્રથમ વાણિજ્યિક સેમિકન્ડક્ટર ફેબ) અને સાણંદ (માઇક્રોન, CG સેમી અને કેન્સ સાથે પેકેજિંગ ક્લસ્ટર) ખાતે marquee પ્રોજેક્ટ્સ દ્વારા વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં પ્રવેશ કરી રહ્યું છે - જે ઉત્પાદન નેતૃત્વ અને વ્યૂહાત્મક સપ્લાય ચેઇનને મજબૂત બનાવે છે. આ પ્રોજેક્ટ્સમાં રૂ. ૧.૨૪ લાખ કરોડથી વધુનું રોકાણ સામેલ છે અને ૪૫,૦૦૦ થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે.

ગુજરાત સ્થાનિક ઉત્પાદન અને અવકાશ-આધારિત એપ્લિકેશનોને ટેકો આપતી સમર્પિત સ્પેસ ટેક નીતિ દ્વારા અવકાશ ક્ષેત્રમાં નેતૃત્વને પણ આગળ ધપાવી રહ્યું છે. જે માટે સાણંદ પાસે ખોરજ GIDCને ખાસ

સ્પેસ ટેકનોલોજી માટે વિકસાવવામાં આવી રહેલ છે. આ પાર્કમાં અઝીષ્ટા કંપની દ્વારા દેશના સ્વદેશી સેટેલાઈટ બનાવવાના પ્લાન્ટની સ્થાપના થઇ રહી છે.

વન અને પર્યાવરણ

સામાજીક વનીકરણ માધ્યમથી સમગ્ર રાજ્યમાં વર્ષ ૨૦૨૫–૨૬ માં **"એક પેડ માં કે નામ 2.0"** અભિયાન હેઠળ ૧૦.૫૯ કરોડ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

તા.૦૫ મી જુન, ૨૦૨૫ વિશ્વ પર્યાવરણ દિવસે રાજ્યમાં કુલ ૩૩૧ કાર્યક્રમમાં ૬૭,૦૦૦ કરતાં વધારે રોપાઓનું વાવેતર કરેલ તેમજ **૬૮ સિંદુર વન** બનાવવામાં આવેલ છે.

રાજ્યમાં ૪–રાષ્ટ્રીય ઉદ્યાન, ૨૪ અભયારણ્ય અને ૧ કન્ઝર્વેશન રીઝર્વ વિસ્તાર મળી કુલ ૨૯ રક્ષિત વિસ્તારો આવેલા છે. ગુજરાત વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે.

માર્ચ–૨૦૨૫માં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડની ૭ મી બેઠક સાસણ ખાતે યોજવામાં આવેલ. જેમાં પ્રધાનમંત્રીજી દ્વારા રાજ્યમાં એશિયાઇ સિંહના સંરક્ષણ અને સંવર્ધનના પ્રયાસોની સરાહના કરવામાં આવેલ તેમજ આ બાબતે બૃહદ ગીર વિસ્તારમાં જોવા મળતી લોકભાગીદારી, સહઅસ્તિત્વ અને માનવ વન્યજીવ સહિષ્ણુતાની ભાવના જેવી બાબતોનું દેશના અન્ય વિસ્તારોમાં પણ અનુકરણ કરવા દિશાસૂચન કરવામાં આવેલ છે.

૧૬મી સિંહ વસ્તી અંદાજની કામગીરી ૧૦મે થી ૧૩મે દરમિયાન કુલ ૩૫,૦૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ જેમાં ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ. સિંહ વસ્તીનાં અંદાજ મુજબ કુલ–૮૯૧ સિંહોની સંખ્યા નોંધાયેલ છે. વર્ષ ૨૦૨૦ ની સરખામણીએ વર્ષ ૨૦૨૫ માં સિંહ વસ્તીમાં **૩૨.૨૦ ટકાનો વધારો** થયેલ છે.

ચિત્તાની વસ્તી સ્થાપિત કરવા ભારત સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીના દીર્ઘ દ્રષ્ટિકોણથી કચ્છ જિલ્લાના બન્ની ગ્રાસલેન્ડ ખાતે અંદાજીત ૬૦૦ હેક્ટર વિસ્તારમાં ચિત્તા બ્રિડીંગ સેન્ટરની સ્થાપના કરેલી છે.

ગત વર્ષથી રાજ્યના રતનમહાલ અભયારણ્યમાં આશરે ત્રીસ વર્ષ બાદ એક વાઘનું પણ આગમન થયેલ છે અને તે આ વિસ્તારમાં સ્થાયી થયેલ છે.

હું રાજ્ય સરકારને જળપ્લાવિત વિસ્તારો માટે ઉલ્લેખનીય કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવું છું. રાજ્યમાં અત્યાર સુધીમાં ચાર જળપ્લાવિત વિસ્તારો: નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ પક્ષી અભયારણ્ય, ખીજડીયા પક્ષી અભયારણ્ય, વઢવાણા પક્ષી અભયારણ્ય ને રામસર સાઈટ્સ તરીકે જાહેર કરવામાં આવેલ હતા. તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ ગુજરાતના વધુ એક વિસ્તાર: કચ્છમાં આવેલ છારી–ઢંઢ પક્ષી અભયારણ્યને પણ રામસર સાઇટ તરીકે જાહેર કરવામાં આવેલ છે જે ગુજરાત રાજ્ય માટે ગર્વની બાબત છે. જે રાજ્યની પાંચમી રામસર સાઈટ બનેલ છે.

ઉદ્યોગોની ચીમનીઓમાંથી નીકળતા રજકણો (પાર્ટીક્યુલેટ મેટર)થી થતા હવા પ્રદૂષણના નિયંત્રણ માટે મારી સરકારે ETS-PM(Emission Trading Scheme Particulate Matter) યોજનાને સુરત અને અમદાવાદ ખાતે **પાયલોટ પ્રોજેક્ટ** તરીકે અમલમાં મુકી છે. જે અંતર્ગત પાર્ટીક્યુલેટ મેટર (PM) નું વધુ ઉત્સર્જન કરનાર ઉદ્યોગ દ્વારા નાણાં ચૂકવી ઓછું ઉત્સર્જન કરનાર ઉદ્યોગ પાસેથી પરમીટ ખરીદવી પડે છે જ્યારે ઓછું ઉત્સર્જન કરનાર ઉદ્યોગને પરમીટ વેચવાથી નાણાંકીય ફાયદો થાય છે જેના કારણે ઉદ્યોગો પ્રદુષણ ઘટાડવા માટે પ્રેરાય છે. આ સ્કીમની 'Clean Our Air' કેટેગરી હેઠળ તા. ૦૫મી નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રીયો–ડી–જાનેરો, બ્રાઝીલ ખાતે યોજાયેલ Earth shot Award - 2025 માટે ફાયનલીસ્ટ તરીકે પસંદગી પામેલ.

વહીવટી સુધારણા અને આયોજન

સ્પીપાના સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ દ્વારા શ્રી અટલબિહારી વાજપેયીજીની ૧૦૦ મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે અટલ વ્યાખ્યાનમાળા (લેક્ચર સીરીઝ)નું આયોજન કરવામાં આવેલ હતું.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ પૂર્ણ રીતે અમલમાં આવતાં આ કાયદા અંતર્ગત ગુજરાત સરકારના કુલ–૨૦ વિભાગોની કુલ ૪૪૮ જેટલી નાગરિકોને સીધી સ્પર્શતી સેવાઓને કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે ભારત સરકારના વહીવટી સુધારણા અને લોક ફરિયાદ વિભાગ દ્વારા ઓનલાઇન ફરિયાદ નોંધાવી શકાય તે માટે PG Portal સોફ્ટવેર દ્વારા નાગરિકોની ૩,૪૮,૫૩૮ જેટલી

ફરિયાદોનો નિકાલ થયેલ છે.

ભારતના અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓ ઉપરાંત ભારત બહાર વિદેશમાં વસતાં, ૧૮ થી ૪૦ વર્ષના મૂળ ગુજરાતના વતની હોય તેવા બિન–નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી ગુજરાતની મુલાકાત લેતી થાય, પોતાના વતનની સુવાસને જાણે, માણે અને સમજે તે માટે સુધારેલ ગુજરાત પરિભ્રમણ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનામાં ગુજરાતમાં સતત ૧૦ દિવસના કાર્યક્રમમાં પરિવહન(ટ્રાન્સપોર્ટેશન), રહેવા –જમવાની તથા સ્થળ મુલાકાત અંગેની સુવિધા પુરી પાડવામાં આવે છે.

મારી સરકાર દ્વારા રચાયેલ **ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC)** દ્વારા અત્યાર સુધીમાં કુલ છ અહેવાલો રજૂ કરવામાં આવ્યા છે, જેમાં વહીવટી પ્રક્રિયાઓમાં સુધારા, માનવ સંસાધન વ્યવસ્થાપન — ખાસ કરીને ભરતી અને પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતા, ટેક્નોલોજી આધારિત શાસન, નાગરિક–કેન્દ્રિત સેવા વિતરણ તેમજ જવાબદારી અને પારદર્શિતાને મજબૂત બનાવતી અનેક વ્યવહારુ અને અસરકારક ભલામણો સમાવિષ્ટ છે. સરકારે આ ભલામણોને મોટા પાયે સ્વીકારી છે, અને તેમાંથી ઘણી ભલામણો આજે અમલીકરણના વિવિધ તબક્કામાં છે, જે ગુજરાતમાં સુશાસન અને કાર્યક્ષમ વહીવટની દિશામાં એક મહત્વપૂર્ણ અને દ્રઢ પગલું સાબિત થઈ રહી છે.

મારી સરકારે આધુનિક માનવસંસાધન વ્યવસ્થાપન પદ્ધતિ(Human Resource Management System) અપનાવતા તમામ સરકારી અધિકારીઓ/કર્મચારીઓની સેવાપોથી તથા સેવાકીય અને નાણાકીય બાબતોને ઇન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી(ICT) આધારિત **"કર્મયોગી પોર્ટલ"** અને **"કર્મયોગી મોબાઇલ એપ્લિકેશન"** પર ઉપલબ્ધ કરાવી છે.

વિકસિત ભારત @2047 ના રાષ્ટ્રીય વિઝનને કાર્યક્ષમ વ્યૂહરચનામાં રૂપાંતરિત કરવાના હેતુથી મારી સરકારે લાંબા ગાળાના વિકાસ એજન્ડાને ટેકો આપવા માટે વ્યૂહાત્મક અને પુરાવા–આધારિત ઇનપુટ્સ પ્રદાન કરવા સપ્ટેમ્બર–૨૦૨૪ માં ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના કરી છે. GRIT ને રાજ્યના વિકાસ થિંક ટેન્ક તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

નીતિ આયોગ દ્વારા વિકસાવવામાં આવેલ સુરત આર્થિક માસ્ટર પ્લાનને આધારે GRIT એ રાજ્યના વધુ પાંચ મુખ્ય આર્થિક ક્ષેત્રો માટે આર્થિક માસ્ટર પ્લાન તૈયાર કર્યા છે. જે વર્ષ ૨૦૪૭ સુધીમાં ગુજરાત માટે USD 4 ટ્રિલિયનથી વધુની અર્થવ્યવસ્થા અને ૨૮ મિલિયનથી વધુ નવી રોજગારીનું સર્જન કરવાનો ધ્યેય રાખે છે. આ આર્થિક માસ્ટર પ્લાન લગભગ ૨૦ પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રો અને ૨૯ મેગા પ્રોજેક્ટ્સ દ્વારા સંચાલિત ઝડપી અને ટકાઉ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં લગભગ રૂ. ૬૦ ટ્રિલિયનની કુલ રોકાણ ક્ષમતા છે.

નીતિ આયોગ દ્વારા આકાંક્ષિત બ્લોક કાર્યક્રમ (ABP) અંતર્ગત ઝોન ૪ (પશ્ચિમ ઝોન) અંતર્ગત રેન્કીંગમાં સપ્ટેમ્બર–૨૦૨૫ અંતિત નર્મદા જિલ્લાનો નાંદોદ તાલુકો, તેમજ ડિસેમ્બર – ૨૦૨૪ અંતિત ડાંગ જિલ્લાનો સુબીર તાલુકો અગ્રેસર રહેલ છે. આ બન્ને તાલુકાને નીતિ આયોગ દ્વારા એવોર્ડ પેટે એક કરોડ રૂપિયાની રકમ જાહેર કરેલ છે

માહિતી અને પ્રસારણ

રાજ્ય સરકારની લોકકલ્યાણકારી અને લાભદાયી યોજનાઓ અને કાર્યક્રમોની માહિતી સામાન્ય નાગરિક તથા લાભાર્થીઓ સુધી પહોંચાડવાની જવાબદારી અસરકારક રીતે નિભાવવામાં આવી રહી છે.

રાજ્યની દરેક જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા વિકાસ અધિકારીની કચેરી અને મહાનગરપાલિકાની કચેરીમાં ડિજીટલ ડિસ્પ્લે કમ એક્ઝિબિશન મૂકી રાજ્ય સરકારની યોજનાઓને ડિજિટલ સ્વરૂપે કચેરીના સમય દરમિયાન રજૂ કરવામાં આવે છે. જેનાથી સામાન્ય નાગરિક પોતાને મળતા લાભો અથવા યોજનાની વિગતો મેળવી શકે છે.

શોકદર્શક ઉલ્લેખો

ન્યાયતંત્ર સુદૃઢ ન્યાયતંત્ર એ લોકશાહીનો મજબૂત સ્તંભ છે. કાલોલ(પંચમહાલ), પ્રાંતિજ(સાબરકાંઠા), સાણંદ(અમદાવાદ) તથા ઉચ્છલ(તાપી–વ્યારા) ખાતે નવનિર્મિત તાલુકા કક્ષાની કોર્ટ બિલ્ડિંગના લોકાર્પણ કરવામાં આવેલ છે.

મોરબી ખાતે રૂ.૨ કરોડ ૪૮ લાખના ખર્ચે બનેલ નવનિર્મિત ચેરીટી ભવનનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

સરકારશ્રીના મહત્વના IILMS Project અંતર્ગત રાજ્ય સરકાર પક્ષકાર હોય તેવા કોર્ટ કેસોનું મેપિંગ કરવામાં આવેલ છે. આ પોર્ટલ દ્વારા કેસને સંબંધિત નામ. કોર્ટમાં થયેલ કાર્યવાહીની વિભાગના સંબંધિત અધિકારીઓને સમયસર જાણ થાય છે જેથી રાજ્ય સરકાર દ્વારા સમયસર અસરકારક કાર્યવાહી કરીને નામ. કોર્ટ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરવામાં સરળતા રહે છે.

ક્લાયમેટ ચેન્જ વિશ્વ પર્યાવરણ દિવસ, ૫ મી જુનના રોજ **ગુજરાત ક્લાયમેટ એક્શન ટ્રેકર (GCAT) પોર્ટલ** લોન્ચ કરેલ છે. જે દેશમાં કોઈપણ રાજ્ય દ્વારા ક્લાયમેટ સૂચકાંકો સંબંધિત માહિતી જિલ્લા સ્તરે પ્રદર્શિત કરતું પ્રથમ ડિજીટલ પ્લેટફોર્મ છે.

સરકારી ઈમારતો ઉપર સોલાર સિસ્ટમ લગાવવાની યોજના અંતર્ગત ૧૦૦% સંપૂર્ણ સરકારી સહાય સાથે વર્ષ ૨૦૨૫–૨૬ માં જાન્યુઆરી–૨૦૨૬ અંતિત ૬૦૭ સરકારી ઈમારતો પર અંદાજિત રૂ.૬૦ કરોડના ખર્ચે ૭.૭૫ મેગાવૉટ સોલાર ફોટોવોલ્ટેક રૂફટોપ સિસ્ટમની સ્થાપના કરવામાં આવેલ છે. તેમજ અત્યાર સુધીમાં કુલ–૫૨૪૪ સરકારી ઈમારતો પર અંદાજિત રૂ.૪૦૬ કરોડનાં ખર્ચે ૮૫.૭૩ મેગાવૉટ સોલાર ફોટોવોલ્ટેક રૂફટોપ સિસ્ટમની સ્થાપના કરવામાં આવેલ છે.

બેટરી સંચાલિત દ્વિચક્રી વાહન માટે સબસિડી (સહાય) યોજના અંતર્ગત શાળાઓમાં ધોરણ–૧૧ થી ૧૨ તથા કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત દ્વિચક્રી વાહન માટે વર્ષ ૨૦૨૫–૨૬ માં જાન્યુઆરી–૨૦૨૬ અંતિત DBT મારફતે ૧૭૬૪ વિદ્યાર્થીઓને રૂ.૨.૬૬ કરોડની સબસિડી (સહાય) આપવામાં આવેલ છે. તેમજ અત્યાર સુધી DBT મારફતે કુલ ૫૫,૫૧૪ વિદ્યાર્થીઓને રૂ.૬૨.૭૧ કરોડની સબસિડી (સહાય) આપવામાં આવેલ છે.

પંદરમી ગુજરાત વિધાનસભાના આ સન્માનીય ગૃહને સંબોધવાનો મને અવસર મળ્યો છે ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાત શક્તિશાળી, સમૃધ્ધ અને સુરક્ષિત એવું ભારતનું આદર્શ રાજ્ય છે. ગુજરાતનો સર્વગ્રાહી વિકાસ સૂરજની જેમ ઝળહળી રહ્યો છે ત્યારે લોકલાડીલા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણે ગુજરાતની વિકાસયાત્રા હજુ ખૂબ આગળ લઈ જવાની છે. આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતના નિર્માણથી આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનું છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે અને તેને વધુ મજબૂત બનાવવાની આપણા સૌની જવાબદારી છે.

પ્રત્યેક ગુજરાતી વિશ્વમાં ગુજરાતી હોવાનું ગૌરવ લઈ શકે અને ગુજરાત વિશે સ્વાભિમાન ધરાવી શકે તેવા ગુજરાતનું જતન કરવાની જવાબદારી જનતાએ આપ સૌને સોંપી છે. આપ સૌ આપના જાહેર જીવનના અનુભવો અને પ્રજાની અપેક્ષાઓ નજર સમક્ષ રાખીને આ સભાગૃહમાં જનતાના પ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠત્તમ યોગદાન આપશો તેવી અભિલાષા રાખું છું. જનતાના આ આશીર્વાદ જનસેવા માટે આપ સૌને અપ્રતિમ બળ આપશે એવી મને શ્રદ્ધા છે.

ભારત માતા કી જય જય જય ગરવી ગુજરાત

રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શોકદર્શક ઉલ્લેખો

ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનસુખભાઇ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહંમદભાઇ ગુલામમોહયુદીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ધીરજલાલ કુલાભાઇ રીબડીયા, સ્વ. શ્રી અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ. શ્રી વજુભાઇ પરમાભાઇ ડોડિયા અને સ્વ. શ્રી બાવનજીભાઇ હંસરાજભાઇ મેતલિયાના અવસાન અંગે

શોકદર્શક ઉલ્લેખો

ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનસુખભાઇ છગનલાલ જોષીના અવસાન અંગે

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી મનસુખભાઇ છગનલાલ જોષીનું તા.૧૦મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. શ્રી જોષીનો જન્મ તા.૨૭મી ડિસેમ્બર, ૧૯૩૬ના રોજ જામનગર જિલ્લાના ધ્રોલ મુકામે થયો હતો. તેઓશ્રીએ રાજકોટની ધર્મેન્દ્રસિંહ આર્ટ્સ કૉલેજમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી પત્રકારત્વના વ્યવસાય સાથે જોડાયેલા હતા. સ્વ.શ્રી જોષીએ તત્કાલીન રાજકોટ નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન તેમજ રાજકોટ શહેર સુધરાઈના પ્રમુખ તરીકે પણ યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ ગુજરાત વિદ્યુત બોર્ડના ડિરેક્ટર તરીકે અને ગુજરાત આલ્કલીઝ કેમિકલ કંપનીના ડિરેક્ટર તરીકે પણ સુંદર કામગીરી બજાવી છે. સ્વ. શ્રી જોષી ચોથી ગુજરાત વિધાનસભામાં રાજકોટ–૧ મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓશ્રીએ ગુજરાત સરકારમાં શ્રમ અને આવાસ વિભાગના મંત્રી તરીકે નોંધપાત્ર સેવાઓ પ્રદાન કરી હતી. તેઓશ્રી વિશ્વ ગુજરાતીના સ્થાપક ટ્રસ્ટી રહી સમગ્ર વિશ્વમાં ગુજરાતીઓ માટે નોંધપાત્ર પ્રવૃત્તિઓ હાથ ધરેલી હતી. તેઓશ્રીને સન ૨૦૦૪માં ગુજરાત ગૌરવ એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. તેઓશ્રીના અવસાનથી શૈક્ષણિક, પત્રકારત્વ અને અનેક સામાજિક સંસ્થાઓ સાથે આજીવન સંકળાયેલા એક આગવા નેતા ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના માધ્યમથી તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહંમદભાઇ ગુલામમોહયુદીન સુરતીના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી શ્રી મોહંમદભાઇ ગુલામમોહયુદીન સુરતીનું તા.૨૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. શ્રી સુરતીનો જન્મ તા.૧૭મી મે, ૧૯૩૭ના રોજ સુરત જિલ્લાના વરિયાવ મુકામે થયો હતો. તેઓશ્રીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો અને તેઓશ્રી કોન્ટ્રાક્ટર અને પ્રિન્ટિંગ પ્રેસના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ. શ્રી સુરતીએ છઠ્ઠી ગુજરાત વિધાનસભા દરમિયાન સુરત શહેર પશ્ચિમ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીએ સન ૧૯૮૦–૮૫ દરમિયાન ગુજરાત સરકારના વાહનવ્યવહાર અને બંદર વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે કામગીરી બજાવી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ધીરજલાલ કુલાભાઇ રીબડીયાના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ધીરજલાલ કુલાભાઇ રીબડીયાનું તા.૮મી ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી રીબડીયાનો જન્મ તા.૨૫મી મે, ૧૯૪૯ના રોજ અમરેલી જિલ્લાના ગોવિંદપુરા મુકામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ. શ્રી રીબડીયાએ છઠ્ઠી ગુજરાત વિધાનસભા દરમિયાન વિસાવદર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને તેઓશ્રીએ મતવિસ્તારના પાયાના પ્રશ્નોના ઉકેલને હંમેશા અગ્રતા આપી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલા એક જન પ્રતિનિધિત ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી અમરસિંહ રામસિંહ વસાવાના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી અમરસિંહ રામસિંહ વસાવાનું તા.૨૮મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ૬૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. શ્રી વસાવાનો જન્મ તા.૧લી જૂન, ૧૯૫૬ના રોજ ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના હાથાકુંડી મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી વસાવાએ દસમી અને બારમી ગુજરાત વિધાનસભા દરમિયાન ડેડિયાપાડા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને આદિવાસી સમાજના પાયાના પ્રશ્નોના ઉકેલ માટે સુંદર કામગીરી કરી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલા એક જનપ્રતિનિધિ ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી વજુભાઇ પરમાભાઇ ડોડિયાના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી વજુભાઇ પરમાભાઇ ડોડિયાનું ૨૧મી ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ડોડિયાનો જન્મ ૨૦મી ઓગસ્ટ, ૧૯૫૦ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના કોચાડા મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ.એ., સી.પી.એડ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી સમાજસેવા સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ડોડિયાએ અગિયારમી ગુજરાત વિધાનસભા દરમિયાન વિરમગામ મતવિસ્તારમાંથી ચૂંટાઇને પ્રજા કલ્યાણ માટેનાં કામો કર્યાં. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સહકાર અને સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલા એક જનપ્રતિનિધિ ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માઘ ૨૭, ૧૯૪૭ શાકે

શોકદર્શક ઉલ્લેખો

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વસભ્ય સ્વ.શ્રી બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાનું ૧૧મી ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી મેતલિયાનો જન્મ ૨૫મી જૂન, ૧૯૫૨ના રોજ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ઢોકળીયા મુકામે થયો હતો. તેઓશ્રીએ સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો અને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી મેતલિયાએ તેરમી ગુજરાત વિધાનસભા દરમિયાન ટંકારા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીએ કૃષિ, ઓર્ગેનિક ખેતી, ગ્રીન હાઉસ તથા જળસંચય ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. તેઓશ્રીના અવસાનથી રાજ્યે કૃષિ અને સામાજિક ક્ષેત્રે સંકળાયેલા એક જનપ્રતિનિધિ ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ડૉ.તુષાર અ. ચૌધરી(કૉંગ્રેસ પક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને સન્માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. સ્વર્ગસ્થ અમરસિંહભાઈ રામસિંહભાઈ વસાવાનો જન્મ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના હાથાકુંડી ગામમાં થયો હતો. એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુરત અને ભરૂચ જિલ્લામાં પ્રાપ્ત કરીને અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજથી એલ.એલ.બી.ની પદવી પણ હાંસલ કરી હતી અને વાલીયા કોર્ટમાં દસ વર્ષ સુધી બાર એસોસિએશનના પ્રમુખ તરીકે પણ રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૧૯૯૧માં એમણે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી અને પાંચ વર્ષ વાલીયા તાલુકા પંચાયતના પ્રમુખ પણ રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૧૯૯૭માં દસમી ગુજરાત વિધાનસભામાં તેઓ જનતાદળમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૦૭માં બારમી વિધાનસભામાં કૉંગ્રેસ પક્ષ તરફથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. એમણે આદિવાસીઓના ઉત્થાન અને સમસ્યાઓ માટે વિધાનસભામાં લડાયક રીતે રજૂઆતો કરી હતી અને ઝઝૂમ્યા પણ હતા. સ્વ.શ્રી અમરસિંહભાઈ વસાવા, સ્વ.શ્રી મનસુખભાઈ છગનલાલ જોષી, સ્વ.શ્રી મોહમંદભાઈ ગુલામમોહયુદીન સુરતી, સ્વ.શ્રી ધીરજલાલ કુલાભાઈ રીબડીયા, સ્વ.શ્રી વજુભાઈ પરમાભાઈ ડોડિયા તથા સ્વ.શ્રી બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી ચૈતરભાઈ દા. વસાવા(આપ): માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી સન્માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. સ્વર્ગીય શ્રી અમરસિંહ રામસિંહભાઈ વસાવાની જન્મભૂમિ ભરૂચ જિલ્લાની વાલીયા હતી. શરૂઆતમાં એમણે વકીલ તરીકેની કારકિર્દી શરૂ કરી અને બાદમાં વર્ષ ૧૯૯૩–૯૪માં વાલીયા તાલુકાપંચાયતના પ્રમુખ બન્યા.બાદમાં, અમારા ડેડિયાપાડા વિસ્તારમાં સ્થાયી થયા અને ત્યાં એમણે લોકો સાથે સામાજિક પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપ્યું. વર્ષ ૧૯૯૮ દરમિયાન પ્રથમવાર ડેડિયાપાડા વિસ્તારમાંથી આ સન્માનનીય ગૃહના સભ્ય બન્યા. ત્યારબાદ એમણે બીજીવાર વર્ષ ૨૦૦૭માં ડેડિયાપાડા મતવિસ્તારમાંથી જ આ સન્માનનીય ગૃહમાં સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કર્યું. એમણે પોતાના જીવનમાં આદિવાસી સમાજના ઉત્થાન અને પ્રશ્નો માટે અનેક રજૂઆતો કરી તથા અનેક જગ્યાએ સામાજિક લડતો લડી. અમારા વિસ્તારોમાં એમણે જાગૃતિના અનેક કાર્યક્રમો કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સ્વ. શ્રી અમરસિંહભાઈના મૃત્યુના સમાચાર મળ્યા અને તેઓ પ્રકૃતિ લીન થયા ત્યારે અમે સૌ આગેવાનો એમના ગામ હાથાકુંડી, નેત્રંગ તાલુકામાં ગયા અને એમના પરિવારને મળી, દુઃખમાં સહભાગી બન્યા. આજે આપણી વચ્ચે સ્વ.શ્રી અમરસિંહભાઈ વસાવા નથી ત્યારે એમણે કરેલા કાર્યો હરહંમેશ ડેડિયાપાડા અને સાગબારા વિસ્તારના લોકો, આદિવાસી સમાજ અને ગુજરાતની જનતા યાદ રાખશે. આજે એમની જે ખોટ પડી છે તે પૂરાય એવી નથી ત્યારે ભગવાન એમના સદ્ગત આત્માને શાંતિ અર્પે તથા આપશ્રી મારફતે તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી હું વિનંતી કરું છું.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને જેમાં વિપક્ષના આગેવાનોએ સૂર પુરાવ્યો છે એવા સ્વ. શ્રી મનસુખભાઈ જોષી રાજકોટ નગરપાલિકાના પ્રમુખ રહ્યા, ધારાસભ્ય રહ્યા તેમજ આ ગૃહમાં સભ્ય અને મંત્રીશ્રી તરીકે રહ્યા. એનાથી વિશેષ સ્વ.શ્રી મનસુખભાઈ રાજકોટ અને સૌરાષ્ટ્રના જાહેરજીવનના એક મજબૂત આગેવાન હતા. માત્ર રાજનીતિ નહીં પરંતુ એનાથી આગળ વધીને શૈક્ષણિક ક્ષેત્રમાં પણ એમનું એટલું જ પ્રદાન હતું. એમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી, ચલાવી અને શિક્ષણ મારફત હજારો વિદ્યાર્થીઓની સેવા કરી. પત્રકાર જગતમાં પણ એમનું એટલું જ મોટું નામ હતું. 'કુલછાબ'ના મેનેજર તરીકે સૌરાષ્ટ્રના જાહેરજીવન સાથે જોડાયેલા લોકો એમને બહું નજીકથી ઓળખતા હતા. એમણે પક્ષાપક્ષીથી પર રહીને હંમેશા લોકોના પ્રશ્નો ઉઠાવી, લોકોની સેવા કરી હતી. તેઓ જીવનના અંતિમ સમય સુધી સક્રિય રહ્યા અને નખશિખ પ્રમાણિક રહ્યા. જાહેરજીવનને શોભાવે તેવું આ વ્યક્તિત્વ આપણી બધાની વચ્ચેથી વિદાય થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત સ્વ.શ્રી ધીરુભાઈ રીબડીયા સૌરાષ્ટ્રના એક મજબૂત ખેડૂત આગેવાન હતા. એમણે દાયકાઓ સુધી સહકારી ક્ષેત્ર અને ગામડાંઓની સેવા કરી હતી. સ્વ.શ્રી અમરસિંહભાઈ આપણા બધાની વચ્ચેથી ઓચિંતા વિદાય લઈને ગયા. આદિવાસી ક્ષેત્રો અને ખાસ કરીને ભરૂચ જિલ્લાના જાહેરજીવનમાં એમનું ખૂબ મોટું પ્રદાન હતું. એમણે જીવનના છેલ્લા સમય સુધી લોકોની સેવા કરી. સ્વ.શ્રી વજુભાઈ ડોડિયા આપણા બધાની સાથે આ ગૃહમાં બિરાજતા હતા.

એમણે અમદાવાદ જિલ્લામાં રહીને, ખેડૂતો અને સહકારી ક્ષેત્રોમાં ઘણીબધી સેવાઓ કરી. સ્વ.શ્રી બાવનજીભાઈ મેતલિયા ખેડૂત આગેવાન હતા. આપણા સમાજજીવન અને જાહેરજીવનનાં ઘરેણાં સમાન આ બધા આગેવાનોએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે ત્યારે હું ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું અને આપશ્રી મારફત આ ગૃહની લાગણી એમના પરિવારજનો સુધી પહોંચે એવી વિનંતી કરું છું.

શ્રી ગોપાલ ઇટાલિયા(આપ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે શોકદર્શક પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમાં હું મારો સૂર પૂરાવું છું અને દિવંગત સભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ આપવા માટે ઊભો થયો છું.

વિસાવદરના પૂર્વ ધારાસભ્ય સ્વ.શ્રી ધીરુભાઇ કુલાભાઇ પટેલ અમારા વિસ્તારના ખૂબ જ મજબૂત ખેડૂત આગેવાન હતા પરંતુ સ્વ.શ્રી ધીરુભાઇ જેવા આગેવાનનો જન્મ, રાજકીય કારકિર્દી અને એમના નેતૃત્ત્વની શરૂઆત કેવા સંજોગોમાં થઇ હતી.સ્વર્ગસ્થ ધીરુભાઇના પિતાશ્રી કુલાભાઇ પટેલ જૂનાગઢ નવાબના શાસનની અંદર ખેડૂતો માટે દેવામાફીની લડત ચલાવતા હતા અને એ વખતે સોરઠ પંથકની અંદર જૂનાગઢ નવાબ અને એમની સરકારમાં કામ કરતા અંગ્રેજ અધિકારીઓનું ખૂબ દમન ચાલતું હતું. એ વખતે સ્વર્ગસ્થ ધીરુભાઇના પિતાશ્રી કુલાભાઇ ખૂબ મજબૂત આંદોલન ચલાવતા હતા અને આ આંદોલનમાં જે તે વખતના નવાબ સરકારના અંગ્રેજ અધિકારીએ રીબડીયા ઉપર દમન કરવાનું ચાલુ કર્યું કે તમે આ આંદોલન બંધ નહીં કરો તો તમારા વિરૂદ્ધમાં કાર્યવાહી કરવામાં આવશે. અને એટલે મજબૂરીવશ કુલાભાઇ રીબડીયાએ જૂનાગઢ નવાબની સરકારનું રાજ છોડી અને ગાયકવાડ સરકારમાં આવેલા ગોવિંદપુર ગામમાં રહેવાનું થયું. ખેડૂતોની દેવામાફી થાય તે માટે આંદોલન ચલાવવાની સજાના ભાગરૂપે એમણે પોતાની જમીન છોડવી પડી, મકાન છોડવું પડ્યું, ઘર છોડવા પડ્યા, પરિવાર છોડવો પડ્યો અને ગાયકવાડ સરકારમાં જઇ અને સ્થાન લેવું પડ્યું. ગાયકવાડ સરકારના ગોવિંદપુર ગામમાં જ્યારે તેઓ રાજ્યાશ્રય સમયે રહેતા હતા ત્યારે આ સ્વર્ગસ્થ ધીરુભાઇનો જન્મ ત્યાં થયેલો.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ધીરુભાઇનો જન્મ થયો એ વખતે નવાબ સરકારે કુલાબાપાની જમીનની જાહેર હરાજી કરી નાંખી અને તેઓનું મકાન વેંચી નાંખ્યુ, જમીન વેંચી નાંખી, બધુ જ વેંચી નાંખ્યું. તેમ છતાં પણ ધીરુભાઇના પિતાશ્રી કુલાભાઇ પટેલે નવાબ સરકાર સામે નમતું જોખ્યું નહીં અને છેલ્લે નવાબ સરકારે ઝૂકવું પડ્યું અને ખેડૂતોની દેવામાફીની જૂનાગઢના આઝાદ ચોકમાં જાહેરાત થઇ અને માન-સન્માન સાથે કુલાભાઇ પટેલને નવાબ સરકારના વિસ્તારમાં પાછા લાવવામાં આવ્યા. આવા પરિવારમાં જન્મેલાં સ્વર્ગસ્થ ધીરુભાઇ પટેલ, ધીરજલાલ કુલાભાઇ પટેલ અમારા વિસાવદરના એક વિશાળ હૃદય ધરાવતા ખેડૂત નેતા તરીકે આગેવાની કરી ચૂકયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ધીરુભાઇ આજે આપણી વચ્ચે રહ્યા નથી, પરંતુ એમણે કરેલાં કામો, તેમણે આપણને આપેલી પ્રેરણા અને ખેડૂતો માટે તેમણે જે જીવનનું યોગદાન આપ્યું છે તે જોતાં આપણા ગુજરાતના કવિ હેમેન શાહના બે શબ્દો મારે કહેવા છે કે, મૃત્યુ એટલે સમગ્ર જાતને વહેંચવી. વૃક્ષમાં, પહાડમાં, વિહંગમાં, જરા તરા. સ્વર્ગસ્થ ધીરુભાઇએ સમાજ માટે, લોકો માટે, ખેડૂતો માટે, રાજનીતિ માટે પોતાની જાતને વહેંચી અને જયારે તેમનું મૃત્યુ થઇ ચૂકયું છે અને તેઓ આપણે વચ્ચે નથી ત્યારે પણ તેમની જાતને આપણી ભારતીય પરંપરામાં પંચમહાભૂતમાં દેહ વિલીન થાય છે અને વિસાવદરની બળુકી ક્રાંતિકારી ધરતી ઉપર આવા ધીરુભાઇ કુલાભાઇ પટેલ જેવા આગેવાનો, કુલાબાપા પટેલ જેવા આગેવાનો અને તેમની પેઢીમાં હમણાં જ આ પહેલાંની વિધાનસભામાં માનનીય હર્ષદભાઇ રીબડીયા પણ ધારાસભ્ય રહી ચૂકયા છે. વિસાવદરથી અનેક એવા ક્રાંતિકારી નેતાઓ મળી ચૂકયા છે ત્યારે વિસાવદરના પૂર્વ ધારાસભ્ય સ્વર્ગસ્થ ધીરુભાઇ રીબડીયાને હું વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પું છું અને આ શોક સંદેશ તેમના પરિવાર સુધી આપના માધ્યમથી મળે એવી લાગણી વ્યકત કરું છું અને આ સાથે રાજયના પૂર્વ મંત્રી માનનીય સ્વર્ગસ્થ મનસુખલાલ છગનલાલ જોષી, પૂર્વ મંત્રીશ્રી મોહંમદ ગુલામમોહયુદીન સુરતી, પૂર્વ સભ્યશ્રી અમરસિંહ રામસિંહ વસાવા, પૂર્વ સભ્યશ્રી વજુભાઇ પરમાભાઇ ડોડિયા અને સભ્યશ્રી બાવનજીભાઇ હંસરાજભાઇ મેતલિયાના અવસાન અંગે હું શોક સંદેશો પાઠવું છું.

અધ્યક્ષશ્રી : આ સભાગૃહના સન્માનીય નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આજે જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેની અંદર માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાજી, માનનીય કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષારભાઇ ચૌધરી અને માનનીય ગોપાલભાઇ ઇટાલીયા જેમણે પોતાનો સૂર પૂરાવ્યો છે હું પણ તેની અંદર મારો સૂર પૂરાવું છું.

ગુજરાતના પૂર્વ મંત્રી સ્વર્ગસ્થશ્રી મનસુખભાઇ જોષી, પૂર્વ રાજયકક્ષાના મંત્રી સ્વર્ગસ્થશ્રી મોહંમદભાઇ સુરતી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થશ્રી ધીરજલાલ રીબડીયા, સ્વર્ગસ્થશ્રી અમરસિંહભાઇ વસાવા, સ્વર્ગસ્થશ્રી વજુભાઇ ડોડિયા અને સ્વર્ગસ્થશ્રી બાવનજીભાઇ મેતલિયાના અવસાન અંગેનો જે શોક પ્રસ્તાવ માનનીય મુખ્યમંત્રીશ્રી લઇને આવ્યા છે જેને આ સમાગૃહના માનનીય તમામ સભ્યશ્રીઓએ પણ જેનું અનુમોદન છે. ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મનસુખભાઇ

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

જોષીનું તા. ૧૦મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રીએ ચોથી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઇને રાજકોટ–૧ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્વ.શ્રી મનસુખભાઇ જોષી લેખક, પત્રકાર, સામાજિક કાર્યકર ઉપરાંત વિવિધ સામાજિક, રાજકીય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. તેઓએ મહાત્મા ગાંધીજી અને શ્રી લાલબહાદુર શાસ્ત્રીના જીવન ગ્રંથોનું સંપાદન પણ કરેલ હતું. સ્વ.શ્રી મનસુખભાઇ જોષીને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વર્ગસ્થ શ્રી મોહમ્મદભાઇ સુરતીનું તા. ૨૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રીએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઇને સુરત શહેર (પશ્ચિમ) મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીએ સુરત નાગરિક સહકારી બેન્કના ડિરેકટર તરીકે ચૂંટાઇ રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓએ ગુજરાત સરકારમાં વાહનવ્યવહાર અને બંદરો વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી તરીકેની જવાબદારી નિભાવી હતી. સ્વ.શ્રી મોહમ્મદભાઇ સુરતીને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ધીરજલાલ રીબડિયાનું ૮મી ઓકટોબર, ૨૦૨૫ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી ધીરજલાલે છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઇને વિસાવદર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીને સને ૧૯૭૫માં વિસાવદરમાં નગર પંચાયતમાં સભાપતિ તરીકે ચૂંટાઇને રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓશ્રી યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અને આ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ અનેક સંસ્થાઓમાં સક્રિય રહ્યા હતા. સ્વ.શ્રી ધીરજલાલ રીબડિયાને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી અમરસિંહભાઇ વસાવાનું તા. ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી અમરસિંહભાઇએ ૧૦મી અને ૧૨મી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઇને ડેડિયાપાડા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્વ.શ્રી અમરસિંહભાઇએ વાલિયા તાલુકાના પંચાયતના પ્રમુખ તરીકે ચૂંટાઇને રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે હંમેશા તત્પર અને છેવાડાના વિસ્તારના વિકાસ અર્થે તેઓ જીવનપર્યંત સક્રિય રહ્યા હતા. સ્વ.શ્રી અમરસિંહભાઇ વસાવાને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વજુભાઇ ડોડિયાનું તા. ૨૧મી ઓકટોબર, ૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી વજુભાઇએ ૧૧મી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઇને વિરમગામ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્વ.શ્રી વજુભાઇએ તેમની રાજકીય કારકિર્દી દરમિયાન વિરમગામ નગરપાલિકાના પ્રમુખ તેમજ ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટીવ બેન્ક, અમદાવાદના ડિરેકટર તરીકેની વિવિધ જવાબદારીઓ નિભાવી હતી. તેઓ સહકારી, સામાજિક અને રાજકીય પ્રવૃત્તિમાં જીવનપર્યંત કાર્યરત રહ્યા. સ્વર્ગસ્થ શ્રી વજુભાઇ ડોડિયાને હું હૃદયથી શ્રદ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બાવનજીભાઇ મેતલિયાનું તા. ૧૧મી ઓકટોબર, ૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રીએ ૧૩મી ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ચૂંટાઇને ટંકારા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ખેતી સુધારણા, જળ સંચયનાં કામોમાં તેઓનું ખૂબ મોટું પ્રદાન રહ્યું. તેઓ સાહિત્યિક પ્રવૃત્તિમાં ખૂબ રૂચિ ધરાવતા હતા. સ્વ.શ્રી બાવનજીભાઇ મેતલિયાને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું.

ઉક્ત તમામ સદ્ગતોના અવસાનથી તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફતને સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે તેવી પ્રાર્થના કરું છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદ્ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ આપે તે માટે પોતાની જગ્યા પર ઊભા થઇ અને બે મિનિટ મૌન પાળીશું.

(આ તબક્કે સભાગૃહના તમામ સભ્યોએ ઊભા થઇ બે મિનિટ મૌન પાળ્યું.)

અધ્યક્ષશ્રી : સૌ સભ્યોને પોતાનું સ્થાન લેવા વિનંતી છે. સભાગૃહની આ લાગણી સદ્ગતોના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૨૫નો ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)(સુધારા) વટહુકમ

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૫નો વટહુકમ ક્રમાંક–૩–સન ૨૦૨૫નો ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (ખાણ અને ખનિજ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૫નો નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી

શ્રી ઋષિકેશ ગ. પટેલ (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત રાજ્ય મહિલા આયોગનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રીમતી મનીષા ર. વકીલ (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

સન ૨૦૨૪–૨૫ નો ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ

ડૉ. જયરામભાઇ ચે. ગામીત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૪–૨૫ નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૨૦/૦૯/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક: ઘઇ/૨૦૨૫–૧૧૯/જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨) વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

અનુમતિ મળેલાં વિધેયકો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાના સાતમાં સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૫નાં વિધેયક ક્રમાંક–૧૬,૧૭,૧૮ અને ૧૯ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ''આ સભાગૃહના સભ્યશ્રી શૈલેષ પરમારને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપું છું.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ''આ સન્માનીય સભાગૃહના સિનિયર સભ્ય અને લેન્ડલોર્ડ એડવોકેટ આદરણીય પૂર્ણેશભાઇ મોદીને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપું છું.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો

અધ્યક્ષશ્રી : હવે હું જે ક્રમમાં પ્રસ્તાવો રજૂ થયા છે તે ક્રમમાં પ્રસ્તાવને એક પછી એક મત માટે મૂકીશ.

માનનીય સભ્યશ્રી શૈલેષ પરમારને ઉપાધ્યક્ષ પદ માટે પસંદ કરવા માટેના પ્રસ્તાવનો પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવે છે.

માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીને ઉપાધ્યક્ષ પદ માટે પસંદ કરવા માટેના પ્રસ્તાવનો પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આ સભાગૃહના સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીને સર્વાનુમતે સભાગૃહના ઉપાધ્યક્ષશ્રી તરીકે પસંદ કરવામાં આવે છે. હવે હું માનનીય પૂર્ણેશભાઇ મોદીને ઉપાધ્યક્ષનું સ્થાન લેવા માટે વિનંતી કરું છું.

(ત્યારબાદ વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ નવા વરાયેલા ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશભાઇ મોદીને ઉપાધ્યક્ષસ્થાને દોરી ગયા અને શ્રી પૂર્ણેશભાઇ મોદીએ ઉપાધ્યક્ષનું સ્થાન સંભાળ્યું.)

કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : હું કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું. સમિતિની

માઘ ૨૭, ૧૯૪૭ શાકે

ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી

બેઠક શુક્રવાર, તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

સમિતિએ નીચે મુજબની ભલામણો કરી.

૧. મંગળવાર, તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧ સન ૨૦૨૬નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)(સુધારા) વિધેયક

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૩– સન–૨૦૨૬નું સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક

૨. સોમવાર, તા. ૨૩/૦૨/૨૦૨૬ના રોજ સૌ પ્રથમ નિયમ–૧૨૦ હેઠળ માનનીય મુખ્યમંત્રીશ્રીના વંદેમાતરમ્ ગાનના ૧૫૦ વર્ષની ઉજવણી અંગેના સરકારી સંકલ્પ ઉપર ચર્ચા કરવી અને તેને ૬૦ મિનિટનો સમય ફાળવવો તથા ત્યારબાદ તે દિવસની બેઠકના નિર્ધારિત કામકાજ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાર ઉપર ચર્ચા હાથ ધરવી અને આ ચર્ચા માટે ગૃહનો સમય ૬૦ મિનિટ સુધી લંબાવવો.

૩. સત્ર દરમિયાન દરેક અઠવાડિયાના કામકાજના છેલ્લા દિવસે સભાગૃહની બેઠકનો સમય સવારે ૯–૦૦ વાગ્યાનો રાખવો.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ઋષિકેશ ગ. પટેલ **(**સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહનું કામકાજ બપોરના ૧–૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬
માઘ ૨૮, ૧૯૪૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨:૦૦ વાગ્યે મળ્યું.
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

સુરત જિલ્લાના મીયાપુર શેખપુર મુડત મોરદેવી રોડને વાઇડનીંગ કરવા બાબત

* 15/8/269 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા** (મહુવા(એસ.ટી.)): **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના મહુવા તાલુકામાં મીયાપુર શેખપુર મુડત મોરદેવી રોડને વાઇડનીંગ કરવા બાબતે સરકારએ કોઇ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧) હા, જી
(૨)	જો હા, તો આ કામ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને	(૨) રૂ. ૯૩૦ લાખ
(૩)	ઉકત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?	(૩) કામગીરી પુર્ણ થયેલ છે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો આપણા લોકપ્રિય, મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો ખૂબ આભાર વ્યક્ત કરું છું. તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ મારા વિસ્તારમાં આદિવાસી ઉધોગ મેળામાં આવીને એમણે ઉદ્ઘાટન કર્યું હતું અને તે સમયે રૂ.૮૫૮ કરોડના વિકાસના કાર્યોનું ખાતમુહૂર્ત અને ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. એ બદલ મારા વિસ્તારની જનતા વતી એમનો ખૂબ–ખૂબ આભાર વ્યક્ત કરું છું. ઉધોગ મેળામાં ત્રણ દિવસમાં આદિવાસી સમાજે રૂ.૨૫ કરોડની રોજગારી મેળવી હતી. એ બદલ પણ હું એમનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રીની સૂચના

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપને વિનંતી. માનનીય મોહનભાઇ આપ બેસો. પ્રશ્નોત્તરીનો સમય એ પ્રજાના પ્રશ્નોનો ઉકેલ કરવા માટે છે. જો તમને સારું લાગે તો એક શબ્દમાં અભિનંદન આપી શકો છો પણ એના માટે લંબાણપૂર્વક વાત કરશો તો પ્રશ્નના બદલે અભિનંદન ચાલ્યા કરશે. એના માટે બાકીનો સમય છે. તો હું નિર્ણય આપું છું કે 'પ્રશ્નોત્તરીના સમય દરમિયાન માનનીય મંત્રીશ્રી પણ ટૂંકમાં જવાબ આપે અને જેટલું પૂછ્યું છે તેટલો જ જવાબ આપે.' બાકી જવાબ આપવા માટે વિભાગની માગણીઓ પર ચર્ચામાં જવાબ આપી શકશો, બજેટની ચર્ચામાં પણ જવાબ આપી શકશો અને પ્રતિપક્ષને ટીકા કરવા માટે પણ બાકી સમય છે. તો પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સરકારની ટીકા કરવાને બદલે સીધા પ્રશ્નના ઉકેલનું જ કામ કરી શકીશું. તો બધા પક્ષોને મારી સૂચના છે અને એનું બધા પાલન કરે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, સુરત જિલ્લાના મહુવા તાલુકાના મીયાપુર, શેખપુર, મુડત, મોરદેવી રોડનું વાઇડનિંગ તથા કેટલા તાલુકાના કેટલા ગામોની કેટલી વસતીને લાભ થયેલ છે અને તાપી અને સુરત જિલ્લાની કડી જોડતો મુડતથી કુંભિયા સુધીનો અંદાજિત ૩.૭ કિ.મી. જેટલો વાઇડનિંગમાં અધૂરો રહેલો રોડ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં ગામથી ગામને જોડવાના રસ્તા, રિ–કાર્પેટિંગ કરવાના રસ્તા અને વાઇડનિંગ કરવાના રસ્તાઓનો સમાવેશ કરતા હોઇએ છીએ. એનો આખા રાજ્યમાં દરેક ધારાસભ્યને લાભ આપતા હોઇએ છીએ. એ સંદર્ભે સુરત જિલ્લાના મહુવા તાલુકામાં મીયાપુર, શેખપુર, મુડત, મોરદેવી રોડનું વાઇડનિંગ થતાં સુરત જિલ્લાના મહુવા તાલુકાના મીયાપુર, શેખપુર, મુડત તથા તાપી જિલ્લાના મોરદેવી, કંજોડ અને વાલોડ એમ બે તાલુકાના ૧૦ જેટલા ગામોની ૩૩,૭૫૮ જેટલી વસતીને લાભ થયેલ છે. આ રસ્તાથી તાપી જિલ્લાના વાલોડ તાલુકાના ગામો સાથે સુરત જિલ્લાના મહુવા તાલુકાના ગામોને સીધી કનેક્ટિવિટી મળે છે. આ બે જિલ્લાઓનો જોડતો રસ્તો થયો છે. મહુવામાં મીયાપુરમાં ૯૪૧ લોકોને લાભ મળશે. મહુવા–શેખપુરમાં ૩૬૬૫, મહુવા–મુડતમાં ૨૪૬૮, મહુવા–વડીયામાં ૧૨૧૩, મહુવા–અંધાત્રીમાં ૬૯૦, મહુવા–ડુંગરીમાં ૪૧૭૦, વાલોડ–મોરદેવીમાં ૨૦૫૧, વાલોડ–કનાજોડમાં ૧૨૮૦, વાલોડમાં ૧૬,૦૭૫ અને વાલોડ–કુંભીયામાં ૧૨૦૫ એમ કરીને કુલ ૩૩૭૫૮ ગામોને આનો લાભ થવાનો છે. માનનીય સભ્યશ્રીએ જે બાકીના ૩.૭ કિલોમીટરના રસ્તા બાબતે પૂછ્યું તે વિશે જણાવવા માગું છું કે, આ બાબતમાં ધારાસભ્યશ્રીએ દરખાસ્તમાં જે પ્રમાણે રસ્તો દર્શાવેલ હોય તે પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રસ્તાઓ મંજૂર કરવામાં આવે છે તેમ છતાં પણ કોઇ એવી ખૂટતી કડી રહી ગઇ હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીને ફરીથી દરખાસ્ત અથવા માગણી કરી શકે છે.

માઘ ૨૮, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

મહિસાગર જિલ્લામાં જમીન માપણી/રી સર્વે અંતર્ગત રહી ગયેલ ભુલો સુધારવાની અરજીઓ

***15/8/108 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોની જમીન માપણી/ રીસર્વે અંતર્ગત થયેલ ભૂલો સુધારવા કેટલી અરજીઓ સરકારને મળી,</td><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોની જમીન માપણી/રીસર્વે અંતર્ગત થયેલ ભૂલો સુધારવા મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે,
<table>
<tr><th rowspan="2">ક્રમ</th><th rowspan="2">તાલુકાનું નામ</th><th colspan="3">મળેલ અરજીઓ</th></tr>
<tr><th>વર્ષ–૨૦૨૪</th><th>વર્ષ–૨૦૨૫</th><th>કુલ–બે વર્ષમાં</th></tr>
<tr><td>૧</td><td>કડાણા</td><td>૮૦</td><td>૩૭</td><td>૧૧૭</td></tr>
<tr><td>૨</td><td>લુણાવાડા</td><td>૩૧૪</td><td>૮૧</td><td>૩૯૫</td></tr>
<tr><td>૩</td><td>બાલાસિનોર</td><td>૮</td><td>૨૦</td><td>૨૮</td></tr>
<tr><td>૪</td><td>વિરપુર</td><td>૨૩</td><td>૨</td><td>૨૫</td></tr>
<tr><td>૫</td><td>સંતરામપુર</td><td>૮૧</td><td>૧૦૨</td><td>૧૮૩</td></tr>
<tr><td>૬</td><td>ખાનપુર</td><td>૫૩</td><td>૬૫</td><td>૧૧૮</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત અરજીઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂલો સુધારવામાં આવી, અને</td><td>(૨)</td><td>ઉક્ત અરજીઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ પૈકી ૧૫૯ અરજીઓની ભૂલો સુધારવામાં આવી,</td></tr>
<tr><td>(૩)</td><td>કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે?</td><td>(૩)</td><td>છેલા બે વર્ષ દરમ્યાનની ૭૦૭ અરજીઓ પડતર છે.</td></tr>
</table>

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રીના તાબા હેઠળ છે છતાં પણ છેલ્લાં બે વર્ષમાં ૭૦૭ અરજીઓ પેન્ડિંગ છે. આ ૭૦૭ અરજીઓ પેન્ડિંગ છે તેમાં હદ માપણી માટે હિસ્સા પૈકી તાત્કાલિક માપણી અને સાદી અરજીઓ કેટલી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કુલ ૭૦૭ અરજીઓ પેન્ડિંગ હતી. તેમાંથી તા.૧૬/૦૨/૨૦૨૬ની સ્થિતિએ હાલ ૬૩૫ અરજીઓ પેન્ડિંગ છે. ૫૦ અરજીઓની માપણી બાકી છે. ૧૯૧ અરજીઓ દફતરે કરવાની બાકી છે. ૨૩૧ અરજીઓમાં દરખાસ્ત બનાવવાની બાકી છે. ૮૬ અરજીઓ ડી.એલ.આર. અધિકારી પાસે છે અને ૭૦ અરજીઓમાં એસ.એલ.આર. અધિકારી પાસે હુકમ કરવાના બાકી છે. ૭ અરજીઓ કે.જે.પી. કરવાની કક્ષાએ બાકી છે. આમ, બાકી રહેલ ૭૦૭ અરજીઓ વિવિધ કક્ષાએ બાકી છે. આ વિલંબ નિવારવા માટે સરકારે કલેક્ટર એપ્રોચથી માપણી કરવા માટેના નવા આધુનિક સાધનો ખરીદવા અને નવા સ્ટાફની નિમણૂક કરવાનું આયોજન કરેલ છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રી–સરવે ભૂલ સુધારવા સરકારમાંથી નવાં સાધનો ખરીદવા માટે કઇ કઇ તૈયારીઓ કરી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, રી–સરવે ક્ષતિ સુધારણા કામગીરી માટે સરકારશ્રી તરફથી સાધનોની ખરીદીનું આયોજન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫–૨૬માં ૧,૦૦૦ જી.એન.એસ.એસ. રોવર અને ગ્લોબલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમની રૂ.૬૦ કરોડના ખર્ચે ખરીદી કરવામાં આવેલ છે. ૯૩૫ કોમ્પ્યુટર, ૧૪૫૩ પ્રિન્ટર, ૬૫૮ સ્કેનર મળીને કુલ રૂ.૧૬.૧૮ કરોડની ખરીદી કરવામાં આવેલ છે. ૧૭૦ લેપટોપની રૂ.૧.૩૬ કરોડના ખર્ચે ખરીદી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૬–૭માં ૨૦૮ એ–૩ એમ.પી.એફ. લેસર કલર પ્રિન્ટર, ૧૪૧૩ બાયોમેટ્રિક ડિવાઇસ મળીને કુલ **રૂ.૮.૭૪ કરોડની** ખરીદી કરવામાં આવેલ છે. મહેસૂલ વિભાગના રેકર્ડની જાળવણી માટે વર્ષ ૨૦૨૪–૨૫માં સ્ટેટ ડેટા સેન્ટર માટે રૂ.૬૨.૩૦ કરોડની મંજૂરી મળેલ છે. જે આગામી સમયમાં રાજ્યને ઉપલબ્ધ થશે.

તારાંકિત પ્રશ્નો

શ્રી રાજેશકુમાર મ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કે, અમારા ખેડા જિલ્લામાં આવેલ સમગ્ર ગુજરાતના આસ્થાના કેન્દ્ર ફાગવેલને તાલુકો બનાવવા બદલ અને ખાસ કરીને ફાગવેલને તાલુકાનું વડુ મથક રાખવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનવા માગું છું.

અધ્યક્ષશ્રી : એક વાર આભાર કહ્યું તેમાં ન આવી જાય! વાત એની એ જ છે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રી-સરવે માટે કયા કયા સાધનો પૂરાં પાડવામાં આવે છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, રાજ્યમાં વાંધા નિકાલની કામગીરી માટે આધુનિક માપણીનાં સાધનો વર્ષ ૨૦૧૪-૧૫માં ડી.જી.પી.એસ. સેટ ૪૩ નંગ ફાળવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ડી.જી.પી.એસ. રોવર ૩૫૦ નંગ ફાળવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કોમ્પ્યુટર ૬૦૦ નંગ અને વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રિન્ટર ૩૦૦ નંગ ફાળવેલ છે. કોમ્પ્યુટર ૪૦૦ નંગ ફાળવેલ છે. માપણી માટેની કચેરીઓમાં આધુનિક સાધનો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ રહે તે માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ રહે છે. જેથી રી-સરવે માપણીની ક્ષતિ સુધારા અંગેની કામગીરી ઝડપથી અને ચોકસાઇપૂર્વક પૂરી થાય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતના ખેડૂતો છેલ્લાં દસ વર્ષથી આ રી-સરવેમાં જે ભૂલો છે એનાથી એટલા બધા હેરાન-પરેશાન છે.....

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આ પ્રશ્ન માત્ર મહીસાગર જિલ્લાનો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય મંત્રીશ્રીએ મહીસાગર જિલ્લાનો જવાબ આપ્યો કે ૧૫૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છું કે, ૧૫૯ અરજીઓ પૈકી કેટલી અરજીઓની માપણીશીટ બની છે? અને ત્યારપછી જે-તે ગામના નકશામાં કેટલી અરજીઓના અનુસંધાને અસર આપવામાં આવી છે? મોટાભાગે આખા ગુજરાતના નકશામાં અસર આપવામાં આવી નથી.

અધ્યક્ષશ્રી : મેં હમણાં જ કહ્યું છે કે, એની ટીકા માટે બાકીનો સમય તમારી પાસે હોય છે. અત્યારે હાલ જિલ્લા પૂરતો પ્રશ્ન છે. જિલ્લાની તમે ચર્ચા કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ આખા ગુજરાતનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : આખા ગુજરાતનો પ્રશ્ન નથી. તમે વાંચો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ હું સ્પેશિફિક જ પૂછું છે.

અધ્યક્ષશ્રી : એ જ્યારે પૂછવાનું હોય ત્યારે તમે પૂછજો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫૯માંથી કેટલાની માપણીશીટ બની છે? અને કેટલાની નકશામાં અસર આપવામાં આવી છે? કારણ કે, આખા ગુજરાતમાં અસર આપવામાં આવી નથી. ડી.એલ.આર. ની કચેરી અને બાકીની પ્રક્રિયા માટેના અધિકારીઓ આની અસરો આપવામાં અને નિકાલ કરવામાં લાખો રૂપિયાની માગણી કરે છે.

અધ્યક્ષશ્રી : અમિતભાઇ, મેં તમને હમણાં જ વાત કરી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫૯ અરજીઓમાંથી કેટલી માપણીશીટ બની? અને કેટલાની અસર નકશામાં આપી?

માનનીય અધ્યક્ષશ્રીની સૂચના

અધ્યક્ષશ્રી : મેં હમણાં જ એક મિનિટ પહેલાં કહ્યું કે, આ ગૃહ ચલાવવાની જવાબદારી ફક્ત અધ્યક્ષની નથી. આપણા બધાની છે. આપણે બધા એવું ઇચ્છતા હોઇએ કે રાજ્યની પ્રજાના પ્રશ્નોના ઉકેલ જલદી આવે એ માટે મેં તમને વાત કરી કે આ ટીકા કરવા કે અભિનંદન આપવા માટેનો સમય નથી કે લાંબા-લાંબા જવાબો આપવા માટેનો સમય નથી. તમે બ્યુરોક્રેસીની એકાઉન્ટિબિલિટી છે એને ચકાસવા માગતા હોય કે નીચેના સ્તર સુધી સામાન્ય માણસને એની વધારે અસર મળી શકે, ઇફેક્ટિવનેસ આવે એવું ઇચ્છતા હોય તો આપણે મુદ્દાસર પ્રશ્નો પૂછવા પડશે. પોલિટિક્સ કરવા માટે કે અન્ય બાબતો માટે તમારી પાસે ઘણો સમય છે. આ એક કલાક માત્ર પ્રજાના પ્રશ્નો માટે માનનીય ધારાસભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રીઓ કામ કરે એવી મારી ફરી એક વખત વિનંતી છે અને વારંવાર આ વાત કરવી પડે તો મને લાગે છે કે રાજ્યની પ્રજા પણ જોતી હશે અને સાંભળતી હશે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ખેડૂતલક્ષી અને પારદર્શક વહીવટમાં માને છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આધુનિક માપણીનો પાયો નાખ્યો હતો. તેને આગળ ધપાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ મહેસૂલ વિભાગને સંપૂર્ણપણે ડિજિટલાઇઝેશન કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીની લાગણીને હું સમજું છું પરંતુ, હું જણાવવા માગું છું કે ખેડૂતોને જિલ્લાકક્ષાની કચેરીએ આવવું ન પડે તે માટે અમે તાલુકાકક્ષાએ કચેરીનું વિકેન્દ્રીકરણ કરવા જઇ રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, તમે બેસો. જવાબ પૂરો થયો નથી.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ જૂની પદ્ધતિ છોડીને ડી.જી.પી.એસ., જી.એન.એસ. જેવી સેટેલાઇટ આધારિત ટેકનોલોજી અપનાવી છે. જેથી ચોક્સાઇ વધે છે, રી-સરવેમાં રહી ગયેલ માનવીય ભૂલો સુધારવા

માટે અમે તા.૩૧/૧૨/૨૦૦૦ સુધી અરજીઓ કરવાનો સમય આપ્યો છે, અરજી કરવાની પ્રક્રિયા નિઃશુલ્ક કરી છે અને સ્ટાફ અછત નિવારવા વર્ષ ૨૦૨૬–૨૭માં ડી.આઈ.એલ.આર. અને સર્વેયરની નવી જગ્યાઓ મંજૂર કરવાનું તથા માપણીની કામગીરી માટે નવા અત્યાધુનિક સાધનો ખરીદવાનું આયોજન કરેલ છે. સરકારનું એક જ લક્ષ્ય છે કે ખેડૂતોને તેના ખેતરનો ચોક્કસ નકશો અને હક્ક મળે અને આ પ્રક્રિયા માટે અમે કટિબદ્ધ છીએ. મહીસાગર જિલ્લામાં ૩૪૪૩ સરવે નંબરમાંથી ૨૩૫૬નો નિકાલ થયેલ છે એટલે ૬૯ ટકા કામ પૂર્ણ થયેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે કે, શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા.....

અધ્યક્ષશ્રી : તમે માત્ર.....

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું. ૧૫૯ અરજીઓ જે મંજૂર કરી છે એમાંથી માપણીશીટ કેટલાની બની? અને નકશામાં અસર કેટલાની આપી? એવું સ્પેશિફિક પૂછું છું. શ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન થઇ ગયા પણ ખેડૂતોનું કંઇ ભલું કર્યું નથી.

અધ્યક્ષશ્રી : તમે પોલિટિક્સ કરશો નહીં. બેસો. (અંતરાય) બેસો તમે. સૂચના આપ્યા પછી પણ તમે પોલિટિકસ કરો છો. પ્લીઝ ટેઇક યોર સીટ. તમે બેસો. (આ તબક્કે માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર પોતાની જગ્યા પર ઊભા થઇ ગયા.) બેસો તમે. તમે પ્રજાના પ્રશ્નોનો સમય ન બગાડો. હું રેકોર્ડ આપવા માટે જણાવું છું પણ તમે પોલિટિકલ કરો છો. માનનીય સભ્યશ્રી તમે એવું નહીં કરી શકો. વિધાનસભા નિયમ પ્રમાણે જ ચાલશે. તમે બેસો. મેં તમને બેસવાનું કહ્યું છે.

પાલનપુર–ગોબરી રોડ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવા

* 15/8/271 **શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાલનપુર–ગોબરી રોડ પર લેવલ ક્રોસીંગ નં.૧૬૯ પર રેલ્વે ઓવરબ્રીજની કામગીરી મંજુર થયેલ છે તે હકીકત સાચી છે, અને	(૧)	હા, જી
(૨)	જો હા, તો કેટલી રકમનુ કામ મંજુર કરવામાં આવેલ છે ?	(૨)	૩.૪૬.૯૯ કરોડ

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી સૌ પ્રથમ હમણાં એક–દોઢ મહિના પહેલાં બનાસકાંઠા જિલ્લાને ૩. ૧૦૦૦ કરોડ જેટલા કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવા બદલ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું. તે પૈકીનું જ આ એક કામ હતું. અમારા ગોબરી રોડ ઉપર આવેલી લક્ષ્મીપુરા ફાટકનું કામ ૩. ૪૬.૯૯ કરોડના ખર્ચે મંજૂર થયેલ છે તે કયાં સુધીમાં પૂર્ણ થશે એની માહિતી આપવા વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાલનપુરમાં લક્ષ્મીપુરા અને પાલનપુર સિટી માટે ખૂબ વિકટનો પ્રશ્ન ઓવરબ્રિજનો હતો. બી.એફ.સી.સી. દ્વારા જ્યારે બી.એફ.સી.નું અમલીકરણ ચાલુ થયું એ વખતે તમામ બી.એફ.સી.સી., બી.એફ.સી. ઉપરના જે ફાટકો અને એલ.સી. નંબર ૧૬૯ હતા એ તમામ એલ.સી. દૂર કરવાના હતા જેથી કરીને ભારતના વિકાસ માટે માલનું પરિવહન ખૂબ ઝડપથી થઇ શકે. એના માટેની આ મહત્ત્વાકાંક્ષી યોજના હતી. હાલમાં ફાટક બંધ છે જેના કારણે લોકોને ફરીને પાલનપુર સિટી અને લક્ષ્મીપુરા આવવું પડે છે. હાલ એરોમા સર્કલને ફરીને આવવું પડે છે પરંતુ ગોબરી રોડ ઉપર પાલનપુર અને લક્ષ્મીપુરા વચ્ચે ઓવરબ્રિજ બનશે તેનાથી લગભગ પાંચેક કિ.મી.નો સમયનો બચાવ થશે. હાલમાં ત્યાં બહુ ટ્રાફિક કન્જેશન છે અને એના કારણે આ ઓવરબ્રિજ ખૂબ મહત્ત્વનો છે. ભૂતકાળમાં રાજ્ય સરકારશ્રીએ જેવો બી.એફ.સી.સી.નો પ્રોજેક્ટ અમલમાં આવ્યો એટલે તરત જ આનો એસ્ટીમેટ મૂક્યો હતો. રકમ પણ ફાળવી હતી પરંતુ એ સમયે સ્થાનિક લોકોએ વિરોધ કર્યો હતો અને એના કારણે કામ ના થયું. એ વખતે માનનીય ધારાસભ્યશ્રી અને બીજા ઘણાં લોકોએ આ માટે રજૂઆત કરી અને આર.યુ.બી. માગ્યું પરંતુ બી.એફ.સી.સી.એ કહ્યું કે આર.યુ.બી. શક્ય નથી. ફિઝિબલ નથી અને ફિઝિબલ ન હોવાના કારણે મુશ્કેલી પડતી હતી એટલે લોકો તથા આગેવાનોએ ફરીથી એમને કહ્યું કે તમે અમને આર.ઓ.બી. બનાવી આપો પરંતુ આર.ઓ.બી. બનાવતા પથરેખા ઉપર કન્જેશન હતું. ત્યાં મકાનો હતા. કેટલીક દુકાનો બનેલી હતી. આવા કારણોસર એનો સરવે કર્યા પછી એ દબાણો દૂર કરવા અને ઇલેક્ટ્રિક લાઇન અન્ડર ગ્રાઉન્ડ કરવાની જરૂર હતી. અત્યારે આ બધા કામો તાત્કાલિક અમલમાં મૂકેલ છે. અત્યારે ટેન્ડર પડી ગયું છે. હવે ખૂબ ઝડપથી આની કામગીરી ચાલુ થવાની છે તથા પાલનપુર અને લક્ષ્મીપુરા બંનેને જોડતો ખૂબ મહત્ત્વનો ઓવરબ્રિજ બનશે. પાલનપુરમાંથી લક્ષ્મીપુરા થઇને સીધું હાઇવે ઉપર આવી શકાય એ પ્રકારની વ્યવસ્થા કરી છે. લગભગ દોઢ લાખ લોકોને આનો સીધેસીધો ફાયદો થવાનો છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ઓવરબ્રિજ બનાવવામાં બાંધકામના ખર્ચ પેટે કેન્દ્ર સરકારશ્રીની કોઇ ભાગીદારી છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બી.એફ.સી.સી. દ્વારા જે ઓવરબ્રિજ કે આર.યુ.બી. બનાવવામાં આવે છે એમાં રાજ્ય સરકારશ્રી ૫૦ ટકા અને કેન્દ્ર સરકારશ્રી ૫૦ ટકા નાણાંની જોગવાઇ કરે છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ પાલનપુરના ગોબરીરોડ ઉપર ઓવરબ્રિજનો છે. મારો સવાલ છે કે રેલવે સેન્ટ્રલનું ખાતું છે અને સ્ટેટમાં આર એન્ડ બી કે પંચાયત આવતું હોય છે. રેલવેના અનુસંધાનમાં આવા જ પ્રશ્નો અમારા પંચમહાલ જિલ્લામાં છે એટલે પંચમહાલ જિલ્લાની વાત પછી કરીશ. રેલવે અને સ્ટેટનું સંકલન એકઝિકયુટીવ એન્જિનિયર કે એસ.સી. લેવલે કરે છે એના કરતાં સચિવ લેવલે આનું સંકલન કરવામાં આવે તો જ્યારે પ્લાન બને ત્યારે ઘણી વખત જમીન સંપાદનનો અભાવ હોય છે પછી જમીન સંપાદન કરવી પડે છે. એવા મારા પંચમહાલ જિલ્લામાં રેલવેના...

અધ્યક્ષશ્રી : અત્યારે આ માત્ર બનાસકાંઠા જિલ્લાનો પ્રશ્ન છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ છે કે સ્પેશિયલ લેવલે સરકારશ્રી દ્વારા રેલવેની ઉચ્ચ લેવલની કમિટી આવા જે કઇ પ્રશ્નો બાકી છે એના માટે બનાવવી જોઇએ. અમારા જિલ્લામાં ત્રણ વર્ષથી મારા ગોધરા તાલુકામાં ઓવરબ્રિજ... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : સંકલન કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને તે સૂચનના અનુસંધાને ચોક્કસ વિચારણા કરીશું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન તો પાલનપુરનો છે પણ મારે બોટાદ શહેરમાં,

અધ્યક્ષશ્રી : આમાં બોટાદનું ના આવે તેના માટે આપ અલગ પ્રશ્ન પૂછજો.

રાજકોટ જિલ્લામાં જુથ યોજના

***15/8/188 શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના રાજકોટ અને જસદણ તાલુકા માટે જુથ પાણી પુરવઠા યોજનાના કામ હાથ ધરવામાં આવેલ છે, કે કેમ,</td><td>(૧)</td><td>હા, જી.</td></tr>
<tr><td>(૨)</td><td>આ યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે,</td><td>(૨)</td><td>નીચેની વિગતે,
<table>
<tr><th>અનું</th><th>જુથ યોજનાનું નામ</th><th>તાલુકો</th><th>સમાવિષ્ટ ગામોની સંખ્યા</th></tr>
<tr><td>૧</td><td>રાજકોટ જુથ પાણી પુરવઠા યોજના</td><td>રાજકોટ</td><td>૨૯</td></tr>
<tr><td>૨</td><td>મચ્છુ-૧ જુથ પાણી પુરવઠા યોજના</td><td>રાજકોટ</td><td>૪૩</td></tr>
<tr><td>૩</td><td>ભાડલા જુથ પાણી પુરવઠા યોજના</td><td>જસદણ</td><td>૨૨</td></tr>
<tr><td>૪</td><td>સાણથલી જુથ પાણી પુરવઠા યોજના</td><td>જસદણ</td><td>૨૧</td></tr>
<tr><td></td><td></td><td>કુલ</td><td>૧૧૫</td></tr>
</table></td></tr>
<tr><td>(૩)</td><td>આ યોજનાની અંદાજિત રકમ કેટલી છે, અને</td><td>(૩)</td><td>નીચેની વિગતે,
<table>
<tr><th>અનું</th><th>જુથ યોજનાનું નામ</th><th>અંદાજીત રકમ (રૂ.લાખમાં)</th></tr>
<tr><td>૧</td><td>રાજકોટ જુથ પાણી પુરવઠા યોજના</td><td>૯૪૦૮.૩૧</td></tr>
<tr><td>૨</td><td>મચ્છુ-૧ જુથ પાણી પુરવઠા યોજના</td><td>૧૬૮૬.૧૬</td></tr>
<tr><td>૩</td><td>ભાડલા જુથ પાણી પુરવઠા યોજના</td><td>૫૮૩૧.૯૧</td></tr>
<tr><td>૪</td><td>સાણથલી જુથ પાણી પુરવઠા યોજના</td><td>૩૪૦૫.૯૦</td></tr>
</table></td></tr>
</table>

(૪)	આ યોજનાનો લાભ કેટલી વસ્તીને મળનાર છે?	(૪)	નીચેની વિગતે, અનું | જુથ યોજનાનું નામ | વસ્તી ૧ | રાજકોટ જુથ પાણી પુરવઠા યોજના | ૬૧૨૨૪ ૨ | મચ્છુ-૧ જુથ પાણી પુરવઠા યોજના | ૮૩૯૫૦ ૩ | ભાડલા જુથ પાણી પુરવઠા યોજના | ૧૨૨૩૭૨ ૪ | સાણથલી જુથ પાણી પુરવઠા યોજના | ૮૧૨૯૬

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તારીખ: ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના, રાજકોટ જસદણ તાલુકા માટે જૂથ પાણી પુરવઠા યોજનાના જે કામો હાથ ધરવામાં આવેલ છે તેમાં તા.૩૧-૧૨-૨૦૨૫ની પરિસ્થિતિએ ઉકત પ્રગતિ હેઠળની યોજનાઓની હાલની પરિસ્થિતિ શું છે ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ:૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જૂથ સુધારણાની ભૌતિક કામગીરી પૂર્ણ કરી પ્રાયોજન ચાલુ છે. મચ્છુ-૧ જૂથ સુધારણાની કામગીરી પૂર્ણ તથા પાણી વિતરણ ચાલુ છે. ભાડલા જૂથ સુધારણાની ભૌતિક કામગીરી પૂર્ણ કરી પ્રાયોજન ચાલુ છે. સાણથલી જૂથ સુધારણાની ભૌતિક કામગીરી પૂર્ણ કરી પ્રાયોજન ચાલુ છે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજકોટ અને જસદણ તાલુકામાં જે આ જૂથ પાણી પુરવઠા યોજના પ્રગતિ હેઠળ છે તેમાં પાણીનો સોર્સ કયાંથી મેળવવામાં આવે છે ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જૂથ સુધારણા યોજના જે છે તેમાં NC-2 બલ્ક પાઇપ દ્વારા પાણી આપવામાં આવશે. મચ્છુ-૧ જૂથ સુધારણા યોજના છે તેમાં મચ્છુ-૧ ડેમ અને NC-34 બલ્ક પાઇપ દ્વારા પાણી પૂરું પાડવામાં આવશે. જસદણ તાલુકામાં ભાડલા જૂથ સુધારણા યોજના તેનો સ્ત્રોત છે NC-2 બલ્ક પાઇપ લાઇન, સાણથલી જૂથ સુધારણા યોજના NC-2 બલ્ક પાઇપ લાઇન દ્વારા પાણી પહોંચાડવા માટેનો સ્ત્રોત છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં પાણી પુરવઠા યોજના દ્વારા નવી જૂથ યોજનાઓને મંજૂરી આપવામાં આવતી નથી. વિભાગ પાસે માગણી કરતા વિભાગ દ્વારા એવું જણાવવામાં આવે છે કે, જે ગામો નલ સે જલ યોજના અંતર્ગત જોડાયેલા હોય તેની નવી જૂથ યોજના મંજૂર થતી નથી. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને મારા મતવિસ્તાર જે છેવાડાનો વિસ્તાર છે, નર્મદાનું પીવાનું પાણી સમયસર મળતું નથી. કયાંય પણ કંઇ ટેકનિકલ ખામી સર્જાય એટલે ૧૫-૧૫ દિવસ સુધી અમને પાણી મળતું નથી તો આવા વિસ્તારો છે તેમાં નવી જૂથ યોજનાઓ મંજૂર કરવા માગો છો કે કેમ ?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન તમારા જિલ્લા પૂરતો જ હોઇ તેથી તમારે જવાબ આપવો હોય તો આપી શકો. તેમનો પ્રશ્ન છે કે આવું જે બાકી રહી ગયું હોય એવા વિસ્તારમાં કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે અને સાથે બેસીને જોવડાવી લઇશું.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ જસદણ તાલુકાઓના ભાડલા સ્થિત જૂથ સુધારણા યોજનાની સાણથલી જૂથ સુધારણા યોજનાઓ માટે કઇ કામગીરીનો સમાવેશ કરવામાં આવે છે ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જસદણ તાલુકાના ગામોની બે જુદી જુદી પાણી પુરવઠા યોજના અંતર્ગત ભાડલા જૂથ સુધારણા યોજના તેમાં લાઇઝનીંગ મેઇન અને ડિસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન ૧૫૦ થી ૬૦૦ એમ.એમ.ની ડીઆઇકે-૭, ડીઆઇકે-૯ પાઇપ લાઇન છે તેની ૬૩,૧૭૦ મીટરની લંબાઇ છે તથા ૧૧૦ થી ૨૦૦ મી.મીટર પી.વી.સી.પાઇપ લાઇન ૬ કેજી, ૮ કેજી અને ૧૦ કેજી એ ૬૦,૯૧૦ મીટર છે. આર.સી.સી ભૂગર્ભ સંપની કામગીરી, આર.સી.સી.સમ્પ હાઉસ, કમ્પાઉન્ડ વોલ ૪૫૦ મીટર, આર.સી.સી.રોડ ૧૫૦ મીટર, વીજળીકરણ અને પમ્પીંગ મશીનરી, પાક વળતર, જમીન સંપાદન, એડિશનલ સૂર્ય સમ્પની કામગીરી, એડિશનલ સૂર્યના સમ્પને જોડતી પાઇપ લાઇન, એડિશનલ સ્ટોરેજ પમ્પ હાઉસ, એડિશનલ સુરજ માટે વીજળીકરણ અને પમ્પીગની મશીનરી, સાણથલી જૂથ સુધારણા યોજના જે છે તેમાં ગ્રેવીટી મેઇલ માટે ૩૫૦ એમ.એમ., ૩૦૦ એમ.એમ., ૨૫૦ એમ.એમ. અને ૨૦૦ એમ.એમ.ના વ્યાસની ડીઆઇકે-૭, ડીઆઇકે-૯ ૪૪,૨૨૪ મીટર અને ૧૧૦ મિલીમીટરથી ૨૦૦ મિલીમીટરના વ્યાસની ૬ અને ૮ કે.જી.ના પીવીસી પાઇપ લાઇન પૂરી પાડવી. પુરવઠો આપવો, નીચે મૂકવું અને જોડવું. ગુંદાળા એચ.જી.એલ.આર.એચ.ડબલ્યુ ૧૦ લાખ, જંગવડ એચ.ડબલ્યુ. ૨૦ લાખ, સાંબલી એચ.ડબલ્યુ.૫ લાખ, આર.સી.સી. સ્ટોરેજ સમ્પનું બાંધકામ, કોટડા-પીઠા

હાઈવે ૧૨ x ૮ મીટર, જંગવડ હાઈવે ૨૦ x ૧૦ મીટર, સાંથલી બુસ્ટીંગ સમ્પ ૪ x ૪ મીટર, કનોડી ડેમ કૂવા સહિત ૩ x ૩ મીટર, આર.સી.સી. ફ્રેમ પમ્પ હાઉસનું બાંધકામ, વીજળીકરણ, પાક વળતર, જમીન સંપાદન વગેરે કામગીરી કરેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના સૈયદ રાજપરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવા બાબત

***15/8/205 શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ** (ઉના) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે, અને	(૨)	વહીવટી મંજુરી તબકકે
(૩)	કામગીરી થવાથી કેટલા વિસ્તારને લાભ થનાર છે?	(૩)	આશરે ૧૧ હેકટર જમીનને

શ્રી કાળુભાઈ ચ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લાના સૈયદ રાજપરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવા માટે કેવા પ્રકારની કામગીરી હાથ ધરવાનું આયોજન છે અને કામગીરી ક્યા તબક્કે છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ સૈયદ રાજપરા ગામની ચિંતા કરી છે. આ માટે સરકાર ખૂબ જ સંવેદનશીલ છે. તેમને આપવામાં આવેલ જવાબ મુજબ સૈયદ રાજપરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવાની કામગીરી વહીવટી મંજૂરીના તબક્કે હતી. મને જણાવતાં આનંદ થાય છે કે આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સાનિધ્યમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના આ સૈયદ રાજપરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવા માટે રૂપિયા ૮.૩૭ કરોડના કામને સરકારશ્રી દ્વારા વહીવટી મંજૂરી તા. ૧૨-૨-૨૦૨૬ના રોજ આપવામાં આવી છે. મંજૂર થયેલ કામગીરીની વિગતે વાત કરીએ તો દરિયાઈ ધોવાણ અટકાવવા આ સવાલવાળી જગ્યાએ રેતી-માટી વગેરે સાફ કરી સખત પથ્થર હોય ત્યાં જરૂરી ખોદકામ કરી ૨૦ થી ૧૦૦ કિલોગ્રામ વજનના પથ્થરનો કોર ભાગ તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ તેના ઉપર ૫૦૦ કિલોથી એક ટન વજનના પથ્થરોનું ૧.૩૧ મીટર જાળીનું લેયર બનાવવામાં આવશે. આ રીતે તૈયાર થનાર પાળી દરિયાઈ બાજુની ઢાર ૨:૧ ના પ્રમાણમાં તૈયાર કરવામાં આવશે. જ્યારે પાછળની બાજુનો ઢાળ ૧.૫ : ૧ ના પ્રમાણમાં તૈયાર કરવામાં આવશે. આ રીતે તૈયાર થનાર પથ્થરના પાળાની દરિયાઈ બાજુના ભાગે ૨.૪૭ મીટરની જાળીમાં ૪ ટન વજનનો એક એવા ટેટ્રાપોલ હાર્બન ઈન્ટરલોકિંગ સિસ્ટમથી ગોઠવવામાં આવશે. આને દરિયાઈ બાજુ ટેકો આપવા માટે રથી ૩ ટન વજનના પથ્થરના મથાળાથી ૪ મીટર પહોળા પથ્થરનો ભારો બનાવવામાં આવશે. કામ પૂર્ણ થયા બાદ સમગ્રતયા આ પાળાના ટોપની ઉંચાઈ ૮.૨૫ મીટર થશે. જેની ઊંચાઈ દરિયાની પાણીની સરેરાશ સપાટીથી ૬.૮ મીટર ઊંચી થશે. આ કામગીરીમાં જે ટેટ્રાપોલ વાપરવામાં આવશે તે એમ-૩૦ ગ્રેડ કોંક્રિટમાંથી બનાવવામાં આવશે. આ કોંક્રિટ બનાવવા માટે એક ખાસ પ્રકારનો સિમેન્ટ એટલે કે પોર્ટલેન્ડ સ્લેગ સિમેન્ટ વાપરવાનું આયોજન છે. આ દરેક ટેટ્રાપોલ ૪ ટન વજનનો બનાવવામાં આવશે. જેને કાસ્ટિંગ યાર્ડમાં કાસ્ટ કરી જરૂરી કેળવણી કરી ક્રેઈનની મદદથી યોગ્ય જગ્યાએ ગોઠવવામાં આવશે.

શ્રી ભગાભાઈ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અતિ મહત્ત્વનો મુદ્દો આજે વિધાનસભામાં આવ્યો છે. કારણ કે દરિયાકાંઠા ઉપર રહેનાર લોકો માટે, પહેલાં આપણો દરિયાકાંઠો ૧૬૦૦ કિલોમીટરની લંબાઈમાં હતો અને નવા રિપોર્ટ પ્રમાણે દરિયો જે આગળ વધતો જાય છે એ રીતે ૨૩૩૦ કિલોમીટર દરિયા કાંઠો અત્યારે છે એવું રિપોર્ટમાં આવ્યું છે. દરિયા કિનારે રહેનાર લોકો માટે આ એક ગંભીર સમસ્યા છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જેમ સૈયદ રાજપરાની અંદર દિવાલ બનાવવાની મંજૂરી આપી છે એમ આવનારા સમયમાં દરિયા કિનારે રહેનાર માછીમાર ભાઈઓ જે કાંઠા ઉપર રહે છે તે જગ્યાએ આપણે એવી પ્રોટેક્શન વોલ બનાવવા માગીએ છીએ કે કેમ? સૈયદ રાજપરામાં દિવાલ મંજૂર કરી છે એની લંબાઈ કેટલી છે અને કેટલા સમયમાં કામ પૂર્ણ થશે? ત્રીજો પ્રશ્ન છે કે સૂત્રાપાડા બંદરમાં રૂપિયા ૧૮ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી સરકારશ્રીએ આપી દીધેલ છે એ બદલ આભાર માનું છું. વહેલી તકે કામ ચાલુ થાય અને પૂર્ણ થાય એવી મારી વિનંતી છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર-સોમનાથ જિલ્લાના સૈયદ રાજપરા ગામ ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવા માટેની કામગીરી આશરે ૧૭૦ મીટર લંબાઈમાં હાથ ધરવાનું આયોજન છે. બીજો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો છે કે, સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા બંદર પાસે દરિયાઈ ધોવાણ અટકાવવા અંગેનું કામ કરવાનું આયોજન છે. જે અંગેના મોજણી સંશોધન તેમજ આલેખનના કામો કેન્દ્ર સરકાર હસ્તકના સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રિસર્ચ સેન્ટર, પૂણે દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, જેના અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. એ કામગીરી પૂરી થયેથી કામગીરી હાથ ધરવામાં આવશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉપમુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા આ વખતે શિવરાત્રી મેળાને અનેરું રૂપ અને મહા-શિવરાત્રી મહોત્સવ ઉજવીને..

અધ્યક્ષશ્રી : આમાં શિવરાત્રીનું આવ્યું નથી, એનું આવે ત્યારે તમે કહેજો.

શ્રી સંજય સુ. કોરડિયા : ખૂબ ખૂબ શુભેચ્છા આપું છું અને આભાર વ્યક્ત કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવો. બહુ સારો કાર્યક્રમ કર્યો એના માટે અભિનંદન પણ બીજા મોકા તમને મળશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગુ છું કે, સૈયદ રાજપરા ગામે પૂરથી ધોવાણ ના થાય તેના માટે સંરક્ષણ દિવાલ બનાવે છે એ કેટલા મીટર છે અને એનો અંદાજિત ખર્ચ કેટલો થવાનો છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર-સોમનાથ જિલ્લાના સૈયદ રાજપરા ગામ ખાતે દરિયાઇ ધોવાણ અટકાવવાની કામગીરીમાં અંદાજિત રકમ રૂ.૮.૩૭ કરોડનો ખર્ચ થવાની લગભગ સંભાવના છે અને ૧૭૦ની લંબાઇમાં એ કામગીરી થવાની છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગીર-સોમનાથ જિલ્લામાં પાટણ વિસ્તાર આવેલો છે, વેરાવળ તાલુકાનું આદ્રીબારી અને સીદોપર ગામ આવેલું છે તો ત્યાં દરિયાઇ ધોવાણ અટકાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવેલી છે? અને કયા તબક્કે છે?

અધ્યક્ષશ્રી : ફરી એક વખત વાત કરો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગીર-સોમનાથ વિધાનસભાનું પાટણ, વેરાવળ તાલુકાનું આદ્રીબારી અને સીદોપર ગામ છે.

અધ્યક્ષશ્રી : ગામની વિગત હોય તો આપો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું રેકોર્ડ ઉપર મૂકીશ.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગુ છું કે, દરિયાઇ ધોવાણ અટકાવવા માટે આવા જ પ્રકારની સૌરાષ્ટ્રમાં કોઇ અન્ય જગ્યાએ કરવામાં આવે છે કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિલોમીટર દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે. રાજ્યના દરિયાકાંઠાની કુલ લંબાઇ ૧૬૦૦ કિલોમીટર છે જેમાંથી સૌરાષ્ટ્ર વિસ્તારના દરિયાકાંઠાની લંબાઇ આશરે ૭૬૫ કિલોમીટર છે. સૌરાષ્ટ્રનો મોટાભાગનો દરિયાકિનારો અરબી સમુદ્રના દરિયાઇ પ્રવાહો અને પવનોનો સીધો સામનો કરે છે. તદુપરાંત સૌરાષ્ટ્રના દરિયાકાંઠાને અવાર-નવાર મોટાં વાવાઝોડાં અને ચક્રવાતનો સામનો કરવો પડે છે. વળી, સૌરાષ્ટ્રના દરિયા કિનારામાં ભૂસ્તર રચના પણ સખત પથ્થરોની નથી. મોટાભાગે સેન્ડ સ્ટોન અને લાઇમ સ્ટોનના કારણે દરિયાઇ ધોવાણની શકયતા મોટા પ્રમાણમાં રહે છે, તેથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠે દરિયાઇ ધોવાણ પ્રમાણમાં વધુ થાય છે. સૌરાષ્ટ્રમાં દરિયાઇ ધોવાણ અટકાવવા અત્યાર સુધીમાં નીચે મુજબની કામગીરી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારાકા જિલ્લાના દ્વારકા ગામે સંગમ નારાયણ મંદિરથી ગાયત્રી મંદિર વચ્ચે ૫૪૦ મીટર લંબાઇમાં રૂ.૭.૯૭ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૧માં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ભાવનગર જિલ્લાના લીલીયા ગામે ગોપનાથ મંદિર પાસે ફેઝ-૧ અંતર્ગત ૬૮૦ મીટર લંબાઇમાં રૂ.૩.૮૦ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૧માં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા ગામે ભદ્રેશ્વર મંદિર પાસે ૨૫૦ મીટર લંબાઇમાં રૂ.૧.૪૮ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૬માં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા ગામે લાઇટ હાઉસ ફરતે ૪૩૫ મીટર લંબાઇમાં રૂ.૧૨ કરોડના ખર્ચે વર્ષે ૨૦૧૧માં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પોરબંદર જિલ્લાના પોરબંદર ખાતે ભાંભરા વિસ્તારમાં ૭૦૦ મીટર લંબાઇમાં રૂ.૧૦.૬૭ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૩માં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરાગામે ૨૩૦ મીટર લંબાઇમાં રૂ.૫.૮૬ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૩માં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ભાવનગર જિલ્લાના લીલીયા ગામે ગોપનાથ મંદિર પાસે ફેઝ-૨ માં વધુ ૨૭૦ મીટર લંબાઇ રૂ.૨.૨૦ કરોડના ખર્ચે ૨૦૧૦માં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં આવેલ ક્વોરીઓ (બ્લેક ટ્રેપ)

***15/8/94 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે :

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ ભેમાલ ગામ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલી ક્વોરીઓ (બ્લેક ટ્રેપ) આવેલ છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ ભેમાલ ગામ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કોઇ ક્વોરીઓ (બ્લેક ટ્રેપ) આવેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી લીઝો સરકાર દ્વારા એ.ટી.આર અંતર્ગત બંધ કરવામાં આવેલ છે,	(૨)	
(૩)	ઉક્ત લીઝો બંધ કર્યા બાદ પણ કાર્યરત હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને	(૩) અને	

(૪)	ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?	(૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન નં.૬ માં મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, આખું ગુજરાત જાણીને બેઠું છે કે દાંતાની અંદર ભેમાલની અંદર અઢળક કવોરીઓ ચાલી રહી છે. અત્યારે આખા ગૃહને ગેરમાર્ગે દોરે એવો એની અંદર મને જવાબ આપવામાં આવ્યો છે કે એક પણ કવોરી આવેલ નથી. બીજો પ્રશ્ન દાંતા વિધાનસભાની અંદર ભેમાલથી અલગ ગ્રામ્ય વિસ્તારની અંદર પણ એકપણ કવોરી આપવામાં આવી નથી. મારે માનનીય મંત્રીશ્રીને સીધો પ્રશ્ન પૂછ્યો છે કે ભેમાલની અંદર એક પણ લીઝ અને કવોરી બંધ નથી. વર્ષોથી ચાલુ છે પણ વિપરીત જવાબ આપવામાં આવ્યો છે કે નથી. આજે અંબાજીથી તારંગાની અંદર જે રેલવેનું કામ ચાલી રહ્યું છે એમાં પણ કોઇપણ કવોરી આપવામાં આવી નથી, મેં જિલ્લા સંકલનમાં વારંવાર પ્રશ્ન પૂછવા છતાં..

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : હું પ્રશ્ન ઉપર જ આવું છું. અઢળક ગામોની અંદર બે વિભાગ રેવન્યુ વિભાગ અને વન વિભાગ બન્ને વિભાગમાંથી કોઇ ગામ ખાલી નથી, હજારો સી.એમ.પી. માટી લીધી છે. તો આ કોની રહેમ નજર હેઠળ લીધી છે? મંજૂરી આપ્યા વગર કઇ રીતે લીધી છે?

અધ્યક્ષશ્રી : તમે માટીનો પ્રશ્ન પૂછો છો ? અહીંયા માત્ર કવોરીનો પ્રશ્ન છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : એ વાત ઉપર જ આવું છું કે કવોરી એટલે માટી, મંજૂરી આપ્યા વગર કઇ રીતે લીધી?

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માટી અને કવોરી અલગ વિષય છે.

અધ્યક્ષશ્રી : માટી અને કવોરી બંન્ને અલગ વિષય છે. અહીંયા માત્ર કવોરીનો પ્રશ્ન છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : હા, પણ પત્થર એમાં આવે છે, વન વિભાગનો પણ એમાં સમાવેશ થાય છે, એ વિસ્તાર એ ટાઇપનો છે એટલે બંન્ને વિભાગની વાત કરું છું. વન વિભાગે શું દેખરેખ રાખી અને રેવન્યુ વિભાગે કઇ રીતે નિયમના વિરુદ્ધમાં ત્યાં ખોદકામ કરવા દીધું છે? એટલે હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વહેલામાં વહેલી તકે બંન્ને વિભાગો એને બંધ કરવા માગે છે કે કેમ? અથવા તો હમણાં મને એવું જાણવા મળ્યું છે.

અધ્યક્ષશ્રી : તમે સીધો પ્રશ્ન પૂછો. ભૂમિકા બહુ લાંબી થઇ ગઇ.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આ હું એટલા માટે ઉજાગર કરવા માગું છું કે આડેધડ ખોદકામ ચાલે છે.

અધ્યક્ષશ્રી : સીધા તમે એક મુદ્દામાં કહી શકો, ઓછા શબ્દોમાં પણ તમારો પ્રશ્ન પૂછી શકો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : આડેધડ કયા કારણોસર આ ખોદકામ કરવા દીધું છે, શું નિયમના વિરુદ્ધમાં રહીને કરવા દીધું છે? એટલા માટે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સત્વરે આ બંધ કરાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ત્રણ પ્રશ્નના જવાબ આપો. એમણે પાંચ પ્રશ્ન પૂછ્યા છે એમાંથી કોઇપણ ત્રણના જવાબ આપી શકશો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જયારે પ્રશ્ન પૂછ્યો છે એટલે વિગતવાર આ પ્રશ્નનો હું જવાબ આપવા માગીશ. એમણે પૂછયું છે કે ભેમાલ ગામ અને તેના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં કેટલી કવોરીઓ અને કોંસમાં લખ્યું છે કે બ્લેક ટ્રેપ. મૂળભૂત રીતે બ્લેક ટ્રેપ અને ઇમારતી સ્ટોન આ બંન્ને વચ્ચે મૂળતઃ ભેદ છે. બ્લેક ટ્રેપ એટલે મેગ્મા છે જે વર્ષો પહેલા ધરતીની અંદર ઉંડાણથી જે મેગ્મા બહાર આવ્યો અને પછી જે ઠર્યો એને બ્લેક ટ્રેપ કહેવાય છે અને એ જે બ્લેક ટ્રેપ હોય છે એ બ્લેક ટ્રેપનો ઉપરનો ભાગ જયારે ઠરવાની આખી પ્રક્રિયા ચાલુ થાય એટલે ઉપરનો જે ભાગ હોય એ ખૂબ હાર્ડ હોય છે એ બ્લેક ટ્રેપમાં આવે એના પછીનો જે મીડલ અને નીચેનો પોર્શન આખો મેગ્મા જયારે ઠરે એટલે ઉપરનો ભાગ, નીચેનો ભાગ અને વચ્ચેનો ભાગ, એટલે વચ્ચેના ભાગથી નીચેનો માગ છે એ ઇમારતી સ્ટોનમાં આવે. એમણે બ્લેક ટ્રેપનો પ્રશ્ન પૂછ્યો છે એટલે બ્લેક ટ્રેપની કોઇપણ પ્રકારની કવોરી ત્યાં આવેલી નથી. આ જે કવોરી આવી છે એ બધી બિલ્ડિંગ સ્ટોનની કવોરી છે એટલે એક તો એમની ગેરસમજ દૂર થાય.

અધ્યક્ષશ્રી : તમારે દેશી ભાષામાં કપચી લખવાની જરૂર હતી તો કપચીમાં આવી જાત.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં જે લીઝો આપણે ત્યાં આપી છે એ ટોટલ દાંતા અને ભેમાલની આજુબાજુ કુલ ૧૦૭ લીઝ આપી છે એમાંથી હાલમાં ૭૬ લીઝ કાર્યરત છે અને ૩૧ લીઝના એની ટાઇમ રોયલ્ટી જે આપણે એ.ટી.આર. લઇએ છીએ એ બંધ કર્યા છે. ગ્રેનાઇટમાં ૨ લીઝ છે અને બિલ્ડીંગ સ્ટોનની ૭૪ લીઝ છે. ૭૬ લીઝ ચાલુ છે અને બાકીની જે ૩૧ આપણે એ.ટી.આર. ચાલુ નથી, ગ્રેનાઇટની એક છે, બિલ્ડીંગ સ્ટોનની ૫ જેના લેણા ભરપાઇ નથી કર્યા. ૨ જે બાલારામ– અંબાજી વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીના એક કિલોમીટરની અંદર હોય એવી બે બંધ કરી છે. ૧૬ લીઝમાં સ્ટેટ લેવલનું ઇ.સી. રૂજૂ નથી કર્યું. ૭ લીઝમાં ઇ.સી. રૂજૂ નથી કર્યા. આમ, ૩૧ લીઝ આજે પણ બંધ છે અને એમાં જ્યારે ઇ.સી. આપવામાં આવે છે ત્યારે ક્લાઇમેટ ચેન્જ અને ફોરેસ્ટની સંયુક્તપણે રાજ્યકક્ષાએ કમિટી હોય છે એના દ્વારા ઇ.સી. આપવામાં આવે છે. લીઝમાંથી પથ્થર કાઢવો હોય તો રેતી અને માટી તો હટાવવી જ પડે. માટીના નિકાલ માટેની પણ ચોક્કસ ગાઇડલાઇન આપેલી જ છે અને એ પ્રમાણે એનો નિકાલ થાય છે.

માઘ ૨૮, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભેમાલ અને એની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી ખનીજવાર કાર્યરત લીઝ અને કાર્યરત લીઝમાંથી થયેલ ઉત્પાદનની વિગતો જણાવશો?

અધ્યક્ષશ્રી : બધા ખનીજની વિગતો આપશો તો જવાબ ઘણો લાંબો થશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાંતા તાલુકામાં આવેલ ભેમાલ ગામ અને ગ્રામ્ય વિસ્તારમાં ખનીજવાર કાર્યરત લીઝ ગ્રેનાઇટની ૨ લીઝ છે અને બિલ્ડિંગ સ્ટોનની ૭૬ છે. એમાંથી જે ઉત્પાદન થયું છે એમાં ગ્રેનાઇટમાં વર્ષ ૨૦૨૪માં ૨૯,૭૫૯ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૫માં ૧૨૫૦૮.૩૮ મેટ્રિક ટન અને બિલ્ડિંગ સ્ટોનમાં વર્ષ ૨૦૨૪માં ૨૪,૯૨,૬૯૮ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૨૫માં ૩૩,૬૧,૬૫૯ મેટ્રિક ટન ઉત્પાદન થયું છે. વર્ષ ૨૦૨૪માં ગ્રેનાઇટ અને બિલ્ડિંગ સ્ટોનમાં કુલ ૨૫,૨૨,૪૫૭ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૨૫માં ગ્રેનાઇટ અને બિલ્ડિંગ સ્ટોનમાં કુલ ૩૩,૭૪,૧૭૭ મેટ્રિક ટન થયેલ છે.

પાટણ જિલ્લામાં સરકારી જમીન પર દબાણ

122/8/15* **ડૉ .કીરીટકુમાર ચીમનલાલ પટેલ**) પાટણ :(**માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી જમીનોમાં ગેરકાયદેસર દબાણો કેટલા સમયથી ઉભા કરવામાં આવ્યા છે,	(૧)	<table><tr><th>તાલુકાનું નામ</th><th>સ.નં.ની સંખ્યા</th><th>કેટલા સમયથી</th></tr><tr><td>પાટણ)શહેર(</td><td>૫</td><td rowspan="11">પત્રક સામેલ છે.</td></tr><tr><td>પાટણ)ગ્રામ્ય(</td><td>૦</td></tr><tr><td>સરસ્વતી</td><td>૪</td></tr><tr><td>સિધ્ધપુર</td><td>૨</td></tr><tr><td>ચાણસ્મા</td><td>૨</td></tr><tr><td>હારીજ</td><td>૦</td></tr><tr><td>સમી</td><td>૨</td></tr><tr><td>શંખેશ્વર</td><td>૧</td></tr><tr><td>રાધનપુર</td><td>૭</td></tr><tr><td>સાંતલપુર</td><td>૩</td></tr></table>
(૨)	ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૨)	ઉકત દબાણો પૈકી ૫૭ દબાણકર્તાઓ સામે કલમ–૬૧ની કાર્યવાહી ચાલુમાં છે. (પત્રક સામેલ છે.)
(૩)	ઉક્ત દબાણો ખુલ્લા કરવા માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?	(૩)	ઉકત કુલ ૨૬ રે.સ.નં.ના દબાણો પૈકી ૧ દબાણમાં નામ. હાઇકોર્ટમાં SCA No.373/2026 અન્વયે નામ. હાઇકોર્ટના તા.૧૫/૦૧/૨૦૨૬ ઓરલ ઓર્ડર મુજબ Status-quo રાખવા જણાવેલ છે. ૪ દબાણો ખુલ્લા કરાવેલ છે. ૨૧ દબાણોમાં જ.મ.કા. કલમ–૬૧ની કાર્યવાહી ચાલુમાં છે. (પત્રક સામેલ છે.)

પત્રક

અ.નં.	ગામ	તાલુકો	રેસ નં.	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.	દબાણ કરનારનું નામ	કેટલા સમયથી દબાણ છે.	શું કાર્યવાહી કરી
૧	ગુંગડીપાટી	પાટણ)શહેર(	૮૮૦	૦–૭૨–૫૪	ભીલ પ્રવિણકુમાર અરજણજી	આશરે ૧૦ વર્ષથી દબાણ છે	જમીન મહેસુલ કાયદાની કલમ–૬૧ ની નોટીસ આપીને દબાણ દુર કરવા હુકમ કરવામાં આવેલ છે .સદર કેસ લગત હાલમાં નામ.હાઇકોર્ટમાં SCA NO.373/2026 કેસ દાખલ થયેલ હોઇ સદર મેટર સબજયુડીશ થયેલ છે.
૨	ગુંગડીપાટી	પાટણ)શહેર(	૬૮૨	૦–૮૯–૧૯	ઠાકોર નથાજી માનસંગજી	આશરે ૦૫ વર્ષથી દબાણ છે	દબાણ ખુલ્લું કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ની કાર્યવાહી ચાલુમાં છે.
૩	ગુંગડીપાટી	પાટણ)શહેર(	૬૯૮	૨–૩૯–૦૨	પટેલ ચંદ્રકાન્તભાઈ શંકરભાઈ	આશરે ૦૬ વર્ષથી દબાણ છે	દબાણ ખુલ્લું કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ની કાર્યવાહી ચાલુમાં છે.

તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬
તારાંકિત પ્રશ્નો

૪	ગુંગડીપાટી	પાટણ)શહેર(	૮૮૨	૨-૨૫-૯૪	પ્રમુખશ્રી ટ્રસ્ટીશ્રી પદ્મનાભ વાડી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ	આશરે ૧૪ વર્ષથી ધાર્મિક દબાણ છે.	જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ની નોટીસ આપીને દબાણ દુર કરવા હુકમ કરેલ છે.
૫	બકરાતપુરા	પાટણ)શહેર(	૧૩	૦-૧૮-૮૫	ઠાકોર કપુરજી જકશીજી	આશરે ૦૧ વર્ષથી	જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ની નોટીસ આપીને દબાણ દુર કરીને સરકારશ્રી પક્ષે કબજો લેવામાં આવેલ છે.
૬	મેસર	સરસ્વતી	૪૮	૧-૨૫-૦૦	ઠાકોર અરવિંદભાઇ વણવીરજી	આશરે ૦૭ વર્ષથી દબાણ છે	જમીન મહેસુલ અધિનિયમ કલમ-૬૧ મુજબ તા.૧૯/૦૯/૨૦૨૫, તા.૩૦/૦૯/૨૦૨૫ તથા તા.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ નોટીસ આપી સુનાવણી રાખવામાં આવેલ અને ઉપજદંડની રકમ વસુલ લેવા અને કબજો ખુલ્લો કરવા માટેની કાર્યવાહી ચાલુમાં છે.
૭	વાગડોદ	સરસ્વતી	૧૯૨૭	૦-૦૩-૩૪	રબારી દિનેશભાઇ ખેંગારભાઇ	આશરે ૦૩વર્ષથી દબાણ છે	
૮	સરીયદ	સરસ્વતી	૩૯૧	૨-૧૭-૧૩	હરીજન પ્રહલાદભાઇ કાનજીભાઇ	આશરે ૧૦ વર્ષથી દબાણ છે	
૯	ગોલીવાડા	સરસ્વતી	૩૦૭	૩-૮૪-૮૫	જોષી તેજારામ	આશરે ૧૦ વર્ષથી દબાણ છે	
૧૦	મીઠીધારીયાલ	ચાણસ્મા	૪૯૫	૦૧-૦૧-૦૬	ઠાકોર શાંતિબેન ગાંડાજી	આશરે ૭૦ વર્ષથી દબાણ છે.	જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ની નોટીસ આપીને દબાણ દુર કરવા હુકમ કરવામાં આવેલ છે. જેનો કબજો સરકારશ્રી પક્ષે સંભાળવાની કાર્યવાહી ચાલુમાં છે.
૧૧	ધાણોદરડા	ચાણસ્મા	૭૬૯	૦-૪૪-૫૨	ઠાકોર જશીબેન તે કનુજી લક્ષ્મણજીની વિધવા	૨૭ વર્ષથી	જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ની નોટીસ આપીને દબાણ દુર કરીને સરકારશ્રી પક્ષે કબજો લેવામાં આવેલ છે.
૧૨	કનેસરા	સિધ્ધપુર	૨૫૬	૦-૩૪-૧૯	મુકેશભાઇ ગાભાઇભાઇ સેનમા	૨ વર્ષથી	જ.મ.કા. કલમ-૬૧ હેઠળ કેસ ચલાવવાની કાર્યવાહી હાથ ધરી દબાણ તા .૧૩.૦૧.૨૦૨૬ના હુકમ નં. દબાણ/કેસ/નં .૦૭/૨૦૨૫થી ખુલ્લુ કરાવવામાં આવેલછે.
૧૩	કનેસરા	સિધ્ધપુર	૮૬૦	૦-૮૭-૨૪	લાલાભાઇ રામાભાઇ પટેલ	૨ વર્ષથી	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ-૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
૧૪	વાહેદપુરા	સમી	૯૮/૧૦	૧-૩૩-૫૫	રાજુભાઈ કમાભાઈ ઠાકોર	આશરે ૦૩ માસ	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ -૬૧ની કાર્યવાહી ચાલુમાં છે.
૧૫	કઠીવાડા	સમી	૧૦૧	૩-૦૮-૨૪	ભુરાજી સેંધાજી ઠાકોર	આશરે ૦૩ માસ	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ -૬૧ની કાર્યવાહી ચાલુમાં છે.
૧૬	ઓરૂમણા	શંખેશ્વર	૪૧૮	૦-૨૬-૩૦	ભીખાભાઈ કરમણભાઈ વઢેર પબજીભાઈ લક્ષ્મણભાઈ વઢેર બાબુભાઈ અજુભાઈ રથવી ઘનાભાઈ અજમલભાઈ પરમાર	આશરે ૫૬ વર્ષથી દબાણ છે.	દબાન ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ -૬૧ હેઠળ કાર્યવાહી ચાલુમાં છે.

૧૭ ૧૮	અરજણસર	રાઘનપુર	૨૫૪/૧ પૈકી ૨ તથા ૧૫૯	૧૯–૬૪–૭૬ ૨–૨૩–૫૯	સુથાર પેથાભાઇ પાનાભાઇ રાણા રમેશભાઇ ભુદરભાઇ રબારી જામાભાઇ હરદાસભાઇ પ્રજાપતિ ગોવિંદભાઇ વાલાભાઇ રાવળ પીરાભાઇ વેરશીભાઇ પ્રજાપતિ કાન્તીભાઇ માવાભાઇ ચૌઘરી જેવતભાઇ ઓખાભાઇ રાણા લખમણભાઇ ગાંડાભાઇ સુથાર ઓખાબેન લવજીભાઇ સુથાર જગમાલભાઇ લવજીભાઇ સુથાર દિનેશભાઇ લવજીભાઇ સુથાર પ્રકાશભાઇ લવજીભાઇ પ્રજાપતિ ભગવાનભાઇ અમથાભાઇ પ્રજાપતિ મધુબેન ભગવાનભાઇ પ્રજાપતિ કનૈયાલાલ ભગવાનભાઇ પ્રજાપતિ ભારતીબેન ભગવાનભાઇ પ્રજાપતિ વિષ્ણુભાઇ ભગવાનભાઇ ચૌઘરી મહેન્દ્રભાઇ કરશનભાઇ કણબી મેમાભાઇ કમાભાઇ ભારમલભાઇ પટેલ વલ્લભભાઇ શિવાભાઇ પટેલ નારણભાઇ શીવાભાઇ ચૌઘરી ગોંવિદભાઇ વિરાભાઇ	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
					ચૌઘરી અંબાબેન નાથાભાઇ ચૌઘરી જોશનાબેન નાથાભાઇ ચૌઘરી દિનેશભાઇ નાથાભાઇ ચૌઘરી જેસંગભાઇ નાથાભાઇ પટેલ નારણભાઇ શીવાભાઇ પટેલ ભાઇલાલભાઇ શિવાભાઇ પટેલ ચંદુલાલ શંકરલાલ મેઘાણી પટેલ કિરણકુમાર શંકરલાલ મેઘાણી કણબી ભલાભાઇ જેહાભાઇ કબણ)ચૌઘરી (દેવશીભાઇ જેહાભાઇ રબારી જામાભાઇ હરદાસભાઇ પટેલ નારણભાઇ શીવાભાઇ		
૧૯	મઘાપુરા	રાઘનપુર	૧૧	૦–૫૪–૪૩	રાવળ અલ્કેશભાઇ ભીખાભાઇ	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	જ.મ.કા.ની કલમ–૬૧ નીચે દબાણ ખુલ્લુ કરાવેલ છે.
૨૦	રાઘનપુર	રાઘનપુર	૨૫૫ પૈકી ૧	૪–૯૬–૭૫	ભરવાડ મઘાભાઇ ડાયાભાઇ	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
૨૧			૭૮૪/૭ પૈકી ૨	૦–૬૯–૮૧	ભરવાડ રૂગનાથભાઇ મઘાભાઇ	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
૨૨			૯૧૫/૮	૯–૩૨–૮૧	ભરવાડ બાબાભાઇ મઘાભાઇ	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
૨૩			૯૨૪/૭ પૈકી	૯–૭૧–૨૫	ભરવાડ જખાભાઇ રણછોડભાઇ	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
					ભરવાડ ગોકળભાઇ ઝેણાભાઇ	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
					સૈયદ દિલસાદહુસેન મહમદહુસેન	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
					સૈયદ મહમદહુસેન તેગહુસેન	આશરે ત્રણ વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
૨૪	વોવા	સાંતલપુર	૨૩	૩–૩૭–૬૧	આયર લાલાભાઇ ભુરાભાઇ	આશરે બે વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
૨૫	ઘ્રાડવા		૪૯/૧	૦–૧૪–૧૬	કોલી રામાભાઇ હીરાભાઇ	આશરે બે વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
૨૬	ઘ્રાડવા		૪૯/૨	૦–૧૩–૧૫	કોલી અરજણભાઇ મણાભાઇ	આશરે બે વર્ષથી દબાણ છે.	દબાણ ખુલ્લુ કરવા અંગે જ.મ.કા.ની કલમ–૬૧ ની કાર્યવાહી ચાલુમાં છે.
કુલ				૭૧–૮૯–૫૮			

તારાંકિત પ્રશ્નો

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સિનિયર નેતા અને આજના માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબને જન્મદિવસની શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી : આ ગૃહ વતી પણ માનનીય અર્જુનભાઇને જન્મદિવસની ખૂબ–ખૂબ શુભકામનાઓ.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાટણમાં હાલ કુલ સરકારી જમીનોમાં દબાણો થયેલા છે. તો હાલ આ દબાણોની લેટેસ્ટ પરિસ્થિતિ શું છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય સભ્યશ્રીને જણાવવા માગુ છું કે, માનનીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ તથા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબના નેતૃત્ત્વ હેઠળ ગુજરાત સરકાર ઝીરો ટૉલેરન્સની નીતિ સાથે રાજ્યની કિંમતી જમીનોનું જતન કરી રહી છે. છેવાડાના માનવીના હિત માટે અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે સરકારી જમીનોને સુરક્ષિત રાખવી એ સરકારની પ્રાથમિકતા છે. તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ ૨૬ સર્વે નંબર પરથી સરકારી જમીનો પર દબાણ હતું. ત્યારબાદ હાથ ધરવામાં આવેલી સઘન ઝુંબેશના અંતે અત્યાર સુધીમાં કુલ ૧૯ દબાણો સફળતાપૂર્વક ખુલ્લા કરાઇ સરકાર હસ્તક કબજો મેળવી લેવામાં આવ્યો છે. ૬ દબાણો સામે જમીન મહેસૂલ કાયદાની કલમ–૬૧ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાલ ચાલુ છે. જ્યારે ૧ દબાણના કિસ્સામાં નામ.હાઇકોર્ટના તા.૧૫/૧/૨૦૨૬ના ઓરલ ઓર્ડર મુજબ હાલ યથાવત સ્થિતિ જાળવવાનો આદેશ આવ્યો છે.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ડિસેમ્બર, ૨૦૧૫નો મહેસૂલ વિભાગનો એક પરિપત્ર છે કે, ''સરકારી પડતર જમીન અને ટોચમર્યાદાના કાયદા હેઠળ ફાળવેલી જમીનોમાં રહેલા દબાણો ખુલ્લા કરી જે ભૂમિહીન ખેતમજૂરોને સરકારે જમીન ફાળવેલી હોય એના કબજા સુનિશ્ચિત કરવા.'' મારી શુદ્ધ જાણકારી પ્રમાણે પાટણ જિલ્લામાં લગભગ ૩૦૦ એકર ટોચ મર્યાદા અને સાંથણીમાં જે સરકારી પડતર જમીન ફાળવાય તેના દબાણો બાબતની મામલતદાર, પ્રાંત અધિકારી, કલેક્ટર અને મહેસૂલ સચિવને છેલ્લા ૨૦ વર્ષથી અરજીઓ કરવામાં આવી છે. આ છતાં આ જમીનોના કબજા સોંપવામાં આવતા નથી અને માપણી થતી નથી તો આવા દબાણો રાજ્ય સરકાર/મહેસૂલ વિભાગ દૂર કરવા માગે છે કે કેમ? આવા દબાણો ખુલ્લા કરવા માટે દરેક સેશનમાં આઠ વર્ષથી આઠ વખત બોલ્યો છું એટલે વિનંતી પણ કરું છું કે, મહેરબાની કરીને બધા ગરીબોના કબજા સોંપો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ માંગેલ ચોક્કસ વિગતોની માહિતી તેમને અલગથી મોકલી આપવામાં આવશે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારી જમીન ઉપર બિનઅધિકૃત બાંધકામ ન થાય તેના માટે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, સરકારી જમીન ઉપર અનઅધિકૃત દબાણ ન થાય તે બાબતે સરકારશ્રી જમીન પર થયેલ દબાણ શોધવા તથા નવીન દબાણો થતાં અટકાવવા માટે ઇસરો, અમદાવાદના સહયોગથી એન્હાન્સમેન્ટ ઓફ લેન્ડ એડમિનિસ્ટ્રેશન ચુઝિંગ સેટેલાઇટ પ્રોજેક્ટ રાજ્ય સરકારે અમલીકૃત કરેલ છે. સદર પ્રોજેક્ટ અન્વયે જી.આઇ.એસ. કેડેસ્ટ્રલ મેપ તથા રીમોટ સેન્સરથી સરકારી જમીન પર થતાં દબાણો/અનઅધિકૃત કબજા અંગે એલર્ટ ડાયરી મોબાઇલ એપ મારફતે સબંધિત મહેસૂલ અધિકારીઓને મળે છે. સરકારી જમીનોમાં કોઇપણ પ્રકારના દબાણ ન થાય તે માટે જમીન ફરતે તાર ફેન્સિંગ કરવામાં આવે છે. સરકારી જમીન ઉપર જે વ્યક્તિએ ઔદ્યોગિક ધંધાકીય કૉમર્શિયલ દબાણ કર્યું હોય તો તેને વીજળી, પીવાનું પાણી તથા ગટર જોડાણ ન મળે તેવી પાકી વ્યવસ્થા ગોઠવવા કલેક્ટરશ્રીઓને સૂચન આપવામાં આવે છે. સરકારની જમીન પર નિયમિત રીતે દબાણ અને અનઅધિકૃત બાંધકામની પ્રવૃત્તિઓ રોકવા માટે દેખરેખ રાખવામાં આવે તે બાબતે મ્યુનિસિપલ કમિશનર/કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં સ્પેશ્યલ ટાસ્ક ફોર્સનું ગઠન કરવામાં આવે છે. ગત નાણાકીય વર્ષમાં સરકારી જમીનો ઉપરના દબાણો દૂર કરવાની કામગીરી માટે જિલ્લા કલેક્ટરશ્રીઓને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી.

બોટાદ શહેર ફરતે રિંગરોડ બનાવવાની કામગીરી

*15/8/65 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા** (બોટાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બોટાદ શહેર ફરતે રિંગરોડ બનાવવા માટેની સર્વેની કામગીરી હાલ કયા તબક્કે છે,	(૧)	સર્વેની કામગીરી હાલ પ્રાથમિક તબક્કે છે.

(૨)	ઉક્ત સ્થિતિએ રિંગરોડ કુલ કેટલા રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનાર છે, અને	(૨)	સર્વેની કામગીરી પૂર્ણ થયેથી તેમજ એલાઇમેન્ટની મંજુરી મળ્યા બાદ અંદાજિત રકમની વિગતો ઉપલબ્ધ થઈ શકશે.
(૩)	ઉક્ત રિંગરોડ કુલ કેટલા કિલોમીટરની લંબાઈ અને કેટલી પહોળાઈ વાળો બનાવવામાં આવનાર છે?	(૩)	સર્વે બાદ એલાઇમેન્ટ મંજૂર થયેથી લંબાઈ અને ટ્રાફિકની જરૂરિયાત મુજબની પહોળાઈ નક્કી કરવામાં આવનાર છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં બોટાદ શહેરનો ખૂબ જ ઝડપી વિકાસ થવાના કારણે આજુબાજુના તાલુકાના અનેક લોકો રોજગારી મેળવવા માટે બોટાદ શહેરમાં આવતા હોય છે. હીરા ઘસવાના વ્યવસાય સાથે જોડાયેલા ૪૦ થી ૫૦ હજાર લોકો રોજની અવરજવર કરે છે. બોટાદનો વધુ વિકાસ થવાના કારણે બોટાદમાં ટ્રાફિકની સમસ્યા ખૂબ વિકટ બનતી જાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે માંગણી કરું છું કે, બોટાદ શહેર ફરતે રિંગરોડ બનાવવાની કામગીરી હાલ કયા તબક્કે પહોંચી છે અને કુલ કેટલા કરોડના ખર્ચે આ રિંગરોડ બનાવવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે બોટાદ રિંગરોડની વાત કરી.....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે એટલો જ જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહેવા માગું છું કે માનનીય સભ્યશ્રીએ કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં બોટાદનો વિકાસ થયો. વર્ષ ૨૦૦૧ પછી સતત ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું છે એટલે વિકાસ છેલ્લા ત્રણ વર્ષમાં નહીં પણ વર્ષ ૨૦૦૨ પછી પરિણામ મળવાનું તબક્કાવાર ચાલુ થયું છે અને બોટાદ પણ ડેવલપ થઈ રહ્યું છે પરંતુ અમે વર્ષ ૨૦૦૮માં જ જાગી ગયા હતા. તે વખતે જ બોટાદનો રિંગરોડ બનાવવા માટેની તૈયારીઓ કરી હતી પરંતુ તે વખતે વર્ષ ૨૦૦૮માં રિંગરોડની રજૂઆત મળી અને આપણે રિંગરોડ મંજૂર પણ કર્યો અને તેના માટે જમીન સંપાદન અને કન્સલટન્સી માટે.....

અધ્યક્ષશ્રી : શું શું પ્રોસેસ પૂરી થઇ તેવું પૂછ્યું નથી. કયા તબક્કે છે? એટલું જ પૂછ્યું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલ કન્સલટન્સીના તબક્કે છે અને આ તબક્કામાં ડી.પી.આર., તેની રકમ, જમીન સંપાદન કરવા વગેરે વિષયો આવે છે અને તેનો અહેવાલ મળ્યા બાદ તેના સરવેની કામગીરી પૂરી થાય એટલે તરત જ જેટલું શક્ય હોય તેટલું ઝડપી પૂરું થશે.પરંતુ મારે એક બીજી બાબતે ધ્યાન દોરવું છે. આ કેવળ બાયપાસ નથી બનતો પરંતુ, કેન્દ્ર સરકારે ત્રણ હજાર કિલોમીટર નેશનલ હાઇવે જેની જવાબદારી ગુજરાત સરકારને સોંપી છે એ એન.એચ.ની પણ આપણે પથરેખા એવી રીતે બનાવી છે કે આ બાજુ રાજ્ય સરકારનો થાય, નેશનલ હાઇવે થાય. આ બંને એકબીજાને અડીને મળી જાય એ રીતે ભવિષ્યમાં બોટાદનો રિંગરોડ બનવાનો છે.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદ જિલ્લો રાજકોટ, ભાવનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, અમરેલી એમ પાંચ જિલ્લાની સરહદે આવેલો છે. શ્રી ઉમેશભાઇએ કહ્યું એમ છેલ્લા વીસેક વર્ષથી બોટાદ સતત વિકસતું શહેર બનતું જાય છે. જિલ્લાકક્ષાએ દરજ્જો મળ્યો છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ રિંગરોડ કે બાયપાસ બનાવવાના જે ધારાધોરણો છે એ કયા પ્રકારના છે? અને વિકસતા શહેર માટે એના ફાયદાઓ શું છે? અને આ રિંગરોડની કામગીરી ક્યાં સુધીમાં શરૂ થનાર છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રિંગરોડ બનાવવા માટે ટ્રાફિક વોલ્યુમ, ઓરીજીન ટુ ડેસ્ટીનેશન મુવમેન્ટ, શહેરનો વિસ્તાર, શહેરમાંથી પસાર થતો ટ્રાફિક, શહેરના ટ્રાફિકને લીધે થતો વિલંબ અને એક્સટર્નલ ટુ એક્સટર્નલ ટ્રાફિકના રિર્પોટ અને આઇ.આર.સી.એટલે કે ઇન્ડિયન રોડ કૉંગ્રેસના ધારાધોરણોને ધ્યાને લઇ સિટીની ફરતે રિંગરોડ અથવા તો બાયપાસ બનાવવાની દરખાસ્તો કરવામાં આવતી હોય છે.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બિનખેતી કરવા બાબત

***15/8/336 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ખેતીની કેટલી જમીનોને એન.એ. (નોન એગ્રીકલ્ચર)માં ફેરવવામાં આવી,	(૧)	

જિલ્લો	વર્ષ	ક્ષેત્રફળ(ચો.મી)
અમદાવાદ	૨૦૨૪	૨,૯૯,૮૭,૩૦૯ ચો.મી
	૨૦૨૫	૫,૧૧,૨૭,૮૯૧ ચો.મી
ગાંધીનગર	૨૦૨૪	૯૬,૯૮,૪૫૯ ચો.મી

(૨)	ઉક્ત જમીનો એન.એ. કરવાથી બંને જિલ્લાઓમાં ખેતીલાયક કેટલી જમીનો ઓછી થઈ, અને	(૨)	જિલ્લો / ક્ષેત્રફળ (ચો.મી) અમદાવાદ / ૮,૧૧,૧૫,૨૦૦ ચો.મી ગાંધીનગર / ૨,૧૦,૪૩,૭૩૯ ચો.મી કુલ / ૧૦,૨૧,૫૮,૯૩૯ ચો.મી
(૩)	ઉક્ત સ્થિતિએ બંને જિલ્લાઓમાં ખેતીલાયક જમીનો એન.એ કરવાથી સરકારને કેટલી રકમની આવક થઈ?	(૩)	જિલ્લો / રકમ (રૂપિયામાં) અમદાવાદ / ૧૬૫,૮૮,૭૯,૧૮૨/- ગાંધીનગર / ૨૭,૮૦,૧૪,૮૬૧/- કુલ / ૧૯૩,૬૮,૯૪,૦૪૩/-

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હાલમાં જે જવાબ આપ્યો એ મુજબ હાલમાં કેટલી ખેતીલાયક જમીન બંને જિલ્લામાં ઉપલબ્ધ છે?, કેટલી ખેતીલાયક જમીન માટે હાલની તારીખમાં એન.એ. માટેની અરજીઓ પડતર છે? અને આ બે વર્ષમાં થયેલ કામગીરી દરમિયાન ભ્રષ્ટાચાર અંગેની કોઇ ફરિયાદ સરકારશ્રીને મળી છે કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ માંગેલ ચોક્કસ વિગતો અલગથી મોકલી આપવામાં આવશે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બિનખેતી પરવાનગી સંબંધિત કાર્યપદ્ધતિ સમગ્ર રાજ્યમાં ક્યારથી ઓનલાઇન કરવામાં આવેલ છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી નાગરિકો કર્મચારીઓ સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે તથા છેવાડાના માનવી સુધી સેવાઓ પહોંચે તે માટે વિવિધ મહેસૂલી સેવાઓ આઇ.ઓ.આર.એ. પોર્ટલ પર ઓનલાઇન કરી સરળ, ઝડપી અને પારદર્શક કરવામાં આવેલ છે. બિનખેતી પરવાનગી સંબંધિત કાર્યપદ્ધતિ મહેસૂલ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્ર અન્વયે સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામાં આવેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને બહુ સરળ અને સીધો સવાલ પૂછ્યો છે કે હાલમાં ખેતીલાયક જમીન માટે એન.એ.ની પરવાનગી માટે કેટલી અરજીઓ મળી છે?, ભૂતકાળની કેટલી અરજીઓ પડતર છે? અને છેલ્લા બે વર્ષમાં ભ્રષ્ટાચાર અંગેની કોઇ ફરિયાદ મળી છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શૈલેષભાઇ જે પ્રશ્ન પૂછી રહ્યા છે એમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એમણે જે વિગતો માગી છે એ ચોક્કસથી પહોંચાડવામાં આવશે. જેથી એમને આ બાબતે કોઇ ચર્ચા હોય તો રૂબરૂ મંત્રીશ્રી અને વિભાગ સાથે બેસીને ચર્ચા કરી શકે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. માનનીય મંત્રીશ્રીના જવાબ આપ્યા પછી તમે કહો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ચાર માહિતી માંગી છે એ માહિતી માનનીય મંત્રીશ્રી આપવા તૈયાર છે અને એમની સાથે ચર્ચા કરવા પણ તૈયાર છે.

અધ્યક્ષશ્રી : ચર્ચા કરવાની નથી. રેકોર્ડ પર તમે મૂકશો. એમણે વિગતો માંગી છે એ રેકોર્ડ પર મૂકવાની.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રેકોર્ડ પર મૂકીશું.

રાજકોટ જિલ્લામાં આંતરીક પાણી પુરવઠા યોજનાની હેલ્પલાઇન પર મળેલ ફરિયાદો

***15/8/185 ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગ્રામીણ કક્ષાની આંતરીક પાણી પુરવઠા યોજનાઓ માટે ૧૯૧૬ હેલ્પ લાઇન પર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગ્રામીણ કક્ષાની આંતરીક પાણી પુરવઠા યોજનાઓ માટે ૧૯૧૬ હેલ્પ લાઇન પર ૧૫૪ ફરિયાદો મળી.
(૨)	ઉકત સ્થિતિએ ઉકત મળેલ ફરિયાદો પૈકી કેટલાનો નિકાલ કરવામાં આવ્યો?	(૨)	ઉકત સ્થિતિએ ૧૫૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો.

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગ્રામ્ય કક્ષાની આંતરિક પાણી પુરવઠા યોજનાઓની દેખરેખ અને જાળવણી અંગે ગ્રામપંચાયતની કોઇ જવાબદારી છે કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય કક્ષાએ લોકોને શુદ્ધ, પૂરતું અને અવિરતપણે પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરવાની મુખ્ય જવાબદારી ભારતના ૭૩મા બંધારણીય સુધારા મુજબ ગ્રામ પંચાયતોની છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ હેઠળ રાજ્ય સરકારે પણ આ જવાબદારી ગ્રામપંચાયતોને તબદીલ કરેલ છે. ગ્રામ્ય કક્ષાએ પીવાના પાણીની યોજનાનું આયોજન, અમલીકરણ અને વ્યવસ્થાપનના સંકલન માટે ગ્રામપંચાયત દ્વારા પંચાયત કક્ષાએ પાણી સમિતિની રચના કરી, આ કામગીરી હાથ ધરવામાં આવે છે. પાણી સમિતિ પીવાના પાણીની વ્યવસ્થા માટે એક સ્વતંત્ર સંસ્થા તરીકે કામગીરી કરે છે. પાણી સમિતિના બંધારણની વાત કરું તો પાણી સમિતિમાં...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ પૂછ્યું છે કે ગામ સમિતિ છે કે કેમ? એમાં તમે હા કે ના કહી શકો છો. એમણે વિસ્તૃત જવાબ આપવાનું કહ્યું નથી.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામ સમિતિની છે.

શ્રી રમેશભાઈ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હેલ્પલાઇન નંબર ૧૯૧૬થી મળતી ફરિયાદોના નિવારણની સેન્ટ્રલ મોનિટરિંગની શું વ્યવસ્થા છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા હોય તે પોતાની ફરિયાદ જેવી કે હેન્ડપંપ રિપેરિંગ, મીની પાઇપ રિપેરિંગ, વ્યકિતગત કે જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત આપવામાં આવતી પાણી અંગેની કોઇપણ ફરિયાદ નાગરિક ટ્રોલ ફ્રી નંબર ૧૯૧૬ ઉપર નોંધાવી શકે છે. આ ૧૯૧૬ હેલ્પલાઇનમાં ફરિયાદ મળતાં જ એક ટિકિટ નંબર જનરેટ થાય છે. જે ટિકિટ નંબર સાથે ફરિયાદની વિગતો લગત સંબંધિત અધિકારીને આપમેળે ઇ.આર.પી. સોફ્ટવેર પરથી મોકલવામાં આવે છે. ફરિયાદીને ટિકિટની જાણ થાય છે તેમજ જે તે તાલુકા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પણ તેમના તાલુકા અને જિલ્લાની ફરિયાદો અંગેની જાણકારી એસ.એમ.એસ. દ્વારા પ્રાપ્ત થાય છે. સંલગ્ન અધિકારીશ્રી દ્વારા લગત ફરિયાદ નિવારણની કામગીરી કરવામાં આવે છે જેના માટે જરૂરિયાત જણાયેથી સ્થળ મુલાકાત કરી, તાત્કાલિક ફરિયાદનું નિરાકરણ કરવામાં આવે છે.

ભાવનગર જિલ્લાની પસવી જુથ સુધારણા પાણી પુરવઠા યોજના

***15/8/190 શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના ગામોને આવરી લેતી પસવી જુથ સુધારણા પાણી પુરવઠા યોજના ભાગ–૦૨ની અમલીકરણની કોઇ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો આ યોજનામાં કેટલા તાલુકા અને ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને	(૨)	નીચેની વિગતે, **અનું / તાલુકો / ગામોની સંખ્યા** ૧ / તળાજા / ૬૪ ૨ / મહુવા / ૩૦ ૩ / પાલીતાણા / ૦૧ કુલ / ૯૫
(૩)	આ યોજનાની અંદાજીત કિમત શું છે?	(૩)	૩.૧૧૧૯૪.૭૧ લાખ

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ભાવનગર જિલ્લામાં પસવી જૂથ પાણી પુરવઠા યોજના તળાજા હેઠળ આવરી લેતાં મારી વિધાનસભા મહુવાના ૪૦ જેટલા ગામો આવે છે. એમાં સુધારણા યોજના બે વર્ષથી હાથ ધરવામાં આવી છે. એ કામગીરી કયા તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે? તથા દરિયાકાંઠાના છેવાડાના ૪૦ ગામો જેમાં ઊંચા કોટડા, નીચા કોટડા, કળસાળ અને દયાળમાં કેટલા સમયમાં દરરોજ પાણી મળશે એ હું જાણવા માગું છું.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પસવી જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના ફેઝ–૨ કાર્યરત થવાથી અંદાજિત ૨,૯૧,૫૭૦ જેટલી અંદાજિત વસતિને માથાદીઠ ૧૦૦ લિટર જેટલું પાણી પૂરું પાડવામાં આવનાર છે. પસવી જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના ભાગ–૨ મારફત ગ્રામ્ય વિસ્તારને માથાદીઠ ૧૦૦ લિટર મુજબ કુલ ૨૯.૧૫ એમ.એલ.ડી. પાણી આપવામાં આવશે. પસવી જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના ફેઝ–૨ અંતર્ગત નીચેની વિગતે કામોનો સમાવેશ કરેલ છે જેમાં, ફિલ્ટર પ્લાન્ટ પસવી હેડવર્કસ ખાતે ૩૩ એમ.એલ.ડી., સમ્પ મુખ્ય હેડવર્કસ તથા ગામ સ્તરે ૬ નંગ, ગામ ખાતે ઊંચીટાંકી કુલ ૪ નંગ, જુદાજુદા વ્યાસની પી.વી.સી. પાઇપલાઇન ૧,૭૩,૮૨૭ મીટર, પંપિગ મશીનરી, હેડ વર્કસ તથા સબ

હેડ વર્કસ ખાતે પંપ હાઉસ ૫ નંગ, સ્ટાફ ક્વાર્ટસ, સિક્યુરિટી રૂમ, કંપાઉન્ડ વોલ જેવા વિવિધ હેડ વર્કસનાં કામો કરવામાં આવે છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તળાજા, મહુવા અને પાલિતાણા તાલુકામાં કાર્યરત જૂથ યોજના, પાણીના સ્ત્રોત અને સમાવિષ્ટ ગામોની વિગતો આપવા વિનંતી છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તળાજા તાલુકામાં તણસા જૂથ પાણી પુરવઠા યોજના એ...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

રાજ્યમાં પોષણ સુધા યોજના

15/8/235 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પોષણ સુધા યોજનામાં એક ડિશ ભોજન માટે કેટલી રકમ વસૂલવામાં આવે છે, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ પોષણ સુધા યોજનામાં એક ડીશ ભોજન માટે કોઇ જ રકમ વસૂલવામાં આવતી નથી.
(૨)	આ ભોજનની ડીશનું મેનુ શું છે?	(૨)	પોષણ સુધા યોજના અંતર્ગત ભોજનની ડીશનુ અઠવાડિક મેનુ નીચે મુજબ છે.

ક્રમ	**દિવસ**	**પોષણ સુધા મેનુ**
૧	સોમવાર	થેપલા,મગ,દાળ,ભાત
૨	મંગળવાર	પરોઠા,ચણા,શાક,દાળ,ભાત
3	બુધવાર	ગળ્યા પુડલા/ગળી ભાખરી/શીરો/ સુખડી,શાક, દાળ,ભાત
૪	ગુરૂવાર	રોટલી, લીલા શાકભાજી, ખિચડી
૫	શુક્રવાર	પરોઠા,ચણા,શાક,દાળ,ભાત
૬	શનિવાર	ગળ્યા પુડલા/ગળી ભાખરી/શીરો/ સુખડી,શાક, દાળ,ભાત

નર્મદા કેનાલમાં તળાવો ભરવા માટેની પાઈપલાઈનો તૂટી જવાની ઘટના

15/8/52 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં નર્મદા કેનાલથી ગામના તળાવો ભરવા માટે ઉપયોગમાં લેવાતી પાઈપલાઈનની તૂટી જવાની કેટલી ફરિયાદો મળી, અને	(૧)	અનુ નં. / વર્ષ / બનાસકાંઠા / પાટણ ૧ / ૨૦૨૪ / ૦ / ૦ ૨ / ૨૦૨૫ / ૦ / ૩
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો પરત્વે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?	(૨)	પાઈપલાઈન લીકેજની રીપેરીંગની કામગીરી પૂર્ણ કરેલ છે.

નાની જડુલી અને મોટી જડુલી ગામે મેણ નદી ઉપર પુલ બનાવવા બાબત

15/8/224 શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી તાલુકામાં નાની જડુલી અને મોટી જડુલી ગામે મેણ નદી ઉપર પુલ બનાવવાનું કામ મંજુર થયેલ છે કે કેમ,	(૧) હા, જી .
(૨)	જો હા,તો ઉકત સ્થિતિએ કેટલી રકમની મંજૂરી મળેલ છે, અને	(૨) ૩.૧૪૫૦ લાખની મંજુરી મળેલ છે.
(૩)	આ પુલ બનવાથી કેટલા ગામોને લાભ થશે?	(૩) ૧૧ ગામોને લાભ થશે.

.....

વિસાવદર તાલુકાના સરસઈ ગામે ઘ્રાફડ નદી ઉપર મેજર બ્રીજના અધૂરા કામ બાબત

*** 15/8/212 શ્રી ગોપાલભાઈ ઈટાલીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન			**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિસાવદર તાલુકાના સરસઈ ગામે ઘ્રાફડ નદી ઉપર મેજર બ્રીજનું કામ કરનાર ઈજારદારે કામ અધૂરૂં છોડી દીધેલ છે તે હકીકત સાચી છે,	(૧)	હા,જી.
(૨)	જો હા, તો ઉક્ત કામ ક્યા વર્ષમાં કેટલા રૂપિયાના ખર્ચે મંજુર કરવામાં આવેલ હતું,	(૨)	વર્ષ ૨૦૧૯-૨૦ માં ૩.૫૫૦.૦૦ લાખના ખર્ચે મંજુર કરવામાં આવેલ.
(૩)	ઉક્ત સ્થિતિએ અધૂરા કામને પુરું કરવા માટે રીટેન્ડરીંગ કરવા સરકારને કેટલી દરખાસ્તો મળેલ છે, અને	(૩)	૦૧(એક) દરખાસ્ત.
(૪)	ઉક્ત કામ અધૂરું છોડી દેવાના કારણે સરકારને કેટલા રૂપિયાનું નુકશાન થયેલ છે ?	(૪)	ઉક્ત કામમાં બ્રીજની ડીઝાઇન રીવાઈઝ થવાના કારણે કામગીરીનો પ્રકાર બદલાતા નુકશાનીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં નવા પાતાળકુવા બનાવવા

15/8/191 શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા નવા પાતાળકુવા કરવામાં આવ્યા, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૧ નવા પાતાળકુવા કરવામાં આવ્યા, અને
(૨)	જે પૈકી ઉકત સ્થિતિએ કેટલા પાતાળકુવામાંથી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો?	(૨)	જે પૈકી ઉક્ત સ્થિતિએ ૧૯ પાતાળકુવામાંથી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો.

છોટાઉદેપુર જીલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો

તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬
અતારાંકિત પ્રશ્નો

15/8/148 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્ર/પેટા કેન્દ્રો કાર્યરત છે, અને	(૧)	<table><tr><th>ક્રમ</th><th>તાલુકાનું નામ</th><th>કાર્યરત આંગણવાડીની સંખ્યા</th></tr><tr><td>૧</td><td>છોટાઉદેપુર</td><td>૩૧૫</td></tr><tr><td>૨</td><td>કવાંટ</td><td>૨૧૪</td></tr><tr><td>૩</td><td>નસવાડી</td><td>૨૨૪</td></tr><tr><td>૪</td><td>જેતપુર પાવી</td><td>૧૫૫</td></tr><tr><td>૫</td><td>બોડેલી</td><td>૧૬૦</td></tr><tr><td>૬</td><td>સંખેડા</td><td>૧૧૪</td></tr><tr><td colspan="2">કુલ</td><td>૧૧૮૨</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ ઉકત આંગણવાડી કેન્દ્ર/પેટા કેન્દ્ર પૈકી કેટલા કેન્દ્રોના મકાન બનાવવાની કામગીરી કયા તબક્કામાં છે?	(૨)	પત્રક –૧ મુજબ

પત્રક –૧

ક્રમ	તાલુકાનું નામ	પ્લીન્થ	લીન્ટલ	સ્લેબ	પ્લાસ્ટર	ફીનીસિંગ	પૂર્ણ	તાંત્રિક મંજૂરી	કુલ
૧	બોડેલી	૫	૩	૧૧	૪	૮	૧	૧	૩૩
૨	છોટાઉદેપુર	૧૨	૩	૭	૫	૭	૦	૫	૩૯
૩	કવાંટ	૨	૧	૪	૧૦	૬	૦	૦	૨૩
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ગુજરાત ગૌચર વ્યવસ્થાપન પૉલિસીની જોગવાઇનો ભંગ કરીને ગૌચરની કેટલી જમીન કયા હેતુ માટે ફાળવવામાં આવી	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ગુજરાત ગૌચર વ્યવસ્થાપન પોલીસીની જોગવાઇનો ભંગ કરીને ગૌચરની જમીન ફાળવવામાં આવેલ નથી.
(૨)	ઉક્ત ફાળવવામાં આવેલ જમીનની સામે કેટલી વૈકલ્પિક જમીન ગૌચર તરીકે નીમ કરવામાં આવી, અને	(૨)	પ્રશ્ન નથી .
(૩)	ઉક્ત પૈકી બાકી રહેલ વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ક્યાં સુધીમાં નીમ કરવામાં આવનાર છે?	(૩)	પ્રશ્ન નથી .

____

નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત

15/8/402**: શ્રી અમિત ચાવડા (આંકલાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે: –

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર નર્મદા યોજનાના ભાગીદાર કયા રાજ્ય પાસેથી કેટલી રકમ લેવાની નિકળે છે,</td><td>(૧)</td><td>છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે ભાગીદાર રાજ્યવાર લેવાની થતી રકમ નીચે મુજબ છે.
(રકમ રૂ/. કરોડમાં)
<table>
<tr><th>રાજ્ય</th><th>તા.૩૧/૧૨/૨૦૨૪ અંતિત</th><th>તા.૩૧/૦૭/૨૦૨૫ અંતિત</th></tr>
<tr><td>મધ્યપ્રદેશ</td><td>૫૩૫૪.૬૦</td><td>૫૫૧૬.૫૦</td></tr>
<tr><td>મહારાષ્ટ્ર</td><td>૧૮૧૭.૨૬</td><td>૧૮૮૩.૮૪</td></tr>
<tr><td>રાજસ્થાન</td><td>૫૫૭.૩૦</td><td>૫૭૪.૫૨</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા રાજ્ય પાસેથી કેટલી રકમ મળી, અને</td><td>(૨)</td><td>ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાગીદાર રાજ્ય પાસેથી મળેલ રકમ નીચે મુજબ છે.
* સરદાર સરોવર નર્મદા યોજનાના ભાગીદાર રાજ્ય મહારાષ્ટ્ર સરકાર તરફથી
• વર્ષ–તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન રૂ. ૨૨.૭૫ કરોડ.
• વર્ષ–તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન રૂ. ૨૦.૯૪ કરોડ.

* સરદાર સરોવર નર્મદા યોજનાના ભાગીદાર રાજ્ય રાજસ્થાન સરકાર તરફથી
• વર્ષ–તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન રૂ. ૨૯.૨૫ કરોડ.
• વર્ષ–તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન રૂ. ૧૩.૮૪ કરોડ.</td></tr>
<tr><td>(૩)</td><td>ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત બાકી રકમ વસુલવા શી કાર્યવાહી કરવામાં આવી?</td><td>(૩)</td><td>બાકી રકમ વસુલાત માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.
➢ નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની વિવિધ મીટીંગો તા.૨૪/૦૭/૨૦૨૪, તા.૨૮/૦૪/૨૦૨૫, અને તા.૧૮/૦૭/૨૦૨૫ ઈન્દોર તેમજ દિલ્હી ખાતે થયેલ NCAમીટીંગ ૯૫મી તા.૦૪/૦૯/૨૦૨૪ અને ૯૬મી તા.૦૧/૧૨/૨૦૨૫ ના થયેલ તથા તેમાં અસરકારક રજુઆતો કરવામાં આવેલ,
તા.૦૪/૧૦/૨૦૨૫ના રોજ ભોપાલ ખાતે માન. મુખ્ય સચિવ શ્રી–ગુજરાત તેમજ માન. મુખ્ય સચિવ શ્રી–મધ્યપ્રદેશ વચ્ચે બેઠક, યોજાયેલ જેમાં બાકી લેણાં માટે વિગતવાર ચર્ચા થયેલ.

આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા સંબંધિત રાજ્યોને તા.૧૦/૦૯/૨૦૨૪, તા.૨૬/૧૧/૨૦૨૪,
તા.૨૨/૦૨/૨૦૨૪, તા.૨૭/૦૧/૨૦૨૫,
તા.૦૩/૧૦/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫, અને તા.૨૩/૧૨/૨૦૨૫ ના પત્રથી બાકી રકમ માટે માંગણી કરવામાં આવેલ છે.</td></tr>
</table>

_____

આંગણવાડી વર્કર અને હેલ્પરના પગાર વધારા બાબત.

15/8/110 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		જવાબ
તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ એક વર્ષમાં આંગણવાડી વર્કર અને હેલ્પરના પગાર/વેતન ઓછું મળતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી ?		તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ એક વર્ષમાં આંગણવાડી કાર્યકર અને તેડાગરના પગાર/વેતન ઓછું મળતું હોવાની કુલ ૨૭ ફરિયાદો સરકારને મળી.

બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જલસંચય યોજના

15/8/96 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુજલામ સુફલામ જલસંચય યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના માસ્ટર પ્લાન અન્વયે દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલા કામો કરવામાં આવ્યા,	(૧)	વર્ષ / તાલુકા દીઠ કામોની સંખ્યા દાંતા / અમીરગઢ ૨૦૨૫: ૯ / ૫ ૨૦૨૪: ૨૫ / ૬૨
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો કયા તબક્કે છે, અને	(૨)	કામો પૂર્ણ થયેલ છે.
(૩)	તેની પાછળ કેટલો ખર્ચ થયો?	(૩)	વર્ષ / તાલુકા દીઠ ખર્ચ (લાખમાં) દાંતા / અમીરગઢ ૨૦૨૫: ૮.૯૯ / ૩૧.૩૨ ૨૦૨૪: ૧૨૬.૩૨ / ૩૨૪.૪૮૩

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના નાગરવાડા મુકામે ઉચ્છ નદી ઉપર પુલ બનાવવા બાબત

15/8/226 શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના નાગરવાડા મુકામે ઉચ્છ નદી ઉપર પુલ બનાવવાનું કામ ક્યારે મંજુર થયું અને તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,	(૧) (૨) અને (૩)	સદર કામ તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુર થયેલ નથી. પરંતુ તા.૦૬/૦૧/૨૦૨૨ના રોજ ૩.૬૦૦ લાખ મંજુર કરવામાં આવેલ છે, જેનાથી ૧૩ ગામોને ફાયદો થશે, જે કામ હાલ પ્રગતિ હેઠળ છે.
(૨)	આ પુલ બનવાથી કેટલા ગામોને ફાયદો થશે, અને		
(૩)	ઉકત કામગીરી હાલ કયા તબક્કે છે?		

.....

જૂનાગઢ જીલ્લામાં કોન્ટ્રાક્ટર્સ દ્વારા અધૂરા મુકવામાં આવેલ રોડના કામો બાબત

15/8/214 **શ્રી ગોપાલભાઈ ઈટાલીયા** (વિસાવદર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા:૨૦/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જીલ્લામાં માર્ગ મકાન વિભાગ હસ્તકના પંચાયતના રોડ–રસ્તાના કામ કરવા માટે વર્કઓર્ડર મળ્યા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા કોઈપણ તબક્કે અધૂરું છોડી દીધા હોય તેવા કયા રસ્તાઓ કયા તબક્કે પડતર છે,	(૧)	ક્રમ / રસ્તાનું નામ / હાલની સ્થિતિ (૧) કેશોદ રોડ થી દાતાર મંઝીલ તરફ જતો ટોડાળી સુધીનો રોડ / રીમેનીંગ વર્ક પ્રગતિ હેઠળ. (૨) માળિયા જાનુડી ઘૂંઘટી કડાયા રોડ / રીસરફેસીંગનું કામ પુર્ણ પરંતુ સ્ટ્રકચરનું કામ બાકી.
(૨)	ઉક્ત સ્થિતિએ પડતર કામો પૈકી ક્યા કયા કામો કેટલી રકમથી રીટેન્ડરીંગ મંજુર કરવામાં આવ્યા છે, અને	(૨)	૧ (એક) કામ કેશોદ રોડ થી દાતાર મંઝીલ તરફ જતો ટોડાળી સુધીનો રોડ માટે રૂ.૧૩૪.૭૦ લાખ.
(૩)	ઉકત સ્થિતિએ રીટેન્ડરીંગથી મંજુર થયેલ કામો કયાં સુધીમાં પુરા કરવામાં આવશે?	(૩)	બનતી ત્વરાએ.

પંચમહાલ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને રકમ ફાળવવા

અતારાંકિત પ્રશ્નો

15/8/32 શ્રી જેઠાભાઈ આહિર(ભરવાડ) (શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના તાલુકાવાર આંગણવાડી કેન્દ્રો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને	**(૧)**	<table><tr><td>તાલુકો</td><td>વર્ષ ૨૦૨૪–૨૫</td><td>વર્ષ ૨૦૨૫–૨૬</td></tr><tr><td>ગોધરા</td><td>૧૩૨૩૫૬૩૫</td><td>૮૨૯૯૯૦૩</td></tr><tr><td>કાલોલ</td><td>૬૬૨૪૨૦૦</td><td>૨૬૭૧૮૭૯</td></tr><tr><td>હાલોલ</td><td>૬૨૨૧૮૧૦</td><td>૧૭૪૯૨૨૪</td></tr><tr><td>મોરવા</td><td>૭૨૫૩૦૩૦</td><td>૨૫૬૫૦૦૦</td></tr><tr><td>શહેરા</td><td>૫૨૬૯૦૨૦</td><td>૨૮૧૨૯૫૮</td></tr><tr><td>જાંબુઘોડા</td><td>૨૧૦૪૧૬૦</td><td>૮૧૯૬૫૪</td></tr><tr><td>ઘોઘંબા</td><td>૫૮૧૫૦૮૫</td><td>૨૫૪૫૪૩૨</td></tr></table>
(૨)	ઉકત રકમનો ખર્ચ ક્યા ક્યા હેતુ માટે કરવામાં આવ્યો?	**(૨)**	ઉક્ત રકમનો ખર્ચ આંગણવાડીના શૌચાલય બાંધકામ માટે, કેન્દ્રમાં નાનું મોટું સમારકામ કરવા, ભાડામાં ચાલતી આંગણવાડી માટે મકાન ભાડું ચુકવવાના હેતુ, સ્વછતતા અને હાઇજીન કીટ, ફાયર સેફ્ટી સુવિધા, કન્ટીજન્સી, ફર્નીચર અને ઇક્વીપમેન્ટ તેમજ મંગળ દિવસની ઉજવણી અર્થે કરવામાં આવ્યો છે.

નર્મદા જિલ્લામાં ઝરવાણી જુથ પાણી પુરવઠા યોજના

15/8/19 શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ઝરવાણી જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી કયા તબકકે છે,	(૧)	પ્રગતિના તબકકે.
(૨)	ઉકત કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે,	(૨)	૩.૨૭૯૬.૪૬ લાખ
(૩)	ઉકત જુથ પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને	(૩)	૫૪ ગામો
(૪)	ઉકત યોજના કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?	(૪)	ઉકત યોજનાના યોજનાકીય કામો વહેલામા વહેલી તકે પૂર્ણ કરવાનુ આયોજન છે.

સરકારી જમીનો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ફાળવવા

15/8/275 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરકારી જમીનો જ્યારે SEZ માટે ફાળવવામાં આવે છે, ત્યારે ડેવલોપરે નિયમ મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહે છે કે કેમ,	(૧)	ના.
(૨)	જો હા, તો કચ્છ જીલ્લામાં કેટલા ડેવલોપર્સ પાસેથી આવી રકમ વસૂલવાની બાકી છે અને ઉક્ત બાકી રકમની વસુલાત માટે સરકારે શાં પગલાં લીધા છે,	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ SEZ ડેવલોપર્સને સ્ટેમ્પ ડ્યુટીમાં કોઈ ખાસ માફી આપવામાં આવી છે કે કેમ, અને	(૩)	ના.
(૪)	જો હા, તો કેટલા ડેવલોપર્સને કેટલા રૂપિયાની રાહત આપવામાં આવી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કચ્છ જીલ્લામાં ડિસેલીનેશન પ્લાન્ટ બાબત

15/8/8 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં દરિયાના ખારા પાણીને ડીસેલીનેશન દ્વારા મીઠુ પાણી બનાવવાના પ્રોજેક્ટની કામગીરી ક્યાં તબક્કે છે,	(૧)	કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના ગુંદિયાળી ગામે ૧૦૦ એમ.એલ.ડી. ક્ષમતાના ડીસેલીનેશન પ્લાન્ટ પ્રોજેકટની કામગીરી મે.શાપુરજી પાલૂનજી એન્ડ કંપની પ્રાઇવેટ લિમીટેડ, મુંબઇ અને એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઇવેટ લિમિટેડ જોઇન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત એસ.પી.વી. મે. કચ્છ સી વોટર ડી–સેલીનેશન પ્રા.લી. ને સોંપવામાં આવેલ છે. સદર પ્રોજેકટની ભૌતીક કામગીરી પ્રગતી હેઠળ છે.
(૨)	ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરી પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવનાર છે, અને	(૨)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ કન્શેશનર દ્વારા પ્રોજેકટની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે સત્વરે પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત પ્રોજેકટો માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી અને તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે?	(૩)	ઉકત પ્રોજેકટો માટે છેલ્લા બે વર્ષમાં અંદાજીત રૂ. ૩૦૦ કરોડ ની જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ સરકારશ્રી દ્વારા કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી.

વિધાનસભા સત્રનું લાઇવ પ્રસારણ કરવા અંગે દેખાવો અને સૂત્રોચ્ચાર

(આ તબક્કે આમ આદમી પક્ષના ચારેય સભ્યશ્રીઓ દ્વારા બેનરો દેખાડવામાં આવ્યા અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા) (લાઇવ કરો ભાઇ લાઇવ કરો, વિધાનસભા લાઇવ કરો)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે પ્લેકાર્ડ નીચે મૂકી દો. ચારે ચાર આપ પાર્ટીના માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી તમે પ્લેકાર્ડ નીચે મૂકી દો. તમારે કંઇ માગણી કરવી હોય તો મને વ્યકિતગત આવીને કહી શકો, તમે ગઇકાલે પણ મને મળ્યા હતા ત્યારે પણ વાત કરી નથી. માત્ર મિડિયામાં હાઇલાઇટ થવા માટે અહીંયા તમારે આ વસ્તુ લઇને આવવી ઠીક નથી. જયારે તમે તેની મારી સાથે ચર્ચા કરી નથી. (અંતરાય) રાજયની પ્રજા પણ તમને જુએ છે કે તમે માત્ર મિડિયામાં હાઇલાઇટ થવા માટે સસ્તી પ્રસિદ્ધિ માટે રાજનીતિ કરો છો અને એ તમે અહીંયા ગૃહની અંદર પણ બતાવી રહ્યાં છો તો આ બાબત ઠીક નથી. તમે મને વ્યકિતગત આવીને કહી શકયા હોત. તમે ગઇકાલે મળ્યાં ત્યારે પણ વાત કરી શકતા હતા, પરંતુ તમે આવુ કંઇ કર્યું નથી અને સીધા અહીંયા મિડિયામાં હાઇલાઇટ થવા માટે, મિડિયામાં તમે દેખાવ એટલા માટે જે કરો છો તે ઠીક નથી. સાર્જન્ટોને મારી વિનંતી છે કે તેમના હાથમાંથી પ્લેકાર્ડ લઇ લો.

(આ તબક્કે આમ આદમી પક્ષના સભ્યશ્રીઓ પાસેથી સાર્જન્ટ દ્વારા પ્લેકાર્ડ/કાગળો લઇ લેવામાં આવ્યા)

સભ્યશ્રીઓ, તમે મને વાત કરી શકતા હતા. આ પદ્ધતિ યોગ્ય નથી, વિધાનસભા એના નિયમ પ્રમાણે ચાલે. પ્રદર્શન કરીને ના ચાલી શકે. આ બધી તમને ખબર પડે છે પણ આવું કરવાથી તમને જનમત વધારે મળશે એવુ નહીં થાય. આના કારણે તમને નુકસાન થશે. તમારે વિપક્ષ તરીકેની ભૂમિકા પણ કોંગ્રેસ પાર્ટી પાસેથી શીખવા જેવું છે. તમારે આ બાબત પણ શીખવા જેવી છે કે વિપક્ષ તરીકેની પણ આપણી એક જવાબદારી હોય. ચાલો તમે બેસો, પ્લીઝ બેસો તમે, આ પદ્ધતિ છે તમારી? તમે બેસો સસ્તી પ્રસિદ્ધિથી કયારેય પ્રજા સાથે રહેતી નથી. આ બધુ જાહેરજીવનમાં પડેલા લોકોએ સમજવા જેવું છે. શ્રી હેમંતભાઇ, તમે બેસો. અધ્યક્ષે શું કરવું તેનો નિર્ણય અધ્યક્ષ જ કરશે. તે તમે નક્કી નહીં કરી શકો કે તમે કહેશો તે પ્રમાણે અધ્યક્ષ નિર્ણય કરશે નહીં. બેસો તમે, (અંતરાય) તમે પૂછો એવા બધા જવાબ ના મળે બેસો, (અંતરાય), બેસો તમે. તારાંકિત પ્રશ્નનો સમય અત્યારે પૂરો થઇ ગયો છે. અને નવો વિષય આવ્યો અત્યારે નહીં મળે. ચાલો આગળ, (અંતરાય) આની અંદર કોઇ ચર્ચા ના હોય, બેસો. વિધાનસભાના નિયમ વાંચીને પછી બધા આવો.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમો અહેવાલ

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી (સમિતિના માનનીય પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલને સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : અહેવાલ રજૂ કરવામાં આવે છે.

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી (સમિતિના માનનીય પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સરકારી વિધેયકો

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,* રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૨૬ના વિધેયક ક્રમાંક:૧ના ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા ((શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૨૬ના વિધેયક ક્રમાંક: ૧ના ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા **(** શ્રમ**,** કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના પનોતા પુત્ર અને ભારત દેશના લોકલાડિલા પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના સતત માર્ગદર્શન હેઠળ અને રાજ્યના મુખ્યમંત્રી આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતે સમગ્ર દેશમાં વિકાસની દિશામાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

---

* વિધેયક તા: ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) સુધારા વિધેયક, ૨૦૨૬

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થાઓ (રોજગાર નિયમન અને સેવાઓની શરતો) અધિનિયમ ૨૦૧૯ માં કામદારોના કામની સ્થિતિમાં સુધારો કરીને સ્ત્રીઓને નોકરીની વધુ તકો ઊભી કરવા માટે, ધંધો–રોજગાર કરવા માટે અને સાથે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા માટે વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી કામ કરવાની પરવાનગી અને ઓનલાઈન રજિસ્ટ્રેશન સંબંધિત જોગવાઈઓ કરવામાં આવેલ છે. આજના આધુનિક સમયની માગને ધ્યાનમાં લઈ 'ઈઝ ઓફ ડુઈંગ' બિઝનેસ અંતર્ગત તેમજ રાજ્યની બદલાતી જતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો અને પ્રજાજનો એમ તમામના હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાનો અને સંસ્થાઓ (રોજગાર નિયમન અને સેવાઓની શરતો) અધિનિયમ–૨૦૧૯માં સુધારો કરવા માટેનું વિધેયક લઈને હું ઉપસ્થિત થયો છું.

માનનીય ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશ મોદી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગુજરાત દુકાનો અને સંસ્થાઓ (રોજગાર નિયમન અને સેવાઓની શરતો) સુધારા વટહુકમ ૨૦૨૫ની જોગવાઈઓ તરફ આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. જેથી જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦ થી ઓછા શ્રમયોગીઓ અને કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓને આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી. પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેનાથી હજારો નાના વેપારીઓ અને ખાસ કરીને સ્ટાર્ટ–અપને આગળ વધવા માટેની તક મળશે. સંસ્થાઓના કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક પ્રવૃત્તિઓમાં વધારો થશે અને આર્થિક પ્રવૃત્તિઓને ઉત્તેજન થકી દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદામાં ૯ કલાકથી વધારીને ૧૦ કલાક કરવામાં આવેલ છે. આ ઉપરાંત સળંગ કામ કરવાના કલાકની મર્યાદા ૫ કલાકથી વધારીને ૬ કલાક કરવામાં આવેલ છે. એ ઉપરાંત ઓવર ટાઈમ કરવાની મહત્તમ મર્યાદા ૩ મહિનામાં કુલ ૧૨૫ કલાક હતી જે હવેના સુધારાથી વધીને કુલ ૧૪૪ કલાક કરવામાં આવી છે. જેનાથી ઉત્પાદકતામાં વધારો થશે અને દુકાનદારોના નફામાં વધારો થશે. શ્રમયોગીના નફામાં સહભાગિતા વધશે. જેનાથી તેઓના આર્થિક સહકારમાં વધારો થશે. આજના આધુનિક સમયમાં દેશના આર્થિક વિકાસમાં મહિલાઓનું પ્રદાન ઝડપભેર વધી રહ્યું છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ, રાત્રિ ઘોડિયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ અને સન્માન અને સાથે સલામતીના યોગ્ય રક્ષણ એની સાથે જાતીય સતામણીથી રક્ષણ, સંસ્થા તેમના નિવાસસ્થાન સુધી આવવા–જવા માટેની જો માલિક દ્વારા વ્યવસ્થા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન તથા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના ૯–૦૦ વાગ્યાથી સવારના ૬–૦૦ વાગ્યા સુધી કામ કરવાની પરવાનગી આપી શકાશે. આમ, કામના સ્થળ પર મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતિ જળવાઈ રહે તેની સંપૂર્ણ તકેદારી પણ આમાં રાખવાની રહે છે. આ માટે આ કાયદામાં સરકાર દ્વારા અલગથી જોગવાઈ કરવામાં આવેલ છે. આપણો દેશ જ્યારે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે મહિલાઓને પણ દેશના આર્થિક વિકાસમાં એમનો ફાળો મહત્ત્વનો રહેશે અને આ સુધારાથી મહિલાઓને રોજગારીની તકો વધતાં તેઓ મુક્તપણે કોઈપણ અડચણ વિના પોતાની પ્રતિભા સાબિત કરવાની બધી સાનુકૂળતા અને તક મળશે. આમ ગુજરાત રાજ્ય સ્ત્રી સશક્તિકરણની દિશામાં ખરેખર આગળ કૂચ કરી રહ્યું છે જેમાં એને વેગ મળશે. માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે દરેક ક્ષેત્રમાં ''મિનિમમ ગર્વનમેન્ટ અને મેક્સીમમ ગવર્નન્સ''ની નીતિ અપનાવી છે અને વિકસિત ભારત–૨૦૪૭ના વિઝનમાં એમણે આ દર્શાવ્યું છે. દરેક સામાન્ય નાગરિકના જીવનમાં સરકારી દખલગીરી ન્યુનત્તમ હોવી જોઈએ અને એ લક્ષને હાંસલ કરવાના ભાગરૂપે રાજ્ય સરકાર વિધાનસભા સમક્ષ ગુજરાત દુકાન અને સંસ્થા રોજગારીનું નિયમન અને સેવાની શરતો સુધારા વિધેયક, ૨૦૨૬ ગૃહ સમક્ષ લઈ આવ્યા છે. રાજ્ય સરકાર આર્થિક રીતે પ્રોત્સાહન આપવા, ખાસ કરીને રોકાણને આકર્ષવા માટે, રોજગારીની વિશેષ તકો ઊભી કરવા માટે અને વ્યવસાય સુનિશ્ચિત કરવાના ભાગરૂપે આ સુધારા વિધેયક લઈ આવ્યા છીએ.

ઉપરોક્ત કાયદામાં સુધારો કરવો ખૂબ જરૂરી હોવાથી આપ સૌ સન્માનીય સભ્યોને વિધયકને સર્વાનુમતે પસાર કરવા માટે હું ખાસ અનુરોધ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સુધારો ટૂંકમાં કહીએ તો ૧૦ કામદારોના બદલે ૨૦ કામદારોથી કામ કરતી સંસ્થાઓ છે એને રજિસ્ટ્રેશન કરવાનું થશે. ૧૦થી ઓછા કામદારો કે શ્રમજીવીઓ હોય તો ફક્ત એમણે ઓનલાઈન જાણ કરવાની રહેશે. જ્યારે ૨૦ સુધી કર્મચારીઓ કે શ્રમજીવીઓ થશે તે વખતે નોંધણી કરાવવાની થશે. એ જ પ્રમાણે દરરોજના ૯ કલાક પ્રતિદિન કામ કરવાનું રહેતું હતું એના બદલે હવે ૧૦ કલાક કરવામાં આવશે પણ પહેલા સળંગ કામ કરતા હતા એમાં પાંચ કલાકે વચ્ચે એને વિરામ અપાતો હતો એના બદલે હવે ૬ કલાકે વચ્ચે વિરામ આપવાની આમાં જોગવાઈ કરવામાં આવી છે. આમાં ખાસ જે સુધારો છે ૩ મહિનાનો ઓવરટાઈમ ૧૨૫ કલાકનો હતો એના બદલે ૧૪૪ કલાકનો ત્રણ મહિનામાં ઓવરટાઈમ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ખાસ કરીને પહેલા રાત્રીના મહિલા કર્મચારીઓ છે એમને ૯ કલાક પછી કામ કરવાની છૂટ ના હતી. એમને રાત્રીના ૯ કલાકથી સવારના ૬ કલાક સુધી મહિલા કર્મચારી અથવા તો શ્રમજીવી કામગીરી કરશે પણ એની સામે મહિલા કર્મચારીની સંમતિ હોય તો જ ૯ કલાકથી સવારના ૬ કલાક સુધી મહિલા કર્મચારી કે શ્રમજીવી કામ કરી શકશે. એના માટે ખાસ કરીને સંસ્થા અથવા દુકાને મહિલા કર્મચારીને રાખવા ઇચ્છતા હશે

એમણે મહિલાઓ આરામ કરવા માટે રૂમની વ્યવસ્થા કરવાની રહેશે. રાત્રી ઘોડિયાઘર, મહિલા માટે અલગથી શૌચાલય, તેમનું સન્માન, ગૌરવ અને સલામતિ સાથે યોગ્ય રક્ષણની પણ જવાબદારી રહેશે. જાતિય સતામણીથી એને રક્ષણ મળે એ માટેની વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે. જે સંસ્થા મહિલા કર્મચારીને ત્યાં કામગીરી કરવા રાખવા માગતી હોય અથવા રાખશે તેમને સંસ્થાથી એમના ઘર સુધી લાવવા અને લઈ જવા માટે વાહનની વ્યવસ્થા માલિકે કરવાની રહેશે. ખાસ કરીને રાત્રે ૯–૦૦વાગ્યાથી સવારના ૬–૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મહિલા કર્મચારીની સંમતિ લેવાની ફરજીયાત છે. તેમાં પણ ખાસ કરીને મહિલાની ગરિમા, સલામતિ અને સુરક્ષા જળવાય તે માટેની સંપૂર્ણ તકેદારી સંસ્થાની રહેશે. એ પ્રમાણેના સુધારાની વિધેયકમાં જોગવાઇ છે. ખાસ કરીને જાહેર હિતને ધ્યાનમાં રાખીને ૨૦ મહિલા કર્મચારી કામ કરતા હોય એ વિસ્તાર સેન્સેટીવ હોય ત્યારે જાહેર હિતને ધ્યાનમાં રાખીને જરૂર જણાય તો ચોક્કસ આ વિસ્તારમાં પણ મહિલાઓને રાત્રે લાવતા હોય એ વખતે પ્રતિબંધિત નિયંત્રિત કરવાની જોગવાઇ પણ ફરજીયાત કાયદા મુજબ એ વિસ્તાર સેન્સેટીવ વિસ્તાર લાગે ત્યાં પ્રતિબંધ મૂકવાની પણ આ કાયદામાં જોગવાઇ કરવામાં આવી છે. જે આ સુધારા વિધેયક લઈ આવ્યાં છીએ એ આવતા દિવસોમાં રાજ્યની અંદર ઉદ્યોગો અને ખાસ કરીને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન અને બળ મળે અને રોજગારી વિશેષ ઉપલબ્ધ થાય એવા ઉદ્દેશ સાથે આ સુધારા વિધેયક આપની વચ્ચે લઈ આવ્યો છું ત્યારે માનનીય સૌ સભ્યોને મારી વિનંતી છે કે આવતા દિવસોમાં ગુજરાતની અંદર એક નાના ઉદ્યોગને વિશેષ બળ મળે અને રોજગારી ઊભી થાય. મહિલા કર્મચારીઓને સશક્તિકરણના ભાગરૂપે કામ કરવાની તક અને મોકો મળે એની સલામતિ સાથે કાયદામાં બધી જોગવાઇઓ કરવામાં આવી છે ત્યારે મારી આપ સૌને વિનંતી છે કે ગૃહના સૌ સભ્યો સર્વસંમતિથી આ વિધેયકને મંજૂરી આપે એવી મારી વિનંતી અને અનુરોધ છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત દુકાન અને સંસ્થા રોજગાર નિયમન સુધારણા વિધેયક ૨૦૨૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯ની અંદર જ ગુજરાત દુકાન સંસ્થા રોજગાર નિયમન સેવા શરતો ૨૦૧૯ એ સુધારા વિધેયક તરીકે રજૂ કરવામાં આવ્યું હતું. જે રીતે માનનીય મંત્રીશ્રીએ એમની વાત કરી છે ત્યારે થોડા પ્રશ્નો સુધારા વિધેયકને આધીન જરૂર ઊભા થાય છે કે નવ કલાકની જગ્યાએ દસ કલાક કરવામાં આવેલા છે. સ્વાભાવિક છે કે ચોવીસ કલાકના સમયગાળા દરમિયાન આઠ કલાક માણસ આરામ કરે, આઠ કલાક રોજિંદી કંઇક પ્રવૃત્તિ કરે અને આઠ કલાક રોજીરોટી કમાય. કોઇપણ ક્ષેત્રની અંદર કોઇપણ જગ્યાએ એ માણસને કેટલા કલાક કામ કરવું એ માણસની કેપેસિટી ઉપર થોડો આધાર હોય છે. કેપેસીટીના આધારે જ એ માણસ પોતાની દૈનિક પ્રક્રિયા એ પોતે કરી શકતો હોય છે. ખાસ કરીને જે બિલમાં નવ કલાકની જગ્યાએ દસ કલાક રાત્રે મહિલાઓ કામ કરી શકશેની વાત કરી પણ માનનીય મંત્રીશ્રી મને જણાવે કે જે રીતે સંસ્થાઓની અંદર એટલે કે દુકાનો કે એવી જગ્યાએ વીસ કરતાં ઓછા કર્મચારીઓ હોય ત્યાં આગળ ફકત નોંધણી કરવાની હોય છે અને એ જગ્યાએ નોંધણી કર્યા પછી એની એક રૂપરેખા કે ઘોડિયઘર હશે, મહિલાઓને રહેવા માટે અલગથી રૂમ હશે, એમની સેફ્ટી જળવાય એ માટે પૂરતું ધ્યાન આપવામાં આવશે. એમને માટે કેન્ટીન હશે, માનનીય મંત્રીશ્રી આ સન ૨૦૧૯નો સુધારો આપ વાંચશો તો એની અંદર આ ઉલ્લેખ, નવ કલાકની જગ્યાએ તમે દસ કલાક કરેલો છે, આ તમામ પ્રોવિઝન તમે જે લખેલું છે એની અંદર હતું જ અને એ પ્રોવિઝનના આધારે કડિયાકામ કરતો મજૂર હોય એ સવારે દસ વાગે આવે અને સાંજે છ વાગે જતો રહે, એના આઠ કલાક હોય છે. બાંધકામ શ્રમિક યોજના હેઠળ એનું જે ફંડ પડેલું હોય છે એ ફંડના આધારે લાખો શ્રમિકો જયારે કામ કરતા હોય છે ત્યારે એ શ્રમિકોને વળતરના ભાગરૂપે પૂરુતું વળતર મળવું જોઇએ એ વળતર એમને મળતું નથી. બાંધકામ શ્રમિક ફંડની અંદર કરોડો રૂપિયાનું આપણી પાસે ફંડ હોવા છતાં પણ એ અંગેની ફરિયાદ સરકારશ્રીને વારંવાર મળતી હોય છે. ખાસ કરીને મોલમાં કામ કરતા, મોટા શો–રૂમની અંદર કામ કરતા કર્મચારીઓ હોય છે એ સવારે દસ વાગે જાય અને દસ વાગે જ એને છોડવામાં આવે છે. મોલમાં આપણે આપણા પરિવાર સાથે ખરીદી કરવા જઇએ છીએ, શોપિંગ સેન્ટરોમાં કે મોલમાં મોટા ભાગના ધારાસભ્યશ્રીઓ પરિવાર સાથે શોપિંગ કરવા માટે ગયા હશે, એ કર્મચારીઓને સવારે દસ વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધી એ લોકોને નોકરી આપવામાં આવે છે. તમે કાયદામાં સુધારો લઇને આવ્યા છો કે મહિલાઓની સેફટી રહેશે, કેન્ટીન રહેશે, ઘોડિયાઘર હશે, મારે તમને એટલું જ પૂછવું છે કે હાલમાં ગુજરાત રાજયની અંદર હયાત જે પણ શોપિંગ સેન્ટરો કે મોલો છે, ગુજરાતના એક મોલનું ઉદાહરણ માનનીય મંત્રીશ્રી આપે કે જયાં ઘોડિયાઘર હોય, એક પણ જગ્યાએ નથી. હાલમાં બાર કલાકમાં એ લોકોને જોબ મળે છે, પૂરતું વળતર એમને મળતું નથી અને માનનીય અધ્યક્ષશ્રી, જોબ એટલે એવી જોબ કે ૧૨ કલાક એ લોકોએ સતત એ મોલની અંદર ઊભા રહેવાનું, બેસવા માટે એમને ચેર કે ટેબલ પણ આપવામાં આવતું નથી.તમે એક બાજુ કલાકો વધારો છો પણ એ કર્મચારીઓને બેસવા માટે ટેબલ–ખુરશી પણ આપવામાં આવતા નથી એટલે કાયદો હોવા છતાં પણ મોલવાળા કે શોપિંગ સેન્ટરવાળા એનો અમલ કરતા નથી. એના માટે સરકારે કોઇ મોલ સીલ કર્યો. તમારા શ્રમ અધિકારીએ ત્યાં રેડ પાડી, ત્યાં જોવા ગયા છે કે ત્યાં ઘોડિયાઘર છે કે નહિ, કેન્ટીન છે કે નહિ? ૧૨ કલાક નોકરી કરતાં એ શ્રમિકો પણ શું ત્રાસ થાય છે? જે કાયદો અમલમાં છે કે જેના આધારે તપાસ થવી જોઇએ એ તપાસ તો સરકાર કરતી નથી અને દર વખતે સુધારા વિધેયક લઇને આવે છે. આ તમે જે સુધારો લઇને આવ્યા છો કે ''મહિલાઓને રાત્રે કામ કરવું હોય તો કરી શકશે.'' તો રાંધશે કોણ? છોકરાઓને સાચવશે કોણ? કુંવરજીભાઇ તમારું ટિફિન કોણ બનાવશે? અત્યારે તો મંત્રી છો એટલે રસોઇયો મળતો હશે પણ પછી? આ પરિસ્થિતિ આપણે પણ જોવી પડશે. રોજ રાજ્યમાં બળાત્કારના અનેક કિસ્સાઓ બને

છે. મહિલાઓના અપહરણના અનેક કિસ્સાઓ બને છે. અપહરણ થયેલી મહિલાઓને આપણે લાવી શકતા નથી એ બાબતે હું ગૃહની ચર્ચા આવશે ત્યારે આંકડા સાથે બોલીશ. મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે ગુજરાત રાજ્યની વર્ષ ૨૦૨૪–૨૫ની સામાજિક અને આર્થિક સમીક્ષાનો અહેવાલ વિધાનસભા ગૃહમાં રજૂ થયા પછી આ રાજ્યમાં ઉદ્યમ રજિસ્ટ્રેશન હેઠળ રજિસ્ટર્ડ થયેલા એકમો લગભગ ૨૧,૯૪,૫૬૫ છે. આ એકમોના આધારે વર્ષ ૨૦૨૨–૨૩ની સ્થિતિએ આ રાજ્યમાં કારખાનાઓની સંખ્યા ૩૧,૦૩૧ છે. માનનીય મંત્રીશ્રી મને જણાવે કે સામાજિક, આર્થિક સુધારણા સમીક્ષા અહેવાલ ગુજરાત વિધાનસભામાં રજૂ થયા પછી આ ૩૧,૦૩૧ કારખાનાઓમાં નોકરી કરતા કર્મચારીઓ સામે આપે એક્ટમાં સુધારો કરીને વિધાનસભા ગૃહ સમક્ષ જે વાત કરી એ સવલતો આજની તારીખે ઉપલબ્ધ છે કે કેમ? આપ કહો છો કે ૧૦ કલાક નોકરી કરવાની છૂટ આપવામાં આવે છે. પહેલાં અમદાવાદ, સુરત કે અન્ય શહેરોમાં મિલો હતી એ મિલોમાં નોકરી કરતાં કામદારોને ૮ કલાક નોકરી કરવા દેતા હતા. મિલ ૨૪ કલાક ચાલતી હતી પણ એમાં ત્રણ પાળીમાં કામ કરતા હતા. એમાં કામદારોને ૮ કલાક જ કામ કરવાની જોગવાઇ હતી. આપણે વિધાનસભા ગૃહમાં કોઇ કાયદો લાવીએ તો એ કાયદો અમલમાં પણ આવી જશે પણ શું એ કાયદાનું અમલીકરણ થાય છે? વિધાનસભા ગૃહમાં બેઠેલા ધારાસભ્યો જે કાયદો ઘડશે એ કાયદો ઘડ્યા પછી સરકારી કર્મચારી દ્વારા એનું અમલીકરણ થશે, એની દેખરેખ થશે. માનનીય મંત્રીશ્રી, આપ મને એ જણાવો કે ગુજરાત વિધાનસભામાં ચૂંટાયેલા ૧૮૨ ધારાસભ્યને ગુજરાતની પ્રજાએ ટ્રસ્ટી તરીકે જીતીને અહીં મોકલ્યા છે તો પણ વિધાનસભા ગૃહના ધારાસભ્ય તરીકે પણ આપણે જો સમયની વાત કરીએ તો વિધાનસભા સવારે ૧૨.૦૦ કલાકે ચાલુ થાય અને સાંજે ૫.૩૦ કલાકે પૂરી થઇ જાય છે. આપણે પણ ૫ થી ૬ કલાક કામ કરીએ છીએ. વિધાનસભા જ્યારે ચાલુ હોય ત્યારની વાત કરું છું. સરકારમાં નોકરી કરતાં અલગ અલગ વિભાગોના અધિકારી/કર્મચારીઓ અગ્ર સચિવથી લઇને પટાવાળા સુધીના ૧૧.૦૦ કલાકે આવે અને ૬.૦૦ કલાકે છૂટી જતા હોય છે. હા, સરકારનું લોડેડ કામ વધારે હોય તો કદાચ કર્મચારીને રોકાવું પડે છે. માની લો કે, અત્યારે બજેટ સેશન ચાલતું હોય એટલે સ્વાભાવિક છે કે કામ વધારે થતું હોય, સરકારી પ્રોગ્રામ આવતા હોય એટલે સ્વાભાવિક છે કે કર્મચારીને રોકાવાનું થતું હોય પણ પ્રજાકીય કામ માટેના સરકારી કર્મચારી પણ ૮.૦૦ કલાકથી વધારે કામ કરી શકતા નથી અને તેના ચહેરા પર ઊંડો થાક આપણને દેખાય અને એ ઊંડા થાકના આધારે માનનીય મંત્રીશ્રી પણ કહેતાં હશે કે સવારના ૮/૯ વાગ્યાના આવ્યા છો, થાકેલા છો, ચહેરા પરથી દેખાય છે, ચા પી લો. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ, અંદરો અંદર ચર્ચા ન કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય કૌશિકભાઇ, આજે છાપામાં વાંચ્યું કે તમે કાલે ઊંઘતા હતા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, એ બાજુ જોઇને વાત ન કરો. આપ આ બાજુ જોઇને આપની વાત કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું બોલું છું ત્યારે વચ્ચે ઇન્ટરફિયર ન કરે.

ઉપાધ્યક્ષશ્રી : મેં એમને પણ ના કહી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : જે પણ સભ્ય હું બોલતો હોઇશ અને ઇન્ટરફિયર કરશે તેનો હું સામે જવાબ આપીશ. કોઇ પણ હશે. તૈયારી રાખજો.

માનનીય અધ્યક્ષશ્રી, શું એ કારખાનામાં કામ કરતી મહિલાઓ પર અત્યાચાર થતો નથી? વલસાડ જિલ્લાની આલોક કંપની, વાપી અને ડીમોસા કંપની, ગુદલાવમાં જે બનાવો બન્યા તે પછી માનનીય મંત્રીશ્રી, આપ મને એ તો જણાવો કે સરકાર દ્વારા આ બંને કંપનીઓ સામે શું એક્શન લેવામાં આવ્યા? તેના માલિક સામે અને એમ.ડી. સામે સરકારે શું એક્શન લીધા? ત્યાં મહિલાઓ ઉપર જ અત્યાચાર થયો હતો. લઘુતમ વેતન અધિનિયમ, ૧૮૪૮ હેઠળ જે લઘુતમ વેતન મળવું જોઇએ તે લઘુતમ વેતન કંપનીઓ દ્વારા તેમને ચૂકવવામાં આવે છે? કારખાના કે મોટા ઉદ્યોગોમાં કામના ૮ કે ૯ કલાક નક્કી હોય છે પણ એમનો સમય પૂરો થયા પછી ઓવરટાઇમ થતો હોય છે. ઘણા કારખાના કે કંપનીના માલિકો સારા હોય છે જે ઓવર ટાઇમ આપતા હોય છે. ઘણી જગ્યાએ એવું પણ બને છે કે આ લોકોને ઓવરટાઇમ મળતો નથી. શું સરકાર દ્વારા ક્યારેય ચેકિંગ કરવામાં આવે છે ખરું? આવી કંપનીઓ કે કારખાનાઓનું લેબર વિભાગ દ્વારા ચેકિંગ કરવામાં આવે છે? તે ચેકિંગ કર્યા પછી એ કામદારોને તેના પગારની સ્લિપ પહોંચાડવામાં આવે છે કે કેમ તેની લેબર વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે છે? જે કર્મચારીઓ નોંધાયા છે તેના પી.એફ.ના એકાઉન્ટ ફરજિયાત ખોલવા જોઇએ તે એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે કે કેમ? જો તે પી.એફ.ના એકાઉન્ટ ખોલ્યા હોય તો તેને મળતાં પગારના અનુસંધાને તેનો પી.એફ. કપાય છે કે કેમ તેની સરકાર કે વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ કારખાનાઓમાં સેફ્ટીના સાધનો છે કે નહીં તે માટેની તપાસ કરવામાં આવી છે કે કેમ? કારખાનામાં કામ કરતો કામદાર નાનો માણસ હોય છે. કામદારના અકસ્માત બાદ તેના પરિવારને જે વળતર મળવું જોઇએ તે વળતર મળતું નથી તે માટે સરકારે કંપનીઓ સામે કોઇ પગલાં લીધાં છે કે નહીં? અને ખાસ કરીને સગર્ભા મહિલાઓ માટે રજાની જોગવાઇ છે અને એમને રજાનું વળતર મળવું જોઇએ એ કંપનીઓ આપતી નથી. અનેક વખત ઓવરટાઇમ પણ ચૂકવવામાં આવતો નથી. માનનીય મંત્રીશ્રી એક નાના સુધારાની વાત કરીને તમે તમામ કંપનીઓને છૂટો દોર આપવાની વાત કરો છો એ મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. સુધારો નાનો છે પણ આ જે કંપની એક્ટને લગતા, મજૂર એક્ટને લગતા, લઘુત્તમ એક્ટને લગતો જે કાયદો બનાવ્યો છે એ કાયદાને આધીન આ કંપનીઓ કે કારખાનાવાળા બંધાયેલા છે એમની પર પૂરતી દેખરેખ રાખવામાં નહીં આવે તો એ દિવસો દૂર નથી. ભલે આપણે માનીએ કે ગુજરાતમાં સબ સલામત છે પણ છાપાઓમાં કે ટી.વી.ના

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) સુધારા વિધેયક, ૨૦૨૬

માધ્યમોમાં આવશે કે ફલાણી ફેકટરી..... આજે પણ ફેક્ટરીઓમાં બળાત્કારના કિસ્સાઓ બનતા હોય છે. આબરુ અને છેડતીના ઘણા કિસ્સાઓ બનતા હોય છે પણ આબરુના લીધે ફરિયાદ નોંધવતા હોતા નથી. આ માટે સેફ્ટી શું? તમારા લેબર ઓફિસરને ફરિયાદ કરવાની રહેશે?, સેફ્ટી માટે પોલીસસ્ટેશનમાં ફરિયાદ કરવાની રહેશે?, પોલીસ કે સેફ્ટી લેબર અધિકારી ત્યાં ચેકિંગ કરવા જશે? આ માટે દરેક કારખાનામાં બુકલેટ હોવી જોઇએ. જેમ આપણે સરકારના કોઇપણ વિભાગમાં જઇએ અને વિઝિટ બુક હોય એના આધારે આપણે ત્રુટિ લખતા હોઇએ છીએ. આવી વિઝિટ બુક કારખાનાઓમાં મૂકેલ છે ખરી? લેબર વિભાગમાં અધિકારીઓ વિઝિટ બુકના આધારે એન્ટ્રી કરી શકે કે નહી? એમને કોઇ ફરિયાદો મળી છે કે નહીં? માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે ખાસ કરીને સલામતીને આધીન રોજગારી આપવી ખૂબ જરૂરી છે. ગરીબ માણસ આઠ નહીં પણ ચૌદ કલાક પણ નોકરી કરશે. વિધવા બહેન પોતાના દીકરા–દીકરીને ભણાવવા હોય તો બાર નહીં પણ સોળ કલાક પણ નોકરી કરશે. શ્રમ વિભાગ દ્વારા આનો કડક અમલ થવો જોઇએ. એની વિઝીટ બુક બનવી જોઇએ. આ તમામ વસ્તુઓનો આપના સુધારા વિધેયકમાં ઉલ્લેખ કરવો જોઇએ. આપના પ્રવચનમાં પણ આ અંગે કહેવું જોઇએ. કોઇને કામ કરાવવું ફરજિયાત નથી અને દસ કલાક કામ કરવું જ પડશે એવું ફરજિયાત ન હોવું જોઇએ. લોકશાહીના ભારતીય બંધારણ મુજબ આપણે કોઇને ફરજ પાડી શકતા નથી કે તમે આટલા કલાક જ કામ કરી શકશો. સરકારી કર્મચારીઓ અડધી રજા લઇને પણ જતા હોય છે. ફરજિયાત રીતે દસ કલાક નોકરી કરવી પડશે. લોકો બાર, ચૌદ અને સોળ કલાક નોકરી કરે છે એને પૂરું વળતર પણ મળતું નથી. માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે એમાં મેં ગૃહ સમક્ષ કારખાનામાં કામ કરતા લોકો અને મહિલાઓ માટેની ચિંતા કરી છે એમાં માનનીય મંત્રીશ્રી પોતાના પ્રવચનમાં વાત કરશે તો અમે ચોક્કસ વિચારીશું કે આ સુધારા વિધેયકને ટેકો આપવો કે વિરોધ કરવો? માનનીય મંત્રીશ્રી ખાસ કરીને અમદાવાદ શહેરમાં આવેલ બંધ મિલોના કામદારો કે જે મિલો બંધ થયેલ છે, ફડચામાં ગયેલ છે, નામદાર કોર્ટ દ્વારા હુકમો થયા છે અને એનું વળતર ચૂકવવાની વાત છે. એક્ટમાં મજૂર મહાજનસંઘ દ્વારા કામદારને જે વળતર મળે એની અમુક ટકા રકમ મજૂર મહાજનમાં જમા કરાવવાની એવો કોઇ કાયદો છે કે નહીં? આ રકમ જો લેવામાં આવી હોય તો સરકાર એની સામે શું પગલાં લેવા માગે છે આ અંગે માનનનીય મંત્રીશ્રી પોતાના જવાબમાં જણાવશે. જે રીતનું સુધારા વિધેયક બહુ ફીલી મહિલાઓ માટેનું લઇને આવ્યા છે. એમાં હું માનું છું કે સરકારે પહેલ વહેલી કરી છે પણ એની સેફ્ટી પણ સરકારે વિચારવી પડશે. માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં મેં જે પૂછ્યું છે એનો સંતોષકારક જવાબ મળશે તો કૉંગ્રેસ પાર્ટી તરફથી વિરોધ કરવો કે ટેકો આપવો એ પછી નક્કી કરવામાં આવશે. આભાર.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) સુધારા વિધેયક, ૨૦૨૬ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના...(વચ્ચેથી અટકાવતાં)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પ્રદ્યુમનસિંહજી, માનનીય સભ્યશ્રી જયારે બોલતા હોય ત્યારે તમારે ઊભા થવું હોય તો વિચાર કરીને ઊભા થાઓ. મારી બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે જયારે સભ્યશ્રી બોલતા હોય અને આપણે એમની આગળથી જવા માટે વચ્ચે ઊભા ના થવું.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના પનોતા પુત્ર અને ભારતના લોકલાડિલા વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશને આધુનિક સમયમાં આગળ ધપાવવા માટે અનેક ઐતહાસિક સુધારા કર્યા છે. ''મિનિમમ ગવર્મેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સ'' ના મંત્ર સાથે ભારત આજે વિશ્વમાં ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઊભર્યું છે. તાજેતરના આઇ.એમ.એફ અને વર્લ્ડ બેંકના આંકડાઓ મુજબ ભારતની અર્થવ્યવસ્થા ૪ ટ્રિલિયન ડોલરથી વધુના કદે પહોંચી છે અને આગામી ત્રણ વર્ષમાં ૫ ટ્રિલિયન ડોલરે પહોંચી, વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા ટૂંક સમયમાં બનવાની છે ત્યારે આ લક્ષ્યને પૂરું કરવા માટે ''વિકસિત ભારત ૨૦૪૭'' નું જે વિઝન છે એ માત્ર કેન્દ્ર સરકારનો કાર્યક્રમ નથી પરંતુ દરેક રાજ્યની સહભાગિતાથી પૂર્ણ થનારો રાષ્ટ્રીય સંકલ્પ છે. એમાં ડબલ એન્જિનની સરકાર ગુજરાત આજે ભારતના જી.ડી.પી.માં આઠ ટકાથી વધુ યોગદાન આપે છે જયારે દેશની કુલ ઔધોગિક ઉત્પાદન ક્ષમતામાં ગુજરાતનો હિસ્સો ૧૫ ટકા જેટલો છે. એમ.એસ.એમ.ઇ. ક્ષેત્રમાં ગુજરાતમાં ૮ લાખથી વધુ નોંધાયેલ એકમો કાર્યરત છે જેમાં લાખો લોકો રોજગારી મેળવે છે. આ પૃષ્ઠભૂમિમાં ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ ૨૦૧૯ જેને સામાન્ય ભાષામાં ગુમાસ્તા ધારા તરીકે ઓળખવામાં આવે છે. આ સુધારો અત્યંત સમયચિત અને પ્રગતિશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આપણા ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી જે કામગીરી કરી રહ્યા છે એમાં ચાર બાબતો છે. ગરીબો, યુવાનો, અન્નદાતાઓ અને મહિલાઓના ઉત્થાન દ્વારા સર્વાંગી અને સર્વસ્પર્શી વિકાસ માટે મહિલા શ્રમિકોની કામગીરીની અગાઉની જોગવાઇમાં રાત્રિના નવથી સવારના છ વાગ્યા સુધી મહિલાઓને કામગીરી કરવાની મનાઇ હતી સિવાય કે આ કામ કરવું હોય તો ઇન્સ્પેકટરની મંજૂરી લેવાની આવતી હતી. આ વિધેયકથી ઇન્સ્પેકટર પાસેથી પૂર્વ પરવાનગી લેવાની જોગવાઇ દૂર થશે. આમાં મહિલાઓની લેખિત સંમતિ ફરજિયાત છે. મહિલાઓની સંમતિથી આ કામ મહિલા કરી શકશે. આ વિધેયક સુરક્ષા ગૌરવ અને સન્માનની પૂરી ખાતરી આપે છે. ઘરેથી કામ સ્થળ સુધી અને પાછી ટ્રાન્સપોર્ટેશન સુવિધાની પણ આમાં જોગવાઇ છે. આમાં અલગ શૌચાલય, આરામગૃહ, સેક્સ્યુઅલ હેરેસમેન્ટ વિરોધી મિકેનિઝમ ફરજિયાત છે ત્યારે આ ફક્ત કાયદાનો સુધારો નથી પરંતુ મહિલા સશક્તિકરણ તરફનો દૃઢ સંકલ્પ છે. આની આર્થિક અસરો થવાની છે. ભારતમાં આઇ.ટી., આઇ.ટી.એસ. અને બી.પી.ઓ. ક્ષેત્રમાં લગભગ ૫૦ ટકાથી વધુ

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) સુધારા વિધેયક, ૨૦૨૬

મહિલાઓ કાર્યરત છે. રાત્રિ પાળી ઉપરના પ્રતિબંધના કારણે ઘણી વખતે આંતરરાષ્ટ્રીય ક્લાઈન્ટ સાથે કામ કરવાની તક ગુમાવવી પડતી હતી. ગુજરાત આજે વિશ્વની ફાઇનાન્સ સિટીનું મૉડલ બની રહ્યું છે. એમાં ગિફ્ટસિટી, આઇ.ટી.પાર્ક, બી.પી.ઓ. અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ આ બધા ક્ષેત્રોમાં ૨૪x ૭ ની કાર્યપ્રણાલી છે ત્યારે આ સુધારાથી રોજગારીની તકોમાં વધારો થશે. મહિલા ભાગીદારીમાં વૃદ્ધિ થશે. નિકાસ અને સર્વિસ સેક્ટરમાં વૃદ્ધિ થશે. એમ.એસ.એમ.ઇ. અને રીટેલ સેક્ટરને લાભ થશે. કયાંક કોઇ એવું સેકટર હોય તો સરકારશ્રી પાસે નિયંત્રણની શકિત યથાવત છે. જો જાહેર હિતમાં અને જરૂરી જણાય તો સરકારશ્રી કલમ (૧૩)(૨) હેઠળ ચોક્કસ વિસ્તાર કે સંસ્થાઓ માટે નિયંત્રણ અથવા પ્રતિબંધો લગાવી શકે છે. આમાં સ્વતંત્રતાની સાથે જવાબદારી સુનિશ્ચિત થાય છે. આપણે આજે જે લક્ષ્યો રાખ્યાં છે એ પૂરાં કરવા માટે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને બહું મોટાપાયે ચેન્જ કરવો પડે. વર્ષ ૨૦૧૪માં વર્લ્ડ બેંક ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ભારતનો રેન્કિંગ ૧૪૨ હતો અને આજે ૬૩મા ક્રમે ઉછાળો લીધો છે. આપણું ગુજરાત તો વર્ષો સુધી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં અગ્રેસર રહ્યું છે ત્યારે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશમાં પણ આ વિધેયકથી વધુ સુધારો થશે. આ વિધેયક અનાવશ્યક અનુમતિ પ્રણાલિકા દૂર કરે છે. ડિજિટલ અને વૈશ્વિક અર્થતંત્રને અનુરૂપ છે. ખાનગી ક્ષેત્રને વિશ્વાસ આપે છે આજે સામાજિક અને સાંસ્કૃતિક પરિમાણના ભાગરૂપે મહિલા પાયલોટ છે, સૈનિક છે, વૈજ્ઞાનિક છે, ઉદ્યોગપતિ છે આજની મહિલા પુરુષ સમોવડી છે ત્યારે સેનામાં, એરલાઇન્સમાં, હોસ્પિટલમાં હમણાં આપણે જોયું કે ''ઓપરેશન સિંદુર''માં આપણી દીકરીઓએ જે ડંકો વગાડ્યો તો મહિલાઓ સેનામાં, એરલાઇન્સમાં, હોસ્પિટલમાં, આઇ.ટી.સેકટરમાં રાત્રી સેવા આપી શકે તો વેપાર અને સંસ્થાઓમાં શા માટે નહીં ? આ સુધારો મહિલાની ક્ષમતામાં વિશ્વાસ દર્શાવે છે. જૂનો ૧૯૪૮માં જે કાયદો હતો બ્રિટિશ યુગની પરિસ્થિતિ મુજબ બનાવ્યો હતો ૨૦૧૯માં અમે ક્રાંતિકારી સુધારો કર્યો અને આજે ૨૦૨૬માં આપણે વધુ એક પ્રગતિશીલ પગલું ભરી રહ્યા છીએ. આ માત્ર કાયદાનો દસ્તાવેજ નથી આ છે મહિલા સશકિતકરણનો સંકલ્પ, આ છે રોજગારી વૃદ્ધિનો માર્ગ, આ છે ''મિનિમમ ગવર્નમેન્ટ, મેકસીમમ ગવર્નમેન્ટ''નો અમલ અને આ છે ''વિકસિત ભારત–૨૦૪૭'' તરફનું એક મજબૂત પગલું ત્યારે હું આપના માધ્યમથી બધા સભ્યશ્રીઓને કહું છું કે ગુજરાત જે રીતે હાઇટ પકડી રહ્યું છે, ગુજરાતના એક એક કાયદાઓ ગુજરાતની ઉન્નતિ તરફ હોય છે અને એમાંય આ કાંઇ વિધેયકનો સુધારો રહ્યો એ મહિલાના ઉત્થાન માટે છે તો મહિલાના વિકાસને ધ્યાનમાં રાખી અને મારી સૌ સભ્યશ્રીઓને અનુરોધ છે કે આને સર્વાનુમતે મંજૂરી આપે અને હું મંત્રીશ્રીના આ વિધેયકને સહમતિ આપી અને મારી વાત પૂરી કરું છું.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાજી જે ગુજરાત દુકાન અને સંસ્થા સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટેનું છે. વિધેયક કામદારોના હિતોની સુરક્ષા કરવા માટેનું છે, મહિલાઓના સશકિતકરણ માટેનું છે તેની સાથે ગુજરાતને આર્થિક વિકાસની દિશામાં વધુને વધુ મજબૂત કરવા માટેનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર હંમેશા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને નાના વેપારીઓના સશકિતકરણ માટે હંમેશા કટિબદ્ધ રહી છે. આ હેતુને સિદ્ધ કરવા માટે આ સુધારા વિધેયક દ્વારા આપણે ગુજરાતના દુકાનો, સંસ્થાઓ અધિનિયમ–૨૦૧૯ અને સંસ્થાઓ સંખ્યાની મર્યાદા જે ૧૦ હતી તેમાંથી વધારીને ૨૦ કરવાની દરખાસ્ત કરે છે. અત્યાર સુધી ૧૦ કે તેથી વધારે કામદારો ધરાવતી સંસ્થાઓએ આ કાયદા હેઠળ ફરજિયાત નોંધણી કરાવવાની અને કાયદાકીય પ્રક્રિયાઓનું અમલીકરણ કરવાનુ થતું હતું પરંતુ આ મર્યાદા ૨૦ કામદારોની વધારવાથી હજારો નાના એકમો, સ્ટાર્ટઅપ અને નવા શરૂ થતા નાના લઘુ ઉદ્યોગો તેની નવી શરૂઆત કરવા માટે, નવા સ્ટાર્ટઅપ કરવા માટે સરકારી તબક્કે જે પ્રક્રિયાઓનો સામનો કરવો પડતો હતો તે હવે નહીં કરવો પડે અને પ્રક્રિયાઓમાં અટવાયા વિના જ તે પોતાનું ગુજરાન, પોતાની રોજગારી નાના એકમથી જ શરૂ કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ઘણા વેપારીઓ કાયદાકીય ગૂંચવણોના કારણે તેમને જરૂરિયાત હોય કે ૧૦ થી વધારે કામદારોની પરંતુ કાયદાકીય પ્રક્રિયાઓ તેને પરિપૂર્ણ ના કરવી પડે તેના માટે જરૂરિયાત હોવા છતાં પણ ૧૦ થી પણ ઓછાં કામદારો રાખતા હતાં પરંતુ તે મર્યાદા હવે જયારે ૨૦ થઇ છે ત્યારે લોકોને પૂરતાં કામદારો રાખવા માટેની સરળતા પણ રહેશે અને તે લોકો વધુ ઉત્સાહથી પોતાના વ્યવસાયનું વધુ સારી રીતે વિસ્તાર કરી શકશે જેમાંથી રાજયની નવી રોજગારીની તકો ઊભી થશે. જે સંસ્થાઓમાં ૨૦થી ઓછા કામદારો હશે તેમણે માત્ર હવે ઓનલાઇન જાણ કરવાની રહેશે અને આ પ્રક્રિયા પણ ઓનલાઇન હોવાથી ખૂબ જ સરળ અને ખૂબ જ પારદર્શક છે અને આથી સરકારી સિસ્ટમમાં તેની નોંધ પણ રહેશે અને દરેક નાના વેપારીઓને કાયદાકીય કામગીરીનું ભારણ રહેશે નહીં જેથી તે પોતાના વ્યવસાય પર વધારે સારી રીતે ધ્યાન આપી શકશે જેનાથી ગુજરાત અને દેશના અર્થતંત્રને વેગ મળશે અને આપણાં સૌના લોકપ્રિય અને દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીનું ૨૦૪૭નું વિકસિત ભારતનું જે સ્વપ્ન છે તેમાં પણ આ નાની સંસ્થા, નાની દુકાનોનું યોગદાન તે વધુ પ્રમાણમાં જોવા મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઐતિહાસિક સુધારો અમલમાં આવ્યા બાદ ૨૦થી ઓછા કામદારો ધરાવતા એકમોને માત્ર એક જ વખત ઓનલાઇન જાણ કરવાની થશે જેનાથી વેપારીઓને બીજી કોઇ પણ પ્રકારની વ્યવસ્થા કરવાની નહીં રહે કે કોઇ પણ કાયદાકીય રીતે કોઇ એને ઓનલાઇન અરજી કર્યા સિવાય બાકી કોઇ વ્યવસ્થા કરવાની નહીં આવે. નાના એકમો માટે

કાનૂની પાલન કરવું હવે અત્યંત સરળ અને ઝડપી છે અને પારદર્શક છે જેના કારણે તે પોતાના વ્યવસાયમાં વધુને વધુ સારી રીતે કાર્ય કરી શકશે.નાના વેપારીઓ માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસે એનું સાચુ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જ્યારે વેપારીનો સમય, એની ક્ષમતા, એમની મહેનત, એમની શક્તિ જ્યારે આ નાના નાના પ્રકારમાં વ્યસ્ત રહેતા હોય, એમાં લાગી જતા હોય પણ હવે જ્યારે ૨૦ કામદારોની વ્યવસ્થા થઇ છે ત્યારે આ વ્યવસ્થામાં એને સરળતા થઇ જશે. એક વખત ઓનલાઇન અરજી કરી દીધી પછી એની પોતાની શક્તિઓનો વધુને વધુ પોતાના વ્યવસાયમાં, એને વધુ આધુનિક બનાવવામાં ઉપયોગ કરી શકશે. પોતાના વ્યવસાયને વધુ ટેકનોલાઇઝ કરી શકશે અને પોતાનો સમય પોતાના વ્યવસાયમાં વધારે આપી શકવાના કારણે એ ક્ષમતા એ ફક્ત વેપારી પૂરતી સિમિત નહીં રહે પરંતુ એનો લાભ આપણા રાજ્યને, દેશને અને વિકસિત ભારતને આવનારા સમયમાં મળશે. આ સુધારા વિધેયકમાં કામના કલાકો જ્યારે નિશ્ચિત કરવામાં આવ્યા છે ત્યારે એમને બમણું વેતન આપવાની પણ જોગવાઇ કરી છે. પહેલાં ૧૨૫ કલાક મર્યાદા હતી એ વધારીને ૧૪૪ કલાકની જોગવાઇ કરવામાં આવી છે અને ઓવરટાઇમ મળવાના કારણે શ્રમિકને એની આર્થિક સુખાકારીમાં એનો લાભ મળશે. જેથી કરીને વધારે સારી રીતે પરિવારનું ગુજરાત ચલાવી શકશે. આ વિધેયકનું સૌથી વધારે મહત્ત્વપૂર્ણ પાસુ હોય તો એ મહિલાઓને ૨૪ કલાક રોજગારી પાડવાનું છે. મહિલા સશક્તિકરણની વાતો થતી હોય, દરેક ક્ષેત્રમાં મહિલાઓ પોતાનું યોગદાન ખૂબ સારી રીતે આપી શકતી હોય ત્યારે આ નાની દુકાન અને સંસ્થાઓમાં પણ મહિલાઓ પોતાનું યોગદાન યોગ્ય રીતે આપી શકે એવી વ્યવસ્થા જ્યારે આ વિધેયકમાં કરવામાં આવી છે, ત્યારે મહિલાઓની સુરક્ષા અને મહિલાઓને ક્યાંક રાત્રિ રોકાણ કરે તો એના માટે આરામખંડની વાત હોય, ઘોડિયાઘર બનાવવાની વાત હોય, મહિલાઓ માટે શૌચાલયની વાત હોય, એની સાથે કોઇપણ પ્રકારની જાતીય સતામણી ન થાય અને એ નિર્ભય રીતે કામ કરી શકે, કોઇપણ પ્રકારની ચિંતા કર્યા વિના કામ કરી શકે એના માટે પૂરતી સુરક્ષા આપવાની જોગવાઇ આ વિધેયકમાં કરવામાં આવી છે ત્યારે હું ચોક્કસ માનું છું કે, આવનારા સમયમાં આ ક્ષેત્રમાં મહિલાઓના કાર્યો થકી મહિલાઓ પોતે આર્થિક સ્વાવલંબન સાથે કામ કરી શકશે. જેવી રીતે પુરુષોને તક મળી રહી છે એ રીતે મહિલાઓને સમાન તક, સમાન વેતન આપવાની ભાવનાને પણ આ વિધેયક મજબૂત કરે છે. હું ચોક્કસ માનું છું કે, જ્યારે મહિલાઓની ચિંતા થતી હોય ત્યારે અનેક વાતો થતી હોય. અહીંથી આ સભાગૃહના માનનીય સભ્યશ્રી શૈલેષભાઇએ પણ મહિલાઓ માટેની ચિંતા વ્યક્ત કરી. પરંતુ આજની મહિલા દરેક ક્ષેત્રમાં આગળ વધીને કામ કરી રહી છે, પોતાની સુરક્ષાની ચિંતા સાથે એ પોતાના સમાજમાં અને ગુજરાત અને દેશના વિકાસમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે ત્યારે નાના સ્કેલ પર મહિલા વેપાર સાથે, સંસ્થા સાથે, દુકાનની સાથે પણ પોતાનું અમૂલ્ય યોગદાન આપી શકશે. માનનીય શૈલેષભાઇએ વાત કરી કે મહિલાઓ રાત્રે કામ કરશે તો રાંધશે કોણ? હું કહેવા માગું છું કે, મહિલાઓ એટલી સક્ષમ છે કે પોતાનું ઘર ચલાવી શકે છે એની સાથે સાથે રોજગારી પણ મેળવી શકે છે. રોજગાર મેળવવાની સાથે સાથે પરિવારના ગુજરાનમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી શકે છે. આપણે જોઇએ છીએ કે આપણા દેશના મુખ્ય પદ પર રાષ્ટ્રપતિજી એક મહિલા છે. એમના નેતૃત્વમાં આપણો ભારત દેશ આગળ વધી રહ્યો છે ત્યારે ...(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આવનારા દિવસોમાં ગૃહમાં ૩૩ ટકા મહિલા અનામત પણ આવશે.

શ્રીમતિ માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ સાથે કામ કરી રહી છે અને ઘર પણ ચલાવી રહી છે ત્યારે આ સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને આવનારા સમયમાં આ વિધેયક થકી આપણા ગુજરાતના વિકાસને વધુ ગતિ મળશે એમ હું માનું છું. જયહિન્દ, જય ભારત.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૬નું વિધેયર ક્રમાંક-૧- સન ૨૦૨૬નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આમ જોઇએ તો આપણું માનવ શરીરને ૧૨-૦૦ કલાકની ઊંઘ ખૂબ જરૂરી છે. ૧૨-૦૦ કલાક ઊંઘે નહીં તો (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ બાજુ જોઇને વાત કરો. ભાઇશ્રી, એમને ડિસ્ટર્બ ના કરો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ, હું બિલ ઉપર જ આવું છું. જો એ ૧૨-૦૦ કલાક ના ઊંઘે તો આધુનિક સમયમાં સ્ટ્રેસનું પ્રમાણ વધતું જાય છે. એટલે એના ગંભીર પરિણામ પણ આવતા જાય છે. આ બિલમાં સ્પષ્ટ એવું લખવામાં આવ્યું છે કે, મહિલાઓને પણ રાત્રે ૯-૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક સુધી કામ કરવાની છૂટ એની મરજીથી આપી છે. બાબત સારી છે કે અત્યારના સમયમાં મહિલાઓને પણ રાત્રે કામ કરવાની છૂટછાટ થશે પણ આ બિલમાં મને ચિંતા એ છે કે જો આ બિલમાં સુધારો ના કરવામાં આવે અને સીધે સીધું જો આ બિલ લાવવામાં આવ્યું તો ગુજરાતમાં છૂટાછેડાનું પ્રમાણ બહુજ વધી જવાનું છે. એટલે આમાં મારાં ઘણાં બધાં સૂચનો પણ છે. રાત્રે જ્યારે મહિલાઓ પાસે કામ કરાવવાનું થતું હોય ત્યારે પહેલા તો એની સુરક્ષાની ખ્યાલ રાખવો જોઇએ. આમાં સુરક્ષાની સ્પષ્ટપણે અમલવારી ક્યાંય દેખાતી નથી. બીજું, મહિલાઓ પાસે રાત્રીના સમય કામ કરાવવાનું થતું હોય તો એને કેટલું વેતન આપવું એનો પણ ઉલ્લેખ નથી. કોઇ પણ મહિલા પાસે રાત્રે કામ કરાવવાનું થતું હોય તો મહત્તમ અને લઘુત્તમ વેતન છે એ ૯૦૦ રૂપિયા કરતાં વધારે આપવું જોઇએ એવો સ્પષ્ટ આ બિલમાં ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી. બીજું મને આ બિલમાં જોવા મળ્યું છે કે જ્યારે મહિલા કામ પર જતી હોય છે ત્યારે એના ઘરની પણ ચિંતા હોય છે. મોટાભાગે ઘર ચલાવવાની જવાબદારી છે એ મહિલાઓની હોય છે એ પછી મહિલા ભલે ધારાસભ્યશ્રી, આઇ.એ.એસ. કે આઇ.પી.એસ. હોય તો પણ ઘરનું સંચાલન મહિલા જ કરે છે.

આપણા દેશની આ પરંપરા છે એમાં કોઇ બાંધછોડ કરી શકતું નથી પણ જ્યારે મહિલાઓ રાત્રે દુકાન, મોલ કે ફેકટરીમાં કામ કરવા જશે ત્યારે એના બાળકના શિક્ષણની પણ આમાં ક્યાંક ચિંતા કરવામાં આવી નથી કે ભાઇ, એના બાળકની સાર–સંભાળ કેવી રીતના રાખી શકશે? એના પરિવારમાં એના પતિ અને કોઇ બુઝુર્ગ માતા–પિતાની સાર–સંભાળ કઇ રીતના કરી શકશે? આ બધી ચિંતાઓ આમાં થઇ રહી છે એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મહિલાઓને સાથે રાખીને એક કમિટી બનાવવામાં આવે અને તેમાં મહિલાઓના સૂચનો લેવામાં આવે પછી આ બિલની અમલવારી કરવામાં આવે તેવું પણ એક મારું સચૂન છે અને સાથોસાથ ડાયરેક્ટ એટલી બધી ઉતાવળ લાવીને કે વટહુકમ લાવીને બિલની તાત્કાલિક અમલવારી કરવાની જરૂર નથી. પહેલા કમિટી બનાવે પછી એનો અહેવાલ ગૃહમાં રજૂ કરીને પછી આ બિલની અમલવારી કરવામાં આવે. જ્યારે આપણું ગજરાત રાજ્ય આગળ વધી રહ્યું છે ત્યારે મહિલાઓની ભાગીદારી ખૂબ જરૂરી છે. મહિલાઓને રોજગારી આપવાની સાથોસાથ વેતની ખાસ ચિંતા કરવામાં આવે તેવી એક માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું. ખૂબ ખૂબ આભાર.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)(સુધારા) વિધેયક સન ૨૦૨૬ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વિષય પર હું વાત કરવા જઇ રહ્યો છું તે ગુજરાતના લાખો નાના વેપારીઓ અને ઉદ્યોગ સાહસિકોના ભવિષ્ય સાથે જોડાયેલ છે. ગુજરાત દુકાન અને સંસ્થા રોજગાર નિયમન અને સેવાની શરતો અધિનિયમ ૨૦૧૯માં કરવામાં આવેલ. આ સુધારો માત્ર કાયદાકીય ફેરફાર નથી. પરંતુ આપણા રાજ્યના નાના એકમો માટે આર્થિક આઝાદીનું એક નવું પ્રકરણ છે. વિકાસની દોડમાં કામદારોના હક્કો છીનવાઇ ન રહે એ સુનિશ્ચિત કરવું એ આ ગૃહની ફરજ છે. દુકાનો, મોલ, ખાનગી ઓફિસો, આઇ.ટી કંપનીઓ અને વિવિધ સેવા ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ માટે કામના કલાકો, આરામનો સમય, ઓવરટાઇમ, વેતન રજાઓ અને સુરક્ષિત કાર્ય પરિસ્થિતિ એ માત્ર કાયદાકીય બાબતો નથી પરંતુ માનવ અધિકાર છે. અત્યાર સુધીની વ્યવસ્થા મુજબ જે પણ સંસ્થામાં દસ કે તેથી વધુ કામદારો હોય તેમણે આ કાયદા હેઠળ ફરજિયાત નોંધણી કરાવવી પડતી હતી. આ પ્રક્રિયામાં દસ્તાવેજો ફોર્મ્સ વગેરેનું પાલન કરવું પડતું હતું. એક નાનો વેપારી જે હજી માંડ પોતાનો વ્યવસાય જમાવી રહ્યો હોય ત્યારે તેના માટે આ બધી કામગીરી ખૂબ જ બોજારૂપ સાબિત થતી હતી. ખાસ કરીને નવા શરૂ થતા લઘુ ઉદ્યોગ અને સ્ટાર્ટઅપ માટે શરૂઆતનો સમય ખૂબ જ કટોકટીભર્યો હોય છે. આવા સમયે સાહસિક પોતાનો સમય સરકારી પ્રક્રિયામાં અને કાયદાકીય પ્રક્રિયામાં વેડફી નાખે છે અને તે તેના મૂળ બિઝનેસ આઇડીયા ઉપર ધ્યાન આપી શકતો નથી. આ સુધારો તેમને શરૂઆતના તબક્કે આવી વહીવટી અડચણો વગર કામકાજ શરૂ કરવાની મોટી તક આપે છે. આ સુધારા પાછળનો મુખ્ય ઉદ્દેશ ''મિનિમમ ગવર્મેન્ટ મેક્સિમમ ગવર્નન્સ'' છે. જયારે સરકાર નાના વેપારીઓ ઉપર વિશ્વાસ મૂકે છે અને તેમને તેમના નિયમોના ભારણમાંથી મુકત કરે છે. જે વેપારી બમણા વેગથી રાજયના જી.ડી.પી.માં પોતાનું યોગદાન આપે છે. આ ફેરફારથી વેપારીઓનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ વધુ દૃઢ બનશે. આ સુધારો ખાસ ગ્રામીણ અને અર્ધ સરકારી વિસ્તારોમાં કાર્યરત નાના ઉદ્યોગો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. જયાં સાધન સંપત્તિ અને કાયદાકીય જાણકારીનો અભાવ હોય તેવા સંજોગોમાં વીસ કામદારોની આ મર્યાદા તેમને કોઇપણ ગૂંચવણ વગર આગળ વધવાની પ્રેરણા આપશે. આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના સ્વપ્ન હેઠળ રાજકોટ ખાતે વાયબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવા બદલ હું ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબનો ખૂબ ખૂબ આભાર પ્રગટ કરું છું. આજે ગુજરાતમાં સાત લાખથી વધુ એમ.એસ.એમ.ઇ. યુનિટ નોંધાયેલા છે ત્યારે આ વિધેયકથી વિકસિત ભારત ૨૦૪૭ને પ્રેરકબળ આપશે એવું હું ચોક્કસ કહી શકું છું. 'મેઇક ઇન ઇન્ડિયા' ના પ્રોજેકટ હેઠળ વિવિધ કંપનીઓ દ્વારા પાંચ લાખ કરોડથી વધારે રકમના એમ.ઓ.યુ. થયા હતા, આ વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ થકી રાજકોટ અને સૌરાષ્ટ્રના નાના મોટા ઉદ્યોગોને એક આગવી દિશા પ્રાપ્ત થઇ છે તેમજ આંતરરાષ્ટ્રીય વેપારની વૃદ્ધિ થઇ શકે છે અને રોજગારીની આગવી તકો મળી છે. હાલમાં લાગુ થનાર નવા લેબર કોડ અનુસાર મહિલાઓને કોઇપણ શીફટમાં કામ કરવાની છૂટ મળશે જેમાં રાત્રિની શીફટનો પણ સમાવેશ થાય છે જેના લીધે તમામ મહિલા કર્મચારીઓને સમાન તક મળશે અને રોજગારીના નવા માર્ગો ખુલશે. નવા લેબર રૂલ્સ અનુસાર દરેક કર્મચારીઓને એપોઇન્ટમેન્ટ લેટર આપવો ફરજિયાત છે તેમજ સમાન કામ, સમાન વેતનની જોગવાઇ અનુસાર મહિલા અને પુરૂષોને સમાન કામકાજ માટે સમાન વેતન આપવાના રહેશે. આ કાયદા અનસાર રાજયના ચાલીસ વર્ષથી વધુ ઉંમરના તમામ કર્મચારીઓને વર્ષમાં એક વખત ફ્રી હેલ્થ ચેકઅપ આપવાની સુવિધા આપવામાં આવશે. અંતમાં હું આ સુધારા દ્વારા રાજયમાં નવા નાના વેપારી ભાઇ અને અને નવા ઉદ્યોગ સાહસિકોના સમય, નાણાં અને શકિતની બચત કરી રહ્યા છીએ, તેઓ હવે તેમના ધંધાને નવી ઉંચાઇ ઉપર લઇ જવા માટે સક્ષમ બનશે. આ વિધેયક ગુજરાતને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં સમગ્ર દેશમાં અગ્રેસર રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે એવો મને વિશ્વાસ છે, આ વિધેયકમાં હું મારી સંમિત આપું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો) (સુધારા) વિધેયક ૨૦૨૬ લઇને આવ્યા એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લો મોટા ભાગે કામદારો અને ઔદ્યોગિક એકમોથી ઘેરાયેલો વિસ્તાર છે. ગુંદલાવ જી.આઇ.ડી.સી., વાપી જી.આઇ.ડી.સી. અને સરીગામ જી.આઇ.ડી.સી.માં હજારો–લાખો કામદારો કામ કરી રહ્યા છે. અમે

ત્યાં જઇને જોઇએ છીએ ત્યારે એ કામદારોનો પરિવાર પીસાય છે. મોટા ભાગના કામદારો આદિવાસી, ઓ.બી.સી., દલિત, પરપ્રાંતીય કે માઇનોરિટી હોય છે. એ બોલી નથી શકતા. મારા વિસ્તારના એક ૩૨થી ૩૪ વર્ષનો આદિવાસી છોકરો કરંટ લાગવાથી મૃત્યુ પામ્યો. જ્યારે અમે એ કંપનીમાં ગયા ત્યારે અમે ત્યાં ચિતાર જોયો તો એ કંપનીના કામદારો પોતાનું લોહી અને પરસેવો કંપની માટે વહેવડાવે છે. જ્યારે એક સગર્ભા મહિલાએ એવી રજૂઆત કરી કે ''મારે પાંચ મહિનાનો ગર્ભ છે છતાં કંપનીવાળા મને રજા આપતા નથી.'' જો સગર્ભા બહેનો પ્રાઇવેટ કંપનીમાં નોકરી કરવા જતી હોય તો એને મેડિકલ રજા આપવાની છૂટ હોવી જોઇએ. અમે જોયું કે કોઇ આકસ્મિક રીતે મરી જાય, હાથ કપાઇ જાય, આંગળીઓ કપાઇ જાય તો સારવાર માટે પણ કંપનીમાં કોઇ પણ જાતની સવલત હોતી નથી. અત્યારે અમે આલોક કંપનીના વિરોધમાં ધરણા પણ કર્યા, પ્રદર્શન પણ કર્યું અને લેબર ઓફિસરને આવેદનપત્ર પણ આપ્યું કે અમારી આટલી માગણીઓ છે અને એ પૂરી થતી નથી.'' છતાં પણ એમણે સરકારી અધિકારી તરીકે મધ્યસ્થી ન કરી. ત્યારબાદ અમે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું. અમારી માગણીઓ પણ એવી હતી કે '' અમને એપોઇન્ટમેન્ટ લેટર આપો. જે ૧૫ વર્ષથી વધારે સમયથી કામગીરી કરતા હોય એમને કાયમી કરો. કામદારોને અકસ્માતે કોઇ ઈજા થાય તો એમને વળતર ચૂકવો. કંપનીમાં જ શૌચાલયની સુવિધા આપો. કંપનીમાં જ સોડા, દૂધ કે ચા–પાણીની વ્યવસ્થા આપો. કામદારોના સાધનો માટે પાર્કિંગની વ્યવસ્થા જેવી નજીવી વ્યવસ્થા પણ કંપનીવાળા પૂરી કરતા નથી. અમે જ્યારે આંદોલન કરીને, કામદારોને લઇને કલેક્ટર કચેરી સુધી જઇએ છીએ ત્યારે કામદારોની માગણી સ્વીકારવામાં આવતી નથી. ગુંદલાવ જી.આઇ.ડી.સી.માં ૧૭૦ બહેનો કામ કરતી હતી. એ કંપની રાતોરાત બંધ થઇ ગઇ ત્યારે એ બહેનોને કોઇ પણ જાતનો પગાર આપવામાં આવ્યો નથી. આ બહેનો જાતે ઇકો ગાડી કરીને કંપનીમાં નોકરી કરવા જાય છે. એમાં બીજો સુધારો રજૂ કરું છું કે એમને જે પંચિંગ કાર્ડ આપવામાં આવે છે એ કાર્ડ પણ રેગ્યુલર હોવું જોઇએ. તેમનું પી.એફ. પણ કપાતું નથી. 'મારું બિલ મારો અધિકાર' એ ખૂબ સરસ સૂત્ર છે પણ કંપનીના કામદારોને પગાર સ્લિપ મળતી નથી અને જ્યારે કાંઇ માગણી કરવા જાય ત્યારે એચ.આર. પાસેથી, માલિક પાસેથી અને વકીલો પાસેથી એમના પર નોટિસ આવે છે કે ''તમે હડતાલ નહિ કરી શકો.'' અમે જ્યારે વલસાડ કલેક્ટરશ્રીને મળવા ગયા ત્યારે વલસાડ કલેક્ટરશ્રીએ અમને એમ કહ્યું કે ''તમે ૧૪ દિવસનો નોટિસ પિરીયડ આપીને પછી જ હડતાલ પર બેસી શકો છો.'' મારે આ બિલમાં એટલું જ કહેવું છે કે આપણે જ્યારે કામદારોનું સારું વિચારતા હોઇએ ત્યારે એમને કાંઇક સારું મળવું જોઇએ.'' વલસાડમાં ગુંદલાવ ખાતે એક કેમિકલ ફેક્ટરી છે ત્યાંની મહિલા કર્મચારીઓ પીડિત થાય છે. ત્યાંની મહિલા કર્મચારીઓને આરામના કલાકો મળતા નથી. તે કેમિકલ કંપની એટલું બધું ખરાબ ડમ્પ કરે છે છતાં પણ કોઇપણ અધિકારી ત્યાં જોવા સુદ્ધા જતાં નથી. આ બિલમાં ખૂબ સારી વાત કરી છે પણ એક બિલની વાત કામદારના હૃદય સુધી પહોંચવી જોઇએ. કામદારને તેના કામ પ્રમાણે પગાર મળવો જોઇએ, તેને એપોઇન્ટમેન્ટ લેટર મળવો જોઇએ. તેને કોઇ પણ જાતની ઈજા થાય તો મેડિકલ સારવાર મળવી જોઇએ. અકસ્માતે મૃત્યુ થાય તો તેના પરિવારને વળતર મળવું જોઇએ, પેન્શન મળવું જોઇએ. આ બાબત પણ આ બિલમાં ઉમેરવી જોઇએ. મહિલા પોતે ઘર ચલાવતી હોય છે એટલે તેના માટે સમય નક્કી કરવો જોઇએ. તેના ઘર–પરિવાર માટે રસોઇ બનાવીને પછી સવારે ૯.૦૦ વાગ્યે કંપનીમાં આવે અને ૮.૦૦ કલાક કામ કરે પછી વધારાના ચાર કલાક કામ કરે તો તેનો પગાર પણ બમણો થવો જોઇએ. આ જે બિલ લાવ્યા છે તેમાં મેં મારાં સૂચનો/સુધારાની વાત કરી છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયકમાં માનનીય સભ્યશ્રીઓએ જે વાત મૂકી છે તેની મેં નોંધ લીધી છે. સૌ પ્રથમ મારે બે વાત ધ્યાન ઉપર મૂકવી છે. બાંધકામ શ્રમયોગીને લગતો આ સુધારા વિધેયકમાં કોઇ સ્કોપ નથી, તે અલગથી છે. ખાસ કરીને જે દુકાન અને સંસ્થાનો ઉલ્લેખ થયો છે તેને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૯નું બિલ હતું તેમાં વટહુકમ બહાર પાડીને આ સુધારા વિધેયક લાવ્યા છીએ. બીજું, કારખાનાધારા હેઠળ નોંધાયેલી સંસ્થાઓનો પણ આ સુધારા વિધેયકમાં સ્કોપ નથી. મારે એક સ્પષ્ટતા કરવી છે. સંસ્થા એટલે કોઇ ધંધો, વેપાર, ઉત્પાદન કરતી અથવા પત્રકારત્વને લગતું અને પ્રિન્ટિંગનું કોઇ કાર્ય કરતી હોય અથવા બેન્કિંગ અથવા વીમા સ્ટોકની શેર દલાલી વગેરેને લગતો ધંધો, વેપાર અને વ્યવસાય અથવા ઉત્પાદનને લગતું હોય તો આ સંસ્થાની વ્યાખ્યામાં તેનો સમાવેશ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અહીંથી જે રીતે વાત થઇ તેમાં ખાસ કરીને બે ત્રણ બાબતોની મેં નોંધ કરી છે. તેમાં એક અઠવાડિયામાં ૪૮ કલાકથી વધારે કામ લઇ શકાતું નથી તે પ્રમાણેની જોગવાઇ છે. હાલ જે ૯ કલાકની કામગીરી લેવાય છે તે ૯ કલાકમાં ૮ કલાક કામગીરીને લગતાં અને વિરામને લગતો સમય ગણીને ૯ કલાક ગણેલી છે. તે રીતે વ્યાખ્યામાં જે ૯ કલાક હતી તેની ૧૦ કલાક કરી છે. તેમાં સળંગ પાંચ કલાક કામ કર્યા પછી તેમાં ફરી અડધા કલાકનો વિરામ આપ્યા પછી બાકીની કલાક તે રીતનો આ ૧૦ કલાકનો ઉલ્લેખ થયો છે અને તે પ્રમાણે આમાં સુધારો કરીએ છીએ. બીજું, ખાસ કરીને ૨૦ સુધી શ્રમયોગીઓ કે કામદારો કામ કરતા હશે તેનું રજિસ્ટ્રેશન કરવાનું છે. તેનાથી ઓછી સંખ્યા હશે તો તેની ઓનલાઇન નોંધણી કરવાની છે. તેની નોંધ ઓનલાઇન લેવાની છે પણ તેનું રજિસ્ટ્રેશન કરવાનું નથી પણ જ્યારે ૨૦થી ઓછા શ્રમયોગી/કર્મચારીઓ કામ કરતાં હશે અને ૨૦ સુધી થશે એટલે ફરી પાછું રજિસ્ટ્રેશન કરવું પડશે તેવી આ સુધારામાં જોગવાઇ છે. આ રીતે ૧૦ શ્રમયોગી/કર્મચારીઓના બદલે ૨૦ સુધી લઇ જઇએ છીએ. આ સુધારા વિધેયકમાં આટલો સુધારો થાય છે. માનનીય પરમાર સાહેબે કહ્યું કે, ૩૧ હજાર જેટલા કારખાના નોંધાયેલા છે પણ હમણાં વાત થઇ તેમ આ વિધેયકમાં કારખાનાને લગતી જોગવાઇ નથી.

તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) સુધારા વિધેયક, ૨૦૨૬

માનનીય અધ્યક્ષશ્રી, આમાં સામાન્ય રીતે દરેક કારખાનામાં કર્મચારી અને શ્રમયોગીઓ માટે લઘુત્તમ વેતનનો ઘારો લાગુ પડે જ છે. એમાં જે જગ્યાએ વિભાગમાં ફરિયાદો મળી છે એના પર પગલાં લેવા માટે અધિકારીઓને સૂચના આપેલ છે. એની સાથે જે રેગ્યુલર કર્મચારીઓ કામ કરતા હશે એમને રેગ્યુલર વેતનની સાથે ઓવરટાઇમ જે કરશે એટલે કે ત્રણ મહિનામાં ૧૨૫ કલાક જેટલો ઓવરટાઇમ લેવાનો હતો એના બદલે ૧૪૪ પણ એનો વધારાનો જે ઓવરટાઇમ આપવામાં આવશે એમાં બમણું વેતન આપવામાં આવશે. એ પ્રમાણે મહિલા શ્રમિક હશે તો એની સંમતિ અને સલામતી સાથે એના માલિક સાથે તમામ પ્રકારની સલામતીઓ સાથે એને રાત્રિના ૯.૦૦ થી સવારના ૬.૦૦ વાગ્યા સુધી કામ કરવાની જોગવાઇ છે. આ માટે સલામતીની તમામ જોગવાઇ આ બિલમાં છે અને એ પ્રમાણે કામગીરી કરવામાં આવશે. એમાં કાયદાની બહાર કોઇ હશે તો એ માટે અમે અમારા અધિકારીઓને સૂચનાઓ આપેલ છે. તેમ છતાં અધિકારીઓ પણ જો ચૂક કરશે તો એમને પણ છોડવાના નથી. આ રીતે સલામતીના ભાગરૂપે આ સુધારા વિધેયક લાવવામાં આવેલ છે. ખાસ કરીને જે એમણે મિલના કામદારોની વાત કરી એ લાગુ પડે નહીં પણ એની નોંધ લઇને એમાં શું થઇ શકે એ અંગે અમારા અધિકારીઓને સૂચના આપીને કામગીરી કરાવીશું. આ ઉપરાંત અહીંથી બે–ત્રણ અન્ય બાબતો પણ મૂકાઇ છે. લઘુત્તમ વેતન, રેગ્યુલર વેતન બાબતે પણ અમે નોંધ લીધી છે. એમાં પણ અમે ચોક્કસ પૂરી કાળજી રાખીશું. ખાસ કરીને જે મહિલા શ્રમયોગીઓની વાત કરી એમાં અગાઉ પણ ઉલ્લેખ કર્યો હતો. રાત્રિના ૯.૦૦ થી સવારના ૬.૦૦ વાગ્યા સુધી જે મહિલા કર્મચારીઓ કામ કરવા માગતા હશે એમની પૂરી સંમતિ લીધા પછી એમને પૂરેપૂરી સલામતી એમના ઘરેથી કામના સ્થળ સુધીની વાહનની વ્યવસ્થા માલિકે કરવાની થશે. મહિલાઓ માટેના શૌચાલય વગેરે તમામ પ્રકારની સુવિધા અલગથી કરવા માટેની જોગવાઇ છે. માનનીય પરમારસાહેબે કહ્યું એ રીતે અમે અમારા અધિકારીઓ દ્વારા મોલની ચકાસણી કરાવીશું અને કોઇ અનિયમિતતા જોવા મળશે તો ચોક્કસ એના પર કાયદાની મર્યાદામાં રહીને પગલાં લેવામાં જરાપણ કચાશ રાખીશું નહીં. મહિલાઓની સલામતી અને સ્વાસ્થ્ય માટે આ બિલમાં જોગવાઇ છે અને એ પ્રમાણે કાર્યવાહી કરાવીશું. સાથોસાથ અહીંથી કહેવામાં આવ્યું કે મોલ, શોપિંગ સેન્ટરમાં બેસવાની વ્યવસ્થા નથી. એમાં અમારા શ્રમ અધિકારીઓને મોકલીશું અને કોઇ અનિયમિતતા જોવા મળશે તો ચોક્કસ પગલાં લેવા માટેની જોગવાઇ આ બિલમાં છે. છેલ્લા કેટલાક સમયમાં લઘુત્તમ વેતન અંગેની ફરિયાદો મળી છે એના માટે વર્ષ ૨૦૨૫માં કુલ ૧૩ હજાર જેટલી તપાસ હાથ ધરાયેલ છે. એમાં જે લોકો પકડાયેલા હતા અને કાયદાની જોગવાઇઓને ભંગ કરેલ છે એવા ૨૬૧૮ કેસો દાખલ કરેલ છે. એના માટે કોર્ટમાંથી લગભગ બે કરોડ જેટલો દંડ વસૂલ કર્યો છે અને શ્રમિકોને કઇ રીતે મદદરૂપ થઇ શકે એમાં કાયદાની જોગવાઇની મર્યાદામાં રહીને કામગીરી કરી છે. કોઇ શ્રમિકોને અન્યાય થયો હોય તો લગભગ ૩.૧૧ કરોડનું ચૂકવણું પણ કરવામાં આવેલ છે. હમણાં અહીં પ્રસૂતિ સહાય માટેની વાત થઇ તો એ માટે મહિલા કાયદા માટેની પ્રસૂતિ રજાઓની જોગવાઇ છે એ પ્રમાણે એમને પણ રજાઓ મળે એ માટે આ અધિનિયમમાં અલગથી જોગવાઇ થાય એ માટેની વ્યવસ્થા કરીશું. સામાન્ય રીતે આ જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં સૌથી મહત્ત્વનું એ છે કે રાત્રિના સમય દરમિયાન જે મહિલાઓ કામ માટે આવશે એની સંમતિ અને સલામતી સાથે રેગ્યુલર વેતનથી બમણું વેતન આપવાનું થાય એ પ્રમાણેની જોગવાઇ કરવામાં આવી છે. મહિલાઓની રોજગારી વધે, મહિલા સશક્તિકરણ વધે, નાના ઉદ્યોગો વધારે નફાકારક કામ કરી શકે તેમજ નાના શ્રમિકો આની સાથે જોડાશે એમને પણ સલામતિ સાથે પૂરતું વેતન મળે એ માટેની પૂરતી જોગવાઇ છે અને કાળજી રાખવામાં આવશે. આ સુધારા વિધેયકમાં રોજગારી વધે, નાની સંસ્થાઓ અથવા દુકાનોમાં લોકો વધારે કામ કરતા થાય, નફાકારકતા વધે અને આવતા દિવસોમાં મહિલા સશક્તિકરણથી આગળ વધી શકાય એવી જોગવાઇઓ સાથેનું અમે આ સુધારા વિધેયક લઇને આવ્યા છીએ. આપણે આ બિલ રોજગારી વધે અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન મળે એના ભાગરૂપે લઇને આવ્યા છીએ ત્યારે ગૃહના બધા જ સભ્યશ્રીઓ સર્વસંમતિથી આ સુધારા વિધેયકને પસાર કરે એવો હું અનુરોધ કરું છું.

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે જે રીતે અમારા વાંસદાના ધારાસભ્ય શ્રી અનંતભાઇ પટેલએ પાંચ મહિનાની સગર્ભા સાથે થયેલો અન્યાય અને એમની રજાઓની જે કંપની માટેની વાત કરી છે એના માટે આપ કંઇ બાંહેધરી આપો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, માનનીય મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી દીધી છે. એમણે માત્ર દુકાન અને સંસ્થાની જ વાત કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની વાત સાથે એગ્રી છું પણ જે રીતનો કિસ્સો બનેલો છે અને મહિલાની વાત છે એટલે સ્વાભાવિક છે કે શ્રી અનંતભાઇએ સગર્ભા મહિલાની વાત કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : એ બીજો વિષય છે. આપ માનનીય મંત્રીશ્રીને જાણકારી આપજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાનો જ વિષય છે. વિષય બીજો નથી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : શ્રી શૈલેષભાઇ, આપ મને વિગત આપજો એની તપાસ કરાવીને પગલાં લેવડાવીશું. ભલે આમાં નહીં આવે પણ સ્કોપ બહાર જઇને પણ એમાં પગલાં લેવડાવીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે આ બિલમાં મહિલાઓની સ્વાયત્તતા, સલામતિ, એમની સંમતિ અને જરૂરી તમામ સવલતો પૂરી પાડવાની તેમજ વળતરથી માંડીને બધી જ બાંહેધરી આપી છે ત્યારે કોંગ્રેસ પક્ષ તરીકે અમે આ બિલને ટેકો આપીએ છીએ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક ૧– સન ૨૦૨૬નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧– સન ૨૦૨૬નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક ૧–સન ૨૦૨૬નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૩–૦૦ કલાકે મળશે.

(વિરામ બપોરના ૨–૨૦ થી ૩–૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

સન–૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક:૩

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી સંજયસિંહ વિ. મહિડા (માનનીય રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, * રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૨૬ના વિધેયક ક્રમાંક:૩, સન ૨૦૨૬ના સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભાગૃહમાં વિધેયક રજૂ થવાના બે દિવસ પહેલાં સભ્યશ્રીઓને નકલ આપવા બાબત

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ–૧૨૧ કનો પેટા નિયમ–૩ અધ્યક્ષ આવી સૂચના દાખલ કરે ત્યાર બાદ વિધેયકના પ્રભારી મંત્રીને તેની જાણ કરવામાં આવશે અને જે દિવસે વિધેયક દાખલ કરવાનુ સૂચવ્યું હોય તે દિવસથી કામકાજના ઓછામાં ઓછાં બે દિવસ પહેલાં સભ્યોમાં વહેંચવા માટે મંત્રી આ વિધેયકની નકલ મોકલી આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક જે છે તેની નકલ નિયમ પ્રમાણે ઓછામાં ઓછાં બે દિવસ પહેલાં મળેલ નથી. આ વિધેયકની નકલ ૧૩ તારીખે સભ્યશ્રીના લોગઇનમાં નેવામાં રાત્રે ૨૦–૩૫ એટલે કે સાડા આઠે મળી છે અને આ વિધેયક આજે ૧૭ તારીખે ગૃહમાં આવ્યું છે. એટલે કામકાજના પૂરાં બે દિવસની સૂચના સભ્યશ્રીને મળેલ નથી એટલે નિયમ પ્રમાણે આ બિલ અત્યારે વિધાનસભાની અંદર ચર્ચામાં લેવાવું જોઇએ નહીં એવો મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

---

* વિધેયક તા:૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : કામકાજ સલાહકાર સમિતિમાં આની વિસ્તૃત ચર્ચા થયેલી છે અને તમે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે તે બાબતે તપાસ કરીને આગળ જોઇશું અત્યારે મેં રૂલિંગ પણ આપી દીધુ છે કે વિધેયક દાખલ કરવામાં આવે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન કામકાજ સલાહકારનો નથી પ્રશ્ન સભ્યશ્રીને ઓછામાં ઓછાં બે દિવસ પહેલાં આની જાણ કરવી તે નિયમમાં લખેલું છે. કામકાજ સલાહકાર સમિતિ માત્ર સદનની અંદર લાવવા માટે નક્કી કરે છે પણ જે સરકારી વિધેયક દાખલ કરવાની અનુમતિ અધ્યક્ષશ્રીએ આપી દીધી હોય અધ્યક્ષશ્રીની અનુમતિ મળ્યા પછી ઓછામાં ઓછાં બે દિવસ પહેલાં સભ્યોને આપવું ફરજીયાત છે આ નિયમ પ્રમાણે. હાલના કિસ્સામાં ઓછામાં ઓછાં બે દિવસ કામકાજના બે દિવસ પહેલાં આ વિધેયક સભ્યોને મળેલ નથી એટલે આ વિધેયકની ચર્ચા થઇ શકે નહીં. આ વિધેયક માત્ર કામકાજના એક દિવસ પહેલાં મળેલ છે અને નેવા લોગઇનનું પ્રૂફ અત્યારે હું સ્ક્રીન શોટ કરીને લાવ્યો છું. ૧૩ તારીખના બદલે જો આ બિલ ૧૨-૨-૨૦૨૬ના રોજ નેવામાં આવ્યુ હોત, સરકયુલેટ થયુ હોત તો નિયમ પ્રમાણે હતું પણ અત્યારે નિયમ પ્રમાણે નથી એટલે આ બિલની આજે ગૃહમાં ચર્ચા થઇ શકે નહીં.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો આપને અભિનંદન એ માટે આપીએ કે સમગ્ર દેશની આ પહેલી વિધાનસભા છે જેમાં આપણે પેપરલેસ કામગીરી કરીએ છીએ. માનનીય બધા જ ધારાસભ્યશ્રીઓને આપણે આના માટેની જે પણ ભૌતિક સુવિધાઓ જોઇએ જે લેપટોપ જોઇએ તમારે જે જોઇએ તે બધુ જ રાજય સરકાર તરફથી, માનનીય સ્પીકર તરફથી પ્રોવાઇડ કરવામાં આવ્યું છે. અને એટલા માટે અહીંયા જે નિયમો પહેલાં હતા ધારો કે માનનીય રાજયપાલશ્રીએ પ્રવચન કર્યું અને પછી એવું કહ્યું કે પ્રતો વહેંચવામાં આવશે પણ એ ઓલરેડી આપણાં ઉપર આવી ગયેલી છે કે પ્રત આપણે વહેંચતા નથી એમ એ પણ જે તે સમયે જોયું હોય તો એની સમય-મર્યાદામાં આ ડાઉનલોડ થયું છે અને ડાઉનલોડ થયા હોવાના કારણે આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, ડાઉનલોડનો પ્રશ્ન નથી અપલોડનો પ્રશ્ન છે અપલોડ જ રાત્રે ૮-૦૦ વાગ્યે થયું છે. ૧૩મી તારીખે રાત્રેના ૮-૦૦ વાગ્યે અધિકારીક રૂપે વિધાનસભા સચિવાલયે અપલોડ કર્યું. એટલે ૮-૦૦ વાગ્યાથી જ બધાની નોટિસમાં આવ્યું એવું માનવાને કારણ છે. કામકાજનો આખો દિવસ પૂરો થઇ ગયો, કચેરી સમય પૂરો થયા પછી આ બિલની સૂચના સભ્યોને મળી છે ૮-૦૦ વાગ્યા પછી ડાઉનલોડ થયું ૮-૦૦ વાગ્યા પહેલાં અપલોડ જ નથી થયું એટલે આ વિધેયકની સૂચના બે દિવસ અગાઉ મળેલ નથી, નિયમ-૧૨૧(ક)ના પેટા નિયમ-૩ પ્રમાણે ડિજિટલ અથવા ફિઝિકલ પ્રિન્ટ કોપીમાં ઓછામાં ઓછાં બે દિવસ પહેલાં બિલ મળવું જરૂરી છે, જે મળેલ નથી.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે કોઇ માનનીય ધારાસભ્યશ્રીએ પોતાની વાત પોઇન્ટ ઓફ ઓર્ડરના માધ્યમથી કરવી હોય તો બિલ રજૂ કરે એ પહેલાં કરવાની હોય છે. કલમ-૫૩, ૫૬, ૮૧ અને ૫૫ આ ચાર કલમોથી સ્વવિવેકના માનનીય અધ્યક્ષશ્રીને અધિકાર મળેલ છે. એના લીધે આપે માનનીય મંત્રીશ્રીને સૂચના આપી તો એ રજૂઆત પછી પોઇન્ટ ઓફ ઓર્ડર આવે તો એ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો બિલ રજૂ થતાં પહેલાં પોઇન્ટ ઓફ ઓર્ડર હોવો જોઇએ. બીજી વાત છે કે સમય મર્યાદા એટલા માટે નક્કી કરી હોય છે કે કોઇ માનનીય સભ્યશ્રીને એમાં એમેન્ડમેન્ટ રજૂ કરવું હોય તો એનો ટાઇમ મળે. માનનીય સભ્યશ્રીને એમેન્ડમેન્ટ રજૂ કરવું હોય તો ગઇકાલે આખો દિવસ ગયો એમાં કરી શક્યા હોત. આજે કરી શક્યા હોત. એમાં ખાસ કિસ્સામાં માનનીય અધ્યક્ષશ્રી સ્વીકારતા હોય છે. બીજું, માનનીય અધ્યક્ષશ્રીને બધી જ સત્તાઓ છે. જેટલો સમય નક્કી કરેલ હોય એ નક્કી કરેલ સમયમાં ઘટાડો કરી શકે એટલે આ કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી અને ગૃહનો સમય ચર્ચામાં ન બગાડવો જોઇએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં બિલ ક્યારે રજૂ કરવાનું છે એ બિલ અને દિવસ નક્કી થઇ ગયો છે. માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય લીધો કે કયા દિવસે બિલ આવશે. એટલે હવે એ દિવસે એમણે જ્યારે અનુમતિ આપી હોય ત્યારે કોઇ મુદ્દો ઉપસ્થિત થતો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એમાં બાબત એટલી છે કે કામકાજ સલાહકાર સમિતિમાં નિયમ મુજબ જે નક્કી થયું કે આ બિલ આ દિવસે આવશે. ગઇ કાલે વિધાનસભા ગૃહમાં કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ રજૂ થયો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો છે. વાત એ નથી. માનનીય સભ્યશ્રીની વાત એ હતી અને પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે બિલની જે તારીખ નક્કી કરી હોય એના બે દિવસ પહેલાં એ બિલ દરેક સભ્યશ્રીને મળવું જોઇએ. અત્યારે નેવાના આધારે બિલ મળે છે. આધાર એમણે રજૂ કર્યો છે કે એમને બિલ બે દિવસ પહેલાં મળ્યું નથી એનો પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે. ભૂતકાળના નિયમો મુજબ અધ્યક્ષશ્રીને અબાધિત અધિકાર છે. આ અધિકારના સ્વરૂપમાં માનનીય અધ્યક્ષશ્રીઓના અગાઉના રુલિંગ પણ છે કે આ રીતના જે કોઇ પ્રશ્નો ઊભા થયેલા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે એ સભાગૃહે માન્ય રાખ્યો છે. વિનંતી સાથે આપને કહીએ છીએ કે ભૂતકાળની અંદર માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા નિર્ણયો, નિયમથી ચાલતી આ વિધાનસભા છે ત્યારે દરેક સભ્યશ્રીને બે દિવસ પહેલાં જે કોઇ બિલ સરકારશ્રી રજૂ કરવા માગતી હોય તેની નકલ મળી જાય એવી માનનીય મંત્રીશ્રી આપને વિનંતી કરીએ છીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો હજી પણ એ છે કે કામકાજ સલાહકાર સમિતિ માત્ર એટલું જ નક્કી કરે છે કે આ વિધેયક કઇ તારીખે ગૃહમાં ચર્ચામાં લેવામાં આવશે. નિયમો એવું કહે છે કે જે તારીખે વિધેયક ગૃહમાં

ચર્ચામાં લેવાનું હોય એ તારીખની પહેલાં કામકાજના બે દિવસ સુધીમાં સભ્યોને એની નકલ આપવી. કામકાજ સલાહકાર સમિતિએ ૧૭ તારીખે ચર્ચામાં લેવાનું નક્કી કર્યું હોય તો એ વિધેયક લાવનાર પ્રભારી મંત્રીશ્રીની ફરજ બને છે કે નિયમ–૧૨૧ (ક)ના પેટા નિયમ–૩ પ્રમાણે, ૧૭ તારીખના કામકાજના બે દિવસ પહેલાં એટલે કે ૧૩મી ફેબ્રુઆરી અને ૧૬મી ફેબ્રુઆરી, આ બન્ને દિવસ પહેલાં એટલે કે ૧૨મી ફેબ્રુઆરીએ જો આ બિલ નેવામાં આવતું તો પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. કામકાજ સલાહકાર સમિતિ એટલું જ નક્કી કરશે કે બિલ કઇ તારીખે આવશે. સભાગૃહમાં આવતા પહેલાંની ફોર્માલિટી આ નિયમ–૧૨૧માં લખેલી છે. જે ફોર્માલિટી લીગલ ફોર્માલિટી છે એ પૂરી થયેલ નથી એટલે આ બિલ કાયદેસર રીતે આ ગૃહમાં આજે રજૂ થઇ શકે નહીં એવી મારી માગણી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પોઇન્ટ ઓફ ઓર્ડર લઇને આવ્યા છે એમાં બિલ મૂવ થઇ ગયા પછી લાવ્યા છે. હકીકતમાં બિલ મૂવ થઇ ગયા પછી કોઇપણ પ્રકારનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ વિષય નિયમ બધાને લાગુ પડે છે. એમની વાત પણ સાચી. પરંતુ જે મૂળ પ્રશ્ન છે કે માનનીય અધ્યક્ષશ્રીના અધિકારો. બિલ મૂવ કરતાં પહેલાં તમે કહ્યું હોત તો બરાબર છે. જ્યારે માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપ્યા પછી આપણા વિધાનસભામાં વિધેયક દાખલ કરવાના નિયમ–૮૧ અને પ્રસ્તાવો રજૂ કરવા માટે નિયમ–૯૫, આ બન્નેની જોગવાઇઓ પ્રમાણે માનનીય અધ્યક્ષશ્રીને પોતાના સ્વવિવેક ઉપર આનો નિર્ણય કરવાનો અબાધિત અધિકાર મળેલો છે. અને આનાથી અધ્યક્ષશ્રીના પૂર્વ નિર્ણયો છે એ પૂર્વ નિર્ણયોમાં ૧૨, ૧૪, ૧૫ અને સન ૧૯૬૦થી શરૂ કરીને સન ૨૦૨૦ સુધીમાં ૧૫૨, ૫૩ અને ૫૫ માં આ વાત સ્પષ્ટ થયેલી છે. એટલે કોઇ પણ સંજોગોમાં આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. ચર્ચાને આગળ કરવાનો કોઇ સવાલ પેદા થતો નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક રેફરન્સ લેવો જરૂરી છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ગોપાલભાઇ હવે વિષય મૂકાઇ ગયો છે. બધા જ વિષય આવી ગયા છે અને બધાએ ચર્ચા કરી છે. (અંતરાય) સભ્યશ્રી આપ બેસો. શાંતિ રાખો. માનનીય સભ્યશ્રી ગોપાલભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો છે. આપણા સિનિયર સભ્યશ્રી રમણભાઇ વોરા, સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, માનનીયશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર બધાએ એમાં ભાગ લીધો છે. એક વખત બિલ અધ્યક્ષશ્રી દાખલ કરી દે પછી કોઇ પણ પોઇન્ટ ઓફ ઓર્ડર શ્રી ગોપાલભાઇ ઇટાલિયાનો રહેતો નથી. આ વિધેયક દાખલ કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી પહેલું વાચન કરવામાં આવે.

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬ (ક્રમશઃ)

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૩ સન ૨૦૨૬ના સૌરાષ્ટ્ર, ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન ગુજરાત સુધારા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સૌરાષ્ટ્ર, ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૭૯ની કલમ ૭૫ અને ૭૫–એ ના જરૂરી સુધારા સૂચવતું સૌરાષ્ટ્ર, ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન ગુજરાત સુધારા વિધેયક સન ૨૦૨૬ને આ સન્માનીય સભાગૃહમાં રજૂ કરવાની હું પરવાનગી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, આ એક મહત્ત્વપૂર્ણ વિધેયક છે. આપણા રાજ્યના ખેડૂતોના હિતનું રક્ષણ કરશે. જમીન વ્યવહારોમાં કાયદાકીય સ્પષ્ટતા લાવશે. સૌ પ્રથમ તો હું દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના નેતૃત્ત્વ હેઠળ આપણી સરકારનો આભાર માનું છું. આ સરકારે હંમેશા ખેડૂત હિત સર્વોપરીના મંત્ર સાથે ખેડૂતોના અધિકારોના રક્ષણ અને તેમના સર્વાંગી ઉત્કર્ષ માટે અનેક ક્રાંતિકારી નિર્ણયો લીધા છે. આપણી સરકાર ખેડૂતોની ચિંતા કરતી સંવેદનશીલ સરકાર છે. ખેડૂતલક્ષી સુધારાઓ દ્વારા ખેડૂતોને આર્થિક રીતે સદ્ધર બનાવવા માટે હંમેશા કટીબદ્ધ રહી છે. હાલમાં ગુજરાત રાજ્યમાં જુદા જુદા ૩ ગણોત અંગેના કાયદાઓ અમલમાં છે જેમાં ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯, ગુજરાત ગણોત અને ખેતીની જમીન વિદર્ભ અને કચ્છ ક્ષેત્ર અધિનિયમ ૧૯૫૮નો સમાવેશ થાય છે. આજે સૌરાષ્ટ્ર વિસ્તારમાં અમલમાં રહેલો સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૭૫ તથા કલમ ૭૫–એ માં સુધારા વિશે ચર્ચા કરવાની છે. હાલમાં વટહુકમની કલમ હેઠળ જો કોઇ વ્યક્તિ કોઇ જમીનનો અનધિકૃત્ત રીતે ભોગવટો કરતી હોય અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય તો કલેક્ટરશ્રી દ્વારા સંક્ષિપ્ત કાર્યવાહી કરી જમીન ખાલી કરાવવાની જોગવાઇ છે. પરંતુ ગેરકાયદેસર તબદીલીના કિસ્સામાં પુન:સ્થાપન અને સરકાર હસ્તકની એક કરવા સ્પષ્ટ પ્રક્રિયા નથી. વધુમાં ગુજરાત ગણોત એક્ટ ૨૮/૨૦૧૫ તા.૫/૧૨/૨૦૧૫થી ઉમેરવામાં આવેલ કલમ–૭૫–એ હેઠળ જો ખેડૂત ના હોય તેવી વ્યક્તિ અથવા કોઇ સંસ્થાના તરફેણમાં ખેતીની જમીન તબદીલ થયેલી હોય તો તેવી વ્યક્તિ અથવા સંસ્થા ઉપર આવી જમીનની પ્રવર્તમાન જંત્રીની કિંમતની રકમથી ત્રણ ગણી રકમનો દંડ કરવાની જોગવાઇ છે. પરંતુ દંડની રકમ ભરપાઇ કરવા માટે કોઇ સમયમર્યાદા નથી.

અને જમીન પરત કરવા અંગે સ્પષ્ટ પ્રક્રિયા નથી. હાલની જોગવાઈઓના અમલ દરમિયાન કેટલીક મહત્ત્વની બાબતો જણાઈ આવેલ છે. પ્રથમ કલમ–૭૫ હેઠળ ગેરકાયદેસર તબદીલી થયેલ જમીન અંગે આગળની કાર્યવાહી ખાસ કરીને પુનઃસ્થાપન અને સરકાર હસ્તકની નિહિત કરવા અંગે કાયદાકીય સ્પષ્ટતા નથી. કેટલા સમયમાં જમીન પરત કરવી, કોને પરત કરવી, જો પરત ન કરે તો શું કરવું આ બધા પ્રશ્નો અસ્પષ્ટ છે. બીજું કલમ–૭૫ (એ) હેઠળ દંડ નક્કી કરવામાં આવ્યો છે પરંતુ દંડ ચૂકવવા માટે કોઈ સમયમર્યાદા નથી આથી ઘણા વર્ષો સુધી મામલો અટકી શકે છે અને ખેડૂતને તેની જમીન પાછી મેળવવા માટે વિલંબ થાય છે. બીજું પુનઃસ્થાપન અને સરકાર હસ્તક નિહિત કરવાની પ્રક્રિયામાં રાજયમાં અમલમાં રહેલ અન્ય ગણોત કાયદાઓ સાથે એકરૂપતાની જરૂરિયાત છે. જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા કાયદાઓ અલગ અલગ રીતે કામ કરે છે એ બાબત પણ ધ્યાને લેવાની રહી છે. ચોથું, સરકાર વિરુદ્ધ ચાલી રહેલા અનેક કાયદાકીય મામલાઓમાં એવી દલીલો કરવામાં આવે છે કે કાયદામાં સ્પષ્ટતા નથી. આ સુધારાથી આવી કાયદાકીય બાબતોનો અસરકારક બચાવ શકય બનશે. આ તમામ કારણોસર આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે જેથી કાયદામાં સ્પષ્ટતા આવે, પ્રક્રિયા સરળ બને અને ખેડૂતોના હિતનું યોગ્ય રક્ષણ થાય. આ વિધેયકમાં મહત્ત્વપૂર્ણ સુધારા સૂચવવામાં આવી રહ્યા છે. કલમ–૭૫ના સૂચિત સુધારા, હાલની જોગવાઈઓ ફકત અનઅધિકૃત કબજાઓ ખાલી કરવાની જોગવાઈ છે. આ સુધારા દ્વારા હવે ગેરકાયદેસર તબદીલીના કિસ્સામાં સ્પષ્ટ અને વ્યવસ્થિત પ્રક્રિયા નક્કી કરવામાં આવી રહી છે. પહેલું કલેકટર આપમેળે અથવા જમીનમાં હિત ધરાવતી કોઈ વ્યકિતની અરજીના આધારે કાર્યવાહી શરૂ કરી શકશે. બીજું કોઈ કલેકટર સંબંધિત તમામ વ્યકિતઓને નોટીસ આપશે અને તેમને સાંભળવાની પૂરતી તક મળશે. ત્રીજુ, ચોથી તબદીલી ગેરકાયદેસર જણાય તો કલેકટર ફાળવે તેવી તારીખે ત્રણ મહિનાની મુદતમાં જમીન વેચનારને જમીન પરત કરવા જણાવશે અને ખરીદનારને તે જમીન પરત કરવાની રહેશે. ચોથું, જો નક્કી કરેલી મુદતમાં જમીન અગાઉની સ્થિતિમાં પરત ન કરવામાં આવે તો કલેકટર તબદીલી ગેરકાયદેસર જાહેર કરશે અને આવી જમીન તમામ બોજા રહિત સરકારમાં નિહિત થશે. પાંચમું, સરકારમાં નિહિત થયેલ આવી જમીનોનો નિકાલ સરકારી પડતર જમીન તરીકે કરવામાં આવશે. કલમ–૭૫–(એ)માં સૂચિત સુધારા હાલમાં કલમ–૭૫ –(એ) હેઠળ ફકત ત્રણ ગણી રકમના દંડની જોગવાઈ છે પરંતુ દંડ ચૂકવવા માટે કોઈ સમયમર્યાદા નથી અને જમીન પરત કરવાની પ્રક્રિયા સ્પષ્ટ નથી. આ સુધારા દ્વારા હવે નક્કી કરવામાં આવી રહ્યું છે કે બિન ખેડૂત વ્યકિત અથવા સંસ્થાને જમીન પ્રવર્તમાન જંત્રી કિંમતથી ત્રણ ગણી રકમ એક મહિનાની મુદતમાં ભરપાઈ કરવાની રહેશે. સદર જમીન વેચાણ આપનાર ખેડૂત ખાતેદારને અગાઉની સ્થિતિએ પરત કરવાની રહેશે. આ સુધારો બિનખેડૂતોના તરફેણમાં થતી ખેતીની જમીનની તબદીલીઓ ઉપર અસરકારક નિયંત્રણ લાવશે અને ખેડૂતોના હિતનું રક્ષણ કરશે. રાજયમાં અમલમાં અન્ય ગણોત કાયદાઓ સાથે એકરૂપતા જાળવવવા માટે કલમ–૭૫ (એ) નો આ સુધારો તા. ૫–૧૨–૨૦૧૫ની અસરથી લાગુ પાડવામાં આવશે. આથી કાયદાના અમલમાં સુસંગતતા રહેશે. આ સુધારાઓથી અનેક મહત્ત્વપૂર્ણ લાભો થશે. પ્રથમ કાયદાકીય પ્રક્રિયામાં સ્પષ્ટતા અને નિશ્ચિંતતા આવશે. ગેરકાયદેસર જમીન તબદીલીના કિસ્સામાં હવે સ્પષ્ટ પ્રક્રિયા હશે, નોટીસ સુનાવણી ત્રણ મહિનાની મુદત, પુનઃસ્થાપન કે સરકાર હસ્તકની નિહિત રહેશે, આથી કલેકટર, વકીલો અને નામદાર અદાલતોને પણ સ્પષ્ટ માર્ગદર્શન મળશે. બીજું, ઝડપી ન્યાય અને સમયમર્યાદા, હવે બિનખેડૂતે એક મહિનામાં દંડ ચૂકવવાનો રહેશે અને જમીન પરત કરવાની રહેશે. આથી મામલો વર્ષો સુધી લટકતો નહીં રહે અને ખેડૂતોને ઝડપી ન્યાય મળશે. ત્રીજું ખેડૂતોના હિતોના રક્ષણ થશે. જે ખેડૂતે પોતાની ખેતીની જમીન ગેરકાયદેસર રીતે ગુમાવી હોય તેને ત્રણ મહિનામાં પાછી મળવાની સ્પષ્ટતા/ જોગવાઈ છે આથી મૂળ ખાતેદારના હક્કનું રક્ષણ થશે. ચોથું, ગેરકાયદેસર જમીન વ્યવહારો સામે અસરકારક નિયંત્રણ થશે. સ્પષ્ટ મર્યાદા અને સ્પષ્ટ પરિણામોથી લોકો ગેરકાયદેસર રીતે જમીન ખરીદતા પહેલા બે વાર વિચારશે. આથી આવા વ્યવહારો ઉપર અંકુશ મેળવી શકાશે. પાંચમું, રાજયભરમાં એકસમાન કાયદો, આ સુધારો રાજયમાં અમલ રહે અને અન્ય ગણોત કાયદાઓ સાથે સુસંગતતા લાવશે. ગુજરાતના તમામ વિસ્તારોમાં એક જ રીતે કાયદો લાગુ થશે. જે વહીવટી સુસંગતતા જરૂરી છે. છઠ્ઠું કાયદાકીય વિવાદોમાં ઘટાડો થશે. કાયદામાં સ્પષ્ટતા આવવાથી સરકાર વિરુદ્ધ ચાલી રહેલ કેસોમાં મજબૂત બચાવ શકય બનશે અને ભવિષ્યમાં નવો વિવાદ પણ ઓછો થશે. સાતમું, જાહેર હિતના કાર્ય માટે જે જમીનો ગેરકાયદેસર રીતે હસ્તાંતરણ થયેલ હોય અને નક્કી સમયમાં પુનઃસ્થાપન ન થાય તે સરકારને નિહિત થશે. આ જમીનનો ઉપયોગ શાળા, હૉસ્પિટલો, રસ્તા વગેરે જાહેર હિતના કાર્યો માટે કરી શકાશે. આમ આ સુધારા વિધેયક સૌરાષ્ટ્રના ખેડૂતોના હિત, વહીવટી એકરૂપતા અને કાયદાકીય સ્પષ્ટતા માટે ખૂબ જરૂરી છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. તમે લૉ કરતાં હોવ તો એલ.એલ.બી.ના પહેલાં વર્ષના પહેલાં લેક્ચરમાં બહુ ફન્ડામેન્ટલ ફિલોસોફી અમને વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે કે ''There is no Motive, There is no crime.'' કોઈ પણ ગુનાહિત કૃત્યનો એક ઇરાદો હોય. એ જ વસ્તુ અહીંયા લાગુ પડે છે. કોઇ પણ બિલ હોય એના ચોક્કસ કારણ હોય છે. આ બિલના ઉદ્દેશોનો પારા–૨ છે એણે મને મારા વિચારો રજૂ કરવા પ્રેરિત કર્યો છે. સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ની કલમ–૭૫ સુધારવાનું જરૂરી જણાયું છે કે જેથી કરીને કોઇ વ્યકિત જે જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરતી હોય અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય તેવી જમીન રાજ્ય સરકારમાં નિહિત થયાની તારીખે જમીન પરના કાયદેસર રીતે અસ્તિત્ત્વ ધરાવતા તમામ બોજામાંથી મુકત હોય એવી જમીન રાજ્ય સરકારમાં નિહિત કરીને જમીનના નિકાલ માટેની જોગવાઇ

કરી શકાય. વિધેયકની કલમ–૨થી તેની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૧૯૪૯માં એક્ટ બન્યો ત્યારે મૂળ આશય એ હતો કે ''જે લોકો ખેડૂત નથી પણ સાધન–સંપન્ન છે એવા ઘણા બધા લોકો પોતાની સંપત્તિ અને પૈસાના જોરે ખેડૂત પાસેથી જમીન ખરીદતાં. જેમ absentee માણસો મોટી–મોટી જમીનો ખરીદે છે અને સ્થળ પર જતા નથી, પોતે જમીન ખેડતા નથી. એમ એક ખૂબ મોટો વર્ગ આપણા દેશમાં તૈયાર થયો હતો. આજે પણ છે. એ કોન્ટેક્ષ્ટમાં આ વસ્તુ સારી છે. હું એને બિરદાવું છું. મને intension પર ડાઉટ છે. આમાં કલેક્ટરોને સત્તા આપી છે કે ''જે જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરતી હોય અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય તેવી જમીન સરકારમાં નિહિત કરશે. આ કલેક્ટરો આવું કરી રહ્યા છે? ૧ લાખ ટકા નહિ અને એનો પુરાવો એ છે કે ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા ધારા તળે ૧,૬૩,૮૦૮ એકરથી વધુ જમીન એક્ટ બન્યો ત્યારથી અત્યાર સુધી ગુજરાતના આદિવાસી, ઓ.બી.સી., દલિત, ભૂમિહીન ખેતમજૂરો અને આર્મીના જવાનોને આપવામાં આવી. આ બિલ પ્રમાણે આવા ગેરકાયદેસર કબજા, ભોગવટા દૂર કરવાની કલેક્ટરને સત્તા છે અને આપણી એવી ધારણા છે, અપેક્ષા છે કે એ એવું કરશે. આ બધી ટોચમર્યાદાની અને સાથણીમાં જેટલી પણ જમીનો ફળવાઇ એની પૂરી જવાબદારી સાથે કહું છું કે હું પોતે મહેસૂલ વિભાગને ૨૦,૦૦૦ વીઘા જમીન અત્યારે આ ક્ષણે બતાવી શકું. જે ઓ.બી.સી., દલિત, આદિવાસી અને એક્સ આર્મી મેનને ફાળવેલી છે, એમના નામે બોલે છે, ૭/૧૨માં એમનું નામ છે, કાયદેસરના જમીન ફાળવણીના હુકમ થઇ ગયા છે. આ ભૂમિહીન ખેતમજૂરો એના બોનાફાઇડ લીગલ કાયદેસરના માલિક છે અને આ જમીનો સબબ મામલતદાર, પ્રાંત અધિકારી, કલેક્ટરની કોઇ કોર્ટમાં, હાઇકોર્ટ, સુપ્રીમકોર્ટમાં કોઇ મેટર સબજ્યુડિસ નથી અને છતાં એ જમીનો પરના ગેરકાયદેસર દબાણો ૨૫ વર્ષથી દૂર કરવામાં આવતા નથી. સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં બે દિવસ પહેલાં અનુસૂચિત જાતિ ખેતી સહકારી મંડળીના ખેતમજૂરોની ટીમ મને મળવા આવી કે ''મામલતદાર, પ્રાંત અધિકારી, કલેક્ટર અને મહેસૂલ સચિવને ૧૫–૨૦ વર્ષથી અમે લખીએ છીએ. અમારી ૭,૫૦૦ વીઘા જમીનમાં દબાણ છે અને એક ઇંચ જમીનનો કબજો અમે સોંપતા નથી.'' એટલા માટે ઇન્ટેન્શનમાં ડાઉટ પડે છે. સરકાર આ બિલ લઇને આવી એનો તો હું બિરદાવું છું. આનાથી સારું થવાનું હોય. જે માણસો ખરેખર ખેડૂત નથી એને ખોટી રીતે જમીન માલિક બનતા અટકાવીએ એનાથી રૂડું કાંઇ નથી. પણ કલેક્ટર તંત્ર/મહેસૂલ વિભાગનો ઇન્ટેશન આવો રહેશે? અને તેના પર ડાઉટ કરવાનું કારણ આવી રહ્યું છે. આ કબજા મળવા એટલા બધા જરૂરી છે કે સૌરાષ્ટ્ર જ્યારે સેપરેટ સ્ટેટ હતું ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી ઉછંગરાય ઢેબર હતા. આજે અમેરિકામાં એવું બોલાય છે કે હોટેલ, મોટેલ એન્ડ પટેલ. **આ પટેલ સમાજની ગુજરાત, દેશ અને દુનિયામાં જે સમૃદ્ધિ થઇ તેના મૂળમાં ઉછંગરાય ઢેબરે ફાળવેલી જમીનો છે. ૧૨ લાખ એકર જમીન એટલે કે લગભગ ૩૦ લાખ વીઘા જમીન ફાળવી છે. બહુ સમજવા જેવો મુદ્દો છે. આ ૩૦ લાખ વીઘા જમીનો કચ્છમાં અને સૌરાષ્ટ્રમાં જે કડવા અને લેઉવા પાટીદારોને મળી એ જમીનોને પોતાના પરસેવાથી સમૃદ્ધ કરી, નવપલ્લવિત કરીને તેની આવકમાંથી બીજી જમીનો ખરીદી અને પછી આગળ જતાં વર્ષ ૧૯૫૨માં સૌરાષ્ટ્ર લેન્ડ રિફોર્મ એક્ટ બન્યો. વર્ષ ૧૯૫૨ થી ૬૨–૭૨–૮૨ સુધીમાં એ જમીનોમાંથી આવેલી સમૃદ્ધિના પગલે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ, ગ્રામ્ય કક્ષાએ નાની મોટી દુકાનો કરી, નાના મોટા વ્યાપાર શરૂ કર્યા, પરદેશ જવાનું શરૂ કર્યું. સિલિકોન વેલીમાં ગયા અને ત્યાં હોટેલ અને મોટેલ બનાવીને આજે આપણા સ્ટેટનું અને અમુક અંશે ત્યાંનું પોલિટિક્સ પણ ડોમિનેટ કરે છે. ગુજરાતમાં અને ગુજરાતની બહાર પટેલ સમાજનો આ જે ઇકોનોમિક પાવર એસ્ટાબ્લિસ થયો તેના મૂળમાં જમીન છે.** ઇન્ટરેસ્ટિંગ વાત એ છે કે, પટેલ સમાજના આ બધા ગણોતિયાઓને ટેનેન્ટ કિલર ગણાવ્યા. જમીનોના કબજા મળી ગયા પણ જો તમે દેવીપૂજક, રાવળ, ઠાકોર, કોળી–પટેલ અને વિશેષ કરીને આદિવાસી કે દલિત હોય અને ૨૫ વર્ષથી તમે મામલતદાર, પ્રાંત અધિકારી કલેક્ટર, અને મહેસૂલ સચિવને અરજીઓ કરો છતાં એક ઇંચ જમીનનો કબજો આપતા નથી. આના માટે આ વિષય ઉપર હું જ્યારે મેઇન સ્ટ્રીમ પોલિટિક્સમાં ન હતો ત્યારથી વર્ષ ૨૦૦૯થી રીસર્ચ કરું છું. વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૨માં મેં પોતે ૧૧ જિલ્લાની આવી જમીનો શોધી કાઢી કે કલેક્ટરો આ કબજો કેમ સોંપતા નથી? આ જમીનનો કોઇ પ્રશ્ન અટવાયેલો છે? કદાચ કોઇ રેવન્યુ ટ્રિબ્યુનલમાં મેટર સબજ્યુડિસ હોય, હાઇકોર્ટ કે સુપ્રીમકોર્ટમાં મેટર પેન્ડિંગ હોય અને તેના કારણે કબજો ન સોંપે તેવું તો કોઇ કારણ જોવા ન મળ્યું. મેં હાઇકોર્ટમાં પી.એલ.આઇ. ફાઇલ કરી અને મારા આશ્ચર્ય વચ્ચે રાજ્યની સરકારે સોગંદનામા પર કહ્યું કે, હા અરજદાર પીટીશનરના એલિગેશન સાચા છે. જમીન ફાળવણીના હુકમ થયા છે પણ કબજો સોંપાયો નથી. ચાર દિશામાં ખૂંટ મારીને માપણી કરી નથી. મને એમ થયું કે અદભૂત! મને એમ થયું કે મારું કામ થઇ ગયું. સરકાર પોતે જ્યારે એડમિટ કરતી હોય કે માપણી કરી નથી, કબજો સોંપાયો નથી અને માથાભારે લોકોનું દબાણ છે તો સરકાર કબજો સોંપશે. નામદાર હાઇકોર્ટે જસ્ટિસ જે. એન. પટેલના વડપણ હેઠળ એક ડાઇરેકશન ન આપ્યું. મને યાદ છે કે મેં પાર્ટી ઇન પર્સન તરીકે આરગ્યુ કર્યું હતું. વર્ષ ૨૦૧૫–૧૬માં જસ્ટિસ જે. એન. પટેલે ઓર્ડર કર્યો. આવી જેટલી પણ જમીન છે તે બધી જમીનોનું ફિઝિકલ વેરિફિકેશન મહેસૂલ વિભાગ કરશે. આજે પ્રશ્નોતરી કાળમાં હું બોલ્યો હતો કે, ડિસેમ્બર ૨૦૧૫માં મહેસૂલ વિભાગે પરિપત્ર કર્યો કે આવી તમામ જમીનો શોધી કાઢો. જે માણસો ખોટી રીતે ખેડૂતોનો હક મારતા હોય , ખેડૂતો/ખેતમજૂરોની જે જમીનની ફાળવણી થઇ હોય તે જમીનમાં જે લોકો અનઅધિકૃત રીતે ઘૂસી ગયા હોય તે બધાનું લિસ્ટ બનાવો. ચાર દિશામાં ખૂંટ મારીને ડી.આઇ.એલ.આર. માપણી કરે, સ્થળ ઉપર કબજો સોંપાય અને જેનો પણ અનઅધિકૃત કબજાનો ભોગવટો છે તે દૂર કરવામાં આવે. ઇન્ટરેસ્ટિંગલી, વિધાનસભાના મંચ ઉપર માનનીય વિજયભાઇ રૂપાણી હતા. મને યાદ છે માનનીય વિજયભાઇએ મહેસૂલ વિભાગને ડાયસ પરથી સૂચના આપી કે આ બધી જમીનોની જે ફરિયાદ શ્રી જિગ્નેશભાઇ કરી રહ્યા છે તે બહુ સાચી વાત છે. આપણે તેને પઝેશન સોંપવા જોઇએ તે છતાં મહેસૂલ

વિભાગે હાઇકોર્ટમાં એવું લાજવાબ એફિડેવિટ કર્યું કે હા, હજારો એકર જમીનમાં દબાણ છે. કબજો સોંપાયો નથી પણ આટલું બધું જાયજેન્ટિક ટાસ્ક એક મસમોટી મશીનરી કામે લગાડીશું છતાં પણ પૂરું નહીં થાય એટલા માટે ઓનરેબલ કોર્ટ મેય બી પ્લીઝડ ટુ ડીસપોઝ ઓફ ધ પીટીશન. કબજો સોંપીશું તેવું ન કહ્યું. શું કર્યું? સોગંદનામું કર્યું કે આટલું બધું આ દાડિયાઓનું કામ કોણ કરે સાહેબ, રહેવા દો ને, આવું સબમિશન કર્યું. આજે તેના કારણે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે આજે મારી માલિકીની જમીન છે, ૭/૧૨માં મારું નામ છે, હું આદિવાસી છું, હું કોળી પટેલ છું, હું દલિત છું અને મારી આંખ સામે બીજો માણસ જમીનનો કબજો અને ભોગવટો ૨૫ વર્ષથી કરી રહ્યો છે એટલે હું આ ગૃહને સવાલ પૂછું છું કે, આપણી સોશિયલ જસ્ટિસની કોઇ કન્સર્ન ખરી કે નહીં? આ પિટિશન તૈયાર કરતી વખતે, આ મુદ્દામાં લડતી વખતે મેં મહેસૂલ વિભાગના વર્ષ ૧૯૬૦ થી ૨૦૦૫ સુધીના ઘણા પરિપત્રો જોયા. તેમાં એક ઇન્ટરેસ્ટિંગ વાક્ય લખેલું જે મને બહુ ગમ્યું. તે પરિપત્રોમાં એવું લખતા કે આ જમીન ફાળવણીનો આશય આદિવાસી, ઓ.બી.સી., દલિત સમાજના ખેતમજૂરોને ફક્ત જમીન માલિક બનાવવાનો નથી, ફક્ત તેમનો આર્થિક રીતે ઉત્કર્ષ કરવાનો નથી. આશય એ પણ છે કે સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવામાં આવે. જમીન ફાળવણીને સામાજિક ન્યાય સાથે જોડી. કેમ? કારણ કે, ભારતમાં જે વર્ણવ્યવસ્થા અને કાસ્ટ સિસ્ટમ ઊભી થઇ એના કારણે મંદિરનો પૂજારી કોણ બનશે? અને કોણ ગટરમાં ઊતરશે એ કાસ્ટ સિસ્ટમે નક્કી કર્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : જિજ્ઞેશભાઇ, આપણે સમાજ અને વિવિધ જ્ઞાતિની વાત ન કરીએ. સીધા બિલ પર આવો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની સાથે જોડાયેલ છે. તમે કન્વીન્સ થશો. એટલે આ દેશમાં જમીનનો માલિક કોણ બનશે? અને ખેતમજૂર કોણ બનશે? એ જે ઐતિહાસિક દેવસ્થાન છે ને.....

ઉપાધ્યક્ષશ્રી : વાત બરાબર છે, પણ આપણે કોઇપણ સમાજ કે જ્ઞાતિને ટાર્ગેટ નહીં કરીએ. જનરલ વાત જ કરો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, કયાં સમાજને ટાર્ગેટ કરવાની વાત છે? કોન્સ્ટિટ્યુશનમાં જે લખ્યું છે એ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ. પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપ બેસો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

આક્ષેપાત્મક શબ્દો દૂર કરવા અંગે

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, હું કોઇ સમાજનો વિરોધી નથી. ન અમારી પાર્ટી કોઇ સમાજની વિરોધી છે. માનનીય સભ્યશ્રી જે વાત કરે છે કે, પટેલ સમાજને ઉછંગરાય ઢેબરે જે જમીનો આપી છે. હું બહુ સ્પષ્ટતા સાથે કહું છું કે કોઇ સમાજને જોઇને જમીન આપી નથી. એ ખેડૂત વર્ગમાં જે કોઇ સમાજ આવતો હતો એમને આપેલી છે. મારી વિનંતી છે કે કોઇ સમાજ માટે આવું ડિસ્ક્રિમેશન થાય એના કરતાં આવા જે શબ્દો છે એ રેકોર્ડ પરથી પાછા ખેંચાવા જોઇએ. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે આવા વેર-ઝેર ઊભા કરવાની આ ગૃહની અંદર આવી પ્રવૃતિ હોય તો આ ગૃહમાં આ બાબત અશોભનીય છે.

ઉપાધ્યક્ષશ્રી : આપણે જોઇ લઇશું. આમાં જે કંઇ અસંસદીય શબ્દ હશે અથવા તો જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે વેરની ભાવનાના શબ્દો આવતા હશે એ આપણે દૂર કરીશું.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે પણ માણસે એવું એલીગેશન કર્યું એ મારી સ્પીચમાંથી કયો એવો શબ્દ છે જે મને ટાંકીને કહે. હું તો કોન્સ્ટિટ્યુશનની વાત કરું છું. આમાં જ્ઞાતિ-જાતિના વેર-ઝેરની વાત કેમ આવી? આદિવાસી, ઓ.બી.સી.અને દલિતના રાઇટ્સ પર વાત કરવી એ જ્ઞાતિવાદ છે? અને જો હોય તો એનો મતલબ એમ કે તમે ડૉકટર આંબેડકરને સમજ્યા નથી, એ જો હોય તો તમે ભગતસિંહને સમજ્યા નથી, એ જો હોય તો તમે સરદાર વલ્લભભાઇને સમજ્યા નથી, એ જો હોય તો તમે કોન્સ્ટિટ્યુશનને સમજ્યા નથી. આદિવાસી સમાજ હોય, ઓ.બી.સી.સમાજ હોય કે પટેલ સમાજ હોય દરેકના ખેતમજૂરને, ખેડૂતને જમીન મળી એ વાતને હું એપ્રિસિએટ કરું છું. ઇન્ફેક્ટ એ કૉંગ્રેસની સરકાર હતી. જેમના મુખ્યમંત્રી ઉછંગરાય ઢેબરે પટેલ સમાજને જમીન આપી. હું તો સેલ્યુટ કરું છું ઉછંગરાય ઢેબરને. સવાલ મારો એ છે કે આદિવાસી, ઓ.બી.સી., દલિત સમાજની જમીનના કબજા સોંપાતા કેમ નથી? ધેટ્સ ઓલ. આપણે લેન્ડ ગ્રેબિંગનો કાયદો બનાવ્યો તો લેન્ડ ગ્રેબિંગના કાયદા મુજબ મારી જમીન વિમલભાઇના કબજામાં હોય તો વિમલભાઇ સામે ઓફેન્સ દાખલ થાય. આટલો સ્પષ્ટ કાયદો છે તો આ વીસ-વીસ હજાર એકર જમીનોમાં જે દબાણ છે એ દબાણ કરનારાઓની સામે એક એફ.આઇ.આર. કેમ થતી નથી? આ સવાલ પૂછવાનો. સત્તાધારી પક્ષના મિત્રોને કન્વિનન્ટ લાગે એવું બોલવા હું ઊભો થયો નથી. હું જે વર્ગનું પ્રતિનિધિત્વ કરું છું એની વાત તો કરીશ. આ બિલમાં મુદ્દો એટલા માટે ઉપસ્થિત કરી રહ્યો છું કે મારી ભાવના અને લાગણી છે કે આદિવાસી, ઓ.બી.સી., દલિત સમાજના જે ભાઇઓને રાજ્યની સરકારે પોતે જમીન આપી છે એનો કબજો સોંપાય ધેટ્સ ઓલ. આમાં કોઇને ઓબ્જેક્શન શા માટે હોવું જોઇએ? આનું ઓબ્જેક્શન લેવું એનો મતલબ એમ થયો કે તમે એન્ટી પુઅર છો. આ એ ગરીબ માણસો છે જે રાષ્ટ્ર માટે નિર્માણ કરે છે. જે રાષ્ટ્ર માટે ખેતમજૂરો પેદા કરે છે. એ ખેતમજૂર મટીને જમીનમાલિક બને એ તો આશય હતો. હું તો સરકારને વિનંતી કરું છું તમારું સારું દેખાશે. આ વિધાનસભાના મંચ ઉપર અગાઉના ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રીએ પોતે એવી ઇચ્છા વ્યક્ત કરી છે કે શ્રી જિજ્ઞેશભાઇની વાત સાચી છે. હું તો મહેસૂલ વિભાગને ખાસ વિનંતી કરું છું કે આ બિલમાં તમે જે ખોટી રીતે જમીનોના કબજા દૂર કરાવવાની લાગણી વ્યક્ત કરી છે તો હું જે રજૂ કરી રહ્યો છું એની મારી વાતને તમે ખોટી સાબિત કરો. હું આ વિધાનસભાના મંચ પર સોરી કહીશ.

પણ હું તમને રેકોર્ડ આપવા તૈયાર છું. વીસ હજાર વીઘા જમીનની માર્કેટ પ્રાઇઝ તો વિચારો. પચ્ચીસ વર્ષથી મારી પ્રોપ્રટીમાં બીજો માણસ ખેડતો હોય એની એક સિઝન દીઠ ખાલી પચાસ હજારનો લોસ ગણો. એક વર્ષનું લાખ–દોઢ લાખનું નુકસાન કોને? ખેતમજૂરને, નાના અને સીમાંત ખેડૂતને. મારા સાથી ધારાસભ્યશ્રીએ ઓબ્જેક્શન લીધું મને કોઇ પ્રોબલમ નથી. હું એટલું જ કહેવા માગું છું કે આ કોન્સ્ટિટ્યુશનલ ગોલ છે. કોઇપણ પરિપત્ર, ઠરાવ કે કોઇપણ કાયદો બને એ બંધારણની સાથે સુસંગત હોવો જોઇએ. નામદાર હાઇકોર્ટમાં ઘણા કાયદાઓની કોન્સ્ટિટ્યુશનલ વેલિડિટી ચેલેન્જ થતી હોય છે. કેમ ચેલેન્જ થતી હોય છે કે બંધારણના સ્પિરીટ, બંધારણની પ્રસ્તાવના બંધારણના આમુખ સાથે સુસંગત છે કે કેમ? એ નામદાર હાઇકોર્ટ અને નામદાર સુપ્રીમકોર્ટ જોતી હોય છે. હું તો એ વાતને એપ્રેશિયેટ કરું છું કે મહેસૂલ વિભાગના પરિપત્રોમાં એવું લખ્યું છે કે જમીન ફાળવણીનો ઉદ્દેશ સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાનો છે. Which is great! બહું સારી વસ્તુ છે. મારી વાણીને વિરામ આપતા પહેલાં હું મારા શબ્દોને સ્ટ્રોંગલી વળગી રહું છું. જેમણે વિરોધ કરવો હોય એમને ડેમોક્રેટિક છૂટ છે. હું ઇચ્છું છું કે મારી આ વાતમાં રાજ્યની સરકાર પોતાનો પ્રતિભાવ આપે. જો માનનીય મંત્રીશ્રી એવું કહે કે શ્રી જિગ્નેશભાઇની વાત ખોટી છે કે ૨૦ હજાર વિઘા જમીનમાં દબાણ નથી તો હું એ લોકો પાસે એફિડેવિટ કરાવવા તૈયાર છું. જો એ લોકો એફિડેવિટ કરીને કહેવા તૈયાર હોય કે અમારી જમીનમાં બીજા કોઇ માણસનો કબજો છે તો રાજ્યની સરકારે ખુશી ખુશી આપવું જોઇએ. આપણી પાસે નાયબ મામતલદારો, મામલતદારો, કલેકટરોનું આટલું મોટું સેટઅપ છે તો આપણે કેમ કબજા ના સોંપીએ? મને વિધાનસભામાં આ મુદ્દે બોલતાં આઠ વર્ષ થયા. હું આઠ વર્ષથી દરેક સત્રમાં આ મુદ્દો રેઇઝ કરું છું. આ મુદ્દે રાજ્યની સરકારનું કમિટમેન્ટ હોવું જોઇએ કે ના હોવું જોઇએ? કેમ તમે કબજા ના સોંપો? આપણે મોટા કોઇ કોર્પોરેટ જાયન્ટ, બિઝનેસ હાઉસીસને જમીન ફાળવવી હોય તો આપીએ છીએ તો ખેતમજૂરોને ફળવાયેલી જમીનનું પઝેશન ના મળે એ કઇ રીતે ચાલી શકે? ઓછામાં ઓછી અંદાજે રૂ. ૧૦ હજાર કરોડની આ જમીનમાં બીજા કોઇ માણસનો કબજો હોય અને આપણું આખું રાજ્ય, આખો મહેસૂલ વિભાગ સાયલન્ટ હોય. હવે તો લેન્ડગ્રેબિંગનો એક્ટ આવી ગયો. મારી વાણીની વિરામ આપું છું. હું આશા અને અપેક્ષા રાખું છું કે જયારે માનનીય મંત્રીશ્રી મારી વાતને રિસ્પોન્ડ કરે ત્યારે આ બધી જમીનોના કબજા સોંપાય તથા એના માટે આ ગૃહ અને ગુજરાતના વંચિતોને ખાતરી આપે. થેંક્યું.

ડૉ. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ –પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે સન્માનનીય ગૃહમાં સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૬ અંતર્ગત મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ આ ગૃહમાં હું શ્રી વિક્રમ ઠાકોરનું એક ગીત છે એનાથી મારા વક્તવ્યની શરૂઆત કરીશ.

એ તો જગતનો તાત છે,
એ અન્નનો દાતાર છે,
ધરતી ચીરી ધાન પકાવે,
કાળિયો ઘોળિયો તાત છે,
એ તો દેશનુંઅભિમાન છે,
મારી ધરતીનું સન્માન છે,
ઠંડી, તડકો, તાપ ના જુએ,
આગવી ઓળખાણ છે,
ખેડૂત આગવી ઓળખાણ છે,
ખેડૂત આગવી ઓળખાણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની જીવાદોરી એટલે ખેડૂત. જગતનો તાત એટલે ખેડૂત. આપણો અન્નદાતા એટલે ખેડૂત અને એટલા માટે થઇને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કોઇપણ બજેટ હોય, તે રાજ્ય સરકારનું હોય કે કેન્દ્ર સરકારનું હોય હંમેશા ખેડૂતને લગતી યોજનાઓ, ખેડૂતને લગતી સહાય કેન્દ્રસ્થાને રહી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ખેડૂતની ચિંતા હંમેશા દરેક વખતે કરવામાં આવી છે. આપણા કેન્દ્ર સરકારના કે રાજ્ય સરકારના બજેટમાં હંમેશા GYAN ને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિને હંમેશા પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આપણા લોકલાડિલા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આપણા ગૃહ મંત્રીશ્રી અમિત શાહ સાહેબ, આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ, આપણા કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ અને મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહિડા સાહેબના માધ્યમથી આ વિધેયક ખેડૂતોના પોતાના હક અને તેમની જમીનના રક્ષણ માટે લાવવામાં આવ્યું છે. એટલા માટે આ વિધેયક ખૂબ અગત્યનું છે. હું આ સન્માનનીય સભાગૃહને જણાવા માગું છું કે કોઇપણ પરિસ્થિતિ જેવી કે બિપરજોય વાવાઝોડું હોય, હોનારત હોય, અતિવૃષ્ટિ હોય કે કોઇપણ પરિસ્થિતિમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશા ખેડૂતની સાથે ઊભી રહી છે. હમણાં જ વર્ષ ૨૦૨૫માં જયારે ૧૨૮ ટકા વરસાદ થયો ત્યારે આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન નીચે તમામ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓએ વરસતા વરસાદે, ખુલ્લા પગે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી અને ત્યાં જઇને ખેડૂતોને સાંત્વના આપી એટલું જ નહીં પણ રૂ.૬૮૦૦ કરોડથી પણ જંગી સહાયની રકમ ખેડૂતોને આપવામાં આવી. કારણ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર જાણે છે કે

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬

ખેડૂત માટે એની ખેતીની જમીન છે તે જ તેની આધારશીલા છે, ખેડૂત માટે ખેતીની જમીન તે તેનું આત્મ સન્માન છે, ખેડૂત માટે ખેતીની જમીન એ તેની ધરતીમાતા છે. અને એટલા માટે થઈને આ વિધેયક સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ આ જે વિધેયક લાવવામાં આવ્યુ છે તે ખૂબ અગત્યનું છે. હું આપના માધ્યમથી આ ગૃહને સમજાવવા માગું છું કે, શા માટે આ બિલ લાવવામાં આવ્યું? હાલ ગુજરાતમાં ગણોત વહીવટ લગતના ત્રણ કાયદા છે. ગુજરાત રાજયના મુંબઈ વિસ્તાર એટલે કે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ગણોત વહીવટ અધિનિયમ–૧૯૪૮ છે. ગુજરાતના કચ્છ ક્ષેત્રમાં અધિનિયમ–૧૯૫૮ છે અને ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંત વિસ્તાર એમાં અધિનિયમ–૧૯૪૯ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું આ સન્માનીય ગૃહને સમજાવવા માગું છું કે, જો કોઈ સૌરાષ્ટ્રનો ખેડૂત આ અધિનિયમ અંતર્ગત તે ખેડૂત કોઈ પણ બિન ખેડૂતને એની જમીન વેચે તો માત્ર તેણે ત્રણ ગણો દંડ ભરવાનો અને ત્યાર બાદ તેની જમીન રેગ્યુલરાઇઝ થઇ જાય પરંતુ આ અધિનિયમમાં એ જમીનની મૂળ સ્થિતિની શું કાર્યવાહી છે તે અંતર્ગત કોઈ જ વ્યવસ્થા કે ચોખવટ નથી અને એટલા માટે થઇને આ બિલ છે તે ખૂબ અગત્યનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ ખેડૂત આવી જ રીતે આ જ ગુજરાતનો ખેડૂત જો કોઈ બિન ખેડૂતને સૌરાષ્ટ્ર સિવાયના ગુજરાતના બીજા કોઈ પણ રાજયમાં પોતાની જમીન વેચે તો તેણે ત્રણ ગણો દંડ તો ભરવાનો જ પણ તેની સાથે તેનો જે કંઈ આ જમીન છે તેના ચૂકાદા માટે મામલતદાર અને કૃષિ પંચમાં તેનો કોર્ટમાં કેસ ચાલે. ૯૦ દિવસની અંદર કાં તો જમીન તેની મૂળ સ્થિતિમાં તેણે પાછી આપવાની નહીંતર એ સમગ્ર જમીન શ્રીસરકાર થાય. કહેવાનું તાત્પર્ય એ છે કે, ગુજરાત એક રાજય અને એક રાજયમાં સૌરાષ્ટ્રમાં આ અધિનિયમ અને એ સિવાયના અન્ય રાજયોમાં અલગ અધિનિયમ. એક ખેડૂત તે બિન ખેડૂતને જમીન વેચે તો સૌરાષ્ટ્રમાં માત્ર ત્રણ ગણો દંડ ભરવાનો પણ એ જ ખેડૂત ગુજરાતના અન્ય રાજયમાં એની જમીન વેચે તો તેને ત્રણ ગણો દંડ અથવા એની જમીનની મૂળ સ્થિતિ પાછી મળી શકે. આમ, એક રાજયમાં બે અધિનિયમ ના હોઇ શકે એટલા માટે થઇને આજનું આ સુધારા વિધેયક લાવવામાં આવ્યુ છે તે ખૂબ અગત્યનું છે. આનો મુખ્ય ઉદેશ્ય જ એ છે કે, દરેક ખેડૂતને પોતાના હક્કની જમીન મળે, પોતાનું માન–સન્માન મળે. સરકાર વિકાસ કરી રહી છે પણ કોઇ પણ ભોગે એ વિકાસ એ ખેડૂતના રક્ષણ માટે અને ખેડૂતની જમીન બાબતે તેને કયાંય પણ અન્યાય થાય તે બાબતે સરકાર કયારેય વિકાસ કરવા માગતી નથી. અને એટલા માટે થઇને સરકાર આજે આ વિધેયક એટલા માટે લાવવામાં આવ્યું છે કે તમામ જગ્યાએ કાયદાની એકસૂત્રતા જળવાય, કાયદામાં પારદર્શિતા આવે, કાયદામાં સંપૂર્ણ રીતે ગેરરીતિ અને ભ્રષ્ટાચાર ઉપર અંકુશ લાદવામાં આવે. કોઇ પણ બિન ખેડૂત છે તે ગેરકાયદેસર રીતે કાયદાનો ઉપયોગ કરીને જમીન પચાવી પાડે તો તેની સામે ચોક્કસ કાર્યવાહી થાય તેના માટે થઇને આ બિલ લાવવામાં આવ્યુ છે. આનો મુખ્ય ઉદેશ્ય જ એ છે કે દરેક જગ્યાએ ખેડૂતને પોતાની ધરતી માતા, પોતાની ખેતીની જમીન જે છે તે તેને પાછી મળી શકે, તેને મૂળ સ્થિતિમાં મળી શકે અને એ જમીન બાબતે કોઇ પણ લોકોએ તેની જમીન પચાવી પાડી હોય તો તેની સામે કડક કાયદો થઇ શકે તે માટે થઇને આ વિધેયક લાવવામાં આવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌના વિશ્વાસને ચરિતાર્થ કરતું આ બિલ છે. અન્નદાતાને સન્માન અને અન્નદાતાને વંદન કરતુ આ વિધેયકને સર્વ સંમતિથી મંજૂર કરવા આ સભાગૃહને વિનંતી કરું છું. જય જવાન, જય કિસાન.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૬ લઇને આવ્યા છે એમાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૭૭ વર્ષ પછી એટલે કે સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૯માં બહાર પાડવામાં આવ્યો હતો. આજે સરકાર સુધારા વિધેયક તરીકે સને ૨૦૨૬માં લઇને આવી છે. ૭૭ વર્ષ જેટલો લાંબો સમયગાળો થયો. ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ૩૦ વર્ષની ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર માનનીય મહેસૂલ મંત્રીશ્રી આ બિલ લાવવાની કેમ જરૂર પડી એ હું જે સમજુ છું એ પ્રમાણે બરાબર સમજાવી શક્યા નથી. વાત બહુ સરળ કરી કે કલમ–૭૫માં સુધારો કરવા આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે. સુધારા વિધેયકને આધીન જે અગાઉ વાત કરી એ મુજબ ગુજરાત રાજ્યની અંદર ગુજરાત ગૌણ વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ જે હાલ અમલમાં છે. ગુજરાત રાજ્યના કચ્છ ક્ષેત્રમાં ગુજરાત ગૌણ વહીવટ અને ખેતીની જમીન વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર ૧૯૫૮ અમલમાં છે. સને ૧૯૪૮નો વટહુકમ પણ હાલ અમલમાં છે. તેમ છતાં પણ સરકાર આ એક નાનો સુધારો સમજીને ફક્ત કલમ–૭૫માં સુધારો કરીને આ સુધારા વિધેયક લાવી છે. કલમ–૭૫માં સુધારો કર્યા પછી સરકારને શું બેનિફિટ થવાનો છે? ખેડૂતોને શું બેનિફિટ થવાનો છે અને આ સુધારો તમે લાવ્યા છો ત્યારે આ સુધારા પછી કોને બેનિફિટ થવાનો છે એનો સરકારે ખુલાસો કરવો પડશે. કારણ કે તમારી પાસે જે જમીન, જેની પાસે કબજો નથી, સરકારે વાત કરી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે જમીન સુધારણાની પણ વાત કરી. જેમાં કલમ–૨(ગ)માં લખ્યું છે કે જમીનનો ઉપયોગ અને ભોગવટો કરવાનો પોતાનો હક્ક ન હોય એવી વ્યક્તિની જમીન ખાલી કરાવવા માટે આમાં જોગવાઇ કરવામાં આવી છે. સરકાર લેન્ડ ગ્રેબિંગ એક્ટ લાવી છે એનો ઉપયોગ કેમ કરતી નથી? સને ૧૯૪૯માં બનેલ આ વટહુકમ એક નાના સુધારા તરીકે મહેસૂલ મંત્રીશ્રી લાવ્યા છે તો કેમ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ વિભાગ પાસે માહિતી તો હશે ને કે કઇ સરકારી જગ્યા ઉપર કઇ વ્યક્તિનો અનધિકૃત કબજો છે. કેમ એના ઉપર કેસ નથી કરતા અને કલમ–૭૫ નો સુધારો લાવીને સરકાર શું સિદ્ધ કરવા માગે છે? કોને બેનિફિટ કરાવવા માગે છે? સૌરાષ્ટ્ર અને કચ્છની કઇ જમીનોની અંદર આ સુધારો લાગુ કરવાના છે? હું માનું છું કે સૌરાષ્ટ્રની

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૪

અંદર જે મોટા જિલ્લાઓ છે એ જિલ્લાઓમાં નહીં હોય. સુરેન્દ્રનગર હોઇ શકે છે, એ જૂનાગઢ, ગીર સોમનાથ, જામનગર હોઇ શકે છે. ખાસ કરીને કચ્છ હોઇ શકે છે. આ તમામ બાબતો ખૂબ જરૂરી છે. કોઇ વ્યક્તિ વર્ષોથી એટલે કે સને ૧૯૪૯થી જે જમીન ઉપર કાયદેસર ખેતી કરતો હશે. ખેતીના લીધે એ જમીન ઉપર એનો ભોગવટો હશે. કચ્છમાં જ્યારે ભૂકંપ આવ્યો, સૌરાષ્ટ્રમાં ભૂકંપ આવ્યો ત્યારે જમીન ઉપર નુકસાન થયું હશે, મકાનો તૂટી ગયા હશે તો સરકારે એને સહાય ચૂકવી હશે. એ લોકોને સરકારે જેના માટે સહાય ચૂકવી હશે એટલા માટે કે આ જમીનનો સાચો હક્કદાર છે, માલિક છે. એટલે સરકારે સહાય ચૂકવી હશે. સાઇકલોન આવ્યું હશે, સાઇકલોન વખતે કચ્છ, જામનગર, પોરબંદર, જૂનાગઢમાં જે દરિયાકાંઠો છે એ સાઇકલોનમાં ઘણા બધાને નુકસાન થયું હતું. જમીનને નુકસાન થયું હતું.સરકારે પેકેજ પણ બહાર પાડ્યું હતું. એ પણ લોકોને મળ્યું હશે. સરકારની સહાય માટે લોકોએ ફોર્મ ભર્યા હશે એમને સરકારે સહાય આપી હશે. તો શું એવા લોકોને પણ આ જમીનમાંથી તમે બાદ કરશો? ખાસ કરીને ૭/૧૨ અને ૮–અ માં એમનું નામ હશે, લિગલી એની પાસે ડોક્યુમેન્ટ હશે. સરકાર કેમ આ કલમ ૭૫નો સુધારો લઇને આવી છે એ મને સમજાતું નથી? મને ચોક્કસ એવું લાગે છે અને હું માનું છું કે, કોઇક મોટા ઔદ્યોગિક એકમને બેનીફીટ કરવા માટે કલમ–૭૫માં સુધારો કરવા માટેનું બિલ લઇને આવી છે. કારણ કે, ૭૭ વર્ષ પછી તમે કેમ જાગ્યાં? સરકારને સૌરાષ્ટ ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતી સુધારા વિધેયકમાં સુધારા માટે સરકારને કેમ પહેલ કરવી પડી? સરકારને એની ચિંતા કેમ થઇ? સરકારની ચિંતાનું કારણ સરકાર જણાવે. કારણ કે વિધાનસભાના આંકડાના આધારે આપણે જોઇએ તો હું માનું છું કે રાજ્યના વિકાસ માટે ઉદ્યોગોને જમીન આપવી ખૂબ જરૂરી છે એની હું ના પાડતો નથી. લોકોને રોજી–રોટી મળશે એમાં ખોટું પણ નથી. સરકાર અત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છની વાત કરીને સરકાર આ સુધારા વિધેયક લઇને આવી છે ત્યારે મારે સરકારનું ધ્યાન પણ દોરવું છે કે મારી પાસે વર્ષ ૨૦૨૨ સુધીના વિધાનસભામાં રજૂ થયેલ આંકડા છે એ મુજબ સરકારે ઔદ્યોગિક એકમો માટે જે સરકારી પડતર જગ્યાઓ હતી તેવી ૫ કરોડ ૯૫ લાખ કરતા પણ વધારે ચોરસ મીટર જગ્યા ઔદ્યોગિક એકમોને આપી છે. ખરાબાની ૪૪ કરોડ ૯૦ લાખ કરતા પણ વધારે ચોરમ મીટરની જગ્યા ઔદ્યોગિક એકમોને આપેલી છે. ૨૭ લાખ ૬૭ હજાર કરતા વધારે ચોરસ મીટર ગૌચરની જગ્યા એ સરકારે વર્ષ ૨૦૨૨માં વિધાનસભામાં રજૂ થયેલ આંકડાને આધીન એ ઔદ્યોગિક એકમોને આપેલી છે. આનાથી વધારે કહીશ કે સરકારે ઔદ્યોગિક હેતુ માટે ભાડાપેટે આપેલી જગ્યાઓ છે એ સરકારી પડતર પેટે ૧૦૩ કરોડ ૨૯ લાખ ચોરસ મીટર આપી છે. જે ખરાબાની જગ્યા હતી એ ઔદ્યોગિક એકમોને ભાડા પેટે ૩૩ લાખ ૩૦ હજાર ચોરસ મીટર કરતા પણ વધુ જમીન આપી છે. ગૌચરોની ૧૮ લાખ કરતા પણ વધારે ચોરસ મીટર જગ્યા ઔદ્યોગિક એકમોને ભાડા હેઠળ આપી છે. મને સરકારશ્રીના માનનીય મંત્રીશ્રી એ જણાવે કે ખેડૂતોની આટલી ચિંતા તમે કરો છો, હમણાં જિગ્નેશભાઇ પોતાની સ્પીચમાં દલિત, આદિવાસી, ગરીબ અને ઓ.બી.સી. વાત કરી રહ્યા હતા. સરકાર આટલી ચિંતા કરતી હોય તો સરકાર મને જવાબ આપે કે ઔદ્યોગિક એકમોને સરકારની પડતર ખરાબો અને ગૌચરની જગ્યા ઉદ્યોગ માટે તમે આપી દો. વેચાણ હેઠળ અને ભાડાપેટે પણ તમે આપેલી છે. સરકાર મને જવાબ આપે કે, રાજ્યના કોઇ ખેડૂતને તમે એક વીઘો કે એક ચોરસ મીટર જગ્યા ખેતી કરવા માટે આપી છે કે કેમ? સરકાર તેનો જવાબ આપે? ખેડૂતોની તમે ચિંતા કરો છો તો સરકારી પડતર કે ગૌચરની જગ્યા કેમ ખેડૂતોને આપતા નથી? ૩૦ વર્ષની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એક વીઘો કે એક ચોરસ મીટર જગ્યા ખેડૂતોને ખેતી માટે આપેલી નથી અને અત્યારે ખેડૂતના હિતની વાત લઇને કલમ–૭૫માં સુધારો કરીને સરકાર જે રીતે સુધારાની કલમ લઇને આવી છે એ ચોક્કસ કચ્છ અને સૌરાષ્ટ્રના કોઇ મોટા ઉદ્યોગપતિઓને એનો બેનીફિટ થાય. જે વર્ષોથી ત્યાં ખેતી કરે છે, કબજો અને ભોગવટો છે એની પાસે છે એવા લોકો પાસેથી જમીન છીનવી લઇને ઉદ્યોગપતિઓને આપવા માટેનો કલમ–૭૫માં સુધારાના ભાગરૂપે સ્પષ્ટપણે જોઇ રહ્યો છું. સરકાર મને જવાબ આપે કે કેટલી જગ્યાઓ કચ્છ અને સૌરાષ્ટ્રમાં છે? કેટલી જગ્યાઓ ઉપર અનધિકૃત રીતે ભોગવટો છે, જે લોકો કબજેદાર નથી એનો કબજો છે. સરકાર એટલા ચોરસ મીટર જગ્યાનો પહેલા વિધાનસભા ગૃહમાં જવાબ આપે કે સૌરાષ્ટ્ર અને કચ્છની અંદર આટલા ચોરસ મીટર જગ્યાઓ જેના લીધે સરકાર આ કલમ–૭૫નો સુધારો લઇને આવેલી છે પછી અમને ગળે ઉતરશે કે આ સુધારો સાચો છે કે ખોટો છે. માનનીય મંત્રીશ્રીએ બહુ શોર્ટ એન્ડ સ્વીટ વાત કરી છે. કલેકટરને સુનાવણી આપી છે. કલમમાં લખેલું છે, કલમ–૨, પેટા ભાગ–૧, ત્રણ મહિનાની અંદર કલેકટરને તબદીલ કરવામાં આવશે. તબદીલીથી લેનારા અથવા યથાપ્રસંગો, જમીન સંપાદન કરતી વ્યક્તિને ગેરકાયદેસર હોવાનું શા માટે જાહેર ના થયું તે જોવા માટે અલગ અલગ રીતે કલેકટરને પાવર આપવામાં આવેલા છે. શું તમારા કલેકટર એટલા મજબૂત છે? તમારા કલેકટર એટલા નિર્ણયક સ્થિતિમાંછે? તમારા કલેકટર એટલા પ્રમાણિક છે? એ સરકાર પહેલા નક્કી કરે. *(xxx) અને એટલે જ ત્રણ–ત્રણ કલેકટરો સામે કાયદેસરની કાર્યવાહી થયેલી છે. (અંતરાય) શ્રી ફતેસિંહભાઇ, તમારા સબ્જેકટમાં નહીં આવે. બહુ ટર્મ થઇ ગઇ અને હજી પણ મંત્રી બન્યા નથી. થોડી શાંતિ રાખો, ૨ વર્ષ બાકી છે. જે રીતે ત્રણ–ત્રણ કલેકટરો સામે કાયદેસરની કાર્યવાહી થતી હોય, સરકાર એની સામે એકશન લેતી હોય, જેને સસ્પેન્ડ કરતી હોય અને એ કલેકટરોને તમે પાવર આપો છો?

* (xxx) આજે ત્રણ–ત્રણ કલેકટર ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. સાચી વાત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ,*(xxx)શબ્દ રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

---

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી શૈલેષ મ. પરમાર : એ કાઢી નાખો. માનનીય અધ્યક્ષશ્રી, એ સાચી હકીકત છે.. (અંતરાય) ભગત આ મંદિર નથી. આ ન્યાયનું મંદિર છે.

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, માનનીય સદસ્યશ્રી, વચ્ચે કોઇ વાત ન કરો, અંદર અંદર કોઇ વાત નહીં કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : તમે ભગત, તમારા એમાં બોલજોને, ચિઠ્ઠી લઇ લેજોને, માનનીય મંત્રીશ્રી, ભગતને લખીને આપોને તો એ બોલી શકે. આ વિધેયક શું છે એ એમને ખ્યાલ નથી એટલે બોલી નહીં શકે અને લખીને તમે આપો તો બિચારા તમારા સભ્ય બોલી શકે. (અંતરાય) તો કેમ તમે કલેકટરને પાવર આપેલા છે?

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર, એમણે ગૌચરની વાત કરી છે કે ગૌચરની જગ્યાઓ કેમ અપાતી નથી? જયારે ગૌચર માટે સુપ્રીમકોર્ટનું જજમેન્ટ છે કે કઇ બાબતને ચોક્કસ હેતુ માટે જ આપી શકાય છે, એટલે એ બાબત રેકોર્ડ ઉપરની દૂર કરવામાં આવે અને રહી વાત કે કલેકટર કોણ છે? એ સંવિધાનથી બનેલા છે એટલે એનું પણ અપમાન ન કરવું જોઇએ એ વાત પણ રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી **:** જોઇ લઇશું. રેકોર્ડ ઉપર હશે તો તપાસ કરીને શબ્દો દૂર કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર હું મારી સ્પષ્ટતા કરું છું કે હું જે આંકડાકીય માહિતી બોલ્યો છું માનનીય પ્રવિણભાઇ, એ હું જયારે આંકડાકીય માહિતી બોલતો હોઉં એ સરકારમાં વિધાનસભાના ગૃહની અંદર જે આંકડા રજૂ થયા હોય એ જ બોલતો હોઉં છું, એટલે હું જે આંકડા બોલેલો છું એ વિધાનસભા ગૃહે રજૂ કરેલા છે.

ઉપાધ્યક્ષશ્રી : તમે ક્વોટ કરીને બોલ્યા છો એટલે જ હું કંઇ બોલ્યો નથી. આપ આગળ વધો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરવાળું પણ બરાબર છે. કલેકટરશ્રીને પાવર આપેલા છે, ત્રણ મુદત થશે અને આનો નિકાલ થઇ જશે. કોનો નિકાલ થશે? ૭૭ વર્ષથી જે લોકો ભોગવટો કરે છે એનો નિકાલ થશે કે એનો હક્ક મળશે? (અંતરાય) અરે ભાઇ, અમે ભૂલ કરી એટલે અહીં બેઠા છીએ, પણ તમે ૩૦ વર્ષથી બેઠા છો તો અત્યારે સુધારો કેમ લાવ્યા એની વાત હું કરું છું અને કચ્છમાં અને એમાં જ કેમ લાવ્યા? તમારી પાસે લેન્ડ ગ્રેબિંગ એકટ છે તો એ એકટનો ઉપયોગ કેમ નથી કરતા? તો કાયદો શું કરવા તમે લાવ્યા? જે રીતે લેન્ડ ગ્રેબિંગ એકટનો કાયદો આવ્યો, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ, લેન્ડ ગ્રેબિંગ એકટનો કાયદો આવ્યા પછી રાજયની અંદર લેન્ડ કમિટીની મિટિંગ મળવી જોઇએ. સરકાર કેટલી ચિંતા કરે છે? ગરીબ ખેડૂતોની જમીન કોઇ પચાવી ના પાડે એટલા માટે કલેક્ટરને પાવર આપીને લેન્ડ કમિટીની રચના કરી અને એની મિટિંગ થવી જોઇએ એ બાબતે સરકાર ખૂબ ગંભીર છે. સૌરાષ્ટ્ર, બોટાદ, રાજકોટ, પોરબંદર, તાપી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, અમરેલી, કચ્છ આ બધા સૌરાષ્ટ્રના છે. જે આંકડા રજૂ થયા હતા એમાં લેન્ડ કમિટીની એક પણ મિટિંગ નથી થઇ. આ સૌરાષ્ટ્રની વાત કરું છું. બાકીના બધા આંકડા મારી પાસે છે. આ આંકડા વર્ષ ૨૦૨૧ના છે. એ પછી મિટિંગ થઇ હોય તો માનનીય મંત્રીશ્રી આંકડા રજૂ કરે. જો લેન્ડ કમિટીની મિટિંગ થઇ હોત તો તમારે આ સુધારો ના લાવવો પડતો. જે રીતે સરકાર આ સુધારા વિધેયક લઇને આવી છે એમાં સરકારે સ્પષ્ટતા કરવી પડશે કે વર્ષ ૧૯૪૯માં થયેલ વટહુકમ વર્ષ ૨૦૨૬માં સુધારા તરીકે તમે લાવ્યા અને એ પણ ફક્ત એક જ કલમમાં કેમ સુધારો લાવ્યા? આની પહેલાં જે વિધેયકની ચર્ચા થઇ એમાં એક-બે વર્ષમાં જ સુધારો લઇને આવ્યા. માત્ર કલમ-૭૫માં જ સુધારો કેમ લાવ્યા? બાકી ઘણી બધી કલમો છે તેમ છતાં માત્ર એક જ કલમમાં સુધારો કેમ લાવવામાં આવ્યો એ અંગે માનનીય મંત્રીશ્રી ખુલાસો કરે. આ સુધારો લાવ્યા પછી સરકારના રેકર્ડમાં હશે જ કે ''કેટલા ચો.મી. જગ્યાથી લોકોને ફાયદો થશે?, કેટલા બિન ખેડૂત હતા?, કેટલા ભોગવટાવાળા હતા? આ તમામ રેકર્ડ સરકારે રજૂ કરવા પડશે. છેલ્લા ૩૦ વર્ષમાં એક પણ ખેડૂતને જગ્યા નથી આપી. એક પણ ગરીબ માણસને ૧૦૦ ચો.મી.નો પ્લોટ આપવામાં નથી આવતો. હવે આ સુધારો લાવ્યા છો ત્યારે તમારે એની વિગતવાર માહિતી આપવી પડશે. મને ચોક્કસ એવું લાગે છે કે સરકાર આ બિલ કોઇ ખેડૂતના હિતમાં, ત્યાં વર્ષ ૧૯૪૯થી જે લોકોનો ભોગવટો છે એ લોકોના હિતમાં આ કલમમાં સુધારો લાવી નથી. કોઇ મોટા ઉદ્યોગપતિને ફાયદો થાય એના માટે આ સુધારો સરકાર લઇને આવી છે માટે આ બિલને કોઇ પણ સંજોગોમાં સમર્થન કરી શકાય એમ નથી.

ડૉ. સી.જે. ચાવડા**(**વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન ૧૯૪૯ના કાયદામાં જે સુધારો લઇને આવ્યા છે એને હું હૃદયથી, સચ્ચાઇથી અને જમીનના વહીવટના અનુભવથી સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન ગામનો રકબો હોય એમાં પ્રકાર હોય છે. (૧) સરકારી જમીન અને (૨) ખેત મજૂરની જમીન. સરકારી જમીનમાં ગૌચર આવે, સરકારી પડતર આવે, ઉકરડાઓની જમીન આવે, મંદિરની આવે અને બીજી અનેક પ્રકારની જમીન આવે. સરકારની જે જમીનોની વાત કરી એ જમીન આમાં છે જ નહિ એટલે સરકારની જમીન ઉપર થતું દબાણ, સરકારી જમીન જેને આપેલી છે એને મળી કે ન મળી એ અંગેની ચર્ચા નથી. એનો કોઇ સુધારો નથી. આ સુધારો ફક્ત જે ગણોતની જમીન અપાઇ છે તેને લગતો છે. ગણોતને લગતા ત્રણ કાયદા ગુજરાત રાજ્યમાં છે. ભારત ખેતી પ્રધાન દેશ છે. ગુજરાતની પ્રજાનો પણ મુખ્યત્વે ખેતીનો વ્યવસાય છે અને ખેતી આધારિત પશુપાલનનો વ્યવસાય છે એટલે ખેતીનો અને ખેતીની જમીનનો વહીવટ સરકાર ખૂબ કાળજીપૂર્વક કરી રહી છે. ભારત આઝાદ બન્યું તે પહેલાં ભૌગોલિક રીતે ગુજરાત રાજ્ય

મુંબઈ ગણોત વહીવટમાં સંકળાયેલું હતું એટલે એક એ વિભાગ પડે છે. બીજો સૌરાષ્ટ્ર કે જેના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી ઢેબરભાઇ વિશે હમણાં માનનીય સભ્યશ્રીએ વાત કરી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એ વાત સાચી છે. કારણ કે જે તે વખતે અલગ અલગ પ્રાંત હતા. ત્યારના આ કાયદા અમલમાં છે. સૌરાષ્ટ્ર પ્રાંત પણ હતું અને મુંબઈ પ્રાંત પણ આખું ગણાતું હતું. જેમાં દક્ષિણ ગુજરાતનો પણ સમાવેશ થાય છે.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જમીનનો ત્રીજો પ્રકાર કચ્છ અને વિદર્ભ હતો. આમ, ગણોતને લગતા ત્રણ કાયદા થયા. મુંબઈ ગણોત વહીવટ કાયદો, ૧૯૪૮માં સરકારે સુધારો કરીને મુંબઈના બદલે ગુજરાત શબ્દ લાવ્યા એટલે ગુજરાત ગણોત વહીવટ જમીન અધિનિયમ, ૧૯૪૮. એ જ પ્રકારે આ સૌરાષ્ટ્રનો ગણોતનો ઘરખેડનો કાયદો ૧૯૪૯ તથા કચ્છ અને વિદર્ભનો ૧૯૫૭નો કાયદો. આ તમામ કાયદાઓમાં એકરૂપતા જળવાય અને એકત્રિત થઈને કાયદાઓનું જુદા જુદા વિસ્તારોમાં જુદી જુદી રીતે મૂલ્યાંકન ન થાય એટલે એકરૂપતા લાવવા માટે સરકારે આ પ્રયત્નો કર્યા અને સુધારો લાવ્યા છે. ગુજરાત ગણોત વહીવટના કાયદામાં કલમ–૬૩ છે. અહીં કલમ–૭૫ છે. કચ્છ વિદર્ભ કાયદામાં કલમ જુદા પ્રકારની હોય. કારણ કે આખો કાયદો અલગ રીતે બન્યો હોય. અગાઉ આ ગૃહમાં કલમ–૬૩નો સુધારો પસાર થઈ ગયો. માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરું કે, આમાં ૩૭–૨ની ઇન્કવાયરી, આઝાદી પહેલાં જે રાજા રજવાડાઓની ખૂબ વિશાળ જમીન હતી. આખા ગામેગામ અને નગરોના નગરો ધરાવતાં જમીનદારો અને નવાબો હતા. તે બધાની જે જમીન આઝાદી મળ્યા પછી એકત્રિત થઈ તે જમીનમાંથી જે સરકારી જમીનો હતી અને જે ફાજલ પડેલી જમીનો જે લોકો પાસે જમીન ન હતી તેવા લોકો ચાહે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. કે અધર કાસ્ટ હોય તે તમામને જેને ખેતીની જમીન જ ન હતી અને બીજો કોઈ વ્યવસાય ન હતો તેને આપી. તે વાત અહીં નથી. એ આપી, તેનો કબજો કેમ મળ્યો, ના મળ્યો, તેને ફાજલ કેમ પાડી તેના માટે આખો અલગ મુંબઈ જમીન મહેસૂલ કાયદો કામ કરે છે. તેમાં જુદી રીતે આખી પ્રક્રિયા છે, તેમાં જુદી રીતે કબજાઓ આપવામાં આવે છે, તેમાં જુદી રીતે કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ગણોતની જમીન, ગણોતિયાઓને આપેલી જમીન અને ખેડૂત અને બિનખેડૂતની વાત અહીંયા છે. હમણાં માનનીય સભ્યશ્રી વાત કરતાં હતાં કે કોઈ ઉદ્યોગપતિને ફાયદો થઈ જાય છે. હું સન્માનનીય ગૃહનું ધ્યાન દોરું છું કે, ખેડૂતની જમીન કોઈ ઉદ્યોગપતિના હાથમાં હોય અને એ ઉદ્યોગપતિને આપીએ તો ઉદ્યોગપતિને ફાયદો થયો કહેવાય પણ ઉદ્યોગપતિના નામે ચાલતી હોય, કેસ ચાલતા હોય અને મૂળ ખેડૂતના ખાતે ન આવી હોય, ઉદ્યોગપતિ બિનખેડૂત હોય તો એ જમીન પરત લેવાની વાત આ કાયદામાં છે અને એ પરત લઈને ઉદ્યોગપતિ ચાહે આ રાજ્યનો ગમે તેટલો મોટો ઉદ્યોગપતિ હોય તો પણ તે પરત લઈને સરકારમાં જમા કરાવીને સરકારી પડતર દાખલ કરીને મુંબઈના કાયદાની કલમ–૮૪ (૪) નીચે તેનો નિકાલ કરવાનું પણ નક્કી કર્યું છે. કલમ–૮૪ (સી) (૪) નીચે જમીન કોને આપવામાં આવે? ઉદ્યોગપતિને નહીં ખેડૂતને/ખેતમજૂરને આપવામાં આવે. કેવા ખેડૂતને તો તેનો પણ સરકારે નિયમ કર્યો છે કે એસ.સી., એસ.ટી. ઓ.બી.સી. અને ત્યારબાદ જનરલ આ તેની પ્રાયોરિટી છે. આ બધા જ નિયમો, પેટાનિયમો બધા જ કાયદાઓ અને કાયદાના અમલીકરણની જાણકારી દરેક ધારાસભ્યશ્રીને હોવી જોઈએ. જેથી કરીને ગુજરાત રાજ્યમાં કોઈ ગેરમાર્ગે ન દોરી શકે. ગૃહમાં ધ્યાન દોરવામાં આવ્યું કે કલમ – ૭૫માં જ કેમ સુધારો કર્યો? બાકીની કલમોમાં કેમ નહીં? બાકીનો કાયદો કાયદાની રીતે કામ કરે જ છે. આ રાજ્યમાં ઔદ્યોગિકીકરણના કારણે અને જમીન મોંઘી થવાના કારણે કેટલાંક લોકો બિનખેડૂત હોય તો પણ જમીન ખરીદી લે છે. અને બિન ખેડૂત હોય તેમ છતાં દસ્તાવેજ થયો, એના ખાતે આવી, એન્ટ્રી મંજૂર થઈ ગઈ અને પછી ધ્યાનમાં આવ્યું કે આ બિન ખેડૂત છે તો એના પર લાંબી પ્રક્રિયા ચાલે. કલેક્ટર દાખલ કરે, સરકારમાં દાખલ કરે, એસ.એસ.આર.ડી.માં જાય, નામ. હાઈકોર્ટમાં જાય, નામ. સુપ્રીમકોર્ટમાં જાય. કારણ કે, એ ઉદ્યોગપતિ છે અથવા જમીનદાર છે, સુખી માણસ છે અને પેલો ખેડૂત લડી શકતો નથી. તો સરકાર ખેડૂતના રક્ષણ માટે કાયદો લઈને આવી છે કે ખેડૂતનું અહિત ન થાય અને માલેતુજાર લોકો છેક સુપ્રીમ કોર્ટ સુધી લડીને ખેડૂતોને પરેશાન ન કરે એટલા માટે આ કાયદાથી જે બિન ખેડૂત છે એને જંત્રીના ત્રણસો ટકા દંડ ફટકાર્યો છે. ત્રણસો ટકા દંડ તો ભરશે પણ મૂળ ખેડૂતને પાછી આપશે અને મૂળ ખેડૂતને પાછી નહીં આપે તો સરકારી પડતરે દાખલ થશે. પણ કોઈ ઉદ્યોગપતિ કે કોઈ માલેતુજાર ખેડૂત કે બિન ખેડૂતના ખાતે રહેશે નહીં. માનનીય ગૃહનું ધ્યાન એટલા માટે દોરું છું કે આપણે પણ પ્રજાને સમજાવીએ કે આ ખેડૂતોના હિતની વાત છે. આ ખેડૂતો માટે કરેલો કાયદો છે. ખેડૂત પાસેથી કોઈએ ગેરકાયદેસર જમીન કબજે કરી હોય એટલે કે બિન ખેડૂત તરીકે વેચાણ લીધેલ હોય તો પરત આપવાનો કાયદો છે અને એ કાયદાનો સુધારો ગુજરાત ગણોત વહીવટમાં થઈ ગયો હતો. સૌરાષ્ટ્ર ઘરખેડ કાયદામાં થયો ન હતો. એટલે કલમ–૭૫માં સુધારો કરી ગુજરાતના ત્રણેય કાયદાઓમાં એકરૂપતા લાવીને જેટલા બિન ખેડૂતો ગુજરાતના ખેડૂતોની જમીન પચાવીને બેઠા છે એ ચાહે ગમે તેટલા માલેતુજાર હશે, ગમે તેટલો ઉદ્યોગપતિ હશે તો પણ ત્રણસો ટકા દંડ પણ કરવામાં આવશે. મૂળ ખેડૂતને પરત કરવામાં આવશે અને મૂળ ખેડૂતને પરત કરવા માટે ઉદ્યોગપતિ નહીં માને, મોટો ખેડૂત નહીં માને, બિન ખેડૂત નહીં માને તો સરકારી પડતરે દાખલ કરવામાં આવશે અને કલેક્ટરશ્રી એનો નિર્ણય કરશે. કલેક્ટરશ્રી ગુજરાત સરકારનો બંધારણીય રીતે અધિકાર ભોગવે છે. કલેક્ટર એ જવાબદાર વ્યક્તિ છે, જિલ્લાનો વડો છે, રેવન્યુ ઓફિસર છે, જિલ્લા મેજિસ્ટ્રેટ છે, કાયદો–વ્યવસ્થા અને તમામ પ્રકારના કાયદાઓનું સંકલન સમિતિમાં સમન્વય કરે છે એ

કલેક્ટરને આ રીતે ગૃહમાં ઉતારી પાડવો એ બંધારણીય રીતે જરા પણ વ્યાજબી નથી. આ રીતે કાયદાઓમાં સુધારા લાવ્યા છે. કલમ–૭૫માં સુધારો કરવામાં આવ્યો છે. આ કાયદાથી મૂળ ખેડૂતને ફાયદો છે. ગુજરાત સરકાર ખેડૂતના હિતની વાત લઇને આવી છે અને આ કલમમાં સુધારો થવાથી અને મૂળ ખેડૂત અરજી કરશે એટલે કલેક્ટર એની નોટિસ કાઢીને સાંભળીને સરકારી પડતરે અથવા મૂળ ખેડૂતને પાછી અપાવશે. બિન ખેડૂતમાંથી રદ થશે અને ત્રણસો ટકા દંડ પણ કરશે એટલે સીધા પણ થશે. બીજો કોઇ બિન ખેડૂત કે ઉદ્યોગપતિ હશે તો આ રીતે ગરીબ આદિવાસી કે કોઇપણ વ્યક્તિને છેતરીને જમીન ખરીદી શકશે નહીં એ આ કાયદાનો મૂળભૂત હેતુ છે અને ખેડૂતના હિતની વાત છે. ગુજરાત સરકારે ખેડૂતના હિત માટે હરહંમેશ જેમ નિર્ણયો લીધા છે એ પૈકીનો આ નિર્ણય છે એટલે આ કાયદાને હું હૃદયપૂર્વક સમર્થન આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૩ સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારતદેશ એ ખેતીપ્રધાન દેશ છે. આજની તારીખમાં પણ આપણી ૬૦ ટકા કરતાં વધારે જી.ડી.પી. ખેતી આધારિત છે. દેશમાં સૌથી વધુ રોજગાર આપતું કોઇ ક્ષેત્ર હોય તો કૃષિક્ષેત્ર છે. ગુજરાત મહારાષ્ટ્રમાંથી જ્યારે અલગ થયું ત્યારે અમુક કાયદાઓ મુંબઇ અધિનિયમ કે જેની આજેપણ અમલવારી છે. એમાંનો આ એક ગણોતધારો કાયદો છે. આજે સુધારા વિધેયક આમ જોઇએ તો ૧૯૪૯ અને અત્યારે ૨૦૨૬ એટલે કે, અંદાજે ૭૭ વર્ષ પછી આ સુધારો લાવવામાં આવ્યો છે. તો આની અસર શું થવાની છે? તો જે જિલ્લા જેમ કે, સૌરાષ્ટ્રનો સુરેન્દ્રનગર જિલ્લો છે, રાજકોટ જિલ્લો છે. આખું કચ્છ છે. સૌરાષ્ટ્રના આવા ચાર–પાંચ જિલ્લાઓના ખેતમજૂરો એટલે કે જેમને આપણે ગણોતિયાઓ કહીએ છીએ જે વર્ષોથી જમીનો વાવી રહ્યા છે, વર્ષોથી ખેતી કરી રહ્યા છે, જેના ૭/૧૨માં એમનું નામ છે એમના હક અને અધિકાર ઉપર આની સીધી અસર થવા જઇ રહી છે. આ ગણોતિયાઓ કોણ છે? મોટાભાગના પછાત સમાજમાંથી આવે છે. આ સુધારા વિધેયકમાં સીધેસીધું... (વચ્ચેથી અટકાવતાં)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઉમેશભાઇ, બિલ ઉપર આવો. એ બધી વાત થઇ ગઇ છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગણોતિયા એટલે કે ખેતમજૂરોના હક અને અધિકાર ન છીનવાઇ જાય એની સરકાર તથા મંત્રીશ્રીએ આમાં ખરેખર ચિંતા કરવાની જરૂર છે. એનો હક અને અધિકાર કાયમ રહે. મારી તો આ ગૃહ મારફત એવી માગણી છે કે આજની તારીખમાં જે ખેતમજૂરો પાંચ વર્ષ કરતાં વધારે જે ખેડૂતની ખેતી વાવતા હોય એમને પણ ખેડૂતનો દરજ્જો આપી દેવો જોઇએ. આજના સમયમાં ખેતમજૂરો ઉપર શોષણ થઇ રહ્યું છે. હું મારા બોટાદની તાજેતરની વાત કરું છું. એક ખેતમજૂરની ચૌદ વર્ષની દીકરી ઉપર ૭૦ વર્ષના ખેડૂતે બળાત્કાર કરી ગર્ભ રાખી દીધો અને બાળકને જન્મ આપવો પડ્યો. ગુજરાતમાં આવી અનેક ઘટનાઓ બને છે. ખેતમજૂરોનું શોષણ થાય છે એને અટકાવવા માટે ગૃહમાં આ કાયદો લાવ્યા છો તો એમાં એક કલમ ઉમેરી દેવી જોઇએ કે પાંચ વર્ષથી જે ખેતમજૂર ખેતી કરે છે એને ફરીથી હક અને અધિકાર આપવો જોઇએ એ પ્રકારનું પણ બિલ લાવવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઉમેશભાઇ, બિલ ઉપર આવો. સીધા કલમ–૭૫ ઉપર આવી જાઓ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, એ જ વિષય ઉપર આવું છું. હું આ ગૃહ મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે ૭૭ વર્ષ પછી આપણે સુધારો લાવીએ છીએ તો સાથે ખેતમજૂરોની પણ ચિંતા કરવી જોઇએ. જ્યારે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ આવે છે ત્યારે સરકારશ્રી ખેડૂતોને સહાય પણ આપે છે. હું સરકારશ્રીને અભિનંદન આપું છું કે મારા બોટાદમાં સો ટકા બધા જ ખેડૂતોને એમના ખાતામાં સહાય ચૂકવાઇ ગઇ છે પણ એની સાથે આપણે બધાએ ચિંતા કરવાની જરૂર છે કે હું પોતે જ ખેડૂત છું પણ મારો ભાગીયો તો એક ખેતમજૂર વાવે છે, આદિવાસી વાવે છે, આદિવાસી પરિવાર વાવે છે. મને તો વળતર મળ્યું પણ એનું શું? આપણે બધા ભેગા મળીને કેમ એની ચિંતા ના કરીએ? સાચી મહેનત તો એની છે. સાચી મહેનત તો આ ગરીબોની છેને? જે રાત–દિવસ, ટાઢ–તડકો વેઠીને અનાજ પકવે છે એની સાચી મહેનત છે તો એની તો આપણે કંઇ ચિંતા કરી જ નથી. ખેડૂતના ખાતામાં જ સહાય ગઇ છે. હું કહેવા માગું છું કે આ કાયદામાં આવા ખેતમજૂરોના હકની રક્ષા કરવામાં આવે અને સાથે પાંચ વર્ષ કરતાં વધુ સમયથી જમીન વાવતા હોય એ ખેતમજૂરોને કાયમી ખેડૂતના હક આપવામાં આવે તેવી વિનંતી છે. આભાર.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને જમીન સુધારણા વિધેયકની કલમ–૭૫માં સુધારા માટે આ વિધેયક લઇને આવ્યા છે એના સમર્થનમાં હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય રાજકારણમાં ખેતી અને ખેડૂતને લઇને વર્ષો સુધી રાજનીતિ થઇ અને ઘણા પક્ષો આપણે જાણીએ છીએ એમ અત્યારે પણ કરી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં સમય અને શાસન બદલાયું અને તત્કાલીન મુખ્યમંત્રી તથા આજના યશસ્વી વડાપ્રધાનશ્રી મોદી સાહેબના નેતૃત્વમાં ભારત અને ગુજરાતમાં સુશાસનની શરૂઆત થઇ. છેલ્લાં ત્રીસ વર્ષથી ગુજરાતમાં સૌનો સાથ, સૌનો વિકાસ કરતી આ સરકાર છે અને સાચા અર્થમાં ખેતી અને ખેડૂતની ચિંતા કરી છે. અત્યાર સુધી ખેડૂતો અને ખેતીના હિતમાં કેટકેટલાયે કાયદા અને નિર્ણયો લેવાયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીની વાત કરી એટલે કૃષિ મહોત્સવની વાત હોય કે જમીનની તપાસણી સોઇલ હેલ્થ કાર્ડની વાત હોય અત્યારે જે આદરણીય મોદી સાહેબના માર્ગદર્શનમાં અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર જે

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬

પ્રાકૃતિક ખેતી ઉપર જે ભાર આપી રહી છે અને એટલુ મોટું કામ કરી રહી છે ત્યારે જેટલા અભિનંદન અને ધન્યવાદ આપીએ એટલા ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકાના ભાવની વાત હોય કે હમણાં અતિવૃષ્ટિમાં દસ હજાર કરોડથી વધુ રૂપિયા તેનું કૃષિ રાહત પેકેજ એ સરકારે મંજૂર કર્યું અને ગણતરીના મહિનાઓમાં એ હક્કદાર ખેડૂતોને તેમના ખાતામાં મળ્યું છે. આ પહેલી વખત સુધારો નથી પણ દર વર્ષે એક સરવેના આધારે જે રજૂઆતો આવે છે તેના આધારે કંઈક અને કંઈક સુધારા થાય છે. હમણાં તારીખ: ૮-૪-૨૦૨૫ એક સુધારો આવ્યો, એક નિર્ણય થયો એક જીવંત ઉદાહરણ આપણાં બધા માટે છે. આ ઠરાવથી ગ્રામ્ય વિસ્તારની ખેતી નવી અને અવિભાજય શરતની અને પ્રતિબંધિત શરતની જમીનો તેને જૂની શરતમાં જાહેર કરેલ છે. આવી જમીનો ઉપર બિન ખેતી પ્રિમિયમ પણ માફ કરેલ છે. આ ઐતિહાસિક નિર્ણય લોકોના હિતમાં થયેલો છે. આનાથી ખેડૂતોનું નાણાકીય ભારણ ઓછું થયુ છે. બિન ખેતીની જે પ્રક્રિયા છે તે સરળ બની છે અને સીધો ખેડૂતને લાભ મળ્યો છે. વર્ષ-૨૦૪૭માં વિકસિત ભારતની વાત છે, આત્મનિર્ભરતાની વાત છે આ બધી બાબતોથી ખેડૂત આત્મનિર્ભર બનશે એવો મને ચોક્કસ વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે આ જે બિલ રજૂ કર્યું છે માનનીય સંજયસિંહ મહીડાજીએ આ બિલમાં બિન ખેડૂત વ્યકિતને ખેતીની જમીન ખરીદ કરતા અટકાવવા માટે અને દાખલ એવા કિસ્સાઓ હોય એમાં ગેરકાયદેસર જે સોદાઓ થયા હોય એમાં શિક્ષાત્મક કાર્યવાહી થવાની છે. એમાં સરકાર સીધો રસ લઇને એની સજાની જોગવાઇ આમાં છે. આમાં દ્રઢ રાજકીય ઇચ્છાશકિતથી ગુજરાતની સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહેલ છે આનાથી કેટ કેટલાય ખેડૂતોના આશીર્વાદ માનનીય મંત્રીશ્રીને, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબને મળવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારાથી ખેડૂતનું હિત કાયદામાં એકરૂપતા અને સુશાસન આવશે. આગળ ઘણી ચર્ચા થઇ છે એમ ત્રણે ત્રણ કાયદાઓમાં એકરૂપતા લાવીને એક સરળીકરણનો મજબૂત ઇરાદો અને ઇચ્છા સરકાર ધરાવે છે. આ ગેરકાયદેસર જે વ્યવહારો છે તેની ઉપર સંપૂર્ણ રોક આવવાની છે. ગેરકાયદેસર જે કબજો મેળવ્યો હોય એની ઉપર કડક કાર્યવાહીની જોગવાઇ આ સુધારામાં છે. આ જમીનની જે ગેરકાયદેસર તબદિલ થઇ હોય એમાં જંત્રીની ત્રણ ગણી રકમનો દંડનો ઉલ્લેખ કરેલો છે આ કેટલી મોટી વાત છે. કહેવાતા ભૂમાફીયાઓ ઉપર પણ એક સકંજો કસવાની વાત આ સરકારની મજબૂત વાત ઉપરથી જણાઇ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર અને માનનીય મંત્રીશ્રી જે આ સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીનનો વટહુકમ જે લઇને આવ્યા છે તેને સુધારો ૭૫-એ લઇને આવ્યા છે તેનું હું સ્વાગત કરું છું, અભિનંદન કરું છું અને સમર્થન કરું છું.

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર જે સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન સુધારા વિધેયક- ૨૦૨૬ લઇને આવી છે તે અંગે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં કલેકટરશ્રીને અમાપ સત્તાઓ આપવામાં આવી છે. તાજેતરમાં આપણે સૌએ જોયું કે *(xxx) આ બિલમાં જે રીતે કલેકટરશ્રીને સત્તાઓ આપવામાં આવી છે એના ઉપર જો કોઇ ચોક્કસ કાર્યવાહી કે ચોક્કસ સત્તાઓનું વર્ણન કરવામાં નહીં આવે તો મને લાગે છે કે આ અધિકારીઓ સત્તાનો ક્યાંકને ક્યાંક દુરુપયોગ કરશે. જેને લઇને સાચા ખેડૂતો અને જમીન માલિકો છે એને હેરાનગતિનો સામનો કરવો પડશે. આ અંગે પણ યોગ્ય તકેદારી રાખવામાં આવે એવું હું સૂચન કરું છું. *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : બિલ ઉપર આવો. બિલમાં ઇ.ડી. નથી આવતી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, રેફરન્સ તો ટાંકવા દો. આપના દ્વારા અમને બિલ ઉપર બોલવાના જે નિયમોમાં છૂટછાટો આપવામાં આવી છે એના અનુસંધાને જ બોલું છું. જે બોલું છું એ સાચી વાત બોલું છું.

ઉપાધ્યક્ષશ્રી : બિલ બહુ સ્પષ્ટ છે. કલમ-૭૫ ઉપર સુધારો છે. બીજું કાંઇ નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ બોલું છું. *(xxx) મહેસૂલમાં આ પ્રકારના ખૂબ ગંભીર ગેરવહીવટો ચાલે છે. એના ઉપર જ બોલું છું. નવું બિલ આપણે જે લઇ આવ્યા છીએ એમાં આવી કોઇ છટકબારી ન રહી જાય એ ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. કોઇ સાચા ખેડૂતો હોય એ મામલતદાર કચેરીથી....(અંતરાય)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ બિલનો કોઇ ભાગ નથી. આ કેવળ આક્ષેપ કરતો વિષય છે. મારી આપને વિનંતી છે કે આવા આક્ષેપો આ બિલની સમગ્ર ચર્ચામાં જ્યાં જ્યાં થયા છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે અને માનનીય સભ્યશ્રીને આપના તરફથી સૂચના આપવામાં આવે કે બિલમાં જે સુધારા કર્યા છે એ સુધારા અંગે એના લાભ અને ગેરલાભ એની જ ચર્ચા આ ગૃહમાં થાય તો એ વધારે યોગ્ય રહેશે.

ઉપાધ્યક્ષશ્રી : જે જગ્યાએ આક્ષેપ હશે એ રેકર્ડ પરથી દૂર કરીએ. માત્ર કલમ-૭૫ની અંદર વાત કરીએ. મેં બે વાર આપને ટોક્યા છે.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર જેણે કોઇ દિવસ જમીન જોઇ નથી, જેણે કોઇ દિવસ ખેતી નથી કરી એ સરકારના વખાણ કરે, મુખ્યમંત્રીશ્રીના વખાણ કરે, ભલે કરે. પરંતુ એને તમે ગમે તે બોલવાની છૂટ આપો છો અને અમે જ્યારે ખેડૂતો માટે બોલવા ઊભા થઇએ ત્યારે અમને કોઇ ચોક્કસ નિયમમાં મંત્રીશ્રી બાંધવા માગે....(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા (રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ બિલ પર જે ચર્ચા કરી, હું એવી અપેક્ષા રાખતો હતો કે મારા સાથી સભ્યો બિલ પર ચર્ચા કરવાની હશે તો બિલ વાંચીને આવશે. એક સભ્યશ્રીએ કબજા સોંપવાની રજૂઆત કરી. એમને હું ખૂબ વિનમ્રતાથી કહેવા માગું છું કે આ બિલ બિન ખેડૂતોને ખેતીની જમીન અટકાવવાને લગતું છે. હું આ સભાગૃહને જણાવવા માગું છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ આદિવાસીની વાત હોય કે દલિતોની વાત હોય કે પછી ગરીબ વર્ગની વાત હોય, આઝાદી પછી સાચા અર્થમાં આ ગરીબની સામે કોઇએ જોયું હોય તો માનનીય યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જોયું છે. આજે ગરીબોના પાકા ઘર બનાવવાની વાત હોય કે પછી ઘરમાં લાઇટ પહોંચાડવાની વાત હોય કે પછી ઘરચૂલો પહોંચાડવાની વાત હોય. મહિલાઓના ઘર સુધી ટોઇલેટ બનાવવાની વાત હોય કે ૧થી ૧૦૦ વિષયો જણાવી શકું કે આદિવાસી, દલિત, ઓ.બી.સી. ગરીબના હક્કની જો વાત હોય તો આઝાદી પછી વર્ષો સુધી કોંગ્રેસ સરકાર રહી, કોંગ્રેસ દ્વારા આ વંચિત વર્ગોનો માત્રને માત્ર રાજનીતિજ્ઞ ઉપયોગ કર્યો છે. આજે હું ડંકાની ચોટ પર કહેવા માગું છું કે, આજે આ વિધેયકને વાંચ્યા વગર માત્ર રાજનીતિના સ્ટેટમેન્ટ કરીને આજે આ લોકો એ જ રાજનીતિ કરવા માગે છે. આ વિધેયકની ચર્ચામાં વિપક્ષના મિત્રોએ સાંથણી, કબજા, કલેકટરની સત્તાઓ, ઉદ્યોગપતિ જેવા વિષયોની તદ્દન અલગ અને અપ્રસ્તુત મુદ્દાઓની વાત કરી છે. આ વિધેયક બિન ખેડૂતો સામેની જોગવાઇઓ વધુ કડક બનાવવા માટે લાવી રહ્યા છીએ. ખેડૂતોના હિત માટે, એમને રક્ષણ આપવાની વાત છે. અમારી સરકાર હંમેશા ખેડૂતોની ચિંતા કરતી હોય છે. તેમના રક્ષણ માટેનું આ બિલ તેમના હિતમાં સર્વાનુમતે પસાર થવું જોઇએ. આમ કરીને ગુજરાતના બીજા વિસ્તારના ખેડૂતોને, જેમ સૌરાષ્ટ્રના ખેડૂતોને વધુ રક્ષિત કરી રહ્યા છીએ. સાંથણીની જમીન આપવાની જોગવાઇ હોય તો તા. ૧-૩-૧૯૬૦ના ઠરાવથી આપીએ છીએ. જેમ માનનીય સભ્યશ્રીએ જણાવ્યું તેમ જો કોંગ્રેસના રાજમાં જો આવા હુકમો થયા હોય તો તેમણે સાંથણીના હુકમો સાથે જ ખેડૂતોને કેમ કબજા ન અપાવ્યા? તેમના શાસનમાં આટલા વર્ષો સુધી ખેડૂતો, આદિવાસીઓ, દલિતોની ચિંતા કેમ ના કરી? આજે સભ્યશ્રીએ ગુજરાત રાજ્યના અમલી ગણોતલક્ષી કાયદાની પણ આ અધિકારી કલેક્ટરશ્રી પાસે જે ખેડૂતોના કબજા લેન્ડ કમિટી મિટિંગ જેવી બાબતો વિધેયક સાથે કોઇ પણ રીતે સંકળાયેલી નથી. આજે ગણોત ધારાને લગતા ૩ કાયદાઓ છે એ પૈકી બે કાયદાઓમાં આ સૂચિત પ્રાવધાન છે માત્ર સૌરાષ્ટ્ર ઘરખેડ કાયદામાં પ્રોવિઝન નથી માટે હાઇકોર્ટના કેસમાં પણ આપણે આવી જોગવાઇ નથી અને હાઇકોર્ટે પણ ઓબ્ઝર્વ કર્યું છે કે જે જમીન રિ-સ્ટોર, પરત કરવામાં જોગવાઇ નથી આ માટે સુધારો છે. સાંથણીમાં જમીનો આપવા માટે પ્રાવધાન છે તે વર્ષ ૧૯૦૦ના કાયદાથી જે તેના અમલીકરણમાં જે સમયે ઉપણ હોય સરકાર પ્રશ્નો ચલાવતી હતી એ તેમની ભૂલ છે. આજે ખેડૂતોની વાત હોય કે આજે વધુમાં સુધારા અમલમાં રહે અને ગણોત કાયદાની સાથે સુસંગતતા લાવશે. આ અતિ મહત્ત્વના સુધારા વિધેયક પર તંદુરસ્ત ચર્ચા કરવા બદલ હું સદનના સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું પણ આજે હું ગૃહમાં તમામ માનનીય સભ્યશ્રીઓને આપના માધ્યમથી પુન: વિનંતી કરું છું કે જે ખડૂતો અને ખેડૂતોના હિતની સહેજ પણ ચિંતા હોય તો તમામ સભ્યોએ આ વિધેયકને સર્વાનુમતે સમર્થન આપવું જોઇએ. અસ્તુ. ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬ના સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : કલમ-૨ પર સુધારો રજૂ કરે. માનનીય સભ્યશ્રી ગૌપાલભાઇ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય પ્રભારી મંત્રીશ્રીએ રજૂ કરેલ સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન સુધારા વિધેયક ઉપર સુધારો રજૂ કરવા માટે મારું મંતવ્ય રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ મૂળ અધિનિયમ વર્ષ ૧૯૪૮ માં બનેલો છે.

ઉપાધ્યક્ષશ્રી : સુધારો રજૂ કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : સુધારાનો કોન્ટેક્ટ તો સમજાવું.

ઉપાધ્યક્ષશ્રી : નહીં, એ પછી. પહેલા સુધારો રજૂ કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

Clause	**Amendment**
2	In the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 (hereinafter referred to as "the principal Act"), section 75 is renumbered as sub-section (1) of that section and after sub-section (1) as so

renumbered, the following sub-sections shall be inserted, namely: -

"(2) No proceeding under this section shall be initiated or continued, and no notice shall be issued thereunder, if twenty years have expired from the date of the invalid transfer or acquisition or the commencement of unauthorized/wrongful/ adverse possession (whichever is later), computed as on the date of proposed notice issuance.

(3) Notwithstanding anything contained in section 75 or in any other provision of this Ordinance, and subject to the bar on proceedings under that section after twenty years, where the Collector, suo-motu or on application, has reason to believe that any person is in unauthorized or wrongful possession of land by virtue of an invalid transfer or acquisition under the provisions of this Ordinance, and such possession has continued for twenty years or more from the date of such transfer, acquisition or commencement of wrongful possession (whichever is later), the Collector shall, impose on such person or institution a penalty equal to three times the amount of the prevailing Jantri of such land.

Explanation: For the purposes of this sub-section, "prevailing Jantri" means the index of base market values as determined by the State Government from time to time under the relevant revenue laws.

Provided further that if the penalty imposed under clause (i) is not paid within the period specified in the order or such extended time as the Collector may allow, the same shall be recoverable from the person or institution concerned as an arrear of land revenue under the provisions of the Gujarat Land Revenue Code, 1879 (Bombay Act V of 1879), or any other law for the time being in force relating to recovery of land revenue arrears.

Provided also that where possession of any land under an invalid transfer or acquisition has continued uninterruptedly for twenty years or more, and no proceeding for vesting or disposal under section 75 has been or can be initiated due to the expiry of the said period, the person or institution in whose favour or under whose occupation such invalid transfer or acquisition subsists may, after payment of the penalty imposed under clause (i) of sub-section (2) within the period specified in the order (or such extended time as the Collector may allow), retain and hold the land:

Provided further that upon such payment, the said person or institution shall not be entitled to hold or claim the land as an agriculturist, and the land shall be deemed to be held otherwise than as agricultural land for the purposes of this Ordinance, subject to such restrictions on use, transfer or enjoyment as may apply to non-agriculturists or invalid tenure holders under the provisions hereof.".

સુધારો રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે માનનીય પ્રભારી મંત્રીશ્રીએ જે વિધેયક રજૂ કર્યું છે, સૌથી પહેલાં તો હું વિધેયક રજૂ કરતા માનનીય મંત્રીશ્રીને શુભેચ્છા આપીશ અને એમને હું બિરદાવીશ કે એમણે વિધેયક જયારે રજૂ કર્યું ત્યારે એમના થોટમાં મને કલેરિટી લાગી. ઘણી વખત એવું જોયું છે કે મંત્રીશ્રીઓ વાંચતા હોય છે પણ એમની વાત ઉપરથી એવું લાગે કે એમને પોતાને આ બિલ વિશે વધારે માહિતી હોતી નથી પણ હાલના કેસમાં માનનીય મંત્રીશ્રી સારી રીતે આ બાબતને જાણે છે, ત્યાં શું થઇ રહ્યું છે, શું કાયદો છે...

ઉપાધ્યક્ષશ્રી : બધા જ મંત્રીશ્રી સારી રીતે જાણતા જ હોય છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને મારી શુભેચ્છાઓ. આ સૌરાષ્ટ્રનો ઘરખેડ ગણોતનો અધિનિયમ જયારે સન ૧૯૪૮માં બન્યો ત્યારે આપશ્રીએ કહ્યું તેમ સૌરાષ્ટ્ર પ્રાંત અલગ હતો. દેશ આઝાદ થયો અને તરત જ જે તે વખતની પ્રાંતિય સરકારને એવું લાગ્યું કે જે વાસ્તવમાં ખેતી કરતા હોય તે ખેડૂતોને રક્ષણ આપવું જરૂરી છે, તો મેં આ વિધેયક જયારે બન્યું ત્યારના ઉદ્દેશો અને ત્યારની ચર્ચાઓ મેં વાંચી તો મારા ધ્યાનમાં આવ્યું કે આ મૂળ કાયદો જયારે બન્યો ત્યારે જમીનદારો, જાગીરદારો, ગીરાસદારો અને તાલુકદારોના કબજામાં હતી. આ તાલુકદારો, ગીરાસદારો, જાગીરદારો, જમીનદારો એ જમીનના માલિક હતા પણ પોતે ખેતી નહોતા કરતા. બીજા ખેડૂતો ખેતી કરતા હતા એ કોઇપણ સમાજના હોઇ શકે, આ ગૃહમાં અલગ અલગ સમાજના નામ દેવાયા. અલગ અલગ સમાજના લોકો પોતાની માલિકીની જમીન ન હોય એવી જમીન ઉપર ખેતી કરતા હતા. એ ખેતી કરતા લોકોને જમીનનો હક્ક મળે કે જે ખેડે તેની જમીન, એવો જે સિદ્ધાંત આવ્યો એ સિદ્ધાંતના આધાર ઉપર આ સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત અધિનિયમ બન્યો અને ત્યારે આ કાયદો બનાવનારાનો ઉદ્દેશ એવો હતો કે જે ખેતી કરતો હોય એ જ માણસ ખેતીની જમીન લઇ શકવો જોઇએ. જે ખેડૂત નથી એ માણસને ખેતીની જમીન લેવાનો અધિકાર ન આપવો જોઇએ, એટલા માટે કે જે ખેડૂત નથી એ માણસ કોઇપણ રીતે પૈસા કમાય અને એ પૈસાથી જમીન લે.

ઉપાધ્યક્ષશ્રી : એવો ઉદ્દેશ માત્ર નથી હોતો, બીજા ઘણા ઉદ્દેશો હોય છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું બધા ઉદ્દેશનું વર્ણન કરું છું જે મારા વાંચવામાં આવ્યા હોય. ખેતી ન કરતો એ માણસ ખેતીની જમીન લેવા લાગે તો ખેતીની જમીનનો સટ્ટો થઇ જાય અને સરવાળે ખેતી બરબાદ થાય, અને સરવાળે ખેતી બરબાદ થાય તો દેશના લોકોની અનાજની રિકવાયર્મેન્ટ પૂરી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. એટલે માત્ર ખેતી કરતા લોકોને જ ખેતીની જમીન લેવાનો હક્ક મળે એવા શુભ ઉદ્દેશથી આ મૂળ કાયદો સન ૧૯૪૮માં બનાવવામાં આવ્યો હતો. એના કલમ–૫૪માં એવી જોગવાઇ કરવામાં આવી કે જે માણસ ખેડૂત ન હોય એ ખેતીની જમીન નહીં લઇ શકે. અને જો કોઇ માણસ કલમ–૪૫નો ભંગ કરીને ખેતીની જમીન ખરીદશે તો એવી ખેતીની જમીન ખરીદનાર વિરુદ્ધ કલમ–૭૫ પ્રમાણે પગલાં લેવાશે એવી મૂળ કાયદામાં જોગવાઇ હતી. હાલનું વિધેયક કલમ–૭૫માં સુધારો કરે છે અને કલમ–૭૫માં જે સુધારો લાવવામાં આવ્યો છે એ સુધારો એવું કહે છે કે ''હવે કલેક્ટર પોતે સામે ચાલીને સુઓમોટો અથવા એ જમીનના મૂળ માલિકની કોઇ અરજી આવે તો એ અરજી આધારે કલેક્ટર આ જમીનની તબદીલી અને એનો ભોગવટો કરવાનો અધિકાર બાબતે એક પ્રોસિડિંગ કરશે, એક સમરી ટ્રાયલ ટાઇપનો કેસ ચાલુ કરશે અને એ કેસના અંતે કલેક્ટર નક્કી કરશે કે આ જમીનનો કબજો અથવા તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર છે કે કેમ? અને જો કલેક્ટરને એવું લાગે કે આ જમીનનું ટ્રાન્સફર ગેરકાયદેસર રીતે થયેલું છે તો કલેક્ટર ત્રણ ગણી પેનલ્ટી વસૂલ કરી આ જમીનને મૂળ સ્થિતિએ પાછી લઇ જશે. આવો કલમ–૭૫માં સુધારો છે પણ સૌથી મહત્ત્વનો સવાલ એ છે કે કોઇ વ્યક્તિએ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ કરીને બિન ખેડૂત હોવા છતાં ખેતીની જમીન ખરીદી લીધી તો એમાં સરકારના અધિકારીની શું ભૂમિકા? જે તે વખતે ફાઇલ ગઇ હશે તો કોઇ રેવન્યુ ઓથૉરિટી પાસે ગઇ હશે? એમાં કેસ ચાલ્યો હશે, સહી થઇ હશે, સિક્કા થયા હશે, હુકમ થયા હશે પછી જ તો બિન ખેડૂતે ખેતીની જમીન ખરીદી હશે તો આપણે આ કેસ જેણે ખોટી રીતે ખેતીની જમીન ખરીદી છે એ માણસને દંડ કરવાનું પ્રોવિઝન લઇ આવ્યા. એ માણસની જમીન પાછી લઇ આવવાનો પણ કાયદામાં સુધારો લઇ આવ્યા પણ સરકારી અધિકારી પણ આ પ્રક્રિયામાં ભાગ બન્યા છે. એણે પણ આવા બિન ખેડૂતને ખેતીની જમીન વેચવા માટેની છૂટછાટ આપી છે, અધિકાર આપ્યો છે અથવા હુકમ કરી આપ્યો છે તો એ માણસ ઉપર કાર્યવાહી કેમ નહિ? અને એટલે મારે આજે આ સુધારો લઇને આવવો પડ્યો છે. આ સુધારામાં કલમ–૭૫માં હું એક સુધારો સૂચવી રહ્યો છું. એવું બની શકે કે કોઇ X, Y, Z નંબરમાં એવા કિસ્સા બન્યા હોય કે બિન ખેડૂતોએ ખેતીની જમીન ખરીદી લીધી હોય પરંતુ હવે આ વિધેયક જ્યારે અમલી બનશે ત્યારે કલેક્ટરને સત્તા મળશે કે એ કોઇ પણ પ્રકરણ ખોલી શકશે અને કોઇ પણ કેસમાં સુઓમોટો એક્શન લેશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

વિધેયક પરના સુધારા પર લંબાણપૂર્વક પ્રવચન કરવા અંગે

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૬૦થી ૨૦૨૦ દરમિયાન પાન નં– ૩૫૬, ''વિધેયક ઉપરના સુધારા ઉપર બોલતી વખતે સભ્ય પ્રથમ વાંચનની માફક પ્રવચન કરી શકે નહિ.'' એમાં જે તે વખતે માનનીય નટવરલાલ શાહે જે અવલોકન કર્યું હતું એ અવલોકન આ પ્રમાણે હતું. ''આ સુધારા ઉપર બોલતી વખતે પ્રથમ વાચનની માફક પ્રવચન કરી શકાય નહિ ફક્ત સુધારાના સમર્થન અથવા વિરુદ્ધમાં જ બોલી શકાય.''

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગોપાલભાઇ હવે આપે કલમ–૭૫માં જે સુધારો મૂક્યો છે એ સુધારા પૂરતી જ વાત કરીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું શરૂઆતથી જ સુધારા ઉપર બોલી રહ્યો છું. કલમ–૭૫માં હાલના સુધારામાં જે સરકાર તરફે રજૂ થયો છે એ સુધારો એવું કહે છે કે ''કલેક્ટરને સુઓમોટો પાવર છે અથવા કોઇ અરજી આપશે એના ઉપર કાર્યવાહી કરવામાં આવશે.'' પણ આ કાર્યવાહી પાછલા કેટલા વર્ષો સુધીની કરવામાં આવશે? કારણ કે, જો કાર્યવાહી કરવા બેસે તો કોઇ પણ વર્ષની કાર્યવાહી થઇ શકે. મારો સુધારો એવું સૂચવે છે કે નવી કલમ–૭૫માં ક્લૉઝ–૨ ઉમેરવામાં આવે અને ક્લૉઝ–૨થી ૨૦ વર્ષ કરતાં જૂના કોઇ પણ પ્રકારના પ્રકરણો બન્યા હોય કે બિન ખેડૂતે ખેતીની જમીન ખરીદી હોય તો એ પ્રકરણ પર કલેક્ટરે સુઓમોટો કે કોઇની અરજીના આધારે તપાસ કરવી નહિ. કારણ કે, ભારતની સંસદમાં

લિમિટેશન એક્ટ બનેલો છે. લિમિટેશન એક્ટના આર્ટિકલ-૬૫ પ્રમાણે કોઇ પણ ઇમ્યુવેબલ પ્રોપર્ટીના ટાઇટલનો પ્રશ્ન હોય તો એને ૧૨ વર્ષ સુધી ઉપસ્થિત કરી શકાય એટલે કાયદાએ ૧૨ વર્ષની સમય-મર્યાદા નક્કી કરી છે. મારો સુધારો એવું સૂચવે છે કે કલમ-૬૫ પ્રમાણે ૨૦ વર્ષ કરતાં કોઇ પણ જૂની ઘટના ઉપર કલેક્ટરે કે કોઇ પણ વહીવટી તંત્રએ એના ઉપર પ્રક્રિયા કરવી જોઇએ નહિ. એનાથી ઉલટું કે ૨૦ વર્ષ પહેલાં જે માણસે ઇનવેલિડ કબજો લઇ લીધો છે. અહીંયા આપણે ઇનવેલિડ પઝેશનની વાત કરીએ છીએ. કાયદા પ્રમાણે જેને જમીન ભોગવવાનો હક નથી છતાં ભોગવે છે તે ઇનવેલિડ પઝેશન. ૨૦ વર્ષ પહેલાં જે માણસે લઇ લીધું હોય તે માણસ ઉપર જંત્રીના ત્રણ ગણો દંડ લેવાની જોગવાઇ છે પણ આ ત્રણ ગણો દંડ માનો કે કોઇ વ્યક્તિ ન ભરે અને કોઇપણ રીતે કલેક્ટરના ઓર્ડરને બાયપાસ કરશે તો મારો સુધારો એવું સૂચવે છે કે આ દંડને રેવન્યુ રાહે લેન્ડ રેવન્યુ કોડમાં જે જોગવાઇ છે તે રીતે વસૂલ કરવો જોઇએ. બીજું, દંડ લેવાથી તેણે જમીનનું જે ઇનવેલિડ પઝેશન લીધું છે તે વેલિડ થઇ જતું નથી, તે ખેડૂત બની જતો નથી. લિમિટેશન એક્ટ પ્રમાણે ટાઇમ લિમિટની બહાર છે એટલે આપણે તેની ઉપર પગલાં લઇ શકાતા નથી પરંતુ તેના કારણે તે માણસનું લીગલ પઝેશન બનતું નથી. ૨૦ વર્ષ પહેલાં અથવા કોઇપણ સ્થિતિએ જે માણસે ખેડૂત ન હોવા છતાં પણ ખેતીની જમીન ધારણ કરી હોય તેને રિસ્ટ્રિક્શન કરવું જોઇએ કે એક વખત જમીન લઇ લીધી પણ હવે બીજી વખત તે ખેતીની જમીન ન ખરીદી શકે તેવા પ્રકારનું રિસ્ટ્રિક્શન તેના ઉપર લાવવા માટેનો સુધારો રજૂ કર્યો છે. આ સિવાય મારે સરકારનું એ ધ્યાન દોરવું છે કે માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે તેમાં એક સુધારો એવો પણ હોવો જોઇએ કે જેણે ઇનવેલિડ પઝેશન લીધું છે તેની પાસેથી જમીન મૂળ સ્થિતિએ પાછી લેવામાં આવે છે અને તેની પાસેથી દંડ પણ વસૂલવામાં આવે છે પણ આ ઇનવેલિડ પઝેશનની પ્રક્રિયામાં સામેલ અધિકારી ઉપર જંત્રીનો દસ ગણો દંડ હોવો જોઇએ. જેથી કરીને ભવિષ્યમાં કોઇ અધિકારી આવી ફાઇલો ઉપર સહી ન કરે. આ ઇનવેલિડ પઝેશનની ફાઇલો પર કોઇ અધિકારીની સહી હશે અને એ સહી કરનાર માણસ વિશે આ કાયદો કંઇ બોલતો નથી. તેનો અર્થ એ થયો કે સરકારનો અધિકાર ભોગવતો વ્યક્તિ ગમે ત્યાં સહી કરી દેશે અને તેના કારણે હું ખેડૂત તો બની જઇશ પણ ૨૦ વર્ષ પછી વિધાનસભામાં કાયદો આવશે. એ કાયદો એમ કહેશે કે મારી જમીન પાછી લઇ લઉં. મારે દંડ ભરવાનો તો સહી કરનાર અધિકારીને કેમ બક્ષવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે, અમારી સરકાર કોઇ અધિકારીને છોડશે નહીં. આ બિલમાં તો અધિકારીને પકડવાનો કોઇ કાયદો નથી એટલે મારે આ સુધારાના માધ્યમથી સરકારનું ધ્યાન દોરવું છે કે આ ગૃહમાં બેસીને આપણે જમીનના કાયદા બનાવીએ છીએ ત્યારે એક વાતની ગંભીરતાથી નોંધ લેવી જોઇએ. દુનિયાના ઇતિહાસમાં કોઇ સમાજ કે કોઇ વ્યક્તિની પ્રગતિના માત્ર ત્રણ આધાર છે. એક કે જેની પાસે જમીન હોય તેની પ્રગતિ દુનિયાના કોઇપણ છેડે થઇ છે. બીજું કે જેની પાસે પૈસા હોય તેની પ્રગતિ દુનિયાના કોઇપણ છેડે થઇ છે. જેની પાસે જમીન ન હોય, જેની પાસે પૈસા ન હોય તેની પ્રગતિનો રસ્તો શિક્ષણ છે. આજ ગુજરાતમાં જેની પાસે શિક્ષણ નથી, જેની પાસે પૈસા નથી તેની પ્રગતિનો આધાર શું? તેની પ્રગતિનો આધાર માત્ર ને માત્ર જમીન છે. એ જમીનનો માલિક હોય અથવા કોઇની જમીનમાં મજૂરી કરતો હોય. ઇતિહાસથી લઇને આજ દિન સુધીની ઘટના જોઇએ તો જમીનનો વિષય હંમેશા માનવજીવનના ઉત્થાન સાથે જોડાયેલો છે. જો છેવાડાના માણસના, ખેડૂતના જીવનમાં ઉત્થાન લાવવાના સંકલ્પ લેવાનો આ સભાગૃહનો, સરકારનો ઇરાદો હોય કે ખેતી બચે, ખેડૂત બચે છેવાડાનો માણસ બચે તો ઉતાવળે આવા કાયદાઓ લાવવાના બદલે આખા સભાગૃહના તમામ પક્ષોના લોકો પાસેથી સૂચન મંગાવવા જોઇએ. અમે બધા પણ ખેડૂતોના મતથી ચૂંટાયેલા છીએ. મારી વિસાવદર વિધાનસભા ૯૦ ટકા ખેતી સાથે સંકળાયેલું ક્ષેત્ર છે. એક એક માણસ ખેતી અને ખેતમજૂરી કરે છે. અમને પૂછ્યું હોત તો અમે સારું સૂચન આપ્યું હોય કે આમાં શું સુધારા કરવા જેવો છે. હું સૌરાષ્ટ્રનો જ છું. બિલ લાવ્યા છે તે સારી બાબત છે પણ સૌરાષ્ટ્રનું બિલ હોય તો સૌરાષ્ટ્રમાંથી ચૂંટાયેલા ઘણા ધારાસભ્યો બેઠાં છે. અમે સૂચનો આપ્યા હોત કે સૌરાષ્ટ્રમાં કેવા કાયદાની જરૂર છે. મારી વાત પૂરી કરતાં પહેલાં છેલ્લું સૂચન છે કે આ સૌરાષ્ટ્ર ગણોત અધિનિયમનો મૂળભૂત ઉદ્દેશ એવો હતો કે જમીન માત્ર ખેતી કરતાં ખેડૂતોના હાથમાં હોવી જોઇએ, જમીનદારોના હાથમાં જમીન હોવી જોઇએ નહીં. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શાંતિ જાળવો. ઝડપથી વાત પૂરી કરો. સમય ઘણો ઓછો છે. માનનીય ગોપાલભાઇ, આપ મારી સામે જોઇને વાત કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું વિદ્યાર્થી ભાવે આ ગૃહમાં બેઠો છું. આ બધા સિનિયર આટલા કેમ અકળાય છે? હું સૌથી જુનિયર વિદ્યાર્થી છું. શીખું છું. તમારે મને શીખવાડવાનું હોય તેના બદલે તમે અમને રોકવાની કોશિષ કરો છો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બિલ પર આવી જાઓ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિરોધ કરવાથી તમને મંત્રી બનાવતા હોય તો પાટલી થપથપાવો.

ઉપાધ્યક્ષશ્રી : અંદરોઅંદર વાત ન કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સુધારાઓ ઉપરની વાત હોય એટલે તેની સમગ્ર ચર્ચા ન કરી શકાય. તેમને જે સુધારા મૂકવાના હોય માત્ર તે સુધારા જ મૂકવાના હોય. આ તો આખું ભાષણ થાય છે જે યોગ્ય નથી. જે સુધારા એમને મૂકવાના છે, જ્યાં જ્યાં એમેન્ડ કરવાનો વિષય છે તે સુધારા જ મૂકી શકાય. માનનીય નટવરલાલ શાહે પણ તે પ્રકારનું રૂલિંગ આપ્યું છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો કહ્યું હું વિદ્યાર્થી છું. મોસ્ટ જુનિયર....

ઉપાધ્યક્ષશ્રી : બિલ પર આવો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલના સુધારા પર મારી છેલ્લી રજૂઆત કરવા માગું છું એ આ પ્રમાણે છે.

ઉપાધ્યક્ષશ્રી : રજૂઆત નહીં. બિલના સુધારા વન, ટુ, થ્રી જે તમે કહ્યા છે એ વાત પૂરી કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, બિલના સુધારા વન, ટુ, થ્રી પોઇન્ટ પર એટલું જ છે કે એક કલેક્ટરને ઇન ડેફિનેટ ટાઇમ માટે સુધારો આપવાની સત્તા ન આપી શકાય, બીજું કે આ કાયદામાં જે અધિકારીઓએ ઇનવેલીડ પઝેશનની ફાઇલો પર સહીઓ કરી છે એ અધિકારીને પણ સજા થવી જોઇએ, દંડ થવો જોઇએ અને ત્રીજું કે ભવિષ્યમાં કોઇપણ માણસ આવી રીતે ઇનવેલીડ પઝેશન ન લે, ઇનવેલીડ એક્વિઝિશન ન કરી લે, ગણોતના કાયદાનો ભંગ કરીને કોઇ બિન ખેડૂત ખેતીની જમીન ન ખરીદી લે એ માટે અલગથી સ્ટ્રીક પ્રોવિઝન મૂકવાની જરૂર હતી. એવું નથી કે ઘટના બની ગયા પછી આપણે પાછળથી પેનલ્ટી પેનલ્ટી કર્યા કરીશું. ક્યારેક એવું પણ કરવું પડે કે ઘટના બને જ નહીં. આ કાયદો ઘટના બન્યા પછીની પ્રોસેસ પર કામ કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પ્રભારી મંત્રીશ્રી તમારે કંઇ કહેવું છે? (અંતરાય) શ્રી ગોપાલભાઇ, વિષય પૂરો થઇ ગયો. તમારા સુધારા મૂકાઇ ગયા. હવે કોઇ વાતને અવકાશ નથી. શ્રી હેમંતભાઇ, તમે શાંતિ જાળવો. તમારે હવે કોઇ વાત કરવાનો હક્ક બનતો નથી.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીનના વટહુકમ, ૧૯૯૯ના સુધારા કરવા લાવવામાં આવનાર વિધેયકમાં માનનીય સભ્યશ્રી દ્વારા સૂચનો ધ્યાને લેવા જણાવેલ છે. માનનીય સભ્યશ્રીએ કરેલ સૂચનની મુખ્ય બાબત આ પ્રમાણે છે. સદર કાયદા મુજબ ગેરકાયદેસર તબદીલી વીસ વર્ષ પૂરા થવાના કિસ્સામાં હાલની કલમ–૭૫ હેઠળ તપાસ કરી તબદીલી ગેરકાયદેસર જાહેર કરવાની તથા વીસ વર્ષના સમયગાળામાં ગેરકાયદેસર તબદીલી માટે જે–તે જમીનના જંત્રીના ત્રણ ગણી રકમનો દંડ કરવાની જોગવાઇ કરવા તથા દંડની રકમ જમીન મહેસૂલ કાયદા હેઠળ વસૂલ કરવાનું સૂચન કરે છે. ઉપરોક્ત સૂચન સમયમર્યાદાને કારણે કલમ–૭૫ હેઠળ કાર્યવાહી ન કરી શકવાના કિસ્સામાં કબજેદારે જમીનના જંત્રીના ત્રણ ગણી રકમનો દંડ વસૂલ લઇને જમીન ધારણ કરી શકશે અને તે વ્યક્તિને બિન ખેડૂત તરીકેની જોગવાઇઓ લાગુ પાડવાનો સુધારો કરવાનું સૂચન કરેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : એ તો તમે બિલમાં લાવ્યા જ છો. મારે માત્ર એટલું જ પૂછવાનું છે કે એમણે જે સુધારા સૂચવ્યા છે એની પર આપ કંઇ કહેવા માંગો છો?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, જી. એની પર જ આવું છું. માનનીય સભ્યશ્રીના ઉપરોક્ત સૂચન અન્વયે આપના માધ્યમથી હું સન્માનનીય ગૃહને કાયદાકીય હકીકતોથી વાકેફ કરવા માગું છું. સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૯૯ની કલમ–૫૪થી ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા રાજ્યમાં ખેતીની જમીન બિન ખેડૂતના તરફેણમાં તબદીલી પર નિયંત્રણ મૂકવામાં આવેલ છે અને કલમ–૭૫ હેઠળ ગેરકાયદેસર તબદીલી અથવા અનધિકૃત કબજાના કિસ્સામાં જમીન ધારણ કરવા બદલ જમીનમાંથી દૂર કરવાની જોગવાઇઓ પણ અમલમાં છે. વધુમાં, બિન ખેડૂત વ્યક્તિને ખેતીની જમીન ખરીદતા અટકાવવા તથા દાખલ થયેલ હોય તો તે કિસ્સામાં ગેરકાયદેસર સોદા રદ કરવા જંત્રીના ત્રણ ગણી રકમની દંડાત્મક જોગવાઇઓ ગણોત સુધારા કાયદા ૨૮, ૨૦૧૫થી કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રી દ્વારા સૂચવવામાં આવેલ સુધારામાં કલમ–૭૫(૨) અને (૩) પરત્વે મૂળ કાયદાના હાર્દ સાથે સુસંગત નથી અને સૂચન મુજબનો સુધારો કાયદાની મૂળ વિભાવનાની વિપરીત છે. આમ, અત્રે માનનીય સભ્યશ્રીને સૂચવેલ સુધારો ગેરકાયદેસરતાને પ્રોત્સાહન આપશે. આથી ખેડૂતોના હિતને ધ્યાને લેતાં સ્વીકારવાપાત્ર નથી. હું માનનીય સભ્યશ્રીને એમણે સૂચવેલા સુધારા પરત ખેંચવા વિનંતી કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : સુધારા પાછા ખેંચવા માંગો છો કે કેમ? એટલી જ વાત કરજો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, ના, હું ખેડૂતોના હિતમાં કોઇ બાંધછોડ કરવા માગતો નથી.

સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

કલમ–૨ વિધેયકનો ભાગ બની.

કલમ–૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક ૩–સન ૨૦૨૬નું સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક ૩–સન ૨૦૨૬નું સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૪–૫૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬
માઘ ૨૯, ૧૯૪૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ કલાકે મળ્યું.
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય જિગ્નેશભાઇ, જય સંવિધાન બોલશો તે ચાલશે પરંતુ બહારથી કાગળ લઇને પ્રદર્શન કરવાવાળા મિત્રો આવ્યા હોય તો તે પ્રદર્શિત કરી શકાતું નથી. તે સંવિધાનની વિરુદ્ધમાં છે. માત્ર ધ્યાન ઉપર રહે એટલા માટે જણાવું છું.

કચ્છ જીલ્લામાં આરટીઓ દ્વારા પકડેલ ઓવરલોડ વાહનો

***15/8/11 શ્રી પ્રધુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી(વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જીલ્લામાં તાલુકાવાર કેટલા ઓવરલોડ વાહનો આરટીઓ દ્વારા પકડવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં તાલુકાવાર ઓવરલોડ કેસોની સંખ્યા નીચે મુજબ છે.

તાલુકો	વર્ષ ૨૦૨૪	વર્ષ ૨૦૨૫	કુલ
અંજાર	૪૨૮	૬૦૯	૧૦૩૭
ગાંધીધામ	૬૫૮	૮૬૧	૧૫૧૯
રાપર	૩૦૦	૪૦૮	૭૦૮
ભચાઉ	૭૪૯	૯૩૬	૧૬૮૫
ભુજ	૧૫૩૧	૧૫૮૧	૩૧૧૨
માંડવી	૩૮૯	૪૫૫	૮૪૪
મુન્દ્રા	૭૧૫	૮૧૬	૧૫૩૧
નખત્રાણા	૩૧૦	૩૯૦	૭૦૦
અબડાસા	૩૧૧	૪૦૨	૭૧૩
લખપત	૨૮૬	૩૦૧	૫૮૭
કુલ	**૫૬૭૭**	**૬૭૫૯**	**૧૨,૪૩૬**

(૨)	તે પૈકી પકડવામાં આવેલ વાહનો પાસેથી કેટલી રકમ સ્થળ પર વસુલ કરી માંડવાળ કરવામાં આવી, અને	(૨)	ઉપરોક્ત પકડવામાં આવેલ વાહનો પાસેથી સ્થળ પર કોઈ વસૂલાત થયેલ નથી. કચેરી ખાતે ૨,૨૭,૦૧,૧૧૮/– (બે કરોડ સત્યાવીસ લાખ એક હજાર એકસો અઢાર રૂપિયા પૂરા) માંડવાળ ફી વસુલ કરવામાં આવી છે.
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા?	(૩)	ઉક્ત સ્થિતિએ ૬૨૪ વાહનો સીઝ કરવામાં આવેલ છે.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેટલાં ઓવરલોડ વાહનોને દંડ કરવામાં આવ્યો? કેટલાં વાહનો સીઝ કરવામાં આવ્યાં? કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો? લાઇસન્સ મેળવવા માટે ધોરણ–૧૦ની લાયકાત નક્કી કરવામાં આવી છે તેના બદલે અનુભવને પ્રાધાન્ય આપવામાં આવે તેવું મારું સૂચન છે. કારણ કે તેમાં ભણતર કામ આવતું નથી પરંતુ અનુભવને પ્રાધાન્યતા આપવાથી એક્સિડન્ટ ઓછા થશે. હાલ વાહનોની ઊંચાઇ વધી જવાના કારણે વાહનોમાં એક્સિડન્ટ થાય ત્યારે નાની ગાડી ઘૂસી જાય છે. પહેલાં જે રીતે કાયદેસર બમ્પ લગાવવામાં આવતા તે રીતે હાલ લગાવવામાં આવે તો એક્સિડન્ટમાં બચાવ થઇ શકે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, બધાને આપના જેવો અનુભવ ન હોય કે વાંચતા ન આવડે તો પણ ચિત્ર જોઇને વાત રજૂ કરી શકે. માનનીય મંત્રીશ્રી, આપનો જવાબ આપે આપવાનો છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કચ્છનો ખૂબ સારો પ્રશ્ન પૂછ્યો છે. કચ્છ ભા ભેણે, મજામાં ને? મિણી કે રામ–રામ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, કચ્છનો જે રીતે વિકાસ વધ્યો છે તે રીતે કૂદકે ને ભૂસકે ઇન્ડસ્ટ્રીયલ એરિયા પણ વધ્યો છે એટલે ત્યાં ઓવરલોડના પ્રશ્નો આવે છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે કચ્છ જિલ્લામાં ઓવરલોડ વાહનો માટે પ્રશ્ન પૂછ્યો છે તે બાબતમાં ડિજિટલ ચેકિંગ અને ફિઝિકલ ચેકિંગ 24x 7 રાઉન્ડ ક્લોક આ બંને સુવિધાઓ ઉપલબ્ધ છે. માનનીય સભ્યશ્રીનું લાઇસન્સ બાબતે જે સૂચન છે તે

જરૂર ધ્યાને લઈશું. વધુમાં, દર બુધવારે અને શનિવારે આર.ટી.ઓ. દ્વારા ચેકિંગ પણ કરવામાં આવે છે. આપે જે ઓવર ડાઈમેન્શનની વાત કરી છે તેના માટે ભારત સરકારે તે અંગેની પૉલિસી બનાવેલી છે.

શ્રી કેશુભાઈ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં મોટર વાહન ખાતા દ્વારા ઈલેક્ટ્રિક એન્ફોર્સમેન્ટ અંતર્ગત ઈ-ડિટેક્શન અમલીકરણ ક્યારથી કરવામાં આવશે? તેની યોજના શું છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારો પ્રશ્ન પૂછ્યો છે. અત્યારના જમાનામાં ઈલેક્ટ્રિક એન્ફોર્સમેન્ટ એટલે કે અત્યારના જમાનામાં હ્યુમન એકબીજાને ન મળે તે પ્રકારનું આયોજન કરીને ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી એટલે કે ડિજિટલ રીતે ઈ-ચલણ ઇસ્યૂ કરવાની પદ્ધતિ તા.૦૧/૦૪/૨૦૨૫થી અમલમાં છે. ત્યારબાદ આપના જિલ્લાની ફરિયાદો આવતી એકદમ ઓછી થઇ ગઇ છે. કારણ કે પેમેન્ટ પણ ડિજિટલ રીતે જ કરવામાં આવે છે અને ચલણ પણ ડિજિટલ આપવામાં આવે છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ડિજિટલ ઇન્ડિયાનું સ્વરૂપ થઇ રહ્યું છે ત્યારે હાલ એ.આઇ.નો વિશ્વનો સૌથી મોટો એક્સપો દિલ્હી ખાતે યોજાઇ રહ્યો છે. આ એ.આઇ. અને ઇલેક્ટ્રોનિક્સના ઉપયોગના સંદર્ભમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વની સરકારે મોટર વાહન પરિવહન વિભાગમાં લોકોના જીવ બચાવવા અને અને એક્સિડન્ટનું પ્રમાણ ઘટાડવા માટે ડ્રાઇવિંગ સેન્સના સંદર્ભમાં કઇ રીતે શું પગલાં ભરી શકાય છે અને શું ઉપયોગી થાય છે તે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો ખૂબ સારો પ્રશ્ન છે. એ.આઇ.ની દુનિયામાં દેશ આગળ વધી રહ્યો છે ત્યારે ગુજરાત પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આગળ વધી રહ્યું છે. ટોલ પ્લાઝામાં ઈ-ડિટેક્શન એટલે કે વ્હીકલ પસાર થાય તે જ સમયે જાણ થઇ જાય છે કે તેમાં ઇન્સ્યોરન્સ, પી.યુ.સી., ફિટનેસ છે કે નહીં તે ડિજિટલ રીતે જાણ થઇ જાય અને ડિજિટલ રીતે તેનું ઈ-ચલણ જનરેટ થઇ જાય. રાજ્યની સરકારે આ બાબતમાં ખૂબ સારી વ્યવસ્થા કરેલી છે. તેના માટે જે હ્યુમન મેડ રીતે મેન હેલ્ડ મશીનો આપવામાં આવ્યાં છે તેનો પણ જ્યારે મેમો આપવામાં આવે છે અથવા તેની પેનલ્ટી આપવામાં આવે છે તેની વસૂલાત પણ ક્યુ.આર.કોડ/ડેબિટ કાર્ડ/ક્રેડિટ કાર્ડના માધ્યમથી એક પણ રૂપિયો કેસમાં લીધા વગર સંપૂર્ણપણે ડિજિટલ રીતે કરવામાં આવે છે. આ રીતે આપણું ગુજરાત રાજ્ય ડિજિટલની દુનિયામાં આગળ વધી રહ્યું છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કચ્છ જિલ્લામાં ઈ-ડિટેક્શન આરંભ થયું ત્યારથી તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કુલ કેટલા ઈ-ચલણ ઇસ્યૂ કરવામાં આવ્યા છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં ૨૨,૩૩૦ ઈ-ચલણ જનરેટ થયા છે. બહુ મોટી સંખ્યા છે અને ટ્રાન્સપરન્ટ રીતે થયા છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઓવરલોડ વાહનોમાં ખાસ કરીને ડમ્પરો હાઇવે પર ઊભાં રહે છે અને નિર્દોષ વાહનચાલકોના એક્સિડન્ટ થાય છે અને આખો પરિવાર મૃત્યુ પામે છે. આ ઓવરલોડ વાહનોના આર.ટી.ઓ.ના નિયમો શું છે? આવા હજારો ડમ્પરો ફરે છે કે જેમાં આર.ટી.ઓ.ના નિયમ મુજબ આગળ અને પાછળ રેડિયમ પ્લેટ હોતી નથી અને આ પ્લેટ પણ ઢંકાયેલી પરિસ્થિતિમાં હોય છે તો આર.ટી.ઓ. આ બાબતે કોઇ કડક કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, નંબર પ્લેટ વગરની ગાડી ટોલ ઉપરથી જ્યારે ફાસ્ટટ્રેકથી ક્રોસ કરવું હોય તો કરી શકતી નથી. જો ઓવરલોડ હોય, રોયલ્ટી વગર હોય તો ખાણ ખનિજ વિભાગ કાર્યવાહી કરતું હોય છે અને ઓવરલોડ હોય તો આર.ટી.ઓ. ૨૪ x ૭ એને એક ચેકપોસ્ટ આપેલ હોય છે. એ દરમિયાન ક્રોસ કરે છે તેનું ચેકિંગ પણ થતું હોય છે અને સભ્યશ્રીનાં બીજાં સૂચનો છે એ અમે ધ્યાન પર લઇએ છીએ.

રાજકોટ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે પાવર ટેરીફ સહાય

*** 15/8/471: ડૉ મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે પાવર ટેરીફ સહાય યોજના હેઠળ કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	વર્ષ: તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ — મંજુર કરેલ કલેઇમ અરજીઓની સંખ્યા: ૪૯
(૨)	ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?	(૨)	૩. ૧૩૯૨.૦૫ લાખ

ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત કરવા માટે પાવર ટેરિફ યોજના હેઠળ કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી? અને કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ વિવિધ લાભ આપવા માટે વ્યાજ સહાય અને પાવર ટેરિફ સહાય યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ ૩૯ અરજીઓ આવી. એમાં ટેરિફ સહાયની વાત કરીએ તો, વ્યાજ સહાય અંતર્ગત સેમીકોન એકમોને છ ટકા સહાય આપવામાં આવે છે તેમજ લાર્જ એકમોમાં તેમના દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારીને લઇને ચાર થી છ ટકા સુધીની વ્યાજ સહાય આપવામાં આવે છે. ટેરિફ સહાય યોજના અંતર્ગત વિવિધ ટેક્સટાઇલ પ્રવૃત્તિઓ માટે એન્ટી પાવર કનેક્શન ધરાવતા વિવિંગ એકમોને ત્રણ રૂપિયા પ્રતિ યુનિટ તથા એસ.ટી. કે.વી.૧૫૦ થી વધુ પાવર કનેક્શન ધરાવતા એકમોને બે રૂપિયા પ્રતિ યુનિટ વર્ષ માટે આપવામાં આવે છે. સરકારશ્રી દ્વારા ટેક્સટાઇલ વેલ્યુ ચેઇન મજબૂત કરવા રાજ્ય સરકાર ઉત્પાદિત થતા મેઇન ફાઇબરના કાપડના આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડવા, બનાવવા માટે ફેશન ફાર્માથી ફેબ્રિક અને ફેબ્રિકથી ફેશનના મંત્રને સાકાર કરવા માટે નવું મૂડીરોકાણ આકર્ષવા વર્ષ ૨૦૧૯ની પોલિસી જાહેર કરવામાં આવેલ હતી. આ યોજના થકી સ્થપાયેલ ઉદ્યોગોને રાજ્યના ટેક્સટાઇલ અને આગવી ઓળખ માટે યોગદાન આપી રહ્યા છે. રાજકોટ જિલ્લામાં રૂ.૧૩૯૨.૫ લાખની સહાય કરવામાં આવી હતી.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગઇકાલે જ મહિલાઓને વધુ ને વધુ રોજગારી મળે એ માટેનું ખૂબ સુંદર બિલ રજૂ કરવામાં આવ્યું. ગુજરાત ટેક્સટાઇલ પોલિસી વર્ષ ૨૦૨૪ અંતર્ગત મહિલાઓ વધુ સશક્ત બને અને એમને રોજગારી મળે એ માટે રાજ્ય સરકાર દ્વારા શું અભિગમ અપનાવવામાં આવ્યો છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર અને ભારત સરકાર હંમેશા મહિલાઓની ચિંતા કરે છે ત્યારે મહિલા સશક્તિકરણ માટેની જોગવાઇની વાત કરીએ તો રાજ્યની મહિલાઓ અને ખાસ કરીને ગ્રામ્યકક્ષાએ કામ કરતી મહિલાઓને રોજગારી મળી રહે તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા સ્વસહાય જૂથોને સહાય આપવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ સ્વસહાય જૂથની દરેક મહિલા સભ્યને ત્રણ માસ માટે તાલીમ દરમિયાન સરકારશ્રી તરફથી રૂ.૫ હજાર સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. એ જ રીતે મહિલા સભ્યને માસિક રૂ. ૫૦૦૦/– પેરલ સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના રાજ્યની મહિલાઓને સશક્ત અને આત્મનિર્ભર બનાવશે.

કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે બસ સ્ટેશન બનાવવા બાબત

*15/8/101 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર**) કાંકરેજ :(**માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી) વાહનવ્યવહાર (**જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે બસ સ્ટેશન બનાવવા સરકારને કેટલી અરજીઓ મળી, અને	(૧)	ત્રણ અરજીઓ મળેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ અન્વયે સરકારે નવું બસ સ્ટેશન બનાવવા શી કાર્યવાહી કરી?	(૨)	• છેલ્લા ૨ વર્ષમાં કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે બસ સ્ટેશન બનાવવા નિગમ હસ્તક જમીન ઉપલબ્ધ ન હોય સરદાર કૃષિનગર યુનિવર્સિટી, દાંતીવાડાને ફાળવેલ સરવે નં.૨૨ પૈકીની ૪૦૦૦ ચો.મી. જમીન એસ.ટી. નિગમને ફાળવવા માટે તા. ૨૬/૨/૨૦૨૪ થી તા. ૧૭/૧૨/૨૦૨૫ થી રજૂઆતો કરવામાં આવેલ છે. પરંતુ કુલસચિવશ્રી દાંતીવાડા સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટી દ્વારા તા. ૩/૧/૨૦૨૬ના પત્રથી શિહોરી ખાતે આવેલ યુનિવર્સિટીની જમીન ફાળવી શકાય તેમ ન હોવાનું જણાવેલ. શિહોરી મુકામે નવિન બસ સ્ટેશન બનાવવા માટે રોડ ટચ પર કોઈ સરકારી (હાઈવે)પડતર જમીન આવેલ ન હોવાનું મામલતદારશ્રી કાંજરેજ દ્વારા તા. ૭/૮/૨૦૨૫ના પત્રથી જણાવેલ છે. આમ નિગમ દ્વારા શિહોરી મુકામે નવીન બસ સ્ટેશન

			બનાવવા માટે વૈકલ્પિક રીતે જમીન મેળવવા માટેની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શિહોરી કાંકરેજ તાલુકાનું તાલુકા મથક છે અને ત્યાં બસસ્ટેશન બનવું જોઇએ તેવી વર્ષોથી લોકોની માગણી છે. આ બાબતે સ્થાનિક કક્ષાએ જિલ્લા સંકલનમાં વારંવાર રજૂઆતો કરવા છતાં યોગ્ય પ્રત્યુત્તર મળેલ નથી. અહીંયા જવાબ આપવામાં આવ્યો છે કે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની જમીન ફાળવી ન શકાય હોવાનું જણાવે છે. શિહોરી રોડ ટચ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની પોતાની નોનયુઝેબલ જગ્યા પડી છે. આ બસ સ્ટેશન બને તો તાલુકાના રાહદારીઓને ડીસા અને પાટણ જવા માટે મોટો ફાયદો થાય. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની જમીન ફાળવવાની ના પાડે છે તેનાં કારણો શાં છે, એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, શિહોરી બસ સ્ટેશન બનાવવા માટે કુલ–૩ અરજીઓ મળેલી છે. એ અનુસંધાને રાજ્ય સરકારશ્રીની પૉલિસી છે કે સરકારી જગ્યામાં એક રૂપિયાના ટોકને જગ્યા આપવાનો નિર્ધાર માનનીય મુખ્યમંત્રી સાહેબે કરેલ છે. ત્યાંના મામલતદારશ્રી એ વિસ્તારમાં કયાંય જગ્યા ઉપલબ્ધ ન હોવાના લીધે એમની અરજી રિજેક્ટ કરેલ છે. અમે એક યુનિવર્સિટીની જગ્યા માટે માગણી કરેલી છે. જે રિજેક્ટ થઇ છે. અમે ફરી એકવાર બીજા ઓપ્શનો શોધી અને બસ સ્ટેશન કરવા માટેનું અમારું હકારાત્મક વલણ છે. રાજ્યની સરકાર, જી.એસ.આર.ટી.સી. કયાંય કોઇ જગ્યાએ બસ સ્ટેશન ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવવા માટે પાછળ નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં અત્યારે જી.એસ.આર.ટી.સી. ચાર વખત ચંદ્ર ઉપર જઇને પાછા આવીએ એટલું રોજનું ૩૪ લાખ કિ.મી.નું સંચાલન કરે છે એટલે ઇન્ફ્રાસ્ટ્રકચર બાબતે કોઇ ચિંતા નહીં કરીએ. જેવી જમીન ઉપલબ્ધ થતાં શિહોરી બસ સ્ટેશન બનાવવામાં આવશે.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ચંદ્ર ઉપર જવું નથી પણ મારા પાટણમાં બસ સ્ટેશન બની ગયું છે. ચાર મહિના થયા છે. ઉદ્‌ઘાટન કરો લોકો એની રાહ જોઇ રહ્યા છે. મેં પત્રો લખ્યા છે. હું માનનીય હર્ષભાઇને પણ મળ્યો છું. આપણે ચંદ્ર ઉપર પછી જોડે જઇશું.

અધ્યક્ષશ્રી : તમે જોડે જશો એવું તો દેખાય છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી,બસ સ્ટેશનનું કામ પૂર્ણતાના આરે છે. એની નાની–મોટી ફોર્માલિટીઝ દસ દિવસમાં પૂરી થવા આવેલી છે. તમારે પરિસ્થિતિને આધીન ચંદ્ર ઉપર તો જવું જ પડશે પરંતુ અમે તમારી જોડે છીએ. બહુ ચિંતા ના કરતા.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા મતવિસ્તાર દાંતીવાડામાં રાજ્યની મોટી કૃષિ યુનિવર્સિટી, બી.એસ.એફ., તથા દાંતીવાડા અને સીપુ એવા બે મોટાં જળાશયો આવેલાં છે. ત્યાં પર્યટકો, વિદ્યાર્થીઓ તેમજ એ વિસ્તારના લગભગ પચાસથી વધારે ગામડાંનો ઘસારો છે. ત્યાં બસ સ્ટેશન બનાવવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન છે કે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના શિહોરી મુકામેથી એસ.ટી. નિગમ દ્વારા દૈનિક કેટલી બસોનું અને કયાંથી સંચાલન કરવામાં આવે છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. નિગમ દ્વારા નેશનલ હાઇવેની બંને બાજુ ૧૦૮થી વધુ બસોનું સંચાલન થાય છે. દાંતીવાડા માટે રાજ્ય સરકારે ખૂબ પોઝિટિવ અભિગમ દાખવી જગ્યાની ફાળવણી કરવાની પ્રક્રિયા કરી દીધી છે. અંતિમ તબક્કામાં છે. જેવી જગ્યા ઉપલબ્ધ થતાં એનું બસ સ્ટેશન બની જશે એવી હું આ ગૃહ અને ધારાસભ્યશ્રીને ખાતરી આપું છું.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં એસ.ટી. નિગમ દ્વારા કેટલા બસ સ્ટેશનો કાર્યરત છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વિગત હોય તો આપો નહીંતર રેકોર્ડ ઉપર મૂકી દેજો.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે વિગતો છે. અત્યારે દાંતા, ડીસા, ઓગડ, ધાનેરા, વડગામ, પાલનપુર સિટી, પાલનપુરનું પી.પી.પી. અને અંબાજી એમ કુલ મળીને આઠ બસ સ્ટેશન કાર્યરત છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારે ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબને અને આપે પણ મને મદદ કરી છે એવા જ અમારા વાહનવ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઇ માળી સાહેબને મારે હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન આપવાના છે કે, જે ''આર.એન્ડ.બી.'' નું સર્કિટ હાઉસ હતું તે તોડીને બસ સ્ટેન્ડ બનાવ્યું તે બદલ હું હૃદયથી ખૂબ ખૂબ શુભકામના પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, એસ.ટી.નિગમ પાલનપુર વિભાગ ખાતે છેલ્લાં પાંચ વર્ષમાં કેટલી નવીન બસો આપવામાં આવેલ છે તે માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, લવિંગજી તેમના વિસ્તારનું ખૂબ ધ્યાન રાખે છે, ફોલો–અપ લે છે અને બિલકુલ ભલા માણસ છે. તેમનો જે પ્રશ્ન છે પાંચ વર્ષની અંદર રાજય સરકારે મૂડીકૃતની અંદર જે રીતે પૈસાની ફાળવણી કરે છે અને જે લોકોની ડિમાન્ડ આવે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે છેલ્લાં પાંચ વર્ષની અંદર ૫૧૬ બસો પાલનપુર વિભાગની અંદર કાર્યરત થઇ છે આ તેમને વિદિત કરવામાં આવે છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં પાંચ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં એસ.ટી.નિગમને સરકારશ્રી દ્વારા બસ સ્ટેન્ડ બનાવવા માટે કેટલી જમીન ફાળવવામાં આવી?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, સૂઇ ગામ, અંબાજી, અમીરગઢ અને દાંતીવાડા આમ કુલ મળીને બધી જગ્યાઓમાં ૩૯,૪૧૩ ચોરસ મીટર જગ્યાઓની ફાળવણી કરવામાં આવી છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દાંતીવાડા આમ તો નવો તાલુકો ઘણા સમયથી બની ગયો છે એટલે તેમને એસ.ટી.બસ સ્ટેન્ડની વ્યવસ્થા નથી તેવા નવા તાલુકાઓ હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યા છે તે માટે અભિનંદન પાઠવું છું. મારા જિલ્લામાં બે છે શામળાજી અને સાઠંબા એવા ઘણા તાલુકાઓ છે તો તેના માટે નવા એસ.ટી.બસ સ્ટેન્ડ કયાં સુધીમાં ફાળવવામાં આવશે? અને આજે બજેટ સત્ર છે તો માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી કનુભાઇ સાહેબને હું શુભેચ્છા પાઠવું છું.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આપનું સૂચન છે, સૂચન લઇએ છીએ.

ભાવનગર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

***15/8/467 શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા** (ભાવનગર (પૂર્વ)): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૭૨૪૫

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ અને જો હા તો છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવી છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે આ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે વહીવટી તંત્રમાં સદભાવનાની પ્રેરણા થાય અને તે પ્રેરણાના માર્ગદર્શન હેઠળ આ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષ-૨૦૧૨માં પ્રજા અને પોલીસ વચ્ચે એક સેતુ થકી રચનાત્મક કાર્ય કરવાની અને સુરક્ષા સેતુ સોસાયટી બનાવવા પાછળના ઉમદા આશયથી આ યોજના અમલમાં મૂકી હતી. પોલીસ અને પ્રજા બન્ને એકબીજાના પૂરક બને એવી જ રીતે એકબીજાનું જોડાણ થાય, પોલીસ અને કાયદો વ્યવસ્થાની કાર્યવાહીમાં વિશાળ જનસંખ્યા લોકભાગીદારી કરવાના પ્રધાનમંત્રીના સમયના સંકલ્પને આજે આપણા રાજયના મુખ્યમંત્રી આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રી આદરણીય હર્ષભાઇ સંઘવી સાહેબ મૂર્તિમંત કરી રહ્યા છે. વર્ષ-૨૦૨૪ની વાત કરીએ તો આખા રાજયની અંદર સેવા સેતુ યોજના અંતર્ગત બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ભાવનગરમાં રૂપિયા ૩૧ લાખ ૧૮ હજાર ૭૯૩નો ખર્ચ કરવામાં આવ્યો હતો અને તેના થકી બહેનોને રાયફલ શૂટિંગની તાલીમ હોય કે ઘોડેસવારીની તાલીમ હોય આવી અલગ અલગ તાલીમ મારફત બધાને માહિતગાર કરવામાં આવ્યા હતા અને સારી રીતે કાર્યક્રમો પણ કરવામાં આવ્યા હતા.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સુરક્ષા સેતુ સોસાયટીનું ગઠન કયા પ્રકારે કરવામાં આવે છે? આ સોસાયટીમાં મહિલા સુરક્ષા અને સ્વરક્ષણ સિવાયની બીજી કઇ કઇ કામગીરી કરવામાં આવે છે અને આ સોસાયટીના ગઠન વખતે જાહેર સંસ્થાઓ કે એવું જાહેર હિતનું કામ કરતી સંસ્થાઓની મદદ લેવામાં આવે છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુ યોજના જે રીતે અમલમાં મૂકવામાં આવી એ અનુસંધાને જિલ્લા અને રાજ્ય કક્ષાએ અલગ અલગ કમિટી બનાવવામાં આવતી હોય છે. જે રીતે સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણની તાલીમ ઉપરાંત હસ્તકલા કામગીરીની તાલીમ અને રાઇફલ શૂટિંગ, ઘોડેસવારી આવી અલગ અલગ તાલીમ આપવામાં આવે છે. જુડો-કરાટે જેમાં વિદ્યાર્થીઓને સંકટ સમયે પોતાના સ્વબચાવ થઇ શકે એ આ યોજના હેઠળ સ્વરક્ષણની તાલીમ આપવામાં આવે છે. આથી મહિલાઓ સમાજમાં સન્માનભેર જીવન જીવી શકે, સમાજમાં એમની સાથે કોઇ ખરાબ શારીરિક વ્યવહાર ન થાય તે માટે અલગ અલગ કેમ્પ પણ કરવામાં આવે છે. સાથે મળીને જે કોઇ વડિલો હોય, વૃદ્ધો હોય, વિદ્યાર્થી મિત્રો હોય એવા યુવાનોને સાથે રાખી આ યોજના મારફતે દરેક લોકોને લાભ આપવામાં આવે છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરક્ષા સેતુ યોજનાના અમલ માટેનું જે વહીવટી માળખું છે એ શું છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુ યોજનાના અમલ માટે રાજ્ય અને શહેરોમાં જિલ્લા કક્ષાએ ગવર્નિંગ કાઉન્સેલિંગ અને એક્ઝિક્યુટીવ કમિટી, એમ ત્રિસ્તરીય કમિટીની રચના કરવામાં આવે છે. રાજ્યકક્ષાની ગવર્નિંગ કાઉન્સેલિંગમાં મુખ્ય સચિવના અધ્યક્ષપદે ૧૬ સભ્યોની સમિતિની રચના કરવામાં આવે છે. એવી જ રીતે શહેર અને પોલીસ કમિશ્નરના અધ્યક્ષપદે ૧૮ સભ્યો અને જિલ્લા કક્ષાએ સંબંધિત રેન્જ અધિકારીના અધ્યક્ષપદે ૧૮ સભ્યોની સમિતિની રચના કરવામાં આવે છે. એવી જ રીતે રાજ્ય કક્ષાએ, શહેરી વિસ્તારમાં અને જિલ્લા કક્ષાએ એક્ઝિક્યુટીવ કમિટી રચવામાં આવે છે. જેમાં રાજ્ય કક્ષાએ મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અધ્યક્ષ પદે સરકારના ૬ જેટલા ઉચ્ચ અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવે છે. પોલીસ કમિશ્નર અને જિલ્લાના પોલીસ અધિક્ષકના અધ્યક્ષપદે ૪ સભ્યોની સમિતિની રચના કરવામાં આવે છે. આવી રીતે સરકાર દ્વારા અલગ અલગ કમિટીઓની રચના કરવામાં આવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં જે સુરક્ષા સેતુ અંતર્ગત ૭૨૪૫ જેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી છે એ ખૂબ મહત્ત્વની બાબત છે. ખૂબ મોટો આંકડો છે. તે બદલ માનનીય ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથે સાથે એ પૂછવા માગું છું કે, જે રીતના ભાવનગરમાં આવી રીતે વિશાળ સંખ્યામાં તાલીમ આપવામાં આવી એ રીતે ગુજરાતના દરેક જિલ્લામાં અને ખાસ કરીને મહિલા કોલેજ અને મહિલા સ્કૂલોમાં વેકેશન દરમિયાન અત્યાધુનિક હથિયારો સાથે એક મહિનાની તાલીમ સ્પેશિયલ ગોઠવીને એવી વિશેષ તાલીમ આપવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે શ્રી ઉમેશભાઇએ વાત કરી. સમગ્ર રાજ્યમાં દરેક જિલ્લામાં આ તાલીમનું આયોજન કરવામાં આવે છે. માનનીય શ્રી ઉમેશભાઇને ખ્યાલ ન હોય અને આપની ઇચ્છા હોય તો સ્થાનિક કક્ષાએ સંકલન કરીને જણાવશો તો સરકાર આ બાબતે તાલીમનું આયોજન કરશે.

મહેસાણા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨ હેઠળ MSME એકમોની ક્લેઇમ અરજીઓ

***15/8/474: શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ** (મહેસાણા)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા .૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના – ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MSME (Micro, Small and Medium Enterprise) એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૪૪૧ ક્લેઇમ અરજીઓ
(૨)	ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩. ૨૩૮૬.૭૮ લાખ

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વ્યાજ સહાય યોજના શું છે અને અગાઉની પોલિસી પ્રમાણે આ માટે શું સહાય આપવામાં આવતી હતી?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વ્યાજ સહાય યોજના ઉદ્યોગકાર જ્યારે નવું ઔદ્યોગિક એકમ સ્થાપે અથવા હાલના એકમનું વિસ્તરણ કરે ત્યારે નાણાકીય સંસ્થા પાસેથી ધિરાણ લે છે. આવા સમયે તેમણે લોન પર વ્યાજ ચૂકવવાનું રહે છે. આ વ્યાજનો આર્થિક બોજ ઉદ્યોગકારો પર નોંધપાત્ર રીતે પડતો હોવાથી તે બોજ ઘટાડવા માટે ગુજરાત સરકાર દ્વારા વ્યાજ સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત નાણાકીય સંસ્થાના વ્યાજદર પર ઔદ્યોગિક એકમોને આંશિક રાહત મળે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા વ્યાજ સહાય આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સહાયની વિગતો લાંબી હોય તો આપ રેકોર્ડ પર મૂકી શકો છો.

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : સહાયના ઘોરણોની વાત કરીએ તો ઔદ્યોગિક નીતિ–૨૦૦૩, ઔદ્યોગિક નીતિ–૨૦૦૯, ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ અને હાલમાં આત્મનિર્ભર ગુજરાત ૨૦૨૨ની કેટેગરી તાલુકા પ્રમાણે જે આપવામાં આવી છે એ લાંબી વિગતો હોઇ, હું માનનીય સભ્યશ્રીને માહિતી પહોંચાડી દઇશ.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આત્મનિર્ભર યોજના વર્ષ ૨૦૨૨ અંતર્ગત તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં મહેસાણા જિલ્લાના તમામ તાલુકાઓમાં વ્યાજ સહાય ક્લેઇમની અરજીઓ કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં કુલ ૪૪૧ અરજીઓ મંજૂર કરવામાં આવી અને કુલ રૂ.૨૩ કરોડ ૮૬ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં તાલુકા વાઇઝ માહિતી માગી છે.

અધ્યક્ષશ્રી : તમને વધારાની વિગત આપી દેશે. માનનીય મંત્રીશ્રીએ જવાબ બરોબર આપ્યો છે. તમે બે જ માહિતી માગી હતી કે કેટલી છે એ આવી ગયું છે. તાલુકા વાઇઝ અને ગામ વાઇઝ માહિતી જોઇતી હોય તો એ તમને લેખિતમાં આપી દેશે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે ૪૪૧ કલેઇમ અરજીઓ મંજૂર કરી છે તો મહેસાણા જિલ્લામાં કુલ કેટલી અરજીઓ વ્યાજ માફી માટે આવી હતી? ૪૪૧ મંજૂર કરવામાં આવી છે તો એવા કેટલા એકમો મધ્યમ અને સ્મોલ સ્કેલ એકમો બંધ થયા છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં કુલ ૪૮૬ અરજીઓ આવી હતી. એમાંથી ૪૪૧ અરજીઓ મંજૂર થઇ અને ૬૩ અરજીઓ નામંજૂર થઇ હતી.

અમદાવાદ અને સુરત શહેરમાં પકડાયેલા નશીલા પદાર્થો

***15/8/401 શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં અને સુરત શહેરમાં પોલીસ સ્ટેશનદીઠ કેટલો અને કેટલી કિંમતનો વિદેશી–દેશી દારૂ, ડ્રગ્સ, બીયર, તાડી, નશીલા દ્રવ્યોનો કેટલો જથ્થો પકડાયો,	(૧)	પત્રક–૧ મુજબ.
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ગુનેગારો પકડાયા અને કેટલાને પકડવાના બાકી છે, અને	(૨)	પકડાયેલ ગુનેગારો: ૨૪૭૯૩ ; પકડવાના બાકી ગુનેગારો: ૩૧૬
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલા પોલીસ અધિકારી કે કર્મચારી સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?	(૩)	**૪૦** પોલીસ અધિકારી અને **૫૭૪** કર્મચારી સામે આંતરજીલ્લા ફેરબદલી, ફરજ મોકુફ, રોકડ દંડ, ઈજાફો અટકાવવો વગેરે જેવી કાર્યવાહી કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેર

અ.નં	પોલીસ સ્ટેશનના નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બીયર		તાડી		ડ્રગ્સ		નશીલા દ્રવ્યો	
		જથ્થો (બોટલ)	કિંમત	જથ્થો (લિટર)	કિંમત	જથ્થો (બોટલ)	કિંમત	જથ્થો (લિટર)	કિંમત	જથ્થો	કિંમત	જથ્થો	કિંમત
૧	વસ્ત્રાપુર	૬૩૫	૪,૪૮,૭૭૦	૧૪૧૨	૨,૮૨,૪૦૦	૮૭	૨૦,૧૮૫	૦	૦				
૨	સોલા	૩૩૮૫૫	૧,૨૨,૯૫,૩૬૩	૨૩૩૫.૨૦	૪,૬૭,૦૪૦	૨૫૮૦	૪,૮૨,૦૬૫	૦	૦				
૩	ઘાટલોડીયા	૧૧૮૫	૧૫,૮૩,૬૪૧	૧૯૧	૩૮,૨૦૦	૨૬	૩,૨૦૦	૦	૦	૫૧ ગ્રામ ૧૮૦ મીલી	૨,૫૫૦	૦	૦
૪	નારણપુરા	૧૮૭૯	૨,૭૦,૩૯૦	૨૮૬	૫૭,૨૦૦	૧૦૮	૧૪,૦૪૦	૦	૦				
૫	વાડજ	૩૫૨૫	૧૩,૭૪,૨૯૯	૨૧૬૪.૫૦	૪,૩૨,૯૦૦	૧૮૮	૩૪,૨૩૫	૦	૦				
૬	નવરંગપુરા	૮૨૮	૨,૭૧,૭૩૫	૬૫.૫૦	૧૩,૧૦૦	૨૯૨	૫૪,૭૪૦	૦	૦				
૭	રીવરફ્રન્ટ વેસ્ટ	૧૭	૫,૧૮૪	૧૮૭	૩૭,૪૦૦	૦	૦	૦	૦				
૮	ગુજ.યુનિવર્સીટી	૨૪૩૧	૭,૪૬,૫૨૮	૧૪૩	૨૮,૬૦૦	૭૨	૯,૭૩૦	૦	૦				
૯	વેજલપુર	૨૭૯૪	૯,૬૦,૩૬૧	૬૧૮	૧,૨૩,૬૦૦	૭૦૬	૧,૫૪,૪૪૫	૦	૦	૩ કિલો ૬૦૦ ગ્રામ ૯૨૦ મીલી	૧,૮૨,૧૧૦	૦	૦
૧૦	વાસણા	૭૭૭	૭,૯૧,૩૦૫	૪૭૪	૯૪,૮૦૦	૯૧	૨૦,૭૪૦	૦	૦				
૧૧	એલીસબ્રીજ	૪૨૧	૧,૦૪,૧૧૪	૬૦૮	૧,૨૧,૬૦૦	૩૦	૩,૪૮૫	૦	૦				
૧૨	સરખેજ	૫૩૮૫૨	૧,૨૧,૭૬,૬૨૧	૮૩૩૯.૯૦	૧૬,૬૭,૯૮૦	૪૯	૬,૧૪૫	૦	૦	૩૭ ગ્રામ ૧૪૦ મીલી	૩,૭૧,૪૦૦	૦	૦
૧૩	પાલડી	૮	૫,૨૪૨	૨૪	૪,૮૦૦	૦	૦	૦	૦				
૧૪	સેટેલાઇટ	૨૯૯૮	૭,૫૨,૬૫૫	૩૨૬	૬૫,૨૦૦	૯૬	૯,૨૧૬	૦	૦				

તારાંકિત પ્રશ્નો

૧૫	આનંદનગર	૬૫	૬૬,૨૭૪	૬૩૨.૫૦	૧,૨૬,૫૦૦	૧૩૯	૧૮,૮૧૦	૦	૦				
૧૬	બોડકદેવ	૨૧૮૯	૧૦,૦૪,૮૪૫	૧૮૮૮	૩,૭૭,૬૦૦	૧૦૩૧	૧,૯૦,૭૯૪	૦	૦	૧૪૦ ગ્રામ ૩૩૬ મીલી	૮૭,૯૩૦	૦	૦
૧૭	સાબરમતી	૩૪૯૩	૧૧,૫૨,૩૨૧	૩૭૫૭	૭,૫૧,૪૦૦	૦	૦	૦	૦				
૧૮	રાણીપ	૭૭૭૯	૨૦,૬૯,૫૨૨	૧૫૧૩.૫૦	૩,૦૨,૭૦૦	૫૭૫	૧,૦૭,૧૪૫	૦	૦	૧૭૨ ગ્રામ ૬૧૦ મીલી	૧,૭૨૬	–	–
૧૯	ચાંદખેડા	૫૨૧૨	૨૫,૬૦,૧૩૫	૨૩૪૬	૪,૬૯,૨૦૦	૧૪૦૪	૨,૬૨,૭૨૫	૦	૦				
૨૦	માધવપુરા	૬૫૪૧	૧૧,૭૬,૯૫૨	૧૪૨૩.૪૦	૨,૮૪,૬૮૦	૧૦૫૯	૧,૪૨,૩૩૬	૦	૦				
૨૧	રીવરફ્રન્ટ ઈસ્ટ	૩૩	૭,૩૦૦	૩૬૬	૭૩,૨૦૦	૦	૦	૦	૦				
૨૨	શાહપુર	૧૫૭૩	૪,૨૭,૧૪૮	૬૩૩	૧,૨૬,૬૦૦	૦	૦	૦	૦	૭૨ ગ્રામ ૨૫૦ મીલી	૫,૯૮,૯૪૦	૦	૦
૨૩	કારંજ	૧૮	૮,૯૯૦	૮	૧,૬૦૦	૦	૦	૦	૦	૦	૦	૨૧ નંગ	૩,૬ ૭૫
૨૪	કાલુપુર	૩૬	૫,૮૬૮	૧૭૬	૩૫,૨૦૦	૨૧૬	૩૨,૪૦૦	૦	૦				
૨૫	શહેરકોટડા	૨૧૫૬૧	૮૬,૦૬,૯૬૮	૧૯૮૪.૯૫	૩,૯૬,૯૯૦	૫૨૮	૭૧,૨૮૦	૦	૦				
૨૬	ખાડીયા	૯૦૧	૧,૨૩,૫૧૨	૪.૫૦	૭૦૦	૨૪	૫,૨૮૦	૦	૦				
૨૭	ગાયકવાડ હવેલી	૯૬૦	૧,૪૧,૫૭૧	૬૯૫.૫૦	૧,૩૯,૧૦૦	૦	૦	૦	૦	૭ ગ્રામ ૭૧૦ મીલી	૭૭,૧૦૦	૧૪ નંગ	૨,૩ ૮૦–
૨૮	દરીયાપુર	૧૧૬	૧૭,૧૮૫	૭૧૭	૧,૪૩,૪૦૦	૨	૩૧૮	૦	૦				
૨૯	શાહીબાગ	૧૧૧૯	૧,૭૩,૬૯૦	૧૪૫૦	૨,૯૦,૦૦૦	૮૭૫	૬,૩૯,૦૯૦	૦	૦				
૩૦	સરદારનગર	૬૮૩૯૭	૩૮,૭૬,૭૬૦	૮૯૪૧	૧૭,૮૮,૨૦૦	૩૫૩૫	૧૯,૬૧,૨૨૫	૦	૦				
૩૧	એરપોર્ટ	૨૭૯૫	૧૭,૦૪,૭૦૬	૧૦૨૨	૨,૦૪,૪૦૦	૪૬૮	૧,૨૦,૮૨૦	૦	૦				
૩૨	નરોડા	૨૩૯૦૯	૯૩,૯૧,૮૪૯	૧૨૯૭	૨,૫૯,૪૦૦	૩૭૭૨	૮,૦૫,૯૬૦	૦	૦				
૩૩	કૃષ્ણનગર	૧૯૩૮	૪,૫૭,૩૪૯	૧૭૨૪	૩,૪૪,૮૦૦	૨૦૦	૧,૨૭,૫૩૫	૦	૦				
૩૪	મેઘાણીનગર	૨૭૦૨	૫,૨૧,૩૮૯	૨૦૯૯	૪,૧૯,૮૦૦	૭૧૨	૯૨,૫૨૭	૦	૦	૧૦ કિલો ૨૫૦ ગ્રામ	૫,૧૨,૫૦૦	૦	૦
૩૫	ગોમતીપુર	૨૦૯૫	૨,૯૦,૯૮૦	૨૧૪૧.૪૦	૪,૨૮,૪૦૦	૧૬૮	૨૨,૨૯૮	૦	૦	૫ કિલો ૪૮૯ ગ્રામ	૫૪,૮૯૦	૦	૦
૩૬	બાપુનગર	૩૮૨૧	૭,૧૭,૧૭૫	૮૫૬.૫૦	૧,૭૧,૩૦૦	૧૫૭	૨૪,૫૨૯	૦	૦	૬ કિલો ૯૫૦ ગ્રામ	૮,૬૧,૦૦૦	૦	૦
૩૭	રખિયાલ	૧૫૮	૩૧,૩૧૧	૨૪૫	૪૯,૦૦૦	૨૦	૪,૧૩૦	૦	૦	૬ કિલો ૩૯૯ ગ્રામ	૮,૭૫,૦૮૫	૦	૦
૩૮	ઓઢવ	૧૫૮૩૫	૬૩,૦૭,૩૦૦	૭૭૦૯	૧૫,૪૧,૮૦૦	૭૭૦	૧,૬૮,૫૦૩	૦	૦				
૩૯	નિકોલ	૧૯૬૯૧	૪૭,૦૨,૩૯૬	૧૪૧૫.૫૦	૨,૮૩,૧૦૦	૧૨૨૩	૧,૮૦,૮૭૪	૦	૦				
૪૦	અમરાઈવાડી	૯૦૨૬	૨૫,૨૦,૮૨૩	૨૦૬૬	૪,૧૩,૨૦૦	૧૧૮૦	૨,૪૯,૪૩૯	૦	૦				
૪૧	ખોખરા	૧૧૭૪	૫,૦૯,૯૧૭	૨૦૨૫	૪,૦૫,૦૦૦	૧૭૧	૩૮,૩૬૫	૦	૦	૯ કિલો ૯૧ ગ્રામ	૪,૯૬,૫૦૦	૦	૦
૪૨	રામોલ	૧૬૨૬૧	૬૬,૫૧,૮૯૯	૩૪૫૭	૬,૯૧,૪૦૦	૨૧૬૮૨	૪૦,૩૩,૦૪૯	૦	૦	૩૧૦ ગ્રામ ૧૦૦ મીલી	૧૬,૬૧,૪૦૦	૦	૦
૪૩	વટવા	૨૮૧૦	૧૧,૦૮,૬૮૩	૨૭૩૫.૫૦	૫,૪૭,૧૦૦	૨૭૫	૪૫,૦૩૫	૦	૦	૩ કીલો ૩૯ ગ્રામ	૩૦,૩૯૦	૦	૦
૪૪	મણીનગર	૬૫૧	૨,૪૦,૦૭૦	૩૪૯	૬૯,૮૦૦	૦	૦	૦	૦				
૪૫	વટવા GIDC	૪૬૧	૧,૨૦,૮૪૧	૧૩૯૯.૪૦	૨,૭૯,૮૮૦	૧	૧૩૫	૦	૦				
૪૬	ઈસનપુર	૧૩૬૩	૨,૯૯,૯૩૦	૩૫૯૦	૭,૧૮,૦૦૦	૯૮	૧૫,૬૬૦	૦	૦	૪૩ ગ્રામ ૩૯૨ મીલી	૮૪,૯૮૬	૦	૦
૪૭	નારોલ	૪૧૮૮	૧૭,૭૦,૩૮૨	૬૩૧૫	૧૨,૬૩,૦૦૦	૨૯૧	૭૬,૮૩૩	૦	૦	૭૧	૬,૫૮,૧૭૦	૦	૦

										ગ્રામ ૮૧૭ મીલી			
૪૮	દાણીલીમડા	૧૦૫૩	૧,૬૮,૯૭૬	૬૮૬	૧,૩૭,૨૦૦	૮૧	૧૧,૬૨૨	૦	૦	૧૯ કિલો ૬૦૨ ગ્રામ	૨,૦૦,૧૦૦	૩૩૧ નંગ	૬૧, ૨૩૫
૪૯	કાગડાપીઠ	૪૮૯૪	૧૦,૯૮,૫૨૫	૨૯૧૦.૫૦	૫,૮૨,૧૦૦	૬૦૮	૯૪,૯૨૫	૦	૦				
૫૦	ડી.સી.બી.	૫૧૪૦૨	૧,૫૩,૦૩,૩૧૯	૭૪૮	૧,૪૯,૬૦૦	૬૪૫૭	૧૦,૭૦,૭૭૦	૦	૦	૨૧ કિલો ૮૧૯ ગ્રામ ૭૪૭ મીલી	૩,૦૪,૬૨,૧૯૦	૫૪૦ નંગ	૧,૦ ૧,૬ ૬૦
૫૧	સાયબર ક્રાઈમ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૪૨૨ ગ્રામ ૭૪૦ મિલી	૧૪,૭૯,૫૯૦	૦	૦

સુરત શહેર													
અ.નં	પોલીસ સ્ટેશનના નામ	વિદેશી દારૂ		દેશી દારૂ		બીયર		તાડી		ડ્રગ્સ		નશીલા દ્રવ્યો	
		જથ્થો (બોટલ)	કિંમત	જથ્થો (લિટર)	કિંમત	જથ્થો (બોટલ)	કિંમત	જથ્થો (લિટર)	કિંમત	જથ્થો	કિંમત	જથ્થો	કિંમત
૧	કાપોદ્રા	૨૪૫૨૨	૪૮,૭૨,૪૦૯	૬૨૦	૧,૨૪,૦૦૦	૨૭૦૬	૩,૫૬,૩૦૬	૦૦	૦૦	૧૫ કિલો ૭૮૯ ગ્રામ ૨૪ મિલી	૩,૫૩,૭૪૭	–	–
૨	સરથાણા	૩૬૪૫	૧૯,૬૮,૫૮૨	૨૦૭	૪૧,૪૦૦	૧૭૫૦	૪,૦૫,૬૨૦	૦૦	૦૦	૧ કિલો ૫૩૩ ગ્રામ	૨૦,૬૭૦	–	–
૩	લસકાણા	૩૦૮૫	૬,૮૬,૬૧૮	૫૧૯	૧,૦૩,૮૦૦	૫૬	૧૦,૮૮૦	૦૦	૦૦	૪૭૫ ગ્રામ	૪,૭૫૦	–	–
૪	વરાછા	૭૨૨૫	૭,૮૬,૦૮૬	૨૮૫૨	૫,૭૦,૪૦૦	૫૧૫	૬૪,૮૭૦	૦૦	૦૦	૩૭ કિલો ૭૪૩ ગ્રામ	૮,૨૫,૫૨૦	–	–
૫	પુણા	૧૫૪૨૮	૪૦,૨૮,૨૧૪	૧૦૫૨	૨,૧૦,૪૦૦	૧૧૨૬	૧,૭૨,૪૮૫	૩૦	૩૦૦	૧૮ કિલો ૬૨૫ ગ્રામ ૭૧ મીલી	૬,૧૦,૮૧૦	–	–
૬	અશ્વિનીકુમાર	૯૨	૧૬,૪૨૮	૦૦	૦	૦૦	૦૦	૦૦	૦૦				
૭	ગોડાદરા	૩૨૫૯	૬,૮૭,૦૬૦	૩૪૧	૬૮,૨૦૦	૨૭૪	૫૩,૦૩૦	૦૦	૦૦	૫૩ કિલો ૬૨૮ ગ્રામ ૨૬૦ મીલી	૧૨,૧૨,૨૩૦	–	–
૮	સલાબતપુરા	૩૮૧	૭૭,૬૩૧	૩૫૫.૫	૭૧,૧૦૦	૪૦૭	૬૨,૬૦૦	૦૦	૦૦	૬૩૬ ગ્રામ ૭૭૬ મીલી	૪૨,૬૭,૨૬૧	૨૩૦ નંગ	૨૩,૬ ૬૦
૯	ઉધના	૬૬૮૦	૨૭,૦૮,૭૬૫	૧૫૨૫.૫	૩,૦૫,૧૦૦	૮૨૬	૧,૬૨,૮૧૪	૫૪	૫૪૦	૪૭ કિલો ૮૮૦ ગ્રામ ૧૬૩ મીલી	૭,૬૬,૭૫૭	–	–
૧૦	લિંબાયત	૨૦૩૪	૨,૩૧,૫૨૬	૪૨૬૩	૮,૫૮,૬૦૦	૨૮૨૩	૫,૬૬,૬૩૦	૦૦	૦૦	૪ કિલો ૨૪૮ ગ્રામ	૪૨,૪૮૦	૧૧૨ નંગ (બોટલ)	૨૮,૭ ૪૦
૧૧	સારોલી	૨૪૦૬	૧૩,૫૨,૨૬૪	૧૮૯	૩૭,૮૦૦	૬૭૭	૧,૨૩,૫૬૮	૦૦	૦૦	૪૭ કિલો ૬૦૧	૧,૧૪,૫૮,૩૮૨	–	–

તારાંકિત પ્રશ્નો

										ગ્રામ			
૧૨	મહીધરપુરા	૫૯૦૭	૭,૨૧,૩૫૪	૫૯૭	૧,૧૯,૪૦૦	૧૩૮	૨૨,૦૧૫	૦૦	૦૦	૯ કિલો ૪૦ ગ્રામ ૭૦ મીલી	૯૧,૭૪૫	–	–
૧૩	લાલગેટ	૧૪૪૧	૫,૧૩,૭૪૫	૨૦૭	૪૧,૪૦૦	૩૩૩	૭૩,૨૬૦	૦૦	૦૦	૬૯૮ ગ્રામ ૪૪ મીલી	૩૬,૧૫,૯૧૨	–	–
૧૪	ચોકબજાર	૨૮૬	૪૭,૦૨૮	૪૭૩	૯૪,૬૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૧ કિલો ૨૪૮ ગ્રામ	૫,૨૦,૨૭૦	–	–
૧૫	કતારગામ	૨૭૭૫	૬,૭૦,૨૬૫	૮૮૦	૧,૭૬,૦૦૦	૩૩૦	૭૨,૬૦૦	૦૦	૦૦	૨ કિલો ૩૭ ગ્રામ	૧,૦૧,૮૫૦	–	–
૧૬	સિંગણપોર	૧૫૨૭	૯,૯૭,૩૯૬	૪૧૦	૮૨,૦૦૦	૩૦૭	૪૦,૪૮૨	૦૦	૦૦	૯૮ ગ્રામ ૦૭ મીલી	૭,૮૮,૮૧૫	–	–
૧૭	અઠવા	૨૬૬૧	૩,૧૧,૨૨૦	૭૯૩	૧,૫૮,૬૦૦	૧૫૯	૧૭,૬૧૨	૦૦	૦૦	૧૫૧ ગ્રામ ૬૩૮ મીલી	૩,૮૬,૩૯૦	–	–
૧૮	ઉમરા	૭૨૧	૨,૭૨,૮૬૮	૩૩૩	૬૬,૬૦૦	૫૯	૧૧,૮૫૮	૦૦	૦૦	૨ કિલો ૪૭૬ ગ્રામ ૧૩૧ મીલી	૧૭,૭૨,૨૧૦	–	–
૧૯	વેસુ	૨૧૪	૯,૧૩,૭૯૫	૧૩૦	૨૬,૦૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૪ કિલો ૮૧૫ ગ્રામ	૪૮,૧૫૦	–	–
૨૦	ખટોદરા	૫૯૨	૨૯,૭૬,૩૪૭	૯૪૩	૧,૮૮,૬૦૦	૦૪	૫૨૦	૦૦	૦૦	૩ કિલો ૭૭૮ ગ્રામ ૭૫૮ મીલી	૨૦,૮૩,૨૯૦	–	–
૨૧	અલથાણ	૩૦૪૭	૮,૩૩,૮૮૬	૨૫૬	૫૧,૨૦૦	૩૩૦	૫૭,૬૯૮	૨૦	૨૦૦	૨ કિલો ૪૫ ગ્રામ ૯૦૯ મીલી	૧,૭૮,૫૭૦	–	–
૨૨	પાંડેસરા	૧૦૦૮૧	૧૭,૬૮,૨૪૫	૫૩૪૨	૧૦,૬૮,૪૦૦	૪૬૬	૪૭,૨૬૦	૦૦	૦૦	૩૯ કિલો ૯ મીલી	૪,૯૬,૫૪૦	–	–
૨૩	અમરોલી	૩૧૦૩	૮,૧૬,૯૫૧	૨૨૪૬	૪,૪૯,૨૦૦	૫૩૪	૧,૧૩,૯૨૦	0	0	૧૦૪ કિલો ૮૬૬ ગ્રામ ૩૬ મીલી	૧૫,૭૯,૫૨૦	–	–
૨૪	ઉત્રાણ	૧૭૪૯૦	૮૧,૯૩,૧૯૪	૧૧૨૪	૨,૨૪,૮૦૦	૨૨૦૫	૩,૬૯,૩૪૦	૧૫	૧૫૦	૧૧ કિલો ૭૬ ગ્રામ ૧૫૫ મીલી	૩,૭૦,૭૨૪	–	–
૨૫	જહાંગીરપુરા	૩૧૬૫	૧૫,૭૮,૯૯૫	૩૨૯	૬૫,૮૦૦	૯	૨૬૩૦	૦૦	૦૦	૩૫૯ ગ્રામ ૮૫૮ મીલી	૧૮,૬૮,૨૫૭	–	–
૨૬	રાંદેર	૩૧૨૧	૭,૧૨,૦૨૮	૧૮૭૧	૩,૭૪,૨૦૦	૨૮૨	૪૩,૭૯૪	૦૦	૦૦	૫૫૫ ગ્રામ	૨૩,૯૨,૪૪૦	–	–

										૨૮૭ મીલી			
૨૭	અડાજણ	૪૮૭	૩,૮૭,૭૭૪	૧૯૨	૩૮,૪૦૦	૨૨૨	૪૧,૯૬૮	૦૦	૦૦	૪૧૮ ગ્રામ ૫૩૦ મીલી	૧૭,૧૬,૪૭૫	–	–
૨૮	સચીન	૨૦૮૨૦	૬૧,૨૫,૯૪૩	૪૧૩૨	૮,૨૬,૪૦૦	૪૧૭૭	૮,૪૯,૪૮૧	૧૮	૧૮૦	૯ કિલો ૭૧ ગ્રામ	૧,૧૨,૩૨૫	–	–
૨૯	ડિંડોલી	૧૬૦૭૬	૩૦,૪૨,૬૦૭	૧૨૫૩	૨,૫૦,૬૦૦	૧૫૩૧	૨,૦૪,૮૧૯	૦	૦	૪ કિલો ૧૭૬ ગ્રામ ૭૩ મીલી	૪,૭૫,૩૦૪	–	–
૩૦	સચીન GIDC	૧૮૯૦	૩,૮૪,૭૬૧	૮૬૯૦	૧૭,૩૮,૦૦૦	૫૮૬	૬૧,૧૯૬	૦	૦	૧૫ કિલો ૪૭૦ ગ્રામ	૨,૬૯,૭૦૦		
૩૧	ભેસ્તાન	૪૧૪૪	૧૦,૮૦,૯૩૫	૧૩૪૧	૨,૬૮,૨૦૦	૨૮૯૦	૬,૩૭,૩૪૨	૮	૮૦	૧૬ કિલો ૧૯૯ ગ્રામ ૧૩૭ મીલી	૪,૩૮,૭૭૭	૧૪૧ નંગ	૧૩૩૩
૩૨	ડ્રીમસીટી	૧૪૧૪૮	૨૯,૫૨,૫૯૨	૦૦	૦	૧૮૭૨	૨,૯૦,૩૨૬	૦૦	૦૦				
૩૩	ડુમસ	૫૪૬	૬૭,૫૯૨	૩૫૧	૭૦,૨૦૦	૨૪૧	૫૬,૮૧૪	૦૦	૦૦	૫૫૫ ગ્રામ	૨૫,૯૯૦	–	–
૩૪	ઈચ્છાપોર	૩૧૯૪	૪,૪૧,૬૫૪	૨૩૮૭	૪,૭૭,૪૦૦	૨૮૭	૩૨,૭૩૨	૩૧૬	૩,૧૬૦	૯ કિલો ૧૧૫ ગ્રામ ૧૨૨ મીલી	૧,૭૧,૯૮૯	–	–
૩૫	હજીરા	૩૦૦૨૨	૪૮,૬૫,૨૫૮	૪૮૯	૯૭,૮૦૦	૨૨	૧,૬૫૦	૨૪	૨૪૦	૧ કિલો ૧૫૩ ગ્રામ	૧૧,૫૩૦	–	–
૩૬	પાલ	૩૮૭	૫૨,૫૫૬	૨૫૭	૫૧,૪૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૩૪ ગ્રામ ૯૨ મીલી	૧,૦૪,૭૬૦	–	–
૩૭	ડીસીબી	૩૫૨૭૬	૮૨,૧૭,૩૫૭	૦૦	૦૦	૮૪૦૮	૧૫,૮૬,૫૯૨	૦૦	૦૦	૮ કિલો ૫૭ ગ્રામ ૪૦૭ મીલી	૯,૩૪,૧૦,૮૯૫	–	–

અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશન દીઠ વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી દ્રવ્યો

***15/8/333 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશન દીઠ વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી પદાર્થોનો કેટલો જથ્થો પકડાયો,	(૧)	પત્રક–૧ મુજબ.
(૨)	ઉક્ત પકડાયેલ વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી પદાર્થોની વર્ષવાર કિંમત કેટલી છે, અને	(૨)	પત્રક–૨ મુજબ

તારાંકિત પ્રશ્નો

(૩)	ઉક્ત સ્થિતિએ કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધારે વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી પદાર્થો પકડાયા ?	(૩)	

સમયગાળો	વિદેશી દારૂ	દેશી દારૂ	કેફી પદાર્થો
તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	સોલા પો.સ્ટે	સરદારનગર પો.સ્ટે	ડી.સી.બી.પો.સ્ટે
તા.૦૧/૦૧/૨૦૨૫થી તા.૩૧/૧૨/૨૦૨૫	સરદારનગર પો.સ્ટે	સરદારનગર પો.સ્ટે	ડી.સી.બી.પો.સ્ટે

પત્રક–૧

તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪

અ.નં.	પોલીસ સ્ટેશન	વિદેશી દારૂ જથ્થો (બોટલ)	દેશી દારૂ જથ્થો (લીટર)	કેફી પદાર્થો	
				ડ્રગ્સ	માદક દ્રવ્ય
૧	વસ્ત્રાપુર	૫૨૩	૫૧૨	૦	૦
૨	સોલા	૧૦૮૩૩	૧૬૫૮.૫૦	૦	૦
૩	ઘાટલોડીયા	૧૬૨૯	૨૬૭	૦	૦
૪	નારણપુરા	૧૮૮	૧૨૮	૦	૦
૫	વાડજ	૧૮૪૦	૨૯૦૫.૩૦	૦	૦
૬	નવરંગપુરા	૫૩૦	૧૨૫	૦	૦
૭	રીવરફ્રન્ટ વેસ્ટ	૨૯૨	૧૦૦	૦	૦
૮	ગુજ.યુનિવર્સીટી	૧૭૪	૨૮૧	૦	૦
૯	વેજલપુર	૯૧૨	૨૬૮	૩૦ કિલો ૫૫૭ ગ્રામ ૩૧૦ મિલી	૦
૧૦	વાસણા	૨૦૧૩	૯૨૬	૬૯ ગ્રામ ૨૮૦ મીલી	૦
૧૧	એલીસબ્રીજ	૧૧૬૭	૪૫૪	૦	૦
૧૨	સરખેજ	૮૮૧૯	૪૭૦૭	૪૦૨ ગ્રામ ૫૯૧ મીલી	
૧૩	પાલડી	૦	૯૨	૦	૦
૧૪	સેટેલાઇટ	૨૨૩૦	૫૩	૦	૦
૧૫	આનંદનગર	૨૦૮૮	૪૩૮.૫૦	૦	૦
૧૬	બોડકદેવ	૧૫૪૪	૬૯૫	૦	૦
૧૭	સાબરમતી	૮૧૬૭	૮૨૪૧	૦	૦
૧૮	રાણીપ	૪૬૪૫	૪૦૩૫.૫૦	૦	૦
૧૯	ચાંદખેડા	૧૩૨૪૫	૪૩૨૨.૧૦	૧૪ કિલો ૨૫૦ ગ્રામ	૦
૨૦	માધવપુરા	૩૬૨૧	૪૭૨૭.૨૦	૦૯ ગ્રામ	૦
૨૧	રીવરફ્રન્ટ ઇસ્ટ	૧	૧૧૫	૦	૦
૨૨	શાહપુર	૩૩૯૯	૯૧૫	૧૮ ગ્રામ ૩૦૦ મીલી	૦
૨૩	કારંજ	૧૭	૭	૭૪ ગ્રામ	૦
૨૪	કાલુપુર	૧૨૦૬	૪૮૫	૦	૦
૨૫	શહેરકોટડા	૩૬૫૧	૨૨૭૦.૮૫	૦	૦
૨૬	ખાડીયા	૧૨૯૪	૬૦	૦	૦
૨૭	ગાયકવાડ હવેલી	૯૩૫	૧૦૭૭.૪૦	૦	૧૯૭ નંગ
૨૮	દરીયાપુર	૧૪૪૩	૭૮૪.૪૦	૦	૦
૨૯	શાહીબાગ	૭૪૯૨	૨૨૩૭.૮૦	૦	૦
૩૦	સરદારનગર	૨૬૪૨૮	૧૩૫૩૮.૫૦	૦	૦
૩૧	એરપોર્ટ	૧૫૧૧	૨૦૩૯	૭ કિલો ૫૧૩ ગ્રામ	૦
૩૨	નરોડા	૩૦૩૦૧	૩૩૮૭	૦	૦
૩૩	કૃષ્ણનગર	૪૮૧૦	૨૪૦૩	૦	૦
૩૪	મેઘાણીનગર	૩૬૦૧	૨૮૧૩.૧૦	૦	૦
૩૫	ગોમતીપુર	૬૪૫૪	૪૬૧૯.૫૦	૦	૦
૩૬	બાપુનગર	૧૦૪૮	૧૬૩૫	૦	૦

૩૭	રખિયાલ	૧૭૫૩	૨૦૮	૦	૦
૩૮	ઓઢવ	૨૪૩૦૩	૧૧૨૮૫	૨૯ ગ્રામ ૮૩૦ મીલી	૦
૩૯	નિકોલ	૬૨૦૧	૨૧૯૨	૦	૦
૪૦	અમરાઇવાડી	૧૦૭૪૪	૧૬૬૪.૨૦	૦	૦
૪૧	ખોખરા	૩૯૮૭	૨૭૩૯.૧૦	૦	૦
૪૨	રામોલ	૧૭૭૮૩	૩૧૮૯.૬૦	૦	૦
૪૩	વટવા	૩૬૫૦	૧૧૩૮.૮૦	૧૨ કિલો ૦૫૧ ગ્રામ ૧૦૦	૧૯૮ નંગ
૪૪	મણીનગર	૧૩૫	૪૫૧	૦	૦
૪૫	વટવા GIDC	૨૮૯૦	૧૭૮૫	૦	૦
૪૬	ઈસનપુર	૪૮૨	૨૧૫૮	૫૩ ગ્રામ	૦
૪૭	નારોલ	૨૩૧૩	૭૭૬૯	૦	૦
૪૮	દાણીલીમડા	૪૩૭૭	૯૬૨.૪૦	૦	૫૮ નંગ
૪૯	કાગડાપીઠ	૭૮૮૦	૩૮૦૩	૦	
૫૦	ડી.સી.બી.	૭૪૪૧૬	૧૭૩૦	૨૯૬ કિલો ૯૫૪ ગ્રામ ૮૨ મીલી	૪૫૧૦ નંગ
૫૧	સાયબર ક્રાઇમ	૦	૦	૫.કિલો ૬૭૦ ગ્રામ ૧૭ મીલી	૦

તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫					
અ.નં.	**પોલીસ સ્ટેશન**	**વિદેશી દારૂ જથ્થો (બોટલ)**	**દેશી દારૂ જથ્થો (લીટર)**	**કેફી પદાર્થો**	
				ડ્રગ્સ	**માદક દ્રવ્ય**
૧	વસ્ત્રાપુર	૭૨૨	૧૪૧૨	૦	૦
૨	સોલા	૩૬૪૩૫	૨૩૩૫.૨૦	૦	૦
૩	ઘાટલોડીયા	૧૨૧૧	૧૯૧	૫૧ ગ્રામ ૧૮૦ મીલી	૦
૪	નારણપુરા	૧૯૮૭	૨૮૬	૦	૦
૫	વાડજ	૩૭૧૩	૨૧૬૪.૫૦	૦	૦
૬	નવરંગપુરા	૧૧૨૦	૬૫.૫૦	૦	૦
૭	રીવરફ્રન્ટ વેસ્ટ	૧૭	૧૮૭	૦	૦
૮	ગુજ.યુનિવર્સીટી	૨૫૦૩	૧૪૩	૦	૦
૯	વેજલપુર	૩૫૦૦	૬૧૮	૩ કિલો ૬૦૦ ગ્રામ ૯૨૦ મીલી	૦
૧૦	વાસણા	૮૬૮	૪૭૪	૦	૦
૧૧	એલીસબ્રીજ	૪૫૧	૬૦૮	૦	૦
૧૨	સરખેજ	૫૩૯૦૧	૮૩૩૯.૯૦	૩૭ ગ્રામ ૧૪૦ મીલી	૦
૧૩	પાલડી	૮	૨૪	૦	૦
૧૪	સેટેલાઇટ	૩૦૯૪	૩૨૬	૦	૦
૧૫	આનંદનગર	૨૦૪	૬૩૨.૫૦	૦	૦
૧૬	બોડકદેવ	૩૨૨૦	૧૮૮૮	૧૪૦ ગ્રામ ૩૩૬ મીલી	૦
૧૭	સાબરમતી	૩૪૯૩	૩૭૫૭	૦	૦
૧૮	રાણીપ	૮૩૫૪	૧૫૧૩.૫૦	૧૭૨ ગ્રામ ૬૧૦ મીલી	૦
૧૯	ચાંદખેડા	૬૬૧૬	૨૩૪૬	૦	૦
૨૦	માધવપુરા	૭૬૦૦	૧૪૨૩.૪૦	૦	૦
૨૧	રીવરફ્રન્ટ ઈસ્ટ	૩૩	૩૬૬	૦	૦
૨૨	શાહપુર	૧૫૭૩	૬૩૩	૭૨ ગ્રામ ૨૫૦ મીલી	0
૨૩	કારંજ	૧૮	૮	૦	૨૧ નંગ
૨૪	કાલુપુર	૨૫૨	૧૭૬	૦	૦
૨૫	શહેરકોટડા	૨૨૦૮૯	૧૯૮૫	૦	૦
૨૬	ખાડીયા	૯૨૫	૪.૫૦	૦	૦
૨૭	ગાયકવાડ હવેલી	૯૬૦	૬૯૫.૫૦	૭ ગ્રામ ૭૧૦ મીલી	૧૪ નંગ

૨૮	દરીયાપુર	૧૧૮	૭૧૭	૦	૦
૨૯	શાહીબાગ	૧૯૯૪	૧૪૫૦	૦	૦
૩૦	સરદારનગર	૭૧૯૩૨	૮૯૪૧	૦	૦
૩૧	એરપોર્ટ	૩૨૬૩	૧૦૨૨	૦	૦
૩૨	નરોડા	૨૭૬૮૧	૧૨૯૭	૦	૦
૩૩	કૃષ્ણનગર	૨૧૩૮	૧૭૨૪	૦	૦
૩૪	મેઘાણીનગર	૩૪૧૪	૨૦૯૯	૧૦ કિલો ૨૫૦ ગ્રામ	૦
૩૫	ગોમતીપુર	૨૨૬૩	૨૧૪૧.૪૦	૫ કિલો ૪૮૯ ગ્રામ	૦
૩૬	બાપુનગર	૩૯૭૮	૮૫૬.૫૦	૬ કિલો ૯૫૦ ગ્રામ	૦
૩૭	રખિયાલ	૧૭૮	૨૪૫	૬ કિલો ૩૯૯ ગ્રામ	૦
૩૮	ઓઢવ	૧૬૬૦૫	૭૭૦૯	૦	૦
૩૯	નિકોલ	૨૦૯૧૪	૧૪૧૫.૫૦	૦	૦
૪૦	અમરાઈવાડી	૧૦૨૦૬	૨૦૬૬	૦	૦
૪૧	ખોખરા	૧૩૪૫	૨૦૨૫	૯ કિલો ૯૧ ગ્રામ	૦
૪૨	રામોલ	૩૭૯૪૩	૩૪૫૭	૩૧૦ ગ્રામ ૧૦૦ મીલી	૦
૪૩	વટવા	૩૦૮૫	૨૭૩૫.૫૦	૩ કીલો ૩૯ ગ્રામ	૦
૪૪	મણીનગર	૬૫૧૧	૩૪૯	૦	૦
૪૫	વટવા GIDC	૪૬૨	૧૩૯૯.૪૦	૦	૦
૪૬	ઈસનપુર	૧૪૬૧	૩૫૯૦	૪૩ ગ્રામ ૩૯૨ મીલી	૦
૪૭	નારોલ	૪૪૭૯	૬૩૧૫	૭૧ ગ્રામ ૮૧૭ મીલી	૦
૪૮	દાણીલીમડા	૧૧૩૪	૬૮૬	૧૯ કિલો ૬૦૨ ગ્રામ	૩૩૧ નંગ
૪૯	કાગડાપીઠ	૫૫૦૨	૨૯૧૦.૫૦	૦	૦
૫૦	ડી.સી.બી.	૫૭૮૫૯	૭૪૮	૨૧ કિલો ૮૧૯ ગ્રામ ૭૪૭ મીલી	૫૪૦ નંગ
૫૧	સાયબર ક્રાઈમ	૦	૦	૪૨૨ ગ્રામ ૭૪૦ મિલી	૦

પત્રક–૨

સમયગાળો	વિદેશી દારૂની કિંમત (રૂપિયા)	દેશી દારૂની કિંમત (રૂપિયા)	કેફી પદાર્થો	
			ડ્રગ્સની કિંમત (રૂપિયા)	માદક દ્રવ્યની કિંમત (રૂપિયા)
તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	૬,૧૨,૫૯,૨૧૦/–	૮૩,૫૫,૧૧૪/–	૧૬,૬૬,૯૮,૭૮૫/–	૮૯,૫૩,૮૭૯/–
તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	૧૧,૮૫,૪૯,૭૦૭/–	૧,૭૭,૦૦,૧૭૦/–	૩,૮૬,૯૮,૫૫૭/–	૧,૬૮,૯૫૦/–

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં અમદાવાદ શહેર અને સુરત શહેરની માહિતી માગી છે. અમદાવાદ શહેર એ આપણા મુખ્યમંત્રીશ્રીનું હોમટાઉન છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ તમારો પણ અમદાવાદ શહેરનો આ જ પ્રમાણેનો પ્રશ્ન છે તો આપને જો વાંધો ના હોય તો અગ્રતાક્રમ–૬ અને ૭ સાથે લઇ લઇએ, જેથી ટાઇમ બગડે નહિ. શ્રી શૈલેષભાઇ, તમારી સંમતિ છે? પ્રશ્ન પૂછવા માટે હું તમને મોકો આપીશ. ચાલશે ને?

શ્રી શૈલેષ મ. પરમાર : અમને સરખી તક આપો તો વાંધો નહીં.

અધ્યક્ષશ્રી : હા, તમને તક આપીશ. ચાલો, આગળ. સંમત છીએ તો આપણે બંને પ્રશ્નને મર્જ કરી લઇએ. બંને પ્રશ્ન એકજ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર એ આપણા મુખ્યમંત્રીશ્રીનું હોમટાઉન છે અને સુરત શહેર એ નાયબ મુખ્યમંત્રીશ્રી અને હોમ મંત્રીશ્રીનું હોમટાઉન છે. આ વાતને બિલકુલ રાજકીય રીતે ના લેતા કારણ કે, હમણાં અમે આખા ગુજરાતમાં પ્રવાસ કર્યો ત્યારે ખાસ કરીને એકેએક ગામમાં મહિલાઓનો અવાજ હતો કે પીવાનું પાણી મળતું નથી પણ દારૂ, તાડીના કારણે યુવાધન બરબાદ થાય છે. નાની ઉંમરે દીકરાઓ મરે છે, બહેન–દીકરીઓ વિધવા થઇ જાય છે અને સાથેસાથે ડ્રગ્સનું પણ જે રીતે ચલણ વધી રહ્યું છે એ આપણા બધા માટે, આપણી આવનારી પેઢી માટે ખૂબ ચિંતાજનક છે. હમણાં જ એરપોર્ટ પરની માહિતી આવી હતી કે સુરત અને અમદાવાદ એરપોર્ટ ઉપર છેલ્લા ૪૫ દિવસમાં રૂ.૭૦ કરોડનું ડ્રગ્સ પકડાયું. અહીંયા પણ આંકડા છે એમાં ખાલી સુરત શહેરમાં એકજ વર્ષમાં રૂ.૧૩ કરોડ કરતા વધારે ડ્રગ્સ પકડાયું, એવું અમદાવાદમાં પણ છે અને આખા આંકડા અહીંયા આગળ જોઇએ તો દેશી દારૂ, બિયર, તાડી, ડ્રગ્સ, નશીલા દ્રવ્યો (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી અમિત ચાવડા : આંકડો એટલો મોટો છે એટલે ચિંતા થાય. ગુજરાતમાં કદાચ જે લોકો જાહેર જીવનમાં નહીં જાણતા હોય એને ખબર નહીં હોય કે ગુજરાતમાં નશાબંધીનો કાયદો છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, ગુજરાતમાં નશાબંધીનો કાયદો છે કે કેમ? આ આંકડા જોઇને એવું લાગે છે કે,

અધ્યક્ષશ્રી : આ આખા રાજ્યનો પ્રશ્ન નથી. આ અમદાવાદ શહેર અને સુરત શહેરનો પ્રશ્ન છે.

શ્રી અમિત ચાવડા : અમદાવાદ શહેર અને સુરત શહેરમાં નશાબંધીનો કાયદો અમલમાં છે કે કેમ**?** બીજા નંબરમાં અહીંયા માહિતી આપી છે કે પોલીસના કર્મચારીઓ ઉપર એકશન લીધા છે**,** આનો જો આપણે કડક અમલ કરાવવો હોય તો આઇ.પી.એસ. લેવલના જે કમિશનર કે રેન્જ આઇ.જી. હોય એ અધિકારીઓની જવાબદારી ફિક્સ કરવા માગો છો કે કેમ**?** કેમ કે**,** સાહેબ**,** ગુજરાતમાં ડ્રગસ બનતું નથી એ બહારથી આવે છે**,** વિદેશી દારૂ બહારથી આવે છે તો આ જવાબદારી સંયુક્ત થાય અને ખાસ કરીને હમણાં દેશની પાર્લામેન્ટમાં પણ આંકડા આવ્યા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ માગણીઓની ચર્ચાના સમયે લંબાણપૂર્વક ચર્ચા કરી શકશો. તમારો પ્રશ્ન છે. તમે બહુ લાંબો પ્રશ્ન પૂછ્યો છે તો પછી મંત્રીશ્રી પણ એટલો જ લાંબો જવાબ આપશે.

શ્રી અમિત ચાવડા : એક જ મિનિટ**,** ખરેખર ડ્રગ્સના જે આંકડા આવે છે તે જોતાં ગુજરાત લેન્ડિંગ અને મેન્યુફેકચરિંગ હબ બન્યું હોય અને હવે તો એરપોર્ટ પર.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે સીધા તમારા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી**,** મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે નશાબંધીનો કાયદો ખરેખર અમલમાં છે કે કેમ? આઇ.પી.એસ. લેવલના અધિકારીઓની જવાબદારી નક્કી કરવા માગો છો કે કેમ અને ગુજરાતને નશામુકત બનાવવા માટે કોઇ નક્કર યોજના સાથે આ ગૃહમાં એક પણ ધારાસભ્ય એવો નહીં હોય કે જે એમ કહે કે મારા વિસ્તારમાં દારૂ નથી મળતો તો એવા કડક કાયદાનો અમલ કરાવવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી**,** હું સર્વપ્રથમ આજે આ ગૃહમાંથી ગુજરાત પોલીસને રાજયના પ્રત્યેક નાગરિકો વતી અભિનંદન આપું છું. માનનીય અમિતભાઇ સામાજિક જીવનના ખૂબજ જાણકાર વ્યકિત છે તેવું હું સો ટકા માનું છું. અહીંયા બેઠેલા સૌ લોકો પણ માનતા હશે. સામાજિક જીવનના ખૂબ જ સમજદાર વ્યકિત તરીકે એમણે જે પ્રશ્ન ઉપાડયો અને એમણે પૂછયું કે દારૂબંધીનો કાયદો અમલમાં છે કે નહીં? હું આજે આ સભાગૃહના સૌ સાથીઓને ડંકાની ચોટ ઉપર કહેવા માગું છું કે ગુજરાત સરકાર આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં અમારી સરકારે ગંભીરતાપૂર્વક કામગીરી કરી છે**,** આ જવાબનું કોષ્ટક છે એમાં પાંચ–પાંચ પાનાં ભરાય છે. આ ડ્રગ પકડવાની કામગીરી કરી**,** એરપોર્ટની વિગત અહીંયા આપી છે પરંતુ એરપોર્ટની વિગતમાં જો થોડાક ડીપમાં માનનીય સભ્યશ્રી ગયા હોત તો એમને જરૂરથી અંદાજો આવેત કે સુરત એરપોર્ટ ઉપરથી પકડાયેલું મોટું ડ્રગ્સ ચેન્નાઇથી રિસીવર જે આવેલા હતા એમને પણ પકડવામાં આવ્યા. જે લઇને આવ્યા છે એમને પણ પકડવામાં આવ્યા**,** એ જતું હતું તમિલનાડુ એના એક અઠવાડિયા પહેલાં સુરતના હાઇવે ઉપરથી ડ્રગ્સ પકડાયું. હાઇવે ઉપરથી ડ્રગ્સ પકડાયું**,** ઘણા લોકોને એમ થયું કે ચલો જલદી જલદી બોલવાનો મોકો મળ્યો**,** જલદી જલદી બોલી નાખીએ. ઘણા લોકોએ સ્ટેટમેંટ પણ આપ્યું એ મેં સાંભળ્યું પણ કોઇએ ડીપમાં જઇને એ ના જાણ્યું કે આ કર્ણાટકાના કચ્ચા ક્ષેત્રમાંથી બનેલું ડ્રગ્સ સુરતમાંથી પસાર થતું હતું**,** રાત્રી રોકાણ એમણે સુરતમાં કર્યું અને એ ગાડી જતી હતી રાજસ્થાન**,** પરંતુ પકડયું કોણે? ગુજરાત પોલીસે. કાલે પાકિસ્તાનથી ૨૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ભારતમાં ઘૂસાડવાનો પ્રયાસ થઇ રહ્યો હતો. આપણી ગુજરાતની એ.ટી.એસ. એ તેને ભારતની સીમામાં ઘૂસતાં જ દબોચી લીધા**,** બેઉ ઇરાનીઓને પકડયા અને આ ડ્રગ્સ કયાં જતું હતું? આ ડ્રગ્સ ગુજરાતમાં ડિલિવર નહોતું થવાનું**,** આ ડ્રગ્સ કોઇ બીજા રાજયમાં જતું હતું પરંતુ પકડવાની કામગીરી કોણે કરી? તો એ કરી ગુજરાત એ.ટી.એસ. એ. એ જેટલા કેસોની વાત કરવા માંગે છે**,** પર્ટીકયુલર કેસ ટુ કેસ ચર્ચા અહીંયા થઇ શકે છે. ઘણાં રાજયોની અંદર ડ્રગ્સની પરિસ્થિત માટે ખાલી ગુજરાત ચેલેંજ નથી કરી રહ્યું. દુનિયાના વેસ્ટર્ન કન્ટ્રીઝની અંદર ડ્રગ્સ આજે ફેશન સ્ટેટમેંટ બની ગયું છે. પરંતુ ડ્રગ્સ પકડવાની કામગીરી કોણે ચાલુ કરી તો એ ગુજરાત પોલીસે કરી. એમણે ફેકટરીની વાત કરી. સાહેબ**,** હું આપના થકી આ સભાગૃહને જણાવવા માગું છું કે હા**,** સાચી વાત છે કે ફેકટરીઓ પકડી. ફેકટરીઓ ગુજરાતની ધરતી ઉપરથી પણ પકડી છે**,** મધ્યપ્રદેશ**,** રાજસ્થાન**,** મહારાષ્ટ્રમાંથી પણ પકડી છે. બીજાં રાજયો સાથે મળીને એમના રાજયોની અંદરથી પણ ફેકટરી પકડવાનું કામ એ ગુજરાત પોલીસે કર્યું છે. ગુજરાત સરકારની ઇચ્છાશકિત હતી એટલા માટે કર્યું છે. જયારે શ્રી અમિતભાઇએ વાત કરી કે કાયદો અમલમાં છે કે નહીં? કાયદો અમલમાં હોય ત્યારે જ ગુજરાત પોલીસ ભારત પાકિસ્તાનની સરહદો ઉપર જઇને સમંદરની તેજ લહેરોની વચ્ચે ગોળીઓનો સામનો કરીને પણ આપણા દેશમાં આવતા ડ્રગ્સને રોકવાનો પ્રયાસ સેન્ટ્રલ એજન્સીઓ જોડે કરેલો છે. પોલીસે પણ એક્શન લીધાં. (સભ્યશ્રી અમિતભાઇ ચાવડા પોતાની જગ્યા પર બેઠાં–બેઠાં કૉમેન્ટ કરતા) હા**,** આપણે ખુલ્લી જ વાત કરવાની છે.

અધ્યક્ષશ્રી : વક્તવ્યમાં એવું છે કે તમે પ્રશ્ન પણ એટલો જ લાંબો પૂછ્યો છે. તમે ટૂંકમાં પ્રશ્ન પૂછો તો હું મંત્રીશ્રીને પણ કહી શકું.

તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલમાં આટલા ભાષણ આવ્યાં તો જવાબમાં હું મારી વાત તો મૂકું કે નહિ? તમારી ઇચ્છાશક્તિ એવી છે કે ગુજરાતને 'ઉડતું ગુજરાત' બનાવી જ દેવું, એને ડિકલેર જ કરવું પણ ગુજરાતના બધા યુવાનો એના ભોગ ના બની શકે. ગુજરાતે કામગીરી કરી છે તો સાંભળવી પડશે.

શ્રી અમિત ચાવડા : એ તો દેખાય જ છે.

શ્રી હર્ષ ૨. સંઘવી : દારૂબંધીની વાત કરવી તમને જરા પણ શોભા નથી દેતી. મારે કૉંગ્રેસના પૂર્વ લોકો જે હવે હયાત નથી એની વાત નથી કરવી. શું ધંધા કરતા હતા એ અહીં બધાને ખબર છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે પ્રશ્નના જવાબ ઉપર આવો. (અંતરાય)

શ્રી હર્ષ ૨. સંઘવી : ત્યારે દારૂબંધી ક્યાં ગઇ હતી? તમારા કયા મંત્રીની ગાડીમાંથી શું પકડાતું હતું એ આખી દુનિયા જાણે છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ ટૂંકમાં જવાબ આપો. (સભ્યશ્રી અમિતભાઇ ચાવડા બેઠાં–બેઠાં વાત કરતા) ભાઇ આપણે બેઠાં–બેઠાં વાત નહિ કરીએ. માનનીય હર્ષભાઇ, તમે સીધા જવાબ આપો. (સતત અંતરાય) (આ તબક્કે કૉંગ્રેસ પક્ષના સભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇ જાય છે.)

શ્રી હર્ષ ૨. સંઘવી : તમે શું ધંધા કરતા હતા? એ મોહમ્મદ સુરતી કોણ હતો? તમારા ભાઇ હતા? એ મોહમ્મદ સુરતી કોણ હતો?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ બેસો. બધા નીચે બેસો. હું સમય આપું છું. માનનીય અમિતભાઇ, બેસો હું સમય આપું છું. માનનીય અમિતભાઇ, તમે બેસો હું સમય આપું છું. ઊભાં–ઊભાં વાત ન કરશો. માનનીય અમિતભાઇ બેસો, બેસો, બેસો. મારી ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આવા ગંભીર વિષય ઉપર આપણે વિવાદને બદલે સંવાદ કરીએ અને એનો ઉકેલ લાવીએ. હું પ્રશ્ન માટે તમને ફરી મોકો આપું છું. આ પ્રશ્નમાં પાંચ મિનિટ આપતો હોઉં તો ૧૦ મિનિટ આપીશ. જ્યારે પ્રશ્ન ગંભીર હોય તો હું તમને વધારે સમય આપીશ, પરંતુ પ્રશ્ન જેટલો ટૂંકમાં પૂછશો એટલો જવાબ પણ ટૂંકમાં મળશે અને માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી છે કે હવે એ ટૂંકમાં પ્રશ્ન પૂછે એનો ટૂંકમાં જ જવાબ આપો અને આક્ષેપ પ્રતિઆક્ષેપમાં ના પડશો. એ બધું હતું એટલે તો એ અહીં બેઠાં છે. એ વિષયમાં તમે ન પડશો. તમે શું સારું કરો છો એ કહો?

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભાર માનું છું. અમારે એ જગ્યા પર નથી બેસવું એટલા માટે જ રાત–દિવસ મહેનત કરીને આ પકડીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ રાજકીય અવલોકન નથી કરતો. જો કરીશ તો હોબાળો થશે. મંત્રીશ્રીએ સ્વીકાર પણ કરવો પડશે. વિપક્ષ તરીકે વિધાનસભાગૃહમાં ચર્ચામાં ભાગ લઇએ છીએ તો સ્વાભાવિક છે કે ગુજરાતની પ્રજા માટે ગુજરાતના યુવાનો માટેની ચર્ચા થતી હોય છે. સરકારે એનો સ્વીકાર પણ કર્યો છે કે અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૪ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૫માં વિદેશી દારૂ અને ડ્રગ્સના આંકડા જોઇએ તો છેલ્લાં બે વર્ષમાં વિદેશી દારૂ રૂ.૧૭ કરોડ ૯૮ લાખનો પકડાયો છે એની સામે ડ્રગ્સ રૂ.૨૦ કરોડ ૫૩ લાખનું પકડાયું છે. મારે મંત્રીશ્રીને એટલું જ કહેવું છે કે આપ ચિંતા કરો. સરકારે ચિંતા કરવી જોઇએ. આપને ચૂંટીને મોકલ્યા છે. આ આપની ફરજનો ભાગ છે. સરકારમાં બેઠેલા પ્રજાના પ્રતિનિધિ તરીકે એ કાર્ય આપણે કરવું જોઇએ. અમે પોલીસને પણ અભિનંદન આપીએ છીએ. કેટલો દારૂ અને ડ્રગ્સ પકડાયા એ કહો છો પણ પીવાયો કેટલો એ પણ આપે કહેવું પડશે. જેટલા પ્રમાણમાં પકડાયો એટલા જ પ્રમાણમાં પીવાયો પણ હશે. એ પણ સરકારે સ્વીકારવું જોઇએ. પ્રશ્ન ક્રમાંક–૬માં ૩૧૬ ગુનેગારોને પકડવાના બાકી છે. નાના–નાના પી.આઇ. કે પી.એસ.આઇ.ની બદલી કરીને કે એને સસ્પેન્ડ કરીને કે એની ટ્રાન્સફર કરીને આપણે સંતોષ માનીએ એ ખોટું છે. આ એક દૂષણ છે. જે દૂષણને દૂર કરવા માટે ઉપલા કોઇ અધિકારી સામે આજ દિન સુધી કોઇ પગલાં લેવામાં આવ્યાં નથી. આ જે ૩૧૬ ગુનેગારો પકડવાના બાકી છે તે ક્યારે પકડાશે? અને સરકારની કોઇ નીતિ મુજબ જે પોલીસ સ્ટેશનમાં પકડાય છે તેના પી.આઇ.ની સામે તમે પગલાં લો છો પણ પહેલાં તેના ડી.વાય.એસ.પી., ડી.સી.પી., કમિશનર કે તેના સેક્ટર સામે કોઇ પગલાં લેવાતાં નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, સીધા પ્રશ્ન ઉપર આવો નહિતર પછી જવાબ લાંબો આવશે. સીધા મુદ્દા ઉપર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેવા કોઇ અધિકારી સામે સરકાર પગલાં લેવાં માગે છે કે કેમ?

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રીએ કહ્યું તે વાત સાચી છે કે ૩૧૬ ગુનેગારોને પકડવાના બાકી છે. જવાબમાં આ કોલમની એકદમ બાજુમાં એક બીજું કોલમ છે જેમાં નોંધેલું છે કે ૨૪,૭૯૩ ગુનેગારોને પકડવામાં ગુજરાત પોલીસે સફળતા પ્રાપ્ત કરી છે. માનનીય સભ્યશ્રી ખૂબ સમજદાર છે અને એમની પાસે નૉલેજ પણ ખૂબ સારું છે. ઘણા ગુનેગારો એવા હોય છે કે જેની ઉપર બે કે ત્રણ કેસ હોય. જ્યારે ગુનેગાર એક ગુનાના કેસમાં જેલમાં હોય અને જો તેને બીજા ગુનામાં પકડી લઇએ તો તેનો ફાયદો ગુનેગારને થતો હોય છે. આપણે આવા ગુનેગારોને બચાવવાના નથી પણ ગુનેગાર વધારેમાં વધારે જેલમાં કઇ રીતે રહે તે માટેની વ્યવસ્થાઓ કરવી પડતી હોય છે. જ્યારે એકવાર જેલમાંથી છૂટે ત્યારે પાછા પકડવામાં આવે છે. એમાંના ઘણા ગુનેગારો જે ડબલ ગુનેગારો છે, બે ગુના કર્યા હોય, એક જગ્યા પર ડ્રગ પેડલર પકડાયો પણ ભૂતકાળમાં કોઇ બીજા એરિયામાં તેણે ગુનો કર્યો હોય અને ત્યાંના પ્રૂફ મળ્યા હોય તો એકસાથે બે કેસો દાખલ

થતા હોય છે. આવા કેસમાં એક જગ્યાએ પકડવાના બાકી હોય અને એક જગ્યા પર પકડાયેલા હોય તેવા પણ આમાં ઘણા કિસ્સા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવીશ કે, કોઈપણ અધિકારી/કર્મચારી સસ્પેન્ડ થાય કે કોઈના પર એક્શન લેવાય ત્યારે તેમાં ઘણા પાસાઓ જોવામાં આવે છે. ઘણા કિસ્સામાં એવું હોય કે કોઈનો સીધો કે આડકતરો સંપર્ક નીકળે તો એવા લોકો ઉપર પણ એક્શન લેવામાં આવે છે. આ સિવાય કોઇ અધિકારીની સંપૂર્ણ જવાબદારી એક વિસ્તારની છે અને તે વિસ્તારમાં આ પ્રકારની ઘટના બને તેમાં જો ટેમ્પરરી ઘટના હોય તો તેની ઉપર એક્શન લેવામાં આવતા નથી પણ એ જ વસ્તુ જો બીજી એજન્સી પકડે અને આપણને માહિતી મળે કે આ વસ્તુ ટેમ્પરરી નહીં પરંતુ તેમાં વધારે સમયથી કે ત્યાં તેની અવરજવર પહેલાં બનતી હતી તે પ્રકારના કિસ્સા હોય ત્યારે જ તેની ઉપર એક્શન લેવામાં આવે છે.

ડૉ. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેરમાં દારૂના શોધાયેલ કેસો અંગે સ્થાનિક જવાબદારો વિરુદ્ધ કોઇ પગલાં લેવામાં આવ્યાં છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, રાજ્ય સરકારમાં કોઇપણ અધિકારી કે કર્મચારીની બેદરકારી સાંખી લેવામાં નહીં આવે. અમદાવાદ શહેરમાં પી.આઇ. કક્ષાના બે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલ છે. જ્યારે ૧૨૦ જેટલા પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, તમે છેલ્લી વાત કરી લો. હવે આ પ્રશ્ન બહુ લાંબો થયો. સીધા મુદ્દા ઉપર જ વાત કરજો. તમને ફરી તક આપું છું. મેં ઘણો જ સમય આપ્યો છે. તમે પ્રશ્ન પૂછો. પોલિટિકલ ચર્ચા ન કરો. માનનીય રમણભાઇને તક આપવી પડે તેમ છે એટલા માટે સીધો મુદ્દો રજૂ કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય પ્રશ્ન હતો કે આઇ.પી.એસ. લેવલના સિનિયર અધિકારીઓની જવાબદારી નક્કી કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ આ જવાબ આપી દીધો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તેવો જવાબ આપ્યો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, તેના કારણો જોઇને નક્કી કરે છે. એવું ન હોય કે સિનિયર અધિકારીની જવાબદારી નક્કી કરી શકાય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરક્યુલર છે કે જે પોલીસ સ્ટેશનમાં પકડાશે તેના અધિકારી/કર્મચારી સામે કાર્યવાહી થશે. જે જિલ્લા, ઝોન, રેન્જમાં પકડાય છે તેનો પણ સરક્યુલર થવો જોઇએ. માનનીય ગૃહમંત્રીશ્રી એમ કહેતાં હતા કે ચર્ચા કરીએ. અમારી તૈયારી છે. વર્ષ ૧૯૯૫થી તમારી સરકાર છે. આ વિષય .....

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, તમે ફરીથી રાજકીય ચર્ચા ઉપર ન લઇ જશો. આપ અને માનનીય મંત્રીશ્રી બંને મળીને કહેશો તો હું આપને સમય આપીશ પણ અહીંયા કેમ ચર્ચા કરો છો. તેના માટે તમારે મને ચેમ્બરમાં મળવું પડશે. અહીં જાહેરમાં ચર્ચા ન કરી શકાય.

શ્રી અમિત ચાવડા : ગુજરાતની આવનારી પેઢી માટે એક દિવસ ડીબેટ થઇ જાય તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય. અહીં એક પણ ધારાસભ્ય એમ કહે કે એમના વિસ્તારમાં દારૂ મળતો નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી .....

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન હોય એ તમે બોલો. આમાં ઘણા બધા બોલશે. એના કરતાં તમે આમાં ના પડશો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય ગૃહ મંત્રી પાસે એટલું જ ....

અધ્યક્ષશ્રી : તમે મુદ્દો બોલો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતનું તો છોડો પણ એ આજે જાહેર કરે કે મારા સુરત શહેરમાં આવતા એક અઠવાડિયા પછી એક ટીપું પણ દારૂ નહીં મળે તો હું આ ગૃહમાં એમને અભિનંદન આપવા તૈયાર છું પણ એ જાહેર કરે એવી એમને ખાસ વિનંતી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એવું કહેશે ત્યારે અભિનંદન આપશે પણ પ્રશ્ન કોઇ નથી. મેં અહીંયા ત્રણ વખત તક આપી, સામે પક્ષે માત્ર બે જ પ્રશ્ન આપ્યા છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન અને ભવિષ્યની વાત કરવી હોય તો ભૂતકાળને પણ થોડો યાદ કરવો જ પડે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, સુરતમાંથી સ્વર્ગસ્થ મહંમદ સુરતી, વડોદરામાંથી રાજુ રિસાલદાર, અમદાવાદમાંથી લતીફ, ગઝુખાન પઠાણ, કચ્છના ઇભલા શેઠ, વલસાડમાં.....

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, આપ પ્રશ્ન પર આવો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ ક્યાંથી આવ્યા? ભૂતકાળમાંથી પણ શીખવાનું હોય છે. (આ તબક્કે માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર પોતાના સ્થાન પર ઊભા થતાં)

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવો. તમે બેસો.(અંતરાય) માનનીય શૈલેષભાઇ, તમારે કંઇ કહેવું છે? એક મિનિટ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રમણભાઇ તમે ક્યાં ભડકાવો છો?

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ સીધા પ્રશ્ન પર આવો. આ વિષય પર ગંભીરતાથી.....

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત સાચી છે.

અધ્યક્ષશ્રી : તમે મુદ્દા પર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ગુજરાતનો નકલી જિલ્લો એક વ્યક્તિના નામે ઓળખાતો હતો. ત્રીસ વર્ષથી ભા.જ.પ.ની સરકારમાં તાલુકા, નગરપાલિકા, શહેર તમારા નામે ઓળખાય છે એ અમે જાણીએ છીએ. અમારે જિલ્લા તરીકે ઓળખાતો હતો.

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પર આવી જાવ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો. મારે એટલું જ જાણવું છે કે, અમદાવાદ શહેરમાં પકડાયેલ ડ્રગ્સ અને દારૂના અનુસંધાનમાં બે વર્ષમાં સૌથી વધારે કયા પોલીસ સ્ટેશનમાં પકડાયું? તો સરદારનગર પોલીસ સ્ટેશનમાં કેફી દ્રવ્યો, દેશી દારૂ અને વિદેશી દારૂ સૌથી વધારે પકડાયો. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે બે પી.આઇ. અને અમુક અધિકારીઓ સામે કાયદાકીય તપાસ ચાલુ છે. આમાં સરદારનગર પોલીસ સ્ટેશનમાં જે દારૂ પકડાયો એના પી.આઇ. સામે કોઇ એક્શન લીધેલાં છે કે નહીં?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે પોલીસ સ્ટેશનની બાતમી મળે છે એના અનુસંધાને પોલીસ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં રેડ કરવામાં આવતી હોય છે. ખાસ કરીને તમે જે પોલીસ સ્ટેશનની વાત કરી રહ્યા છો, જે પી.આઇ.ને સસ્પેન્ડ કરવાની વાત કરી રહ્યા છો એની તપાસ થઇ રહી છે. પણ ખાસ કરીને માનનીય સભ્યશ્રી તમારા ધ્યાન પર મૂકવા માગું છું કે સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરમવીરસિંહ માલાવત જે સુભાષનગરના રહેવાસી છે. એ પણ આપના કોંગ્રેસના કાર્યકર્તા છે એ પણ દારૂની બાબતમાં પકડાયેલા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આમાં કોંગ્રેસ અને ભા.જ.પ.માં નહીં પડો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ચંદ્રિકાબેન....

અધ્યક્ષશ્રી : આ વિષય તમે ન લો. જે પ્રશ્ન પૂછ્યો છે એના અનુસંધાને લો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યો છે....(અંતરાય)

(આ તબક્કે શ્રી ગોપાલ ઇટાલીયા અને શ્રી શૈલેષ મ. પરમાર પોતાના સ્થાન પર ઊભા થતા.)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, હવે પ્રશ્ન પૂરો થઇ ગયો છે. તમે બેસો. તમે ઊભા થઇને પણ ટાઇમ પાસ કરો છો. તમે બધા મને સહયોગ આપો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં સૌથી વધારે દારૂ અને ડ્રગ્સ પકડાયું છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે કે તપાસ ચાલે છે. સાહેબ બે વર્ષથી શાની તપાસ ચાલે છે?

અધ્યક્ષશ્રી : વાત એટલી જ છે તમે પી.આઇ.ની જે વાત કરી હતી. તમારી પાસે પી.આઇ. બાબતમાં કોઇ એક્શન લીધા છે કે કેમ? (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અધિકારી સામે એક્શન લીધા છે કે કેમ? એટલું જ પૂછવાનું છે.

અધ્યક્ષશ્રી : હોય તો વાત કરો. બાકી નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ શું કરવાની છે? દારૂ પકડાયો છે એની તપાસ.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એની તપાસ ચાલુ છે. આગામી દિવસોમાં તપાસનો અહેવાલ તમને આપવામાં આવશે.

ગીર સોમનાથ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

***15/8/465 શ્રી ભગાભાઇ ઘાનાભાઇ બારડ** (તાલાલા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૫૮૬૨

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગીર-સોમનાથ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના હેઠળ ૫૮૬૨ બહેનોને તાલીમ આપવામાં આવી છે. આ પૈકી કેટલી બહેનોને અત્યાર સુધીમાં મેડલ આપવામાં આવ્યા છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો તાલાલા તાલુકામાં ગુંદરણ ગામે અભ્યાસ કરતા સુશ્રી હેપીબેન વાળા સ્વરક્ષણની તાલીમ લઇ વર્ષ ૨૦૨૫માં વુશુમાં ૬૬ કે.જી. કટેગરીમાં સ્ટેટ મેડાલિસ્ટ થયેલ છે એવી જ રીતે સુશ્રી મિષ્ટાબેન પંપાણીયા પણ વર્ષ ૨૦૨૫માં...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રીએ બધાંના નામ પૂછયા નથી. એમણે કહ્યું કે કેટલાને મેંડલ આપવામાં આવ્યા છે અને કેટલી રકમ છે? સભ્યશ્રીએ પૂછયું એનો જ જવાબ આપો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહનું ધ્યાન ઉપર મૂકું છું. સુશ્રી મિષ્ટાબેન પંપાણીયા વર્ષ ૨૦૨૫માં વુશુ ૩૪ કે.જી.માં નેશનલ મેડાલિસ્ટ થયેલ છે. સુશ્રી જૈમિશાબેન અરિયાણી વર્ષ ૨૦૨૫માં મહિલા સ્વરક્ષણની તાલીમમાં ૪૮ કે.જી.માં સ્ટેટ ગોલ્ડ મેડાલિસ્ટ થયેલ છે. મહિલાઓનો કેટલો આત્મવિશ્વાસ વધ્યો છે તેની મારે એક વિશેષ વાત કરવી છે. તાલાલા તાલુકાના રહેવાસી સુશ્રી અંજલીબેન એસ.ટી. બસમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે કોઇ અજાણી વ્યકિત આવીને પોતાની સીટની બાજુમાં બેસી ગયા...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ બાબતે જયારે માગણી ઉપરની ચર્ચા આવે ત્યારે બોલજો. બજેટની ચર્ચા ઉપર પણ તમે આ બોલી શકશો. અત્યારે માત્ર પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ આપો. તમને એના માટેનો સમય મળશે. તમે સારું કામ કરો છો એમાં મારી ના નથી. તમારું ડિપાર્ટમેન્ટ સારું કામ કરે છે એમાં કોઇને વાંધો નથી. પ્રશ્ન એવો છે કે આ ફોરમ નથી. આ એક કલાકનો સમય ફક્ત પ્રશ્નોત્તરી માટેનો છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ એક કિસ્સો એટલે જાણવા માટે ખૂબ મહત્ત્વનો છે કે બધા જ ધારાસભ્યશ્રીઓ પોતપોતાના વિસ્તારમાં સુરક્ષા સેતુમાં વધુ લોકોને જોડે એનો આ એક દાખલો ખરેખર જાણવા જેવો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એ કોઇ સભ્યશ્રી પૂછે ત્યારે તમે આપજો.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં સ્વરક્ષણની કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની તમામ મહિલાઓને સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્વરક્ષણની તાલીમ મળે તે માટે અમારી સરકાર પ્રયત્નશીલ છે. મને જણાવતા આનંદ થાય છે કે સુરક્ષા સેતુ યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં ૩,૫૧,૫૫૩ મહિલાઓને સરકારશ્રી દ્વારા તાલીમ આપવામાં આવી છે.

સુરત શહેર અને રાજકોટ શહેરના પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલના વાહનો મુકવા માટે પાર્કિંગ પ્લોટ બાબત

*** 15/8/216 શ્રી ગોપાલભાઇ ગોરધનભાઇ ઇટાલીયા** (વિસાવદર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧.૧૨.૨૦૨૫ની સ્થિતિએ સુરત શહેર અને રાજકોટ શહેરમાં તપાસ કાર્યવાહી દરમ્યાન મુદ્દામાલ તરીકે જમા લેવામાં આવેલ વાહનો મુકવા માટે પોલીસ સ્ટેશનવાઇઝ અધિકૃત સરકારી કે ખાનગી માલિકીના પાર્કિંગ પ્લોટ/સુવિધા ઉપલબ્ધ છે કે કેમ,	(૧)	ના, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પાર્કિંગ પ્લોટ પૈકીના ખાનગી માલિકીના પ્લોટ પેટે શહેરવાર પોલીસ સ્ટેશનવાર કેટલું ભાડું સરકાર દ્વારા ચૂકવવામાં આવેલ છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત પાર્કિંગ પ્લોટમાં મુદ્દામાલના વાહનોની સ્થિતિ ખરાબ ન થઇ જાય તે માટે તેની જાળવણી માટે શી વ્યવસ્થા ઉપલબ્ધ છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે સુરત અને રાજકોટ શહેરમાં તપાસની કાર્યવાહી દરમિયાન પોલીસ દ્વારા જે મુદ્દામાલ જમા લેવામાં આવે છે એ મુદ્દામાલનાં વાહનો મૂકવા માટે પોલીસ સ્ટેશન પાસે પાર્કિંગની વ્યવસ્થા છે કે કેમ? છે તો સરકારી છે કે પ્રાઇવેટ છે? પ્રાઇવેટ છે તો એનું ભાડું ચૂકવવામાં આવે છે કે કેમ? અને પોલીસ દ્વારા જે કોઇ કીમતી મુદ્દામાલ વાહનો જમા લેવામાં આવે છે એ વાહનોની સ્થિતિ ખરાબ ના થઇ જાય એની જાળવણી માટે પોલીસ પાસે શું વ્યવસ્થા છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. શ્રી ગોપાલભાઇ જે વિચારી રહ્યા છે એનાથી એક સ્ટેપ અમારી સરકાર કામ કરી રહી છે. જે રીતે આ સરકાર એડવાન્સ વિચારીને કામ કરતી હોય છે...

અધ્યક્ષશ્રી : એક સ્ટેપ આગળને?

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હા. રાજ્ય સરકાર ગુજરાતના નાગરિકો અને ગુજરાતના સંપત્તિરૂપ વાહનોની સતત ચિંતા કરે છે. વાહનો એ રાષ્ટ્રીય સંપત્તિ છે. તેને ખુલ્લા પ્લોટમાં રાખીને ભંગાર થઇ જાય ત્યાં સુધી પડ્યા ના રહે અને રાષ્ટ્રીય સંપત્તિ ન વેડફાય તેની ચિંતા આ રાજ્ય સરકારમાં આપણા મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રી આદરણીય હર્ષભાઇ સંઘવી કરી રહ્યા છે અને તેથી આપણા ગુજરાતમાં નશાબંધી કાયદામાં સુધારો લાવ્યા અને પકડેલાં વાહનોની જાહેર હરાજીથી વેચાણ કરીને તેની રકમ સરકારી તિજોરીમાં જમા કરવાની કાયદાકીય જોગવાઇ કરી છે. દારૂના વ્યવસાયમાં સંકળાયેલા બુટલેગરો અને ગૌમાંસમાં સંડોવાયેલા કસાઇનાં વાહનોને જપ્ત કરીને ઇ–હરાજી કરવાની કાનૂની જોગવાઇ અમારી સરકારે કરેલ છે. ધારાસભ્યશ્રી ગોપાલભાઇએ જે પ્રશ્ન પૂછ્યો છે એના અનુસંધાનમાં જણાવું તો રાજ્ય સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવવા માટે મુદ્દામાલ સંચાલનમાં આધુનિક પારદર્શક પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. અગાઉના લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં જપ્ત થયેલાં વાહનો પડ્યા રહેતાં હતાં. એની જાળવણી સંબંધિત પડકારો ઊભા થતા હતા. અમારી સરકાર દ્વારા સુવ્યવસ્થિત દૃષ્ટિકોણ અપનાવી સમગ્ર રાજ્યમાં એકરૂપ પ્રક્રિયા કરી શકાય તથા રાજ્યના લોકોની સંપત્તિનો વ્યય ના થાય અને પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ તરીકે પડેલાં વાહનો ખરાબ ના થાય તે માટે ગૃહ વિભાગ દ્વારા ઇ–ઓકશન કરવા માટેની એક એસ.ઓ.પી. જાહેર કરી. અને પકડાયેલાં વાહનોનો નિકાલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થામાં પ્રાથમિકતા આપવાની અમારી સરકાર સતત સમીક્ષા કરીને એવી વ્યવસ્થા ઊભી કરી રહી છે કે જેમાં પોલીસ સ્ટેશનમાં કાર્યક્ષમતા વધે અને જાહેર સુરક્ષા મજબૂત બને અને કાનૂની પ્રક્રિયા ઝડપી થાય એ પ્રકારની કાર્યવાહી સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તમે જવાબ ટૂંકમાં જ આપો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આવનારા સમયમાં ટેકનોલોજી આધારિત પણ પગલાં લઇ ઝડપી અને પારદર્શક નિરાકરણ લાવવા તથા મુદ્દામાલના સંચાલનમાં સુધારો લાવવા સરકાર કટિબદ્ધ છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એવો હતો કે પોલીસ સ્ટેશનમાં પાર્કિંગ છે કે નહીં? સરકારે મને છાપ્યા પ્રમાણે જવાબ આપ્યો છે કે ના, જો મારી ગાડી ગેરકાયદેસર પાર્કિંગમાં પડી હોય તો પોલીસ ઉઠાવી જાય પછી તે કયાં રાખે છે? પોલીસ પાસે તો પાર્કિંગ છે જ નહીં ? મારો પ્રશ્ન એ છે કે, પોલીસ સ્ટેશન પાસે મુદ્દામાલનાં વાહનો મૂકવા માટે પાર્કિંગ નથી તો મુદ્દામાલનાં વાહનો કયાં મૂકવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : એટલે પાર્કિંગ કે મુદ્દામાલ એ બન્ને અલગ વિષય છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી ગાડી પોલીસે જમા લઇ લીધી.

અધ્યક્ષશ્રી : ચાલો હવે તેનું આખું વર્ણન નહીં કરો બન્ને વિષય અલગ છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : જી, સર શોર્ટમાં મારી ફોર વ્હીલ સરકારે જમા લઇ લીધી તો સરકાર મૂકશે કયાં તેની પાસે પાર્કિંગ નથી તેવો જવાબ આપ્યો છે. પ્રશ્ન નંબર: ૨ કે વાહન ગૌમાંસમાં પકડાય કે દારૂમાં પકડાય તેની વાત નથી, કોઇ વ્યકિત રોંગ ડ્રાઇવ કરતો હોય તો પોલીસે ગાડી જમા કરી લીધી, કોઇનું એક્સિડન્ટ થયું અને પોલીસે ગાડી જમા કરી લીધી, મારા–મારી કરી તો ગાડી જમા કરી તો એ વાહનો જમા કરી લીધાં પછી તેની સાચવણી કરવા માટે સરકાર પાસે શું વ્યવસ્થા છે? અને પાર્કિંગ છે કે નહીં?

અધ્યક્ષશ્રી : સાચવણી કે તેને મૂકવા માટેનું છે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં સભ્યશ્રીને અગાઉ પણ કહ્યું કે, સરકાર દ્વારા એક એસ.ઓ.પી. બનાવવામાં આવી છે તેવી જ રીતે પોલીસ સ્ટેશન વિસ્તાર જિલ્લા પંચાયત વિસ્તારો તેમના ગ્રાઉન્ડની અંદર વાહનો મૂકતાં હોય છે, બહુમાળી ભવન હોય તો ત્યાં પણ વાહનો મૂકતાં હોય છે આવી અલગ અલગ વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં રાજયમાં કેટલાં વાહનો મુદ્દામાલ સાથે પકડવામાં આવ્યાં? અને તેમાંથી કેટલી રકમની ઉપજ થઇ છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ –૨૦૨૪માં ૧૪૦૨ વાહનો, વર્ષ–૨૦૨૫માં ૨૯૦૭ વાહનો તેમ કુલ મળીને ૪૩૦૯ વાહનો તે સરકારી રાહે ખાલસા કરી રૂપિયા ૧૧ કરોડ ૮૯ લાખ ૮૦હજાર ૮૫૯ની આવક ઉપજેલ છે.

આદિજાતિ વિકાસ વિભાગ માટે નાણાકીય જોગવાઈ

*** 15/8/20 :શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (**દેડીયાપાડા**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકિય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિકાસ વિભાગ માટે કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી,	(૧)	તા. ૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની બજેટ જોગવાઈ નીચે પ્રમાણે છે. વર્ષ – બજેટ જોગવાઈ (રૂ. કરોડમાં) ૨૦૨૪–૨૫ – રૂ. ૪૩૭૩.૯૬ ૨૦૨૫–૨૬ – રૂ. ૫૧૨૦.૦૩
(૨)	ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી વપરાયેલ અને વણવપરાયેલ રકમ છે, અને	(૨)	૧. વર્ષ ૨૦૨૪–૨૫માં બજેટ જોગવાઈ પૈકી રૂ. ૩૪૦૭.૨૨ કરોડની રકમ ફાળવવામાં આવેલ હતી. જે પૈકી રૂ. ૩૩૭૩.૩૮ કરોડ વપરાયેલ હતી અને રૂ. ૩૩.૮૪ કરોડની રકમ વણવપરાયેલ છે. ૨. વર્ષ ૨૦૨૫–૨૬માં બજેટ જોગવાઈ પૈકી તા. ૩૧.૦૧.૨૦૨૬ સુધી રૂ ૩૬૯૯.૦૩ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે.જે પૈકી ૨૪૧૦.૬૪ કરોડની રકમ વપરાયેલ છે અને ૧૨૮૮.૩૯ કરોડની રકમ વણવપરાયેલ રહેલ છે.
(૩)	ઉક્ત રકમ વણવપરાયેલ રહેવાના શા કારણો છે?	(૩)	ઉક્ત રકમ વણવપરાયેલ રહેવાનાં કારણો નિમ્ન પ્રમાણે છે. ૧. અમુક ખર્ચ દર મહિને / દર ત્રિમાસે થતો હોવાના કારણે ૨. યોજનાકીય કાર્યોમાં કામોની પસંદગી તેની મંજૂરી અને કામોના અમલીકરણની પ્રક્રિયામાં સમય લાગતો હોવાના કારણે અને ૩. વ્યક્તિગત સહાયની યોજનાઓમાં લાભાર્થીઓ પાસેથી અરજી મેળવી તેની ચકાસણી કરવા તેમજ સહાયની રકમ ચૂકવવાની પ્રક્રિયામાં સમય લાગતો હોવાના કારણે

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય ગૃહમાં પણ અને અનેક વખતે આદિવાસી વિકાસની વાતો થાય છે, સન્માનની વાતો થાય છે, સમાનતાની વાતો થાય છે ત્યારે આજે મળેલા જવાબમાં બજેટમાં જોગવાઇ કરવામાં આવેલી છે તેની સામે ઓછી ફાળવણી થયેલી છે. અને જેમાં પણ વણ વપરાયેલી રકમ દર્શાવવામાં આવી છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવુ છે કે, બજેટ જોગવાઇ બાદ ફાળવણીમાં ૨૫ ટકાથી પણ વધુ ઘટાડો

કરવાનાં શાં કારણો છે? મારો પ્રશ્ન ક્રમાંક બીજો છે કે, બજેટ ફાળવણીમાંથી વણવપરાયેલી રકમને બીજા કયા સદરે પાર્ક કરવામાં આવે છે. ત્રીજો પ્રશ્ન મારો એ છે કે, પાર્ક કરેલી વણવપરાયેલી રકમનો ખર્ચ કયા હેતુ માટે આવનારા દિવસોમાં કરવામાં આવનાર છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે ખાસ કરીને તેમણે બે વર્ષનો મારી પાસે તેમના આગલા પ્રશ્નમાં જવાબ માગ્યો હતો વર્ષ–૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬. વણવપરાયેલી રકમની જે તેમણે વાત કરી છે અમારું જે ટ્રાયબલનું બજેટ છે તેને બે વર્ષની મર્યાદા તેની હોય છે. બે વર્ષની મર્યાદામાં અમે તેની બજેટની જે જે જોગવાઇઓ થઇ છે તે પ્રમાણે અમે બજેટ વાપરતાં હોઇએ છીએ. વણવપરાયેલીની જે વાત આવે છે તેમાં ખાલી એક દાખલો આપું તો આપ પણ ડેરી ચલાવો છો, ગયા વખતે જે બજેટની જોગવાઇ હતી કે દૂધ સંજીવની યોજના..

અધ્યક્ષશ્રી : મારા મારફત કહેવાનું છે પણ જવાબ તેમને આપવાનો છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : હા, તો સાહેબ આ દૂધ સંજીવની યોજના અમે અંદાજિત રકમની જે જોગવાઇ કરી કે ભાવ વધારો જો થશે તો તેના માટે પણ અમે વધારાની જોગવાઇ કરતા હોઇએ છીએ. નસીબ એ છે કે એ વર્ષમાં ભાવ વધ્યા નથી અને તેના કારણે આપણી મોટી રકમ આમાં બચત રહી. એ જ રીતે આદર્શ નિવાસી શાળાના નવા મકાનો હોય, એકલવ્યના નવા મકાનો હોય એમાં પણ વિલંબ થાય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

અમદાવાદની સાબરમતી જેલમાં આપઘાતના કિસ્સા

15/8/292 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદની સાબરમતી જેલમાં આપઘાત કરવાના કેટલાક કિસ્સા બન્યા છે,	(૧)	<table><tr><th>વર્ષ</th><th>બનાવની સંખ્યા</th></tr><tr><td>તા.૨૧/૧/૨૦૨૪ થી તા.૨૦/૧/૨૦૨૫</td><td>૦૪</td></tr><tr><td>તા.૨૧/૧/૨૦૨૫ થી તા.૨૦/૧/૨૦૨૬</td><td>૦૨</td></tr><tr><td>**કુલ**</td><td>**૦૬**</td></tr></table>
(૨)	આપઘાત કરવાના કારણો શું છે, અને	(૨)	૧. સજા થવાના કારણે તણાવમાં આવી ૨. પોતાના ગુનાના કામે શું સજા થશે તેના માનસિક તણાવના કારણે ૩. ટીબીની બીમારીથી લાગી આવતા ૪. પ્રેમિકાએ મરણજનાર વિરૂદ્ધ કેસ કરેલ હોઈ, તેના કારણે જેલમાં રહેવું પડેલ હોઈ મનમાં લાગી આવતા ૫. માનસિક તણાવમાં આવી ૬. જામીન ન મળવાના કારણે તણાવમાં આવી
(૩)	ઉક્ત પ્રકારની ઘટનાઓના સંદર્ભમાં જવાબદારો સામે સરકારે શું પગલાં લીધા?	(૩)	જવાબદારો સામે નિયમાનુસારની તપાસની કાર્યવાહી ચાલુ છે.

પંચમહાલ જિલ્લાના હદમાં આવતા ગામો પોલીસ સ્ટેશનોમાં સમાવવા બાબત

15/8/34 શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧) તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના તાલુકાવાર કયા પોલીસ સ્ટેશનોમાં હદમાં આવતા અન્ય ગામો પોલીસ સ્ટેશનોમાં સમાવવા માટે કેટલી માગણીઓ આવેલ છે, અને	(૧) પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ કુલ–૦૫ ગામો કાંકણપુર પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ કરવાની એક માંગણી મળેલ છે.
(૨) ઉક્ત મળેલ માગણી અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે?	(૨) પંચમહાલ જિલ્લાના પોલીસ હકૂમતના વિસ્તારનું નવીન જાહેરનામું પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

બોટાદ જિલ્લામાં ખાદીના કેન્દ્રો

15/8/161 શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા (બોટાદ): **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

સાબરકાંઠા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં ખાદીના કેટલા કેન્દ્રો કાર્યરત છે, અને	(૧)	૦૭ (સાત)
(૨)	બોટાદ જિલ્લામાં ખાદી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે?	(૨)	(૧) ગુજરાતમાં જ ઉત્પાદન પામેલ ખાદી અને પોલીવસ્ત્રની ઉત્પાદન કિંમત પર 'બજાર વિકાસ સહાય યોજના' અને 'ખાસ બજાર પ્રોત્સાહન યોજના' અંતર્ગત સંસ્થાઓને કુલ ૩.૪૧.૪૦/– લાખની સહાય આપવામાં આવેલ છે. (૨) ખાદી સંસ્થાનાં નવા કારીગરો માટે નવા અંબર ચરખા/શાળ આપવાની યોજના અંતર્ગત કુલ ૫૦ અંબર ચરખા અને કુલ ૧૦ શાળ માટે કુલ રૂ. ૬.૨૪/– લાખની સહાય આપવામાં આવેલ છે.

15/8/468 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૬૫૧૯

રાજ્યમાં પોલીસ ઈન્સ્પેક્ટર અને અન્ય સ્ટાફ વિરૂદ્ધ કાર્યવાહી

15/8/55 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	રાજ્યમાં જે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારૂ પકડાય તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર અને અન્ય સ્ટાફ વિરૂદ્ધ કાર્યવાહી કરવાની	(૧)	હા, જી.

	જોગવાઈ છે કે કેમ,		
(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તા.૦૨/૧૦/૨૦૨૫ના રોજ શંખેશ્વર તાલુકાના બીલીયા મુકામે ૩.૬૬ લાખનો વિદેશી દારૂ એલ.સી.બી. દ્વારા પકડવામાં આવેલ તે બનાવ અંતર્ગત જવાબદાર પોલીસ અધિકારી વિરૂધ્ધ શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને	(૨)	જવાબદાર પોલીસ અધિકારી વિરૂધ્ધ ખાતાકીય/ પ્રાથમિક તપાસની કાર્યવાહી ચાલુ છે.
(૩)	જો કાર્યવાહી કરવામાં ના આવી હોય તો તેના કારણો શા છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં ખાનગી બસ સંચાલકોએ કેરેજ પરમીટ મેળવવા કરેલી રજુઆતો

15/8/309 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી(વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી બસ સંચાલકો દ્વારા સ્ટેજ કેરેજ પરમીટ મેળવવા માટેની કેટલી રજુઆતો રાજ્ય સરકારને મળેલ છે, અને	(૧)	માહિતી શૂન્ય છે.
(૨)	ઉક્ત સ્થિતિએ સ્ટેજ કેરેજ પરમીટ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨ હેઠળ MSME એકમોની ક્લેઇમ અરજીઓ

15/8/473: શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના – ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ Micro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૩૭૪ ક્લેઇમ અરજીઓ
(૨)	ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?	(૨)	રૂ. ૧૮૧૯.૨૬ લાખ

રાજ્યમાં જિલ્લા સરકારી વકીલોની વયમર્યાદા બાબત

15/8/126 ડૉ.કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(કાયદો અને ન્યાયતંત્ર)**

જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જિલ્લા સરકારી વકીલો માટે વયમર્યાદા કેટલી નક્કી કરવામાં આવેલ છે, અને	(૧) કાયદા અધિકારી નિયમો–૨૦૦૯ની જોગવાઇ ૫(ખ)માં જીલ્લા સરકારી વકીલોની નિમણૂક માટે વયમર્યાદા ૬૦ વર્ષથી વધુ ઉંમર ન હોય તથા નિવૃત્તિ માટે વયમર્યાદા નિયત કરવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ વયમર્યાદા પૂર્ણ થયેલ હોય અને જિલ્લા સરકારી વકીલ તરીકે સેવામાં હોય તેવા કેટલા વકીલો છે?	(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નવસારી અને ચિખલી તાલુકામાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત સનદો

15/8/240: શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને ચીખલી તાલુકામાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત કુલ કેટલી સનદો આપવામાં આવી,	(૧)	શૂન્ય.
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલી સનદો આપવાની બાકી છે, અને	(૨)	૧. નવસારી– શૂન્ય ૨. ચીખલી– ૨૭૮
(૩)	બાકી રહેલ સનદો કેટલા સમયમાં આપવામાં આવશે ?	(૩)	નવસારી તાલુકા માટે પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી, ચીખલી તાલુકામાં ૨૭૮ દાવાઓ હાલમાં પેટા પ્રભાગીય વન અધિકાર સમિતિ (SDLC) કક્ષાએ પુરાવાને અભાવે પડતર રહેલ છે જે દાવા અરજીઓની પેટા પ્રભાગીય વન અધિકાર સમિતિ (SDLC) દ્વારા ભલામણ થયેથી જિલ્લા સ્તરીય વન અધિકાર સમિતિ (DLC) દ્વારા આખરી નિર્ણય કરવામાં આવશે.

.....

ઉમરગામ તાલુકામાં એસડેપો .ટી.

15/8/311 **શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર** :(ઉમરગામ)**માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉમરગામ તાલુકાના નારગોલ એસ.ટી. ડેપો બંધ હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,	(૧)	હા,જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત એસ.ટી. ડેપો શરૂ કરવા કેટલી રજુઆતો વિભાગને મળી, અને	(૨)	કુલ ૧ રજુઆત મળેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ મળેલ રજુઆતોના અનુસંધાને શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?	(૩)	નારગોલ મુકામે કાર્યરત ડેપો–વર્કશોપને વર્ષ 2006થી કરકસરના ભાગરૂપે નજીકના ડેપો ખાતે મર્જ કરવામાં આવેલ છે. પરંતુ હાલમાં નારગોલ ખાતે મુસાફરોની સવલત માટે કંટ્રોલ પોઈન્ટ કાર્યરત છે. ડેપો–વર્કશોપને પુનઃ ચાલુ કરવાની બાબત એ નીતિ વિષયક હોઈ, રજુઆત પરત્વે ડેપોને પુનઃ શરૂ કરવા અંગેની બાબત હાલ ચકાસણી હેઠળ છે.

_____

દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ અંતર્ગત જમીન ફાળવણીના દાવા

15/8/97: શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ અંતર્ગત જમીનના અધિકારપત્રોની કેટલી દાવા અરજીઓ સરકારને મળી,	(૧)	શૂન્ય.
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલા દાવાઓ મંજૂર કરીને જમીનોની સનદો આપવામાં આવી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	બાકી રહેલા દાવાઓ કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

———————

અમદાવાદ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં ડ્રગ્સ, અફીણ, ચરસ, ગાંજા સંબંધિત આરોપીઓ

15/8/325 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં ડ્રગ્સ, અફીણ, ચરસ, ગાંજા સંબંધિત ગુનામાં કેટલા આરોપીઓને જેલમાં રાખવામાં આવ્યા,	(૧)	**જેલનું નામ** / **જેલમાં રાખવામાં આવેલ આરોપીઓની સંખ્યા** અમદાવાદ સેન્ટ્રલ જેલ – ૭૩૭ વડોદરા સેન્ટ્રલ જેલ – ૧૬૩
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત આરોપીઓમાથી કેટલા આરોપીઓને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે, અને	(૨)	**જેલનું નામ** / **જેલમુક્ત કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા** અમદાવાદ સેન્ટ્રલ જેલ – ૩૩૮ વડોદરા સેન્ટ્રલ જેલ – ૧૨૭
(૩)	ઉક્ત આરોપીઓને જેલમાંથી મુક્ત કરવાના શા કારણો છે?	(૩)	નામ.કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલ જામીન અન્વયે જેલમાંથી જામીન મુક્ત કરવામાં આવેલ છે.

———————

અમદાવાદ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

15/8/466 **પાયલ મનોજકુમાર કુકરાની** (નરોડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૧૧૮૮૨

———————

અમદાવાદ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત કરવા વ્યાજ સહાય યોજના

15/8/470: શ્રી કનુભાઈ કરમશીભાઇ પટેલ (સાણંદ)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે વ્યાજ સહાય યોજના હેઠળ કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	વર્ષ: તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ — મંજુર કરેલ ક્લેઇમ અરજીઓની સંખ્યા: ૧૪૬
(૨)	ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?	(૨)	રૂ. ૭૨૪૫.૨૨ લાખ

છોટા ઉદેપુર જિલ્લામાં ૨૭૫(૧) હેઠળની ગ્રાન્ટ માંથી કામગીરી બાબત

અતારાંકિત પ્રશ્નો

15/8/149 : શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:-**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં બંધારણના અનુચ્છેદ-૨૭૫ (૧) હેઠળ સહાયક અનુદાનમાથી કેટલી રકમની, ક્યા પ્રકારની કામગીરી કરવા માટે રાજ્ય સરકારે મંજૂરી આપી,અને	(૧)	એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ કવાંટ ખાતે એપ્રોચ રોડની કામગીરી માટે રૂ.૨૩૮.૯૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ આ કામગીરી હાલ કયા તબક્કે છે?	(૨)	હાલ કાર્યવાહી હેઠળ છે.

સોનગઢ તાલુકાના ટ્રાયબલ સબ પ્લાન હેઠળ થયેલ કામોની ફરિયાદ બાબત

15/8/175 : ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકા ટ્રાયબલ સબ પ્લાન હેઠળ થયેલ બોરવેલના કામોમાં ટેન્ડર વિના ખર્ચ, માપણીમાં ભૂલો અને ગુણવત્તાની તપાસ વિના બીલો પાસ થયા હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,	(૧)	કુલ : ૦૩(ત્રણ)
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે સરકાર દ્વારા તપાસ કરવામાં આવી છે કે કેમ, અને	(૨)	હાલ તપાસ ચાલુ છે.
(૩)	જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા જવાબદારો સામે કાયદેસરની શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	તપાસ અહેવાલ મળ્યેથી યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

મહેસાણા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

15/8/469 ડૉ.સી.જે.ચાવડા (વિજાપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.**-**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૧૦૦૦૯

રાજ્ય સરકાર હસ્તકના વિમાન, હેલિકોપ્ટર માટે બજેટ જોગવાઇ

15/8/237 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના વિમાન અને હેલિકોપ્ટરના સંચાલન નિભાવ મરામત અને જાળવણી માટે વર્ષ: ૨૦૨૫-૨૬ના બજેટમાં કેટલી રકમની જોગવાઇ	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના વિમાન અને હેલીકોપ્ટરના સંચાલન, નિભાવ, મરામત અને જાળવણી માટે વર્ષ:૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ.૩૭,૯૬,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા

	કરવામાં આવી,		સાડત્રીસ કરોડ છન્નું લાખ પૂરા) ની જોગવાઇ કરવામાં આવી છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ક્યા હેતુસર કેટલો ખર્ચ થયો?	(૨)	ઉક્ત સ્થિતિએ રાજ્ય હસ્તકના વિમાન અને હેલીકોપ્ટરના સંચાલન, નિભાવ, મરામત અને જાળવણી માટે રૂ.૨૯,૮૪,૮૪,૩૭૪/- (અંકે રુપિયા ઓગણત્રીસ કરોડ ચૌર્યાસી લાખ ચૌર્યાસી હ્જાર ત્રણસો ચુમ્મોતેર પૂરા) નો ખર્ચ થયેલ છે.

લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો કર્મચારીઓ સામે નોંધાયેલા ગુના/માં અધિકારી (.બી.સી.એ)

15/8/397 શ્રી અમિત ચાવડા:(આંકલાવ) **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લાંચ રૂશ્વતના આરોપસર કેટલા સરકારી અધિકારી- કર્મચારી સામે એ.સી.બી.માં ગુના નોંધાયા,	(૧)	૧૮૭
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ગુનાઓ પૈકી ક્યા વિભાગના અને ક્યા વર્ગના કેટલા અધિકારી-કર્મચારી છે, અને	(૨)	પત્રક-૧ મુજબ
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલા કિસ્સામાં ગુના સાબિત થયા અને કેટલા નિર્દોષ જાહેર થયા?	(૩)	સાબિત-૩૭ નિર્દોષ- ૧૦૧

પત્રક-૧

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ અધિકારી-કર્મચારીના વર્ગ તથા વિભાગવારની માહિતી

અ.નં.	**વિભાગ**	**અધિકારી-કર્મચારીના વર્ગ**				
		૧	**૨**	**૩**	**૪**	**કુલ**
૧	ગૃહ વિભાગ	૧	૨	૬૦	૦	**૬૩**
૨	પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ	૦	૧	૧૬	૦	**૧૭**
૩	મહેસૂલ વિભાગ	૨	૩	૨૨	૦	**૨૭**
૪	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	૨	૧	૦	૦	**૩**
૫	શિક્ષણ વિભાગ	૧	૦	૯	૦	**૧૦**
૬	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	૨	૨	૩	૧	**૮**
૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	૦	૪	૨	૧	**૭**
૮	કૃષિ અને સહકાર વિભાગ	૦	૦	૩	૦	**૩**
૯	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ	૦	૫	૧	૧	**૭**
૧૦	નર્મદા, જળ સંપત્તિ, પા.પુ.અને કલ્પસર વિભાગ	૨	૨	૪	૧	**૯**
૧૧	બંદરો અને વાહનવ્યવહાર વિભાગ	૦	૧	૨	૦	**૩**

૧૨	વન અને પર્યાવરણ વિભાગ	૦	૨	૪	૦	**૬**
૧૩	અન્ન, નાગરિક પુરવઠા, ગ્રાહક બાબતોનો વિભાગ	૧	૦	૦	૦	**૧**
૧૪	કાયદા વિભાગ	૦	૦	૧	૦	**૧**
૧૫	નાણા વિભાગ	૧	૨	૦	૦	**૩**
૧૬	માર્ગ અને મકાન વિભાગ	૦	૨	૧	૦	**૩**
૧૭	કેન્દ્ર સરકાર	૧	૮	૬	૧	**૧૬**

અમદાવાદ અને રાજકોટ શહેરમાં નોંધાયેલ ગુનાઓ

15/8/334 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટ શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખૂન, લૂંટ, બળાત્કાર, ચોરી, અપહરણ, આત્મહત્યા, દારૂ, જુગાર, છેડતી, ઘાડના કેટલા ગુનાઓ નોંધાયા,	(૧)	પત્રક–૧ મુજબ.
(૨)	તે પૈકી કેટલા ગુનેગારો પકડાયા, કેટલા બાકી છે અને કેટલા ગુનાનો ભેદ ઉકેલાયો, અને	(૨)	**પકડાયેલ આરોપીની સંખ્યા** ૬૨૭૬૨ / **પકડવાના બાકી આરોપીઓની સંખ્યા** ૩૮૫ / **ભેદ ઉકેલાયેલ ગુનાની સંખ્યા** ૪૪૨૮૮
(૩)	ઉક્ત સ્થિતિએ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સરકારે શાં પગલાં લીધા?	(૩)	સઘન રાત્રિ પેટ્રોલિંગ, વાહન ચેકીંગ, ટેકનિકલ રિસોર્સીસનો ઉપયોગ, બાતમીદારો અને સ્થાનિક પોલીસની મદદથી આરોપીઓ વિરુધ્ધ કાયદા મુજબ કડક દંડાત્મક કાર્યવાહી કરી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં આવે છે.

૧

તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪										
શહેરનુ નામ	**ખૂનના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**લુંટના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**બળાત્કારના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**ચોરીના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**અપહરણના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**આત્મહત્યાના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**દારૂના નોધાયેલ ગુનાની સંખ્યા**	**જુગારના નોધાયેલ ગુનાની સંખ્યા**	**છેડતીના નોધાયેલ ગુનાની સંખ્યા**	**ઘાડના નોધાયેલ ગુનાની સંખ્યા**
અમદાવાદ શહેર	૯૦	૧૦૮	૩૦૦	૩૭૬૧	૧૯૫	૫૬	૧૧૨૮૪	૧૪૪૬	૧૩૪	૮
રાજકોટ શહેર	૩૪	૧૬	૩૮	૬૮૦	૭૬	૨૧	૫૩૪૧	૫૭૪	૨૦	૦
તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫										
શહેરનુ નામ	**ખૂનના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**લુંટના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**બળાત્કારના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**ચોરીના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**અપહરણના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**આત્મહત્યાના નોંધાયેલ ગુનાની સંખ્યા**	**દારૂના નોધાયેલ ગુનાની સંખ્યા**	**જુગારના નોધાયેલ ગુનાની સંખ્યા**	**છેડતીના નોધાયેલ ગુનાની સંખ્યા**	**ઘાડના નોધાયેલ ગુનાની સંખ્યા**
અમદાવાદ શહેર	૧૦૭	૭૫	૨૬૫	૩૩૮૭	૨૦૭	૫૧	૧૨૨૩૬	૧૪૫૫	૧૩૩	૪
રાજકોટ શહેર	૩૮	૨૬	૩૫	૬૫૩	૧૦૨	૧૯	૫૬૦૭	૬૧૦	૨૦	૦

અમરેલી લેટરકાંડ બાબતે રચવામાં આવેલી SIT બાબત

15/8/219 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ અમરેલી જીલ્લામાં લેટરકાંડ મુદ્દે તપાસ કરવા માટે SIT ની રચના કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને	(૧)	ના, જી.

(૨)	ઉક્ત SIT દ્વારા તપાસના અંતે ઉક્ત ઘટના સંદર્ભે ઘટનાના દોષિત આરોપીઓ તેમજ જવાબદાર સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ વિરૂધ્ધ સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

_____

રાજ્યમાં હેલ્થ લિકર પરમીટ ફી બાબત

15/8/294 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નશાબંધી અને આબકારી) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	જવાબ
તા.૨૦/૦૧/૨૦૨૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં હેલ્થ લિકર પરમીટ ફીની કેટલી આવક થઈ ?	તા.૨૦/૦૧/૨૦૨૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં હેલ્થ લિકર પરમીટ ફીની આવકની માહિતી નીચે મુજબ છે:

ક્રમ	સમયગાળો	પરમીટ ફી
૧	તા.૨૧/૦૧/૨૦૨૪ થી તા.૨૦/૦૧/૨૦૨૫	૭,૮૮,૬૮,૦૦૦/-
૨	તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા.૨૦/૦૧/૨૦૨૬	૮,૬૩,૧૫,૦૦૦/-

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના

15/8/21 શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં નાણાકીય જોગવાઈ કેટલી કરવામાં આવી છે ?	(૧)	૩. ૭૫૫ કરોડ
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મળેલ છે અને તે પૈકી કેટલા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ ૨,૫૮,૦૦૨ અરજીઓ મળેલ છે, તે પૈકી નિયત ધારાધોરણ ઘરાવતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.
(૩)	ઉક્ત સ્થિતિએ આ યોજનાનો લાભ મેનેજમેન્ટ અને પેકેન્ટ કોટાના કેટલા વિદ્યાર્થીઓને મળનાર છે ?	(૩)	એક પણ નહી.

મહેસાણામાં યોજાયેલ વાયબ્રન્ટ રીજીયોનલ કોન્ફરન્સ

15/8/403 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ રીજીયોનલ કોન્ફરન્સમાં કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને	(૧)	તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ રીજીયોનલ કોન્ફરન્સમાં કુલ રૂ. ૩,૨૩,૪૧૭(ત્રણ લાખ ત્રેવીસ હજાર ચારસો સત્તર) કરોડની રકમના એમ.ઓ.યુ. થયા.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કોન્ફરન્સમાં કેટલી કંપનીઓ દ્વારા કયા સેક્ટરોમાં કેટલી રકમના એમ.ઓ.યુ. થયા?	(૨)	ઉક્ત સ્થિતિએ કુલ-૧૨૩૩ કંપનીઓ દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ કુલ-૧૫ સેક્ટરોમાં કુલ રૂ. ૩,૨૩,૪૧૭(ત્રણ લાખ ત્રેવીસ હજાર ચારસો સત્તર) કરોડની રકમના એમ.ઓ.યુ. થયા.

ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેન્ટસ ઓથોરીટીને પોલીસ વિરુધ્ધ મળેલ ફરિયાદો

15/8/320 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		જવાબ	
(૧)	તારીખ.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેન્ટ્સ ઓથોરીટીને	(૧)	૨૫૧૦

પત્રક				
શહેર/જીલ્લો/ તાલુકો	**વિદેશી દારૂ (બોટલ)**	**દેશી દારૂ (લીટર)**	**તાડી (લીટર)**	**બિયર (બોટલ)**
(૧) નવસારી શહેર	૮૮૬૧	૨૮૮૨	૦	૧૦૨૮
નવસારી તાલુકો	૨૬૬૩૯૮	૪૨૯૨	૧૮	૩૯૬૧૬
જલાલપોર તાલુકો	૪૭૮૩	૬૭૦૩	૧૦	૫૦૧
ગણદેવી તાલુકો	૯૧૯૭૯	૬૨૬૨	૯૮	૨૬૭૬૩
ચીખલી તાલુકો	૧૯૦૧૫૩	૩૨૭૦	૧૬	૨૧૮૮૭
વાંસદા તાલુકો	૩૦૯૧૮	૨૧૦૧	૮	૪૮૫૫
ખેરગામ તાલુકો	૧૪૪૯૩	૧૩૫૫	૦	૨૩૧૫
(૨) વલસાડ શહેર	૨૪૪૪૭	૪૩૨૦	૦	૭૦૩૧૧
વલસાડ તાલુકો	૧૩૩૪૨૮	૧૦૧૩૧	૭૦	૪૧૦૨૯
પારડી તાલુકો	૨૩૩૦૧૯	૭૭૩	૯	૩૭૭૫૬
વાપી તાલુકો	૧૯૬૨૦૩	૧૧૪૯	૭	૪૪૯૬૫
ઉમરગામ તાલુકો	૧૧૬૩૫૭	૬૦૯૬	૪૩૧	૨૪૦૧૬
ધરમપુર તાલુકો	૧૧૭૪૧	૨૧૬૦	૦	૨૩૯૯
કપરાડા તાલુકો	૧૭૪૦૮	૨૭૯	૩૦	૪૪૪૫

	(GSPCA) પોલીસ વિરુધ્ધ કુલ કેટલી ફરિયાદો મળી,		
(૨)	ઉક્ત મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદોમાં ઓથોરિટીએ શી કાર્યવાહી કરી,	(૨)	૨૪૯૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલી ફરિયાદો હજુ પડતર છે, અને	(૩)	૧૬
(૪)	પડતર રહેવાના શા કારણો છે ?	(૪)	પડતર ફરિયાદો પરત્વે તપાસની કાર્યવાહી ચાલુ છે.

રાજ્યમાં યાત્રાધામ વિકાસ માટે મંજૂર કરેલ રકમ

15/8/ 127ડો :(પાટણ) **કીરીટકુમાર ચીમનલાલ પટેલ.માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (યાત્રાધામ)**જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર યાત્રાધામ વિકાસ પ્રભાગ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ, અને	(૧)	નાણાકીય વર્ષ: બજેટ જોગવાઈ (રૂ. કરોડમાં) ૨૦૨૪-૨૫: ૩૦૭.૯૯ ૨૦૨૫-૨૬: ૪૬૩.૫૨
(૨)	ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	નાણાકીય વર્ષ: ખર્ચ (રૂ. કરોડમાં) ૨૦૨૪-૨૫: ૧૫૫.૭૯ ૨૦૨૫-૨૬: ૨૨૫.૫૦

નવસારી અને વલસાડ જિલ્લામાં પકડાયેલ નશીલા પદાર્થો

15/8/406 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** (વાંસદા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી અને વલસાડ શહેર–જિલ્લામાં તાલુકાવાર વિદેશી–દેશી દારૂ, તાડી, બિયરનો કેટલો જથ્થો પકડાયો, અને	(૧)	પત્રક મુજબ
(૨)	ઉપરોક્ત પકડાયેલ જથ્થાની કિંમત શું છે?	(૨)	રૂ.૩૭,૫૦,૪૯,૯૭૮/–

બનાસકાંઠા જિલ્લામાં પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના

15/8/244 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા) **: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમા પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, (૧)

ક્રમ	તાલુકાનું નામ	મળેલ અરજીઓ	ક્રમ	તાલુકાનું નામ	મળેલ અરજીઓ
૧	અમીરગઢ	૨૩૯૩૮	૮	કાંકરેજ	૨૩૫
૨	ભાભર	૨૭	૯	લાખાણી	૧૪૨૦
૩	દાંતા	૪૪૨૨૫	૧૦	પાલનપુર	૯૫૭૪
૪	દાંતીવાડા	૧૯૯૯	૧૧	સુઇગામ	૫૧
૫	ડીસા	૨૯૫૧	૧૨	થરાદ	૨૪૯૭
૬	દીયોદર	૯૬૨	૧૩	વડગામ	૩૫૮૦
૭	ધાનેરા	૭૭૦૦	૧૪	વાવ	૩૮૭

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને (૨)

ક્રમ	તાલુકાનું નામ	મંજુર કરેલ અરજીઓ	ક્રમ	તાલુકાનું નામ	મંજુર કરેલ અરજીઓ
૧	અમીરગઢ	૨૩૯૧૫	૮	કાંકરેજ	૨૩૫
૨	ભાભર	૨૭	૯	લાખાણી	૧૪૧૯
૩	દાંતા	૪૪૧૫૨	૧૦	પાલનપુર	૯૫૬૯
૪	દાંતીવાડા	૧૯૮૯	૧૧	સુઇગામ	૫૧
૫	ડીસા	૨૯૪૪	૧૨	થરાદ	૨૪૮૨
૬	દીયોદર	૯૬૨	૧૩	વડગામ	૩૫૭૧
૭	ધાનેરા	૭૬૯૭	૧૪	વાવ	૩૮૬

(૩) કુલ કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી ? (૩) રૂ. ૧૫.૯૨ કરોડ

છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના બાબત

15/8/150 : શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ આવાસ બાંધવાની કેટલી માંગણીઓ આવી, અને	(૧)	**તાલુકો** / **આવાસ બાંધવાની માંગણીઓ** છોટાઉદેપુર / ૧૦ (દસ) ક્વાંટ / ૦ (શૂન્ય)
(૨)	તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી છે?	(૨)	૯ (નવ)

આદિજાતિ વિભાગની વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે બજેટમાં વણવપરાયેલ રકમ બાબત

15/8/176:ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગના ૨૦૨૪-૨૫ના વર્ષમાં બજેટ ફાળવણીમાંથી વણવપરાયેલ રકમને GSFSમાં પાર્ક કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,	(૧) "હા,જી."
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ GSFSમાં પાર્ક કરવામાં આવેલ,અને	(૨) પત્રક-૧ મુજબ
(૩)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કયા હેતુ માટે કરવામાં આવ્યો?	(૩) "શૂન્ય "

પત્રક -૧

ક્રમ	**સંસ્થાનું નામ**	**તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતીએ GSFS માં પાર્ક રકમ (રૂ.)**
૧	ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન	૮,૫૯,૩૪,૦૦૦
૨	ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી	૨,૯૯,૦૨,૯૦૦
૩	બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી	૬,૫૮,૯૭,૦૦૦
	કુલ	૧૮,૧૭,૩૩,૯૦૦

ભાવનગર જિલ્લામાં રત્ન કલાકારોના બાળકોને સ્કુલ ફીની સહાય

15/8/396: શ્રી અમિત ચાવડા (આંકલાવ)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**		
(૧)	તા. ૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર શહેર અને જિલ્લામાં અસરગ્રસ્ત રત્ન કલાકારોના બાળકોને સ્કુલ ફીની સહાય ચૂકવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોને મળી,	(૧)	**શહેર / તાલુકા**	**અરજીઓની સંખ્યા**	
			ભાવનગર શહેર	૫૩૪૮	
			ભાવનગર	૧૯૩૬	
			ઘોઘા	૨૩૯	
			શીહોર	૭૩૩	
			પાલીતાણા	૩૬૨	
			તળાજા	૩૦૩	
			ઉમરાળા	૫૯	
			વલ્લભીપુર	૮૦	
			જેસર	૩૧	
			ગારીયાધાર	૪૦	
			મહુવા	૩૭૦૨	
			કુલ	**૧૨૮૩૩**	
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ અન્વયે કેટલા રત્ન કલાકારોના બાળકોને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી, અને	(૨)	**શહેર / તાલુકા**	**ચૂકવણૂ કરેલ અરજીઓની સંખ્યા**	**રકમ રૂ. (લાખમાં)**
			ભાવનગર શહેર	૧૯૮૩	૨૧૫.૮૮
			ભાવનગર	૭૦૭	૭૬.૩૫
			ઘોઘા	૧૧૪	૧૩.૫૪
			શીહોર	૫૧૫	૬૭.૨૦

			પાલીતાણા	૧૯૪	૨૫.૩૩
			તળાજા	૨૦૬	૨૩.૩૯
			ઉમરાળા	૭	૦.૮૨
			વલ્લભીપુર	૨૫	૨.૭૬
			જેસર	૭	૦.૯૫
			ગારીયાધાર	૧૦	૧.૨૧
			મહુવા	૨૨૭૧	૨૭૨.૪૬
			કુલ	**૬૦૩૯**	**૬૯૯.૮૯**
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે ?	(૩)	**શહેર / તાલુકા**		**પડતર અરજીઓની સંખ્યા**
			ભાવનગર શહેર		૩૨૨૭
			ભાવનગર		૧૧૫૨
			ઘોઘા		૧૨૨
			શીહોર		૧૯૯
			પાલીતાણા		૧૬૦
			તળાજા		૭૭
			ઉમરાળા		૪૬
			વલ્લભીપુર		૪૫
			જેસર		૯
			ગારીયાધાર		૯
			મહુવા		૧૨૬૧
			કુલ		**૬૩૦૭**

———————

વડોદરા અને સુરત શહેરમાં નોંધાયેલ ગુનાઓ

15/8/335 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા

કૃપા કરશે કે.–

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વડોદરા અને સુરત શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખૂન, લૂંટ, બળાત્કાર, ચોરી, અપહરણ, આત્મહત્યા, દારૂ, જુગાર, છેડતી, ઘાડના કેટલા ગુનાઓ નોંધાયા,	(૧)	પત્રક મુજબ.
(૨)	તે પૈકી કેટલા ગુનેગારો પકડાયા, કેટલા બાકી છે અને કેટલા ગુનાનો ભેદ ઉકેલાયો, અને	(૨)	૪૮,૨૫૦ ગુનેગારો પકડાયા, ૩૮૧ ગુનેગારો પકડવાના બાકી છે અને ૩૨,૯૯૩ ગુનાનો ભેદ ઉકેલાયો.
(૩)	ઉક્ત સ્થિતિએ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સરકારે શાં પગલાં લીધા?	(૩)	સઘન રાત્રિ પેટ્રોલિંગ, વાહન ચેકીગ, ટેકનિકલ રિસોર્સીસનો ઉપયોગ, બાતમીદારો અને સ્થાનિક પોલીસની મદદથી આરોપીઓ વિરૂદ્ધ કાયદા મુજબ કડક દંડાત્મક કાર્યવાહી કરી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં આવે છે.

પત્રક											
શહેર	**વર્ષ**	**ખૂન**	**લુંટ**	**બળાત્કાર**	**ચોરી**	**અપહરણ**	**આત્મહત્યા**	**દારૂ**	**જુગાર**	**છેડતી**	**ઘાડ**
વડોદરા શહેર	તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	૨૯	૧૪	૧૨૦	૭૬૪	૪૪	૧૦	૩૯૮૨	૩૩૯	૫૮	૧
	તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	૧૫	૬	૧૪૧	૭૬૩	૫૧	૧૦	૨૪૪૮	૨૮૧	૭૨	૧
સુરત શહેર	તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	૧૧૬	૩૭	૩૩૧	૧૭૨૨	૨૫૧	૩૩	૯૪૯૧	૧૧૧૭	૧૪૯	૪
	તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	૯૨	૬૪	૩૪૨	૧૩૯૯	૩૧૧	૩૬	૯૧૬૫	૧૦૫૭	૧૪૨	૬

જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી કાર્યક્રમ બાબત

15/8/22 શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (દેડીયાપાડા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.
–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	દેડીયાપાડા તાલુકા ખાતે ૧૫ મી નવેમ્બર, ૨૦૨૫ જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી કાર્યક્રમ માટે આદિજાતિ વિકાસ દ્વારા કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી,	(૧)	રૂ. ૪૧ કરોડ.
(૨)	ઉક્ત જોગવાઇમાં કયાં પ્રકારની સુવિધાઓ પુરી પાડવામાં આવેલ, અને	(૨)	પરિશિષ્ટ – અ મુજબ.
(૩)	ઉક્ત સુવિધાઓ કઈ સંસ્થાએ પુરી પાડેલ હતી?	(૩)	

પરિશિષ્ટ–અ

તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ દેડીયાપાડા ખાતે યોજાયેલ જનજાતિય ગૌરવ દિવસ–૨૦૨૫ ઉજવણી કાર્યક્રમ અન્વયે આજદિન સુધી થયેલ ખર્ચની વિગત દર્શાવતુ પત્રક

અ.નં	વિભાગ/સંસ્થાનુ નામ	કામગીરીની વિગત
૧	ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન	પધારનાર ભાગ લેનાર જનમેદની માટે લાવવા–લઈ જવાની વ્યવસ્થા
૨	દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ	વિવિધ સ્થળો પર વિજ જોડાણ
૩	રીસોર્સ (એજેન્સી)	-મોબાઈલ ટોયલેટ –બંદોબસ્તમાં રોકાયેલ પોલીસ કર્મચારીઓ માટે રોકાણની વ્યવસ્થા
૪	એસ. કે. કેટરસ	કાર્યક્રમની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તેમજ કાર્યક્રમમાં ભાગ લેનારાઓ માટે ફુડ બોક્ષ–કેટરીંગની વ્યવસ્થા
૫	એઓ કેશ બીએસએનએલ ભરુચ	ઈન્ટરનેટ કનેક્ટીવીટી
૬	ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન	પધારનાર ભાગ લેનાર જનમેદની માટે લાવવા–લઈ જવાની વ્યવસ્થા
૭	ડબલ્યુઓડબ્લ્યુએલ ક્લાઉડ ઓપીએસ એલએલપી	પીએમઓ સેટઅપ માટે
૮	ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ	
૯	રીલાયન્સ જીયો ઈન્ફોકોમ લિમિટેડ	
૧૦	ઈન્સાઈડ ઈન્ફોટેક સોલ્યુસન	
૧૧	ગુજરાત સ્ટેટ હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન	આમંત્રિત મહાનુભાવો માટે મેમેન્ટો વગેરે
૧૨	કલેકટર કચેરી, નર્મદા	કાર્યક્રમમાં પધારનાર પદાધિકારીશ્રી, અધિકારીશ્રી, તેમજ કર્મચારીશ્રીઓની રહેવા તેમજ જમવા અને સ્થળ પર મંડપ વ્યવસ્થા અંગેની સુવિધા બાબત
૧૩	ગ્રીન ફાયબર	ભગવાન બિરસા મુંડાની પ્રતિમા
૧૪	શ્રી રંગ ટ્રાવેલ્સ	ફ્લાઈટ ટીકીટ (ભગવાન બિરસા મુંડાના વંશજને કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત)

૧૫	નૃત્ય ટીમો	આદિવાસી પંરપરાગત નૃત્ય
૧૬	સ્માર્ટ ગ્રાફ આર્ટ એડ્વર્ટાઈઝીંગ પ્રાઈવેટ લીમીટેડ	બ્રાંડીંગ, પ્રીંટીંગ વગેરે, દેવમોગરા ખાતે બ્રાંડીંગ અંદર તથા બહાર, બ્રાંડીંગ, હોર્ડીંગ, મુખદર્શન વગેરે.

જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મંજુર થયેલ પ્રવાસનના વિકાસના કામો

15/8/323 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર): ૧૫મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૯/૦૩/૨૦૨૫ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન:-૧૫/૬/૧૫૨૦ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પ્રવાસન)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા-૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મંજુર થયેલ પ્રવાસનના કામો ટેન્ડર પ્રક્રિયામાં હતા તે પ્રક્રિયા ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ ક્યાં તબ્બકે છે,	(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ, <table><tr><th>જિલ્લો</th><th>સ્થળ</th><th>તબક્કો</th></tr><tr><td rowspan="2">જામનગર</td><td>ઉમિયા માતાજી મંદિર પરિસર, સિદસર</td><td>ટેન્ડર</td></tr><tr><td>કુલનાથ મહાદેવ મંદિર પરિસર</td><td>ટેન્ડર</td></tr><tr><td rowspan="5">દેવભૂમિ દ્વારકા</td><td>નવલખા સૂર્યમંદિર</td><td rowspan="4">ટેન્ડર</td></tr><tr><td>આશાપુરા મંદિર</td></tr><tr><td>સોન કંસારી ડેરા</td></tr><tr><td>મોડપર કિલ્લો</td></tr><tr><td>બેટ દ્વારકા દ્વિપ</td><td>ટેન્ડર પ્રક્રિયા અંતિમ તબક્કામાં</td></tr><tr><td>હર્ષદ માતા મંદિર પરિસર</td><td>બાંધકામ કામગીરી પ્રગતિ હેઠળ છે.</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે કેટલો ખર્ચ પ્રવાસન સ્થળવાર થયેલ છે, અને	(૨)	<table><tr><th>ક્રમ</th><th>સ્થળ</th><th>ખર્ચ (રૂ.કરોડમાં)</th></tr><tr><td>૧</td><td>ઉમિયા માતાજી મંદિર પરિસર, સિદસર</td><td>૦.૦૦</td></tr><tr><td>૨</td><td>હર્ષદ માતા મંદિર પરિસર</td><td>૧.૭૨</td></tr><tr><td>૩</td><td>બરડા ડુંગર સર્કિટ અંતર્ગત કુલનાથ મહાદેવ મંદિર પરિસર, નવલખા સૂર્યમંદિર, આશાપુરા મંદિર, સોન કંસારી ડેરા, મોડપર કિલ્લો</td><td>૦.૦૦</td></tr><tr><td>૪</td><td>બેટ દ્વારકા દ્વિપ</td><td>૧.૮૦</td></tr></table>
(૩)	જો કોઈ ખર્ચ ના થયેલ હોય તો તેના શા કારણો છે?	(૩)	ઉમિયા માતાજી મંદિર પરિસર, સિદસરના વિકાસ માટેની કામગીરી અંગે ટેન્ડર તૈયાર કરવાની પ્રકિયા પ્રગતિ હેઠળ હોઈ; ખર્ચ થયેલ નથી. બરડો ડુંગર સર્કીટ અંતર્ગત કુલનાથ મહાદેવ મંદિરના વિકાસના કામગીરી માટે ટેન્ડર મંજુરી હેઠળ હોઈ; કોઈ ખર્ચ થયેલ નથી. વધુમાં, બરડા ડુંગર સર્કિટ કામગીરી અંતર્ગત નવલખા સૂર્ય મંદિર, મોડપર કિલ્લો, આશાપુરા મંદિરથી સોન કંસારી ડેરા સુધીનો ટ્રેક કરવા માટે સ્ટેટ આર્કિયોલોજી તથા વન અને પર્યાવરણ વિભાગ તરફથી એન.ઓ.સી. મળ્યેથી ટેન્ડરની કામગીરી હાથ ધરવાની રહેતી હોઈ; ખર્ચ થયેલ નથી

સુરત અને વડોદરા જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

15/8/408 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત અને વડોદરા શહેર-જિલ્લામાં તાલુકાવાર વિદેશી-દેશી દારૂ, તાડી, બિયરનો કેટલો જથ્થો પકડાયો, અને	(૧)	પત્રક મુજબ.
(૨)	ઉપરોક્ત પકડાયેલ જથ્થાની કિંમત શું છે?	(૨)	૩,૫૧,૪૩,૩૬,૪૭૩/-

પત્રક				
શહેર/જીલ્લો/ તાલુકો	**વિદેશી દારૂ (બોટલ)**	**દેશી દારૂ (લીટર)**	**તાડી (લીટર)**	**બિયર (બોટલ)**
(૧) સુરત શહેર	૨૫૪૮૭૮	૪૬૯૮૦	૪૮૫	૩૬૫૫૫
કામરેજ તાલુકો	૧૨૩૮૨૨	૬૪૨૯	૮૧	૭૮૭૫૦
ઓલપાડ તાલુકો	૯૫૮૪	૮૧૪૬	૪૫૦	૧૨૭૭
માંગરોળ તાલુકો	૨૫૯૫૪	૫૮૦૭	૯૬	૧૫૫૪૫
ઉમરપાડા તાલુકો	૮૪૯૧	૭૨૬	૦	૧૧૪૯
માંડવી તાલુકો	૨૬૨૭૧	૩૧૨૬	૦	૫૩૨૯
બારડોલી તાલુકો	૧૨૦૦૨૮	૨૫૩૨	૦	૧૦૬૦૪
મહુવા તાલુકો	૨૪૮૦૮	૨૮૯૭	૦	૫૧૦૬
પલસાણા તાલુકો	૧૩૪૨૧૦	૭૮૬૮	૧૨૮	૩૧૫૮૪
(૨) વડોદરા શહેર	૩૫૦૭૨૬	૧૧૮૫૨	૧૪૦	૨૯૪૬૭
પાદરા તાલુકો	૩૪૭૮૮	૩૩૩૦	૦	૨૬૫૪
સાવલી તાલુકો	૧૫૬૭૭૬	૨૨૭૮	૧૦૯	૨૦૭૧૫
વડોદરા તાલુકો	૮૦૩૨૮	૩૨૧૪	૦	૨૮૭૬૭
ડેસર તાલુકો	૧૫૨૫૯	૫૯૭	૦	૪૭૩૪
ડભોઈ તાલુકો	૪૫૧૩૧	૧૨૬૮	૩૬	૮૨૫૦
કરજણ તાલુકો	૨૦૨૨૪૮	૧૬૯૮	૦	૪૮૮૬૬
વાઘોડીયા તાલુકો	૧૮૨૦૫૪	૧૯૯૭	૧૨૯	૧૧૮૮૨
શિનોર તાલુકો	૨૪૭૧	૮૮૨	૧૧	૯૧૫

છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના બાબત

15/8/151: શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના કયા કામોનું આયોજન કરવામાં આવેલ છે, અને	(૧) વર્ષ ૨૦૨૪–૨૫ (૨) વર્ષ ૨૦૨૫–૨૬

ક્રમ	**તાલુકો**	**ઘટકનું નામ**	**કામનું નામ**	**રકમ (લાખમાં)**
૧	છોટાઉદેપુર	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૭૦.૦
૨	કવાંટ	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૨૫.૭૫
૩	જેતપુર–પાવી	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૨૪.૦૦
૪	નસવાડી	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૪૦.૮૦
૫	કવાંટ	પાણીના સ્ત્રોત ઉપર પંપ સેટસ	સોલાર વોટર પંપ ટ્યુબવેલનું કામ	૨૫.૦૦
૬	છોટાઉદેપુર જિલ્લાના બધા તાલુકા	અન્ય આજીવિકા ઉપાયો	બકરા એકમ આપવાનું કામ	૧૨૯.૬૦
૭	છોટાઉદેપુર જિલ્લાના બધા તાલુકા	અન્ય આજીવિકા ઉપાયો	દુધાળા પશુ આપવાનું કામ	૩૪.૮૫
			કુલ	**૩૫૦.૦૦**

ક્રમ	**તાલુકો**	**ઘટકનું નામ**	**કામનું નામ**	**રકમ (લાખમાં)**
૧			ઓછા ઢોળાવ વાળી જમીનમાં કંટુર બંડિંગનું કામ	૨૦.૦૦

		૨			ફળાઉ રોપા (ટ્રી ગાર્ડ સાથે)નું કામ	૫૦.૦૦
		૩	તમામ તાલુકા	નાની સિંચાઈ	બોર મોટર, સામુહિક કુવા, સુક્ષ્મ સિંચાઇ,ટપક અને કુવારા પધ્ધતિ આપવાનું કામ	૫૩૦.૦૦
		૪	તમામ તાલુકા	વીજળીકરણ	આદજાતિ ખેડુતોને અને અન્ય પરંપરાગત ખેડુતોને વીજ જોડાણ આપવાનું કામ	૧૦.૦૦
		૫	તમામ તાલુકા	પાણીના સ્ત્રોત ઉપર પંપ સેટ્સનું કામ	આદિજાતિ ખેડુતોને અને અન્ય પરંપરાગત ખેડુતોને સોલાર વોટર પંપ/ વીથ સોલાર પેનલ વોટર પંપ /તાર ફેંસીંગ/ડિઝલ પંપ /અન્ય પંપ સેટ આપવાનું કામ	૩૦૦.૦૦
		૬	તમામ તાલુકા	કૃષિ વૈવિધ્યકરણ યોજના અને કૃષિ યાંત્રિકીકરણ યોજના	–કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ દર વર્ષે નિયત કરવામાં આવેલ પાકો માટેના બિયારણ અને ખાતર કીટ આપવાનું કામ –આદિજાતિ ખેડુતોને અને અન્ય પરંપરાગત ખેડુતોને નેપસેક સ્પ્રે એન્જિન ઓપરેટેડ/ થ્રેશર /પાવર વીડર /ચાફ કટર /બ્રશ કટર આપવાનું કામ	૪૧૦.૦૦
		૭	તમામ તાલુકા	અન્ય આજીવીકા ઉપાયો	–આદિજાતિ ખેડુતોને અને અન્ય પરંપરાગત ખેડુતોને દુધાળા પશુ આપવાનું કામ /ગાય,ભેંસ અને મિલ્ક પ્રોસેસીંગના સાધનો આપવાનું કામ –આદિજાતિ ખેડુતોને અને અન્ય પરંપરાગત ખેડુતોને બકરા એકમ આપવાની યોજના/ બકરી દૂધ પ્રોસેસીંગના સાધનો આપવાનું કામ –આદિજાતિ ખેડુતોને અને અન્ય પરંપરાગત ખેડુતોને મરઘા આપવાની યોજના / પોલ્ટ્રીને લગતા સાધનો આપવાનું કામ	૮૦.૦૦
		કુલ				**૧૪૦૦.૦૦**

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા, કેટલા કામો પ્રગતિ હેઠળ છે ?

૧) વર્ષ ૨૦૨૪–૨૫

ક્રમ	તાલુકો	ઘટકનું નામ	કામનું નામ	કામની સંખ્યા	પૂર્ણ	પ્રગતિ
૧	છોટાઉદેપુર	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૭૦	૬૩	૭
૨	કવાંટ	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૨૨	૧૭	૫
૩	જેતપુર–પાવી	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૨૪	૦૩	૨૧
૪	નસવાડી	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૩૪	૧૦	૨૪
૫	કવાંટ	પાણીના સ્ત્રોત	સોલાર વોટર પંપ	૦૫	૦૦	૦૫

		ઉપર પંપ સેટસ	ટ્યુબવેલનું કામ			
૬	તમામ તાલુકા	અન્ય આજીવિકા ઉપાયો	બકરા એકમ આપવાનું કામ	૨૮૮	૮૯	૧૯૯
૭	તમામ તાલુકા	અન્ય આજીવિકા ઉપાયો	દુધાળા પશુ આપવાનું કામ	૭૭	૦૦	૭૭
કુલ				**૫૨૦**	**૧૮૨**	**૩૩૮**

૨) વર્ષ ૨૦૨૫–૨૬

ક્રમ	તાલુકો	ઘટકનું નામ	કામનું નામ	કામની સંખ્યા	પૂર્ણ	પ્રગતિ
૧	તમામ તાલુકા	કૃષિ વૈવિધ્યકરણ યોજના અને કૃષિ યાંત્રિકીકરણ યોજના	ચાફકટર આપવાનું કામ	૧૩૫	૧૩૫	૦૦
૨			નેપસેક સ્પ્રે એન્જીન ઓપરેટેડ આપવાનું કામ	૩૬૫	૩૬૫	૦૦
૩			પાવર વિડર આપવાનું કામ	૮૮	૮૮	૦૦
૪			થ્રેસર આપવાનું કામ	૨૦	૦૦	૨૦
૫	કવાંટ	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૧૭	૦૦	૧૭
૬	નસવાડી	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૨૨	૦૦	૨૨
૭	છોટાઉદેપુર	નાની સિંચાઈ	બોર મોટરના કામ	૨૯	૦૦	૨૯
૮	છોટાઉદેપુર જિલ્લાના બધા તાલુકા	પાણીના સ્ત્રોત ઉપર પંપ સેટસ	તાર ફેન્સિંગ આપવાની યોજના	૧૪૨	૦૦	૧૪૨
કુલ				**૮૧૮**	**૫૮૮**	**૨૩૦**

બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ આદિજાતિ વિસ્તારોને સહાય

15/8/177 :ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભારતના બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ આદિજાતિ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬માં કેટલી રકમની સહાય કરવામાં આવી, અને	(૧)	નીચે મુજબની રકમની સહાય કરવામાં આવી. વર્ષ: ફાળવેલ રકમ (રૂ. લાખમાં) સને ૨૦૨૪–૨૫: રૂ. ૨૭૨૭.૨૭ સને ૨૦૨૫–૨૬: રૂ. ૩૯૩૬.૨૮
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાયમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૨)	"શૂન્ય"
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વણવપરાયેલ રહી?	(૩)	કુલ રૂ.૬૬૬૩.૫૫ લાખ

વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત

સન ૨૦૧૧–૧૨, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને ૨૦૧૮–૧૯ના નાણાકીય વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧–૧૨, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને ૨૦૧૮–૧૯ના નાણાકીય વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવાની રજા લઉં છું.

વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવામાં આવ્યા.

ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

સન ૨૦૨૫–૨૬ના વર્ષના ખર્ચનું પૂરક પત્રક

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** નાણા મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૫–૨૬ ના નાણાકીય વર્ષના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.

અંદાજપત્રની રજૂઆત

સન ૨૦૨૬–૨૭ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

શ્રી કનુભાઈ મો. દેસાઈ **(** નાણા મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૬–૨૭ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ જનસેવક તરીકે જનસેવાના અવિરત ૨૪ વર્ષ પૂર્ણ કરી ગુજરાત અને દેશના વિકાસને નવી દિશા આપી છે. સુશાસન અને જનકલ્યાણના કાર્યો દ્વારા જન અપેક્ષાઓને સાકાર કરી વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું છે અને એ સાથે ભારતને વિશ્વની ચોથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા બદલ ગુજરાતની સમગ્ર જનતા વતી હું તેમને અભિનંદન પાઠવું છું.

માનનીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત@૨૦૪૭ અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ ધપાવતાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યની વિકાસયાત્રા આગળ વધી રહી છે.

માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં જી.એસ.ટી.માં કરેલ ઐતિહાસિક સુધારાથી સામાન્ય નાગરિકની જીવન જરૂરિયાત વસ્તુઓની ખરીદશકિતમાં વધારો થયેલ છે. જે બદલ માનનીય વડાપ્રધાનશ્રીનો રાજ્યના તમામ નાગરિકો વતી હું આભાર માનું છું.

વધુમાં, શ્રમ અધિનિયમમાં કરેલ સુધારાઓથી કામદારોની સામાજિક સુરક્ષા, રોજગારીની તક સાથે તેમના સન્માનમાં વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આપને જણાવતાં આનંદ થાય છે કે, આપણને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની મળી છે તેનો સંપૂર્ણ યશ ખેલમહાકુંભની શરૂઆત કરાવનાર ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી મોદીજીને જાય છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા અમારી સરકાર કટિબદ્ધ છે. ગુજરાતની સ્થાપનાનાં **૭૫ વર્ષ** સને ૨૦૩૫માં પૂર્ણ થઇ રહ્યાં છે. આ અમૃતકાળના સોનેરી અવસરે વિકસિત ગુજરાત@૨૦૪૭ની વિકાસ યાત્રાને વેગ આપવા ગુજરાત@૨૦૩૫ના રોડમેપ સાથે અમે આગળ વધી રહ્યાં છીએ.

"સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ" સાથે વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC)દ્વારા અત્યાર સુધીમાં છ અહેવાલો રજૂ કરવામાં આવ્યા છે. જેમાં નાગરિક–કેન્દ્રિત સેવા,વહીવટી સુધારાતેમજ માનવ સંસાધન જેવા વિષયો પર અસરકારક ભલામણો આપવામાં આવી છે. જેનું અમલીકરણ સુશાસન અને કાર્યક્ષમ વહીવટની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહ્યું છે.

'વિકાસમાં કોઈ પાછળ ન રહે અને વિકાસથી કોઈ વંચિત ન રહે'ની ભાવના સાથે આદિવાસી સમાજના ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. આ અવસરે માનનીય વડાપ્રધાનશ્રીએ જનજાતિ સમુદાયના વિકાસ માટે જનજાતિય કલ્યાણ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં **₹ ૨ લાખ કરોડ**ના અઢળક વિકાસ કાર્યોના આયોજનની જાહેરાત કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

અમારી સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારોમાં કરેલ અસરકારક કામગીરીના ફળ સ્વરૂપે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન(PM JANMAN) હેઠળ સમગ્ર દેશમાં ગુજરાતને **"બેસ્ટ પર્ફોમિંગ રાજ્ય"** તરીકેનો એવોર્ડ મહામહિમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા વર્ષ ૨૦૨૫માં એનાયત કરવામાં આવ્યો છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૩થી શરૂ કરાયેલ વાઇબ્રન્ટ સમિટથી રાજ્યની આર્થિક પ્રગતિને એક નવી જ ઉડાન મળી છે. જેને આગળ વધારતાં રાજ્ય સરકારે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનો (VGRC)શરૂ કરેલ છે. જેનો મુખ્ય ધ્યેય રોજગારીનું સર્જન કરવું અને દરેક નાગરિકની માથાદીઠ આવક વધારવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નીતિઓ જાહેર કરેલ છે.જેમાં ગુજરાત સ્પેસટેક પૉલિસી, ગુજરાત ઇલેકટ્રોનિક્સ કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગ પૉલિસી, એકશન પ્લાન ફોર ઇમ્પલીમેન્ટેશન ઓફ AI,ઇન્ટીગ્રેડેટ રીન્યુએબલ એનર્જી પૉલિસી અને ગુજરાત ગ્રીન હાઇડ્રોજન પૉલિસીનો સમાવેશ થાય છે.

જેનાથી યુવા પ્રતિભાને AI આધારિત રિસર્ચ અને કુશળતા વિકસાવવામાં નવી તકો મળશે. સેમિકન્ડક્ટર્સઅને હાઇવેલ્યુ મેન્યુફેક્ચરીંગમાં વધુ વેગ આવશે. કૃષિ, આપત્તિ વ્યવસ્થાપન, શહેરી આયોજન અને ગવર્નન્સ વધુ અસરકારક બનશે. તેમજ રીન્યુએબલ એનર્જીનો મહત્તમ ઉપયોગ કરી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે.જે ગુજરાતને આત્મનિર્ભર ભારત અને વિકસિત ગુજરાત @ ૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવામાં મદદરૂપ થશે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્ય સરકારના આ પ્રયાસોથી ગુજરાતની આર્થિક ગતિશીલતા રાષ્ટ્રીય વિકાસમાં આગવી અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.આજે દેશના જીડીપીમાં ગુજરાતનો ફાળો **૮.૨ ટકા** છે. ગુજરાતની માથાદીઠ આવક**₹ ૩ લાખ ૧ હજાર (₹ ૩,૦૧,૦૦૦)** છે. જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં **૬૦%**થી વધારે છે. જેમાં ગુજરાત દેશના રાજ્યોમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

GYANએટલે કે, **ગરીબ, યુવા, અન્નદાતા** અને **નારીશક્તિ**ને વધુ સશક્ત બનાવવા આ બજેટમાં વિવિધ જોગવાઇઓ કરવામાં આવેલ છે.

એક કલ્યાણકારી રાજ્ય તરીકે **ગરીબ** અને મધ્યમ વર્ગના પરિવારોને પાકું ઘર આપી "**ઘર સૌના માટે**"નો સંકલ્પ સાચા અર્થમાં સાકાર કરવામાં આવી રહ્યો છે. જે હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ અને શહેરી), ડૉ.આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓ હેઠળ આ વર્ષે આશરે **૩ લાખ ૧૫ હજારથી વધુ આવાસો** પૂરા પાડવાનું આયોજન છે. જેના માટે **₹ ૪૨૭૨ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

સમાજના પછાત અને નબળા વર્ગના તેમજ આદિજાતિ લોકોના વિકાસ માટે સરકાર હંમેશા સંવેદનશીલ છે. વિવિધ નિગમો દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં ૧ લાખ ૩૫ હજારથી વધુ લાભાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે લોન તેમજ આર્થિક સહાય આપવામાં આવી છે. નિગમોની આ કામગીરીને વેગ આપવા માટે કુલ **₹ ૮૬૯ કરોડ**ની જોગવાઇ કરું છું.

નાગરિકોની અન્નસુરક્ષાના અભિગમથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત રાજ્યના અંદાજે **૭૫ લાખથી** વધુ કુટુંબોને વિનામૂલ્યે અનાજ આપવાનું ભગીરથ કાર્ય અમારી સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્ય સરકાર દ્વારા ૫૩ હજારથી વધુ આંગણવાડી કેન્દ્રોને પોષણ, પ્રારંભિક બાળ શિક્ષણ અને આરોગ્ય સેવાના મજબૂત આધાર સ્તંભ તરીકે વિકસાવવામાં આવી રહ્યાં છે. આંગણવાડીના ભૌતિક અને ડિજિટલ માળખામાં વધારો કરતાં આ વર્ષે નવી બે હજાર આંગણવાડીઓના નિર્માણ માટે **₹ ૩૬૦ કરોડ**નીજોગવાઇ સૂચવું છું.

ગુણવત્તાયુકત આરોગ્ય સેવાઓ દ્વારા સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાની રાજ્ય સરકારની નેમ છે. "પ્રધાનમંત્રી જન આરોગ્ય–મુખ્યમંત્રી અમૃતમ (મા યોજના)" યોજના હેઠળ ૨ કરોડ ૭૨ લાખથી વધુ લોકોનો સમાવેશ કરેલ છે.જેમાં ૬૮ લાખથી વધુ લોકોએ કેશલેસ સારવારનો લાભ લીધો છે.આ યોજના માટે **₹ ૩૪૭૨ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

ગરીબ અને મધ્યમવર્ગના દંપતીઓને ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીસ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદખાતે IVF સગવડ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સેન્ટરના વિસ્તૃતિકરણ ઉપરાંત સુરત, ભાવનગર અને જામનગર ખાતે આ પ્રકારની સુવિધા શરૂ કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી,

બાંધકામ શ્રમયોગીઓને પૌષ્ટિક આહાર મળી રહે તે માટે શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રમાં વધારો કરતાં નવા ૧૨૧ કેન્દ્ર કાર્યરત કરવામાં આવશે. તેમજ શ્રમયોગીઓનેબાંધકામના સ્થળે આરોગ્યની પ્રાથમિક સેવા આપતાં કુલ ૧૫૪ ધન્વંતરિ આરોગ્ય રથની સંખ્યામાં વધારો કરતાંવધુ નવા ૫૦ આરોગ્ય રથ શરૂ કરવામાં આવશે. જેના માટે કુલ **₹ ૨૬૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

માઘ ૨૯, ૧૯૪૭ શાકે

અંદાજપત્રની રજૂઆત

VB-G RAM G (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મીશન(ગ્રામીણ)) યોજનાથી ગ્રામ્ય વિસ્તારની સુખાકારી અને રોજગારી માટે એક મહત્વપૂર્ણ કદમ ભરવામાં આવેલ છે. જેમાં કામના દિવસો ૧૦૦થી વધારી ૧૨૫ કરવામાં આવેલ છે. જેના માટે કુલ **₹ ૧૫૦૦ કરોડ**નું આયોજન કરેલ છે**.**

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતની વસ્તીમાં૩૬%કરતા વધુ **યુવા** છે. આ યુવા શક્તિને મજબૂત કરવા તેમજ તેને આગળ વધવા સમાન અવસર મળે તે માટે સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે **૯૭ લાખ** વિદ્યાર્થીઓને **₹ ૫૯૬૭ કરોડ**ની જોગવાઇ શિષ્યવૃત્તિ માટે કરું છું.

ભારત સરકારની પોસ્ટ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ આદિજાતિ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણમાં કારકિર્દી ઘડતર કરી શકે તે માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. કન્યાઓને આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય અને વાર્ષિક **₹ ૨ લાખ ૫૦ હજાર** આવક મર્યાદા ધરાવતા કુમારોને આ લાભ આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિનો લાભ વધુ કુમાર વિદ્યાર્થીઓને પહોંચાડવા માટે તેઓની વાર્ષિક આવક મર્યાદા **₹ ૨ લાખ ૫૦ હજાર**થી વધારીને **₹ ૬ લાખ** કરવાની જાહેરાત કરું છું.

આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આશરે **૨,૭૭,૫૫૨ વિદ્યાર્થીઓ**ને મળતી માસિક સહાય **₹ ૨૧૬૦**માં **₹ ૩૪૦**નો વધારો કરી **₹ ૨૫૦૦** કરવાની જાહેરાત કરું છું.

રાજ્ય સરકાર સંચાલિત એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓઅને કન્યા સાક્ષરતા શાળાઓમાં અભ્યાસ કરતા **૨૧,૭૭૦ આદિજાતિ વિદ્યાર્થીઓ** માટે વિદ્યાર્થી દીઠ અપાતી વાર્ષિક નિભાવ ગ્રાન્ટ **₹ ૭૦,૦૦૦** માં **₹ ૧૦,૦૦૦** નો વધારો કરી**₹ ૮૦,૦૦૦**કરવાની જાહેરાત કરું છું.

અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે આવકારદાયક વાતાવરણમાં શિક્ષણ મળી રહે તે માટે વધુ **૯૨૬ પી.એમ.શ્રી શાળાઓ** શરૂ કરવામાં આવશે.

"એક કેમ્પસ–અવિરત શિક્ષણ–મજબૂત ભવિષ્ય"ના ધ્યેય સાથે બાલવાટિકાથી ધોરણ–૧૦ સુધી વિદ્યાર્થીઓના અભ્યાસમાં તૂટ ન પડે તે માટે સંકલિત શાળાઓ બનાવવાની જાહેરાત કરું્છું. જેનાથી શિક્ષણમાં ગુણવત્તા અને સ્થિરતા જળવાઇ રહેશે. તેના માટે **₹ ૧૨૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

ગાંધીનગર ખાતેદેશની સૌથી મોટી અને અત્યાધુનિક **નમો સેન્ટ્રલ લાઇબ્રેરી** સ્થાપવામાં આવશે. જેમાં અભ્યાસ અને વાંચનની સુવિધાઓ ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેના માટે આ બજેટમાં **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું. તેમજ આદિજાતિ વિસ્તારના તમામ તાલુકામાં **ભગવાન બિરસા મુંડા લાઇબ્રેરી** ઊભી કરવાના આયોજનના ભાગરૂપે આ વર્ષે ૧૫ તાલુકાઓમાં લાઇબ્રેરી સ્થાપવાની જાહેરાત કરું છું.

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના દ્વારા વિદ્યાર્થીઓનો વિજ્ઞાન પ્રવાહના પ્રવેશમાં રસ વધેલ છે. જેના કારણે છેલ્લાં બે વર્ષમાં કુલ પ્રવેશમાં ૧૯% જેટલો વધારો થયેલ છે. જેના માટે**₹ ૨૫૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

દિવ્યાંગજનને શાળામાં અભ્યાસ કરવામાં મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે હેતુથી પરિવહન વ્યવસ્થાના ભાગરૂપે ટ્રાન્સપોર્ટ/એસ્કોર્ટ એલાઉન્સ આપવા તેમજ અન્ય સુવિધાઓ માટે આયોજન કરેલ છે.

અમારી સરકારે કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપી યુવાનોને આત્મનિર્ભર તેમજ રોજગારલક્ષી બનાવવા અનેક પગલાં ભર્યા છે. ઉદ્યોગો સાથે સક્રિય ભાગીદારીથી ભાવિ જરૂરિયાતોને અનુરૂપ માનવ સંસાધન તૈયાર કરવાના હેતુસર **નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન**ને વેગ આપવા **₹ ૨૨૬કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

યુવાનોને રોજગારી માટે કૌશલ્યપૂર્ણ તાલીમ આપવાના હેતુથી **"મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના"** હેઠળ ૧ લાખથી વધુ એપ્રેન્ટીસ તાલીમ મેળવે છે. આ યોજના સેવાક્ષેત્ર દ્વારા પૂરા પાડવામાં આવતા એપ્રેન્ટીસ કાર્યક્રમોને પણ આગળ વધારવામાં મદદરૂપ બનશે.આ તાલીમાર્થીઓને માસિક **₹ ૩૦૦૦** સુધીની સહાય આપવા **₹ ૮૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજ્યમાં સંશોધન અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા આઇ.આઇ.ટી.ના મોડલ પર એલ.ડી. ઇજનેરી કોલેજ, અમદાવાદ ખાતે રિસર્ચ પાર્કની સ્થાપના કરવા **₹ ૫૧ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

તા.૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬
અંદાજપત્રની રજૂઆત

માનનીય અધ્યક્ષશ્રી,

અમારી સરકારે ટેકનોલોજીને પરિવર્તનનું સાધન ગણેલ છે. સ્ટાર્ટઅપ માટે i-Hubઅમદાવાદ ખાતે ઊભી થયેલ ઇકોસિસ્ટમને વિસ્તારતાંસુરત, વડોદરા, મહેસાણા અનેરાજકોટ ખાતે i-Hubના રીજનલ સેન્ટર સ્થાપવામાં આવશે. જેના માટે **₹ ૮૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

સ્ટાર્ટઅપ ક્ષેત્રે રાજ્ય સરકારની નીતિઓથી યુવાનોને "**વિચારથી વ્યવસાય"** સુધીનું પ્રોત્સાહન મળી રહ્યું છે. યુવાનોની નવીન વિચારશક્તિ, ટેકનોલોજી પ્રત્યેની અભિરુચી અને સાહસના કારણે અત્યાર સુધી આશરે ૧૬ હજારજેટલા સ્ટાર્ટઅપ નોંધાયેલા છે. જેના પરિણામે રાજ્યને ભારત સરકાર દ્વારા **"બેસ્ટ પરફોર્મર સ્ટેટ"**નો એવોર્ડ મળેલ છે. જે બદલ રાજ્યના યુવાનોને હું અભિનંદન પાઠવું છું.

દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯% યોગદાન સાથે,ગુજરાત રોજગારી સર્જન માટે ખૂબ જ મજબૂત MSME (નાના અને મધ્યમ ઉદ્યોગ) ઇકોસિસ્ટમઘરાવે છે. ૨૯ લાખથી વધુ MSME રજીસ્ટ્રેશન ધરાવતાં અગ્રેસર રાજ્યોની સૂચિમાં ગુજરાત સ્થાન ધરાવે છે. આ એકમોને પ્રોત્સાહન માટે આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ એમ.એસ.એમ.ઈ. માટે **₹ ૧૭૭૫ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસને આગળ વધારતાં આગામી સમયમાં ૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેકનોલોજીથી સ્માર્ટ બનાવવામાં આવશે. જેમાં **₹ ૧૨૫૦ કરોડ**ના રોકાણથી પાણી, વીજળી, ગેસ અને ડિજિટલ નેટવર્કનું સુદ્રઢીકરણ કરવામાં આવશે. આ ઉપરાંત **₹ ૫૦ કરોડ**ના રોકાણથી **૧૨૦ મીની GIDC**ના નવીનીકરણનું આયોજન છે.

રાજ્યના આદિવાસી વિસ્તારોમાં ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારીની તકો મળી રહે તે માટે દાહોદ જિલ્લાના ઝાલોદ અને ગરબાડા તાલુકામાં બે તથા અરવલ્લી જિલ્લા સહિતના અન્ય જિલ્લાઓમાં ત્રણ એમ પાંચ નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવાની જાહેરાત કરું છું.

રાજ્યના ટેક્સટાઇલ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે **"ગુજરાત ટેક્સટાઇલ પોલિસી"** અંતર્ગત **₹ ૬૭ હજાર કરોડ**થી વધુનું મૂડીરોકાણ થયેલ છે. જેને લીધે બે લાખથી વધારે પ્રત્યક્ષ રોજગારી સર્જાયેલ છે. આવનાર સમયમાં આ ક્ષેત્રમાં વધારે મૂડીરોકાણ અપેક્ષિત છે અને તેથી મોટા પાયે પ્રત્યક્ષ રોજગારીનું સર્જન થશે.આ માટે **₹ ૨૭૫૫ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાષ્ટ્રની માલસામાન નિકાસમાં ૨૬% થી વધુ યોગદાન સાથે ગુજરાત સૌથી મોખરાનું સ્થાન ધરાવે છે. આ ક્ષેત્રને પ્રોત્સાહન, તાલીમ, આર્થિક અને માર્કેટ સપોર્ટથી વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ (GEPC)ની સ્થાપના કરવાની જાહેરાત કરું છું.

રાજ્યએ ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ અને ઇઝ ઓફ લિવિંગને વધુ સશક્ત બનાવવા **ગુજરાત જન વિશ્વાસ(જોગવાઇઓમાં સુધારા) અધિનિયમ, ૨૦૨૫** અમલમાં મૂક્યો છે. જેમાં ૧૧ અધિનિયમો તથા ૫૧૬ જોગવાઇઓમાં હકારાત્મક કાયદાકીય સુધારાઓ કરવામાં આવ્યાં છે. આ સરળીકરણના લીધે ઉત્પાદક, વેપારી અને ઔદ્યોગિક કામદારોનો શાસન પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

રાજ્ય સરકાર આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે "**વોકલ ફોર લોકલ**"ની પહેલ હેઠળ તમામ જિલ્લાઓનાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોના સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. ભારત સરકાર દ્વારા રાજ્યના હાથશાળ–હસ્તકલાના અને ગ્રામોદ્યોગના ૯૦ જેટલા ઉત્પાદનોને **"એક જિલ્લો, એક ઉત્પાદન"** અંતર્ગત પસંદ કરવામાં આવ્યાં છે. આ ચીજવસ્તુઓ તૈયાર કરનાર કારીગરોને તેના વેચાણ માટે **સ્વદેશી હાટ** અને **ઇ–કોમર્સ** પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી,

જગતના તાત એવા **અન્નદાતા** માટે કુદરતી આફતો જેવા કઠિન સમયમાં રાજ્ય સરકાર હરહંમેશ તેમની પડખે ઊભી રહી છે.

રાજ્યમાં આવેલ પૂર અને કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાં મદદરૂપ થવા **₹ ૧૧ હજાર કરોડ**થી વધુના કૃષિ રાહત પેકેજથી **૩૩ લાખ**થી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક સહાય પહોંચાડવામાં આવેલ છે.

"**વાવણીથી વેચાણ સુધી"**ખેડૂતની સાથે રહી તેને ચડ–ઉતર થતા બજારના ભાવોમાં મદદ કરવા **૯ લાખ ૫૦ હજારથી વધુ** ખેડૂતો પાસેથી **₹ ૧૮ હજાર કરોડથી વધુ**ની મગફળી, મગ, અડદ,સોયાબીન અને કપાસની ટેકાના ભાવે ખરીદી કરેલ છે.

માઘ ૨૯, ૧૯૪૭ શાકે

અંદાજપત્રની રજૂઆત

ખેડૂતોને ખેતીક્ષેત્રે થતો ખર્ચ ઘટાડવા તેમજ પાક ઉત્પાદન અને આવક વધારવા યાંત્રિકીકરણનું મહત્વ છે. ટ્રેક્ટર, પાવરટીલર, સીડડ્રીલ, હાર્વેસ્ટર જેવા યંત્રો દ્વારા ખેતીકામમાં ઝડપ અને ચોકસાઇ આવે છે. નાના-સીમાંત સહિતના ખેડૂતો માટે કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹ ૧૫૬૫ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

વધુમાં વધુ ખેડૂતો પાકૃતિક ખેતી અપનાવે તે માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે. જેનો વ્યાપ વધારી પ્રોત્સાહન આપવા સેન્ટર ઓફ એક્સલન્સ ઊભા કરવા, બજાર સુવિધા ઉપલબ્ધ કરાવવા, માર્કેટીંગ અને બ્રાન્ડ પ્રમોશન તથા હેન્ડ હોલ્ડીંગ અને સર્ટીફીકેશન સહાય માટે **₹ ૩૯ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજ્યમાં ડાંગર, કઠોળ, તેલીબિયાં, ફાર્મ મિકેનાઇઝેશન, વેલ્યુ એડીશન અને એગ્રો પ્રોસેસીંગ માટે છ (૬) સેન્ટર ઓફ એક્સલન્સ કેન્દ્ર ઊભા કરવાનું આયોજન છે. જેના માટે **₹ ૧૨ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજ્યમાં બાગાયત ક્ષેત્ર હેઠળનો વિસ્તાર છેલ્લા બે વર્ષમાં લગભગ **બે લાખ હેક્ટર**થીવધુ વિસ્તર્યો છે અને ફળ-શાકભાજી સહિતનું કુલ ઉત્પાદન **૨૧ લાખ મેટ્રિક ટન**થી વધુ થયું છે

રાજ્યના ખેડૂતોને ઓછા ખર્ચની સામે આવક વધારતાં **"પર ડ્રોપ મોર ક્રોપ"** સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૨૫ લાખ હેકટર વિસ્તાર આવરી લેવાયેલ છે. બાકી રહેતા વિસ્તાર માટેનું કામ પ્રગતિ હેઠળ છે.

દરિયામાં વહી જતાં નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સુજલામ સુફલામ પાઇપ લાઇન યોજના માટે **₹ ૧૨૩૭ કરોડ**, સૌની યોજના માટે **₹ ૪૭૩ કરોડ** તથા કચ્છની યોજના માટે **₹ ૧૩૩૩ કરોડ** એમ કુલ **₹ ૩૦૪૩ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના છેવાડાના ગામોને પાઇપલાઇન અને કેનાલ મારફતે સિંચાઇ સુવિધા પૂરી પાડવાનું પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થયેલ છે અને બીજા તબક્કાનું કામ શરૂ કરવામાં આવેલ છે. જેના માટે **₹ ૯૫૮ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજ્યના મત્સ્ય અને પશુપાલન ક્ષેત્રને આવક, રોજગાર અને પોષણનો મજબૂત આધાર બનાવવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યની હાલની મત્સ્ય પેદાશનું ઉત્પાદન અને નિકાસ વધારવાના લક્ષ્ય માટે માળખાકીય સુવિધા, સાધન સહાય અને સ્ટોરેજ માટે **₹ ૧૩૪૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

પશુઓના સંવર્ધન, સંરક્ષણ, રોગ નિદાનઅને તેને લગતી માળખાકીય સુવિધાઓમાં સહાયઆપી દેશના દૂધ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૧૦%થી વધુ લઇ જવાનું આયોજન છે.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ **ગૌ માતા પોષણ યોજના** ગાયોના સંરક્ષણ, ગૌસંવર્ધન તથા ગૌકલ્યાણ પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. જેના માટે **₹ ૫૦૦ કરોડ**ની જોગવાઇ કરું છું.

ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડૂઓ પોતાની પ્રવૃત્તિઓ સમયસર કરી શકે તે માટે કિસાન ક્રેડિટ કાર્ડ અંતર્ગત વ્યાજ સહાય આપવા **₹ ૧૫૩૯ કરોડ**ની જોગવાઇ કરું છું.

સહકારી મંડળીઓને બહુહેતુક કાર્ય કરવા સક્ષમ બનાવવામાં આવશે. જેમાં અનાજ સંગ્રહથી લઇને રાજ્યના ૪ ઝોનમાં બાયો સીએનજી પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. જેનાથી પશુપાલકોને પૂરક આવક તેમજ વાહનો માટે ગ્રીન ફ્યુઅલ ઉપલબ્ધ થશે.જેના માટે **₹ ૧૧૨ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

GYAN ના ચાર આધાર સ્તંભો પૈકી એક સ્તંભ એવી **નારીશક્તિ**ની ભૂમિકા વિકસિત ગુજરાતના નિર્માણમાં અગત્યની છે.

મહિલા સશક્તિકરણને આર્થિક સ્વાવલંબન સાથે જોડવાના દૃઢ સંકલ્પ સાથે રાજ્ય સરકાર દ્વારા **'લખપતિ દીદી'** અભિયાનને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારોમાં મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓને વિસ્તૃત કરવા, નવા વ્યવસાય શરૂ કરવા અને હાલના વ્યવસાયોને સ્કેલ-અપ કરવા **₹ ૪૭ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

સખી મંડળ સ્વ-સહાય જૂથો આજે મહિલા સશક્તિકરણનો સૌથી મજબૂત આધાર બન્યા છે. સ્વ-સહાય જૂથના વ્યવસાયને વિસ્તારવા અને સ્કેલ-અપ કરવા બેંક લોન પર વ્યાજ સહાય અને પ્રોત્સાહક સહાય આપવા **₹ ૪૫ કરોડ**ની જોગવાઇ કરું છું.

૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા પૂરક પોષણ યોજના અંતર્ગત **₹ ૯૭૨ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

નમો લક્ષ્મી યોજનાના અસરકારક અમલીકરણથી ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના શાળા પ્રવેશમાં છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વધારો થયેલ છે. જેના માટે**₹ ૧૨૫૦ કરોડ**ની જોગવાઇકરું છું.

મહિલા પ્રતિનિધિત્વને પ્રોત્સાહિત કરવા રાજ્યની ITIમાં અભ્યાસ કરતી તમામ દિકરીઓ માટે નવી **"નમો કૌશલ્ય લક્ષ્મી યોજના"** જાહેર કરું છું. જેના માટે **₹ ૪૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે DBT માધ્યમથી માસિક સહાય મળી રહે તે માટે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અમલી છે. જેના માટે **₹ ૨૮૪૮ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજ્ય સરકાર દ્વારા ૧૦૯૧ મહિલા હેલ્પલાઇન, મહિલા પોલીસ સ્ટેશનો અને CCTV નેટવર્ક દ્વારા મહિલાઓની સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ આપવા તેમજ વિકસિત ગુજરાત@૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા ગુજરાત રાજ્ય ઇન્વેસ્ટમેન્ટ ફોર ટ્રાન્સફોર્મેશન(GRIT)ની રચના કરવામાં આવેલ છે. GRIT દ્વારા–Infrastructure, Innovation, Individuals અને Institutions –આ ચાર આયામો પર આધારિત લાંબાગાળાનું અને પરિણામલક્ષી વિકાસનું આયોજન થઇ રહ્યું છે.

રાજ્યમાં સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ (છ) ક્ષેત્ર માટે ઇકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કર્યા છે. જે અંતર્ગત દરેક ક્ષેત્રની જરૂરિયાત મુજબ પ્રોજેક્ટ તૈયાર કરેલ છે. જેનાથી આર્થિક પ્રવૃત્તિઓ, રોજગાર સર્જનઅને મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે. જેના માટે **₹ ૨૦૦૦કરોડ**ની જોગવાઇ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને પરિપૂર્ણ કરવા ગુજરાત સરકાર આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે.

૫૦ હજાર કરોડના વિકસિત ગુજરાત ફંડ મારફતે વિકાસ કાર્યોને ગતિ આપવાનો સરકારનો દ્રઢ સંકલ્પ છે. જેના ભાગરૂપે આ વર્ષે વિકસિત ગુજરાત ફંડમાં **₹ ૧૦ હજાર કરોડની જોગવાઇ** કરું છું. વિકસિત ગુજરાત ફંડ હેઠળ રાજ્યના વિકાસ માટે લાંબાગાળાના અને મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

રાજ્યના મહત્વના સ્થળોને જોડતા **નમો શક્તિ એકસપ્રેસ વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ વે પ્રોજેકટ માટે વધુ ₹ ૩૦૦૦ કરોડ**ની જોગવાઇ કરું છું. આ પ્રોજેકટ સંસ્કૃતિ અને પ્રવાસનનો સંગમ ધરાવતો હાઇવે બની રહેશે.

ધોલેરા અને સાણંદ ખાતે વિકસતા સેમીકોન હબ ગુજરાતને **Chip**ઉત્પાદન ક્ષેત્રે વિશ્વના નકશામાં મહત્ત્વનું સ્થાન પ્રદાન કરી રહ્યાં છે. જે ભારતની સેમીકોન આત્મનિર્ભરતાનો મુખ્ય આધારસ્તંભ બનશે.

ધોલેરા SIR ખાતે ફેઝ–૧ હેઠળ **લોજિસ્ટિક એન્ડ ટ્રંક ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ**નું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.જેમાં,ધોલેરા એરપોર્ટ, આધુનિક માર્ગો, પાણી અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ, અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ તથા સ્માર્ટ ICT સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. જેનાથી ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બનશે. જેના માટે વિકસિત ગુજરાત ફંડ સહિત કુલ **₹ ૬૧૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

વિકસિત ગુજરાત @ ૨૦૪૭ના લક્ષ્યને પૂર્ણ કરવા અમારી સરકાર અતિ મહત્વપૂર્ણ પ્રોજેકટ પર કામ કરી રહી છે. જે તરફ ગૃહનું સવિશેષ ધ્યાન દોરું છું. જેમાં;

રાજ્યના વિવિધ જળાશયો અને નહેરોની જળસપાટીનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી કડાણા ડેમમાં નવતર ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ સ્થાપવાનું આયોજન છે. જેના માટે **₹ ૧૫૦ કરોડ**ની જોગવાઇ કરું છું.

આત્મનિર્ભર ભારતની પહેલને સાકાર કરવા રાજ્ય પાસે સંગ્રહિત પરંતુ હાલમાં વણવપરાયેલ વિપુલ ખનીજ સંસાધનો અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગથી મેળવવામાં આવશે. જે પૈકી અંબાજી કોપર પ્રોજેક્ટ ગુજરાતની પ્રથમ ભૂગર્ભ કોપર–લેડ–ઝીંક ખાણ બનશે. જે આયાતની નિર્ભરતા ઘટાડશે. આ માટે **₹ ૬૧૩ કરોડ**ની જોગવાઇ કરું છું.

તેમજ અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન પદ્ધતિથી લિગ્નાઈટમાંથી ગેસનું ઉત્પાદન કરવાનું આયોજન છે. જેનાથી પ્રદૂષણની સમસ્યાઓને હલ કરવામાં મદદ મળશે. જેના માટે**₹ ૩૦૦કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

Gujarat Unified Digital Stackની પહેલ દ્વારા રાજ્યના નાગરિકોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પરથી સરકારી સેવાઓ ઝડપથી મળશે. જેમાં અલગ અલગ સેવાઓ માટે પૂરા પાડવાના થતાં દસ્તાવેજોનું પુનરાવર્તન ઘટવાથી સમય અને ખર્ચનો બચાવ થશે. જેના માટે **₹ ૧૦૦ કરોડ**નું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યની વીજ વિતરણ કંપનીઓની કાર્યક્ષમતાને ધ્યાને લઇ ૧૬મા નાણાપંચે પોતાના અહેવાલમાં ગુજરાત વીજ વ્યવસ્થાને સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ ગણાવી છે.

રાજ્યના શહેરી વિસ્તારોમાં હયાત ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતર કરવા **"ગુજરાત વાયર–ફ્રી સીટી મિશન"** અંતર્ગત **₹ ૫૦૦કરોડ**નીજોગવાઇ સૂચવું છું.

રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ સરહદી વિસ્તારમાં ઓવરહેડ લાઇનના માળખાને અત્યાધુનિક એલિવેટેડ કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવા માટે **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ કરું છું.

ભૂકંપ, પૂર અને વાવાઝોડા જેવી આપત્તિઓની અસર ઘટાડવા માટે State Disaster Mitigation Fundની વ્યવસ્થા કરેલ છે. જેના માટે **₹ ૧૮૫૫ કરોડ**નું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યની ૪૮% થી વધુ વસ્તી શહેરોમાં વસે છે.આજે ઉદ્યોગ, વેપાર અને સેવા ક્ષેત્રના વિસ્તરણથી શહેરો ઝડપથી વિકસી રહ્યાં છે. આવાસ યોજના, સ્માર્ટ સિટી અને માળખાકીય સુવિધાઓથી શહેરી વિસ્તારનો વ્યાપ વધ્યો છે અને પરિવહન, સંચાર અને ડિજિટલ સુવિધાઓના વિકાસથી શહેરો જોડાયા છે.

નાગરિક સેવાઓને વિશ્વસ્તરીય બનાવવા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ હાલની જોગવાઇમાં લગભગ ૧૭% જેટલો વધારો કરી**₹ ૧૬ હજાર ૧૧૬ કરોડ**ની જોગવાઇ કરું છું.

રાહદારીઓની પરિવહન કાર્યક્ષમતામાં સુધારો કરી સુલભ શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન આપવા શહેરો અને નગરપાલિકાઓમાં **₹ ૧૦૦ કરોડ**ના ખર્ચે **સ્માર્ટ પાર્કીંગ** બનાવવાનું આયોજન છે.

રાજ્યમાં આવેલ મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારીની નવી તકો ખુલે તે હેતુથી મુખ્ય શહેરોની નજીક આધુનિક સુવિધાઓ સાથે પાંચ નવા **સેટેલાઇટ ટાઉન** વિકસાવવામાં આવશે. જેમાં કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન છે. જેને **રીજનલ રેપિડ ટ્રાન્ઝીટ સિસ્ટમ**થી મોટા શહેરો સાથે જોડવામાં આવશે.

ગુજરાતમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાનીથી રાજ્યની વૈશ્વિક ઓળખમાં વધારો થયો છે. જેનાથી રમતગમત, પ્રવાસન, હોટેલ, ટ્રાન્સપોર્ટ અને અન્ય સેવા ક્ષેત્રોમાં રોકાણ વધવાથી રોજગારીની વિશાળ તકો સર્જાશે. તેમજ આધુનિક સ્ટેડિયમ, માર્ગ, મેટ્રો અને શહેરી સુવિધાઓથી સજ્જ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું લાંબાગાળા માટે નિર્માણ થશે.

આગામી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ના આયોજન માટે અમદાવાદ શહેરને "**ઓલિમ્પિક રેડી સિટી**" બનાવવામાં આવશે. જેના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટસ કોમ્પ્લેક્સ અને સ્ટેડિયમ સ્થાપી તેને આધુનિક જાહેર પરિવહન સુવિધાઓ સાથે વિકસાવવામાં આવશે. જેના માટે કુલ **₹ ૧૨૭૮ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

ઘર સુધી નિયમિત ગુણવત્તાયુકત પાણી પહોંચાડવું એ અમારી સરકારની પ્રતિબદ્ધતા છે. ૩૨ શહેરી સ્થાનિક સંસ્થાઓના વિસ્તારોમાંપાણી પુરવઠા વ્યવસ્થા મજબૂત બનાવવા **મિશન–દૈનિક પાણી પુરવઠો– "જીવન ધારા"** અમલમાં મૂકવામાં આવશે.જેના માટે **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ કરું છું.

ગુજરાત "ડમ્પ ફ્રી" રાજ્ય બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. જેના ભાગરૂપે ડમ્પ સાઇટ પર સંગ્રહિત ૨૫૩ લાખ મેટ્રીક ટનથી વધુ કચરાને વૈજ્ઞાનિક રીતે દૂર કરેલ છે. તેમજ બાકી રહેતી તમામ સાઇટને ડમ્પ ફ્રી કરી તેનો ઉપયોગ જાહેર હેતુ માટે કરવાનું આયોજન છે.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગામ અને તેના પરાઓના જોડાણ તેમજ રસ્તાઓના રખરખાવ તથા કોઝવેના સ્થાને ઊંચા પુલ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. જે માટે **₹ ૫૬૦૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

અંદાજપત્રની રજૂઆત

રાજ્યના અલગ અલગ વિસ્તારોના આશરે ૧૧૫૫ કિ.મી. લંબાઈના રસ્તાઓને **'ગરવી ગુજરાત હાઈ–સ્પીડ કોરિડોર'** તરીકે ઘોષિત કર્યાછે. જે રાજ્યના સર્વાંગી વિકાસ, રોજગાર અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચરની દિશામાં મહત્વપૂર્ણ કડી છે. જેનામાટે**₹ ૮૦૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાત આજે ઔદ્યોગિક રાજ્યની સાથે ધાર્મિક અને આધુનિક પ્રવાસનનું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે.વર્ષ ૨૦૨૫–૨૬માં **૨૨ કરોડથી વધુ** પ્રવાસીઓ રાજ્યના મહેમાન બન્યા છે.

ગુજરાત પાસે સફેદ રણના સૌંદર્યથી દરિયાના ઘૂઘવતાં મોજા સુધી, સૂર્યમંદિરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી, ગીરની ગર્જનાથી સોમનાથ સુધી પ્રકૃતિનું વૈવિધ્ય અને સંસ્કૃતિનો અદ્વિતીય સંગમ છે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રસ્થાપિત કરવા **વર્ષ ૨૦૨૬ને"ગુજરાત પ્રવાસન વર્ષ"** તરીકે ઉજવવાની જાહેરાત કરું છું.

દેશની એકતા અને અખંડિતતાના પ્રતિક સમા ગુજરાતના સપૂત એવા સરદાર વલ્લભભાઇ પટેલની જયંતીના ઉપલક્ષ્યમાં **'સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ'** યોજાઈ.જે દેશના યુવાનોમાં દેશભક્તિ, એકતા અને જવાબદારીની ભાવનાને મજબૂત બનાવશે.

વિશ્વના આઇકોનિક પ્રવાસન સ્થળ તરીકે **'સ્ટેચ્યુ ઓફ યુનિટી'** ઉભરી આવ્યું છે. જેના કારણે પરિવહન, હોસ્પિટાલિટી અને હસ્તકળા જેવા ક્ષેત્રોમાં રોકાણને મોટો વેગ મળ્યો છે. જેણે સ્થાનિક આદિવાસી સમુદાય માટે વિશાળ રોજગારીની તકોનું સર્જન કર્યું છે.આ વિસ્તારની આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા માટે **₹ ૨૩૬ કરોડ**ની જોગવાઇ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

રત્નાકર ઘૂઘવતો, ગૂંજતો ડમરું નાદ

શત દશકે અખંડ; સોમૈયાનું સ્વાભિમાન

સમગ્ર ભારતવર્ષની આન, બાન, શાન અને સ્વાભિમાનનું પ્રતિક એટલે સોમનાથ. વારંવાર થયેલા હુમલા છતાં પણ ૧ હજાર વર્ષ પૂર્વેથી સોમનાથ મંદિર લોકોની અતૂટ આસ્થાના કારણે આજે પણ ગર્વભેર અડીખમ ઊભું રહ્યું છે. આ અવસરને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં શરૂ કરાયેલ "**સોમનાથ સ્વાભિમાન પર્વ**"ની ઉજવણી સમગ્ર વર્ષ દરમિયાન કરવાનું આયોજન છે.

અમારી સરકારે સોમનાથ જેવી પવિત્ર વિરાસત સાથે વિકાસને જોડીને "**વિકાસ ભી, વિરાસત ભી**"ના મંત્રને સાકાર કર્યો છે. માનનીય વડાપ્રધાનશ્રીના **'વન સ્ટેટ : વન ગ્લોબલ ડેસ્ટિનેશન'**ના વિઝનને સાકાર કરવા સોમનાથને **'ગ્લોબલ ડેસ્ટિનેશન'**તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાતની પવિત્ર ધરા પર હજારો વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિના સાક્ષી એવા લોથલ અને ધોળાવીરા વિશ્વભરના પ્રવાસીઓ માટે નવા આકર્ષણના કેન્દ્ર બન્યાં છે.માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના ડ્રીમ પ્રોજેકટ એવા ભારતની પ્રાચીન સંસ્કૃતિની અનુભૂતિ કરાવતું **"નેશનલ મેરીટાઇમ હેરીટેજ મ્યુઝિયમ"** લોથલ ખાતે નિર્માણ પામી રહ્યું છે. રાજ્યના પ્રવાસન સ્થળો ખાતે એક હજાર ટુરિસ્ટ ગાઇડને તાલીમ આપી તૈયાર કરવાનું આયોજન છે. ઉપરોક્ત આયોજનો માટે કુલ **₹ ૯૫ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજ્યની પરંપરા, મહેમાનગતિ અને ઐતિહાસિક ભવ્યતા સાથે **"વેડ ઇન ગુજરાત (Wed in Gujarat)"** કેમ્પેઇન દ્વારા ગુજરાતની **વેડીંગ ડેસ્ટીનેશન** તરીકે આગવી ઓળખ ઊભી કરવામાં આવશે.

અંબાજી યાત્રાધામના સર્વાંગી વિકાસ માટે **"અંબાજી કોરીડોર માસ્ટરપ્લાન"**અંતર્ગત **₹ ૩૦૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

પવિત્ર યાત્રાધામ બહુચરાજીના નવનિર્માણ, જૂનાગઢના ગીરનાર ખાતે યોજાતા મહાશિવરાત્રીના મેળામાં અને માઁ નર્મદાની પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે **₹ ૫૫ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

સોમનાથ અને શિવરાજપુર બીચ પ્રવાસીઓ માટે વિશ્વસ્તરીય સુવિધાઓ સાથે આકર્ષક પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસી રહ્યાં છે. તેમજ વિસાવડા–પોરબંદર ખાતે સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા કુલ **₹ ૬૦ કરોડ**ની જોગવાઇ કરુંછું.

રાજ્યના પવિત્ર યાત્રાધામ સોમનાથ અને અંબાજી ખાતે આઇકોનિક બસ સ્ટેશન તેમજ અન્ય સ્થળોએ બસ સ્ટેશન બનાવવામાં આવશે અને સોમનાથ મુકામે મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબના ધોરણે અદ્યતન સુવિધા ધરાવતું બસ પોર્ટનું નિર્માણ કરવામાં આવશે.જેના માટે **₹ ૪૪૭ કરોડનું આયોજન છે.**

માઘ ૨૯, ૧૯૪૭ શાકે

અંદાજપત્રની રજૂઆત

જાહેર પરીવહનમાં નાગરિકોની સલામતી અને સગવડતાને ધ્યાને લઇ આધુનિક ટેકનોલોજી ધરાવતી ૨૪૬૩ જેટલી નવી બસો, જેમાં ૫૦૦ A C ઈલેકટ્રીક બસો મૂકવાનું આયોજન છે. તેમજ આદિજાતિ વિસ્તારમાં વસતાં ભાઈ–બહેનો, વિદ્યાર્થીઓ તથા ઔદ્યોગિક વિસ્તારોમાં કામ અર્થે આવતા શ્રમિકો માટે **૫૦૦ મીની બસ મૂકવામાં આવશે.** જેના માટે કુલ **₹ ૧૨૮૬ કરોડ**ની જોગવાઇ કરું છું.

કચ્છ અને અન્ય વન વિસ્તારમાં ગાંડા બાવળને દૂર કરી તેના સ્થાને બામ્બૂ(વાંસ) સહિત અન્ય સ્થાનિક વૃક્ષોનું વાવેતર કરવા તેમજ કચ્છના બન્ની ઘાંસીયા મેદાનમાં ગ્રાસલેન્ડ રીસ્ટોરેશન માટે **₹ ૯૭ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

અરવલ્લી પર્વતમાળાની આસપાસ ગ્રીન બેલ્ટ બનાવવાના હેતુથી તેમજ રાજ્યની પ્રમુખ નદીઓના બંને કાંઠે વૃક્ષોના સઘન વાવેતર થકી ધોવાણ અટકાવવા માટે **₹ ૩૨ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો, મધ્યમ વર્ગ અને ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને તાજેતરમાં મહત્વના નીતિગત નિર્ણયો લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવે સ્વમેળે 'જૂની શરત'ની ગણાશે. આનાથી ખેડૂતોને પ્રીમિયમ ભરવામાંથી મુક્તિ મળશે.

કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા તેમજ માર્ગ સલામતીના પગલા વધારવા રાજ્યની કટોકટી સેવાઓને **ડાયલ–૧૧૨ જનરક્ષક પ્રોજેકટ** હેઠળ આવરી લીધેલ છે. જેથી ઇમરજન્સી રિસ્પોન્સ સમયમાં વધુ ઘટાડો થશે. જેના અસરકારક અમલીકરણ માટે વિવિધ સંવર્ગનું ત્રણ હજાર માનવબળ ઊભું કરવાનું આયોજન છે.

ગુજરાત પોલીસ માટે **Data Fusion Centre & Centre of Excellence for AI in Policing**ની સ્થાપના કરવામાં આવશે. જે તમામ મહત્વપૂર્ણ પોલીસ ડેટાનું સંકલન કરી વિશ્લેષણ કરશે.આ પ્રોજેકટ માટે **₹ ૬૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજ્યના કાયદો અને વ્યવસ્થા તેમજ પ્રજાજનોની સુરક્ષા માટે સતત ખડેપગે રહેતા પોલીસ કર્મચારીઓ માટે અત્યાધુનિક ટેકનોલોજીથી આગામી પાંચ વર્ષમાં **૨૦,૪૪૪ જેટલા રહેણાક મકાનો** પૂરા પાડવા માટેનું આયોજન છે. જે માટે આ બજેટમાં **₹ ૧૫૭૧ કરોડ**નીજોગવાઇ સૂચવું છું.

PMJAY ના ધોરણે રાજ્ય સરકારના ૬ લાખ ૪૦ હજાર જેટલા કર્મયોગીઓ તેમજ પેન્શનરોને **₹ ૧૦ લાખ** સુધીની કેશલેશ તબીબી સારવારનું સ્વાસ્થ્ય સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર **"અર્નિંગ વેલ–લીવીંગ વેલ"** પર ફોકસ કરીને આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે.

માનનીય વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં અમારી સરકારનું સર્વગ્રાહી અને સર્વ સમાવેશી અભિગમ અપનાવતું **પાંચ સ્તંભ–સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ** અને **ગ્રીન ગ્રોથ** પર આધારિત **વર્ષ ૨૦૨૬–૨૭નું ₹ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું(₹ ૪,૦૮,૦૫૩ કરોડ)**વિક્રમી અંદાજપત્ર આ સન્માનનીય ગૃહ સમક્ષ હું રજૂ કરું છું.

પ્રથમ સ્તંભ : સામાજિક સુરક્ષા

સામાજિક ન્યાય અને અધિકારીતા

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ ₹ ૭૦૮૬ કરોડની જોગવાઇ

સમાજના જરૂરિયાતમંદ વર્ગને સામાજિક સુરક્ષા પૂરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો એ અમારી સરકારની પ્રાથમિકતા છે. વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, પાત્રતા ધરાવતી તમામ વ્યકિતઓને સરળતાથી પહોંચાડવા અમે પ્રતિબદ્ધ છીએ.

શૈક્ષણિક ઉત્કર્ષ

- પી.એમ.યશસ્વીપ્રિ–મેટ્રીક અને પોસ્ટ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિકસતી જાતિના અંદાજે **૯ લાખ ૭૫ હજાર**વિદ્યાર્થીઓ માટે**₹ ૬૩૦ કરોડ**ની જોગવાઇ.
- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અને વિકસતી જાતિના અંદાજે **૩૬ લાખ** વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા **₹ ૬૧૭ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિના આશરે **૧ લાખ ૪૫ હજાર** વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના માટે **₹ ૨૯૬ કરોડ**ની જોગવાઇ.
- વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત વિદેશમાં ચાલતા ઉચ્ચ અભ્યાસ અર્થે **૪ ટકા**ના દરે વ્યકિતદીઠ **₹ ૧૫ લાખ**સુધીનીલોન આપવા**₹ ૧૩૫કરોડ**ની જોગવાઇ.
- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગઅને આર્થિક પછાત વર્ગની **૧ લાખ ૫૯ હજાર** વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ આપવા **₹ ૭૩ કરોડ**ની જોગવાઇ.
- ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અંદાજે **૧ લાખ ૭૦ હજાર** વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા **₹ ૨૪ કરોડ**ની જોગવાઇ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૦૫ શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહના વર્ગો ચાલુ કરવા તથા અત્યાધુનિક લેબોરેટરી સ્થાપવામાં આવશે.

સામાજિકઉત્કર્ષ

- દિવ્યાંગજનો માટેની સંત સુરદાસ યોજના તેમજ વિવિધ આર્થિક સહાય યોજના હેઠળ કુલ **₹ ૨૪૯ કરોડ**ની જોગવાઇ.
- નિરાધાર બાળકો માટેની પાલક માતા-પિતા યોજના હેઠળ **₹ ૮૩ કરોડ**ની જોગવાઇ.
- દિવ્યાંગજનોને મોટરાઇઝડ ટ્રાયસિકલ તથા જોયસ્ટિક વ્હીલ ચેર આપવા **₹ ૬૦ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યના૩૪ જિલ્લાઓમાં નશામુક્તિ સેન્ટર અને રાજ્ય કક્ષાએ સ્ટેટ સેલ સ્થાપવા **₹ ૧૫કરોડ**નીજોગવાઇ.
- બૌદ્ધિક અસમર્થતા, ઓટીઝમ દિવ્યાંગતા ક્ષેત્રે ડે-કેર તથા રહેણાકની સુવિધા સાથે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે **₹ ૬ કરોડ**ની જોગવાઇ.

આર્થિક ઉત્કર્ષ

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓ નિગમો હેઠળ ચાલતી શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી લોન યોજનાના તથા દિવ્યાંગજનો માટે ચાલતી સ્વરોજગાર યોજનાના કુલ **૧૯ હજાર** લાભાર્થીઓ માટે **₹ ૭૯૩ કરોડ**ની જોગવાઇ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને બેન્ક મારફતે વાહન, સ્વરોજગારી તેમજ ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ લોન પર **૬ ટકા** સબસિડી આપવા **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.

અન્ય

- આવાસ યોજનાઓ હેઠળ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો તથા વિચરતી-વિમુક્ત જાતિઓના અંદાજિત **૨૪ હજાર**થી વધુ લાભાર્થીઓને મકાન સહાય માટે **₹ ૩૭૫ કરોડ**ની જોગવાઇ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના આશરે **૫૩ હજાર** લાભાર્થીઓને મળતી મફત(પોષણ) તબીબી સહાય યોજના અંતર્ગત **₹ ૧૪૩ કરોડ**ની જોગવાઇ.

આદિજાતિ વિકાસ વિભાગ

આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹ ૫૪૨૫ કરોડની જોગવાઇ

વનબંધુઓના સામાજિક સશક્તિકરણ અને આર્થિક ઉત્કર્ષ માટે વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જનજાતિય કલ્યાણ યોજના દ્વારા આદિજાતિ કુટુંબોના સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર મક્કમપણે આગળ વધી રહી છે.

શૈક્ષણિક ઉત્કર્ષ

- અંદાજે **૨ લાખ ૩૫ હજાર** વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિનો લાભ આપવા **₹ ૯૦૯ કરોડ**ની જોગવાઇ.
- **૬૬૫** આશ્રમ શાળાઓના **૧ લાખથી વધુ** વિદ્યાર્થીઓ માટે **₹ ૫૯૫ કરોડ**ની જોગવાઇ.

- સરકારી છાત્રાલય, આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલના બાંધકામ માટે **₹ ૬૭૯ કરોડ**ની જોગવાઇ.
- **૧૭૬** સરકારી કુમાર–કન્યા છાત્રાલયો અને **૮૯૩** ગ્રાન્ટ ઈન એઈડ એમ કુલ**૧૦૬૯** છાત્રાલયોના **૭૩ હજારથી વધુ** વિદ્યાર્થીઓ માટે **₹ ૩૨૭ કરોડ**ની જોગવાઇ.
- **૧૦** ઈ.એમ.આર.એસ., **૪૩**જી.એલ.આર.એસ.,**૧૨** મોડેલ શાળાઓ તથા **૨** સૈનિક શાળાઓના અંદાજે**૨૭ હજાર**જેટલા વિદ્યાર્થીઓ માટે **₹ ૨૦૪કરોડ**ની જોગવાઇ.
- પ્રિ–મેટ્રિકના કુલ **૧૧ લાખ** વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવા **₹ ૧૩૮ કરોડ**ની જોગવાઇ.
- **૭૪**આદર્શ નિવાસી શાળાઓના અંદાજે **૧૨ હજાર** જેટલા વિદ્યાર્થીઓ માટે **₹ ૧૩૪ કરોડ**ની જોગવાઇ.
- ધો. ૧ થી ૮ ના અંદાજે **૧૦ લાખ** વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે**₹ ૯૮કરોડ**ની જોગવાઇ.
- નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે બિરસામુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે **₹ ૩૪ કરોડ**ની જોગવાઇ.
- અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના માટે **₹ ૨૬ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ વ્યકિતઓને જાતિ પ્રમાણપત્રના માન્યતા પ્રમાણપત્ર ઝડપથી મળી રહે તે માટે વિભાગીય વિશ્લેષણ સમિતિનું વિસ્તૃતિકરણ અને સુદ્રઢિકરણ કરવાનું આયોજન.

આર્થિક ઉત્કર્ષ

- મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ **₹ ૧૨૫ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના માટે **₹ ૧૧૧ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ **₹ ૬૫ કરોડ**ની જોગવાઇ.
- કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને સહાય માટે **₹ ૪૨ કરોડ**ની જોગવાઇ.
- અનુસૂચિત જનજાતિના પરિવારો માટે આજીવિકા ઉપાર્જન કરવા **₹ ૪૦ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય માટે **₹ ૩૦ કરોડ**ની જોગવાઇ.
- રવિ ઋતુ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના માટે **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારના ગામોમાં મોબાઇલ કનેક્ટિવિટી સુદ્રઢ કરવા નવા મોબાઇલ ટાવર ઉભા કરવા **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.
- યુવક–યુવતીઓને વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર મારફતે રોજગારલક્ષી તાલીમ માટે **₹ ૧૨ કરોડ**ની જોગવાઇ.

સામાજિક ઉત્કર્ષ

- ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત **₹ ૨૦૦ કરોડ**ની જોગવાઇ.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત **₹ ૨૦૦ કરોડ**ની જોગવાઇ.
- વ્યકિતગત આવાસ યોજના અંતર્ગત **₹ ૧૪૬ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિના તબીબોને સ્પેશ્યાલિટી/ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ/ જનરલન સિંગહોમ/ ડિસ્પેન્સરી શરૂ કરવા માટેની સ્વાસ્થ્ય સહાય યોજના માટે કુલ **₹ ૨૨ કરોડ**ની જોગવાઇ.
- કુંવરબાઇનું મામેરૂ સહાય યોજના માટે **₹ ૧૪કરોડ**ની જોગવાઇ.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ₹ ૨૯૦૨કરોડની જોગવાઇ

વિકસિત ગુજરાત@૨૦૪૭ના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે કુશળ માનવબળની સાથે શ્રમયોગીને સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે.

- નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન અંતર્ગત વિકસિત ગુજરાત માટે **₹ ૨૨૬ કરોડ**ની જોગવાઇ.
- શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત **₹ ૨૦૦ કરોડ**ની જોગવાઇ.
- પી. એમ. સેતુ યોજના અંતર્ગત**₹ ૨૦૦ કરોડ**ની જોગવાઇ.
- શ્રમિક બસેરા યોજના માટે **₹ ૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યની વિવિધ **૧૬** આઈ.ટી.આઈ.ની નવી બિલ્ડીંગના બાંધકામ માટે **₹ ૯૭ કરોડ**ની જોગવાઇ.
- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં જરૂરી યંત્ર સામગ્રીઓ પૂરી પાડવા **₹ ૮૪ કરોડ**ની જોગવાઇ.
- વિવિધ આઈ.ટી.આઈ.માં માળખાકીય સુવિધા વધારવા તેમજ હયાત આઈ.ટી.આઈ. માં ફાયર સેફ્ટીની સુવિધા માટે **₹ ૬૪ કરોડ**ની જોગવાઇ.
- ધન્વંતરિ આરોગ્ય રથ યોજના હેઠળ કુલ **₹ ૬૦ કરોડ**ની જોગવાઇ.
- "નમો કૌશલ્ય લક્ષ્મી યોજના" અંતર્ગત **₹ ૪૦ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યની તમામ સરકારી ITIના **૧ લાખ ૫૦ હજાર** તાલીમાર્થીઓને દર વર્ષે **૨** યુનિફોર્મ માટે DBTથી સહાય કરવા **₹ ૩૦ કરોડ**ની જોગવાઇ.
- મીઠાના અગરિયાઓને આધારકાર્ડ આધારિત યુનિક નંબર સાથેનું આવાસ ફાળવવા **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.
- સામૂહિક જનતા જૂથ અકસ્માત વીમા યોજના અન્વયે બાંધકામ શ્રમયોગીઓને આકસ્મિક મૃત્યુ માટે **₹ ૫ લાખ**ની સહાય આપવા **₹ ૧૨કરોડ**ની જોગવાઇ.

દ્વિતિય સ્તંભ : માનવ સંસાધન વિકાસ

શિક્ષણ વિભાગ માટે કુલ ₹ ૬૩૧૮૪ કરોડની જોગવાઇ

અમારી સરકારે **"सा विद्याया विमुक्तये"**ને ચરિતાર્થ કરતા નીતિગત સુધારા, ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રકચર અને વિદ્યાર્થી કેન્દ્રિત યોજનાઓ દ્વારા શિક્ષણને વૈશ્વિક સ્પર્ધાત્મકતા તરફ દોરી જવા માર્ગ તૈયાર કરેલ છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના માળખાગત સુધારણા માટે **₹ ૩૦૫૫ કરોડ**ની જોગવાઇ.
- નમો લક્ષ્મી યોજના માટે **₹ ૧૨૫૦ કરોડ**ની જોગવાઇ.
- રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે **₹ ૮૨૭ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે **₹ ૫૯૮ કરોડ**ની જોગવાઇ.
- પી.એમ. પોષણ યોજના અંતર્ગત ૭૪ તાલુકાઓમાં આધુનિક સેન્ટ્રલાઇઝ્ડ કિચન નિર્માણની કામગીરી પ્રગતિમાં છે. જેના માટે **₹ ૫૫૨ કરોડ**ની જોગવાઇ.
- સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથાઆર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ અને મોડેલ ડે સ્કૂલના બાંધકામ, રીપેરીંગ, રીનોવેશન તેમજ વધારાના બાંધકામ માટે **₹ ૩૪૨ કરોડ**ની જોગવાઇ.
- નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે **૨લાખ ૫૦ હજાર વિદ્યાર્થી**ઓને સહાયઆપવા **₹ ૨૫૦ કરોડ**ની જોગવાઇ.
- જ્ઞાનશક્તિ રેસિડેન્શીયલ સ્કૂલ્સ ઓફ એકસલન્સ માટે **₹ ૨૨૩ કરોડ**ની જોગવાઇ.

- એસ.ટી. નિગમની બસોમાં મુસાફરી કરતા આશરે **૧૩ લાખ** વિદ્યાર્થીઓને બસ પાસ ફી કન્સેશન યોજના માટે **₹ ૨૨૩ કરોડ**ની જોગવાઇ.
- **૩૧ હજાર ૭૯૦** શાળાઓને સ્વચ્છતા સહાયમાં બમણો વધારો કરતા **₹ ૧૩૫ કરોડ**ની જોગવાઇ.
- ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં એક જ કેમ્પસમાં બાલવાટિકાથી ધોરણ–૧૦ સુધીનું શિક્ષણ પૂરું પાડવા સંકલિત શાળાઓનાનવા બાંધકામ માટે **₹ ૧૨૦ કરોડ**ની જોગવાઇ.
- પ્રાથમિક શાળાના અંદાજે **૫૨ લાખ**થી વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તક પૂરા પાડવા **₹ ૧૧૯ કરોડ**ની જોગવાઇ.
- પી.એમ.શ્રી યોજનામાં સમાવિષ્ટ ૯૨૬ શાળાઓ માટે કુલ **₹ ૧૧૪ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અંદાજે**૧૮ લાખ** વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તક પૂરા પાડવા **₹ ૧૧૨ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ યોજના હેઠળ અંદાજે**૧ લાખ** વિદ્યાર્થીઓને સહાય આપવા**₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટ/એસ્કોર્ટ સુવિધા અને સેન્સરી પાર્ક માટે કુલ **₹ ૯૧કરોડ**ની જોગવાઇ.
- સરકારી શાળાઓની ધોરણ–૬ થી ૧૨માં અભ્યાસ કરતી અંદાજિત **૯ લાખ ૭૨ હજાર** દીકરીઓને સેનેટરી નેપકીન પૂરા પાડવા **₹ ૪૭ કરોડ**ની જોગવાઇ.
- પી.એમ. પોષણ યોજના અંતર્ગત સેન્ટ્રલાઇઝડ કિચનમાં સમાવિષ્ટ ન હોય તેવી શાળાઓના રસોડામાં વાસણો પૂરા પાડવા **₹ ૩૨ કરોડ**ની જોગવાઇ.
- રક્ષા શક્તિ સ્કૂલ શરૂ કરવા અને આશરે ૧૩૨૮ વિદ્યાર્થીઓને લાભ આપવા **₹ ૧૮ કરોડ**ની જોગવાઇ.
- ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અંતર્ગત સંસ્કૃત નવાચાર યોજના માટે જોગવાઇ.

ઉચ્ચઅને ટેકનિકલશિક્ષણ

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અંતર્ગત **૯૦ હજારથી વધુ** વિદ્યાર્થીઓને સહાય આપવા **₹ ૪૦૦ કરોડ**ની જોગવાઇ.
- ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવા,કાર્યરત ૨૦ કોલેજોના બાંધકામ માટે તેમજ ૮ કાર્યરત કોલેજોમાં વધારાનો નવો પ્રવાહ શરૂ કરવા **₹ ૧૨૬ કરોડ**ની જોગવાઇ.
- સરકારી કોલેજ તેમજ રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્પોર્ટસને લગતી સુવિધાઓના વિકાસ માટે **₹ ૯૬ કરોડ**ની જોગવાઇ.
- i-Hub, અમદાવાદ અને i-Hub ના ચાર પ્રાદેશિક કેન્દ્રો ખાતે વિવિધ કામગીરી માટે **₹ ૮૦ કરોડ**ની જોગવાઇ.
- સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે ભૌતિક સંશાધનો, વિવિધ આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શૈક્ષણિક સોફ્ટવેર પૂરા પાડવા માટે **₹ ૬૭ કરોડ**ની જોગવાઇ.
- એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે હોસ્ટેલ કેમ્પસના વિકાસ માટે બોયઝ હોસ્ટેલના બે નવા બ્લોકના બાંધકામ માટે **₹ ૫૧ કરોડ**ની જોગવાઇ.
- એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે રીસર્ચ પાર્કના બાંધકામ માટે **₹ ૫૧ કરોડ**ની જોગવાઇ.
- ઉચ્ચ શિક્ષણની **૧૩૬** સરકારી કોલેજોના ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરી મરામત, જાળવણી અને સંરક્ષણ સંબંધિત કામગીરી માટે કુલ **₹ ૪૬ કરોડ**ની જોગવાઇ.

- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી ૨.૦ માટે **₹ ૪૫ કરોડ**નીજોગવાઇ.
- મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવા **₹ ૪૫ કરોડ**નીજોગવાઇ.
- કૌશલ્ય સહાય સ્કીમ હેઠળ ઇન્ટર્નશિપ માટે અંદાજિત **૨ લાખ ૧૨ હજાર** વિદ્યાર્થીઓને આર્થિક પ્રોત્સાહન આપવા **₹ ૪૩ કરોડ**ની જોગવાઇ.
- એલ.ઇ. કોલેજ, મોરબી ખાતે માળખાકીય સુવિધાઓ, લેબોરેટરીઝના અપગ્રેડેશન, નવા કોર્સીસ શરૂ કરવાઅને સંસ્થાને ઓટોનોમસ દરજ્જો આપવા માટે **₹ ૩૫કરોડ**ની જોગવાઇ.
- રાજકોટ ખાતે એન.સી.સી. લીડરશીપ એકેડેમીના બાંધકામ માટે **₹ ૩૧ કરોડ**નીજોગવાઇ.
- રાજ્યની યુનિવર્સિટીમાં વાઇલ્ડ લાઇફ લર્નિંગ એક્સટેન્શન, એડવાન્સ મટીરિયલ સેન્ટર, સેમી કન્ડકટર, હેરીટેજ, આર્કિયોલોજી, લાઇફ લોન્ગ લર્નિંગ જેવા અભ્યાસક્રમો શરૂ કરવા **₹ ૨૮** કરોડની જોગવાઇ.
- ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કોલેજોમાં અભ્યાસ કરતા**૧૯ લાખ ૮૪ હજાર** વિદ્યાર્થીઓને યુથ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ માટે આયોજન.
- ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાથે જોડી Industry-ready બનાવવા માટેજોગવાઇ.
- ગુજરાત નેવલ યુનિટ, ભાવનગર ખાતે બોટ હાઉસના નિર્માણ માટે જોગવાઇ.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ ₹ ૨૫૪૦૩ કરોડની જોગવાઇ

આપણે ત્યાં કહેવત છે કે "**પહેલું સુખ તે જાતે નર્યા**" આરોગ્ય–તંદુરસ્તીને સાચી સંપતિ અને સુખ માનવામાં આવે છે. આ માટે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ યોગથી લઇને આયુષ્યમાન સુધીની સુવિધા સુલભ બનાવી છે. પ્રાથમિક આરોગ્યથી માંડીને સ્પેશિયાલિટી સારવાર સુધીની સગવડોમાં વધારો કરવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે.

- પ્રધાનમંત્રી જન આરોગ્ય–મુખ્યમંત્રી અમૃતમ(મા યોજના) હેઠળ ગરીબ અને મધ્યમવર્ગના અંદાજે **૨ કરોડ ૭૨ લાખ** લોકોને **₹ ૧૦ લાખ** સુધીની કેશલેસ સારવાર માટે **₹ ૩૪૭૨ કરોડ**ની જોગવાઇ.
- G.M.E.R.S સંચાલિત મેડીકલ હોસ્પિટલો માટે **₹ ૧૮૫૧ કરોડ**ની જોગવાઇ.
- આરોગ્ય સુવિધાઓના સુદ્રઢીકરણ તેમજ બિનચેપી રોગો અને અન્ય જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ હેતુ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ માટે**₹ ૫૦૨ કરોડ**ની જોગવાઇ.
- અમદાવાદ તેમજ સુરત ખાતે બનનારી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ તથા કેન્સર, કાર્ડિયાક–ન્યુરો, યુરો–નેફ્રો સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાટે **₹ ૫૦૦ કરોડ**ની જોગવાઇ.
- સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે નવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા **₹ ૨૦૦ કરોડ**ની જોગવાઇ.
- ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ તેમજ સેટેલાઈટ સેન્ટર સુરત, સોલા–અમદાવાદ, ગાંધીનગર અને ભાવનગર માટે **₹ ૧૮૬ કરોડ**ની જોગવાઇ.
- યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદ તથા સેટેલાઈટ સેન્ટર સુરત, સોલા–અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, રાજકોટ અને પોરબંદર માટે **₹ ૧૬૭ કરોડ**ની જોગવાઇ.
- ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તથા સેટેલાઈટ સેન્ટર રાજકોટ, ભાવનગર, પોરબંદર,વલસાડ, સિદ્ધપુર, હિંમતનગર અને ગોધરા માટે **₹ ૧૫૩ કરોડ**ની જોગવાઇ.

- પી.ડી.યુ.હોસ્પિટલ, રાજકોટ ખાતે એક હજાર બેડની ક્ષમતાની હોસ્પિટ લમાટે **₹ ૯૦ કરોડ**ની જોગવાઇ.
- છ સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ક્લોઝ સિસ્ટમ આઇ.સી.યુ.ની સેવાઓ ઉપલબ્ધ કરાવવા તબીબી સાધનોની ખરીદી કરવા**₹ ૬૦ કરોડ**ની જોગવાઇ.
- અમદાવાદ ખાતે ન્યુરો, ઓર્થો, સ્પોર્ટસ ઇન્જરી રીહેબીલીટિશન સેન્ટર, ગર્વમેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ ખાતે ચાલતી ફિઝિયોથેરાપી, ઓર્થોટીક અને પ્રોસ્થેટીક, ઓકયુપેશનલ થેરાપી અને સ્પીચ થેરાપી કોલેજો તેમજ હોસ્ટેલ માટે **₹ ૫૮ કરોડ**ની જોગવાઇ.
- નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે સ્ટાફ કવાર્ટર્સનું બાંધકામ કરવા **₹ ૫૩ કરોડ**ની જોગવાઇ.
- સરકારી મેડિકલ કોલેજ, વડોદરા ખાતે હોસ્ટેલનું બાંધકામ કરવા **₹ ૪૧ કરોડ**ની જોગવાઇ.
- જિલ્લા/પેટા જિલ્લા હોસ્પિટલ ખાતે ડિસ્ટ્રીકટ અર્લી ઇન્ટરવેન્શન સેન્ટરની સ્થાપના માટે તબીબી ઉપકરણો વસાવવા **₹ ૩૬ કરોડ**ની જોગવાઇ.
- અમદાવાદ ખાતે સુપર સ્પેશ્યાલિટી હોસ્ટેલ અને મેસના મકાન માટે **₹ ૩૫ કરોડ**ની જોગવાઇ.
- ટી.બી.ના દર્દીઓને "Ready to Eat Nutritious snacks" આપવા **₹ ૩૦ કરોડ**ની જોગવાઇ.
- વલસાડ, ડાંગ, નર્મદા, છોટાઉદેપુર અને કચ્છજિલ્લાના ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે **₹ ૨૮ કરોડ**ની જોગવાઇ.
- જામનગરની સરકારી ફિઝિયોથેરાપી કોલેજના હોસ્પિટલ તથા હોસ્ટેલ બિલ્ડીંગ માટે **₹ ૨૬ કરોડ**ની જોગવાઇ.
- " હોમ બેઝ્ડ કેર ફોર યંગ ચાઇલ્ડ"યોજના માટે **₹ ૨૨ કરોડ**ની જોગવાઇ.
- ખોરાક અને ઔષધ પ્રયોગશાળા, સુરત માટે **₹ ૧૭ કરોડ**ની જોગવાઇ.
- માતૃબાળ કલ્યાણ સેવાઓ સુદ્રઢ કરવા **૨૫૦** ખિલખિલાટ વાન ખરીદવા **₹ ૧૬ કરોડ**ની જોગવાઇ.
- સ્કૂલ હેલ્થ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના બાળકોને આરોગ્ય કાર્ડ આપવાનું આયોજન.

મહિલા અને બાળ વિકાસ

મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹ ૭૬૯૦ કરોડની જોગવાઇ

GYANના ચાર આધાર સ્તંભો પૈકીનો એક સ્તંભ એવી નારીશક્તિની ભૂમિકા આધુનિક સમાજની વિકાસ યાત્રામાં અગત્યની છે. મહિલાઓ અને બાળકોના પોષણને સુદ્રઢ કરવા, આંગણવાડીના ભૌતિક અને ડિજિટલ માળખામાં ગુણાત્મક વધારો કરવા સરકારે નિર્ણય કરેલ છે.

- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત વિધવા બહેનોને મદદરૂપ થવા માટે DBT માધ્યમથી માસિક સહાય માટે **₹ ૨૮૪૮ કરોડ**ની જોગવાઇ.
- આંગણવાડી કાર્યકર/તેડાગર, મીની આંગણવાડી કાર્યકર બહેનોના માનદવેતન માટે **₹ ૧૧૨૮ કરોડ**ની જોગવાઇ.
- પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા **₹ ૯૭૨ કરોડ**ની જોગવાઇ.
- પૂર્ણા યોજના હેઠળ કિશોરીઓના કુપોષણનાં પ્રમાણમાં ઘટાડો અને હિમોગ્લોબિનના પ્રમાણમાં સુધારો થાય તે માટે પૂર્ણા શક્તિના પેકેટ આપવા **₹ ૩૬૨ કરોડ**ની જોગવાઇ.

- બે હજાર આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે **₹ ૩૬૦ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ સગર્ભા માતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી બે કિલો ચણા, એક કિલો દાળ અને એક લિટર ખાદ્યતેલ આપવા માટે **₹ ૨૮૪ કરોડ**ની જોગવાઇ.
- વ્હાલી દીકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે **₹ ૨૪૫ કરોડ**ની જોગવાઇ.
- દૂધ સંજીવની યોજના હેઠળ બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓને ફોર્ટીફાઇડ દૂધ આપવા **₹ ૨૦૫ કરોડ**ની જોગવાઇ.
- પોષણ સુધા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાઓના ૧૦૬ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓને દિવસમાં એક વખત સંપૂર્ણ ગરમ ભોજન, ફોલિક એસીડ અને કેલ્શિયમની દવા આપવા માટે **₹ ૮૭ કરોડ**ની જોગવાઇ.
- "પોષણ સંગમ કાર્યક્રમ" માટે **₹ ૧૬ કરોડ**ની જોગવાઇ.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ ₹ ૨૮૫૬ કરોડની જોગવાઇ

- **૭૫લાખ** NFSA કાર્ડધારકોને અન્નસુરક્ષાની સાથોસાથ પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર મળી રહે તે માટે રાહત દરે કઠોળના વિતરણ માટે **₹ ૮૪૨ કરોડ**ની જોગવાઇ.
- NFSA કાર્ડધારકોને યોજના મુજબ અન્ન પૂરું પાડવા **₹ ૭૦૦કરોડ**ની જોગવાઇ.
- "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" અને "પીએનજી/એલપીજી સહાય યોજના" અંતર્ગત વર્ષમાં ૨ સિલિન્ડર વિનામૂલ્યે રીફીલીંગ કરી આપવા માટે **₹ ૪૨૫ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યના **૮ લાખ** અંત્યોદય તથા **૨૪ લાખ** બીપીએલ એમ મળી કુલ **૩૨ લાખ** લાભાર્થી કુટુંબોને દરમાસે રાહતદરે ખાંડના વિતરણ માટે **₹ ૨૦૮ કરોડ**ની જોગવાઇ.
- NFSAતથા NON-NFSAહેઠળનાં BPLલાભાર્થીઓને જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે કુટુંબ દીઠ **₹ ૧૦૦** પ્રતિ લીટરના રાહતભાવે સિંગતેલના વિતરણ માટે **₹ ૧૧૭ કરોડ**ની જોગવાઇ.
- વાજબી ભાવના દુકાન સંચાલકોને હાલ મળતાં કમિશનમાં વધારો કરીને **₹ ૧૮૫** પ્રતિ ક્વિન્ટલ કરવા માટે **₹ ૬૭ કરોડ**ની જોગવાઇ.
- **૭૫લાખ** NFSA લાભાર્થી કુટુંબોને કાર્ડદીઠ ૧ કિલો ડબલ ફોર્ટીફાઇડ મીઠાનું ₹ ૧ પ્રતિકિ.ગ્રા.ના અત્યંત રાહતદરે વિતરણ માટે **₹ ૫૯ કરોડ**ની જોગવાઇ.
- શ્રીઅન્ન (મિલેટ)ના વપરાશને પ્રોત્સાહન આપવા બાજરી, જુવાર, રાગી(નાગલી)ની ખરીદી પર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત **₹ ૩૦૦** પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસની જોગવાઇ.
- કાનૂની માપવિજ્ઞાન તંત્ર માટે કુલ ૬૭ જેટલા વર્કીંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરીના સાધનોની ખરીદી માટે **₹ ૨૮ કરોડ**ની જોગવાઇ.
- NFSA લાભાર્થીઓને અન્ન પુરવઠો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે જિલ્લાદીઠ એક વાજબી ભાવની દુકાન પર પ્રાયોગિક ધોરણે "Automatic Grain Dispensing Machine–અન્નપૂર્તિ" કાર્યરતકરવામાટેનું આયોજન.

રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ માટે કુલ ₹ ૨૦૦૬ કરોડની જોગવાઇ

રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા તથા યુવાનોઅને રમતવીરોને પ્રોત્સાહન આપી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે અને તેમની પ્રતિભાનો દેશ અને દુનિયાને પરિચય થાય તેવા આયોજનો અમારી સરકારે સફળતાપૂર્વક અમલમાં મૂક્યા છે.

રમતગમત ક્ષેત્રે ₹ ૧૩૩૧ કરોડની જોગવાઇ

- અમદાવાદને ઓલિમ્પિક રેડી સિટી બનાવવા અને **S V P સ્પોર્ટસ એન્કલેવ**ના વિકાસ માટે **₹ ૫૦૦ કરોડ**ની જોગવાઇ.
- વિવિધ જિલ્લાઓમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના ઇન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ અર્થે **₹ ૧૬૫ કરોડ**ની જોગવાઇ.
- અમદાવાદ–ગાંધીનગર ખાતે રમતગમતને લગતી આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે **₹ ૧૦૧ કરોડ**ની જોગવાઇ.
- કરાઈ ખાતે ઓલિમ્પિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- ગાંધીનગર ખાતે પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટરના નિર્માણ માટે**₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- વૈશ્વિક કક્ષાના હોકી સ્ટેડીયમના નિર્માણ માટે **₹ ૯૦ કરોડ**ની જોગવાઇ.

પુરાતત્વ અને સંગ્રહાલય ક્ષેત્રે ₹ ૨૨૬ કરોડની જોગવાઇ

- રાજ્ય રક્ષિત પુરાતત્વીય સ્મારકોના વિકાસ અને સંરક્ષણ માટે **₹ ૫ કરોડ**ની જોગવાઇ.

ગ્રંથાલયો માટે ₹ ૧૮૨ કરોડની જોગવાઇ

- જિલ્લા તથા તાલુકા ગ્રંથાલયોના નિર્માણ માટે **₹ ૧૨૮ કરોડ**ની જોગવાઇ.
- ૪ સ્માર્ટ જિલ્લા ગ્રંથાલયોના વિકાસ માટેનું આયોજન છે.
- નવરચિત ૧૭ તાલુકા મથકો ખાતે નવા ગ્રંથાલયો શરૂ કરવાનું આયોજન છે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી

- ગુજરાતની ધરોહરને ઉજાગર કરવા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન માટે **₹ ૮ કરોડ**ની જોગવાઇ.
- નિયામકશ્રી, અભિલેખાગાર હસ્તકની કચેરીઓના આર્કાઇવલ રેકર્ડના સંરક્ષણ અને પુન:સ્થાપન માટે **₹ ૩ કરોડ**ની જોગવાઇ.

તૃતીય સ્તંભ : આંતર માળખાકીય સુવિધાઓ

માર્ગ અને મકાન

માર્ગ અને મકાન વિભાગ માટે કુલ ₹ ૨૯૭૦૯ કરોડની જોગવાઇ

રાજ્યના વિકાસ માટે માર્ગો અને પુલોના માળખાને વધુ સુદ્રઢ બનાવવામાં આવશે. જરૂરિયાત મુજબના તથા ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને હાઈ સ્પીડ કૉરિડોરમાં અપગ્રેડ અને નિર્માણ કરવાનું આયોજન છે.

- રાજ્યના માર્ગો અને પુલની કામગીરી માટે **₹ ૧૦૦૦૮ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના કામો માટે **₹ ૫૬૦૦ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારના રસ્તા અને પુલની કામગીરી માટે **₹ ૯૫૦ કરોડ**ની જોગવાઇ.
- અલગઅલગ ચાર/છ માર્ગીય બી.ઓ.ટી. પ્રોજેકટ માટે **₹ ૧૬૩૩ કરોડ**ની જોગવાઇ.
- ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા અગત્યના પ્રોજેક્ટ માટે **₹ ૭૭૪ કરોડ**ની જોગવાઇ.
- ડી.એફ.સી.સી. તથા રેલ્વે ક્રૉસિંગ પર ઓવરબ્રિજ બાંધવાની કામગીરી અન્વયે **₹ ૫૦૦ કરોડ**ની જોગવાઇ.
- અમદાવાદ અને ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓના રહેણાક મકાનો માટે**₹ ૩૧૨કરોડ**ની જોગવાઇ.
- વિવિધ જિલ્લાઓમાં સરકારી મકાનોનાં મજબૂતીકરણઅને માળખાગત સુધારણાના કામો માટે

₹ ૨૦૦ કરોડની જોગવાઇ.

- રસ્તાઓ માટે Short Term Maintenance Contractની કામગીરી માટે **₹ ૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- વાવ–થરાદ જિલ્લામાં જિલ્લા સેવા સદન અને નવા રચાયેલા ૧૭ તાલુકાઓમાં તાલુકા સેવા સદનનું નિર્માણ કરવા માટે **₹ ૧૩૮ કરોડ**ની જોગવાઇ.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની કામગીરી માટે **₹ ૪૦૦ કરોડ**ની જોગવાઇ.
- મુખ્ય રાજ્ય ધોરીમાર્ગો પર સલામતી, સુરક્ષા અને ટ્રાફિક પરિવહન માટે ઇન્ટેલીજન્ટ ટ્રાફિક સિસ્ટમ લાગુ કરવા માટે **₹ ૪૦ કરોડ**ની જોગવાઇ.
- વ્હાઇટ ટોપીંગ રસ્તાની કામગીરી માટે **₹ ૩૨ કરોડ**ની જોગવાઇ.
- GARC ભલામણ હેઠળ વિવિધ (બિલ્ડિંગ સાઇનેજ, જાળવણી, સૂચન બોક્સ વગેરે) કામગીરી કરવા માટે **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.
- સરકારી મકાનોમાં અનિવાર્ય સેવાઓ માટેના પ્રસ્થાપિત વીજળીકરણના સાધનોની વાર્ષિક મરામત અને જાળવણી માટે **₹ ૨૦ કરોડ**ની જોગવાઇ.
- સરકારી મકાનોમાં ઊર્જા બચત કરવા જરૂરી ઓટોમેશન સિસ્ટમ કાર્યરત કરવા માટે **₹ ૧૪ કરોડ**ની જોગવાઇ.
- ગુજરાત રોડ એસેટ મેનેજમેન્ટ સિસ્ટમના અમલીકરણ અંતર્ગત ડેટા સંગ્રહ માટે **₹ ૧૦ કરોડ**ની જોગવાઇ.
- રાજ્ય ધોરીમાર્ગો પર ટેકનિકલ ઑડિટ અને ગુણવત્તા નિયંત્રણ માટે **₹ ૧૦ કરોડ**ની જોગવાઇ.
- કેશોદ એરપોર્ટથી વિવિધ પ્રવાસન/ધાર્મિક સ્થળો સુધીના રસ્તાઓનું બાંધકામ અને સુધારણા કરવાનું આયોજન.

શહેરીવિકાસ

શહેરીવિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ₹ ૩૩૫૦૪કરોડની જોગવાઇ

રાજ્યની લગભગ ૪૮%થી વધુ વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે. શહેરીજનોની સુખાકારી અને આજીવિકામાં વધારો થાય અને વધુ સારી જાહેર સુવિધાઓ મળે તેવા અભિગમ સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે.

- **શહેરી માળખાગત સુવિધાઓ** માટેની અગત્યનીસ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાટે**₹ ૧૬ હજાર ૧૧૬કરોડ**ની જોગવાઇ.
- શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને નાણાકીય સહાય માટે **₹ ૩૩૫૪ કરોડ**ની જોગવાઇ.
- અમદાવાદ અને સુરત મેટ્રો વિસ્તરણ સહિત ગુજરાત મેટ્રો રેલ પ્રોજેકટ માટે **₹ ૨૨૧૭ કરોડ**ની જોગવાઇ.
- અમૃત મિશન ૨.૦ હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ વ્યવસ્થા, તળાવોનો વિકાસ અને પરિવહન માળખા માટે **₹ ૧૯૦૦ કરોડ**ની જોગવાઇ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી)૨.૦ હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા માટે **₹ ૧૪૨૦ કરોડ**ની જોગવાઇ.
- શહેરોમાં વિવિધ વિકાસ કાર્યો માટે નાણાપંચ હેઠળ **₹ ૧૩૭૬ કરોડ**ની જોગવાઇ.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ગુજરાત રેઝિલિયન્ટ સિટીઝ પાર્ટનરશિપ પ્રોગ્રામ તથા AUDA વિસ્તાર માટે પેરી–અર્બન લિવેબિલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત બાહ્ય ભંડોળ માટે **₹ ૮૦૦ કરોડ**ની જોગવાઇ.
- સ્વચ્છ ભારત મિશન(અર્બન) ૨.૦, નિર્મળ શહેર અને નિર્મળ ગુજરાત ૨.૦ માટે કુલ **₹ ૫૭૭**

કરોડની જોગવાઇ.

- શહેરી વિસ્તારોને રેલ્વે ક્રૉસિંગ મુક્ત બનાવવાના અભિયાન હેઠળ ઓવર બ્રિજ/અંડર બ્રિજ બનાવવા માટે **₹ ૩૫૦ કરોડ**ની જોગવાઇ.
- ઝીરો વેસ્ટ શહેરો – નિર્મળ ગુજરાત ૨.૦ અને પિન્ક ટોઇલેટ માટે કુલ **₹ ૩૨૯ કરોડ**ની જોગવાઇ.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે માળખાગત સુવિધાઓના વિકાસ માટે **₹ ૨૩૬ કરોડ**ની જોગવાઇ.
- શહેરી પરિવહનને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી સ્માર્ટ પાર્કિંગ તથા ઇન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ માટે **₹ ૨૦૦ કરોડ**ની જોગવાઇ.
- ૧૨ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના માટે **₹ ૧૮૦ કરોડ**ની જોગવાઇ.
- ગાંધીનગર ખાતે નમો સેન્ટ્રલ લાઇબ્રેરી અને રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓ ખાતે ડિજિટલ લાઇબ્રેરી બનાવવા કુલ **₹ ૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- દરેક મહાનગરપાલિકામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અને ફ્લાયઓવર નીચે સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે **₹ ૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ **₹ ૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- લોથલ અને અંબાજીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન અપાવવા માળખાગત સુવિધાઓના વિકાસ માટે કુલ **₹ ૧૪૭ કરોડ**ની જોગવાઇ.
- ભાવનગર, રાજકોટ, જામનગરઅને જૂનાગઢમાં MICE (Meeting, Incentives, Conferences and Exhibitions) ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી નગર નવજીવન યોજના માટે **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- S G હાઇવેને ગ્રીન શહેરી હાઇવે તરીકે વિકસાવવા માટે **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- શહેરી વિસ્તારોમાં Mission Daily Water Supply અને જીવન ધારા યોજના અંતર્ગત કુલ **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- આઇકોનિક અને નવીન પ્રોજેક્ટ દ્વારા શહેરોને ગ્રોથ હબ તરીકે વિકસાવવાના હેતુથી અર્બન ચેલેન્જ ફંડ હેઠળ **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- સુગમ્ય ઉધાન યોજના, નમો ગૌરવ પાર્ક અને લીનીયર પાર્ક જેવા આઇકોનિક ઉધાનો તથા લેક વોચ અને એર વોચ માટે **₹ ૯૦ કરોડ**ની જોગવાઇ.
- કેચ ધ રેઇન યોજના માટે **₹ ૮૦ કરોડ**ની જોગવાઇ.
- અગ્નિ નિવારણ સેવાની આનુષંગિક કામગીરી માટે **₹ ૭૫ કરોડ**ની જોગવાઇ.
- ૨૪ નવા સબ મોડેલ ફાયર સ્ટેશન તથા ગુજરાત સ્ટેટ ફાયર એકેડમી શરૂ કરવા **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.
- અફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ યોજના અંતર્ગત **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.
- ગુજરાત અર્બન એટલાસ હેઠળ મિલકતો અને ઉપયોગિતાઓના GIS મેપિંગ તથા મુખ્ય શહેરી પ્રોજેક્ટ માટે **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.
- નમો સ્વદેશી અર્બન મોલ અને સ્વદેશી મેળાઓ યોજવા માટે **₹ ૪૫ કરોડ**ની જોગવાઇ.
- ગિફ્ટ સિટીમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે **₹ ૪૫ કરોડ**ની જોગવાઇ.
- P M ઈ–બસ યોજના માટે **₹ ૪૦ કરોડ**ની જોગવાઇ.

પંચાયત અને ગ્રામ વિકાસ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ₹ ૧૪૮૫૮ કરોડની જોગવાઇ

ગામડાના છેવાડાના માનવીને પણ તમામ સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે રાજ્ય સરકારનું લક્ષ્ય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના થકી રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં વસતા પરિવારોને પોતાનું પાકું ઘર પ્રદાન કરવા છેલ્લા ૩ વર્ષમાં **૨ લાખ ૫૨ હજારથી વધુ** આવાસોનું નિર્માણ કરેલ છે. તેમજ આગામી વર્ષમાં આશરે **૧ લાખ ૬૦ હજારથી વધુ** આવાસોનું નિર્માણ કરવાનું આયોજન છે.

- "ગુજરાત સ્વચ્છ ગામ", "સ્વસ્થ ગામ યોજના", "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન"તથા"નિર્મળ ગુજરાત ૨.૦"ને એકીકૃત કરીને "મુખ્યમંત્રી નિર્મળ ગ્રામ યોજના"હેઠળ **₹ ૬૫૦ કરોડ**ની જોગવાઇ.
- સક્ષમ ગ્રામ સમૃદ્ધ ગ્રામ હેઠળ **₹ ૨૬૭ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાહેઠળ **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- ગ્રામ્ય કક્ષાએ બહુઉદ્દેશીય સામાજિક માળખુ ઊભુ કરવા "અટલવાડી" યોજના હેઠળ **₹ ૬૦કરોડ**ની જોગવાઇ.
- પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ હેઠળ **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.

ગ્રામવિકાસ

- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) હેઠળ કુલ **₹ ૧૭૫૫ કરોડ**ની જોગવાઇ.
- વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન(ગ્રામીણ) (VB-G RAM G) અંતર્ગત કુલ**₹ ૧૫૦૦ કરોડ**નું આયોજન.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના–વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનન્ટ ૨.૦ હેઠળ **₹ ૧૨૨ કરોડ**ની જોગવાઇ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) હેઠળ કેટેગરી–એ માં સમાવિષ્ટ લાભાર્થીઓ માટે રાજ્ય સરકારના ફાળામાંથી(ટોપ–અપ) **₹ ૯૦ કરોડ**ની જોગવાઇ.
- ૪૦૦ ગામોનું ગ્રે–વોટર સીધેસીધુ તળાવોમાં ભળી જતું અટકાવવાપ્રવાહી કચરાની ટ્રીટમેન્ટ માટે **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.
- મિશન મંગલમ યોજના હેઠળ લખપતિ દીદીને વ્યાજ સહાય અને પ્રોત્સાહન પુરું પાડવા **₹ ૪૭ કરોડ**ની જોગવાઇ.
- સ્વ–સહાય જૂથની મહિલાઓની આજીવિકામાં વધારો થાય અને સીધું માર્કેટ પ્લેટફોર્મ મળી રહે તે માટે **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.
- સ્વ–સહાય જૂથની બહેનોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે કાયમી સ્થળ મળી રહે તે માટે "ગ્રામ હાટ" સ્થાપવા માટે **₹ ૨૦ કરોડ**ની જોગવાઇ.
- સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના હેઠળ સામૂહિક શૌચાલયની સહાયમાં **₹ ૨ લાખ**નો વધારો કરવા **₹ ૧૦ કરોડ**નીજોગવાઇ.

જલંરક્ષામ: જીવનંરક્ષામ:નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માટે કુલ ₹ ૨૫૯૬૦ કરોડની જોગવાઇ

જળસંપત્તિ

જળસંપત્તિ પ્રભાગ માટે ₹ ૧૩૯૪૪ કરોડની જોગવાઇ

- દરિયામાં વહી જતાં નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સુજલામ સુફલામ પાઇપ લાઇન યોજના માટે **₹ ૧૨૩૭ કરોડ,** સૌની યોજના માટે **₹ ૪૭૩ કરોડ** તથા કચ્છની યોજના માટે **₹ ૧૩૩૩ કરોડ** એમ કુલ **₹ ૩૦૪૩ કરોડ**ની જોગવાઇ.
- હયાત સિંચાઇ માળખાના વિસ્તરણ, સુધારણા અને આધુનિકીકરણ માટે **₹ ૧૪૨૦ કરોડ**ની જોગવાઇ.

- ચોમાસામાં દરિયામાં વહી જતાં પાણીને રોકવા માટે મોટા ચેકડેમ–વિયર બાંધવા **₹ ૮૯૬ કરોડ**ની જોગવાઇ.
- ડેમ સેફ્ટી માટે **₹ ૬૯૩ કરોડ**ની જોગવાઇ.
- સાબરમતી નદી પર કુલ ૧૪ વિયર–બેરેજ બનાવવાના કરેલ આયોજનમાં પાંચ વિયર–બેરેજનાં કામો પૂર્ણ થયેલ છે, બાકી રહેતા કામો પૂર્ણ કરવા **₹ ૬૨૪ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં ઉદ્વહન સિંચાઇ યોજના માટે **₹ ૪૮૫ કરોડ**ની જોગવાઇ.
- ડાંગ જિલ્લામાં અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદી પર ૪૩ મોટા ચેકડેમો/વીયર બાંધકામથી ૨૧૦૫ હેક્ટર વિસ્તારને લાભ મળશે.જેના માટે **₹ ૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- વલસાડ જિલ્લાના મધુબન ડેમ આધારિત ઘરમપુર–કપરાડા ઉદ્વહનસિંચાઈ યોજના દ્વારા ૩૫ ગામોના ૧૬૨૩૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થશે. જેના માટે **₹ ૮૫ કરોડ**ની જોગવાઇ.
- છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નર્મદા આધારિત ઉદ્વહનસિંચાઈ યોજનાથી ૧૮ તાલુકાના ૫૧૪૮૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

ભાડભૂત યોજના

- સમુદ્રની ભરતીનું ખારું પાણી નર્મદા નદીમાં પ્રવેશતું અટકાવવા ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામે બેરેજની યોજના પ્રગતિ હેઠળ છે. જે માટે **₹ ૧૭૦૦ કરોડ**ની જોગવાઇ.

સરદાર સરોવર યોજના

સરદાર સરોવર યોજના માટે કુલ ₹ ૩૩૧૭ કરોડની જોગવાઇ

- અમદાવાદ જિલ્લાનાં નળકાંઠાના વિસ્તારમાં(ફેઝ–૨) સિંચાઈ સુવિધા વધારવા માટે **₹ ૬૦૦ કરોડ**ની જોગવાઇ.
- સુરેન્દ્રનગર જિલ્લાનાં લખતર તાલુકાના ભાસ્કરપુરા ગામ તળાવથી ધોલેરા SIR વિસ્તારને પાઇપલાઇન દ્વારા ૧૦૦ MLD પાણી પૂરું પાડવા માટે **₹ ૩૦૦ કરોડ**ની જોગવાઇ.
- કચ્છ જિલ્લામાં દુધઇ સબ–બ્રાન્ચ કેનાલના કામો માટે **₹ ૨૩૦ કરોડ**ની જોગવાઇ.
- પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ૧૧ ગામોના કમાન્ડ વિસ્તાર બહારના વિસ્તાર માટે સિંચાઇ ઉદ્વહન પાઈપ પ્રોજેક્ટ માટે **₹ ૮૦ કરોડ**ની જોગવાઇ.

પાણી પુરવઠા

પાણી પુરવઠા પ્રભાગ માટે ₹ ૬૯૮૪ કરોડની જોગવાઇ

લોકોના આરોગ્ય અને જીવન ધોરણમાં સુધારા માટે પૂરતા પ્રમાણમાં ગુણવત્તાયુકત પીવાનું પાણી નિયમિત રીતે મળી રહે તે માટે રાજ્ય સરકાર ભગીરથ પ્રયત્નો કરે છે.

- ધોલેરા Special Investment Regionને પાણીનો પ્રવાહ અવિતરપણે મળી રહે તે માટે નવીન ૧૦૦ એમ.એલ.ડી બલ્ક પાઇપલાઇન નેટવર્ક માટે **₹ ૬૫૦ કરોડ**ના કામોનું આયોજન.
- આદિજાતિ વિસ્તારના કુલ ૧૪ જિલ્લાઓના ૬૫૧ ગામોને આવરી લેતી ૨૬ જૂથ યોજનાઓ માટે **₹ ૨૮૦ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યના આદિજાતિ અને અન્ય વિસ્તારો માટે મહત્વની યોજનાઓની કામગીરી જેમાં મુખ્યત્વે,
    - આદિવાસી વિસ્તારના ડાંગ જિલ્લાના કુલ ૨૭૬ ગામો તથા ૩ શહેરોનો સમાવેશ કરતી ડાંગ જિલ્લાની જૂથ પાણી પુરવઠા યોજના માટે **₹ ૮૬૬ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ.
    - વાવ–થરાદ જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારીત ૨૪૦ ગામો માટેની સુધારણા યોજના માટે **₹ ૩૪૬ કરોડ**ના કામો માટે જોગવાઇ.
    - બનાસકાંઠા જિલ્લામાં ઘરોઇ જળાશય આધારીત અંબાજી જૂથ પાણી પુરવઠા યોજના માટે **₹ ૧૫૩ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ.

- સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભવિષ્યની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા ઢાંકીથી નાવડા બલ્ક પાઇપલાઇનના કામો પ્રગતિમાં છે.જેમાં,
    - અમદાવાદ, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર જિલ્લાઓ માટેની ઢાંકી થી નાવડા સુધીની બલ્ક પાઇપલાઇન માટે **₹ ૧૦૪૪ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ.
- સામાન્ય વિસ્તાર તેમજ આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ગામોમાં પાણી વેરાની મહત્તમ વસુલાત કરવામાં આવે તે માટે પ્રોત્સાહક રકમ આપવા **₹ ૬૩ કરોડ**ની જોગવાઇ.
- પીવાના પાણીની ગુણવત્તા અને નિયમનને વધુ સુદ્રઢ કરવા માટે તાલુકા કક્ષાએ ૧૫ નવીન લેબોરેટરીની સ્થાપના માટે **₹ ૧૫ કરોડ**ની જોગવાઇ.

બંદરો અને વાહન વ્યવહાર

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ ₹ ૪૩૧૪ કરોડની જોગવાઇ

વાહન વ્યવહાર

- જાહેર પરિવહનમાં નાગરિકોની સલામતી અને સગવડતાને ધ્યાને લઇ આધુનિક ટેકનોલોજી ધરાવતી ૨૯૬૩ જેટલી નવી બસો માટે **₹ ૧૨૮૬ કરોડ**ની જોગવાઇ.
- બાળકો અને સગીરોમાં ટ્રાફિક નિયમો તથા માર્ગ સલામતી અંગેની સમજ કેળવાય તે હેતુથી ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક વિકસાવવા **₹ ૨૫કરોડ**ની જોગવાઇ.
- ઝડપી અને પારદર્શી વહીવટ માટે E-Governance હેઠળ **₹ ૧૫ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યમાં વાહન તથા લાયસન્સ સંબંધિત પ્રિમિયમ અને એક્સપ્રેસ સેવાઓ અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરા ખાતે પૂરી પાડવા પ્રાયોગિક ધોરણે આયોજન છે.

બંદરો પ્રભાગ

વિકસિત ગુજરાત@૨૦૪૭ના લક્ષ્યાંકના દ્રષ્ટિકોણથી, ગુજરાતના બંદરોની હાલની વાર્ષિક ક્ષમતા ૬૦૦ મિલિયન મેટ્રિક ટનથી ૨૦૪૭ સુધીમાં ૩૦૦૦ મિલિયન મેટ્રિક ટન સુધી વધારવાનું આયોજન છે.

- ઇન્સેન્ટીવ અન્ડર શીપ બિલ્ડિંગ પૉલિસી હેઠળ રાજ્યની શીપ બિલ્ડિંગ ક્ષમતા વધારવા જોગવાઇ.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

Science: The spark of progress – વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ ₹ ૨૬૩૪ કરોડની જોગવાઇ

- ગુજરાત સેમીકન્ડક્ટર પૉલિસી હેઠળ **₹ ૧૧૦૦ કરોડ**ની જોગવાઇ
- ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ પૉલિસી અંતર્ગત સહાય માટે **₹ ૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.
- ગુજરાતને અગ્રણી AI હબ તરીકે સ્થાપિત કરવા ગુજરાત ફ્યુચર ટેકનોલોજીસ ઇનિશીયેટીવ અંતર્ગત **₹ ૩૦ કરોડ**ની જોગવાઇ.
- ગુજરાતને સ્પેસ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા ડેડીકેટેડ ગુજરાત સ્પેસટેક પોલિસી અંતર્ગત સ્પેસ ઇકોસિસ્ટમના વિકાસ માટે **₹ ૨૫ કરોડ** ની જોગવાઇ.
- પોરબંદર ખાતે રીજનલ સાયન્સ સેન્ટરની સ્થાપના માટે **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યમાં વૈશ્વિક ક્ષમતા કેન્દ્રોને આકર્ષવા માટે GCC (Global Capability Centre)પોલિસી માટે **₹ ૧૦કરોડ** ની જોગવાઇ.

- નવીનતા આધારિત સંશોધન, સ્થિરતા અને રોજગાર સર્જન દ્વારા હાઈ–પરફોર્મન્સ બાયોમેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા BioE3 સેલની સ્થાપના કરવામાં આવશે.
- વાવ–થરાદ જિલ્લા ખાતે જિલ્લા વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.

ચતુર્થ સ્તંભ : આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ

ઉદ્યોગ અને ખાણ

ઉદ્યોગ અને ખાણવિભાગ માટે કુલ ₹ ૧૩૯૪૨ કરોડની જોગવાઇ

પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે₹ ૩૦૯૦કરોડની જોગવાઇ

- પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેઠળ વિવિધ યાત્રાધામોના વિકાસ માટે કુલ **₹ ૫૫૦ કરોડ**ની જોગવાઇ.તે પૈકી અંબાજી યાત્રાધામ ખાતે સુવિધાઓ વિકસાવવા માટે **₹ ૩૦૦ કરોડ**ની જોગવાઇ.
- પ્રવાસન ક્ષેત્રને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવા **₹ ૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- દાહોદ ખાતે નવું ગ્રીનફીલ્ડ એરપોર્ટ વિકસાવવા તેમજ પોરબંદર, ભાવનગર,સુરત, વડોદરા અને અંકલેશ્વર ખાતેનાં હયાત એરપોર્ટના વિસ્તરણ માટે **₹ ૯૫ કરોડ**ની જોગવાઇ.
- નાના શહેરો/આંતરિક વિસ્તારોને મોટા શહેરો અને મહત્વના વિસ્તારો સાથે હવાઇ માર્ગે જોડવાના ધ્યેય સાથે Viability Gap Funding યોજના હેઠળ **₹ ૭૮ કરોડ**ની જોગવાઇ.
- વન સ્ટેટ : વન ગ્લોબલ ડેસ્ટિનેશન વિઝન હેઠળ સોમનાથને ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા અને સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી માટે **₹ ૨૦ કરોડ**ની જોગવાઇ.
- ભારત સરકારના "ઉડે દેશ કા આમ નાગરીક" (ઉડાન)ના વિઝન અંતર્ગત Regional Connectivity Schemeના માધ્યમથી એર કનેક્ટિવિટી પૂરી પાડવા **₹ ૨૦ કરોડ**ની જોગવાઇ.
- આસ્થાના કેન્દ્ર અંબાજી, ડાકોર, દ્વારકા, માતાનો મઢ(આશાપુરા) તેમજગીરનાર ખાતે મહાશિવરાત્રીના મેળામાં આવતા શ્રદ્ધાળુઓ તથા માઁ નર્મદા પરિક્રમા પથ ખાતે પદયાત્રીઓ માટે સુવિધાઓ ઊભી કરવા **₹ ૨૦ કરોડ**ની જોગવાઇ.
- લોથલ ખાતે બેઝિક ફેસિલિટી વિકસાવવા અર્થે ડેવલપમેન્ટ ઓફ ટ્રંક ફેસિલિટી ફોર પીપીપી પાર્સલ એટ લોથલ માટે જોગવાઇ.
- ગુજરાતને વૈભવી અને સંસ્કૃતિથી સમૃદ્ધ લગ્ન સ્થળ તરીકે સ્થાપિત કરવા "વેડ ઇન ગુજરાત" કેમ્પેઇન માટેનું આયોજન.
- આદિવાસી સમાજના આસ્થાના કેન્દ્રો જેવા કે, માનગઢ ખાતે આદિવાસી બલિદાન દિવસ, દેવમોગરા ખાતે પાંડોરી માતા મહાશિવરાત્રી મહોત્સવ અને શબરી ધામ શ્રી રામ શબરી મિલન મહોત્સવ ઉજવવા તેમજ અનુસૂચિત જાતિના આસ્થાના કેન્દ્રોમાં આ રીતે આયોજન કરવા માટે જોગવાઇ.

ઉદ્યોગ અને ખાણ માટે ₹ ૯૮૭૩ કરોડની જોગવાઇ

- ટેક્સટાઇલ એકમોનાં પ્રોત્સાહન અર્થે **₹ ૨૭૫૫ કરોડ**ની જોગવાઇ.
- આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ MSME માટે **₹ ૧૭૭૫ કરોડ**ની જોગવાઇ.
- ધોલેરા ખાતે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઓગ્મેન્ટેશન હેઠળ રસ્તાઓનો વિકાસ કરવા માટે **₹ ૧૮૨ કરોડ**ની જોગવાઇ.
- ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રકચરને સહાય યોજના અંતર્ગત **₹ ૫૫ કરોડ**ની જોગવાઇ.
- ઔદ્યોગિક પાર્કને સહાય યોજના અંતર્ગત **₹ ૫૫ કરોડ**ની જોગવાઇ.
- દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહતમાં CETP માટે **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.

- અદ્યતન સુવિધાઓ સાથેના વૈશ્વિક કક્ષાના સ્માર્ટ ઔદ્યોગિક વસાહતોની સ્થાપના માટે **₹ ૫૦ કરોડ**નુંઆયોજન.
- ગુજરાત ઇન્ટીગ્રેટેડ લોજીસ્ટીક ફેસીલીટીઝને સહાય યોજના અંતર્ગત **₹ ૩૦ કરોડ**ની જોગવાઇ.
- ઔદ્યોગિક વસાહતોને જોડતાં રસ્તાઓની સ્વચ્છતા માટે **₹ ૧૦ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યની નિકાસ ક્ષમતા વધારવા ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવાનું આયોજન.

કુટિર અને ગ્રામોદ્યોગપ્રભાગ માટે ₹ ૯૭૯ કરોડની જોગવાઇ

- "વાજપાઈ બેંકેબલ યોજના" હેઠળ સબસિડી સહાય માટે **₹ ૪૯૪ કરોડ**ની જોગવાઇ.
- ખાદી સંસ્થા/મંડળીઓને વિવિધ સ્થળોએ પ્રદર્શન મેળા યોજીવેચાણક્ષમતા વધારવા **₹ ૫૭ કરોડ**ની જોગવાઇ.
- One District One Product(ODOP) ઉત્પાદનોને પ્રોત્સાહન મળી રહે તે માટે **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.
- કુટિર પ્રભાગના પરંપરાગત કારીગરોને આધુનિક ડિજિટલ માર્કેટ સાથે જોડી તેમની આવક વધારવાના હેતુથી ઇ– કોમર્સ માટે સહાય.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ₹ ૨૪૦૨૨ કરોડની જોગવાઇ

પાક કૃષિ વ્યવસ્થા

- ખેડૂતોને બીજ સહાય આપવા **₹ ૯૩૨૪ કરોડ**ની જોગવાઇ.
- સૂક્ષ્મ સિંચાઇ માટે **₹ ૧૨૫૦ કરોડ**ની જોગવાઇ.
- કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેક્ટર ખરીદી સહાય માટે **₹ ૮૦૦ કરોડ**ની જોગવાઇ.
- કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય માટે **₹ ૭૬૫ કરોડ**ની જોગવાઇ.
- નાના ગોડાઉન બનાવવા "મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના"અંતર્ગત અંદાજિત **૧૫ હજાર ૪૩૬** ખેડૂતોને **₹ ૧ લાખ** સહાય આપવા **₹ ૧૫૪ કરોડ**ની જોગવાઇ.
- ખાતેદાર ખેડૂતોના આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં ₹ ૪લાખ સુધીનું વીમા રક્ષણ આપવા**₹ ૧૪૬ કરોડ**ની જોગવાઇ.
- અદ્યતન ડ્રોન ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રીપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવા**₹ ૭૭કરોડ**ની જોગવાઇ.
- ખેડૂત ખાતેદારને વિનામૂલ્યે સોઇલ હેલ્થ કાર્ડ વિતરણ કરવા મુખ્યમંત્રી સોઈલ હેલ્થ અભિયાન માટે **₹ ૧૪ કરોડ**ની જોગવાઇ.
- ડાંગર, કઠોળ પાક, તેલીબિયાં પાક, ફાર્મ મિકેનાઇઝેશન, વેલ્યુ એડીશન અને એગ્રો પ્રોસેસીંગ માટેના છ (૬) સેન્ટર ઓફ એક્સલન્સ કેન્દ્ર ઉભા કરવા **₹ ૧૨ કરોડ**ની જોગવાઇ.
- જમીનમાં ઓર્ગેનિક કાર્બનનો વધારો થાય તે હેતુસર ફર્મેન્ટેડ ઓર્ગેનિકમેન્યોરઅને લિક્વિડ ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યોરના ઉપયોગને પ્રોત્સાહન આપવા **₹ ૧૦ કરોડ**ની જોગવાઇ.

બાગાયત

- બાગાયત ખાતાની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ **₹ ૭૯૮ કરોડ**નીજોગવાઇ.
- ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના કાર્યક્રમથી ખેડૂતોની આવક વધારવા **₹ ૩૦ કરોડ**ની જોગવાઇ.
- રાઈઝોમેટીક(આદુ અને હળદર) પાકોને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમ માટે **₹ ૧૨ કરોડ**ની જોગવાઇ.

કૃષિ શિક્ષણ

- રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હેઠળ જામનગર, ભૂજ અને ખેડબ્રહ્મા ખાતેની કોલેજોમાં માળખાકીય સુવિધા ઊભી કરવા તેમજ કૃષિ યુનિવર્સિટીઓના આધુનિકીકરણ, વહીવટ અને સંશોધનના ખાસ કાર્યક્રમો માટે **₹ ૧૦૬૩ કરોડ**ની જોગવાઇ.

પ્રાકૃતિક કૃષિ

- પ્રાકૃતિક કૃષિની વિવિધ પ્રવૃત્તિઓ માટે **₹ ૩૯૨ કરોડ**ની જોગવાઇ.

પશુપાલન

- "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ" યોજના અંતર્ગત**₹ ૫૦૦ કરોડ**ની જોગવાઇ.
- કામધેનુ યુનિવર્સિટીના પશુવિજ્ઞાન, ડેરી વિજ્ઞાન અને મત્સ્યવિજ્ઞાનની વિવિધ યોજનાઓ માટે **₹ ૪૨૪ કરોડ**ની જોગવાઇ.
- ગાભણ પશુ અને વિયાણ થયેલ પશુ માટે ખાણદાણ સહાયની યોજનામાં કુલ ૧ લાખ ૫૩ હજાર લાભાર્થીઓ આવરી લેવા **₹ ૬૧ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યમાં ફરતાં પશુ દવાખાનાની સેવાઓ માટે **₹ ૫૬ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે **₹ ૫૨ કરોડ**ની જોગવાઇ.
- દરેક જિલ્લાની "પશુ કલ્યાણ સમિતિ"ને સહાય માટે **₹ ૩૪ કરોડ**ની જોગવાઇ.
- મોટા દુધાળાં પશુના ડેરી ફાર્મ માટે **₹ ૩૨ કરોડ**ની જોગવાઇ.
- કામધેનુ યુનિવર્સિટી હેઠળ ભૂજ અને હિંમતનગર ખાતેની પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયનાં સુદ્રઢીકરણ માટે **₹ ૧૮ કરોડ**ની જોગવાઇ.
- ખેડૂતો–પશુપાલકોને સુધારેલ જાતના બિયારણ મીનીકીટ પૂરી પાડવા અને ચાફકટરની ખરીદી પર સહાય આપવા **₹ ૧૬ કરોડ**ની જોગવાઇ.
- સેક્સ્ડ સીમેન ડોઝના ઉત્પાદન માટે **₹ ૧૩ કરોડ**ની જોગવાઇ.
- પશુઓમાં વંધ્યત્વ નિવારણ માટેના કેમ્પ આયોજિત કરવા **₹ ૧૩ કરોડ**ની જોગવાઇ.
- મરઘા પાલન માટે આર.આઈ.આર. પક્ષી એકમ અને બ્રોઇલર પક્ષી ફાર્મ માટે સહાય આપવા **₹ ૧૨ કરોડ**ની જોગવાઇ.
- પાડી–વાછરડી ઉછેર માટે સહાય પૂરી પાડવા **₹ ૧૨ કરોડ**ની જોગવાઇ.
- બકરા એકમ સહાય માટે કુલ **₹ ૧૧ કરોડ**ની જોગવાઇ.
- પશુઓમાં ગર્ભધારણનું નિદાન કરવા Rapid Test Kit માટે **₹ ૧૦ કરોડ**ની જોગવાઇ.
- કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન મહુવા–ભાવનગર ખાતે મત્સ્ય વિજ્ઞાન માટે**₹ ૯ કરોડ**ની જોગવાઇ.
- દુધાળાં પશુના વીમાનાં પ્રીમિયમ પર સહાય માટે **₹ ૬ કરોડ**ની જોગવાઇ.
- કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા જોગવાઇ.
- સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને પ્રોત્સાહન આપવા જોગવાઇ.
- પશુપાલકોને પશુમાં IVFથી ગર્ભધારણ માટેની સહાય આપવા જોગવાઇ.
- ઉકાઈ ખાતે સેન્ટર ઓફ એક્સલન્સ ઈન એક્વાકલ્ચર, મોનોસેક્સ તીલાપીયા હેચરીની સ્થાપના માટેનું આયોજન.

મત્સ્ય ઉદ્યોગ

- રાજ્યના નોટિફાઈડ ૧૦૪ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે **₹ ૩૬૧ કરોડ**ની જોગવાઇ.
- માછીમારોને ડીઝલ ખરીદી પર વેટ રાહત સહાયમાટે **₹ ૩૦૦ કરોડ**ની જોગવાઇ.

- પ્રધાનમંત્રી મત્સ્યસંપદા તળે લાભાર્થીલક્ષી યોજના માટે **₹ ૧૨૮ કરોડ**ની જોગવાઇ.
- ભાંભરાપાણીમાં મત્સ્યોદ્યોગ માટે **₹ ૧૧૫ કરોડ**ની જોગવાઇ.
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્ર માટે સામાન્ય વર્ગ, અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ લાભાર્થીઓ માટે **₹ ૧૧૨ કરોડ**ની જોગવાઇ.
- દરિયાઇ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે વિવિધ સાધન ખરીદી ઉપર સહાય તેમજ પાકિસ્તાન ખાતે જેલમાં બંધ માછીમારોને આર્થિક સહાય માટે **₹ ૧૦૭ કરોડ**ની જોગવાઇ.
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્રે તથા ભાંભરાપાણીમાં ફીશ કેજ કલ્ચર કરતા મત્સ્ય ખેડૂતોને ઇનપુટ સહાય માટે**₹ ૫૧ કરોડ**ની જોગવાઇ.
- દરિયાઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોને માછીમારી જાળ અને હુક એન્ડ લાઇન ઉપર સહાય પેટે**₹ ૪૦ કરોડ**ની જોગવાઇ.
- ડીપ–સી ફીશીંગ વેસલ્સ ઉપર સહાય માટે **₹ ૧૫ કરોડ**ની જોગવાઇ.
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ માટે ફિશ પ્રોસેસીંગ પ્લાન્ટની સ્થાપના માટે**₹ ૧૦ કરોડ**ની જોગવાઇ.
- મત્સ્યોદ્યોગ કાયદાના અમલીકરણ માટે મરીન એન્ફોર્સમેન્ટ વિંગ માટે જોગવાઇ.

સહકાર

- સમયસર ચુકવણી કરનાર કિસાન ક્રેડિટ કાર્ડના લાભાર્થીઓને**₹ ૩ લાખ** સુધી ઝીરો ટકા વ્યાજે પાક ધિરાણ આપવા માટે **₹ ૧૫૩૯ કરોડ**ની જોગવાઇ.
- ગોડાઉન નિર્માણ યોજના અંતર્ગત મંડળીઓ અને સંઘોને સહાય માટે **₹ ૩૦ કરોડ**ની જોગવાઇ.
- પેક્સ દ્વારા ગોડાઉન નિર્માણ માટે સહાય આપવા **₹ ૨૧ કરોડ**ની જોગવાઇ.
- ખાંડ સહકારી મંડળીઓને લોન પર વ્યાજ સહાય આપવા 'સાકર' યોજના અંતર્ગત સામાન્ય અને આદિજાતિ વિસ્તારો માટે કુલ **₹ ૨૦ કરોડ**ની જોગવાઇ.

સામાન્ય વહીવટ

સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ ₹ ૨૯૧૦ કરોડની જોગવાઇ

- ગુજરાત વહીવટી સુધારણા પંચની ભલામણોથી વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, એ.ટી.વી.ટી અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતોના વિકાસના કામો માટે**₹ ૨૧૦૨કરોડ**નીજોગવાઇ.
- અટલ સ્વાન્ત: સુખાય યોજના અંતર્ગત સરકારી કર્મચારી/અધિકારીને તેમની વ્યક્તિગત રૂચિ અને સર્જનાત્મકતા સાથે નવીન જાહેર હેતુના પ્રોજેક્ટ હાથ ધરવા પ્રોત્સાહિત કરવા **₹ ૭કરોડ**ની જોગવાઇ.

મહેસૂલ વિભાગ

મહેસૂલ વિભાગ માટે કુલ ₹ ૫૫૫૨ કરોડની જોગવાઇ

- કુદરતી આફતો સામે રાહત આપવા **₹ ૨૧૪૫ કરોડ**ની જોગવાઇ.
- સુરેન્દ્રનગર, મહુધા, માળીયા, લાઠી, ટંકારા, ઉમરેઠ, અબ્રામા ખાતે નવા મહેસૂલી ભવનના બાંધકામતથા દસક્રોઇ, ઠાસરા અને પાટણ ખાતેના હયાત મહેસૂલી ભવનના વિસ્તરણ અને ૫૧ તાલુકાઓમાં અંદાજિત ૫૬૨ મહેસૂલી કર્મચારીઓની વસાહતના બાંધકામ માટે **₹ ૨૪૦ કરોડ**ની જોગવાઇ.
- વિવિધ મહેસૂલી કચેરીઓ ખાતે ૧૫૪૬ નવી જગ્યાઓ ઊભી કરવા જોગવાઇ.

ગૃહ વિભાગ

ગૃહ વિભાગ માટે કુલ ₹ ૧૪૨૬૫ કરોડની જોગવાઇ

- પોલીસ કર્મચારીઓ માટે આગામી પાંચ વર્ષમાં કુલ**૨૦ હજાર ૪૪૪** રહેણાક મકાનો પૂરા પાડવાના આયોજન છે. જે માટે આ બજેટમાં **₹ ૧૫૭૧ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યના પોલીસ બિન રહેણાક મકાનો કે જેમાં વિવિધ જિલ્લાઓની કચેરીઓ, પોલીસ સ્ટેશન જેવા

કુલ–૧૦૭ મકાનો બનાવવા **₹ ૧૩૬ કરોડ**ની જોગવાઇ.

- DIAL ૧૧૨ જનરક્ષક પ્રોજેકટ હેઠળ નવી ૩ હજાર જગ્યાઓ ઊભી કરવા જોગવાઇ.
- Rogue Drone તોડી પાડવા ચાર Anti Drone Systemની ખરીદી માટે**₹ ૨૦ કરોડ**ની જોગવાઇ.
- આંતરરાજ્ય તથા આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા જિલ્લાઓમાં પોલીસ પેટ્રોલીંગને સુદ્રઢ કરવા ૫૦ Special Operational Vehicle ખરીદવા **₹ ૯ કરોડ**ની જોગવાઇ.

કાયદા

કાયદા વિભાગ માટે કુલ ₹ ૨૭૦૨ કરોડની જોગવાઇ

દરેક વ્યકિતને સરળતાથી સમયસર ન્યાય મળી રહે તેવા હેતુથી ન્યાયતંત્રની વ્યવસ્થામાં વિસ્તાર કરી તેને સુદ્રઢ કરવામાં આવશે. અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ન્યાયતંત્રને સજ્જ બનાવવા અમારી સરકાર કાર્યરત છે.

- વિવિધ સ્તરે કોર્ટ બિલ્ડિંગના બાંધકામ તથા મરામત માટે **₹ ૩૨૪ કરોડ**ની જોગવાઇ.
- ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના રહેણાકના મકાનો માટે **₹ ૨૨૫કરોડ**ની જોગવાઇ.
- હાઇકોર્ટના ઇ–કોર્ટ મિશનમોડ પ્રોજેકટ અંતર્ગત રાજ્યની અદાલતોમાં તમામ સ્તરે કમ્પ્યુટરાઇઝેશન અને ડિજિટાઇઝેશન માટે **₹ ૨૨કરોડ**ની જોગવાઇ.

માહિતી અને પ્રસારણ

માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલ ₹ ૪૫૨ કરોડની જોગવાઇ

- ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ અંતર્ગત ગુજરાતી ચલચિત્રોને સહાય ચૂકવવા **₹ ૨૩ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યના રાજકીય–સામાજિક ઈતિહાસને દર્શાવતા અખબારો અને પુસ્તકોના ડિજિટાઈઝેશન માટે જોગવાઇ.
- અંતરિયાળ વિસ્તારોમાંથી મુખ્ય મથકોએ ઝડપથી સમાચાર મોકલી શકાય તે હેતુથી પ્રાયોગિક ધોરણે મોબાઇલ જર્નાલિઝમ (MOJO)કીટ પૂરી પાડવામાં આવશે.

પંચમ સ્તંભ : ગ્રીન ગ્રોથ

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ ₹ ૪૮૪૨ કરોડની જોગવાઇ

કિસાન સૂર્યોદય યોજના મારફત ખેડૂતો માટે દિવસના સમયે વીજ પુરવઠો આપી શકાય તે સુનિશ્ચિત કરી રાજ્યમાં ખેતીવાડી વીજ જોડાણ ધરાવતાં કુલ ૧૭ હજાર ૨૪૯ ગામોમાં આવેલ ખેતી આધારિત કુલ ૨૦ લાખ ૮૫ હજાર વીજ ગ્રાહકો પૈકી ૧૭ હજાર ૫૨ ગામોમાં ૧૯ લાખ ૯ હજાર વીજ ગ્રાહકોને દિવસે વીજળી આપવામાં આવી રહેલ છે.

- આદિજાતિ, સાગરકાંઠા તથા અન્ય વિસ્તારોમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે **₹ ૧૧૬૬ કરોડ**ની જોગવાઇ.
- ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે **કિસાન સૂર્યોદય યોજના** અંતર્ગત **₹ ૫૦૦કરોડ**નીજોગવાઇ.
- સાગરકાંઠા તથા આદિજાતિ વિસ્તારોમાં નવા સબસ્ટેશનો સ્થાપવા માટે **₹ ૩૫૦ કરોડ**ની જોગવાઇ.
- આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુકત વીજળી પૂરી પાડવા જનજાતિય કલ્યાણ યોજના હેઠળ **₹ ૨૦૧ કરોડ**ની જોગવાઇ.
- પી.એમ. કુસુમ યોજના અંતર્ગત સ્ટેન્ડ અલોન–ઓફ ગ્રીડ સોલાર પાવર એગ્રીકલ્ચર પંપ માટે **₹ ૨૦૦ કરોડ** નીજોગવાઇ.
- રસ્તાઓના વિસ્તૃતિકરણ વખતે અડચણરૂપ હયાત ટ્રાન્સમીશન લાઇન અને સંલગ્ન

વીજમાળખાનું શિફ્ટીંગ કરવા માટે **₹ ૧૨૫કરોડ**ની જોગવાઇ.

- ઊર્જાસંરક્ષણયોજના માટે **₹ ૧૦૦કરોડ**નીજોગવાઇ.
- રાજ્યના યાત્રાધામોમાં સતત વીજ પુરવઠો જળવાઈ રહે તે હેતુ ગ્રીન અને વીજસલામત ઝોન વિકસિત કરવા **₹ ૧૦૦કરોડ**ની જોગવાઇ.
- હાલના ઓવરહેડ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ કેબલ નેટવર્કમાંરૂપાંતર કરવા માટે **₹ ૧૦૦કરોડ**ની જોગવાઇ.
- રાજ્યમાં ઈલેક્ટ્રિક વ્હિકલ(E V) ચાર્જીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના વિકાસ માટે **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.
- ખેતીવાડી ફીડરોના નેટવર્કની સુધારણા માટે **"સર્જન યોજના"** અંતર્ગત **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.
- વીજ સલામતી પ્રત્યે જન જાગૃતિ કેળવી અકસ્માત નિવારણ તથા વીજ કર્મચારીની વ્યક્તિગત સુરક્ષા માટે સાધનોની ખરીદી હેતુ **₹ ૭કરોડ**નીજોગવાઇ.
- ઊર્જાક્ષેત્રે સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવાના હેતુસર એનર્જી ઇનોવેશન ફંડ માટે **₹ ૫ કરોડ**ની જોગવાઇ.

વન અને પર્યાવરણ

વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ ₹ ૩૫૬૦ કરોડની જોગવાઇ

માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતા આનંદ થાય છે કે, કચ્છના બન્ની પ્રદેશમાં આવેલ છારી–ઢંઢ જળપ્લાવિત ક્ષેત્રનો પ્રતિષ્ઠિત રામસર સાઇટમાં સમાવેશ થયેલ છે. આ સાથે જ રામસર સાઇટમાં સામેલ ગુજરાતના સ્થળોની સંખ્યા વધીને પાંચ થઇ છે.વધુમાં, વન વિસ્તાર બહાર વૃક્ષ આવરણમાં વધારો કરવામાં આપણું રાજ્ય દેશમાં મોખરે છે.

- વન વિસ્તાર બહારના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા **₹ ૭૫૦ કરોડ**ની જોગવાઇ.
- વનોના વિકાસ, સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી માટે **₹ ૬૬૭ કરોડ**ની જોગવાઇ.
- વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે **₹ ૪૬૯ કરોડ**ની જોગવાઇ.
- વળતર વનીકરણ તેમજ અન્ય વન વિકાસલક્ષી કામગીરીઓ માટે **₹ ૩૭૨ કરોડ**ની જોગવાઇ.
- વનોની ગીચતા વધારવા ટકાઉ વન વ્યવસ્થાપન માટે JICA પ્રોજેકટ હેઠળ **₹ ૨૫૮ કરોડ**ની જોગવાઇ.
- જિલ્લા અને તાલુકા સ્તરે માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવા **₹ ૧૦૨કરોડ**ની જોગવાઇ.
- ૧૦ નવીન ઘાસ ગોડાઉન બાંધકામ અને કચ્છના બન્ની ઘાંસીયા મેદાનમાં ગ્રાસલેન્ડ રીસ્ટોરેશન માટે **₹ ૬૮ કરોડ**ની જોગવાઇ.
- સામાજિક વનીકરણ ક્ષેત્રે નર્સરીઓમાં મોટા રોપા તૈયાર કરવા **₹ ૫૦ કરોડ**ની જોગવાઇ.
- તૃણભક્ષી પ્રાણીઓ માટે બ્રીડિંગ સેન્ટર બનાવવા અને ડીસા ખાતે પ્રાણી સંગ્રહાલય બનાવવા **₹ ૪૦ કરોડ**ની જોગવાઇ.
- નદીઓના બન્ને કાંઠે સઘન વાવેતર થકી રીવરાઇન લેન્ડસ્કેપ રીસ્ટોરેશન એન્ડ ડેવલપમેન્ટ તેમજ ગ્રીન વોલ ઓફ અરવલ્લી હેઠળ **₹ ૩૨ કરોડ**ની જોગવાઇ.
- હેરીટેજ વૃક્ષોના રક્ષણ માટે એગ્રો ફોરેસ્ટ્રી તેમજ હેરીટેજ ટ્રી ટુ ફાર્મર્સ માટે **₹ ૨૬ કરોડ**ની જોગવાઇ.
- ગાંધીનગર અને અમદાવાદ વિસ્તારને"વન કવચ" હેઠળ સુશોભિત કરી હરિયાળુ બનાવવા **₹ ૨૫ કરોડ**ની જોગવાઇ.

- ઇકો ટુરિઝમ અને દરિયાઇ પર્યટન વિકસાવવા તેમજ આઇલેન્ડ વિકસાવવા માટે **₹ ૨૦ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારમાં કૌશલ્ય વર્ધનથી વનવાસીઓની રોજગારીમાં સુધારો કરવા **₹ ૧૦ કરોડ**ની જોગવાઇ.
- આહવા ખાતે વન વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવા અને અંબાજી ખાતે લોગ હટ બનાવવા **₹ ૮ કરોડ**ની જોગવાઇ.
- અખિલ ભારતીય રમતગમત સ્પર્ધા–૨૦૨૬નું આયોજન કરવા **₹ ૭ કરોડ**ની જોગવાઇ.

ક્લાઇમેટ ચેન્જ

Protect our planet, Preserve our future– ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે કુલ ₹ ૪૨૯ કરોડની જોગવાઇ

ગુજરાતે ક્લાઇમેટ એક્શન ટ્રેકર પોર્ટલ લોન્ચ કરી દેશમાં ક્લાઇમેટ સૂચકાંકો સંબંધિત માહિતી જિલ્લા સ્તરે પ્રદર્શિત કરતું પોર્ટલ બનાવનાર દેશના પ્રથમ રાજ્ય તરીકેનો દરજ્જો પ્રાપ્ત કરેલ છે.

- સરકારી કચેરીઓની છત પર સોલર રૂફટોપ સિસ્ટમ સુવિધામાટે **₹ ૨૭૮ કરોડ**ની જોગવાઇ.
- બેટરી સંચાલિત દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનોની ખરીદી પર સબસિડી આપવા **₹ ૧૬ કરોડ**ની જોગવાઇ.
- ગૌશાળાઓ, પાંજરાપોળ, શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટ વગેરે જેવી ૭૦ જેટલી સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે **₹ ૧૨ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યની શાળાના બાળકોમાં Climate Experimental Learning Module દ્વારા મિશન લાઇફ પ્રવૃત્તિની જાગરૂકતા વધારવા **₹ ૯ કરોડ**ની જોગવાઇ.
- ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા હસ્તકના સ્મશાનગૃહોમાં ૧૨૦૦ સ્મશાનભઠ્ઠીઓ બેસાડવા **₹ ૭ કરોડ**ની જોગવાઇ.
- ગુજરાતમાં ગ્રીન સ્ટાર્ટઅપ એક્સિલરેશન કાર્યો માટે **₹ ૫ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યની સરકારી ઇમારતો પર સ્થાપિત સોલાર રૂફટોપ/વિન્ડ/હાઇબ્રીડ સિસ્ટમ માટે I OT આધારિત મોનિટરિંગ વ્યવસ્થા માટેનું આયોજન.

માનનીય અધ્યક્ષશ્રી,

અમારી સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬–૨૭ માટે રજૂ કરાયેલું આ ઐતિહાસિક બજેટ, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીનાવિકસિત ભારત@૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળદ્રઢ પગલાં ભરી રહ્યું છે. નાગરિકોની સુખાકારી અને સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને તૈયાર થયેલા આ બજેટથી ગુજરાત આર્થિક અને સામાજિક વિકાસના નવા શિખરો સર કરશે.

હવે હું ૨૦૨૪–૨૫ વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ.

વર્ષ૨૦૨૪–૨૫ નો હિસાબ

વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ચોખ્ખી લેવડ–દેવડના કારણે **₹ ૩૪૪ કરોડની પુરાંત** રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી. વર્ષ૨૦૨૪–૨૫ માટેના હિસાબમાં ચોખ્ખી લેવડ–દેવડના કારણે **₹ ૨૭૧ કરોડની ખાધ** દર્શાવેછે.

(₹ કરોડમાં)

		વર્ષ૨૦૨૪–૨૫ના સુધારેલા અંદાજ	**વર્ષ૨૦૨૪–૨૫ના હિસાબ**
(૧)	**એકત્રિતફંડ**		
	મહેસૂલી આવક	૨૩૧૫૩૧	૨૧૮૫૫૪
	મહેસૂલી ખર્ચ	૨૧૦૧૮૧	૧૯૯૬૧૧

	મહેસૂલી હિસાબ પર પુરાંત	(+)૨૧૩૫૦	(+)૧૮૯૪૩
	મૂડીની આવક	૭૭૮૦૧	૫૨૩૨૫
	લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ	૧૦૨૮૦૭	૯૮૧૦૬
	તફાવત	(−)૨૫૦૦૬	(−)૪૫૭૮૧
	સરવાળો (૧) એકત્રિતફંડ (ચોખ્ખું)	(−)૩૬૫૬	(−)૨૬૮૩૮
(૨)	**આકસ્મિક ફંડ (ચોખ્ખું)**	---	---
(૩)	**જાહેર હિસાબ (ચોખ્ખો)**	(+)૪૦૦૦	(+)૨૬૫૬૭
	સરવાળોઃ ચોખ્ખી લેવડ−દેવડ (૧+૨+૩)	(+)૩૪૪	(−)૨૭૧

વર્ષ ૨૦૨૫−૨૬ના સુધારેલા અંદાજ

વર્ષ ૨૦૨૫−૨૬ના અંદાજમાં ચોખ્ખી લેવડ−દેવડના કારણે **₹ ૧૦૦૭ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા હતી. વર્ષ ૨૦૨૫−૨૬ના અંતે ચોખ્ખી લેવડ−દેવડના કારણે સુધારેલ અંદાજમાં **₹ ૧૨૦૮૮ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા છે.

(₹ કરોડમાં)

		વર્ષ ૨૦૨૫−૨૬ના અંદાજ	**વર્ષ૨૦૨૫−૨૬ના સુધારેલા અંદાજ**
(૧)	**એકત્રિતફંડ**		
	મહેસૂલી આવક	૨૫૧૫૫૩	૨૫૨૭૦૯
	મહેસૂલી ખર્ચ	૨૩૧૮૫૮	૨૨૮૯૮૪
	મહેસૂલી હિસાબ પર પુરાંત	(+)૧૯૬૯૫	(+)૨૩૭૨૫
	મૂડીની આવક	૧૧૧૭૦૧	૯૭૨૫૧
	લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ	૧૩૩૮૮૯	૧૨૩૫૫૪
	તફાવત	(−)૨૨૧૮૮	(−) ૨૬૩૦૩
	સરવાળો (૧) એકત્રિતફંડ (ચોખ્ખું)	(−)૨૪૯૩	(−)૨૫૭૮
(૨)	**આકસ્મિક ફંડ (ચોખ્ખું)**	---	---
(૩)	**જાહેર હિસાબ (ચોખ્ખો)**	(+)૩૫૦૦	(+) ૧૪૬૬૬
	સરવાળોઃ ચોખ્ખી લેવડ−દેવડ (૧+૨+૩)	(+)૧૦૦૭	(+) ૧૨૦૮૮

વર્ષ ૨૦૨૬−૨૭ નો અંદાજ

માનનીય અધ્યક્ષશ્રી,

વર્ષ ૨૦૨૬−૨૭ના અંદાજ મુજબ મહેસૂલી હિસાબ પર પુરાંત **₹ ૨૫૫૮૬ કરોડ** રહેશે. મહેસૂલી હિસાબ સાથે મૂડી હિસાબ અને ચોખ્ખો જાહેર હિસાબ ગણતરીમાં લેતાં વર્ષ ૨૦૨૬−૨૭ના અંદાજ **₹ ૧૧૮૪કરોડ**ની એકંદર પુરાંત દર્શાવે છે.

(₹ કરોડમાં)

		વર્ષ૨૦૨૬−૨૭ના અંદાજ
(૧)	**એકત્રિતફંડ**	
	મહેસૂલી આવક	૨૭૧૬૦૨
	મહેસૂલી ખર્ચ	૨૪૬૦૧૬
	મહેસૂલી હિસાબ પર પુરાંત	(+) ૨૫૫૮૬
	મૂડીની આવક	૧૨૩૦૦૦
	લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ	૧૫૭૩૫૮
	તફાવત	(−)૩૪૩૫૮
	સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)	(−)૮૭૭૨
(૨)	**આકસ્મિક ફંડ (ચોખ્ખું)**	−
(૩)	**જાહેર હિસાબ (ચોખ્ખો)**	(+) ૯૯૫૬
	સરવાળોઃ ચોખ્ખી લેવડ−દેવડ (૧+૨+૩)	(+) ૧૧૮૪

અંદાજપત્રની રજૂઆત

માનનીય અધ્યક્ષશ્રી,

હવે,હું મારા અંદાજપત્રનો ભાગ–ખ રજૂ કરીશ.

સને ૨૦૨૬–૨૭ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત ₹ ૧૧૮૪ કરોડની રહેશે

અંદાજપત્રના ભાગરૂપે હવે હું, ચાલુ નાણાકીય વર્ષે કરવામાં આવેલ સુધારાની વિગતો આ સન્માનનીય ગૃહના ધ્યાને મૂકવાની સાથોસાથ વર્ષ ૨૦૨૬–૨૭ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

જીએસટી

ગુજરાતના પનોતા પુત્ર અને આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્ર મોદીજીએ ૭૯મા સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી "Reform Express" ના રોડમેપની ઘોષણા કરેલ હતી. જેમાં જીવન જરૂરીયાતની અનેક ચીજ વસ્તુઓ જે સામાન્ય જન સમૂહને અસર કરે છે, તેના પર ટેક્સમાં મોટી રાહત અને GST કાયદામાં સરળીકરણ કરવાની જાહેરાત કરી હતી.

તા.૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાયેલી ૫૬મી GST કાઉન્સીલની બેઠકમાં જીએસટી કાયદામાં ઐતિહાસિક Next-Gen સુધારા સાથે પ્રજાલક્ષી GST 2.0 ની જાહેરાત કરી હતી. જે અન્વયે તબક્કાવાર કરેલ અમલીકરણ થકી "Ease of Living" અને "Ease of Doing Business" ને પ્રોત્સાહન મળેલ છે. આ નિર્ણયોથી વિવિધ લાભાર્થીઓ, ખાસ કરીને સામાન્ય માણસ, ખેડૂત તથા નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને સીધો અને નોંધપાત્ર લાભ થઈ રહેલ છે.

- વેરા ઘટાડાના પરિણામે એક જ વર્ષમાં આશરે રૂ.૧૧,૦૦૦ કરોડ જેટલી જીએસટી વેરાની બચત થકી રાજ્યની જનતાને લાભ થનાર છે.

- કરદાતાઓની વર્કીંગ કેપીટલ બ્લોક ન થાય તે હેતુસર જોખમના મૂલ્યાંકનના આધારે કરાયેલા રિફંડની ૯૦% રકમ દિન–૭ માં પ્રોવિઝનલ રિફંડ તરીકે ચુકવવાની જોગવાઈ કરવામાં આવી.

- રજીસ્ટ્રેશન પ્રક્રિયાને સરળ બનાવવા માટે વૈકલ્પિક સરળ GST રજીસ્ટ્રેશન યોજના શરૂ કરવામાં આવી. નાના અને મધ્યમ ઉદ્યોગકારો, કે જેઓ દર મહિને રૂ.૨.૫ લાખ સુધીની વેરાશાખ પાસ ઓન કરે, તો તેઓને કામકાજના ત્રણ દિવસમાં જીએસટી નંબર મળી રહે તેવી જોગવાઈ કરવામાં આવી. આ યોજના હેઠળ ત્રણ જ માસમાં આશરે ૫૨,૦૦૦ જેટલા વેપારીઓએ નોંધણી નંબર મેળવેલ છે.

જીએસટી આવક

જીએસટી તંત્રની કાર્યદક્ષતા અને રાજ્યના કરદાતાઓના સહકારથી ગત નાણાકીય વર્ષના ટેક્સ કલેક્શનની સરખામણીમાં ચાલુ નાણાકીય વર્ષે ૧૨%થી વધુની વૃદ્ધિ હાંસલ કરેલ છે.

જીએસટી રજીસ્ટ્રેશન

ગુજરાતમાં જીએસટી હેઠળ નોંધાયેલ કરદાતાઓમાં, ગત નાણાકીય વર્ષ કરતા આશરે ૮ % વધારા સાથે હવે કુલ નોંધાયેલ કરદાતાઓની સંખ્યા ૧૩.૬૯ લાખ થયેલ છે.

જીએસટી રીટર્ન

ગુજરાતના કરદાતાઓની શિસ્તબદ્ધતાના પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ગુજરાત રાજ્યે સમગ્ર દેશમાં સતત પ્રથમ ક્રમ જાળવી રાખેલ છે. આ સિદ્ધિ માટે રાજ્યના આર્થિક વિકાસમાં સહભાગી થવા માટે રાજ્યના તમામ કરદાતાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

મોટર વાહન વેરો

વેપારીઓની સુવિધાઓ અને રજીસ્ટ્રેશન પ્રક્રિયાના સરળીકરણની વાત કરીએ તો જામનગરના વેપારીઓએ રજીસ્ટ્રેશનના બાયોમેટિક અને ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે જૂનાગઢ આવવુ પડતુ હતુ. તેઓને અગવડતા પડતી હતી અને સમયનો વ્યય થતો હતો. તેવા વેપારીઓની સવિધા માટે જીએસટી રજીસ્ટેશન પ્રક્રિયાને વધુ સરળ બનાવતા તારીખ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬થી જામનગર ખાતે

અઠવાડીયામાં બે દિવસ રજીસ્ટ્રેશનના બાયોમેટ્રીક અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે. આ સવિધાઓનો વ્યાપ વધારતા આગામી સમયમાં આણંદ. ભરૂચ, મોરબી, સુરેન્દ્રનગર, ભૂજ તેમજ પાટણ ખાતે પણ આ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી ની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવાના ભાગરૂપે પર્યાવરણની જાળવણી અને સંવર્ધન માટે જે ઈલેકટ્રીક વાહનો પર ૬% સુધી ઉચ્ચક (Lump sum) વાહન વેરો અમલમાં છે, તેવા સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર ૧ વર્ષ માટે ૫% સુધી રીબેટ આપી અસરકારક ૧% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય ગત બજેટમાં જાહેર કરવામાં આવેલ હતો. એક વર્ષની આ સમયમર્યાદા પૂરી થનાર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર દ્વારા આ રીબેટને વધુ એક વર્ષ લંબાવવાની જાહેરાત કરૂ છું. આ નિર્ણયથી પર્યાવરણ સંવર્ધનની સાથોસાથ રાજ્યની જનતાને આશરે રૂ. ૨૧૦ કરોડ જેટલી રાહત પહોંચાડવાનો શુભ આશય રહેલ છે.

સમાપન

સને ૨૦૨૬–૨૭ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

(રકમ ₹ કરોડમાં)

(૧)	અંદાજ અનુસારની પુરાંત		**(+) ૧૧૮૪**
(૨)	કરવેરામાં સૂચિત વધારો	**(+) ૦૦**	
(૩)	કરવેરામાં સૂચિત ઘટાડો	**(–)૨૧૦**	
(૪)	એકંદર અંદાજીત પુરાંત		**(+) ૯૭૪**

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના વિકસિત ભારત – ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માટે માન. મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ વિકસિત ગુજરાત – ૨૦૪૭ના રોડમેપના લક્ષ્ય સાથે મહત્તમ ફાળો આપવા માટે ગુજરાત આગળ વધી રહેલ છે. આ રોડમેપ પર રાજ્યની અવિરત વિકાસયાત્રાને જાળવી રાખવા માટે સંતુલિત અંદાજપત્ર રજૂ કરવાનો મેં નમ્ર પ્રયાસ કર્યો છે. સૌ ગૌરવશાળી ગુજરાતીઓ રાજ્યની વિકાસયાત્રામાં સહભાગી થઈ રહ્યા છે ત્યારે આ સન્માનનીય સભાગૃહ મારફત હું તમામ ગુજરાતીઓના પ્રામાણિક પ્રયાસોને બિરદાવું છું.

જય હિન્દ, જય જય ગરવી ગુજરાત,

સન્માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

સને ૨૦૨૬–૨૭ના નાણાકીય વર્ષનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.

સભાગૃહનું કામકાજ બપોરના ૨–૨૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
ગુરુવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬
માઘ ૩૦, ૧૯૪૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ કલાકે મળ્યું.
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો
પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત મંજૂર પ્રોજેકટ

***15/8/250 શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ** (નારણપુરા): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત અમદાવાદ શહેરમાં કોઈ પ્રોજેકટ મંજૂર થયેલ છે, અને	(૧)	હા.જી
(૨)	જો હા, તો કુલ કેટલા આવાસના અને કેટલી રકમના પ્રોજેકટો મંજૂર થયેલ છે?	(૨)	રાજયકક્ષાએથી કુલ ૨૭૬૫૦ આવાસો માટે રૂ.૩૧૩૪.૪૭ કરોડના પ્રોજેકટો મંજૂર થયેલ છે.

શ્રી જિતેન્દ્રકુમાર ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી–૨ અંતર્ગત અમદાવાદ શહેરમાં કેટલા આવાસો મંજૂર કરવામાં આવેલા છે? જે પૈકી અમદાવાદ મહાનગરપાલિકા, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ અને ગુજરાત હાઉસિંગ બોર્ડના કેટલા આવાસો કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ૨૩,૦૨૪ આવાસો રૂ.૭૬.૬૫ કરોડના ખર્ચે, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) મારફતે ૪,૨૯૦ આવાસો રૂ.૩૦૩.૮૧ કરોડના ખર્ચે અને ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ૩૩૬ આવાસો રૂ.૫૪.૦૧ કરોડના ખર્ચે આમ, કુલ ૨૭,૬૫૦ આવાસો રૂ.૩૧૩૪.૪૭ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવેલા છે.

ડૉ. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ અંતર્ગત કયા–કયા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે? અને ઘટકવાર સહાયના ધોરણો અને લાભાર્થીનો ફાળો શું છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કુલ ચાર ઘટકો હોય છે. પહેલાં ઘટકમાં બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રક્શનમાં કેન્દ્ર સરકારની સહાય રૂપિયા દોઢ લાખ અને રાજ્ય સરકારની સહાય રૂપિયા અઢી લાખ છે. એમ કુલ રૂપિયા ચાર લાખની સહાય આપવામાં આવે છે અને જે રકમ ખૂટે એ લાભાર્થી પોતે ઉમેરે છે. એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપમાં કેન્દ્ર સરકારની રૂપિયા દોઢ લાખ અને રાજ્ય સરકારની રૂપિયા બે લાખની સહાય છે અને ઇ.ડબલ્યુ.એસ.ના લાભાર્થી હોય તો એનો પોતાનો ફાળો રૂપિયા સાત લાખ હોય છે. ઇ.ડબલ્યુ.એસ. સેકન્ડમાં હોય તો એને રૂપિયા નવ લાખ હોય છે. એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ બહુ વધારે પ્રચલિત નથી પરંતુ એમાં પ્રતિ ચોરસમીટર રૂ.પાંચ હજાર આપવામાં આવે છે. ઇન્ટરેસ્ટ સબસિડી મહત્તમ રૂ.૧ લાખ ૮૦ હજાર આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જે પ્રોજેકટો મંજૂર કરવામાં આવ્યા છે. એમાં એફોર્ડેબલ હાઉસિંગના અને ઇ.ડબલ્યુ.એસ.ના કેટલા મકાનો હશે? અને છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિગતો હું તેમને આપી દઈશ.

ઉમરગામ તાલુકાની પ્રાથમિક શાળાઓનું મહેકમ

*15/8/314 **શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર** (ઉમરગામ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ
(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલ છે,		(૧) ૧૫૪

<table>
<tr><td>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં કુલ મંજૂર મહેકમ કેટલું છે, તેમાંથી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને</td><td></td><td>(૨)<table><tr><th>ધોરણ</th><th>મંજૂર મહેકમ</th><th>ભરાયેલ</th><th>ખાલી</th></tr><tr><td>ધો.૧ થી ૫</td><td>૫૭૯</td><td>૫૫૧</td><td>૨૮</td></tr><tr><td>ધો.૬ થી ૮</td><td>૩૪૭</td><td>૩૨૪</td><td>૨૩</td></tr></table></td></tr>
<tr><td>(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે?</td><td></td><td>(૩) બનતી ત્વરાએ.</td></tr>
</table>

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ તાત્કાલિક તંદુરસ્ત થઇને આવી ગયા એ માટે અભિનંદન અને ખૂબ ખૂબ શુભકામનાઓ.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામ તાલુકામાં ૧૫૪ જેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે અને તેમાં ૫૧ જેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે. વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો મળતા નથી તો તેના માટે સરકાર શું પગલાં ભરવા માગે છે? અને કેટલા સમયમાં આ ખાલી જગ્યા ભરવામાં આવશે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ચિંતા કરી છે ત્યારે શિક્ષકની ઘટ હોવા અંગેના જે કારણો છે તે સત્રાંતે નિવૃત્ત થવાના કારણે ૨૩ શિક્ષકો અને જિલ્લા ફેરબદલી થવાના કારણે ૧૬ શિક્ષકો મળીને કુલ ૩૯ જગ્યા ખાલી પડેલ છે. ઉમરગામ તાલુકામાં ધોરણ-૬થી ૮માં ૧૧ વિદ્યાસહાયકોની જિલ્લા પસંદગી બાદ વિદ્યાસહાયકો હાજર થયેલ છે. ખાલી પડેલી જગ્યાઓ ઉપર કાયમી શિક્ષકની નિમણૂક ન થાય ત્યાં સુધી શિક્ષણ વિભાગની જ્ઞાન સહાયક યોજના અંતર્ગત ૨૦ જ્ઞાન સહાયકને ઉમરગામ તાલુકાની ખાલી જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂક આપવામાં આવેલ છે અને આગામી સમયમાં નવી વિદ્યાસહાયકની ભરતી અંગેની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે. જયાં સુધી આ ભરતી ન થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે શિક્ષણ વિભાગના તારીખ ૧૦મી જુલાઇ ૨૦૨૩ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ જ્ઞાન સહાયક યોજના અંતર્ગત આ ખાલી જગ્યા ભરવાનું આયોજન છે.

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના મહેકમ અંગેની શું સ્થિતિ છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળામાં શિક્ષકોના મહેકમ અંગે પૂછ્યું છે ત્યારે એને હું ત્રણ ગૃપમાં વર્ગીકરણ કરીશ. ધોરણ-૧ થી ૫, ધોરણ-૬થી ૮ અને ત્રીજું વિષયવાર. જવાબ ખૂબ લાંબો છે પણ હું ટકાવારીમાં કહીશ અને કદાચ માનનીય સભ્યશ્રીને જોઇતો હશે તો એમને મોકલાવી દઇશ. વલસાડ તાલુકામાં ધોરણ ૧થી ૫માં ખાલી જગ્યાની ટકાવારી શૂન્ય છે. પારડીમાં ખાલી જગ્યાની ટકાવારી શૂન્ય છે. વાપીમાં ૫.૭૧ ટકા છે. ઉમરગામમાં ૪.૮૪ ટકા છે. ધરમપુરમાં ૨.૨૭ ટકા છે અને કપરાડામાં ૬.૫૮ ટકા છે. વલસાડ જિલ્લાનું ધોરણ ૧થી ૫નું કુલ મહેકમ જોઇએ તો માત્ર ૩.૮ ટકા જ ખાલી જગ્યાની ટકાવારી છે. ધોરણ ૬થી ૮માં વલસાડમાં શૂન્ય છે. પારડીમાં શૂન્ય છે. વાપીમાં ૫.૭૧ ટકા છે. ઉમરગામમાં ૪.૮૩ ટકા છે. ધરમપુરમાં ૨.૨૭ ટકા છે અને કપરાડામાં ૬.૫૮ ટકા છે. કુલ મળીને ૩.૮ ટકા છે. ધોરણ-૬થી ૮ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિષયવાર શિક્ષકોના મહેકમમાં, વલસાડમાં ગણિત-વિજ્ઞાનમાં ૧૧૦માંથી ૧૧૦ જગ્યાઓ ભરેલી છે. પારડીમાં ગણિત-વિજ્ઞાનમાં ૫૮માંથી ૫૮ છે. વાપીમાં ૫૦માંથી ૫૦ છે. ઉમરગામમાં ૧૧૪માંથી ૧૧૦ છે. ધરમપુરમાં ૧૦૯માંથી ૧૦૯ છે અને કપરાડામાં ૧૬૫ છે. આ જ રીતે સામાજિક વિજ્ઞાન અને ભાષામાં પણ આવી ટકાવારીનું બહુ વિસ્તૃત ટેબલ છે એટલે હું પછી માનનીય સભ્યશ્રીને આપી દઇશ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે જ્ઞાન સહાયક યોજના અંતર્ગત શિક્ષકો પૂરા પાડવામાં આવ્યા છે. જ્ઞાન સહાયક યોજના ૧૧ માસના કરાર આધારિત શિક્ષકો પૂરા પાડવાની યોજના છે ત્યારે હું આપના માધ્યમથી જાણવા માગું છું કે જ્ઞાન સહાયકોથી શિક્ષકોની જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂક આપવામાં આવી છે એમને કાયમી કરવા માગો છો કે કેમ?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એમાં જણાવું તો જ્ઞાન સહાયક એ માત્ર વૈકલ્પિક વ્યવસ્થા છે. જયાં સુધી નિયમો પ્રમાણે આપણી પાસે વિદ્યાસહાયકો પૂરતી માત્રામાં એમની લાયકાત પ્રમાણે ઉપલબ્ધ નથી ત્યારે જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવે છે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રના ઘડતરમાં શિક્ષણ પાયામાં છે. જે રીતે જ્ઞાન સહાયકથી માંડીને જે વ્યવસ્થા કરેલ છે તે વૈકલ્પિક છે પણ વલસાડ જિલ્લામાં આ જગ્યા કાયમી ભરવા માટેનું શું આયોજન છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે વર્ષ ૨૦૨૪માં કરવામાં આવેલ જાહેરાત મુજબના વિદ્યાસહાયકોની ભરતી અંગેની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. જે અંતર્ગત ૨૭ વિદ્યાસહાયકની નિમણૂક કરવામાં આવી છે. હાલ વલસાડ જિલ્લામાં ખાલી જગ્યા ઉપર વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ૪૧ જ્ઞાન સહાયક કાર્યરત છે. હાલ રાજ્યમાં કાર્યરત પ્રાથમિક શિક્ષકોના વર્ષ ૨૦૨૫-૨૬ માટેના જિલ્લાફેર બદલીની કાર્યવાહી પૂર્ણ થયેથી દસ

તારાંકિત પ્રશ્નો

વર્ષીય ભરતી કેલેન્ડરમાં મળેલ મંજૂરી અનુસાર વિદ્યાસહાયકની ભરતી અંગેની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે અને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે શિક્ષણ વિભાગના તા.૧૦મી જુલાઇ, ૨૦૨૩ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ જ્ઞાન સહાયક યોજના અંતર્ગત આ ખાલી જગ્યા ભરવાનું આયોજન છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ભરૂચ નગરપાલિકામાં મંજૂર રોડ

*15/8/254 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી** (ભરૂચ)**: માનનીય મંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં ભરૂચ નગરપાલિકામાં રોડના કેટલા કામ મંજૂર કરવામાં આવ્યા છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ-૩ કામો અને વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ-૧ કામ એમ કુલ-૪ (ચાર) રોડના કામો ભરુચ નગરપાલિકામાં રોડના મંજૂર કરવામાં આવ્યા છે.
(૨)	ઉક્ત મંજૂર થયેલ કામ ઉકત સ્થિતિએ કયા તબક્કે છે, અને	(૨)	ભરુચ નગરપાલિકામાં ઉકત મંજૂર થયેલ વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ-૩ કામો અને વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ-૧ કામ એમ કુલ-૪(ચાર) રોડના કામો ભૌતિક પ્રગતિ હેઠળ છે.
(૩)	ઉક્ત મંજૂર થયેલ કામ અંતર્ગત કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	ઉકત મંજુર થયેલ કામો અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ-૩ કામો માટે રૂ.૧૨.૩૪ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે, તે પૈકી રૂ.૯.૩૮ કરોડનો ખર્ચ થયેલ છે અને વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ-૧ કામ માટે રૂ.૧.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે, તે પૈકી કોઈ ખર્ચ થયેલ નથી.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભરૂચ જિલ્લામાં ભરૂચ, અંકલેશ્વર, આમોદ, જંબુસર આ ચારેય નગરપાલિકામાં મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત ખૂબ વ્યાપક કામો થયાં છે અનેક કામો ચાલુ વર્ષે પણ મંજૂર કરવામાં આવ્યાં છે. શહેરના નાગરિકોને આ સુવિધાથી ખૂબ સંતોષ છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત આ સિવાયના કયા કયા કામો નગરપાલિકામાં કરી શકાય છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓને તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ-૨૦૨૪-૨૫ દરમિયાન અને વર્ષ-૨૦૨૫-૨૬ દરમિયાન ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે. જે કામોની યાદી તેમણે માગી છે તેમાં ભૂગર્ભ ગટર અને પાણી પુરવઠાનાં કામોને લીધે નુકસાન થયેલાં રસ્તાઓને પુનઃસ્થાપિત કરવા માટે, રસ્તા પેવર, રીસર્ફેસિંગનાં કામો, નવા રસ્તા બનાવવાનાં કામો, કાચા રસ્તાને પાકા રસ્તા બનાવવાનાં કામો, સી.સી.રોડનાં કામો, ચોમાસા દરમિયાન નુકસાન થયેલાં રસ્તાનાં કામો અને જાહેર રસ્તા પર બ્લોક પેવિંગ અને ફૂટપાથનાં કામો લેવામાં આવે છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મુખ્યમંત્રી શહેર સડક યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં આવેલી તમામ નગરપાલિકાઓને વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ એમ બે વર્ષ દરમિયાન મુખ્યમંત્રી સડક યોજના હેઠળ કેટલી મંજૂર કરવામાં આવી?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ નગરપાલિકામાં તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૪-૨૫માં રૂપિયા ૧૨ કરોડ ૩૪ લાખ ફાળવવામાં આવ્યા, તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ બીજા વર્ષે રૂપિયા ૧ કરોડ ફાળવવામાં આવ્યા, અંકલેશ્વરમાં વર્ષ ૨૦૨૪-૨૫માં રૂપિયા ૮૦ લાખ ફાળવવામાં આવ્યા જયારે આ વર્ષે રૂપિયા ૧ કરોડ, જંબુસરમાં રૂપિયા ૬૦ લાખ અને આ વર્ષે રૂપિયા ૮૦ લાખ અને આમોદમાં રૂપિયા ૪૦ લાખ અને આ વર્ષે રૂપિયા ૪૦ લાખ ફાળવવામાં આવ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વર્ષ ૨૦૨૪-૨૫ની અંદર મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ત્રણ કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આપશ્રીએ ગઇકાલે વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કર્યું. વર્ષ ૨૦૨૪-૨૫માં ફાળવેલી ગ્રાન્ટ એ ત્રીજું બજેટ ફાળવાયા પછી પણ આપના જવાબમાં આપે લખ્યું છે કે, ત્રણે ત્રણ કામ હાલ પ્રગતિ હેઠળ છે. એટલે વર્ષ ૨૦૨૫-૨૬માં જે ગ્રાન્ટ ફાળવી હશે તે કયાં હશે તેનો આઇડીયા નથી. એટલે માનનીય મંત્રીશ્રીને એ વિનંતી છે કે આ વર્ષ ૨૦૨૪-૨૫માં ફળવાયેલી ગ્રાન્ટ એમાં ત્રીજું બજેટ રજૂ થયા પછી પણ રોડ

બન્યા નથી અને રોડની પરિસ્થિતિ આજે રાજયમાં શું છે તે આપણે જાણીએ છીએ માટે તેનું શું કારણ અને આપના બીજા જવાબમાં એવું લખ્યું છે કે, ભરૂચ નગરપાલિકાના ઉપરોકત મંજૂર થયેલા વર્ષ ૨૦૨૫-૨૬માં એક કામ પૂર્ણ એમ ચાર રોડ હાલ ભૌતિક પ્રગતિ હેઠળ છે. ચોથું કામ જયારે ભૌતિક પ્રગતિ હેઠળ હોય તેમ છતાં પણ ત્રીજા જવાબમાં એમ લખ્યું છે કે, એક કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તો એક કરોડ રૂપિયાની ફાળવણી શેમાં કરવામાં આવી છે તે માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે કામો મંજૂર કરવામાં આવે અને તેના ટેન્ડર કરવામાં આવે પછી જમીન ફાળવણીના કે બીજા કોઇ પ્રશ્નો આવે તેના લીધે કામોની પ્રગતિ રોકાય છે તે કામો પૂર્ણ કરવામાં આવશે.

અમદાવાદ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર લેવા બા

*** 15/8/193 શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ**(વિરમગામ) **: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને	(૧) ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર વસુલવામાં આવતો નથી.
(૨)	આ વીજ કર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?	(૨) ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને વીજ કરમાંથી મુકિત આપવામાં આવેલ છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે રાજ્યના માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે અંદાજિત સવા ચાર લાખ કરોડ રૂપિયાનું જે બજેટ ફાળવ્યું છે એ બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. વિશેષ અભિનંદન એ માટે આપીશ કે બજેટની અંદર અમારા સાણંદ, બાવળા અને વિરમગામના નળકાંઠા વિસ્તારની સિંચાઇ માટે અંદાજિત રૂપિયા ૮ હજાર કરોડ રૂપિયાની ફાળવણી પણ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્ય સરકાર દ્વારા કઇ કઇ કેટેગરીમાં વીજ કરમાં રાહત આપવામાં આવેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડીમાં બોર અથવા કૂવા માટે વપરાતી મોટરમાંથી પાણી કાઢી ખેતીની સિંચાઇ માટે ઉપયોગ કરવામાં થતા વીજ વપરાશ તથા તેના માટે લાઇટિંગમાં થતાં વીજ વપરાશ પર કર લેવામાં આવતો નથી. રીન્યુએબલ એનર્જી એટલે કે સોલાર અને પવન ઊર્જાથી ઉત્પન્ન થતી વીજળી ઉપર વીજ કર લેવામાં આવતો નથી. હોસ્પિટલ, ડિસ્પેન્સરી કે જેનો હેતુ નફો કરવાનો ન હોય એમની પાસેથી વીજ કર લેવામાં આવતો નથી. ગ્રામ્ય વિસ્તારના રહેણાંક કક્ષાના વીજ ગ્રાહકો વાર્ષિક ૨૫૦ યુનિટ સુધી વપરાશ કરતાં હોય એમની પાસેથી વીજ કર લેવામાં આવતો નથી. કેન્દ્ર સરકારના રહેણાંક સિવાયના ઓફિસ કામના બધા મકાનો ઉપર વીજ કર લેવામાં આવતો નથી. ગુજરાત સરકારના રહેણાંક સિવાયના પ્રિમાઇસિસમાં થતાં વીજ વપરાશ પર વીજ કર લેવામાં આવતો નથી. ગુજરાત સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, નોટિફાઇડ એરિયા, કેન્ટોન્મેન્ટ એરિયા સંચાલિત પબ્લિક સ્ટ્રીટ લાઇટ, પબ્લિક વોટર વર્કસ, પબ્લિક ગાર્ડન, પબ્લિક મ્યુઝિયમ, પબ્લિક ડ્રેનેજમાં જતાં વીજ વપરાશ પર વીજ કર લેવામાં આવતો નથી. સેઝમાં આવતાં નવા ઔદ્યોગિક એકમો પાસેથી વીજ કર લેવામાં આવતો નથી. હયાત એકમમાં ઉદ્યોગમાં વધારો થાય તો એના માટે ૫ વર્ષ સુધી વીજ કરમાં સંપૂર્ણ રાહત છે. નવા ઔદ્યોગિક એકમો માટે ૫ વર્ષ માટે રાહત છે. ટુરિઝમ પોલિસી અંતર્ગત મંજૂર થયેલ ટુરિઝમ એકમો ઉપર પાંચ વર્ષ સુધી કરમાં સંપૂર્ણ રાહત છે. ઉચ્ચ દબાણવાળું વીજ સ્થાપન ધરાવતા ઔદ્યોગિક એકમો માટે વીજ કરમાં ૫ વર્ષ સુધી ૫ ટકા રાહત આપવામાં આવે છે. આ ઉપરાંત ૧૨૫ કે.વી.એ. સુધીના જનરેટિંગ સેટ, ડી.જી.સેટ ઉપર વીજ કર લેવામાં આવતો નથી.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ મારા મિત્રની માફક માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને ગુજરાતના ઐતિહાસિક બજેટ માટે ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું અને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી ક્યારથી વીજ કર વસૂલવામાં આવતો નથી તથા પહેલા કયા દરે વસૂલવામાં આવતો હતો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી એમણે તા. ૩૦-૬-૨૦૦૪ સુધી જે ૫ ટકા લેખે દર વસૂલવામાં આવતો હતો એને તા. ૧-૪-૨૦૦૭થી સંપૂર્ણ મુકિત આપવામાં આવી છે.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્યનો વિકાસ એમાં ઇલેકિટ્રસિટી એ પાયાનું પરિબળ છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ વીજ દર શેના પર લાગું પડે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ વીજ દર, ઇલેકિટ્રસિટી ડ્યૂટીના દર, વીજ વપરાશ ચાર્જીસ એટલે કે ફિક્સ ચાર્જ, એનર્જી ચાર્જીસ અને ફ્યુઅલ ચાર્જીસ પર લાગુ પડે છે.

છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાના નવીન ઓરડાઓ

તારાંકિત પ્રશ્નો

***15/8/234 શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી** (સંખેડા) :**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાના નવીન ઓરડાઓ કેટલી રકમના કેટલા મંજુર કરવામાં આવ્યા, અને	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં • મંજુર થયેલ ઓરડા –૨૫૪ • મંજુર થયેલ રકમ – રૂ. ૫૦.૬૨ કરોડ
(૨)	ઉક્ત મંજૂર ઓરડાઓ પૈકી કેટલા ઓરડાઓનું બાંધકામ ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયેલ છે ?	(૨)	૨૦૫ ઓરડાઓનું બાંધકામ પૂર્ણ

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે આદરણીય શ્રી કનુભાઈ દેસાઇ સાહેબે જે બજેટ રજૂ કર્યું એમાં આ આદિવાસી વિસ્તારની જે સિંચાઈની યોજનાઓ અમારા પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુરને ન્યાય આપ્યો છે એ બદલ માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું અને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫માં છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા વર્ગખંડો મંજૂર કરવામાં આવ્યા અને કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ છોટા ઉદેપુર જિલ્લા માટે ચિંતા વ્યક્ત કરી છે ત્યારે હું માહિતી આપવા માગું છું કે, છોટા ઉદેપુર જિલ્લામાં ૬ તાલુકા બોડેલી, છોટા ઉદેપુર, જેતપુર–પાવી, કવાંટ, નસવાડી અને સંખેડા એટલે કે, વર્ષ ૨૦૨૩–૨૪માં ૬ તાલુકાઓની કુલ ૩૩ શાળાઓ માટે ૧૬૫ વર્ગખંડ છે એ મંજૂર કરવામાં આવ્યાં અને મંજૂર થયેલ રકમ રૂ.૩૨.૭૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૩–૨૪માં વર્ગખંડો મંજૂર કરવામાં આવ્યા એ તમામ ૧૬૫ વર્ગખંડોનું કામ પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૨૩–૨૪માં છોટા ઉદેપુર જિલ્લાના ૩ તાલુકા એટલે કે બોડેલી, જેતપુર પાવી અને સંખેડાના ૧૯ શાળાની સંખ્યાના ૮૯ વર્ગખંડો મંજૂર કરવામાં આવ્યા. જેમાં ૪૦ વર્ગખંડોનું કામ પૂર્ણ થયું છે અને ૪૯ વર્ગખંડોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે જેની કુલ મંજૂર રકમ રૂ. ૧૭.૭૪ કરોડ છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, છોટા ઉદેપુર જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ મુજબ તાલુકાવાર કેટલા વર્ગખંડો ખૂટે છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને હું જણાવવા ઇચ્છું છે કે શાળાના વર્ગખંડ માટે રાઇટ ટુ એજ્યુકેશન અધિનિયમની કલમ–૧૯ અને ૨૫માં એના ધારા–ધોરણ અંગેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે જેમાં પ્રાથમિક વિભાગ ધોરણ ૧થી ૫ માટે ૧થી ૩૦ બાળકો હોય ત્યાં સુધી દર ૩૦ બાળક દીઠ એક વર્ગખંડ અને ત્યારબાદ પ્રત્યેક ૪૦ બાળકો માટે એક વર્ગખંડ ફાળવાય તેવી જોગવાઇ કરવામાં આવેલી છે. સાથેસાથે ધોરણ ૬થી ૮ માટે પ્રત્યેક ધોરણ માટે એક વર્ગખંડ એટલે કે ઓછામાં ઓછા ૩ વર્ગખંડો અને ત્યારબાદ ૩૫ બાળકોએ એક વર્ગખંડ મળવાપાત્ર છે. માનનીય સભ્યશ્રીએ પૂછેલ છે કે આર.ટી.ઈ. અંતર્ગત છોટા ઉદેપુર જિલ્લામાં કેટલા વર્ગખંડોની ઘટ છે ત્યારે કુલ ૬૧ શાળાની સંખ્યા સામે ૧૫૯ વર્ગખંડ ખૂટે છે જેનું આયોજન અંદાજપત્રમાં ચાલુ નાણાકીય બાબતમાં આપણે કરવાના છીએ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૨૫૪ ઓરડાઓ મંજૂર થયેલા છે અને બીજા કેટલા ઓરડાઓની ઘટ છે અને જે ઘટ છે એના માટે શું વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે અને એ ઘટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું એમને જવાબ પહોંચાડી દઈશ.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત બાંધવામાં આવતા વર્ગખંડની ડિઝાઇન હાલ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કેવી છે? અને ભૂતકાળની સરકારોમાં કેવી હતી અને એક વર્ગખંડ બાંધવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : આમાં ભૂતકાળ અને ભવિષ્યની વાતો ના હોય અત્યારે વર્તમાનની જ વાતો કરોને? (અંતરાય) આપની પાસે જવાબ હોય તો આપો. બાકી ભૂતકાળ કે ભવિષ્યની પોલિટિકલ પાર્ટીઓનું કહેવાની જરૂર નથી. (અંતરાય) બેસો, માનનીય શૈલેષભાઇ બેઠા બેઠા ચર્ચા નહીં કરો. અહીં વિધાનસભા એના નિયમ પ્રમાણે ચાલે છે. તમે બેસી જાઓ. બેઠા બેઠા ચર્ચા નહીં કરો. માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે એ વાજબી છે. જેમાં આપણે જૂની ડિઝાઇનની વાત કરીએ તો લો ફ્લોરિંગની ડિઝાઇન, એક અથવા બે વર્ગખંડની જરૂરિયાત હોય અને જગ્યા મર્યાદિત હોય તે જગ્યાએ જ આ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવતો હતો. વર્ગખંડનો એરિયા ૩૩.૨૯ ચોરસ મિટર નક્કી

કરવામાં આવેલો. જેમાં ઇંટ, ચણતરની દિવાલો, પતરાં કે આર.સી.સી.ની છત દ્વારા ઓરડા બનાવામાં આવતા હતા. બે દરવાજા, કબાટ, વરંડા, બાળકોની સંખ્યા આધારિત કુમાર અને કન્યા માટે શૌચાલયની વ્યવસ્થા, ઘાબા ઉપર પહોંચવા માટે સીડી તથા કેબીન, ગરમીની અસર ઓછી કરવા માટે ચાઇના મોઝેક, ગ્રીન બોર્ડ, પીનઅપ બોર્ડ, કોટા સ્ટોન સાથેનું કબાટ, રેમ્પ અને રેલિંગ તેમજ વીજળીકરણનો સમાવેશ કરવામાં આવતો જેનો અંદાજિત ખર્ચ ૩.૯.૧૭ લાખ હતો. પરંતુ ગુજરાતની સરકાર અને શિક્ષણ વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ખૂબ સંવેદનશીલ છે. બાળકોના ભવિષ્યની ચિંતા સતત કરતી સરકાર છે ત્યારે મને કહેતા આનંદ થાય કે બાળકો સુવિધાજનક વાતાવરણમાં મુકત રીતે અભ્યાસ કરી શકે તે માટે હાલના સરકારશ્રીના તા. ૮–૨–૨૦૨૨ તથા અત્રેની કચેરીના તા. ૧૪–૩–૨૦૨૨ના નોટિફિકેશનના વર્ગખંડના એરિયામાં અમુક સવલતો સાથે વધારો કરવામાંઆવેલ છે જેમાં રેન–વોટર હાર્વેસ્ટિંગ, રેલિંગ, ટાઇલ્સ, ફાયર સેફટી, G+2 નું ફ્યુચર એકસ્પાન્સન સાથેનું ઇન્ફ્રાસ્ટ્રકચર તેમજ નવા એસ.ઓ.આર. ૨૦૨૪–૨૫ પ્રમાણે ભાવો ગણતરીમાં લેતા નીચે મુજબની યુનિટ કોસ્ટમાં વધારો થાય છે, જેમાં પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાના વર્ગખંડનો એરિયા ૭.૩૦ મીટર બાય ૯.૧૦ મીટર એટલે કે ૬૪.૫૩ ચોરસ મીટર. જે જૂની ડિઝાઇન કરતાં ૧૧.૨૩ ચોરસ મીટર વધારે છે જેના કારણે એસ.ઓ.આર. પ્રમાણે પ્રતિ વર્ગખંડની જે કિમત છે એ ૩.૨૦.૨૦ લાખ થાય છે એ જ રીતના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની વાત કરીએ તો એરિયાની અંદર જે માપ છે એ ૫૦.૭૧ ચોરસ મીટર છે જે જૂની ડિઝાઇન કરતા ૧.૭૨ ચોરસ મીટર વધારે છે એટલે કે નવા એસ.ઓ.આર. પ્રમાણે વર્ગખંડનો જે ખર્ચ છે એ રુ. ૨૨.૧૯ લાખ થાય છે.

રાજ્યમાં રહેણાંક વીજ ગ્રાહકો પાસેથી વીજકર લેવા બાબત

*** 15/8/198 શ્રી કૌશિકભાઇ સુખલાલ જૈન** (દરીયાપુર)**: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં રહેણાંક વીજ ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને	(૧)

ક્રમ	વિસ્તાર	વિદ્યુતનું વિતરણ કરતા એકમોના ગ્રાહકોને લાગુ પડતો વીજકર દર	સ્વ–વપરાશ માટે વિદ્યુત ઉત્પાદન કરતા ગ્રાહકોને લાગુ પડતો વીજ કર દર
૧	ગ્રામ્ય વિસ્તાર	૭.૫%	૧૦ પૈસા/યુનિટ
૨	શહેરી વિસ્તાર	૧૫%	૨૦ પૈસા/યુનિટ

(૨)	આ વીજકર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?	(૨) હા, જી. ગ્રામ્ય વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી વાર્ષિક ૨૫૦ યુનિટના વપરાશ સુધી કોઈ વીજકર વસુલવામાં આવતો નથી.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે રાજયમાં રહેણાંક ઘરાવતા મકાનોમાં જે વીજ જોડાણ આપેલા છે એના વીજ ગ્રાહકોના કરમાં વધારો ઘટાડો થાય છે કે નહીં?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : વીજ વપરાશ ઉપર રહેણાંક વિસ્તારમાં સન ૧૯૮૩થી વીજકર વસૂલવામાં આવે છે. ત્યાર બાદ ઉત્તરોત્તર આ દરોમાં ઘટાડો કરવામાં આવેલ છે. સૌ પ્રથમ તા. ૧૧–૧૦–૧૯૮૩ના રોજ ૨૦ ટકા વીજદર હતો એ આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ સન ૨૦૦૫માં ૧૫ ટકા કર્યો અને તા.૧–૪–૨૦૦૭માં ગ્રામ્ય વિસ્તારમાં પાછો દસ ટકાનો ઘટાડો થયો અને તા.૧–૪–૨૦૧૨ થી સાડા સાત ટકા વીજદર લાગુ પડે છે. એ જ રીતે શહેરી વિસ્તારના ૪૦ યુનિટ સુધી તા.૧૧–૧૦–૮૩ના રોજ ૨૫ ટકા હતો અને તા.૧–૪–૨૦૦૬થી ૨૦ ટકા લાગુ પડે છે. અત્યારે ૨૦ ટકા દર સન ૨૦૦૭ થી અમલી છે અને ત્યાર પછી સન ૨૦૧૨ થી ૧૫ ટકા શહેરી વિસ્તારમાં લાગુ પડે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત પૂછવા માગું છું કે સાદા મીટર અને સ્માર્ટ મીટરમાં કેટલો ફેરફાર છે? આ એટલા માટે પૂછવા માગું છું કે ગામડાની અંદર જે ગ્રાહકો છે એમને સ્માર્ટ મીટરથી બોજો પડે છે તો સ્માર્ટ મીટર બંધ કરીને સાદા મીટર ચાલુ કરવા માગો છો? સ્માર્ટ મીટર છે એ બંધ કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ વીજકરનો પ્રશ્ન છે અને સ્માર્ટ મીટર એ ઊર્જા વિભાગનો પ્રશ્ન છે એટલે જો જુદો પ્રશ્ન આપશે તો આપણે એનો જવાબ આપીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ વીજકર છે અને ખાસ કરીને વપરાશ માટેના વિદ્યુત ઉત્પાદક કરતા ગ્રાહકોને લાગુ પડતો વીજ દર એ ગ્રામ્ય વિસ્તારમાં દસ પૈસા યુનિટ છે અને શહેરી વિસ્તારોમાં ૨૦ પૈસા છે. ગ્રામ્ય વિસ્તારમાં દસ ટકા અને શહેરમાં પણ મતદારો જ રહે છે. ગુજરાતની પ્રજા જ રહે છે તો બન્ને વચ્ચે દસ પૈસાનો ડિફરન્સ કેમ છે એ મંત્રીશ્રી જણાવે? અને બીજું કે ફકત ગ્રામ્ય વિસ્તારની અંદર રહેતા રહેઠાણકારોને ૨૫૦

યુનિટ વપરાશનો કર વસૂલ કરવામાં આવતો નથી તો શહેરમાં વસતા જે લોકો છે એના માટે ૨૫૦ યુનિટની સરકાર રાહત આપવા માગે છે કે કેમ?

શ્રી કનુભાઈ મો. દેસાઈ :માનનીય અધ્યક્ષશ્રી, વપરાશ ઉપર વીજ દર લગાવવાની શરૂઆત સન ૧૯૮૩માં કોંગ્રેસે કરી હતી. માનનીય મોદીજીએ આમાં ઉત્તરોત્તર ઘટાડો કર્યો છે અને ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોને આ એક વિશેષ સવલત આપવાનો સરકારને અધિકાર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ શહેરનો હતો. ગુજરાતની સાડા છ કરોડ જનતા શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. જો સરકાર ગ્રામ્ય વિસ્તારમાં આપતી હોય તો શહેરમાં કેમ નહિ? શહેરમાં કોઈ પ્રાઈવેટ કંપનીને મદદ કરવાની છે એટલા માટે નથી આપતા? આવો ભેદભાવ ના હોવો જોઈએ.

અધ્યક્ષશ્રી : આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો પ્રશ્ન સીધો જ છે કે ગ્રામ્યમાં તમે ૧૦ પૈસા પ્રતિ યુનિટ આપો છો તો શહેરમાં ૧૦ ટકા આપવી જોઈએ અને ગ્રામ્યમાં તમે ૨૫૦ યુનિટે રાહત આપો છો તો શહેરમાં પણ રાહત આપવી જોઈએ એવી મારી માગણી છે.

શ્રી કનુભાઈ મો. દેસાઈ : જ્યારે ગ્રાહકોને વપરાશ ઉપર રાહત આપવામાં આવે છે ત્યારે કઈ કંપની સપ્લાય કરે છે એવી કોઈ પણ વાત ધ્યાનમાં લેવામાં આવતી નથી.

શ્રી ભગાભાઈ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા પણ માગું છું કે, ગ્રામ્ય વિસ્તારમાં સોલારની જે યોજના છે અને સોલાર જ્યાં ફીટ થાય છે ત્યાં સોલારની અંદર જે પાવર આપવામાં આવે છે. એ ઘણી વખત ટ્રાન્સફોર્મરમાંથી પાવરમાં વધઘટ થવાના કારણે સોલાર સિસ્ટમને નુકસાન થતું હોય છે. એના માટે કોઈ કાયમી ઉકેલ થાય એવું કાંઇ વિભાગ વિચારે છે કે નહિ? યોજના બહુ સારી છે. નાના માણસો પોતે લોન ઉપર સોલાર લે છે પણ ક્યારેક પાવરને કારણે એમની સોલાર સિસ્ટમને નુકસાન થતું હોય છે. તો એના માટે એનો કાયમી ઉકેલ મળે અને એને નુકસાન ન થાય એવું વિભાગ વિચારે અને એનો કાયમી ઉકેલ કરે એવી મારી વિનંતી છે.

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય સભ્યશ્રીએ ખૂબ સંવેદનશીલ વાત કરી છે તો પણ એનો ઉકેલ ઊર્જા વિભાગ આપશે. જો સભ્યશ્રી અલગથી નોટિસ આપશે તો માનનીય ઋષિકેશભાઇ જવાબ આપશે.

મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

*15/8/476: **શ્રી રાજેન્દ્રકુમાર દાનેશ્વર ચાવડા (કડી): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	૫૦૨૨
(૨)	તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩.૬૦૨.૬૪ લાખ

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન અને પ્રશ્ન ક્રમાંક –૯ બંને સરખા છે. એની ચર્ચા સાથે કરવી છે?

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અલગ–અલગ ચર્ચા કરવી છે.

અધ્યક્ષશ્રી : ઠીક છે.

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવ્યો અને જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી? તેમજ કુંવરબાઇનું મામેરું યોજનાનો મુખ્ય હેતુ શું છે? અને આ યોજના હેઠળ સહાય ચૂકવવાની કાર્યપદ્ધતિ શું છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, જેવી રીતે નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઇનું મામેરું દ્વારિકાના નાથે ભર્યું હતું એ જ રીતના ગુજરાતના નાથ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની તથા આર્થિક પછાત વર્ગની કન્યાઓને લગ્ન પ્રસંગે આર્થિક રૂપે મદદરૂપ થવાના હેતુથી રૂ.૧૨,૦૦૦ની સહાય આપવામાં આવે છે. પૈસા ચૂકવવાની જે કાર્યપદ્ધતિ છે એ વિશે માનનીય સભ્યશ્રીને હું જણાવવા માગું છું કે કન્યાએ લગ્ન કર્યા તારીખથી બે વર્ષના સમયગાળા દરમિયાન e-SamajKalyan Portal, e-samajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહે છે. સાત ફેરા સમૂહલગ્ન અંતર્ગત e-SamajKalyan Portal પર અરજી કર્યેથી લાભાર્થીઓને સાત ફેરા સમૂહલગ્ન અને કુંવરબાઇનું મામેરું એમ બંને યોજનાઓની સહાય એક જ અરજીથી મળવાપાત્ર થાય છે. કન્યાઓ દ્વારા ઓનલાઇન અરજી કરવામાં આવે છે જે અરજી સંલગ્ન તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકના લોગીન

આઇ.ડી.માં જાય છે. જ્યાં સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા રજૂ કરેલ સાધનિક કાગળોની પ્રારંભિક તપાસ ઓનલાઇન કરવામાં આવે છે અને આ સાધનિક કાગળોની ચકાસણી કર્યા બાદ સદર અરજીને જિલ્લા કારકુનના લોગીનમાં મોકલવામાં આવે છે જ્યાં સાધનિક કાગળોની પુન: ચકાસણી કરવામાં આવે છે અને મંજૂર કરવાપાત્ર અરજીઓ જિલ્લા અધિકારીશ્રીના લોગીનમાં મોકલવામાં આવે છે. જિલ્લા અધિકારી દ્વારા ત્રીજા તબક્કે સદર અરજીના સાધનિક કાગળોની ઊંડાણપૂર્વક ચકાસણી કર્યા બાદ તેને મંજૂર કરવામાં આવે છે. ઓનલાઇન મંજૂર કરેલ અરજીઓમાં લાભાર્થીઓ દ્વારા રજૂ કરેલ બેંક ખાતાની ચકાસણી કર્યા બાદ સહાયની રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર મારફતે કન્યાઓના ખાતામાં જમા કરવામાં આવે છે. આથી લાભાર્થી કચેરીના સીધા સંપર્કમાં આવ્યા વિના ઘેર બેઠા માત્ર ઓનલાઇન અરજી કરીને આ સહાયની રકમ પોતાના બેંક ખાતામાં મેળવી શકે છે. આમ, કુંવરબાઇનું મામેરું યોજના સંપૂર્ણપણે ઓનલાઇન હોવાથી પારદર્શિતા જળવાઇ રહે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુંવરબાઇનું મામેરું યોજના ખરેખર ખૂબ જ સારી યોજના છે અને આ યોજનાનો લાભ પછાત સમાજને મળી રહ્યો છે. આ યોજનામાં સહાયની જે રકમ રૂ.૧૨ હજાર ફાળવવામાં આવે છે તે મોંઘવારી પ્રમાણે ખૂબ ઓછી છે તો આ રકમમાં વધારો કરવા માગો છો કે કેમ? સાથોસાથ સમૂહ લગ્નમાં પછાત સમાજ સિવાય અન્ય જ્ઞાતિઓ જેમ કે ઇ.ડબલ્યુ.એસ. સમાજ જોડાય છે તેનો આ યોજનામાં સમાવેશ કરીને લાભ આપવા માગો છો કે કેમ?

શ્રી હેમંતભાઇ હ. આહિર : (જગ્યા પર બેસીને) માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન તાકાતવાળો છે હો!

અધ્યક્ષશ્રી : હા, એ માણસ પણ તાકાતવાળા છે.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, વર્ષ ૧૯૯૫માં જ્યારે આ વિષેનો ઠરાવ થયો ત્યારથી સમયાંતરે સહાયની રકમ અને આવકમર્યાદામાં પણ સતત સુધારા કરવામાં આવ્યા છે. શરૂઆતમાં સહાયની રકમ રૂ.૫ હજાર અને વાર્ષિક આવકમર્યાદા રૂ.૭ હજાર ૫૦૦ કરવામાં આવી. તા.૨૦/૧૦/૧૯૯૫માં તેનું નામાભિધાન કરવામાં આવ્યું અને સહાયની રકમ રૂ.૫ હજાર પૈકી રૂ.૨ હજાર રોકડા, રૂ.૩ હજારના કિસાન વિકાસ પત્ર અને વાર્ષિક આવકમર્યાદા રૂ.૭ હજાર ૫૦૦ તથા અરજી કરવાની મુદત એક વર્ષ હતી તેમાં તા.૧૧/૧૨/૧૯૯૫ના રોજ ફરી સુધારો થયો અને વાર્ષિક આવક રૂ.૧૧ હજાર નક્કી કરવામાં આવી. ત્યારબાદ તા.૨૯મી માર્ચના રોજ સહાયનું ધોરણ યથાવત, પરંતુ વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧૫ હજાર ૯૭૬ અને શહેરી વિસ્તાર માટે રૂ.૨૧ હજાર ૨૦૬ નક્કી કરવામાં આવી. તા.૧૮/૦૫/૨૦૦૯ના રોજ રૂ.૫ હજાર ચેકથી આપવાનું ઠરાવવામાં આવ્યું. તા.૨૦/૦૪/૨૦૧૧ના રોજ વાર્ષિક આવકમર્યાદામાં ફરી સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૦ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂ.૨૫ હજાર નક્કી કરવામાં આવી. તા.૧૩/૦૪/૨૦૧૨ના રોજ કે જેનો અમલ તા.૧લી એપ્રિલથી થયો તેની સહાયની રકમમાં રૂ.૫ હજારનો વધારો કરી રૂ.૧૦ હજાર ચેકથી ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું. વાર્ષિક આવકમર્યાદામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૭ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬ હજાર નક્કી કરવામાં આવ્યા. તા.૧૧/૧૦/૨૦૧૩ના રોજ સહાય અને આવક મર્યાદા યથાવત પરંતુ અરજી કરવાની સમયમર્યાદા બે વર્ષ નક્કી કરવામાં આવ્યા. તા.૦૭/૦૮/૨૦૧૪ના રોજ વાર્ષિક આવક મર્યાદામાં ફરી સુધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂ.૬૮ હજાર નક્કી કરવામાં આવ્યા. તા.૨૪/૧૦/૨૦૧૭ના રોજ વાર્ષિક આવક મર્યાદામાં ફરી સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂ.૧ લાખ ૫૦ હજાર કરવામાં આવ્યા. તા.૦૩/૦૬/..... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મને સંબોધીને વાત કરો. માનનીય સભ્યશ્રી, આપ બેઠા બેઠા વાત ન કરો.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૦૩/૦૬/૨૦૨૧ના રોજ સહાયની રકમમાં વધારો કરી કન્યાના નામે રૂ.૧૨ હજાર આપવા ઠરાવેલ છે તેમજ નવા દરનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૧થી કરવાનો રહેશે. ત્યારબાદ લગ્ન કરનારને રૂ.૧૨ હજાર લેખે નવા દરનો લાભ ઠરાવવામાં આવેલ છે. તા.૦૨/૧૧/૨૦૨૨ .....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે પૂછ્યું છે એટલો જ જવાબ આપો. બાકી વિષય આવી ગયો છે.

ભાવનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

*15/8/475: **શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	૧૩૮૮૦
(૨)	તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?	(૨)	રૂ.૧૬૬૫.૬૦ લાખ

તારાંકિત પ્રશ્નો

શ્રી ગૌતમભાઈ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત વિકસતી જાતિની કન્યાઓને મહત્તમ લાભ મળે તેના માટે આ યોજનામાં સરકારશ્રી દ્વારા ક્યા ક્યા સુધારાઓ કરવામાં આવેલા છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જે સુધારા જવાબમાં જણાવી દીધા હોય તેને ફરી રિપીટ ન કરવા.

ડૉ.મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી ડૉ. પ્રધુમનભાઈએ જે સુધારા હતા તે ગૃહ સમક્ષ મૂકી દીધા છે. એટલે જવાબ તેમાં આવી ગયો છે.

જૂનાગઢ શહેર ટાઉન પ્લાનિંગ સ્કીમ 9–સુખપુર અને 7–ઝાંઝરડામાં જમીન માલિકોને વળતર

*15/8/220 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા** (વિસાવદર)**: માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ શહેરમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ 9–સુખપુર અને 7–ઝાંઝરડામાં જાહેર હેતુ માટે કપાત તરીકે મેળવેલ જમીનનું જમીનના માલિકોને વળતર ચૂકવેલ છે કે કેમ,	(૧)	ના, જી.
(૨)	જો હા, તો કેટલું વળતર ચૂકવ્યું, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	વળતર ચૂકવાયેલ ન હોય તો તેના મુખ્ય કારણો શા છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ગોપાલ ઈટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ શહેરમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ–૯ સુખપુર અને ૭–ઝાંઝરડામાં જાહેર હેતુ માટે સરકાર ૪૦ ટકા લેખે જમીન કપાત મેળવે છે. આ કપાત જમીનનું જમીન માલિકો એટલે કે,ખેડૂતોને વળતર ચૂકવવામાં આવેલ છે કેમ? અને જો ન ચૂકવવામાં આવ્યું હોય તો એનાં કારણો શાં છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ વિસ્તારનો વ્યવસ્થિત સુનિયોજિત વિકાસ થાય એ માટે આ સત્તામંડળ અને નગરનિયોજન અમલમાં આવેલ છે. જો ટૂંકમાં જવાબ આપું તો...

અધ્યક્ષશ્રી : એમણે જે પૂછ્યું છે એનો જ જવાબ આપો.

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, વળતર ન આપવાનું કારણ એ છે કે, જ્યાં આવી સ્કીમો બને છે એમાં જમીનનું એપ્રીસીએશન એટલું થઈ જાય છે કે જમીનના વળતર કરતાં પણ એમાં વધુ ફાયદો થાય છે. સભાગૃહનું ધ્યાન દોરતાં જણાવું છું કે, ગુજરાત રાજ્યમાં સન ૧૯૨૪થી ટી.પી.સ્કીમો બને છે. બોમ્બે ટાઉન પ્લાનિંગ એક્ટની ટી.પી. સ્કીમની દરેક જોગવાઈઓ જે પ્રવર્તમાન સન ૧૯૭૬ના કાયદામાં પણ લાગુ રાખવામાં આવેલ છે. તેની જોગવાઈઓ નામદાર સુપ્રીમ કોર્ટના સાત જસ્ટિસની સંવૈધાનિક પીઠ દ્વારા સન ૧૯૬૯માં શાંતિલાલ મંગળદાસ વિરુદ્ધ ગુજરાત સરકારના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા માન્ય રાખવામાં આવેલ. ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતના ત્રણ જસ્ટિસ દ્વારા વર્ષ ૨૦૧૪માં અમદાવાદ ગ્રીન બેલ્ટ ખેડૂત મંડળ વિરુદ્ધ ગુજરાત સરકારના કેસમાં રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક હેતુના વેચાણ માટે ટી.પી. સ્કીમના ૧૫ ટકાની જોગવાઈ જાહેર હિતમાં વૈધ રાખવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પણ અધિનિયમ–૧૯૭૬માં કરાયેલ ટી.પી.સ્કીમમાં કરેલ દરેક જોગવાઈઓ માન્ય રાખવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમને પહેલાં પ્રશ્ન પૂછવાનો મોકો હતો ત્યારે લેખિતમાં આપવામાં આવેલ પ્રશ્નો જ ફરી પૂછવામાં આવ્યા. તેના બદલે પેટા પ્રશ્ન પૂછ્યો હોત તો જવાબ મળી શક્યો હોત. ફરી એક વખત મોકો આપું છું.

શ્રી ગોપાલ ઈટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઈન્ફોર્મેશન છે.

અધ્યક્ષશ્રી : પોઈન્ટ ઓફ ઈન્ફોર્મેશન નહીં પણ તમે આ વિષય પર જ બોલો. ઈન્ફોર્મેશન પછી આપજો.

શ્રી ગોપાલ ઈટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, કંઈ વાંધો નહીં. જૂનાગઢના મુખ્ય કારોબારી અધિકારીએ લેખિતમાં આપ્યા પ્રમાણે ટી.પી.–૯ સુખપુરમાં રૂ.૬૯ કરોડ ૭૨ લાખનું ખેડૂતોને વળતર ચૂકવ્યું છે એવું એમણે લખીને આપ્યું છે. માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે, જમીનનું વળતર ચૂકવતા નથી તો આ રૂ.૬૯ કરોડ વળતર ચૂકવ્યું એ શેના છે?, ચૂકવાઈ ગયા છે?, ચૂકવવાના બાકી છે? અને આ રૂ.૬૯ કરોડ કોણ અને શા માટે ચૂકવે છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, તમે માહિતી આપશો તો તપાસ કરીને એનો જવાબ આપીશું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ માહિતી લઈને એનો જવાબ તમારે રેકોર્ડ પર લઈને આપવો. આ સભાગૃહમાં ધારાસભ્યશ્રી બોલે છે એને આપણે લેખિત જ સમજવું.

નવસારી જિલ્લામાં વન નેશન વન રેશનકાર્ડ યોજના

***15/8/86 શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ હેઠળ ONORC (વન નેશન વન રેશનકાર્ડ) યોજનામાં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ મેળવેલ છે ?	(૧)	૪૨,૮૭૦(બેતાલીસ હજાર આઠસો સિત્તેર)

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ 'વન નેશન, વન રેશનકાર્ડ' યોજનામાં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ મેળવેલ છે? અને સ્થળાંતરિત લાભાર્થીઓ 'વન નેશન, વન રેશનકાર્ડ' યોજના હેઠળ કેવી રીતે લાભ મેળવી શકે છે?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, 'વન નેશન, વન રેશનકાર્ડ' યોજના સમગ્ર દેશની જાહેર વિતરણ વ્યવસ્થામાં ક્રાંતિકારી અને પરિવર્તન લાવનારી યોજના છે. આ યોજના દેશના તમામ લાભાર્થીઓ અને ખાસ કરીને શ્રમિકો માટે આશીર્વાદરૂપ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ દેશના ૮૦ કરોડથી વધુ લાભાર્થીઓને અન્ન સુરક્ષા સરળતાથી પૂરી પાડવા માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સંકલ્પથી પરિપૂર્ણ કરવામાં આવેલ છે. 'વન નેશન, વન રેશનકાર્ડ' યોજના હેઠળ અત્યાર સુધીમાં નવસારી જિલ્લામાં ૪૨,૮૭૦ લાભાર્થીઓએ લાભ લીધેલ છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવસારી જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં સરકારી અનાજ સગેવગે કરવા કે ગેરરીતિ આચરવાની કેટલી ફરિયાદો મળી છે અને મળેલ ફરિયાદો સામે કેટલા લોકો ઉપર કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં જાન્યુઆરી ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં કુલ ૩૩૨ વાજબી ભાવની દુકાનોની તપાસ શરૂ કરવામાં આવી હતી. જે પૈકી તેમાંથી રૂ. ૧,૬૭,૪૬૫/– નો દંડ વસૂલ કરી બે દુકાનદારોનો પરવાનો મોકૂફ કરવામાં આવેલો છે.

નખત્રાણા નગરપાલિકાનું મંજૂર મહેકમ

***15/8/13 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ નખત્રાણા નગરપાલિકાનું મંજૂર મહેકમ કેટલુ છે, અને	(૧)	૮૬ (છયાંશી)
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે?	(૨)	૪૩ (તેંતાલીસ) જગ્યાઓ પ્રવર્તમાન જોગવાઇ અનુસાર ભરવામાં આવેલ છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી નગરપાલિકા દેશના છેવાડે એકદમ બોર્ડર ઉપર છે. હું આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને શ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો આભાર માનું છું. મારી જે માગણીઓ હતી એનો મને જવાબ મળી ગયો છે અને તે બદલ હું તેમને ખૂબ–ખૂબ અભિનંદન આપું છું.

વેરાવળ ખાતે ઘન કચરાના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન્ટ

***15/8/355 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** (સોમનાથ): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે ઘન કચરાના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને	(૧)	કામગીરી હાલ પ્રગતિમાં છે.
(૨)	ઉકત કાર્યવાહી કયારે પૂર્ણ કરવામાં આવશે?	(૨)	બનતી ત્વરાએ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વેરાવળ ખાતે ઘન કચરાના નિકાલ માટેનો પ્રોસેસિંગ પ્લાન્ટ કયારે મંજૂર કરવામાં આવ્યો હતો, છેલ્લાં બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી અને તે પૈકી કેટલી રકમ ખર્ચ કરવામાં આવી હતી?

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, વેરાવળ પાલિકા દ્વારા બાયપાસ રોડ પાસે ઘન કચરાની સાઇટ ઉપર વર્ષોથી કચરો એકઠો કરવામાં આવતો હતો. જે પ્રથમ વખત કરાવેલ સરવે મુજબ ૨,૮૮,૨૨૫ મેટ્રિક ટન જેટલો હતો. ત્યારબાદ આ કચરાના નિકાલની કામગીરી દરમિયાન અંદાજિત ૩,૩૦,૩૫૩ ટન જેટલો કચરો હોવાનું માલૂમ પડેલ. સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત દ્વારા સ્વચ્છ ભારત મિશન -૨ યોજના હેઠળ તારીખ ૨૯/૦૩/૨૦૨૩ના રોજ લેગસી વેસ્ટના નિકાલ માટે રૂ.૧૫ કરોડ ૪૬ લાખની મંજૂરી આપવામાં આવી હતી અને એ અંતર્ગત વેરાવળ પાલિકા દ્વારા તા. ૧૩/૦૪/૨૦૨૩ના રોજ ટેન્ડરની જાહેરાત આપી, ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ અને માધવ એન્ટરપ્રાઇઝ, અંકલેશ્વરને ફેઝ-૧ માટે તારીખ ૧૪/૦૭/૨૦૨૩ના રોજ ઓર્ડર આપવામાં આવેલ. ત્યારબાદ ફેઝ-૨ માટે તારીખ ૦૯/૦૧/૨૦૨૫ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ. પ્રથમ તબક્કામાં એજન્સી દ્વારા ૧,૯૨,૦૩૬ મેટ્રિક ટન જેટલા કચરાનો નિકાલ કરવામાં આવ્યો તેમજ બીજા તબક્કામાં ૧,૩૮,૦૦૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો. આ કામ બાબતે બંને તબક્કામાં કુલ રૂ.૧૭ કરોડ ૮૦ લાખ ૩૯ હજાર ટેન્ડરની કિંમત હતી. જે અંતર્ગત એજન્સી દ્વારા પ્રતિ ટ્રોપિલની કેપેસિટી ૧૨૦૦ થી ૧૫૦૦ મેટ્રિક ટન પ્રતિદિન કચરાના નિકાલ માટે ઉપયોગમાં લેવામાં આવેલ હતા જેના માટે બાયો રેમિડિએશન અને બાયો માઇનિંગ પદ્ધતિ દ્વારા કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. એજન્સી દ્વારા બંને તબક્કાનું કામ તારીખ ૧૯/૦૩/૨૦૨૫ના રોજ પૂર્ણ કરવામાં આવેલ હતું. જે જગ્યાએ લેગસી વેસ્ટ પડેલ હતો એ સ્થળે ઘન કચરાના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવામાં આવનાર હોઇ લેગસી વેસ્ટના નિકાલ બાદ ઘન કચરાના પ્રોસેસિંગ પ્લાન્ટ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. વેરાવળ પાલિકાને ઘન કચરાનો પ્રોસેસિંગ પ્લાન્ટ આપવા પ્રાદેશિક કમિશનર ભાવનગરના તારીખ ૨૮/૧૧/૨૦૨૪ના હુકમથી રૂ. ૪ કરોડ ૫૮ લાખની મંજૂરી અને તારીખ ૩૦/૧૧ના રોજ રૂ.૪.૫૮ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ પ્લાન્ટ બનાવવા માટે તારીખ ૨૦/૦૬/૨૦૨૫ના રોજ ટેન્ડર આપવામાં આવેલ હતું અને પ્લાન બનાવવા માટે માધવ એન્ટરપ્રાઇઝ અંકલેશ્વરને ૪ કરોડ ૧૩ લાખનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. આ પ્લાન્ટનું કામ ૨૫ ટકા પૂર્ણ થયેલ છે અને તા. ૨૫-૭-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય સી.એમ.સાહેબ અને ડેપ્યુટી સી.એમ હર્ષભાઇનો હું આભાર માનું છું કે મારા જિલ્લામાં વર્ષોથી જી.આઇ.ડી.સી.ની મારી માગ હતી તેની ફાળવણી મારી વિધાનસભામાં કરી છે તે બદલ હું બન્નેનો આભાર માનું છું. હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, ઘન કચરના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન્ટ જે બનાવવામાં આવે છે તેની અંદર આપણે શું વ્યવસ્થા કરવામાં આવે છે અને તે પ્લાન્ટની જયારે આપણે જગ્યાની ફાળવણી કરતા હોઇએ છીએ તો તેના માટે કયા નિયમો લાગુ પડે છે? આ જગ્યા સિલેક્ટ કરવામાં કોઇને નુકસાન થાય છે કે નહીં અને તેના માટે કેવી જગ્યા આવા પ્લાન્ટ બનાવવા માટે સિલેક્ટ કરવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ઘન કચરાના નિકાલ માટેની વ્યવસ્થામાં અનેકવિધ નવા વૈજ્ઞાનિક સુધારાઓ આવી રહ્યા છે. હવે જે નવી ટેકનિકો આવે છે તેમાં સાઇટ મોટી પણ બનાવવાની જરૂર નથી અને એ રીતે કેટલી જગ્યા જોઇએ અને કેટલું જોઇએ તે વૈજ્ઞાનિક ઢબે નક્કી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : તમે ધારા-ધોરણો બનાવેલા હોય તો માનનીય સભ્યશ્રીને લેખિત મોકલજો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : હા જી,

અનુસૂચિત જાતિ પરના અત્યાચારના બનાવોના મોનીટરીંગ માટે નાગરિક એકમ

***15/8/326 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતએ રાજ્યમાં નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરી હેઠળ અનુસૂચિત જાતિ પરના અત્યાચારના બનાવોના મોનીટરીંગ માટે નાગરિક એકમ બનાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત એકમનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,	(૨)	પત્રક-૧ મુજબ
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૩)	પત્રક-૨ મુજબ
(૪)	ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી કરવામાં આવી?	(૪)	પત્રક-૩ મુજબ

પત્રક-૧

ક્રમ	સંવર્ગનું નામ	મંજુર મહેકમ
૧.	સંયુક્ત નિયામક (તકેદારી)	૦૩
૨.	નાયબ નિયામક (નાગરિક સેલ)	૦૧
૩.	સમાજ કલ્યાણ અધિકારી (પી.કે.એસ)	૦૫

૪.	મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (પ્રોજેકટ અધિકારી)	૪૨
૫.	સમાજ કલ્યાણ નિરીક્ષક	૦૬
૬.	સિનિયર કલાર્ક	૦૪
૭.	જુનિયર કલાર્ક	૦૮
૮.	સંશોધન અધિકારી	૦૧
૯.	સંશોધન મદદનીશ	૦૩
૧૦.	આંકડા મદદનીશ	૦૩
કુલ		૭૬

પત્રક–૨

ક્રમ	**સંવર્ગનું નામ**	**કુલ જગ્યા**	**ભરાયેલ જગ્યા**	**ખાલી જગ્યા**	**ખાલી પૈકી**		
					૧ વર્ષ અંદરની	**૧ થી ૩ વર્ષ સુધીની**	**૩ વર્ષ ઉપરાંતની**
૧.	સંયુક્ત નિયામક (તકેદારી)	૦૩	૦૧	૦૨	–	૦૨	–
૨.	નાયબ નિયામક (નાગરિક સેલ)	૦૧	૦૧	૦૦	–	–	–
૩.	સમાજ કલ્યાણ અધિકારી (પી.કે.એસ)	૦૫	૦૦	૦૫	૦૨	૦૩	–
૪.	મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (પ્રોજેકટ અધિકારી)	૪૨	૩૭	૦૫	૦૪	૦૧	–
૫.	સમાજ કલ્યાણ નિરીક્ષક	૦૬	૦૫	૦૧	૦૧	–	–
૬.	સિનિયર કલાર્ક	૦૪	૦૪	૦૦	–	–	–
૭.	જુનિયર કલાર્ક	૦૮	૦૮	૦૦	–	–	–
૮.	સંશોધન અધિકારી	૦૧	૦૧	૦૦	–	–	–
૯.	સંશોધન મદદનીશ	૦૧	૦૧	૦૨	૦૧	૦૧	–
૧૦.	આંકડા મદદનીશ	૦૩	૦૦	૦૩	–	–	૦૩
કુલ		૭૬	૫૮	૧૮	૦૮	૦૭	૦૩

પત્રક–૩

ક્રમ	**સંવર્ગનું નામ**	**ખાલી જગ્યાઓ ભરવા કરેલ કાર્યવાહીની વિગતો**
૧.	સંયુક્ત નિયામક (તકેદારી)	સદર ખાલી જગ્યાઓ ભરવાની બાબત વિચારણા હેઠળ છે.
૨.	સમાજ કલ્યાણ અધિકારી (પી.કે.એસ)	સમાજ કલ્યાણ અધિકારીઓની જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલેલ છે તેમાંથી તથા બઢતી દ્વારા તબક્કાવાર લાયકાત ધરાવતા ઉમેદવારો મળ્યેથી ભરવામાં આવશે.
૩.	મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (પ્રોજેકટ અધિકારી)	બઢતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો મળ્યેથી ભરવામાં આવશે.
૪.	સમાજ કલ્યાણ નિરીક્ષક	સીધી ભરતી અથવા બઢતીથી લાયકાત ધરાવતા ઉમેદવારો મળ્યેથી ભરવામાં આવશે.
૫.	સંશોધન મદદનીશ	સદર ખાલી જગ્યાઓ ભરવા માટે સામાન્ય વહીવટ વિભાગને જણાવેલ છે.
૬.	આંકડા મદદનીશ	

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને બે પ્રશ્નો પૂછવા માગું છું માનનીય મુખ્યમંત્રી સાહેબને એક તો અભિનંદન આપવા છે પતંગ બહુ અદભૂત ચગાવેલી, જોરદાર તેમની ખેંચ છે અને ઘાબા ઉપર પર્યાપ્ત સમય પણ ઉત્તરાયણના દિવસે ફાળવતા હોય છે તેના માટે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હવે સ્ટેટ મોનિટરિંગ સેલ છે જે એટ્રોસિટી એકટ હેઠળ તેની દર વર્ષે જાન્યુઆરી અને જુલાઇમાં મુખ્યમંત્રી સાહેબ જોડે મિટિંગ પણ યોજવાની હોય છે એ મિટિંગ માટે સમય નથી ફાળવતા ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એટ્રોસિટી એક્ટમાં ઠરાવ્યા મુજબ અને શબ્દ શેલ છે એટલે કે કમ્પલસરી છે, શા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સ્ટેટ મોનિટરિંગ સેલની મિટિંગ કન્ડક્ટ કરતા નથી અને મારો સવાલ નંબર બે એ છે કે આ મિટિંગ કન્ડક્ટ કરવા માટે મેં જયારે હાઇકોર્ટમાં પી.આઇ.એલ. ફાઇલ કરી ત્યારે નામદાર સરકારે સોગંદનામું કર્યું હતું અને મારી પિટિશન વિડ્રો કરાવડાવી કે તમે પિટિશન વિડ્રો કરો અમે નિયમિત મિટિંગ કન્ડક્ટ કરીશું તેના પછી એક મિટિંગ કન્ડક્ટ કરી પણ જાન્યુઆરીની બીજી મિટિંગ કન્ડક્ટ ના કરી એટલે માનનીય મુખ્યમંત્રી સાહેબ આવી મિટિંગ કન્ડક્ટ કરવા માગે છે કે કેમ?

અને બીજો સવાલ આપ સાહેબ માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે પહેલી વખત જ્યારથી મુખ્યમંત્રી તરીકેના સોગંદ લીધા ત્યારથી અત્યાર સુધી સમગ્ર ગુજરાતમાં એક પણ દલિત એટ્રોસિટીની મેટરમાં કે આદિવાસી એટ્રોસિટીની મેટરમાં પીડિત પરિવારની મુલાકાત લીધી છે કે કેમ?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, જે આ બેઠકની શ્રી જીજ્ઞેશભાઇએ વાત કરી તેમ સમયાંતરે આ બેઠકો યોજાઇ છે અને ઓકટોબર–૨૦૧૮થી મે–૨૦૧૯ની એટલે તા. ૧૯–૬–૨૦૧૯એ બેઠક યોજાઇ હતી. બીજી બેઠક લગભગ તા.૨૬–૯–૨૦૨૪ના રોજ યોજાઇ હતી અને ત્રીજી બેઠક તા. ૨૧–૩–૨૦૨૫ના રોજ યોજાઇ હતી એટલે તેમનું જે કહેવું છે કે, મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં બેઠક નથી યોજાઇ તે તદન ખોટું છે અને બેઠક યોજાયેલી છે અને જે એટ્રોસિટીની તેમણે વાત કરી છે તે એટ્રોસિટીના બનતા બનાવોનું પણ જ્યાં કંઇ જરૂર પડી છે ત્યાં સરકારે આ બાબતમાં ધ્યાન રાખ્યું છે અને જે કોઇ પણ પીડિત હોય તેની મદદે પણ આવ્યું છે અને આવા બનાવો ના બને તેના માટે પણ સરકાર કાયમ ચિંતિત રહે છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ બહુ સાદો છે કે ગયા જાન્યુઆરી માસમાં બેઠક યોજવાની હતી તે બેઠક આપ કહો છો કે યોજી તો કઇ તારીખે યોજી છે તે આપ જણાવો?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જિજ્ઞેશભાઇ તે બેઠકમાં હાજર ન હતા એટલે તેમને ખ્યાલ નથી. આ બેઠક તા.૪–૧૨–૨૦૨૫ના ડિસેમ્બર મહિનામાં યોજવામાં આવી હતી જેમાં માનનીય સભ્યશ્રી હાજર ન હતા.

અધ્યક્ષશ્રી : નહીં, તેમણે જવાબ આપી દીધો અને મેં તમને બે વખત મોકો આપ્યો છે. (અંતરાય) મંત્રીશ્રીએ જવાબ પણ આપી દીધો છે એટલે હવે એ વિષયને આપણે અહીં પૂરો કરીએ.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મિટિંગમાં ધારાસભ્યોએ હાજર રહેવું ફરજિયાત નથી.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પણ ભાંડા ફૂટતા હોય છે ત્યારે માત્ર મીડિયામાં ચમકવા માટે પ્રશ્નો ઊભા કરવા, માનનીય મંત્રીશ્રી જ્યારે જવાબ આપે છે, જવાબ પણ શાંતિથી સાભળવો નહીં, જો પહેલીવાર સાંભળ્યું હોત તો ખબર પડી હોત કે મિટિંગ ક્યારે બોલાવવામાં આવી હતી. પોતે હાજર રહીને બેઠકમાં સાચા પ્રશ્નો ઊભા કરવાના હોય ત્યારે બેઠકમાં હાજર રહેવું નહીં અને વિધાનસભામાં પ્રશ્નો પૂછવાના? પ્રશ્ન પૂછવાનો એમનો હક્ક છે. પરંતુ મંત્રીશ્રીએ જવાબ આપ્યા પછી પણ પોતાના મનને જ પૂછવું અને મનનું જ ચલાવવું એ કોઇ રીત નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બેઠક બોલાવી અને અમે બધા એ બેઠકમાં હાજર હતા. તેમાં કયા સભ્યો આવ્યા અને કેટલા લોકો ન આવ્યા, આવતી બેઠક આવશે ત્યારે એ લિસ્ટ જાહેર કરીશું. જેથી ગુજરાતની પ્રજા અને પ્રત્યેક જિલ્લા સુધી સાચી માહિતી પહોંચે. પોતે માત્ર ખાલી મીડિયાના કેમેરાની સામે પ્રશ્નો ઊભા કરે એ ન ચાલે. આવીને બેઠકમાં બેસે.(અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : નહીં આવવાનું કારણ શું હતું?

અધ્યક્ષશ્રી : વાત થઇ ગઇ માનનીય મંત્રીશ્રી. પ્રશ્ન ક્રમાંક–૧૭

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક–૧૭.

નર્મદા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

*15/8/23 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા** (દેડીયાપાડા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ નર્મદા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે,		(૧) જિલ્લો – શિક્ષકોની ઘટ નર્મદા – ૫૪૯ દાહોદ – ૧૨૮૪
(૨)	ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને		(૨) વયનિવૃત્તિ, જિલ્લા ફેરબદલી અને અવસાનના કારણોસર
(૩)	ઉક્ત ખાલી જગ્યાઓ સામે ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે?		(૩) ઉક્ત ખાલી જગ્યાઓ સામે ઉક્ત સ્થિતિએ જ્ઞાનસહાયક યોજના અંતર્ગત જ્ઞાનસહાયકની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

શ્રીમતી રિવાબા ૨. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ છાપ્યા મુજબ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જિજ્ઞેશભાઇ આપ નીચે બેસો. કંઇ રેકોર્ડ ઉપર આવતું નથી. તમે બેસો. કોઇ વાતને રેકોર્ડ ઉપર નથી લેતો. તમે નીચે બેસો. (અંતરાય)આ પ્રશ્નોત્તરીકાળ છે. . આપ સૌ બેસો. માનનીય મંત્રીશ્રી આપ પણ બધાને નીચે બેસાડો. શ્રી જિજ્ઞેશભાઇ, આપ પોતાના સ્થાન પર બેસો. (અંતરાય) માનનીય જીતુભાઇ આપને ટાઇમ આપીશ પણ અત્યારે બેસો. માનનીય શૈલેષભાઇ, માનનીય જિજ્ઞેશભાઇને કહો એ બેસે. અહીંયા શ્રી ચૈતરભાઇનો પ્રશ્ન છે એ રહી જશે. તમે બેસો. (અંતરાય) માનનીય શૈલેષભાઇ તમારી વાત પણ નથી માનતા, તમે બેસાડો. પોતાના સ્થાન પર બેસો. માનનીય ચૈતરભાઇ આપને કહું છું કે તમે પૂશ્ન પૂછો. માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. માનનીય જિજ્ઞેશભાઇ મેં તમને પરમિશન નથી આપી. તમે નહીં બોલી શકો. શ્રી જિજ્ઞેશભાઇ, તમને નામ સાથે કહું છું કે તમે નહીં બોલી શકો. તમે બેસો. તમારા સ્થાન ઉપર બેસો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નર્મદા અને દાહોદ જિલ્લાની ગણના અતિ પછાત જિલ્લામાં થાય છે. એના માટે કારણ શિક્ષણનું પણ છે. નર્મદા અને દાહોદ જિલ્લામાં એક શિક્ષકથી ચાલતી શાળાઓની સંખ્યા આજની તારીખે કેટલી છે અને શા માટે છે?

શ્રીમતી રિવાબા ૨. જાડેજા :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે એક શિક્ષકવાળી શાળા, જેમાં ખાસ કરીને દાહોદ અને નર્મદાની વાત કરીએ તો દાહોદમાં ૧૫ શાળાઓ એવી છે કે જેમાં એક શિક્ષક છે અને નર્મદાની ૧૪૫ શાળાઓ એવી છે કે જેમાં એક શિક્ષક છે. પરંતુ આપણે વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે કે કોઇપણ બાળકનું ભવિષ્ય શિક્ષણના માધ્યમથી અટકે નહીં અને સુચારુરૂપે શિક્ષણ વ્યવસ્થા નિરંતર ચાલતી રહે એના માટે શિક્ષણ વિભાગ સતત ચિંતા કરે છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એક શિક્ષકથી શાળા ચાલે છે એના માટે સરકાર શું વૈકલ્પિક વ્યવસ્થા કરવા માગે છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

સ્માર્ટસીટી મીશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો

15/8/414 **શ્રી અમિત ચાવડા**(આંકલાવ) **: માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કયા કયા શહેરોની સ્માર્ટસીટી મીશન અંતર્ગત પસંદગી થયેલ છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કોઈ પણ શહેરની સ્માર્ટ સીટી મીશન અંતર્ગત પસંદગી થયેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા કયા શહેરોમાં સ્માર્ટસીટી મીશનના ધોરણો મુજબના શહેરવાર કેટલા કામોની કામગીરી પૂર્ણ કરવામાં આવી અને કેટલી કામગીરી કરવાની બાકી છે,અને	(૨)	લાગુ પડતું નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેરદીઠ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે?	(૩)	લાગુ પડતું નથી.

રાજ્યમાંથી પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવા બાબત

15/8/419 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા) **: માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧.૧૨.૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાંથી પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવા કેટલી રજૂઆત મળી, અને	(૧) ૯ (નવ)
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત રજૂઆતો અન્વયે શી કાર્યવાહી કરી?	(૨) ઉક્ત રજૂઆતો અન્વયે નિયમાનુસારની કાર્યવાહી કરી જરૂરી પ્રત્યુત્તરો પાઠવવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત બેનિફિસયરી લેડ કન્સ્ટ્રકશન ઘટકમાં આવાસો મંજૂર

15/8/252 શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત રાજકોટ અને વડોદરા ઝોનની નગરપાલિકાઓમાં બેનિફિસિયરી લેડ કન્સ્ટ્રકશન ઘટક હેઠળ કેટલા આવાસો મંજૂર કરાવવામાં આવેલ છે, અને	(૧)	૭૯૩૨
(૨)	તે પૈકી વડોદરા ઝોનમાં નગરપાલિકાવાર કેટલા આવાસો મંજૂર થયેલ છે?	(૨)	પત્રક–૧ મુજબ.

પત્રક – ૧

ક્રમ	વડોદરા ઝોનની નગરપાલિકાનું નામ	રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ મંજૂર	રાજ્ય કક્ષાએ મંજૂર	કુલ મંજૂર
૧	અંકલાવ	૪૦	૨૨૩	૨૬૩
૨	ઉમરેઠ	૫૯	૫૪	૧૧૩
૩	ઓડ	૯૦	૦	૯૦
૪	કરજણ	૧૭૬	૪૬	૨૨૨
૫	કાલોલ	૫૪	૦	૫૪
૬	ખંભાત	૧૩૦	૨૦૦	૩૩૦
૭	ગોધરા	૧૦૦	૩૮	૧૩૮
૮	છોટાઉદેપુર	૨૪	૨૦	૪૪
૯	ઝાલોદ	૨૪૬	૦	૨૪૬
૧૦	ડભોઇ	૫૦	૦	૫૦
૧૧	દાહોદ	૩૯	૦	૩૯
૧૨	દેવગઢબારીયા	૨૯૫	૧૦૬	૪૦૧
૧૩	પાદરા	૩૬	૦	૩૬
૧૪	પેટલાદ	૨૦૦	૨૧૬	૪૧૬
૧૫	બાલાસિનોર	૪૭	૩૨	૭૯
૧૬	બોરસદ	૧૪૦	૦	૧૪૦
૧૭	બોરીયાવી	૧૪૯	૦	૧૪૯
૧૮	લુણાવાડા	૧૭૩	૬૦	૨૩૩
૧૯	વાઘોડીયા	૩૦	૦	૩૦
૨૦	શહેરા	૫૦૩	૦	૫૦૩
૨૧	સંતરામપુર	૩૧૧	૩૮	૩૪૯
૨૨	સાવલી	૧૦૭	૭૫	૧૮૨
૨૩	સોજીત્રા	૭૮	૦	૭૮
૨૪	હાલોલ	૯૭	૦	૯૭
કુલ		**૩૧૭૪**	**૧૧૦૮**	**૪૨૮૨**

મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ

15/8/88 શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ)**: માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ મહેસાણા જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને	(૧)	કુલ ૭૫૮૭૮.૭૪ મે.ટન
(૨)	કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?	(૨)	માહે જાન્યુઆરી–૨૦૨૫ થી ડીસેમ્બર–૨૦૨૫ સુધીના સમયગાળા માટે દર માસે **અંત્યોદય અન્ન યોજના (AAY) હેઠળ કાર્ડ દીઠ ૩૫ કિલોગ્રામ** અને **અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) હેઠળ વ્યક્તિ દીઠ ૫ કિલોગ્રામ** અનાજ **"વિનામુલ્યે"** વિતરણ કરવામાં આવેલ છે.

નડિયાદ નગરપાલિકા હસ્તકના રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી

15/8/258 શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર (માતર): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ નડિયાદ નગરપાલિકા હસ્તકના રેલવે લેવલ ક્રોસીંગના સ્થળે રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા.
(૨)	જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,	(૨)	ઉકત કામગીરી પ્રગતિ હેઠળ છે. જેની ભૌતિક પ્રગતિ ૪૫% છે.
(૩)	આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને	(૩)	આ કામગીરી પાછળ કુલ રૂ.૯૪૯.૬૩ લાખનો અંદાજિત ખર્ચ થનાર છે.
(૪)	આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?	(૪)	આ કામગીરી જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકા ગ્રાન્ટના દુરુપયોગની ફરીયાદો

15/8/178 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): ૧૫મી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં તા.૦૮–૦૯–૨૦૨૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૭/૪૨૪(અગ્રતા: ૧૫૨)ના અનુસંધાને **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકામાં સરકારી ગ્રાન્ટના દુરુપયોગ અંગેની ફરિયાદોની તપાસ તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને	**(૧)**	તપાસ પૂર્ણ થયેલ છે.
(૨)	ઉક્ત સ્થિતીએ જવાબદારો સામે સરકાર દ્વારા છેલ્લા છ માસમાં શા પગલાં લેવામાં	**(૨)**	જવાબદારો સામે ગુજરાત નગરપાલીકા અધિનિયમની કલમ

	આવ્યા?		૩૭ અંતર્ગત કાર્યવાહી ચાલુમાં છે, અને કલમ ૭૦ની જોગવાઇઓ હેઠળ કેસ દાખલ કરી સુનાવણી હાથ ધરેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના પ્લોટની હરાજી

15/8/54: શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ) : **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોર્પોરેશન હસ્તકના કેટલા પ્લોટની હરાજી માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મંજૂરીઓ લેવામાં આવી,	(૧)	ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ –૧૯૭૬ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સાંપ્રત થયેલ પ્લોટોને હાલમાં અમલી શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ (Disposal of land and other Properties) રેગ્યુલેશન –૨૦૦૨ની જોગવાઇઓ અનુસાર ટેન્ડર કમ ઈ–ઓકશનથી તબદીલ/ નિકાલ કરવામાં આવે છે. જે જોગવાઈ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મંજૂરી લેવાની રહેતી નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ વિભાગ દ્વારા કેટલા પ્લોટની હરાજી માટે મંજૂરી આપવામાં આવી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત મંજૂર પ્લોટોની હરાજીથી સરકારને કેટલી આવક થઈ?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓની માંગણી.

15/8/40 શ્રી જેઠાભાઈ આહીર(ભરવાડ)(શહેરા) :**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓની કેટલી માંગણી આવી,	(૧)	**તાલુકો** / **માંગણી આવેલ શાળાઓની સંખ્યા** / **માંગણી આવેલ નવા ઓરડાઓની સંખ્યા** ઘોઘંબા / ૧૬૩ / ૩૭૧ ગોધરા / ૨૦૯ / ૬૮૯ હાલોલ / ૧૨૫ / ૨૮૧ જાંબુઘોડા / ૨૮ / ૮૫ કાલોલ / ૧૨૪ / ૩૪૬ મોરવા હડફ / ૧૨૬ / ૪૯૦ શહેરા / ૧૭૬ / ૫૧૫ કુલ / ૯૫૧ / ૨૭૭૭
(૨)	તે પૈકી કેટલા ઓરડા મંજૂર કર્યા,	(૨)	**તાલુકો** / **મંજૂર કરેલ ઓરડાઓની સંખ્યા** ઘોઘંબા / ૩૫૮ ગોધરા / ૬૭૮ હાલોલ / ૨૬૮ જાંબુઘોડા / ૭૯ કાલોલ / ૩૩૪ મોરવા હડફ / ૪૭૪ શહેરા / ૫૦૬ કુલ / ૨૬૯૭

(૩)	ઉક્ત મંજૂર કરેલા ઓરડા પૈકી કેટલા ઓરડાઓનું કામ પૂર્ણ થયું અને કેટલાનું બાકી છે, અને	(૩)	પૂર્ણ કરેલ ઓરડાઓની સંખ્યા – ૫૩૪ પ્રગતિ હેઠળના ઓરડાઓની સંખ્યા – ૯૬૬ બાકી રહેલ ઓરડાઓની સંખ્યા – ૧૧૯૭
(૪)	ઉક્ત કામ બાકી રહેવાના શા કારણો છે?	(૪)	બાકી રહેલ ૧૧૯૭ મંજુર ઓરડાઓ માટે વર્ષ ૨૦૨૨ થી ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે પરંતુ વિવિત કારણોસર જેવા કે, ભૌગોલિક પરિસ્થિતિ વિષમ હોવાથી તેમજ સ્થાનિક પ્રશ્નોના કારણે કોઇ પણ ઇજારદાર ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેતા ન હતા.

જામનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

15/8/477: **શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા** (કાલાવડ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	૫૬૫૯
(૨)	તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩.૬૭૯.૦૮ લાખ

છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં રિવરફ્રંટની કામગીરી

15/8/152 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**: માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં રિવરફ્રંટની કામગીરી રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,	(૧)	ના, જી.
(૨)	જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરેલ છે,	(૨)	લાગુ પડતુ નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?	(૩)	લાગુ પડતુ નથી.

સુરત જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

15/8/426:શ્રી સંદિપ દેસાઇ (ચોર્યાસી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સુરત જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	૧૨૫૪૬
(૨)	તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩.૧૫૦૫.૫૨ લાખ

સાબરકાંઠા જિલ્લામાં સરકારી કોલેજ

અતારાંકિત પ્રશ્નો

15/8/304 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી સરકારી કોલેજ આવેલ છે, અને	(૧)	૦૭
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ વિનયન પ્રવાહની સરકારી કોલેજો કેટલી આવેલી છે?	(૨)	

જીલ્લાનું નામ	વિનયન	વિનયન અને વાણિજ્ય	વિનયન અને વિજ્ઞાન	વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન	કુલ
સાબરકાંઠા	૦	૫	૦	૦	૫

બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

15/8/424:શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	૭૬૩૨
(૨)	તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચુકવવામાં આવી?	(૨)	૩.૯૧૫.૮૪ લાખ

ટી.પી. અને નોન ટી.પી. પ્રોજેક્ટમાં કપાત કરવા બાબત

15/8/295 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા)**: માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૨૮–૦૧–૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં નવા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં બાંધકામ પ્રોજેક્ટોમાં ટી.પી. અને નોન ટી.પી. પ્રોજેક્ટમાં કપાત ઓછી કરવાનો જે નિર્ણય ડિસેમ્બર ૨૦૨૫માં કર્યો હતો, તેમાં ફેરફાર કરીને ૪૦ ટકા કપાતનો નિર્ણય જાન્યુઆરી ૨૦૨૬માં કરવામાં આવ્યો છે, તે હકીકત સાચી છે, અને	(૧)	ના, જી.
(૨)	જો હા, તો તેના શા કારણો છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નવસારી અને ડાંગ જિલ્લામાં જર્જરિત પ્રાથમિક શાળાઓ

15/8/241 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા) :**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ નવસારી અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ જર્જરિત હાલતમાં છે,</td><td>(૧)</td><td>
<table>
<tr><th colspan="2">નવસારી જિલ્લો</th></tr>
<tr><th>તાલુકો</th><th>જર્જરિત ઓરડાવાળી શાળાની સંખ્યા</th></tr>
<tr><td>ચીખલી</td><td>૪</td></tr>
<tr><td>ગણદેવી</td><td>૧</td></tr>
<tr><td>જલાલપોર</td><td>૧</td></tr>
<tr><td>નવસારી</td><td>૨</td></tr>
<tr><td>વાંસદા</td><td>૧</td></tr>
<tr><td>ખેરગામ</td><td>૩</td></tr>
</table>
<table>
<tr><th colspan="2">ડાંગ જિલ્લો</th></tr>
<tr><th>તાલુકો</th><th>જર્જરિત ઓરડાવાળી શાળાની સંખ્યા</th></tr>
<tr><td>આહવા</td><td>૦</td></tr>
<tr><td>સુબીર</td><td>૪</td></tr>
<tr><td>વઘઇ</td><td>૧</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત જર્જરિત પ્રાથમિક શાળાઓમાં કેટલા બાળકો અભ્યાસ કરે છે, અને</td><td>(૨)</td><td>
<table>
<tr><th>જિલ્લો</th><th>બાળકોની સંખ્યા</th></tr>
<tr><td>નવસારી</td><td>૬૬૦</td></tr>
<tr><td>ડાંગ</td><td>૩૭૪</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૩)</td><td>ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓની મરામત અને કેટલી શાળાઓ નવી બનાવવાની કામગીરી કરવામાં આવી?</td><td>(૩)</td><td>
<table>
<tr><th>જિલ્લો</th><th>મરામત કરેલ ઓરડા વાળી શાળાની સંખ્યા</th><th>નવા ઓરડાઓ બનાવેલ શાળાની સંખ્યા</th></tr>
<tr><td>નવસારી</td><td>૧૧૪</td><td>૭૦</td></tr>
<tr><td>ડાંગ</td><td>૧૪</td><td>૩૫</td></tr>
</table>
</td></tr>
</table>

રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

15/8/478: **શ્રી રમેશભાઇ વિરજીભાઇ ટીલાળા** (રાજકોટ દક્ષિણ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	૧૧૧૭૧
(૨)	તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩.૧૩૪૦.૫૨ લાખ

શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરી આપવા બાબત

અતારાંકિત પ્રશ્નો

15/8/128 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ)**: માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
	(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષકોને શિક્ષણ સિવાયની વધારાની કામગીરીઓ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,		(૧) હા
	(૨) જો હા, તો તેનાથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં અગવડતાઓ પડતી હોવાની ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી,અને		(૨) ૧૦
	(૩) ઉકત મળેલ ફરિયાદો અનવયે શી કાર્યવાહી કરી?		(૩) રાષ્ટ્રીય હિત માટે જરૂરી હોય તે સિવાયની બિન શૈક્ષણિક કામગીરી શિક્ષકો પાસેથી નહીં લેવા બાબતેના શિક્ષણ વિભાગના તા:-૦૪/૦૪/૨૦૧૧ ના પરિપત્રનું અસરકારક અમલીકરણ કરવા તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓને સુચના આપવામાં આવેલ છે.

.....

સુરત જિલ્લામાં પેન્શનરોનું મેડિકલ રિએમ્બર્સમેંટ

15/8/197: શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના)**: માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા પેન્શનરો મેડિકલ રિએમ્બર્સમેંટ મેળવે છે,અને	**(૧)**	૭૯૭
(૨)	ઉકત સ્થિતિએ મેડિકલ રિએમ્બર્સમેંટ પેટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ચુકવણી કરવામાં આવી છે?	**(૨)**	વર્ષ ૨૦૨૪માં ૩.૭૬,૪૩,૭૩૭/– અને વર્ષ ૨૦૨૫માં ૩.૯૫,૧૦,૬૭૮/–

–––––

ગીર સોમનાથ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

15/8/422:શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	૧૪૩૬૮
(૨)	તે પેટે ઉકત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચુકવવામાં આવી?	(૨)	૩.૧૭૨૪.૦૦ લાખ

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તળાવો વિકસાવવા બાબત

15/8/256 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર** (ગાંધીનગર (દક્ષિણ)): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત વિકસાવવામાં આવનાર તળાવોના કામ કયા તબક્કે છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત કુલ-૪ તળાવો (પેથાપુર ખાતે ૨ (બે) તળાવ, રાંધેજા તળાવ તથા કોલવડા તળાવ)ની કામગીરી પૂર્ણ થયેલ છે.
(૨)	ઉકત તળાવોના વિકાસ માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે,	(૨)	ઉકત તળાવોના વિકાસ માટે કુલ રૂ. ૩૬.૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
(૩)	ઉકત કામ હેઠળ ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને	(૩)	ઉકત કામ હેઠળ ઉકત સ્થિતિએ કુલ રૂ. ૩૫.૨૯ કરોડની રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.
(૪)	ખર્ચ કરેલ કુલ રકમ પૈકી કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો અનુક્રમે કેટલો છે?	(૪)	ખર્ચ કરેલ રકમમાં કેન્દ્ર સરકારનો રૂ. ૧૧.૭૬ કરોડ તેમજ રાજય સરકારનો રૂ. ૨૦.૦૦ કરોડનો હિસ્સો સામેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ કેમ્પસમાં મંજૂરી વગર બાંધકામ

* 15/8/324 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે** :-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં અને રૂડા (RUDA)માં પ્લાન મંજુર કરાવ્યા વગર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ કેમ્પસમાં બાંધકામ થઇ રહ્યાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને	(૧)	શૂન્ય
(૨)	ઉક્ત ફરિયાદો અન્વયે પ્લાન મંજુર કરાવ્યા વગર બાંધકામ કરેલ હોય તો જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગોંડલ નગરપાલિકા હસ્તકના રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી

15/8/259 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા** (ગોંડલ): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગોંડલ નગરપાલિકા હસ્તકના રેલવે લેવલ ક્રોસીંગના સ્થળે રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા.
(૨)	જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,	(૨)	ઉકત કામગીરી પ્રગતિ હેઠળ છે. જેની ભૌતિક પ્રગતિ ૬૫% છે.
(૩)	આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને	(૩)	આ કામગીરી પાછળ કુલ રૂ.૩૭૫૪.૪૭ લાખનો અંદાજિત ખર્ચ થનાર છે.
(૪)	આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?	(૪)	આ કામગીરી માર્ચ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

અમદાવાદ શહેરમાં મંજૂર કરવામાં આવેલ ઇસ્ટર્ન ટ્રંક

15/8/255 **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમૃત ૨.૦ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં મંજૂર કરવામાં આવેલ ભૂગર્ભ ગટરના પાણીના નિકાલ અર્થે ઇસ્ટર્ન ટ્રંક લાઇનનું કામ કયા તબક્કે છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમૃત ૨.૦ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં મંજૂર કરવામાં આવેલ ભૂગર્ભ ગટરના પાણીના નિકાલ અર્થે ઇસ્ટર્ન ટ્રંક લાઇનનું કામ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ છે.
(૨)	ઉકત કામમાં કયા કયા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે,	(૨)	ઉક્ત કામમાં નીચે મુજબના ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. • ૧૨૦૦ એમ.એમ.ડાયા: ૧૦૧૦ રનિંગ મીટર • ૧૮૦૦ એમ.એમ.ડાયા: ૬૬૩૨.૫૦ રનિંગ મીટર • ૨૦૦૦ એમ.એમ.ડાયા: ૩૭૪૦.૦૦ રનિંગ મીટરગ્રેવિટી લાઇન તેમજ ૧૬૦૦ એમ.એમ.ડાયા: ૭૧૬.૨૭ રનિંગ મીટર રાઇઝીંગ લાઇન એમ કુલ મળીને ૧૨.૦૯ કી.મી. લાઇન નાખવામાં આવેલ છે.
(૩)	ઉકત કામ હેઠળ ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને	(૩)	ઉકત કામ હેઠળ કુલ રૂ. ૪૭.૮૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે,
(૪)	ખર્ચ કરેલ કુલ રકમ પૈકી કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો અનુક્રમે કેટલો છે?	(૪)	ખર્ચ કરેલ કુલ રકમ પૈકી કેન્દ્ર સરકારના રૂ.૧૧.૯૬ કરોડ અને રાજ્ય સરકારના રૂ.૧૧.૯૬ કરોડ તેમજ બાકીની રકમ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા ખર્ચ કરવામાં આવેલ છે

વડોદરા જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર લેવા બાબત

15/8/199 **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા** (પાદરા)**: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને	(૧) ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર વસુલવામાં આવતો નથી.
(૨)	આ વીજ કર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?	(૨) ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને વીજ કરમાંથી મુકિત આપવામાં આવેલ છે.

બોટાદ જિલામાં સાયન્સ, કોમર્સ અને આર્ટસની સરકારી કોલેજ બનાવવાની કામગીરી

15/8/163 શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સાયન્સ, કોમર્સ અને આર્ટસની સરકારી કોલેજ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે?	(૧)	સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં બોટાદ જિલ્લાના રાણપુર ખાતે નવી સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ શરૂ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા નવી બાબત તરીકે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વલસાડ જિલ્લામાં વન નેશન વન રેશનકાર્ડ યોજના

અતારાંકિત પ્રશ્નો

15/8/87 શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ ONORC (વન નેશન વન રેશનકાર્ડ) યોજનામાં વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ મેળવેલ છે ?	(૧)	૫૨,૮૦૧(બાવન હજાર આઠસો એક)

રાજ્ય સરકારનું દેવું

15/8/339 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા) **: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

પ્રશ્ન			જવાબ	
(૧)	નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં રાજ્ય સરકારનું વર્ષવાર કુલ કેટલું દેવું છે, અને	(૧)	**નાણાકીય વર્ષ**	**જાહેર દેવું (રૂ.કરોડમાં)**
			૨૦૨૩-૨૪	૩,૫૨,૭૧૮/-
			૨૦૨૪-૨૫ (સુધારેલ અંદાજ)	૩,૯૯,૬૩૩/-

(૨)	આ પૈકી વર્ષવાર દેવાની કુલ રકમ પૈકી કેટલી રકમ મુદ્દલ પેટે અને કેટલી રકમ વ્યાજ પેટે ચુકવેલ છે?	(૨)	**નાણાકીય વર્ષ**	**ચુકવેલ વ્યાજ (રૂ. કરોડમાં)**	**ચુકવેલ મુદ્દલ (રૂ. કરોડમાં)**
			૨૦૨૩-૨૪	૨૪,૯૬૪/-	૨૬,૧૩૬/-
			૨૦૨૪-૨૫ (સુધારેલ અંદાજ)	૨૫,૯૪૫/-	૨૯,૦૮૬/-

ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ સમાવિષ્ટ જમીનના સુધારેલા ક્ષેત્રફળ પ્રમાણે રેવન્યુ રેકર્ડને અદ્યતન કરવા બાબત

15/8/222 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ નિયમ, 1979 નાં નિયમ-32 મુજબ ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ સમાવિષ્ટ જમીનના સુધારેલા ક્ષેત્રફળ મુજબ રેવન્યુ રેકર્ડને અદ્યતન કરવાની સત્તા DILR ને આપેલી છે તે હકીકત સાચી છે,	(૧)	ના, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને રાજકોટ શહેર/જિલ્લામાં કઈ કઈ ટીપી સ્કીમ જમીનનાં સુધારેલા ક્ષેત્રફળ મુજબ રેવન્યુ રેકોર્ડ અદ્યતન કરેલ છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત શહેર/જિલ્લામાં જાહેર કરાયેલ ટીપી સ્કીમ પૈકી કઈ કઈ ટીપી સ્કીમના જમીન ક્ષેત્રફળ માપણી બાકી છે અને તે બાકી રહેવાના કારણો શા છે?	(૩)	શૂન્ય

અતારાંકિત પ્રશ્નો

નલિયા કોલેજની બિલ્ડીંગ બનાવવા બાબત.

15/8/14 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અબડાસા તાલુકાના નલિયા ખાતે કોલેજની બિલ્ડીંગ બનાવવા માટે કોઇ માંગણી આવેલ છે કે કેમ,અને	(૧)	હા, ૨ (બે) રજૂઆત મળેલ છે.
(૨)	જો હા, તો કોલેજની બિલ્ડીંગ બનાવવા માટેની મંજૂરી ક્યા તબક્કે છે?	(૨)	સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નલિયા, અબડાસાના આચાર્યશ્રી દ્વારા કલેક્ટરશ્રી, કચ્છને જમીન ફાળવવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

––––––

પ્રભાસ પાટણમાં ભૂગર્ભ ગટર નાખવાની મંજૂરી

15/8/352 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ)**: માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ શહેરમાં ભૂગર્ભ ગટર નાખવાની મંજૂરી કયારે આપવામાં આવી,	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ–પાટણ શહેરના પ્રભાસ પાટણ વિસ્તારમાં ભૂગર્ભ ગટર નાખવાની સૈદ્ધાંતિક મંજૂરી તા.૧૮–૧૧–૨૦૨૪ના રોજ આપવામાં આવેલ છે.
(૨)	ઉક્ત મંજૂરી અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી,	(૨)	ઉક્ત મંજૂરી અન્વયે ગુજરાત શહેરી વિકાસ કંપની લિ. દ્વારા ૩.૨૨.૫૫ કરોડ મંજુર કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ ભૂગર્ભ ગટર નાખવાની કામગીરી કયા તબક્કે છે, અને	(૩)	ઉક્ત સ્થિતિએ ભૂગર્ભ ગટર નાખવાની કામગીરી ૩૮% પૂર્ણ થયેલ છે.
(૪)	ઉક્ત કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?	(૪)	ઉક્ત કાર્યવાહી તા.૨૯–૦૧–૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

નર્મદા અને ભરૂચ જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવાની ફરિયાદો

15/8/25 શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (દેડીયાપાડા**): માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે,–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં સરકારી અનાજ સગેવગે થયા હોવા અંગે ફરિયાદો મળેલ છે તે હકિકત સાચી છે,	(૧)	હા.
(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને	(૨)	(૧) નર્મદા જિલ્લો – ૨ (૨) ભરૂચ જિલ્લો – ૨

(૩)	ઉકત બાબતે કેટલા કસૂરવારો સામે કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે?	(૩)	(૧) નર્મદા જિલ્લો :– મોજે સેલંબા, તાલુકો સાગબારાની ફરિયાદના આધારે મામલતદારશ્રી સાગબારા દ્વારા પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવેલ, જેમા કુલ–૮ ઈસમો ઉપર ગુનો નોંધાયેલ છે. જે અંગે સિવિલ કોર્ટ સાગબારા ખાતે કેસ હાલ ચાલુમાં છે. દેડિયાપાડા તાલુકાની ફરિયાદ અન્વયે પોલિસ તપાસના અંતે સદરહુ ફરિયાદને સમર્થન મળેલ નથી. (૨) ભરૂચ જિલ્લો :– મોજે–ઓચ્છણ,તાલુકો આમોદની ફરિયાદ અન્વયે દુકાનદારનો પરવાનો હુકમ કરી મોકુફ કરેલ છે અને જથ્થો સિઝ કરેલ છે. મોજે–રોઝાટંકારીયા, તાલુકો–આમોદની ફરિયાદ અન્વયે પકડાયેલ અનાજનો જથ્થો સિઝ કરી તમામ જથ્થો રાજયસાત કરવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓ

15/8/105 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

જવાબ

(૧)

ક્રમ	**તાલુકાનું નામ**	**સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા**	**ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા**	**ખાનગી પ્રાથમિક શાળા ઓની સંખ્યા**
૧	અમીરગઢ	૧૧૩	૦	૭
૨	ભાભર	૧૧૨	૧	૧૪
૩	દાંતા	૨૧૦	૧	૧૮
૪	દાંતીવાડા	૧૦૦	૦	૮
૫	ડીસા	૩૧૨	૪	૫૧
૬	દિયોદર	૧૬૧	૧	૨૨
૭	ધાનેરા	૧૨૫	૧	૩૪
૮	કાંકરેજ	૨૬૦	૧	૧૩
૯	લાખણી	૧૭૫	૦	૮
૧૦	પાલનપુર	૧૭૭	૪	૧૦૧
૧૧	સુઈગામ	૬૬	૦	૨
૧૨	થરાદ	૨૭૦	૧	૩૫
૧૩	વડગામ	૧૪૦	૩	૪૩
૧૪	વાવ	૧૨૫	૦	૬

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી નવી પ્રાથમિક શાળાઓ બનાવવામાં આવી, અને

(૨) છેલ્લા બે વર્ષમાં નવી બનાવેલ પ્રાથમિક શાળાઓ

તાલુકા	**નવી બનાવેલ પ્રાથમિક શાળાઓ**
અમીરગઢ	૪
ભાભર	૪
દાંતા	૧૪
દાંતીવાડા	૨
ડીસા	૪
દિયોદર	૯
ધાનેરા	૦

	કાંકરેજ	૭
	લાખણી	૨
	પાલનપુર	૩
	સુઈગામ	૫
	થરાદ	૫
	વડગામ	૬
	વાવ	૫
	કુલ	**૭૦**
(૩) કેટલી પ્રાથમિક શાળાઓની કુલ કેટલા ખર્ચે મરામત કરવામાં આવી ?	(૩) • ૪૨૪ શાળાઓમાં સ્કુલ ઓફ એક્સલન્સ અંતર્ગત રૂ.૨૧૬.૮૨ કરોડના ખર્ચે મરામત કરવામાં આવી, અને • બનાસકાંઠા જીલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૭.૯૩ કરોડ અને વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧૧.૯ કરોડની શાળા મેઇન્ટેનન્સ ગ્રાન્ટ મંજુર કરવામાં આવી	

છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં ગામોનો સમાવેશ કરવા બાબત

15/8/153 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારની આસપાસ આવેલા ગામોને નગરપાલિકામાં સમાવેશ કરવાની માંગણી ક્યારે મળી, અને	**(૧)**	તા.૧૯-૦૪-૨૦૨૫ ના રોજ એક રજૂઆત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ખાતે મળેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ કયા કયા ગામોનો સમાવેશ કરવાનું આયોજન છે તેમજ આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કામાં છે?	**(૨)**	જુના ઉદેપુર, માણકા, ખોસ, વસેડી, ખુટાલીયા, ઘેલવાંટ ગામોનો સમાવેશ કરવાની રજૂઆત મળેલ છે. પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓની કચેરી, વડોદરા ઝોન દ્વારા તા.૦૩-૦૬-૨૦૨૫ના પત્રથી કલેકટરશ્રી, છોટા ઉદેપુર અને જિલ્લા વિકાસ અધિકારી, છોટા ઉદેપુરને નિયત ચેકલિસ્ટ સહિતની વિગતો સાથે સ્પષ્ટ અભિપ્રાય સહ દરખાસ્ત મોકલી આપવા જણાવેલ છે.

રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત સવારની પાળીમાં પ્રવેશ ન આપવા બાબત.

15/8/296 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૨૦-૦૧-૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ મેળવતા બાળકોને જે ખાનગી શાળાઓમાં બે પાળી ચાલતી હોય ત્યાં સવારની પાળીમાં પ્રવેશ આપવામાં આવતો નથી, તે હકીકત સાચી છે,	(૧)	**જિલ્લો**	**ખાનગી શાળાઓમાં બે પાળી ચાલતી હોય ત્યાં સવારની પાળીમાં પ્રવેશ આપવામાં આવતો નથી, તે હકીકત સાચી છે?**
			અમદાવાદ શહેર	ના, જી
			અમદાવાદ જિલ્લો	ના, જી

(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપર મુજબની કેટલી ફરિયાદો મળેલ છે, અને	(૨)	

જિલ્લો	વર્ષ	મળેલ ફરીયાદોની સંખ્યા
અમદાવાદ શહેર	૨૦૨૪–૨૫	૦૦
	૨૦૨૫–૨૬	૦૯
અમદાવાદ જિલ્લો	૨૦૨૪–૨૫	૦૦
	૨૦૨૫–૨૬	૦૦

(૩)	આવી ભેદભાવવાળી નિતી અપનાવતી કઇ કઇ શાળાઓ સામે સરકારે ક્યારે શું પગલા લીધા?	(૩)	

જિલ્લો	વર્ષ	શાળાઓ સામે લીધેલ પગલા
અમદાવાદ શહેર	૨૦૨૪–૨૫	કોઇ ફરિયાદ મળેલ નથી.
	૨૦૨૫–૨૬	**પત્રક–અ** સામેલ છે.
અમદાવાદ	૨૦૨૪–૨૫	કોઇ ફરિયાદ મળેલ નથી.

પત્રક–અ

શાળાનું નામ	મળેલ કુલ ફરિયાદ	શાળા સામે લીધેલ પગલાં
એસ.પી. જીનેસીસ સ્કૂલ, નરોડા	૧	એસ.પી. જીનેસીસ સ્કૂલ, નરોડા બે પાળીમાં ચાલે છે. તપાસ અધિકારીના અહેવાલ મુજબ સવાર પાળીમાં ધોરણ ૧ થી ૮ અને બપોર પાળીમાં ધોરણ ૧ અને ૨ ચાલે છે. જેમા સવાર પાળીમાં કુલ ૮૪ વિદ્યાર્થી આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે. અને બપોર પાળીમાં કુલ ૨૫ વિદ્યાર્થી આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે. જેથી બન્ને પાળીમાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.
એ.આઈ.એમ ઈન્ટરનેશનલ સ્કૂલ, વટવા	૧	સદર શાળા બન્ને પાળીમાં કાર્યરત છે. સદર શાળામાં સવાર પાળીમાં કુલ ૧૭૧ વિદ્યાર્થીઓ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે અને બપોર પાળીમાં કુલ ૧૧૨ વિદ્યાર્થીઓ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે. જેથી સદર શાળામાં બન્ને પાળીમાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેથી સવાર પાળીમાં જગ્યા ન હોવાથી ફરિયાદી વાલીના વિદ્યાર્થીને બપોર પાળીમાં પ્રવેશ આપેલ છે.
આર.પી વસાણી ઈન્ટરનેશનલ સ્કૂલ, નિકોલ	૧	આર.પી વસાણી ઈન્ટરનેશનલ સ્કૂલ, નિકોલમાં સવાર પાળીમાં કુલ ૧૮૮ વિદ્યાર્થીઓ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે અને બપોર પાળીમાં કુલ ૫૩ વિદ્યાર્થીઓ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે. જેથી સદર શાળામાં બન્ને પાળીમાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ફરિયાદી વાલી દ્વારા પોતાના બાળકને બપોર પાળીમાં જ બેસાડવા માટે સંમતિ આપેલ છે.
ઉદ્ગમ સ્કૂલ, થલતેજ	૧	ઉદ્ગમ સ્કૂલ, થલતેજમાં અભ્યાસ કરતા આર.ટી.ઈ. હેઠળ અભ્યાસ કરતા બાળકને બપોર પાળીમાં જ સમાવતા હોવાની વાલીની ફરીયાદ અન્વયે અત્રેથી તપાસ અધિકારીને તપાસ આપેલ હતી. તપાસ અધિકારીશ્રીના અહેવાલ મુજબ શાળાને સવાર અને બપોર પાળી ચલાવવાની મંજુરી મળેલ છે. જેમાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવી અભ્યાસ કરતા કેટલાક બાળકો સવારની પાળીમાં તો કેટલાક બાળકોને બપોર પાળીમાં સમાવવામાં આવ્યા છે. તેમજ વાલીએ લેખિત નિવેદન પણ આપેલ છે. જે મુજબ વાલીને સદર બાબતે કોઈ ફરીયાદ નથી.
ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, વસ્ત્રાલ	૧	સદર શાળા બન્ને પાળીમાં કાર્યરત છે. સદર શાળામાં સવાર પાળીમાં ૧૧૦ વિદ્યાર્થીઓ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે અને બપોર પાળીમાં ૧૮૧ વિદ્યાર્થીઓ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે. જેથી સવાર અને બપોર પાળીમાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સદર ફરિયાદીના બાળકને બપોર પાળીમાં પ્રવેશ આપેલ હતો. જેમની સવાર પાળીમાં અભ્યાસ કરાવવાની રજુઆતને ધ્યાને લઈ શાળાએ સવાર પાળીમાં પ્રવેશ આપેલ છે.
માય ઓન સ્કૂલ, વાડજ	૧	સદર શાળામાં સવાર પાળીમાં અંગ્રેજી માધ્યમ અને બપોર પાળીમાં ગુજરાતી માધ્યમ ચાલે છે. જેથી ફરિયાદી વાલીના વિદ્યાર્થીને ગુજરાતી માધ્યમમાં પ્રવેશ મળેલ હોવાથી બપોર પાળીમાં પ્રવેશ આપેલ છે. જેથી કોઈ ફરિયાદ રહેતી નથી.
મુક્તજીવન સ્કૂલ, મણિનગર	૧	મુક્તજીવન સ્કૂલ, મણિનગરમાં અભ્યાસ કરતા આર.ટી.ઈ. હેઠળ અભ્યાસ કરતા બાળકને બપોર પાળીમાં જ સમાવતા હોવાની વાલીની ફરીયાદ અન્વયે અત્રેથી તપાસ અધિકારીને તપાસ આપેલ હતી. તપાસ અધિકારીશ્રીના અહેવાલ મુજબ શાળાને સવાર અને બપોર પાળી ચલાવવાની મંજુરી મળેલ છે. તપાસ અધિકારીશ્રીનાં અહેવાલ મુજબ આર.ટી.ઈ. હેઠળ અભ્યાસ કરતા જે બાળકોને સવાર પાળીમાં પ્રવેશ લેવો હોય તો સવાર પાળીમાં પ્રવેશ આપવા માટે પણ શાળા દ્વારા ખાતરી આપવામાં આવેલ છે. આર.ટી.ઈ. હેઠળ અભ્યાસ કરતા બાળકો સાથે કોઇપણ પ્રકારનો ભેદભાવ કરવામાં આવતો નથી. આર.ટી.ઈ. હેઠળ અભ્યાસ કરતા બાળકો પ્રત્યે પણ અન્ય બાળકોની જેમ જ ધ્યાન આપવામાં આવે છે. તેમજ વાલીએ લેખિત નિવેદન આપેલ છે. જે મુજબ વાલીને સદર બાબતે કોઈ ફરીયાદ નથી.
સુપર ઇંગ્લીશ સ્કૂલ, રાણીપ	૧	સદર શાળા બે પાળીમાં ચાલે છે. જેમાં સવાર પાળીમાં કુલ ૯૪ વિદ્યાર્થી આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે અને બપોર પાળીમાં કુલ ૩૫ વિદ્યાર્થી આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે. વાલી પોતાના બાળકને કોઈપણ પાળીમાં અભ્યાસ કરાવી શકે છે તેની જાણ શાળાએ કરેલ છે.

કુમ કુમ વિદ્યાલય, મણિનગર	૧	તપાસ અધિકારીશ્રીના અહેવાલ મુજબ સદર પ્રાથમિક શાળાનો સમય માત્ર સવારનો જ છે. બપોરના સમયમાં સદર પ્રાથમિક શાળા ચાલતી નથી. જેથી વાલી દ્વારા થયેલ ગેરસમજ દૂર કરેલ છે.

રાજ્ય સરકારનું દેવું

15/8/409 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

પ્રશ્ન			**જવાબ**		
(૧)	નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં રાજ્ય સરકારનું વર્ષવાર કુલ કેટલું દેવું છે, અને	(૧)	**નાણાકીય વર્ષ**	**જાહેર દેવું (રૂ.કરોડમાં)**	
			૨૦૨૩-૨૪	૩,૫૨,૭૧૮/-	
			૨૦૨૪-૨૫ (સુધારેલ અંદાજ)	૩,૯૯,૬૩૩/-	

(૨)	આ પૈકી વર્ષવાર દેવાની કુલ રકમ પૈકી કેટલી રકમ મુદ્દલ પેટે અને કેટલી રકમ વ્યાજ પેટે ચુકવેલ છે?	(૨)	**નાણાકીય વર્ષ**	**ચુકવેલ વ્યાજ (રૂ. કરોડમાં)**	**ચુકવેલ મુદ્દલ (રૂ. કરોડમાં)**	
			૨૦૨૩-૨૪	૨૪,૯૬૪/-	૨૬,૧૩૬/-	
			૨૦૨૪-૨૫ (સુધારેલ અંદાજ)	૨૫,૯૪૫/-	૨૯,૦૮૬/-	

શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ખરાબ ગુણવત્તાવાળા પાઠ્યપુસ્તકો છાપવા અંગે ફરિયાદ

15/8/129 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): **માનનીય પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પાઠ્યપુસ્તકો છાપવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,	(૧)	**ક્રમ** / **વર્ષ** / **પ્રિન્ટીંગ પ્રેસોને છાપકામ પેટે ચુકવણી કરેલ રકમ અંદાજીત** **૧** / તા:૦૧/૦૧/૨૦૨૪ થી તા: ૩૧/૧૨/૨૦૨૪ / રૂા. ૩૫, ૩૧, ૫૪, ૬૦૮/- **૨** / તા:૦૧/૦૧/૨૦૨૫ થી તા: ૩૧/૧૨/૨૦૨૫ / રૂા. ૪૧, ૦૫, ૫૦, ૬૬૬/-
(૨)	ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત પાઠ્યપુસ્તકો છાપવાના કામમાં વિલંબ અથવા ખરાબ ગુણવત્તા હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને	(૨)	એક (૦૧)
(૩)	તે અન્વયે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	ફરીયાદીને પુરાવા સાથે ઉપસ્થિત રહેવાની ત્રણ તકો આપ્યા છતાં ઉપસ્થિત રહેલ ન હતા. ફરીયાદ કરેલ આક્ષેપો સત્યથી વેગળા હોઇ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ અન્વયે અભ્યાસ કરતા બાળકોને પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજનાનો લાભ ન મળવા બાબત.

15/8/328 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર)**: માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ અન્વયે પ્રવેશ મેળવેલા રાજ્યની ખાનગી શાળામાં અભ્યાસ કરતા બાળકોને પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજનાનો લાભ મળતો નથી તે હકીકત સાચી છે, અને હા,	(૧)	હા,
(૨)	જો હા, તો તેના શા કારણો છે?	(૨)	પ્રવર્તમાન નિયમો અંતર્ગત રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ અન્વયે પ્રવેશ મેળવેલા રાજ્યની ખાનગી શાળામાં અભ્યાસ કરતા બાળકોને પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

અમદાવાદ શહેર અને સુરત શહેરમાં એપીએલ–૧, એપીએલ–૨, બીપીએલ અને એએવાયના કાર્ડ ધારકોની સંખ્યા

15/8/340 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેર અને સુરત શહેરમાં એપીએલ–૧, એપીએલ–૨, બીપીએલ અને એએવાય કાર્ડ ધારકોના પરિવારોની સંખ્યા કેટલી છે, અને	(૧)	શહેર: અમદાવાદ – એપીએલ–૧: ૧૨,૩૧,૮૧૧; એપીએલ–૨: ૯૧,૫૧૮; બીપીએલ: ૫૫,૪૩૩; એએવાય: ૧૮,૬૦૦ શહેર: સુરત – એપીએલ–૧: ૭,૫૩,૪૮૩; એપીએલ–૨: ૪૯,૦૬૮; બીપીએલ: ૨૨,૫૯૮; એએવાય: ૨,૪૦૮
(૨)	વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં ઉક્ત શહેરોમાં બીપીએલ અને એએવાય પરિવારોની સંખ્યામાં કેટલી વધ–ઘટ થઈ?	(૨)	અમદાવાદ – વર્ષ ૨૦૨૪: બીપીએલ ૧,૬૧૭(ઘટ), એએવાય ૧૯૬(ઘટ) અમદાવાદ – વર્ષ ૨૦૨૫: બીપીએલ ૮,૫૪૭(ઘટ), એએવાય ૨,૭૨૬(ઘટ) સુરત – વર્ષ ૨૦૨૪: બીપીએલ ૧૦૩(વધ), એએવાય ૫૮(વધ) સુરત – વર્ષ ૨૦૨૫: બીપીએલ ૨,૧૧૧(વધ), એએવાય ૯૦૧(વધ)

જૂનાગઢ જિલ્લામાં લોકલ ફંડ ઓડીટ.

15/8/223 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાના કયા વર્ષ સુધીના ઓડિટ લોકલ ફંડ નિયામકની કચેરી દ્વારા થયેલ છે અને કયા વર્ષના બાકી છે, અને	**(૧)** **તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ** | ઓડિટ પૂર્ણ થયેલ છે. | ઓડિટ બાકી છે. ગ્રામ પંચાયત | વર્ષ ૨૦૨૦–૨૧ સુધી | વર્ષ ૨૦૨૧–૨૨ થી ૨૦૨૪–૨૫ સુધી તાલુકા પંચાયત | વર્ષ ૨૦૨૦–૨૧ સુધી | વર્ષ ૨૦૨૧–૨૨ થી ૨૦૨૪–૨૫ સુધી જિલ્લા પંચાયત | વર્ષ ૨૦૧૯–૨૦ સુધી | વર્ષ ૨૦૨૦–૨૧ થી ૨૦૨૪–૨૫ સુધી નગરપાલિકા | વર્ષ ૨૦૨૦–૨૧ સુધી | વર્ષ ૨૦૨૧–૨૨ થી ૨૦૨૪–૨૫ સુધી મહાનગરપાલિકા | વર્ષ ૨૦૨૨–૨૩ સુધી | વર્ષ ૨૦૨૪–૨૫
(૨)	ઉક્ત સ્થિતિએ ઓડીટ સમયસર ન થવાના શા કારણો છે?	**(૨)** ➢ કોરોના મહામારીની અસરને લીધે ૦૨ વર્ષનું ઓડિટ સ્થગિત થવાથી ઉભુ થયેલ બેકલોગ,

		➢ સંસ્થાઓના આવક–ખર્ચમાં વધારો, યોજનાઓના વ્યાપમાં વધારો થવાથી ઓડિટ કામગીરીમાં વધારો, ➢ દર વર્ષે ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતના નાણાપંચના ગ્રાન્ટના વ્યવહારોના ઓનલાઈન ઓડિટમાં લાગતો સમય.

–––––

કચ્છ જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ મળેલ અરજીઓ.

15/8/16 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ કેટલી અરજીઓ આવી,	(૧)	**તાલુકો** / **શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫** / **શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬** નખત્રાણા / ૧૨૮ / ૧૨૮ અબડાસા / ૩૦ / ૫૨ લખપત / ૧૭ / ૨૩
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	**તાલુકો** / **શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫** / **શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬** નખત્રાણા / ૮૯ / ૯૯ અબડાસા / ૨૩ / ૨૨ લખપત / ૧૫ / ૨૧
(૩)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો?	(૩)	**તાલુકો** / **શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫** / **શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬** નખત્રાણા / ૨૯ / ૫૫ અબડાસા / ૨ / ૭ લખપત / ૧ / ૧૦

.....

છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાઓ નવા બનાવવા બાબ

15/8/154 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) **:માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના કેટલા જર્જરિત ઓરડાઓ તોડીને નવા ઓરડાઓ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે, અને	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **તાલુકો** / **તોડી પડેલ જર્જરિત ઓરડાઓની સંખ્યા** / **મંજૂર કરેલ નવા ઓરડાઓ** બોડેલી / ૧૧ / ૪૭ છોટાઉદેપુર / ૨૪ / ૪૪ જેતપુર પાવી / ૬૪ / ૯૧ ક્વાંટ / ૬ / ૬ નસવાડી / ૨૧ / ૩૧ સંખેડા / ૩૦ / ૩૫ કુલ / ૧૫૬ / ૨૫૪
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર નવા ઓરડાઓ બનાવવાની કામગીરી કયા તબક્કે છે?	(૨)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ કુલ ૨૫૪ નવા ઓરડાઓ પૈકી • ૨૦૫ ઓરડાઓનું બાંધકામ પૂર્ણ થયેલ છે. • ૪૯ ઓરડાઓનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.

જમાલપુર નાગરિક પુરવઠાની ઝોનલ કચેરી અન્ય સ્થળે ખસેડવા બાબતે

15/8/297: શ્રી ઇમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા)**: માનનીય અન્ન, નાગરિક પુરવઠાને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ ખાતે એ.પી.એમ.સી. માર્કેટ ખાતે આવેલી નાગરિક પુરવઠાની જમાલપુર ઝોનલ કચેરી અન્ય સ્થળે ખસેડવા છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો મળી, અને	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ ખાતે એ.પી.એમ.સી. માર્કેટ ખાતે આવેલી નાગરિક પુરવઠાની જમાલપુર ઝોનલ કચેરી અન્ય સ્થળે ખસેડવા છેલ્લા બે વર્ષમાં જિલ્લા સંકલન સમિતિ થકી ૨(બે) રજૂઆતો પ્રશ્ન સ્વરૂપે મળી છે તથા અન્ન નિયંત્રકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, અમદાવાદ શહેર કચેરી ખાતે માનનીય ધારાસભ્યશ્રી દ્વારા મૌખિક રજૂઆત પણ કરેલ છે.
(૨)	ઉક્ત બાબતે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?	(૨)	બાબત ચકાસણી હેઠળ છે.

નવસારી અને વલસાડ શહેર/જિલ્લામાં બીપીએલ અને એએવાય કાર્ડધારકોની સંખ્યા

15/8/407 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નવસારી અને વલસાડ શહેર/જિલ્લામાં એપીએલ-૧, એપીએલ-૨, બીપીએલ અને એએવાય કાર્ડધારક પરિવારોની સંખ્યા કેટલી છે, અને	(૧)	શહેર/જિલ્લા: એપીએલ-૧: ૧,૫૧,૬૩૪; એપીએલ-૨: ૧૨,૭૪૫; બીપીએલ: ૭૮,૭૯૦; એએવાય: ૪૩,૨૫૭ નવસારી: ૧,૫૧,૬૩૪; ૧૨,૭૪૫; ૭૮,૭૯૦; ૪૩,૨૫૭ વલસાડ: ૨,૪૨,૯૪૭; ૫,૫૨૯; ૮૦,૯૨૨; ૨૪,૬૫૩
(૨)	વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં ઉક્ત શહેર/જિલ્લામાં બીપીએલ અને એએવાય પરિવારોની સંખ્યામાં કેટલી વધ-ઘટ થઈ?	(૨)	નવસારી: ૨૦૨૪: બીપીએલ ૧,૧૨૫ (ઘટ); એએવાય ૬૭૨(ઘટ) નવસારી: ૨૦૨૫: બીપીએલ ૨,૭૪૮ (ઘટ); એએવાય ૨,૩૩૮ (ઘટ) વલસાડ: ૨૦૨૪: બીપીએલ ૮૩૫ (વધ); એએવાય ૪૧૮ (વધ)

ઉપ કુલપતિ લઘુત્તમ લાયકાત ધરાવતા ન હોવાની ફરિયાદો

15/8/343 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે** :-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડો.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટીમાં કાર્યરત ઉપ કુલપતિ લઘુત્તમ લાયકાત ધરાવતા ન હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી છે, અને	(૧)	ડો.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટીમાં ઉપ કુલપતિની જગ્યા મંજુર થયેલ નથી. શૂન્ય ફરિયાદો મળેલ છે,
(૨)	ઉક્ત લઘુત્તમ લાયકાત ન ધરાવનાર ઉપ કુલપતિ સામે હોદ્દા પરથી દૂર કરવા શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

આભડછેટ માટે સેપ્ટનો અહેવાલ

15/8/342 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	આભડછેટ માટે સેપ્ટનો અહેવાલ તા.૧૭–૦૪–૨૦૧૩ના રોજ સરકારને મળેલ છે, તે હકીકત સાચી છે, અને	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત અહેવાલ કેટલા સમયથી સરકારની વિચારણા હેઠળ છે ?	(૨)	અહેવાલ સરકારશ્રીએ સ્વીકારેલ છે. સદર અહેવાલમાં અનુસૂચિત જાતિ સમુદાયની આર્થિક અને સામાજિક પ્રગતિ અર્થે CEPT દ્વારા કરવામાં આવેલ ભલામણો અન્વયે સંબંધિત વિભાગોને લાગુ પડતી ભલામણ પર જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

માનનીય અધ્યક્ષશ્રીના આદેશના ઉલંઘન અંગે

(અંતરાય.. આ તબક્કે માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયા ઊભા થયા.)

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, પહેલા મંત્રીશ્રીએ કહ્યું છે એ પછી તમને આપું છું. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન માટે ટાઇમ આપું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાહેબ, આમાં કેટલાક લોકો સુપિરિયારીટી કોમ્પલેક્ષથી પીડાય છે. એટલે એમને પહેલા આપો તોય વાંધો નહીં. હું પછી બાલીશ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપણે બધા જ વિવેકપૂર્ણ ભાષાનો ઉપયોગ કરીએ જેથી આપણા ગૃહનું કાર્ય સારી રીતે ચાલી શકે. આપણા બંનેની જવાબદારી છે અને ટ્રેઝરી બેંચની વિશેષ જવાબદારી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ હસ્તક્ષેપ કરીને વાત કરી છતાં પણ માનનીય સભ્યશ્રી આપના વારંવાર કહેવા છતાં માન્યા નહિ. માનનીય અધ્યક્ષશ્રી, હું એવું માનું છું કે આપનું રૂલિંગ કહેવાય. વિધાનસભાના નિયમોના નિયમનું ઉલંઘન છે. બંધારણની મોટી મોટી વાતો કરવી. બંધારણ મુજબ અમે ચાલીએ છીએ. સામેવાળા નથી ચાલતા. આ પ્રકારની ચર્ચાઓ કરવી અને માનનીય અધ્યક્ષશ્રી, મને અવું નથી લાગતું કે, કયારેય અધ્યક્ષશ્રીએ આટલી બધી વાર કહ્યું હોય અને છતાં પણ પોતાની મમત અને પોતાની વાત ચાલુ રાખવી એ માનનીય અધ્યક્ષશ્રીનું અને માનનીય ગૃહનું અપમાન છે. હું એવું માનું છું કે એ આપનું રૂલિંગ કહેવાય. એટલે ભવિષ્યમાં આવી ઘટનાઓ (અંતરાય) સન્માનીય સભાગૃહમાં પ્રશ્નોત્તરી છે એ રાજ્યની જનતા અને સભ્યો માટે અગત્યની છે એવા સમયે *(xxx) આ ગૃહ હોય એ પ્રકારનું ચિત્ર આપના અધ્યક્ષસ્થાને, સ્પીકરના અધ્યક્ષસ્થાને ક્યારેય ના ચાલે. પોતાની વાત રાખવાનો અધિકાર છે પણ પોતાની વાત રાખતા હોય અને જ્યારે અધ્યક્ષશ્રી કહેતા હોય ત્યારે મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓ બેસી જાય છે. બાકીની બધી ચર્ચા માન્ય છે પણ આ પ્રકારનું ગૃહનું અને માનનીય અધ્યક્ષશ્રીનું અપમાન માન્ય નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જી. માનનીય શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોય. ચર્ચા પોઇન્ટ ઓફ ઓર્ડરની ચાલે છે. (અંતરાય.. માનનીય સભ્યશ્રી હેમંતભાઇ આહિર ઊભા થઇને બોલતા, આ વાત બધા સભ્યશ્રીઓને લાગું પડે છે.) તમે બેસો, પોઇન્ટ ઓર્ડર ઉપર ચર્ચા ચાલે છે. વિધાનસભામાં સંવાદ માટેની એક પ્રક્રિયા છે. તમને સંવાદ માટે હું તમને મોકો આપું છું. એના નિયમ પ્રમાણે સંવાદ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે. સ્વાભાવિક છે કે દલિત સમાજમાંથી આવે છે એટલે એમણે આ પ્રશ્ન પૂછ્યો હતો અને વિધાનસભા ગૃહમાં મોટાભાગે જે એસ.સી. કે એસ.ટી. હોય એ લોકો પર જે પ્રોબ્લેમ થતા હોય.(અંતરાય)

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : આપણે માત્ર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા કરીએ. પ્રશ્નની ચર્ચા થઇ ગઇ છે. હવે માનનીય મંત્રીશ્રીએ કહ્યું એના પર જ ચર્ચા કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નના આધારે તો પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો થયો. ઉગ્ર વાતાવરણ પ્રશ્નના આધારે જ થયુંને?

અધ્યક્ષશ્રી : આપણે પશ્ચાદ ભૂમિકામાં નહીં જઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇએ જે રીતે વાત કરી કે, માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યા પછી બીજો પ્રશ્ન પણ આવ્યો. માનનીય ધારાસભ્યશ્રી જીગ્નેશભાઇએ એમનું સ્થાન પણ ગ્રહણ કર્યું છે અને બીજું માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે રીતે કહ્યું કે મિટિંગમાં હાજર ન હતા. સ્વાભાવિક છે કે રાજ્યના મુખ્યમંત્રીશ્રીને જે દિવસનો સમય અનુકૂળ હોય એ પ્રમાણેનો માનનીય મુખ્યમંત્રીશ્રીને મિટિંગ બોલાવવાનો એમને અબાધિત અધિકાર છે. સ્વાભાવિક છે એ દિવસે માનનીય ધારાસભ્યશ્રી કમિટીમાં હોય એ કોઇ કારણસર બહારગામ હોય કદાચ એ મિટિંગમાં ના આવી શક્યા હોય એ પણ એટલું જ યોગ્ય છે. માનનીય જીતુભાઇ, માનનીય અધ્યક્ષશ્રીએ રૂલિંગ આપ્યા પછી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું છે એના પછી બીજો પ્રશ્ન પણ આ સભાગૃહમાં આવી ગયેલો છે.

અધ્યક્ષશ્રી : હવે તમે વિશેષ ચર્ચા કરી લીધી છે, હવે શું?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : મારા નામનો ઉલ્લેખ કર્યો છે એટલે કહેવું છે કે મીડિયામાં મીસબ્રીફ સરકારનું કરતા હોય છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી મને મોકો આપવામાં આવે. મેં મારી વાતમાં કહ્યું કે સભ્યશ્રીને પોતાની વાત કરવાનો અધિકાર છે. દલિત સમાજ હોય કે કોઇપણ સમાજ હોય એ અમારા માટે સન્માનનીય છે. મેં ક્યાંય આવો ઉલ્લેખ કર્યો નથી એટલે બહાર જઇને મીડિયામાં મીસબ્રીફ કરવું. એમને વારંવાર કહ્યું છતાં એ કેટલીયે વાર ઊભા રહ્યા છે.

અધ્યક્ષશ્રી : હું સમજી ગયો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કેમેરામાં બતાવો એ. માનનીયશ્રી શૈલેષભાઇ સિનિયર સભ્ય અને ઉપનેતા છે પણ એમના *(xxx) છે એટલે કહી ના શક્યા હોય. એટલા સિનિયર અને જાણકાર હોય તો એના એ જ વખતે બેસાડી દેવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી પચ્ચાસ–પચ્ચાસ વાર બોલે છતાં પણ એમને બેસાડવાનું ના કહી શકે? પાછળથી એમનો બચાવ કરવા નીકળે એ પણ વાજબી નથી.

અધ્યક્ષશ્રી : જી. હવે વિષય પૂરો થાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)શબ્દ દૂર કરવામાં આવે. માનનીય જીતુભાઇએ એવા શબ્દનો ઉલ્લેખ કર્યો કે *(xxx) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, તમારે પણ એ શબ્દ દૂર કરવો પડશે. આ ગૃહમાં બેઠેલા ૧૮૨ સભ્યો *(xxx) આવે છે. *(xxx) બધા આવે છે. એ શબ્દો દૂર કરાવો એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એ શબ્દ હું દૂર કરાવું છું. હવે બેસો. એ વિષય નથી. આપણી વિધાનસભાની જે કાર્યવાહી ચાલતી હોય અને આ પોઇન્ટ ઓફ ઓર્ડરની ચર્ચાઓ થઇ ગઇ છે. હવે અત્યારે તમારે શું નવું મૂકવું છે? શ્રી જીતુભાઇએ જે વાત કરી એમાં કંઇ કહેવું છે? મંત્રીશ્રીએ કહ્યું છે એમાં હવે કંઇ વિશેષ કહેવાનું રહેતું નથી. આપે શું કહેવું છે?

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સાડા છ કરોડ ગુજરાતીઓની આ સરકાર છે. અમારી સરકાર એસ.સી. હોય એસ.ટી. હોય કોઇના પ્રત્યે દ્વેષભાવ રાખતી નથી. સાડા છ કરોડ ગુજરાતીઓનો સર્વાંગી વિકાસ થાય, સમતોલ વિકાસ થાય અને સૌને સાથે લઇને ચાલનારી સરકાર છે એટલે આમાં કોઇ ભેદભાવ રાખવામાં આવતો નથી. માનનીયશ્રી શૈલેષભાઇ પરમાર સાહેબે કહ્યું કે એસ.સી. એસ.ટી. પ્રત્યે ભેદભાવની વાત કરી છે..

અધ્યક્ષશ્રી : ના, ના, એ તો ગઇકાલે બજેટ મૂક્યું એ જ સ્વયંભૂ બોલે છે, એમાં તમારે કંઇ કરવાનો પ્રશ્ન નથી. ઘણી બધી એસ.સી., એસ.ટી. માટેની યોજનાઓ લાવ્યા છે. એનો કોઇ પ્રશ્ન નથી. આપણે મુદ્દા ઉપર આવી જઇએ.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : અમારી સરકાર સેવાને વરેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રી, આપે શું કહેવાનું હવે બાકી છે? આપ મુદ્દા ઉપર જ વાત કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા ઉપર જ વાત કરી રહ્યો છું. એક કલાક ગૃહનો સમય પ્રશ્નોત્તરી માટેનો હોય છે એટલે એક સભ્યનો પ્રશ્ન આવે, એનો જવાબ મળે અને જવાબ મળ્યા પછી પાછળને પાછળ બીજા સભ્યને પ્રશ્ન પૂછવાનો એટલો જ હક્ક છે પરંતુ પ્રશ્નોત્તરીના સમયની અંદર આપ જોશો, ૧૭ નંબરનો પ્રશ્ન એ માનનીય ચૈતરભાઇનો પ્રશ્ન હતો એટલે આ ચૈતરભાઇનો પ્રશ્ન રોકવા માટે આ રીતનું જે થયું એ યોગ્ય નથી. મારી વિનંતી એટલી છે જ્યારે આ પ્રશ્ન આ ઉપાડ્યો છે અને કોંગ્રેસ અને આપ જે હોય.. (અંતરાય) અને સાથે મારી વિનંતી છે કે માનનીય જિગ્નેશભાઇ આ સમિતિની કુલ જે બેઠક મળી છે એમાં કેટલી વખત એ હાજર રહ્યા અને કેટલી વખત એ હાજર ના રહી શકયા? અને જિલ્લા સંકલનમાં પણ બેઠક મળતી હોય છે.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો ઉલ્લેખ થયો છે એટલે હું રિસ્પેક્ટફુલી આ ગૃહ સમક્ષ ચોખવટ કરવા માગું છું કે શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઇબ્સના ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યોની બનેલી આ કમિટીમાં

---

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ ઓર્ડર

આઇ એમ રિપીટિંગ આદિવાસી, દલિત સંસદસભ્યો/ ધારાસભ્યોનું બેસવું ફરજિયાત નથી. મુખ્યમંત્રીએ મિટિંગ કંડકટ કરવી ફરજિયાત છે એઝ ફોર ધ એટ્રોસિટી એકટ. તમે કાયદા વિભાગનું જ્ઞાન મેળવી લેજો.

અધ્યક્ષશ્રી : આ વિષય ઉપર આપણે હવે ચર્ચા ના કરીએ. હવે, આ વિષય પૂરો થાય છે. મારી તમને વિનંતી છે આજે જે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન જે ઘટના થઇ અને માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીજીએ જે અહીંયા આગળ પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો અને તેની અંદર એમનું મુખ્ય હાર્દ એ હતું કે સ્પીકર કક્ષાએથી સ્પીકર જયારે વારંવાર એમ બોલે છે કે તમે બેસી જાવ અને પરમીશન કોલઆઉટની આપી નથી તો એ વખતે બેસી જવું એ દરેક સભ્યનું પરમ કર્તવ્ય છે અને આપણે બધા વિધાનસભાના નિયમોના જાણકાર છીએ, આપણે એનું સન્માન કરવું જોઇએ. મેં એક વખત નહીં ઘણી વખત કહ્યું કે માનનીય જીજ્ઞેશભાઇ, તમે બેસી જાવ. પછી મેં માનનીય શૈલેષભાઇને કહ્યું કે આપ નેતા તરીકે અહીં બેઠા છો તો એમના ધ્યાન ઉપર મૂકો, પરંતુ ઘણા સમય સુધી તમે એમને બેસવાનું ના કહ્યું અને પછી પાછળથી તમે બેસી ગયા. માનનીય જિજ્ઞેશભાઇ મારી ખાસ આગ્રહભરી વિનંતી છે કે વિધાનસભા અને સંવિધાન એને આપણે ધ્યાન ઉપર લઇને નિયમને પાળીશું તો જ નિયમ આપણું રક્ષણ કરશે. આ નિયમ છે એ આપણા ગૃહના તમામ સભ્યો માટે છે અને એને તમારે માનવા જ જોઇએ. હું અહીંથી સૂચના આપું છું એ તમારા હિત માટે હોય છે. આ વિધાનસભા ગૃહમાં કાર્યવાહી બરાબર ચાલે છે એના માટે સૂચના આપવી એ મારું કર્તવ્ય છે. ફરી આવું કામ ના થાય એવી મારી તમને ખાસ વિનંતી છે. નહીંતર મારે અધ્યક્ષનું અવમાન અથવા અગવણના એવા શબ્દનો કયારેક ઉપયોગ કરવો પડશે તો આવું ફરી ન થાય એ માટે શ્રી જિજ્ઞેશભાઇને મારી વિનંતી છે. (અંતરાય) એ વિષય હવે પૂરો થયો એની ચર્ચા હવે નહીં કરીએ. મેં જજમેન્ટ આપી દીધું છે એની ઉપર ચર્ચા ના હોય.

પોઇન્ટ ઓફ ઓર્ડર
પ્રશ્નોત્તરીના અયોગ્ય જવાબો આપવા અંગે

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. સૌથી પહેલાં તો મારે ખેદ સાથે જણાવવું છે કે તા. ૧૭-૧૮ અને ૧૯ એમ ત્રણે ત્રણ દિવસ મારા પ્રશ્નમાં ખોટા જવાબો આપવામાં આવેલ છે. તા.૧૭ના રોજ જે ખોટો જવાબ આપ્યો એના માટે મેં અડધા કલાકની ચર્ચા કરવાની નોટિસ આપશ્રીને આપેલી છે. ગઇ કાલે મારા પ્રશ્નનો ખોટો જવાબ આપ્યો હતો તો મેં પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન ઊભો કર્યો હતો પણ મને તક મળી શકી નહોતી. આજે મારા પ્રશ્નનો ખોટો જવાબ મળ્યો તો મેં પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન ઉપસ્થિત કર્યો છે.

અધ્યક્ષશ્રી : ક્યા નંબરનો પ્રશ્ન છે? શેની માહિતી ખોટી આપી છે?

શ્રી ગોપાલ ઇટાલિયા : મારો ૪૨ નંબરનો પ્રશ્ન છે. એમાં મેં એવું પૂછ્યું છે કે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ, ૧૯૭૯ના નિયમ-૩૨ મુજબ ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ સમાવિષ્ટ જમીનના સુધારેલા ક્ષેત્રફળ મુજબ રેવન્યુ રેકર્ડને કરેક્ટ કરવાની સત્તા ડી.આઇ.એલ.આર.ને આપેલી છે કે કેમ? મને સરકારે જવાબ આપ્યો છે કે ''ના. ડી.આઇ.એલ.આર.ને આવી સત્તા આપેલી નથી.'' સરકારે બહાર પાડેલી સેટલમેન્ટ કમિશનર તરફથી ટાઉન પ્લાનિંગ યોજનાના લેન્ડ રેકર્ડને કરેક્ટ કરવાની કાર્યપદ્ધતિ અને ટાઉન પ્લાનિંગ રૂલના રૂલ નં-૩૨ બંનેમાં સ્પષ્ટ લખેલું છે જે આપની પરમિશનથી વાંચી સંભળાવું.

અધ્યક્ષશ્રી : તમે એને વિગતવાર નહિ કહી શકો.

શ્રી ગોપાલ ઇટાલિયા : હું માત્ર ઉલ્લેખ કરું છું. પ્રકરણ-૨માં મુદ્દા નં-૭માં એવું લખ્યું છે કે જે ટાઉન પ્લાનિંગ યોજના સરકાર મંજૂર કરે તે ટાઉન પ્લાનિંગ યોજના તાત્કાલિક ડી.આઇ.એલ.આર.ને મોકલી આપવી.

અધ્યક્ષશ્રી : તમે જે ખોટું થયું છે એટલો જ મુદ્દા પૂરતી વાત કરો. આપણે લાંબી ચર્ચા નથી કરવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : નિયમ-૩૨ ''ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ - ૧૯૭૯ના રૂલ -૩૨માં સ્પષ્ટ લખ્યું છે કે સરકારે મંજૂર કરેલી ટી.પી. યોજના ડી.આઇ.એલ.આર. પાસે મોકલવી. આ નિયમ સરકારે બનાવ્યો છે છતાં પણ જવાબમાં લખીને આપવામાં આવ્યું છે કે ''ના આવી કોઇ વાત નથી.'' માટે આ પ્રશ્નનો જવાબ ખોટો છે અને માનનીય મંત્રીશ્રી આમાં ખુલાસો રજૂ કરે.

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓના ધ્યાન ઉપર હશે. વિધાનસભાના નિયમોમાં એની જોગવાઇ કરવામાં આવી છે કે માનનીય સભ્યશ્રીને જો કોઇ મંત્રીશ્રી જવાબ ખોટો આપે તો તેના માટેની જોગવાઇઓ છે. તમે એ પ્રમાણે લખીને જાણ કરી શકશો. એ જવાબ એમને સુધારવો પડશે. એના માટે આગળની કાર્યવાહી પણ કરી શકાય છે. એના માટે વિધાનસભામાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. સરકારશ્રીની ટ્રેઝરી બેંચ તરફથી કોઇ જવાબ ખોટો જવાબ આપ્યો છે તો ખોટા જવાબની આગળ કાર્યવાહી કરવા માટે માનનીય સભ્યશ્રીઓને અધિકાર મળેલા છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : ત્રણ દિવસથી ખોટા જવાબ આવે છે.

અધ્યક્ષશ્રી : એમાં સુધારા કરવા તમને અધિકાર મળેલા છે, પણ આ પદ્ધતિ નથી. પોઇન્ટ ઓફ ઓર્ડર એનો ઉકેલ નથી.

તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬
રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઇ પરમાર તરફથી જે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.'' હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

રાજ્યપાલશ્રીના સંબોધન પરના સુધારા

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧ રજૂ કરું છું.

''આદિજાતિ જિલ્લાની સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્રમાં દરરોજ એક વખત પૌષ્ટિક ગરમ ભોજન આપવા પાછળ કેટલો ખર્ચ થયો છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૨ રજૂ કરું છું.

''૧૮૬ નાના અને ૨૦૪ મોટા ચેકડેમો કયા કયા સ્થળે પ્રગતિમાં છે, કેટલા સમયમાં તે પૂર્ણ થશે અને કુલ કેટલો ખર્ચ થશે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૨ જૂ કરવામાં આવ્યો.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૩ રજૂ કરું છું.

''શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો યોજાય છે પરંતુ શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૪ રજૂ કરું છું.

''રાજ્યમાં કુલ કેટલી આંગણવાડીઓની આવશ્યકતા છે તથા હાલમાં કેટલી ભાડાના મકાનમાં કાર્યરત છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૪ રજૂ કરવામાં આવ્યો.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૫ રજૂ કરું છું.

''રાજ્યમાં ડૉક્ટરોની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૯ રજૂ કરું છું.

''સન ૨૦૨૫–૨૬માં વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં કયા કયા ક્ષેત્રોમાં કેટલું મૂડી રોકાણ થયેલ છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

''રાષ્ટ્રીય અને પ્રાદેશિક કક્ષાના ૧૩ સરસ મેળાના આયોજન પાછળ કેટલો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

''બાગાયતી ઉત્પાદનોમાં ગીરની કેસર કેરી, વલસાડી હાફૂસ કેરી, કચ્છી ખારેક અને અમલસાડી ચીકુનો સમાવેશ થયો પરંતુ પાક નુકશાનીમાં કેટલુ વળતર ચૂકવવામાં આવ્યું, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

''આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદ સેવાથી નિમણૂક પત્રો અપાયા, પરંતુ તેમના પગાર પાછળ કેટલો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

''૧૦૯૭ આંગણવાડી કેન્દ્રોના ખાતમુહૂર્ત ક્યારે કરવામાં આવ્યા તેમજ કેટલી રકમનો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવ્યો.

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

''ભગવત ગીતાના સારને ધો. ૬ થી ૧૦માં રસપ્રદ રીતે રજુ કરાતા સાહિત્ય પાછળ કેટલો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

''વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસીઓના જંગલની જમીનના કેટલા દાવા પડતર છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

''પ્રિ–મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની યોજનાઓ અંતર્ગત અત્યાર સુધી રૂ.૮૫૪ કરોડના ખર્ચે ૧૨.૨૨ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવા જાહેર કરેલ છે. પરંતુ કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ શિષ્યવૃતિ પેટે અપાઈ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

''ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો. પરંતુ પ્રાકૃતિક ખેતી પેદાશો માટેના બજાર–માર્કેટની સુવિધા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

''રાજ્યમાં આવેલા પૂર અને કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાંથી તેમને ફરી બેઠા કરવા માટે રૂપિયા અગિયાર હજાર કરોડથી વધુનું સહાય પેકેજ જાહેર કર્યું. પરંતુ ભાગમાં ખેતી કરતા ખેડૂતો માટે સહાય બાબતે પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવ્યો.

અ.નં	**સુધારો**	**રજૂ કરનાર સભ્યશ્રી**
૧.	**૨.**	**૩.**
	પ્રસ્તાવ ના અંતે નીચેના શબ્દો ઉમેરવા:– ''પરંતુ દિલગીર છીએ કે –	
૧.	આદિજાતિ જિલ્લાની સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્રમાં દરરોજ એક વખત પૌષ્ટિક ગરમ ભોજન આપવા પાછળ કેટલો ખર્ચ થયો છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી કાંતિભાઇ ખરાડી
૨.	૧૮૬ નાના અને ૨૦૪ મોટા ચેકડેમો કયા કયા સ્થળે પ્રગતિમાં છે, કેટલા સમયમાં તે પૂર્ણ થશે અને કુલ કેટલો ખર્ચ થશે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી જીગ્નેશ મેવાણી
૩.	શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો યોજાય છે પરંતુ શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી જીગ્નેશ મેવાણી
૪.	રાજ્યમાં કુલ કેટલી આંગણવાડીઓની આવશ્યકતા છે તથા હાલમાં કેટલી ભાડાના મકાનમાં કાર્યરત છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી અમૃતજી ઠાકોર
*૫.	પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાભાર્થીઓને આવાસો અપાયા પછી મોટા ભાગના આવાસો ભાડે અપાયા છે છતાં તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૬.	રાજ્યમાં ડૉક્ટરોની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.	ડૉ. કિરીટકુમાર પટેલ
*૭.	રાજ્યમાં R.T.E. અંતર્ગત ગરીબ બાળકોને પ્રવેશ આપ્યા પછી તેમની સામે શાળાઓમાં ભેદભાવ રખાય છે છતાં તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	ડૉ. તુષાર ચૌધરી
*૮.	સ્માર્ટ સીટી મિશન અંતર્ગત કયા કયા છ શહેરોમાં કેવા પ્રકારના પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી ઇમરાન ખેડાવાલા
૯.	સન ૨૦૨૫–૨૬માં વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં કયા કયા ક્ષેત્રોમાં કેટલું મૂડી રોકાણ થયેલ છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી શૈલેષ પરમાર
૧૦.	રાષ્ટ્રીય અને પ્રાદેશિક કક્ષાના ૧૩ સરસ મેળાના આયોજન પાછળ કેટલો ખર્ચ થયો, તે	શ્રી શૈલેષ પરમાર

	બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	
૧૧.	બાગાયતી ઉત્પાદનોમાં ગીરની કેસર કેરી, વલસાડી હાફૂસ કેરી, કચ્છી ખારેક અને અમલસાડી ચીકુનો સમાવેશ। થયો પરંતુ પાક નુકશાનીમાં કેટલુ વળતર ચૂકવવામાં આવ્યું, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી વિમલભાઈ ચુડાસમા
૧૨.	આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદ સેવાથી નિમણૂક પત્રો અપાયા, પરંતુ તેમના પગાર પાછળ કેટલો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી વિમલભાઈ ચુડાસમા
*૧૩.	સરકારી શાળાઓમાં વિષયવાર કેટલા શિક્ષકોની નિમણૂક થઈ, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.	શ્રી અમીત ચાવડા
૧૪.	૧૦૯૭ આંગણવાડી કેન્દ્રોના ખાતમુહૂર્ત ક્યારે કરવામાં આવ્યા તેમજ કેટલી રકમનો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૧૫.	ભગવત ગીતાના સારને ધો. ૬ થી ૧૦માં રસપ્રદ રીતે રજુ કરાતા સાહિત્ય પાછળ કેટલો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.	શ્રી અનંતકુમાર પટેલ
૧૬.	વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસીઓને જંગલની જમીનના કેટલા દાવા પડતર છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.	શ્રી અનંતકુમાર પટેલ
૧૭.	પ્રિ–મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની યોજનાઓ અંતર્ગત અત્યાર સુધી ૩.૮૫૪ કરોડના ખર્ચે ૧૨.૨૨ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવા જાહેર કરેલ છે. પરંતુ કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ શિષ્યવૃતિ પેટે અપાઈ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.	શ્રી ચૈતરભાઈ વસાવા
૧૮.	ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો. પરંતુ પ્રાકૃતિક ખેતી પેદાશો માટેના બજાર–માર્કેટની સુવિધા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી ચૈતરભાઈ વસાવા
૧૯.	રાજ્યમાં આવેલા પૂર અને કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાંથી તેમને ફરી બેઠા કરવા માટે રૂપિયા અગિયાર હજાર કરોડથી વધુનું સહાય પેકેજ જાહેર કર્યું. પરંતુ ભાગમાં ખેતી કરતા ખેડૂતો માટે સહાય બાબતે પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.	શ્રી ચૈતરભાઈ વસાવા

* આ સુધારાઓ માનનીય સભ્યશ્રીઓ ગેરહાજર હોવાથી સભાગૃહમાં રજૂ થયેલ નથી.

શ્રી ઈશ્વરભાઇ ૨. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના પ્રારંભે આદરણીય રાજ્યપાલશ્રીએ ગૃહમાં રાજ્ય સરકાર વતી ગુજરાતની સર્વાંગી વિકાસયાત્રા, સુશાસન, સામાજિક ન્યાય અને જનકલ્યાણ માટેના દૃઢ સંકલ્પ વિશે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે તે માટે મહામહિમ રાજ્યપાલશ્રીનો આભાર વ્યક્ત કરવાના પ્રસ્તાવ રજૂ કરવાની મને જે તક આપવામાં આવી છે અને તેને ગૃહના સભ્ય શ્રી સરદારભાઈએ ટેકો આપ્યો છે તે બદલ હું ગૃહનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજ્યપાલશ્રીના અભિભાષણથી શરૂ થયેલ આ બજેટ સત્ર આપણા રાજ્યના વિકાસ અને દેશના વિકસિત ભારતના સંકલ્પને આગળ વધારવાનું એક મહત્ત્વપૂર્ણ મંચ છે. રાજ્યપાલશ્રીએ પોતાના અભિભાષણમાં વિકાસની જે વ્યાપક દિશા દર્શાવી છે તે માત્ર નીતિ નિવેદન નથી પરંતુ આવનાર વર્ષમાં સમૃદ્ધ અને શક્તિશાળી ગુજરાતના નિર્માણનો માર્ગદર્શક દસ્તાવેજ છે. આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બનીને આગળ વધી રહ્યું છે. ઉદ્યોગ, કૃષિ, ડિજિટલ ઈનોવેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર સમૃદ્ધિઓ હાંસલ કરી છે. આ વિકાસયાત્રા પાછળ દેશના લોકપ્રિય નેતા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવાન નેતૃત્વ અને વિકસિત ભારતનું સ્પષ્ટ વિઝન છે. તેને ગુજરાતે હંમેશા માર્ગદર્શન તરીકે સ્વીકાર્યું છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

મહાત્મા ગાંધીજી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મભૂમિ ગુજરાત હંમેશા રાષ્ટ્ર નિર્માણમાં માર્ગદર્શક રહી છે. દેશ આજે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યો છે ત્યારે માનનીય નરેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણ થકી દેશના લોહપુરુષને શ્રદ્ધાંજલિ આપવાનો શ્રેષ્ઠ પ્રયાસ થઇ રહ્યો છે. જેના થકી માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને એક વિરાટ વ્યક્તિત્વના દર્શન થઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૨૦૧૨માં આ ગૃહમાં પ્રથમવાર ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો ત્યારે મેં એવો ઉલ્લેખ કરેલો કે, ''હું સરદાર સાહેબની જન્મભૂમિ અને કર્મભૂમિ બારડોલીથી આવું છું.'' ત્યારે કોંગ્રેસના કેટલાંક મિત્રો મારી વાત પર હસેલા કે સરદાર સાહેબની જન્મભૂમિ બારડોલી કેવી રીતે? પરંતુ સરદાર સાહેબની જન્મભૂમિ બારડોલી એટલા માટે કહું છું કે વલ્લભભાઇ પટેલનો જન્મ નડિયાદ દેસાઇવાડો, પણ ૧૯૨૮માં જ્યારે બારડોલી સત્યાગ્રહ થયો ત્યારે મારા વિધાનસભા મતવિસ્તારના એક પાટીદાર ગૃહિણી ભીખીબેને કહેલું કે, ''વલ્લભભાઇ તમે તો અમારા સરદાર છો.'' એટલા માટે મેં આ ગૃહમાં

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

વર્ષ ૨૦૧૩માં સરદાર સાહેબનો જન્મ બારડોલીમાં થયાનો ઉલ્લેખ કરેલો. સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી સમગ્ર દેશમાં ધામધૂમથી ઉજવાઇ રહી છે ત્યારે સરદાર પટેલના સમગ્ર જીવનના વિવિધ પ્રેરણાદાયી પાસા ઉજાગર થાય, નાગરિકો સરદાર પટેલને ખરા અર્થમાં ઓળખે અને નવી પેઢી સરદાર પટેલના વિરલ વ્યક્તિત્વથી પરિચિત થઇ તેમના મૂલ્યોને પોતાના જીવનમાં ઉતારે તેવા ઉમદા ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા પણ રાજ્યના વિવિધ વિભાગોના સહયોગથી શ્રેષ્ઠત્તમ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા તથા કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટિના સાનિધ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસ અને સરદાર પટેલના જન્મદિન નિમિત્તે ભવ્યાતિભવ્ય અભૂતપૂર્વ કાર્યક્રમના સફળતમ આયોજન થકી સરદાર પટેલના ચરણોમાં વંદનનો એક સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો. માનનીય રાજ્યપાલશ્રીના અભિભાષણમાં પણ આ બાબતનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૫મી નવેમ્બર, ૧૮૭૫ના રોજ જન્મેલા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતી સમગ્ર દેશમાં હર્ષભેર ઉજવાઇ. હું ગર્વ અને આનંદની લાગણી સાથે આપ સૌને જણાવી રહ્યો છું કે આદિજાતિ સમૂહના ઉત્કર્ષ માટે પોતાનું જીવન સમર્પિત કરનારા ભગવાન બિરસા મુંડાને વિનમ્ર ભાવે શ્રદ્ધાંજલિ આપવાના એક વિનમ્ર પ્રયાસ સ્વરૂપે વર્ષ ૨૦૨૧થી કેન્દ્ર સરકાર દ્વારા તા.૧૫મી નવેમ્બરના દિવસે ''જનજાતીય ગૌરવ દિવસ'' તરીકે ઉજવણી કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે અને પ્રતિવર્ષ આ દિવસ શ્રદ્ધા અને ઉલ્લાસથી ઊજવવામાં આવે છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા અંબાજીથી ઉમરગામ સુધી એક જનજાતીય ગૌરવ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં આદિજાતિ સમુદાયના ભાઇ-બહેનો ઉપરાંત તમામ સમાજોએ ભાગ લીધો અને ભગવાન બિરસા મુંડાને તેઓના અમૂલ્ય પ્રદાન બદલ શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો વિનમ્ર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો. આપણા લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતની ગૌરવગાથાને છેલ્લા અઢી દાયકાથી વિશ્વમાં ઝળકાવી છે. એમણે માતૃભાષા, માતૃભૂમિ અને સ્વદેશાભિમાનની જે પ્રેરણા આપી છે તેના મૂળમાં વંદે માતરમ ગાનના શબ્દો પડેલા છે. એ ગૌરવગાનને પણ ૧૫૦ વર્ષ થયા હશે. વંદે માતરમ આ એક મંત્ર છે, એક ઊર્જા છે, એક સ્વપ્ન છે, એક સંકલ્પ છે. વંદે માતરમ્ આ એક શબ્દ ભારતમાતા પ્રત્યેની ભક્તિ છે, ભારતમાતાની આરાધના છે. વંદે માતરમ્ આ એક શબ્દ આપણને ઇતિહાસમાં પાછળ લઇ જાય છે. તે આપણા આત્મવિશ્વાસને, આપણા વર્તમાનને આત્મવિશ્વાસથી ભરી દે છે અને આપણા ભવિષ્યને નવી હિંમત આપે છે કે એવો કોઇ સંકલ્પ નથી જે પૂર્ણ ન થઇ શકે, એવું કોઇ લક્ષ્ય નથી જે આપણે ભારતીયો પ્રાપ્ત ન કરી શકીએ, જે લોકો રાષ્ટ્રને ભૂ-રાજકીય અસ્તિત્વ માને છે તેના માટે રાષ્ટ્રને માતા માનવાનો આ વિચાર આશ્ચર્યજનક હોઇ શકે. પરંતુ ભારત અલગ છે, ભારતમાતા જનની પણ છે અને મા પાલનહાર પણ છે. જો બાળક સંકટનો સામનો કરે તો તે સંહારકારિણી પણ હોઇ શકે. અપારશક્તિ ધરાવતી ભારતમાતા સંકટોને દૂર કરવામાં મદદ કરે છે અને દુશ્મનોનો નાશ કરે છે. રાષ્ટ્રને માતા તરીકે માતાને સ્ત્રી તરીકેનું શક્તિનું મૂર્તિમંત સ્વરૂપ આપવાની આ વિચારધારાની અસર આપણા સ્વતંત્ર સંગ્રામના પુરૂષો અને સ્ત્રીઓની ભાગીદારી માટે એક પ્રતિજ્ઞા બનાવવા માટે થઇ હશે. તાજેતરના વર્ષોમાં વિશ્વએ ભારતના આ જ સ્વરૂપનો ઉદય જોયો હશે. આપણે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. આપણે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઊભરી આવ્યા છીએ. જ્યારે દુશ્મને આતંકવાદ દ્વારા ભારતની સુરક્ષા અને સન્માન પર હુમલો કરવાની હિંમત કરી ત્યારે આખી દુનિયાએ જોયું કે જો નવું ભારત માનવતાની સેવા માટે કમલા અને વિમલાનું મૂર્તિમંત સ્વરૂપ ધરાવે છે તો તે આતંકનો નાશ કરવા માટે દસપ્રહિણી ધારિણી દુર્ગા કેમ બનવું એ પણ જાણે છે. ભારતમાતાને વંદન કરવાની આ ભાવના આપણને વિકસિત ભારતના લક્ષ્ય તરફ દોરી જશે. મને વિશ્વાસ છે કે, વંદે માતરમનો મંત્ર આપણી આ અમૃતયાત્રા ભારતમાતાના લાખો બાળકોને સતત શક્તિ અને પ્રેરણા આપશે. ગરવા ગુજરાતનું એક સોનેરી સોપાન એટલે પ્રભાસ પાટણ સોમનાથ. સોમનાથ માત્ર બાર જ્યોતિર્લિંગ પૈકીનું એક જ્યોતિર્લિંગ કે કોઇ પ્રવાસન સ્થળ માત્ર નથી, સોમનાથ ભારતીય અસ્મિતાનો શ્વાસ છે, ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. વર્ષ ૧૦૨૬માં સંપત્તિની લૂંટ કરવાના એકમાત્ર ઉદ્દેશ સાથે મહંમદ ગઝનીએ આક્રમણ નહોતું કર્યું પરંતુ, આ ભવ્ય ભારતીય સંસ્કૃતિ પર આઘાત કરવાનો નિરર્થક કાયર પ્રયાસ કર્યો હતો. પરંતુ આપણે ભારતમાતાના સપૂતોના પુરૂષાર્થ થકી આવા તમામ ઇરાદાઓને ધ્વંસ કરવામાં સફળ થયા છીએ. લોહપુરુષ સરદાર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ સ્વતંત્રતા પછી સોમનાથ મંદિરનું ભવ્ય પુનઃ પ્રાગટ્ય થયું અને આ વર્ષે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા લોકાભિમુખ નેતૃત્વની લાક્ષણિકતા ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના કુશળ નેતૃત્વ હેઠળ ''સોમનાથ સ્વાભિમાન પર્વ''નું ભવ્યતમ આયોજન કરવામાં આવ્યું અને વિશ્વ ફલક પર આધ્યાત્મિક અને સાંસ્કૃતિક નેતૃત્વ કરવામાં ભારતીય સામર્થ્ય સિદ્ધ કરવામાં જે સફળતા પ્રાપ્ત થઇ છે એ બદલ પણ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું. વિકસિત ભારત-૨૦૪૭ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ કરવાના રાજ્યસરકારના સંકલ્પને મહામહિમ રાજ્યપાલશ્રીએ પ્રતિપાદિત કર્યો છે. વિકાસનો અર્થ માત્ર આંકડાકીય વૃદ્ધિ નહીં પરંતુ દરેક નાગરિકના જીવનમાં ગુણાત્મક સુધારો છે. ગામડાંમાં શહેર જેવી સુવિધાઓ, સ્માર્ટ સિટી વિકાસ, આધુનિક રોડ-રેલ, પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર અને ડિજિટલ સેવાઓથી ગુજરાત નવી ઊંચાઇઓ સર કરી રહ્યું છે. આજે રાજકારણમાં સ્પર્ધા હોવી જોઇએ પરંતુ વિકાસમાં સહકાર હોવો જોઇએ. રાજ્યપાલશ્રીના અભિભાષણમાં દર્શાવેલા વિકાસલક્ષી મુદ્દા ઉપર સૌએ રાજકીય ભેદભાવથી ઉપર ઉઠીને ગુજરાત અને દેશના હિતમાં કામ કરવું જોઇએ. વડાપ્રધાનશ્રી મોદી સાહેબે વિકાસની રાજનીતિથી સૌના સાથ, સૌના વિકાસનો મંત્ર આપ્યો છે. રાજકારણના આટાપાટા

ખેલવા માટે અનેક જગ્યાઓ મળશે પરંતુ સાથી પક્ષ અને આપણે સૌ ગુજરાતની વિકાસની ગતિને વેગવાન બનાવવા આ ગૃહના માધ્યમથી એક બનીને આગળ વધીએ. માનનીય રાજ્યપાલશ્રીના અભિભાષણનો આ જ મૂળ મંત્ર છે. રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા પ્રેરણાદાયી સંબોધન બદલ હું આપશ્રીના માધ્યમથી તેમનો આભાર વ્યક્ત કરું છું. ધન્યવાદ,જયહિંદ, જયભારત, જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત.

શ્રી સરદારભાઈ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના સંબોધન ઉપર માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સાહેબની સરકાર જોડે ૭.૫ કરોડ ગુજરાતીઓનો અતૂટ આત્મવિશ્વાસ છે. લોકશાહીમાં સત્તા મેળવવી સહેલી હોઈ શકે પણ દાયકાઓ સુધી જનતાનો વિશ્વાસ ટકાવી રાખવો એ સહેલું નથી. વર્ષ ૨૦૦૧માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જ્યારે ગુજરાતના વિકાસનું બીજ રોપ્યું હતું જે આજે ૨૫ વર્ષ પછી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સાહેબના નેતૃત્વમાં વટવૃક્ષ બની ગયું છે. આજે ગુજરાતના દરેક વ્યક્તિને ગર્વ છે કે મારી સરકાર મારી પડખે છે. નેતૃત્વની સાચી કસોટી ત્યારે થાય છે જ્યારે એકતરફ વૈશ્વિક દબાણ હોય અને બીજી તરફ દેશનો ગરીબ ખેડૂત અને પશુપાલક હોય માટે મારે એક એવી ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ કરવો છે જે આપણા દેશના આર્થિક સ્વાભિમાનનું પ્રતીક બની ગયું છે. ભારતે યુ.કે., ઓમાન, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન યુનિયન જેવા અનેક દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ કર્યા પરંતુ જ્યારે અમેરિકા સાથે ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ કરવાનો વારો આવ્યો ત્યારે તેમણે ભારત ઉપર દબાણ બનાવ્યું કે આપણે આપણા ખેતી અને ડેરી સેકટરના તમામ દરવાજા અમેરિકા માટે સંપૂર્ણ ખોલી દઈએ. અમેરિકાએ ટેરીફ ઉપર ટેરીફ લગાવી ભારત ઉપર અઢળક દબાણ બનાવ્યું. જો વડાપ્રધાનશ્રીએ અમેરિકાના દબાણમાં આવીને સહી કરી હોત તો આપણા ખેડૂત અને પશુપાલકને ઘણું નુકસાન થયું હોત. માનનીય મોદીજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જ્યાં સુધી મારા દેશના છેવાડાના ખેડૂત અને પશુપાલકનું હિત સુરક્ષિત નહીં ત્યાં સુધી હું કોઈ કરાર ઉપર સમજૂતિ નહીં કરું. હમણાં જ થોડા દિવસ પહેલાં ભારત અમેરિકા વચ્ચે વેપાર કરાર થયા તેમાં પણ ડેરી ક્ષેત્ર અને ભારતના નાના ખેડૂતને નુકસાન થાય એવી કોઈપણ પ્રોડક્ટને બાકાત રાખીને સાબિત કર્યું છે કે તેમના માટે અન્નદાતાનું હિત સર્વોપરી છે અને તેમની સુરક્ષા માટે કોઈ બાંધછોડ કરવામાં નહીં આવે. આ લોખંડી નિર્ણયનો આભાર માનવા માટે અમૂલ સાથે જોડાયેલા લાખો ખેડૂતો, પશુપાલકો, સહકારી મંડળીના સભાસદો, વેપારી મિત્રો અને ગુજરાતની જનતાએ ભેગા મળીને ૧ કરોડ ૧૧ લાખ પોસ્ટકાર્ડ વડાપ્રધાનશ્રીને મોકલાવ્યા અને માનનીય નરેન્દ્રભાઈ મોદીજીના આ લોખંડી નિર્ણય માટે આભાર માન્યો છે અને એક નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડસ્ સ્થાપિત કર્યો છે. આ માટે હું ગુજરાતના અને દેશના કરોડો ખેડૂતો અને પશુપાલકો વતી દેશના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, દેશના સહકારિતા અને ગૃહમંત્રી માનનીયશ્રી અમીતભાઈ શાહ સાહેબ અને કેન્દ્ર સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારત ૨૦૪૭નો રસ્તો માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપેલા જ્ઞાનના જે ૪(ચાર) સ્તંભ છેઃ ગરીબ, યુવા, અન્નદાતા અને નારી. જ્યારે આ ચાર સ્તંભ ગુજરાતની ધરતી ઉપર મજબૂત બનશે ત્યારે ભારતને વિશ્વગુરુ બનતાં દુનિયાની કોઈ તાકાત રોકી નહીં શકે. આ ચાર વર્ગોના ઉત્થાનમાં ગુજરાતના દરેક ક્ષેત્રનો સર્વગ્રાહી વિકાસ સમાયેલો છે. જ્ઞાન મંત્રમાં પ્રથમ અને અંત્યોદય સંકલ્પને સિદ્ધ કરતો સૌથી સંવેદનશીલ સ્તંભ એટલે G– ગરીબ કલ્યાણ. જ્યારે સરકાર પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા કોઈને ભૂખ્યું ઉંઘવા દેતી નથી ત્યારે તે સાચું ગરીબ કલ્યાણ છે. આજે આયુષ્યમાન યોજના તે ગરીબ માટે સંજીવની સાબિત થઈ છે. દસ લાખ સુધીની મફત સારવાર આપીને સરકારે ગરીબને મોતના મુખમાંથી જ નહીં પણ દેવાના બોજમાંથી પણ આઝાદ કર્યો છે. ડાયરેકટ બેનીફિટ ટ્રાન્સફર દ્વારા વિવિધ સરકારી યોજનાઓનો લાભ અને ગરીબના હકનો એક એક રૂપિયો તેના બેન્ક ખાતામાં સીધે સીધો જાય છે. ગરીબને પગભર કરવા શ્રમ અને રોજગાર ક્ષેત્રે લેવાયેલાં પગલાંઓએ શ્રમિકને મજૂરમાંથી કારીગર બનાવ્યો છે. જ્યારે એક શ્રમિકનો દીકરો કૌશલ્ય તાલીમ લઈને ઉદ્યોગમાં જોડાય છે ત્યારે તે આખા પરિવારને ગરીબની રેખાથી ઉપર ખેંચી લાવે છે આ જ ગરીબ કલ્યાણનો પથ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાનના મંત્રનો બીજો અને નવા ભારતના ભાગ્ય વિધાતા સમાન સૌથી ઊર્જાવાન સ્તંભ એટલે Y–યુવાશક્તિ. શિક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રે કરવામાં આવેલું રોકાણ યુવાનોને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરે છે. કૌશલ્ય વિકાસ દ્વારા તેમને રોજગારલક્ષી બનાવે છે. રમત–ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા તેમના વ્યક્તિત્વનો વિકાસ કરવામાં આવે છે. જ્યારે યુવાન જુએ છે કે ગુજરાતમાં વિશ્વકક્ષાના માર્ગો આધુનિક બંદરો, મેટ્રો, બુલેટ ટ્રેન જેવા વાહન–વ્યવહાર અને એરપોર્ટનું નેટવર્ક પથરાઈ રહ્યું છે ત્યારે તેનો આત્મવિશ્વાસ બમણો થઈ જાય છે. જ્યારે યુવાનને યોગ્ય શિક્ષણ મળે, હાથમાં કૌશલ્ય હોય અને ચારેબાજુ વિકાસની તકો દેખાતી હોય ત્યારે તેને ખબર છે કે, ના ઉજ્જવળ ભવિષ્ય માટે વિદેશ કે અન્ય રાજ્યમાં જવાની જરૂર નથી તેનું ભાગ્ય તેના પોતાના ગુજરાતની ધરતી ઉપર જ કંડારાઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાનના મંત્રનો ત્રીજો અને આપણાં અર્થતંત્રનું કરોડરજ્જુ સમાન રાષ્ટ્રની જીવાદોરી સ્તંભ એટલે A-અન્નદાતા. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાહેબની સરકારે દેશથી લઈને બજાર સુધી ખેડૂતની યાત્રાને અવરોધ મુકત અને આત્મનિર્ભર બનાવી છે. સહકાર સમૃદ્ધિના મંત્ર દ્વારા ગુજરાતે

દૂધ ઉત્પાદનથી લઇને ખેત ઉત્પાદનના વેચાણ સુધી એક એવી મજબૂત અને પારદર્શક વ્યવસ્થા ઊભી કરી છે કે જેમાં વચેટિયાઓનું કોઇ સ્થાન રહ્યું નથી. સહકાર વિભાગ દ્વારા ગ્રામીણ સ્તરે મંડળીઓને મજબૂત કરી સરકારે છેવાડાના પશુપાલક અને ખેડૂતના ખિસ્સા સુધી પૂરો નફો પહોંચાડયો છે. ખેડૂતને હવે વીજળી કે પાણી માટે ભટકવું પડતું નથી. જળ વ્યવસ્થાપન દ્વારા સુજલામ્ સુફલામ્ જેવી યોજનાઓએ સૂકી ધરતીને હરિયાળી બનાવી છે, તો ઊર્જા વિભાગની સૂર્યોદય યોજના દ્વારા ખેડૂતને દિવસે વીજળી આપીને તેના જીવનમાં નવી સવાર પાડી છે. કુદરતી આપત્તિ સમયે અગાઉની સરકારો માત્ર આશ્વાસન જ આપતી પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબની સંવેદનશીલ સરકારે ૧૧ હજાર કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ આપીને ખેડૂતના આંસુ લૂછવાનું કામ કર્યું છે. એટલુ જ નહીં ખેડૂતને તેના પરસેવાનું પૂરું વળતર મળે તે માટે ૧૩,૧૦૦ કરોડ રૂપિયાના ટેકાના ભાવે પાક ખરીદી કરીને સરકારે અન્નદાતાની પડખે પહાડ બનીને ઊભા રહેવાની પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાનમંત્રમાં ચોથો અને વિકસિત ગુજરાતની ધરોહર સમાન સૌથી પવિત્ર સ્તંભ એટલે N- નારીશક્તિ. જ્યારે દીકરીને મફત શિક્ષણ મળે, યુવતિને સ્ટાર્ટ–અપ માટે સહાય મળે અને માતાને આરોગ્યની સુરક્ષા મળે ત્યારે એ અબળાની જગ્યાએ સબળા બને છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની એવી મજબૂત સ્થિતિ છે કે આજે દીકરી મધ્ય રાત્રિએ પણ નિર્ભય થઇને નોકરી કે અભ્યાસ માટે નીકળી શકે છે. ''she'' ટીમ અને આધુનિક ટેકનોલોજી દ્વારા જે સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવે છે તેથી જનતાનો સરકાર પરનો વિશ્વાસ મજબૂત થયો છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તૈયાર કરેલ રોડમેપ પર આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના નેતૃત્વ હેઠળ ગુજરાત જે રીતે આગળ વધી રહ્યું છે તે અભૂતપૂર્વ છે. સુશાસન એટલે શું તેનો જીવંત દાખલો આપણી આ સરકારે બેસાડ્યો છે. જ્યારે ગરીબોને તેની આરોગ્યની સારવાર માટે સરકાર ૧૦ લાખ રૂપિયા સુધીનું આયુષ્યમાન ભારત કવચ આપે છે ત્યારે ટ્રસ્ટ જન્મે છે. યુવાનોને સંઘર્ષના બદલે સફળતાની નવી તકો મળે છે ત્યારે ટ્રસ્ટ જન્મે છે. અન્નદાતાને ખેતી માટે દેશના વડાપ્રધાન વિશ્વની મહાસત્તાઓ સામે અડગ ઊભા રહે છે ત્યારે ટ્રસ્ટ જન્મે છે અને જ્યારે ગુજરાતની દીકરી અડધી રાત્રે સુરક્ષિત રસ્તા પર નીકળી શકે છે ત્યારે સુશાસનનો એક ટ્રસ્ટ અનુભવાય છે. આ કાર્યોના પ્રતાપે આજે ગુજરાત માત્ર દેશનું ગ્રોથ એન્જિન જ નહીં, પણ દેશ–વિદેશ માટે ભરોસાનું ટ્રસ્ટ એન્જિન બની ગયું છે અને સને ૨૦૪૭ સુધીમાં જ્યારે ભારત વિકસિત રાષ્ટ્ર બનશે ત્યારે ઇતિહાસ સાક્ષી પુરશે કે તેનો પાયો ગુજરાતના આ ટ્રસ્ટ એન્જિન દ્વારા નખાયો હતો. સને ૨૦૪૭ના વિકસિત ભારત માટે ગુજરાત આજે સજ્જ છે. ખેરાલુ અને ગુજરાતની જનતા વતી અને ભારતીય જનતા પાર્ટી વતી હું મહામહીમ રાજ્યપાલશ્રીના સંબોધન પર માનનીય સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમારના આભાર પ્રસ્તાવને અત્યંત ગર્વ અને મક્કમતા સાથે સમર્થન આપું છું. એક કવિતા કહી મારું વકતવ્ય પૂરું કરીશ.

અન્નદાતાના રક્ષણ કાજે જેણે દુનિયા સાથે બાથ ભીડી,
યુવાશક્તિના સ્વપ્ન કાજે જેણે સફળતાની બાંધી સીડી.
ગરીબના ચૂલા અને નારીની અસ્મિતાની જેણે રાખી છે આણ,
એવા મક્કમ નેતૃત્વમાં ધબકે છે ગુજરાતના પ્રાણ
કરોડોના આશીર્વાદ જેમને પોસ્ટકાર્ડ બની મળ્યાં છે
એટલે જ તો ભરોસાનું કમળ આજે ગામેગામ ખીલ્યું છે.
નહીં રોકાવું, નહીં થાકવું, હજુ અનેક ગગન સર કરવા છે
વિકસિત ભારતના સ્વપ્નમાં ગુજરાતના રંગો ભરવા છે.
જય જય ગરવી ગુજરાત. વંદે માતરમ્.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના અભિભાષણ પર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૮–૧૯ના ભારત સરકારના સિચ્યુએશનલ એસેસમેન્ટ સરવે ફોર એગ્રીકલ્ચરલ હાઉસ હોલ્ડ પ્રમાણે આજની તારીખે આપણા દેશમાં એક ખેડૂતને ખેતીમાંથી થતી આવક એક દિવસની ભારત સરકારના શબ્દો પ્રમાણે ફક્ત ૨૭ રૂપિયા છે. એ ખેડૂતના તમામ પરિવારજનોની એવરેજ આવક રૂપિયા ૧૦,૨૧૮ છે. ભારત સરકારનો સરવે છે અને ગુજરાત આમાંથી બાકાત નથી.

ઉપાધ્યક્ષશ્રી : સરવેના આંકડા તમારે રજૂ કરવા પડશે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : જી. ગુજરાતમાં છેલ્લાં સાત વર્ષમાં કમોસમી વરસાદના કારણે, લીલા દુકાળના કારણે, હજારો ખેડૂતોનું ભયંકર નુકસાન થયું છે. આ નુકસાન એક તરફ, બીજી તરફ મારી જમીન બીજા ખેડૂતના ખેતરમાં, બીજાની જમીન મારા ખેતરમાં, આ ખોટી માપણીના કારણે પણ ખેડૂતો ભયંકર હાલાકી ભોગવી રહ્યા છે. આજે ગુજરાતમાં જે પ્રમાણે ખેડૂતોની આવક છે એમાંથી જે કમાણી કરે છે, એ છેલ્લાં ૧૦ વર્ષની તુલનામાં ખાસ વધી નથી, પણ ૧૦ વર્ષ પૂર્વે જંતુનાશક, ખાતર, બિયારણ, એગ્રીકલ્ચર ઇનપૂટની જે કોસ્ટ થતી હતી એમાં બે થી ત્રણ ગણો વધારો થયો છે. એટલે માનનીય સરકારશ્રી સમક્ષ મારી વિનંતી છે કે, ગુજરાતના પ્રત્યેક ખેડૂતના હિતમાં જેમ યુ.પી.એ.ની સરકારે રૂપિયા ૭૨ હજાર કરોડ દેવા માફ કર્યા હતા એમ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા પણ આપણા ગુજરાતના ખેડૂતોના હિતમાં દરેકે દરેક ખેડૂતોના દેવા માફ

કરવામાં આવે. અત્યારે ગુજરાતમાં વીજલાઈનો નાખવાનું કામ પણ ચાલી રહ્યું છે. આપણે લાંબા સમયથી દાવો કરીએ છીએ અને દાવો એકંદરે સાચો છે કે ગુજરાત વીજળીની બાબતમાં સરપ્લસ રાજ્ય છે પણ એ છતાં જામનગર, દ્વારકા, કચ્છ અને મોરબીમાં કેટલીક જગ્યાએ ખેડૂતોની મરજીની વિરુદ્ધ અને કચ્છમાં તો ખેડૂતોને મારી, ફટકારીને ત્યાં વીજલાઈનો નાખવામાં આવી એનો ખેડૂતોમાં જબરજસ્ત રોષ અને આક્રોશ છે. ખેડૂતોએ ખૂબ વિરોધ પણ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલી છે કે વર્ષ ૨૦૧૩માં યુ.પી.એ.ની સરકારે જમીન સંપાદનનો કાયદો બનાવ્યો અને કાયદાની જોગવાઇ એવી છે કે, માર્કેટ પ્રાઇસ કરતા ચારગણું વળતર ખેડૂતોને ચૂકવવું આ મારી માગણી છે. આપણે ત્યાં વીજલાઇનો નંખાઇ રહી છે એમાં ફક્ત જંત્રીના ભાવે વળતર ચૂકવવામાં આવે છે. આ મંચ સમક્ષ વિનંતી કરું છું કે ગુજરાતના પ્રત્યેક ખેડૂતોનું દેવું માફ થાય અને જ્યારે પણ ખેડૂતની જમીનનું સંપાદન કરવામાં આવે ત્યારે વર્ષ ૨૦૧૩ની નીતિ પ્રમાણે માર્કેટ પ્રાઇસ કરતા ચારગણું વળતર ખેડૂતોને ચૂકવવામાં આવે. બીજી એક વાત કરવા માગું છું કે, આપણે ત્યાં એસઆઇઆરની પ્રક્રિયા ચાલી રહી છે. લગભગ ૧૪ લાખ નાગરિકોની સામે ગુજરાતના કેટલાક નાગરિકોએ વાંધો લીધો. મને એ વાતનો આનંદ છે કે ચુનાવ આયોગે દરેક વાંધા સ્વીકાર્યા નહીં. હવે ફકત ૧,૮૩,૦૦૦ જેટલા વાંધાઓ બચ્યા છે. એ પણ મારી અપેક્ષા છે કે આગળ જતા નીકળી જશે. બેઇઝ લેસ, કોઇપણ આધાર પુરાવા વગર અમુક ગુજરાતના નાગરિકો અન્ય ગુજરાતના ૧૩ લાખ જેટલા નાગરિકોના નામ ઇલેક્ટોરોલ પરથી કઢાવવાની કોશિશ કરે તો રાજ્ય સરકારે આ ૧૩–૧૪ લાખ લોકોની સામે ખોટી રીતે વાંધા લીધા, આધાર પુરાવા વગર વાંધા લીધા એની યોગ્ય તપાસ કરી ખોટા વાંધા લેનારાની સામે ફોજદારી ગુનો દાખલ કરવો જોઇએ અને છેલ્લી રજૂઆત કરવા માગુ છું કે આ ગૃહમાં આપના ધારાસભ્યો, કોંગ્રેસના ધારાસભ્યો અને ભારતીય જનતા પાર્ટીના મિત્રો પણ છે. આપણા દરેકના પરિવારમાં બહેનો, દીકરીઓ, માતાઓ છે, બધાને એક જ વિનંતી કરું છું કે પોતાનો જમણો હાથ હૃદય પર મૂકી એકવાર પોતાના આત્માને પૂછે કે આ વિધાનસભાનું સત્ર પૂરું થાય એ પહેલા વધારે નહીં તો એકવાર *(xxx) ફાઇલ પર ચર્ચા થવી જોઇએ. ધન્યવાદ.

શ્રી હાર્દિક ભ. પટેલ(વિરમગામ) :માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના સંબોધન પર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા અનેક વર્ષોથી આ વિધાનસભા ગૃહમાં અને છેલ્લાં ૩ વર્ષથી વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરીને આ ગૃહમાં એક સદસ્ય બન્યા બાદ વિકસિત ગુજરાતના અને વિકસિત ભારતના મંત્રને સાકાર કરવા માટે તેમજ ગુજરાતી પ્રજાના સર્વાંગી વિકાસ માટે આ વિધાનસભામાં અનેક ઐતિહાસિક અને નાગરિકલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા છે. આજે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની અંદર ગુજરાતીઓને એક સન્માનની નજરે જુએ છે અને ગુજરાતી સમગ્ર વિશ્વની અંદર એક આગવી ઓળખ સાથે આગળ વધી રહ્યો છે. ગુજરાત માટેનો આ આદરભાવ એ ગુજરાતની પ્રગતિશીલ વિચારસરણી અને વિકાસને રાષ્ટ્રીય આંદોલન બનાવનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના લોકપ્રિય નેતૃત્વનું પ્રતિબિંબ પણ છે. ગુજરાત માટે વિકાસની પરિભાષા એટલે એવો વિકાસ જેમાં ''સર્વ જન હિતાય, સર્વ જન સુખાય''ની ભાવના રહેલી છે. ગુજરાતની આ વિકાસયાત્રા એવા પ્રકારે છે જે હું મારા શબ્દોમાં કરું તો –

''જ્યાં યુવા શક્તિઓનાં સપનાઓને મળે છે નવી ઉડાન,
જ્યાં ખેડૂતોના પરસેવાને મળે છે પૂરતું સન્માન,
જ્યાં નારી શક્તિના ગૌરવનું અમે કરીએ છીએ જતન
ગરીબ કલ્યાણ માટે કરીએ છીએ ચિંતન.
એક તરફ ઉદ્યોગો માટે છે પ્રગતિના ખૂલ્લા દ્વાર,
બીજી તરફ જન જનના આરોગ્યની લેવાય છે સંપૂર્ણ દરકાર''

માનનીય અધ્યક્ષશ્રી, તો બીજી તરફ જનજનના આરોગ્યની સંપૂર્ણ દરકાર લેવાય છે, આવા સર્વસ્પર્શીય અને સર્વગ્રાહી વિકાસની ગુજરાતની જનતા સાક્ષી રહી છે. દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ તથા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીનું આ વર્ષ ઐતિહાસિક બની રહ્યું છે. રાષ્ટ્ર ગૌરવને ઉજાગર કરવાનું આ પાવન પર્વ છે અને એની સાથે જ આ વર્ષ રાષ્ટ્રગાન વંદે માતરમ્ તથા સરદાર સાહેબની રાષ્ટ્ર વિચારધારાના વૈશ્વિક પ્રચાર પ્રસારનું પ્રેરણા સ્ત્રોત બન્યું છે. અખંડ ભારતના શિલ્પી શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતીના શુભ અવસરે કરમસદથી લઇને કેવડિયા સુધીની યુનિટી માર્ચ અને માત્ર આ રૂટમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતની અંદર અલગ અલગ જિલ્લાઓની અંદર, અલગ અલગ ગામડાઓની અંદર આ યુનિટી માર્ચે સરદાર સાહેબ પ્રત્યેની જે કરમસદની પાવન રજમાંથી પ્રગટેલી રાષ્ટ્રભકિતની જયોત એ સમગ્ર ગુજરાતની અંદર પ્રસરી છે. એક સમય એવો હતો, હું જે વિસ્તારમાંથી આવું છું, હમણાં જ પ્રશ્નોત્તરી વખતે મેં માનનીય નાણામંત્રીશ્રીનો આભાર વ્યકત કર્યો કે અમારા અમદાવાદ જિલ્લાની અંદર સાણંદ, બાવળા, વિરમગામનો નળકાંઠાનો વિસ્તાર છે એમાં સિંચાઇના પાણીનો પ્રશ્ન ખૂબ લાંબા સમયથી ચાલી આવતો હતો, પરંતુ છેલ્લાં ૪–૫ વર્ષથી આ પરિસ્થિતિને ધ્યાને લઇને ત્યાં વિશેષ યોજના લાગુ કરીને લગભગ ૩૮થી ૩૯ ગામડાઓની અંદર ૧૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઇને ધ્યાનમાં લઇને અત્યારે ત્યાં સિંચાઇના પાણીનું કામ ચાલી રહ્યું છે.

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દુર કરવામાં આવ્યો.

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

એક સમયે ગુજરાતને પાણીની અછતવાળા વિસ્તાર તરીકે ઓળખવામાં આવતો, મારી સરકારના ઉત્તમ જળવ્યવસ્થાપનથી ગુજરાત આજે પાણીદાર રાજય બન્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬ના ડિસેમ્બર સુધીમાં નાના અને મોટા મળીને કુલ ૨૦૨ ચેકડેમોનું કામ પૂર્ણ થયેલ છે. ઉપરાંત ૧૮૬ નાના અને ૨૦૪ મોટાં ચેકડેમોનાં કામ અત્યારે પ્રગતિ હેઠળ છે. આવનારા ટૂંક સમયની અંદર અનેક નવા ચેકડેમોના કામ હાથ ઉપર લેવાનું આયોજન છે, સાથે જ જે કામો અત્યારે હાલ પ્રગતિ હેઠળ છે એ કામો પૂર્ણ થતા ૭૮૦૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં રાજયમાં કુલ ૧,૮૭,૭૯૧ ચેકડેમો થકી અંદાજિત સાડા ચાર લાખ હેકટરથી વધુ વિસ્તારમાં સીધો અને આડકતરી રીતે સિંચાઇનો લાભ પણ પ્રાપ્ત થવાનો છે. કડાણા, પાનમ, કરજણ, ઉકાઇ જળાશય તેમજ નર્મદા નહેર આધારિત કુલ ૧૧ ઉદ્વહન સિંચાઇ યોજનાઓ દ્વારા દાહોદ, પંચમહાલ, મહિસાગર, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાઓના ૭૭૦ ગામોમાં આશરે ૯૨ હજાર હેકટર વિસ્તારમાં સિંચાઇનો લાભ આપવામાં આવી રહ્યો છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે '' કેચ ધી રેઇન'' યોજના અંતર્ગત જળસંચયને મહત્ત્વ આપ્યું અને આ વાતને ધ્યાનમાં રાખીને દેશના જળસંધાન મંત્રી માનનીય સી.આર. પાટીલ સાહેબ દ્વારા ગુજરાત અને સમગ્ર દેશમાં જનભાગીદારીથી ધારાસભ્યોના માધ્યમથી, સી.એસ.આર.ના માધ્યમથી જળસંચય ઉપર વિશાળ રીતે કામ થઇ રહ્યું છે. સુજલામ સુફલામ જળ અભિયાન, કેચ ધ રેઇન-૨.૦ અંતર્ગત વર્ષ ૨૦૨૫ દરમિયાન જુદા જુદા વિભાગો દ્વારા ૧૪૫૦૦ થી વધુ કામો થયેલાં છે. આ કામો થકી જળસંગ્રહ શકિતમાં કુલ ૨૦ લાખ ઘન ફૂટનો વધારો થયો છે તથા ૧૦ લાખ માનવદિનની રોજગારી પણ ઉત્પન્ન થયેલી છે. જળસંચય અભિયાનને ધ્યાને રાખતા માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ પણ ધારાસભ્યની જે ગ્રાન્ટ હતી એની અંદર પણ ૫૦ લાખની મર્યાદાનાં જળસંચયનાં કામો માટે વધારો કરીને ધારાસભ્યશ્રી પણ પોતાના વિસ્તારની અંદર, પોતાના ગામની અંદર જળસંચયનો યોગ્ય ઉપયોગ કરી શકે એ દિશામાં પણ રાજય સરકારે ગંભીરતા લીધી છે અને એટલા માટે ધારાસભ્યની ગ્રાન્ટમાં પણ અત્યાર સુધી જળસંચયનાં કામો ઓછાં આવતા તો ધારાસભ્યની ગ્રાન્ટમાં પણ ૫૦ લાખનાં જળસંચયનાં કામોની જોગવાઇ કરવામાં આવી છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારોની અંદર એનો વિસ્તૃત લાભ થયો છે. માનનીય નાણામંત્રીશ્રીનો જે રીતે આભાર વ્યકત કર્યો છે, લગભગ આ બજેટની જોગવાઇમાં પણ અંદાજિત ૮૦૦ થી ૯૦૦ કરોડ રૂપિયાની વિશેષ જોગવાઇ અમારા નળકાંઠા વિસ્તારના ખેડૂતો માટે, નળકાંઠાના ગ્રામ્ય વિસ્તાર માટે પણ કરી છે અને સાથે જ સરકાર નાના નાના વિષયોમાં કેટલી ગંભીરતા લેતી હોય છે એનું એક ઉદાહરણ પણ છે કે, વડગામ તાલુકાની અંદર વરસડા ગામની અંદર બહુ લાંબા સમયથી ત્યાં તળાવ ભરવા માટે ત્યાંના ગ્રામજનોની ચિંતા હતી અને રાજ્ય સરકારે વરસડા ગામના તળાવમાં નર્મદાનું પાણી પહોંચાડ્યું અને એક સામાન્ય બાબતમાં ૫૦ ગામના લોકોએ નર્મદાના નીરના પણ વધામણાં કર્યાં હતાં. વર્ષ ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮માં જ્યારે અમે આંદોલનની ભૂમિકામાં હતા ત્યારે સરકાર પાસે માગણી કરવી એ બહુ સામાન્ય વાત હતી પણ વિધાનસભાના ફ્લોર પર આવીને પૉલિસી મેકિંગ કામ કરવું એ માગણી કરવા કરતાં ખૂબ મહત્ત્વનું હોય છે અને એ દિશામાં અમે છેલ્લાં ત્રણ વર્ષમાં કામ કરી રહ્યાં છીએ. છેલ્લા અનેક વર્ષોમાં આ ગૃહ અનેક ઐતિહાસિક કામો માટે ઐતિહાસિક નિર્ણયોનું સાક્ષી બન્યું છે અને છેલ્લાં ત્રણ વર્ષથી અમે પણ આ ગૃહની કામગીરીના સાક્ષી બન્યા છીએ એનો અમને વિશેષ ગર્વ પણ છે. અહીં બેઠેલા તમામ સદસ્યશ્રીઓનો એવો પ્રયાસ હોઇ શકે કે રાજ્યના સર્વાંગી વિકાસ માટે સાથે મળીને વિસ્તૃત કામ કરીએ. સત્તા અને વિપક્ષ એક ભાગ છે પણ જ્યારે રાજ્યની સુખાકારી અને સર્વાંગી વિકાસનું કામ આવે ત્યારે એક બીજાના ખભે-ખભો મિલાવીને સર્વાંગી વિકાસનાં કામો કરવાની દિશામાં બધા આગળ વધીએ એવી આશા રાખું છું. જય હિંદ. જય ભારત.

શ્રી ગોપાલ ઇટાલિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલ મહોદયશ્રીએ આ સત્રના પ્રારંભે જે અભિભાષણ કર્યું એમાં મારો સૂર વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલ મહોદયશ્રીએ એમના વક્તવ્યમાં નવેમ્બર-ડિસેમ્બરમાં માવઠું આવ્યું એ માવઠાંમાં સરકારે રૂ.૯૬૦૦ કરોડની સહાય ચૂકવી એનો ઉલ્લેખ કરેલો છે. વિસાવદર વિધાનસભા અને અમારું સૌરાષ્ટ્ર અને આમ તો આખા ગુજરાતનો ખેતી એ મુખ્ય વ્યવસાય છે. ખેડૂતો સરકાર પાસેથી સહાયની અપેક્ષા નથી રાખતા, અધિકારની અપેક્ષા રાખે છે પણ મારે બહુ ખેદ સાથે કહેવું પડે છે કે ખેડૂતોના મુખ્ય પ્રશ્નોનો ઉલ્લેખ મહોદયશ્રીના વક્તવ્યમાં થયો નથી. હમણાં જ આપણે બધાંએ જોયું કે ગુજરાતમાં *(xxx) પ્રથા અમલમાં છે. ખેડૂતો માર્કેટિંગ યાર્ડમાં પોતાના ખેત ઉત્પાદનો વેચવા જાય ત્યારે ખેડૂતો પાસેથી શોષણ કરવામાં આવે છે. *(xxx) કરવામાં આવે છે. તેની સામે આમ આદમી પાર્ટીએ લડાઇ લડી. આગેવાની લીધી. ઘણું બધું કરવું પડ્યું પણ છતાંય *(xxx) પર કાર્યવાહી કરવાના બદલે આ સરકારે *(xxx) સામે લડનારા ઉપર કાર્યવાહી કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. રાજ્યપાલશ્રીનું ભાષણ વાંચન સહિત છે. એમાંથી કેટલાંક અંશ વાંચ્યા છે અને કેટલાંક નથી વાંચ્યા એનો અર્થ એ નથી કે એમણે એ વાંચ્યું નથી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર ખોટી માહિતી ન જાય એટલા માટે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. દરેકને પોતાની વાત કરવાનો અધિકાર છે પણ જ્યારે જે કાંઇ બાબત થતી હોય છે એ નિયમ મુજબ થતી હોય છે. કોઇ અરાજકતા, કોઇ તોફાન જેવી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઊભી થતી હોય છે ત્યારે કાયદાની જોગવાઇ મુજબ કાર્યવાહી થતી હોય છે. એ સરકાર કાર્યવાહી કરે છે એવું નથી. સરકારને પરિસ્થિતિ દેખાય ત્યારે કાર્યવાહી થતી હોય છે અને નિયમ મુજબ થતી હોય છે. રેકર્ડ ઉપર ખોટી માહિતી ન જાય એટલા માટે મારી વિનંતી છે કે એના માટે રૂલિંગ પણ આપવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇશ્રી હાર્દિકભાઇએ પણ વાત કરી છે કે મને સારા વિચારો આવી ગયા છે એટલે હું એ બાજુ છું.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમની જગ્યા બદલાવાના કારણે વિચારો બદલાયા છે. ઓરિજીનલ વિચારો મને ખબર છે.

ઉપાધ્યક્ષશ્રી : અત્યારે ગૃહ સુપેરે ચાલે એ જુઓ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય રાજ્યપાલશ્રીએ જે વક્તવ્ય રજૂ કર્યું. પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર ખેડૂતોને મફત વીજળી આપે છે. ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટી એવી માગણી કરે છે કે ખેડૂતોને દિવસે મફત વીજળી મળવી જોઇએ. એક તરફ સરકારનો દાવો છે કે આ સરકારના લોકો ખેડૂતોના હામી છે. તો બીજી તરફ ખેડૂતોએ દિવસે વીજળી માટે કરગરવું પડે. વીજળી મફત આપવા માટેની માગણીઓ કરવી પડે એ વાતનો ઉલ્લેખ થયો નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ચાલુ જ થયું નથી. માનનીય મંત્રીશ્રી વચ્ચે બોલ્યા એ સમય તો મારામાંથી ગયો. મારો તો વારો જ આવ્યો નથી. હું મારું વક્તવ્ય ટૂંકમાં પૂરું કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગોપાલભાઇ, બે મિનિટના બદલે ત્રણ મિનિટ થઇ ગઇ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વક્તવ્યમાં માનનીય મંત્રીશ્રી બોલ્યા.

ઉપાધ્યક્ષશ્રી : હું એટલે જ કહું છું કે માત્ર બે જ મિનિટ હોય ત્યારે મુદ્દાસર વાત કરો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં જે રીતે મહામહિમ રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાનું કાર્ય થઇ રહ્યું છે તે ખરેખર અભિનંદન આપવાપાત્ર છે. ગૃહના દરેક સભ્યશ્રીઓએ અભિનંદન આપવા જોઇએ કારણ કે કોઇ રાજ્યમાં રાજ્યપાલશ્રીએ પ્રથમ વખત આવો પ્રયત્ન કર્યો છે. સાથોસાથ દેશના પ્રધાનમંત્રીશ્રીએ પણ આ પ્રાકૃતિક ખેતી માટે ખૂબ સારા પ્રયત્નો કર્યા છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીએ પણ ખૂબ પ્રયત્નો કર્યા છે પણ ક્યાંક ને ક્યાંક આ કડી ખૂટી રહી છે. હું પોતે એક ખેડૂત છું. જો હું પ્રાકૃતિક ખેતી તરફ વળું તો મારે બે વર્ષ સુધી જમીનને વાવ્યા વગર રાખવી પડે. કારણ કે જમીનમાં ઝેર ખૂબ ફેલાઇ ગયું છે. જ્યારે ખેડૂત પ્રાકૃતિક ખેતી કરતો હોય તો તેને પ્રોત્સાહન આપવા માટે ઓછામાં ઓછું એક વીઘા મુજબ રૂ.૫૦ હજારનું વળતર આપવું પડે. તેના માટે એક અલગ બજાર ઊભું કરવું પડે. આજે મારા બોટાદ શહેરમાં પ્રથમવાર અમે પ્રાકૃતિક ખેતી માટેનો એક અલગ સ્ટોલ ઊભો કર્યો છે. અમે પ્રાંત ઓફિસની બાજુમાં જ સ્ટોર આપ્યો છે. તે બદલ હું માનનીય કૃષિમંત્રીશ્રી જીતુભાઇનો આભારી છું. ખેડૂતને સારામાં સારું વળતર પણ મળી રહ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મને અડધી મિનિટ આપો. બહુ જરૂરી વાત છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનો મુદ્દો રજૂ કરો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ખેતીને ખરેખર પ્રોત્સાહન આપવા માટે આ ડી-માર્ટ, રિલાયન્સ જેવા સ્ટોરોને ફરજિયાત પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પન્ન થયેલ શાકભાજી વેચવા માટે ફરજ પાડીશું તો આપોઆપ ખેડૂતોને પ્રોત્સાહન મળશે. આ સાથે એક જ વાત કરીને મારી વાત પૂરી કરું છું. અત્યારે મોટાભાગના શાકભાજીમાં વપરાતા ખાતરમાં ખૂબ ઝેરીલા તત્ત્વો છે. જેના લીધે કેન્સરનું પ્રમાણ ખૂબ વધી ગયું છે એટલે તેને રોકવામાં આવે.

ડૉ. પ્રધુમન ગ. વાજા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર માનનીય સિનિયર સભ્યશ્રી ઈશ્વરભાઇ પરમારે જે આભાર પ્રસ્તાવ મૂક્યો છે અને જેને માનનીય સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીએ ટેકો આપ્યો છે ત્યારે તે પ્રસ્તાવના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું તે પહેલાં હું સમગ્ર ગુજરાતના અનુસૂચિત જાતિ અને જનજાતિ સમાજ તરફથી ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, રાજ્યકક્ષાના નાણામંત્રીશ્રી કમલેશભાઇ પટેલને પોસ્ટ મેટ્રિક યોજના હેઠળ આદિજાતિ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણમાં કારકિર્દી ઘડતર કરી શકે તે માટે વાર્ષિક આવકમર્યાદા રૂ.૨.૫ લાખથી વધારીને રૂ.૬ લાખ કરવા બદલ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીનું પ્રવચન એ માત્ર ભાષણ નથી. તે રાજ્ય સરકારે કરેલાં કાર્યોનો સંકલ્પપત્ર અને વિશ્વાસપત્ર છે. ગુજરાત જનતાના વિકાસનું જીવંત પ્રતિબિંબ છે. સત્યમેવ જયતે એટલે કે સત્ય હંમેશા વિજયી બને છે, અસત્ય ક્યારેય વિજયી બનતું નથી. આ ગૃહમાં થતી ચર્ચા પણ સત્ય અને લોકહિતના માર્ગે જ થવી જોઇએ. ગુજરાત

એ માત્ર ભૌગોલિક પ્રદેશ નથી પણ એ સંસ્કારોની સરિતા છે. ગુજરાત માત્ર નકશામાં ઘેરાયેલું કે દોરાયેલું એક રાજ્ય નથી. ગુજરાત એ વિચાર છે. ગુજરાત એ ચેતના છે. જેમ ભારત માતાની આપણી એક પૂજનીય સંકલ્પના છે એ જ સંકલ્પના આપણા મનમાં પવિત્ર અને મહાન ગુજરાતની પણ છે. જેને કવિ નર્મદે ખૂબ સુંદર રીતે કવિતામાં કંડારેલ છે. ''જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણ પરભાત, ધ્વજ પ્રકાશે ઝળળળ કસુંબી, પ્રેમશૌર્યઅંકીત, તું ભણાવ ભણાવ નિજ સંતતિ સહુંને પ્રેમ ભક્તિની રીત, ઊંચી તુજ સુંદર જાત, જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત.''

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે આજે આ સદનમાં ઊભા રહીને મને અત્યંત ગૌરવની લાગણી થાય છે કે, આપણે એવા મહાન પ્રસંગોનું સ્મરણ કરીએ છીએ જે માત્ર ઈતિહાસ નથી પરંતુ, રાષ્ટ્રનિર્માણના માર્ગદર્શક મૂલ્યો છે. આ વર્ષને એક ઐતિહાસિક વર્ષ કહેવાય કે ત્રિવેણી સંગમ જે દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ, મહાન આદિવાસી જનનાયક બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતી અને રાષ્ટ્રભાવનાનું શાશ્વત ગીત વંદે માતરમના ૧૫૦ વર્ષના ત્રિવેણી સંગમ રૂપે આ વર્ષ અવિસ્મરણીય એકતા યાત્રા બની રહ્યુ. હું આપના માધ્યમથી ગુજરાતની જનતાને જણાવવા માગું છું કે આ વર્ષ ઈતિહાસમાં એટલા માટે સુવર્ણ અક્ષરે લખાશે કે ઈ.સ. ૧૦૨૬માં જ્યારે ગઝનીએ સોમનાથ પર આક્રમણ કર્યું ત્યારે એણે વિચાર્યુ હતું કે તે મંદિરને ધ્વંસ કરી નાંખશે પરંતુ આજે એક હજાર વર્ષ પછી પણ સોમનાથનું શિખર એ જ શાનથી ઊભું છે. ૭૨ કલાકના ઓમકારનાદ ૭૫ વર્ષનો સોમનાથનો પુનરુદ્ધાર અને અતૂટ આસ્થાના હજાર વર્ષ સાથે સોમનાથ સ્વાભિમાન પર્વની ઊજવણી કરીને અવિનાશી સનાતન ધર્મના આસ્થાના પ્રતિકસમા અમર, અજર એવા સોમનાથ મહાદેવના શિખર પર આજે પણ ધર્મધજા લહેરાય છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં સોમનાથનો કાયાકલ્પ થયો છે ત્યારે એક હજાર ડ્રોન દ્વારા આકાશમાં જ્યારે સોમનાથની ગાથા લખાઇ ત્યારે દરેક ગુજરાતીની છાતી ગજ ગજ ફૂલતી હતી. એક બાળક પૂછે છે કે, ''સોમનાથ કેટલી વખત લૂંટ્યું?'' ત્યારે શિક્ષક જવાબ આપે છે કે,''જેટલી વખત લૂટ્યું એટલી વખત વધુ મજબૂત બનીને સોમનાથ આજે ઊભું થયું છે.'' મને કહેવાનું મન થાય છે કે,

यूनान मिश्र रोमा सब मिट गए जहां से,
बाकी मगर है अब तक नामो निशां हमारा,
कुछ बात है कि हस्ती, मिटती नहीं हमारी,
सदियों रहा है दुश्मन, दौर-ए जहां हमारा।

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીનું પ્રવચન એ રાજયની પ્રજા માટે રાજ્ય સરકારે કરેલાં કામો, પ્રજાનો વિકાસ અને વિશ્વાસનો દસ્તાવેજ છે અને આ પ્રવચન એ ગુજરાતની પ્રજાના વિકાસનું પ્રતિબિંબ છે તેમ કહીએ તો જરાપણ અતિશયોક્તિ નથી. હું ગુજરાતની જનતાઓ એટલા માટે આભાર માનું છું કે ભૂતકાળમાં જ્યારે–જ્યારે ચૂંટણી આવતી હતી ત્યારે સામેવાળા વિરોધપક્ષ મનીપાવર, મસલપાવર, જ્ઞાતિ–જ્ઞાતિ વચ્ચે લડાઇ–ઝઘડા ઊભા કરી વર્ષો સુધી અનેક પાર્ટીઓએ રાજ્યોમાં શાસન કરેલું પરંતુ, હવે રાજ્યની આ સમજદાર પ્રજા બધી જ રાજકીય પાર્ટીઓને ખૂબ સારી રીતે ઓળખી ગયેલ છે અને એટલા માટે જ સમગ્ર દેશમાં એનું ઉત્તમ ઉદાહરણ હોય તો ગુજરાત છે. વર્ષ ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭ અને છેલ્લે ૨૦૨૨ આ તમામ ચૂંટણીઓમાં જે ગુજરાતના વિકાસના વિરોધી હતા તે તમામ લોકોને પોતપોતાનું સ્થાન બતાવવાનું કામ કોઇએ કર્યું હોય તો તે ગુજરાતની પ્રજાએ કર્યું છે. કહેવામાં આવે કે માર્ગ કઠિન હોય તો મન મજબૂત હોવું જોઇએ. સંકલ્પ સચોટ હોય તો સફળતા પણ દૂર નથી હોતી. ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના દ્રષ્ટિવંત માર્ગદર્શન અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના દ્રઢ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્ય અને માળખાગત વિકાસના ક્ષેત્રોમાં તેજ ગતિએ પ્રગતિ હાંસલ કરી છે. આ સરકારનો અભિગમ બહુ જ સ્પષ્ટ છે. વિકાસ સર્વવ્યાપી, સર્વસ્પર્શી અને સર્વસમાવેશી હોવો જોઇએ અને તેનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચવો જોઇએ. દેશના વડાપ્રધાનશ્રીએ કંડારેલા વિકાસપથ પર માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આ સરકાર વધુ નવી ઊર્જા સાથે આગળ વધી રહી છે. પારદર્શિતા, ટૅકનોલોજી અને ઝડપી નિર્ણય ક્ષમતાથી ગુજરાત આજે અન્ય રાજ્યો તથા દેશ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે. આ ગૃહ માત્ર ચર્ચા માટેનું સ્થળ નથી પરંતુ આ ગૃહ પ્રજાના વિશ્વાસનું પ્રતિબિંબ છે. આ ગૃહ રાજ્યના વિકાસના માર્ગદર્શક નિર્ણયોનું કેન્દ્ર છે. આ ગૃહ લોકશાહી સાંસ્કૃતિનું જીવંત પ્રતિક છે. આજે હું જે મુદ્દા ઉપર આદરણીય ગૃહ સમક્ષ રજૂઆત કરવા ઊભો થયો છું તે માત્ર નીતિગત દસ્તાવેજ નથી પરંતુ રાજ્યના સર્વાંગી વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાનો સ્પષ્ટ સંકલ્પ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ આ સરકાર પારદર્શક, જવાબદાર અને પરિણામ કેન્દ્રિત શાસન વ્યવસ્થા માટે પ્રતિબદ્ધ રહી છે. રાજ્યનો દરેક વર્ગ ખેડૂત, શ્રમિક, યુવા, મહિલા, વંચિત અને મધ્યમ વર્ગ સૌના વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ અને કાર્યરત છે. ગત વર્ષે કુદરતી આફતના સમયે આ સરકાર હંમેશા ગુજરાતની જનતાની પડખે ખભે–ખભો મિલાવી ઊભી રહી છે. શ્રી પન્નાલાલ પટેલે માનવીની ભવાઇમાં દુષ્કાળનું વર્ણન કર્યું હતું. આજે આ સરકારનું લક્ષ્ય છે કે ગુજરાતમાં કોઇ ખેડૂત, કોઇ ગરીબ પરિવાર આવી પરિસ્થિતિનો ભોગ ના બને. પાણી, કૃષિ સહાય, આરોગ્ય અને રોજગારી દ્વારા સંવેદનશીલ શાસનની પરંપરા આ સરકારે જાળવી રાખી છે.

તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં આવેલા પૂર અને કમોસમી વરસાદના પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાંથી તેમને ફરી બેઠા કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીએ સંવેદનશીલ અભિગમ દાખવી રૂ.૧૧ હજાર કરોડથી વધુનું સહાય પૅકેજ જાહેર કરેલ છે, એ બદલ હું તેમને ખૂબ-ખૂબ આભાર સાથે અભિનંદન આપું છું. આ ઐતિહાસિક પૅકેજ એકમાત્ર સહાય નથી પણ ધરતીપુત્રોના પરિશ્રમનું સન્માન છે અને કૃષિ અર્થતંત્રને બેઠું કરવાનું એક અભિયાન છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલું સહાય પૅકેજ માત્ર નીતિગત પગલું નથી તે એક માનવીય સંવેદનાનું પ્રતિબિંબ છે કે રાજ્ય સરકાર આજે ધરતીપુત્રોની સાથે છે. આ પગલાં ખેડૂતના પરિશ્રમને પારખવાની સાથે રાજ્યના કૃષિ આધારિત અર્થતંત્રને ઊભું કરવાની દિશામાં એક મજબૂત પગથિયું સાબિત થશે. પહેલાં વરસાદથી ડર લાગતો હતો. અતિવૃષ્ટિથી ડર લાગતો હતો. માનનીય જીતુભાઇ, આજે આ સરકાર સાથે હોવાથી અતિવૃષ્ટિ હોય કે વરસાદની અનિયમિતતા હોય લોકો નિશ્ચિત છે કે આપત્તિ પસાર થઇ શકશે. જે આ સરકારની સૌથી મોટી સફળતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા અનેક દાયકાઓથી ભારત સહિત વિશ્વમાં ગુજરાત અને ગુજરાતીઓની છબી એક વેપારી રાજ્ય તરીકે ઊભરી આવી છે જેનું મુખ્ય કારણ ગુજરાત સરકારની ઉદ્યોગ ફ્રેન્ડલી નીતિ અને યોજનાઓ છે. વર્ષ ૨૦૦૩માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વાઇબ્રન્ટ ગુજરાતનું જે બીજ વાવ્યું હતું તે આજે એક વટવૃક્ષ બની ગયું છે. હવે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં અતિ આધુનિક ગુજરાતના વિકાસ પથ ઉપર અનેક મજબૂત પગલાં તરીકે રાજ્યના ચાર ઝોનમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. તાજેતરમાં યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સમાં મહેસાણા ખાતે રૂ. ૩.૨૫ લાખ કરોડ અને રાજકોટ ખાતે રૂ. ૫.૭૮ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા છે. રિજિયોનલ એક્સ્પ્રેસન્સ ગ્લોબલ એડિશન્સની થીમ અને હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશીની ભાવના સાથે યોજાયેલ આ રિજિયોનલ કોન્ફરન્સ માત્ર કાર્યક્રમ નહીં પરંતુ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા માટેનો એક વ્યૂહાત્મક મંચ બની રહી છે. વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સની આ નવતર પહેલ રાજ્યના ઉદ્યોગોને વડાપ્રધાનશ્રીનું વિકસિત ભારત ૨૦૪૭નું વિઝન છે એને આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ તથા લોકલ ફોર ગ્લોબલનું દિશાદર્શન કરવા માટેનું એક અત્યંત મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, આપણું ગુજરાત વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૩-૨૪ સુધી નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમવર્ક અંતર્ગત બેસ્ટ પર્ફોર્મન્સ કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે જાહેર થયું છે જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક કૃષિ એ જેમ માનનીય સભ્યશ્રીએ વાત કરી એમ પ્રધાનમંત્રીશ્રીના હૃદયનું એક સપનું છે. જમીન, પર્યાવરણ અને માનવજાતના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ એ આશીર્વાદરૂપ છે. પ્રાકૃતિક કૃષિને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ પોતાના હૃદયની સૌથી નજીક ગણાવી છે અને આ દેશનો દરેક ખેડૂત પ્રાકૃતિક કૃષિ અપનાવે તેવું તેમનું સપનું છે. આ સપનાંને સાકાર કરવા માટે ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા સુઆયોજિત ઝુંબેશના રૂપમાં કામગીરી થઇ રહી છે તે ખૂબ જ પ્રશંસનીય છે. અત્યાર સુધીમાં અંદાજિત ૧૯ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી છે. ચાલુ વર્ષે પ્રાકૃતિક ખેતી કરતા ૧ લાખથી વધુ ખેડૂતોને દેશી ગાય નિભાવ ખર્ચ માટે રૂપિયા ૫૮.૭૭ કરોડની સહાય આપવામાં આવી છે. ખેડૂતોને પ્રાયોગિક માર્ગદર્શન મળે તે માટે રાજયભરમાં અત્યાર સુધીમાં આશરે ૭,૧૦૦ મોડેલ ફાર્મ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન ક્ષેત્રે પણ નવતર પહેલ હાથ ધરાઇ છે. બનાસ ડેરી દ્વારા દામા ખાતે દૈનિક ૪૦ મે.ટન ગોબરનું વૈજ્ઞાનિક પ્રોસેસિંગ કરી બાયો સી.એન.જી.ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે જેના કારણે પશુપાલકોને વધારાની આવક અને ખેડૂતોને ગુણવત્તાયુકત જૈવિક ખાતર આજે ઉપલબ્ધ થઇ રહ્યું છે. આ તમામ દર્શાવે છે કે, સરકાર કૃષિને પરંપરા સાથે ટેકનોલોજીનો સંગમ બનાવી રહી છે. ખર્ચમાં ઘટાડો, ઉત્પાદનમાં વૃદ્ધિ અને આવક વધારાનો આ ત્રિવેણી સંકલ્પ સાકાર કરી રહી છે. હું તો એટલુ જ કહીશ કે ખેડૂત ખુશ તો અમે ખુશ અને ખેડૂત સમૃદ્ધ થશે તો ગુજરાત સમૃદ્ધ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ અને રાજયનું ભવિષ્ય આપણાં બાળકોના હાથમાં હોય છે અને બાળકોનું ભવિષ્ય તે શિક્ષણથી ઘડાય છે. હું આજે રાજય સરકાર દ્વારા લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયો વિશે ગૌરવ અનુભવું છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરાયેલા શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા સુપેરે આગળ ધપાવી રહ્યા છે. જેના પરિણામે આજે ગુજરાતનો નામાંકન દર સો ટકા સુધી પહોંચ્યો છે અને ડ્રોપ આઉટ દર વર્ષ ૨૦૦૧-૦૨માં જે ૩૭.૨૨ ટકા હતો જે આજે ઘટી અને ૨.૪૨ ટકા થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષે હંમેશા નબળા વર્ગને પોતાની મત બેન્ક ગણી છે. કયારેય તેને માનવ તરીકેનું સન્માન નથી આપ્યું પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે તે લોકોને માનવ તરીકેનું માન-સન્માન અને ગૌરવ અપાવ્યું છે અને આ સરકાર તેમને પોતાના ભાઇ અને પરિવાર માનીને કામ કરે છે જેના ફળશ્રુતિરૂપે રાજય સરકારે આર.ટી.ઇ.અંતર્ગત નબળાં વર્ગના બાળકોની ફી પરત ચૂકવણી પેટે વર્ષ ૨૦૧૩-૧૪માં રૂપિયા ૧૦ હજારના બદલે વર્ષ ૨૦૨૨-૨૩થી વધારીને રૂપિયા ૧૩,૬૭૫ની મર્યાદામાં ચૂકવણું થાય છે અને સાથો સાથ શૈક્ષણિક સામગ્રી માટે રૂપિયા ૩ હજારની સહાય આપનાર ગુજરાત આજે સમગ્ર દેશમાં પ્રથમ રાજય બન્યું છે.

માઘ ૩૦, ૧૯૪૭ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, ધોરણ–૬ થી ૯માં વૈદિક ગણિત પાઠ્ય પુસ્તકો દરેક શાળામાં ઉપલબ્ધ કરાવ્યાં છે અને ભારતીય જ્ઞાન પ્રણાલિને અભ્યાસક્રમમાં સમાવેશ માટે ભગવત ગીતાના સારને ધોરણ–૬ થી ૧૦ સુધી રસપ્રદ રીતે રજૂ કરતું સાહિત્ય શાળાઓ સુધી પહોંચાડવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મિત્રોને, ખાસ કરીને વિપક્ષના મિત્રોને ખાસ કહેવા માગીશ કે આ રાજ્યમાં સરકારી શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમની સુવિધા વિસ્તૃત કરવામાં આવી છે. સ્કૂલ ઓફ એક્સલન્સ અને મોડેલ સ્કૂલ પ્રોજેક્ટ દ્વારા આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું છે. ગરીબ અને મધ્યમવર્ગીય વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અને ડિજિટલ સહાય પૂરી પાડવામાં આવી છે. કૌશલ્ય વિકાસ અને આઇ.ટી.આઇ. તેમજ પોલિટેકનિક સંસ્થાઓ વધુ મજબૂત બનાવવામાં આવી છે. એક ભારત શ્રેષ્ઠ ભારતના વિઝન સાથે અમે શિક્ષણને માત્ર ડીગ્રી સુધી મર્યાદિત ન રાખી કૌશલ્ય, સંસ્કાર અને સંશોધન તરફ આગળ ધપાવી રહ્યા છીએ. ગુજરાત આજે દેશનું શિક્ષણ હબ બની રહ્યું છે. વિદેશી યુનિવર્સિટીઓ સાથે સહયોગ, રિસર્ચ પાર્ક અને સ્ટાર્ટ–અપ ઇકો સિસ્ટમ દ્વારા યુવાનોને વૈશ્વિક તકો આપવામાં આવી રહી છે. અમારું લક્ષ છે દરેક બાળક સુધી ગુણવત્તાસભર શિક્ષણ, દરેક યુવાન સુધી ડિજિટલ સશક્તિકરણ અને દરેક વિદ્યાર્થી માટે રોજગારની ક્ષમતા ઊભી કરવી છે. જેના માટે આ સરકાર વધુ મજબૂતાઇથી કામ કરવા અડીખમ છે. નમોલક્ષ્મી યોજના એ કિશોરીઓને શિક્ષણ સાથે પોષણ અને સશક્તિકરણનો લાભ મળે એ હેતુથી આ યોજના હેઠળ ધોરણ–૯થી ૧૨ સુધી અભ્યાસ કરતી પાત્રતા ધરાવતી કિશોરીઓને રૂપિયા ૫૦ હજાર સુધીની સહાય આપવામાં આવે છે. એનું પરિણામ એ આવ્યું કે અત્યાર સુધીમાં ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને તેનો લાભ મળ્યો છે. એક વર્ષમાં ૬૨ હજાર ૫૭ જેટલા વિદ્યાર્થીઓનો વધારો થયો છે. જ્યારે ઝીરો હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ ૯૨,૪૯૧ હતા એમાં ઘટાડો થઇ ૪૭,૩૫૮ થયા છે. નામાંકનમાં કુલ પ્રવેશ ૧૩ લાખ ૨૯ હજાર ૭૬૨ થી વધીને ૧૩ લાખ ૯૧ હજાર ૩૦૮ એટલે કે ૬૧,૫૪૬ વધીને ૪.૬૩ ટકા વધારો નોંધાયો છે. એ આની સફળતા છે. નમો સરસ્વતિ વિજ્ઞાન સાધના યોજના હેઠળ ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહરૂપે રૂપિયા ૨૫ હજાર સહાય આપવામાં આવે છે. આ યોજના થકી અત્યાર સુધીમાં ૧.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ મેળવ્યો છે. ૮૧થી ૯૯ ટકા હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ ૧૯,૩૨૪ માંથી વધીને ૯૩,૫૩૩ થયા છે અને ૧૦૦ ટકા હાજરી પહેલીવાર નોંધાયેલ છે. આ બન્ને યોજનાઓના આંકડાઓ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે શાળાઓમાં હાજરી વધી રહી છે. ડ્રોપ આઉટ ઘટી રહ્યો છે અને ઉચ્ચ શિક્ષણ તરફ વિદ્યાર્થીઓનું વલણ મજબૂત બની રહ્યું છે. વિદ્યાર્થીઓને સ્ટાર્ટ–અપ માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ–અપ એન્ડ ઇનોવેશન પોલિસી ૨.૦ હેઠળ ૪૯૪૮ ગ્રુપ ઓફ કન્સેન્ટ, ૨૨૮૨ આઇ.પી. ફાઇલિંગ, ૮૨૮ સ્ટાર્ટ–અપને સપોર્ટ આપવામાં આવ્યો છે. એક વખત માતા પોતાના બાળકને કહેતી કે બેટા સરકારી નોકરી કરજે. આજે એ માતા કહે છે કે બેટા સ્ટાર્ટ–અપ કરજે. જોબ સીકર નહીં પણ જોબ ગીવર તરીકે આજના યુવાનો આગળ વધી રહ્યા છે. આ પરિવર્તન છે વિચારધારાનું, આ પરિવર્તન છે વિશ્વાસનું, આ પરિવર્તન છે વિઝનનું જે આ સરકારમાં સાકાર થઇ રહ્યું છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા ગુજરાત રાજ્યમાં ખેલ મહાકુંભ યોજનાનો પ્રારંભ કરવામાં આવેલ. જેમાં નાની ઉમરથી ગુજરાતનું યુવાધન રમત–ગમત પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉજ્જ્વળ પ્રદાન કરી શકે તે અંગે દૂરંદેશી સેવવામાં આવેલી. જેના પરિણામે આજે ખેલ મહાકુંભ ખૂબ જ સફળ સાબિત થયેલ છે અને આગામી કોમનવેલ્થ ગેમ્સની યજમાની આપણા અમદાવાદ શહેરને મળી રહી છે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર પ્રગટ કરું છું અને રાજ્યમાં અતિ આધુનિક સ્ટેડિયમ, ઇનડોર કોમ્પ્લેક્ષ, સ્પોર્ટસ હોસ્ટેલના નિર્માણની પ્રક્રિયા તેજ ગતિએ ચાલુ છે, તેમજ શાળા–કોલેજ સ્તરે ખેલ પ્રતિભા શોધ કાર્યક્રમ અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ખાસ તાલીમ કેમ્પ યોજવામાં આવે છે. **''પહેલું સુખ તે જાતે નર્યા''** વ્યક્તિ તંદુરસ્ત હશે તો સમાજ તંદુરસ્ત બનશે અને સમાજ તંદુરસ્ત હશે તો રાષ્ટ્ર તંદુરસ્ત હશે. આ ભાવના સાથે રાજ્યના આરોગ્યની વાત હોય આ સરકાર, **"सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामया। सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् दुःखभाग् भवेत्।"** ના મંત્રને સાચા અર્થમાં સાકાર કરી રહી છે. ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓ જન જન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. ડિસેમ્બર–૨૦૨૫ સુધીમાં ઓ.પી.ડી. એને આઇ.પી.ડી. મારફતે આશરે ૯ કરોડ ૫૦ લાખ કેસોમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે. ૧૩ લાખથી વધુ મોટી અને નાની સર્જરીઓ, ૬ કરોડ ૨૫ લાખથી વધુ લેબોરેટરીઓના પરીક્ષણો અને ૨ કરોડ ૯૬ લાખથી વધુ લોકોનું બિનચેપી રોગો માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. લગભગ ૯ લાખ ૬૩ હજાર ગર્ભવતી મહિલાઓ અને ૯ લાખ ૪૧ હજાર બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. આ સરકારની આરોગ્ય ક્ષેત્રે પ્રતિબદ્ધતા દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ મજબૂત બનાવવા માટે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨૨ ટેલિમેડિસિન હબ મારફતે ૧ કરોડ ૨૪ લાખથી વધુ કન્સલટન્ટ કરવામાં આવ્યા છે. આયુષ્યમાન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨ કરોડ ૭૦ લાખથી વધુ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યાં છે. તેમજ રૂ.૩૨૭૩ કરોડથી વધુના દાવાઓને મંજૂર કરવામાં આવ્યાં છે. નમોશ્રી યોજના અંતર્ગત માતા મૃત્યુ દર અને શિશુ મૃત્યુ દર ઘટાડવાના હેતુથી ડી.બી.ટી. મારફતે પાત્રતા ધરાવતી ૭ લાખ ૫૦ હજારથી વધુ મહિલાઓને રૂ.૪૫૦૦ કરોડ જેટલી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં હું એટલું જ કહીશ કે માનનીય રાજ્યપાલશ્રીનું સંબોધન એ આવતી પેઢીનો રોડમેપ છે. અમે વાતો કરતા નથી. અમે કામ કરીએ છીએ. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી

સાહેબ અને રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં રાજ્યના વિકાસને વધુ આગળ વધારીશું. ચાલો આપણે સૌ સાથે મળીને વિકાસના માર્ગને વધુ મજબૂત બનાવીએ અને ગુજરાતને નવી ઊંચાઇએ પહોંચાડવા સૌ સાથે મળીને સંકલ્પ લઇએ. આપ સૌ જનતાના પ્રતિનિધિ તરીકે આપના માધ્યમથી હું બધા જ પ્રતિનિધિઓને કહેવા માગુ છું કે આ ગૃહમાં રચનાત્મક ચર્ચા દ્વારા રાજ્યના હિતમાં યોગદાન આપશો એવી આપ સૌ પાસે હું અપેક્ષા રાખું છું. હું પૂરા વિશ્વાસ સાથે માનનીય રાજ્યપાલશ્રીના સંબોધનનું સમર્થન કરું છું. અંતમાં એટલું જ કહીશ કે –

''સપનાઓને સંકલ્પમાં ફેરવવાનો સમય આવ્યો છે,
ગુજરાતને વિશ્વમંચ પર વધુ ઉંચાઇએ લઇ જવાનો સમય આવ્યો છે,
જે અટકાવવા બેઠા છે તેમને બેઠા રહેવા દો,
અમે રાજ્યને આગળ વધારવાનો સંકલ્પ લીધો છે,
અમને આગળ વધવા દો, અમને આગળ વધવા દો. ''

(વિરામ :બપોરના ૨–૨૪ થી ૩–૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

બિન સરકારી કામકાજ

બિન–સરકારી વિધેયકો

દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો

સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક

શ્રી ઈમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય સભ્યશ્રી ગેરહાજર

સન ૨૦૨૫ નું ગુજરાત વિધેયક

ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક, ૨૦૨૫

માતાપિતા, પત્ની અને બાળકો માટે અને તે સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસ્ક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૫નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સર્વાનુમતે સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૫નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૨૪ નું ગુજરાત વિધેયક

ગુજરાત લગ્ન–નોંધણી (સુધારા) વિધેયક, ૨૦૨૪

ગુજરાત લગ્ન–નોંધણી અધિનિયમ, ૨૦૨૪ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૪નું ગુજરાત લગ્ન–નોંધણી (સુધારા) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સર્વાનુમતે સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૪નું ગુજરાત લગ્ન–નોંધણી (સુધારા) વિધેયક દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

માઘ ૩૦, ૧૯૪૭ શાકે

ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૨૫

પહેલાં, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક

ગુજરાત સર્વ ધર્મ શ્રદ્ધા, પ્રતીક અને સદભાવ સંરક્ષક વિધેયક, ૨૦૨૫

રાજયમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને સમાજના જુદા–જુદા વર્ગોમાં શાંતિ અને સુમેળનું રક્ષણ કરવા અને તેની અભિવૃદ્ધિ કરવા બાબત વિધેયક

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, "यतो धर्म ततो जयः।" હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૫નું ગુજરાત સર્વ ધર્મ શ્રદ્ધા, પ્રતીક અને સદભાવ સંરક્ષક વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સર્વાનુમતે સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૫નું ગુજરાત સર્વ ધર્મ શ્રદ્ધા, પ્રતીક અને સદભાવ સંરક્ષક વિધેયક દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો

સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક – ૧૩

ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૨૫

કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેની માળખાકીય રચનાને સહાયરૂપ થવા ફંડ ઊભું કરવા માટેનું અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક

ડૉ. હસમુખ પટેલ(અમરાઈવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, [*] રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૫નું ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

ડૉ. હસમુખ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોના ફંડ બાબતની આ વાત છે. એમાં હું ડ્રગ્સની વાત કરીશ તો ઘણા સાથી સભ્યોના હાથ ઊંચા થઈ જશે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલ સરકાર ડ્રગ પીડિતની કેવી રીતે સંવેદનશીલતાથી અને સારી રીતે સારવાર કરે છે અને સાર–સંભાળ રાખે છે એની હું વાત કરું છું. ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ઘણી બધી માળખાકીય સુવિધાઓ છે. એમાં છ સરકારી મેડિકલ કૉલેજો છે. ૧૩ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કૉલેજો છે. ૪ માનસિક આરોગ્યની હોસ્પિટલ છે અને ૪ જિલ્લા જનરલ હોસ્પિટલ છે. આ તમામ હોસ્પિટલ નશાકારક પદાર્થોના સેવનથી પીડિત લોકોની સાર–સંભાળ માટે છે. એમાં ત્યાં દાખલ થઈને સાર–સંભાળ લેવી એવું નથી પણ જુદા–જુદા વિષયના નિષ્ણાત લોકો આ દરેક જગ્યાએ સેવા આપતા હોય છે. એમાં ફિઝિશિયન હોય છે. ઇ એન ટી સ્પેશ્યાલિસ્ટ હોય છે. જનરલ સર્જન હોય છે. ડેન્ટલ સર્જન હોય છે. સાયક્રિયાટીસ્ટ હોય છે. સાયકૉલોજિસ્ટ પણ હોય છે અને કાઉન્સિલરની પણ સગવડતા કરેલી છે. એમના માર્ગદર્શન નીચે ડ્રગ્સ ડિટૉક્સિફિકેશનની દવાઓ કેવી રીતે આપવી અને એની કેવી અસર થવી એનું ધ્યાન રાખવામાં આવતું હોય છે. સાથે–સાથે ડ્રગ એડિક્ટેડ વ્યક્તિઓના વિડ્રોઅલ સીમટમ્સ આવતા હોય છે. એમાં શું સાવચેતી રાખવી એને અનુલક્ષીને સારું એવું માર્ગદર્શન આપવામાં આવે છે. વ્યસનથી દૂર રહેવા માટે ૫૦ પ્રકારની દવાઓ હોય છે. એ વિનામૂલ્યે આપવામાં આવે છે. વ્યસનમાંથી મુક્ત થયેલા લોકો સેલ્ફ ગ્રુપ બનાવે છે અને એ લોકો પીડિત લોકોને કેવી રીતે એમાંથી બહાર લાવવા એની પણ કાળજી રાખતા હોય છે. આવા કુલ ૨૨ વ્યસનમુક્તિ કેન્દ્રો કાર્યરત છે. જેમાં આરોગ્ય વિભાગ નહિ પરંતુ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા ૧૦૦ ટકા અનુદાન મેળવતાં ક્ષેત્રો હોય છે. રાજ્યમાં ભારત સરકાર દ્વારા એઇમ્સ (દિલ્હી)ના માર્ગદર્શન હેઠળ ૧૦૦ અનુદાન મળતું હોય એવી વ્યસન મુક્તિની પુનર્વસનની સેવાઓ અમલમાં છે. એમાં ડ્રગ ડિમાન્ડ રિડક્શન કરવા માટે ૩.૨.૫૩ કરોડ ફાળવેલા છે. ડ્રગ્સ ફ્રી એડિક્શન પ્રોગ્રામ માટે ૬ કેન્દ્રોને મંજૂરી આપવામાં આવેલી છે. એમાં ૧ કેન્દ્ર આઇ.પી.ડી. સેવાઓ આપે છે. બાકીના ૫ કેન્દ્રો એવા છે કે જે ઓ.પી.ડી. સેવાઓ આપે. સાથે રાષ્ટ્રીય એઇડ્સ કંટ્રોલ કાર્યક્રમ હેઠળ કેન્સર પીડિત લોકોને ઓપીઓઇડ દવાઓ આપવામાં આવતી હોય છે એનું એડિક્શન થતું હોય છે. એમાંથી બહાર આવવાની સગવડતા પણ આમાં હોય છે. રાજ્ય સરકારના નશાબંધી અને આબકારી વિભાગ કુલ ૮૩ નશાબંધી સંસ્કાર કેન્દ્ર કાર્યરત છે. નશાબંધીની સાથે–સાથે કેવી રીતે સામાન્ય પ્રવાહમાં જીવવું એનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. સ્થાનિક રજિસ્ટર મંડળોને પણ રાજ્ય સરકાર તરફથી અનુદાન મળતું હોય છે. પૂજ્ય રવિશંકર મહારાજના નશાબંધી સારવાર કેન્દ્રો ચાલે છે એ પણ સારી રીતે

[*] વિધેયક તા.૨૦મી માર્ચ, ૨૦૨૫ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કામ કરી રહ્યા હોય છે. આ કેન્દ્રો સારવાર તો કરે છે દર્દી પણ દવાથી સારો થઇ જાય તેના પછી તેનામાં વિડ્રૉલ સીમટમ્સ ડેવલપ થતા હોય છે. જે ઘણી વખત કહી શકાતા ન હોય તેવા પણ સીમટમ્સ હોય છે. તેના માટે ગુજરાત સરકારે જુદા જુદા શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો કરેલા છે. તેને અનુલક્ષીને આ બધા મેટ્રોપોલિટન સિટીની સાથે સાથે રીમોટ એરિયામાં પણ કાર્યરત છે. તેમાં વકતૃત્વ, નિબંધ, ચિત્ર, રમતગમત જેવી જુદી જુદી સ્પર્ધાઓના શૈક્ષણિક કાર્યક્રમો યોજવામાં આવે છે. આ માહોલથી ડ્રગ એડિક્ટને જે વિડ્રૉલ સિમ્ટમ્સ આવેલા હોય તે તેના મગજ ઉપર હાવિ ન થાય અને ધીમે ધીમે તે સામાન્ય પ્રવાહમાં ભળવા લાગે. હાસ્ય અને મનોરંજનના નાટકો, શેરી નાટકો, મહેંદી હરીફાઇ, ગરબા હરીફાઇ, લોકગીતો, ફિલ્મી શો, દેશભક્તિના ગીતો, ભજનો વગેરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવે છે. જેના દ્વારા એ લોકોને સામાન્ય પ્રવાહમાં ભેળવવામાં આવે છે અને રાજ્ય સરકારના ખાતાઓ દ્વારા હાઇવે ઉપર જુદા જુદા હૉર્ડિંગ્સ લગાવેલા હોય છે. પ્રચારના જુદા જુદા બૉર્ડ લગાવેલા હોય છે. એસ.ટી. બસની પાછળ પણ નશામુક્તિ માટેના બૉર્ડ લગાવેલા હોય છે. જુદા જુદા પ્રચારનાં બેનરો, ભીંતચિત્રો જેવા પ્રયોગો કરવાથી આવી નાની વસ્તુઓની અસર બહુ મોટી આવે છે. આ ઉપરાંત વર્તમાનપત્રમાં પણ જાહેરાત આવતી હોય છે. સિનેમામાં પણ નશાબંધીની અમુક ફિલ્મો બનાવવામાં આવતી હોય છે. તેની સાથે યુવા પેઢીને વિદ્યાર્થી સંમેલન, લોક સંમેલન, યુવા સંમેલન, મહિલા સંમેલન કરીને તેમાં નશાબંધી કેવી રીતે કરવી અથવા ડ્રગ્સ એડિક્ટને કેવી રીતે આમાંથી છૂટવું અને છૂટીને બહાર આવીને કેવી રીતે લોકપ્રવાહમાં ભળવું તેને અનુલક્ષીને કામ કરવામાં આવે છે. આવા જુદા જુદા કાર્યક્રમો કરવામાં આવે છે. એક તો પહેલાં મેડિસિન ટ્રીટમેન્ટ આપીએ પછી વિડ્રૉઅલ સિમ્ટમ્સ માટે આ બધી જુદી જુદી સંસ્થાઓ દ્વારા પ્લાનિંગ કરીને દર વર્ષે ૩૧,૦૦૦ વધારે નશાકારક પદાર્થના સેવન કરતાં દર્દીઓ ઓ.પી.ડી. સારવાર લે છે. તેમાંથી એવરેજ ૧,૮૦૦ જેટલા દર્દી દાખલ થયેલા હોય છે. જેમાં ૬,૦૦૦ કરતાં વધારે દર્દીઓ સંપૂર્ણ વ્યસન મુક્ત થઇ જતાં હોય છે. ૮ હજારથી વધારે હોય તે છ મહિના સુધી રહેતા હોય છે. આ છ મહિના સુધી જે રહેતા હોય છે તેના માટે ઉપર્યુક્ત પ્રોગામ અસરકર્તા હોય છે. આમ, આ સંસ્થાઓ સંવેદનશીલ રીતે કામ કરતી હોય છે. તેને અનુલક્ષીને હું કહું છું કે માળખાકીય સુવિધાઓ ડેવલપ કરીને આપણે તેને આગળ વધારીએ. જે ફંડ અત્યારે વર્ષ ૨૦૨૫માં ફાળવેલું છે તે ફંડના આયોજન માટે કેવી રીતે પ્લાનિંગ કરવું તેની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ અમદાવાદ કેન્સર હોસ્પિટલ દેશ વિદેશમાં જાણીતી છે. ઘણા વર્ષોના પ્રયાસ પછી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૦થી આંકડા જોશો તો ગ્રેજ્યુઅલી વસતિ વધારો થયો છે. તેની સાથે સાથે સમગ્ર વિશ્વમાં પણ આ કેન્સરના કેસો વધતા ગયા છે છતાં માળખાગત સુવિધાઓ અને લેટેસ્ટ પદ્ધતિની સારવારના કારણે સારું એવું કન્ટ્રોલમાં લાવી શક્યા છીએ. ભારત સરકાર દ્વારા મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન અંતર્ગત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ રેન્કિંગ ફ્રેમ વર્કમાં ગુજરાત કેન્સર અને રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ૧થી ૫૦મા નંબર પર આવે છે. આવા જુદા જુદા ઘણા બધા એવોર્ડ મળેલા છે. વર્ષ ૨૦૨૦થી કમ્પેર કરીએ તો ૬૯,૬૬૦ કેસ હતા તે દર વર્ષે હજાર બે હજાર વધીને ૭૭,૨૦૫ થયા. આ બાબતમાં માળખાકીય સુવિધાઓનું કેવી રીતે પ્લાનિંગ થાય અને આપણે કેવી રીતે આગળ વધીને અત્યાર સુધી સફળ રહ્યા છીએ તેનાથી પણ વધારે આગળ જઇ શકીએ તેના માટેના પ્લાનિંગ વધારવા માટે આ વિધેયક લાવવાની જરૂર છે.

ડૉ. પાયલ મ. કુકરાની(નરોડા) : माननीय अध्यक्षश्री, साथी धारासभ्य, माननीय हसमुख पटेल 'Gujarat State Cancer and Drug Addiction Treatment Infrastructure Fund Bill' लेकर आए हैं। उस पर मैं अपना विचार रखना चाहूंगी।

माननीय अध्यक्षश्री, इस बील का जो central thought है वो ये है कि, इस प्रकार का एक infrastructure fund mantain किया जाय जो केन्सर की treatment के साथ-ही-साथ जो Drug Rehabilitation Centre है उस में, exclusively वो फोकस करे। माननीय अध्यक्ष श्री, तो प्रश्न उठता है की ये बिल की आवश्यकता अभी और क्यों है। इसे समझने के लिए मैं आपको World Health History के बारे में कुछ बातें बताना चाहूंगी। किस तरह से Under-developed, Developing और Developed Countries में जो health problem हैं वो समय के दौरान चेंज हुए हैं। आज से लगभग 200 साल पहले जब पूरा विश्व under-developed था तब मुख्य तौर पर जो आरोग्य की समस्याएं थी वो Infectious Dieseas (चेपी रोग) , जिस को Communicable Diseases बोलते हैं। जैसे शीतला माता, Small Pox, Anthrax, Plague जैसी समस्याएं थी। उस समय सामान्य ताव आने पर भी लाखों लोगों की जान चली जाती थी। ये मैं बात कर रही हूं आज से 200 साल पहले की।

माननीय अध्यक्षश्री, उस के बाद आती है 19वीं सदी। जिसको Industrial Revolution भी कहा जाता है। इस Industrial Revolution के दौरान लोगों की Standard of living अच्छी होने लगती है। इसी revolution ने हमें Vaccine और Antibiotics दीं। अब इस vaccine और antibiotics की वजह से ही जो उस समय की infectious बिमारीयां थीं, जो चेपी रोग थे, जो उस समय पर main deadly साबित होते थे, वो sideline हो चूके थे। और पूरे विश्वभर में लगभग ऐसा समजा गया था कि, ये vaccine और antibiotics आने के बाद लगभग हेल्थ समस्या का निराकरण आ चुका है।

तभी वर्ल्ड हेल्थ के दुसरे stage में enter होता है। जब श्रम का स्थान मशीनों ने लिया, शहेरीकरण हुआ। प्रोसेस्ड फूड, पेकेज्ड फूड मिलने लगे। इसी की वजह से बीपी, डायाबीटीस, हृदय रोग, किडनी रोग जैसी जो समस्याएं हैं वो मुख्य समस्याएं बनने लगीं। जो भी देश developing हैं, उन में ये सारी जो non-communicable बीमारियां हैं, जैसे डायाबिटीस, बीपी, वो इन सब developing देशों में दिखाई देने लगीं। जब की जो विकसित देश हैं, जो developed देश हैं वहां इन बीमारियों के उपर research किया गया। और जैसे-जैसे साइन्स आगे बढा, नई –नई दवाईयां बनाई गईं। रिसर्च के हिसाब से ही ये बात सामने आई कि ये सारी जो बीमारियां हैं वो lifestyle related बिमारियां हैं। इस के प्रति awareness भी फैलाई गई। एक preventive medicine का एक फील्ड खुला। Preventive medicine यानी की जो रोग होने के पहले ही उसे prevent किया जाए। वैसे ही ये विकसित देशों में, यानी की जो non-communicable बिमारियां थी, इस में मुख्य समस्या आरोग्य की नहीं रही। जब की जो विकसित देश हैं उस में जो आरोग्य की समस्या थी तो वो है केन्सर और मेंटल हेल्थ।

माननीय अध्यक्षश्री, आज लगभग, हर एक विकसित देश इसी के उपर काम कर रहा है। इसी के उपर रिसर्च कर रहा है। और उनका जो ज्यादातर फंड है वो भी इस के रिसर्च में, development में, और जो पेशन्ट के rehabilitation पर दिया जा रहा है। इस से हमें पता चलता है की कोई भी देश development के कौन से स्टेज पर है। उस के मुताबिक उसके health problems change होते रहते हैं।

माननीय अध्यक्षश्री, आज जब हमारे आदरणीय प्रधान मंत्री श्री नरेन्द्र मोदी जी के नेतृत्त्व में विकसित भारत का संकल्प लिए हुए हैं और उसके और प्रयाण कर चुके हैं। और बडी ही तेजी से, मजबुती से आगे बढ रहे हैं हमें ये विषय़ याद रखने की जरूरत है कि, पूरे विश्व में जब एक पेटर्न के रूप में हुआ । वैसे ही एक विकसित देश होने के बाद हमारे सामने आगे भविष्य में ये ही समस्याएं आनेवाली हैं। जो हैं कैंसर और मेन्टल हेल्थ।

माननीय अध्यक्षश्री, ये जो फंड बनाया जा रहा है, वो विकसित भारत में आनेवाली समस्याओं के खिलाफ अभी से तैयारी करने का बिल है। ये बिल दखा रहा है कि, हमारी सोच developing से developed की ओर जा रही है। इसी developed सोच की आगेवानी अगर पूरे भारत में कोई राज्य कर सकता है तो वह गुजरात है। इस लिए ये भविष्यदर्शी बिल लाने के लिए मैं आप सब का धन्यवाद करती हूं।

ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૨૫

मुझे बोलने का मौका दिया उसके लिए भी धन्यवाद करती हूं।

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગ્સના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટે માળખાકીય ફંડ બાબત વિધેયક સન–૨૦૨૫ લઇને આવ્યા છે. બિલ લાવવા માટેનો સદસ્યશ્રીનો આશય ખૂબ સારો છે. તેમનો સેવાનો હેતુ છે. તેઓશ્રી પોતે ડોકટર છે. એમના મનમાં આવા અનેક પ્રશ્નો અને સેવાની ભાવના ઉદભવી હોય એટલે આ બિલ લાવ્યા છે. ભારત મેડિકલ ક્ષેત્રે ખૂબ સારી સવલત અને સેવા આપવા જઇ રહ્યું છે અને આપી રહ્યું છે ત્યારે દેશમાં મેડિકલ ટુરિઝમ અન્ય વિકસિત દેશોની સરખામણીએ ખૂબ સારા ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સાથે સેવા આપી રહ્યું છે. રાજ્યમાં કેન્સરના રોગની સારવાર માટે ગુજરાતમાં કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટની અમદાવાદમાં સ્થાપના થઇ છે. આ હોસ્પિટલ ખાતે સમગ્ર ગુજરાત તેમજ પાડોશી રાજ્યો જેવા કે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી પણ કેન્સરના દર્દીઓ અહીંયા સારવાર લેવા માટે આવે છે. દરવર્ષે ૭૩૦૦૦થી વધુ કેન્સરના દર્દીઓની નોંધણી થઇ રહી છે. વર્ષ ૨૦૨૫માં ૨૬૮૧૨ કેન્સરના દર્દીઓને સારવાર આપવામાં આવી છે. કેન્સર રોગની મુખ્યત્વે ત્રણ પદ્ધતિથી સારવાર અપાય છેઃ સર્જરી, કીમોથેરાપી અને રેડિયોથેરાપી શેક. આખી બોડીમાં સ્કેન કરી ઇન્ફેકશન અથવા કેન્સર કયાં છે, એ અન્ય જગ્યાએ છે કે નહીં તે શોધી કાઢવા માટે હમણાં જ સિવિલમાં પેટ સ્કેનનું નવું મશીન મૂકવામાં આવ્યું છે. ગુજરાતમાં આ ટેકનોલોજી સાથે કેન્સરના દર્દીઓને સેવા આપવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૫માં કિમોથેરાપીના ૫૦,૦૦૦થી વધુ દર્દીઓની સારવાર, સર્જરીના ૧૭૦૦૦થી વધુ દર્દીઓની સારવાર અને રેડિયોથેરાપીના ૫૮૦૦થી વધુ દર્દીઓની સારવાર કરવામાં આવી છે. આપણી પાસે ઓપરેશન થિયેટરની કુલ સંખ્યા ૧૯ છે તેમજ આઇ.સી.યુ. બેડની સંખ્યામાં વધારો કરીને ૪૮ કરી દેવામાં આવી છે. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ વિભાગમાં પથારીની સંખ્યા ૪ હતી જે ૧૧ કરી દેવામાં આવી છે. સ્ટેટ કેન્સર ઇન્સ્ટિટ્યૂટ તરીકેનો દરજ્જો ધરાવનાર બિલ્ડિંગ ૧–એ, ૩ અને ૧ બિલ્ડિંગનું બાંધકામ સંપૂર્ણપણે થઇ ગયેલ છે. નવા મકાનમાં ૬૫૦ દર્દીઓની કેપેસિટી છે જ્યારે હવે વધીને ૧૦૦૦ દર્દીઓનો સમાવેશ થઇ શકશે. રાજકોટ, ભાવનગર અને સિદ્ધપુર ખાતે ત્રણ સેટેલાઇટ સેન્ટર કાર્યરત છે જેમાં વર્ષ ૨૦૨૫માં ભાવનગર ખાતે કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટયૂટમાં કુલ ૧૨૭૯ દર્દીઓની નોંધણી થઇ હતી, રાજકોટ ખાતે ૧૭૩૬ દર્દીઓની નોંધણી થઇ હતી અને સિદ્ધપુર ખાતે ૯૦૫ કેન્સરના દર્દીઓની નોંધણી કરવામાં આવી હતી. ઉક્ત સેન્ટરમાં વર્ષ ૨૦૨૫માં કિમોથેરાપીના કુલ ૧૦૦૦૦થી વધુ, સર્જરીના કુલ ૯૦૦થી વધુ અને રેડિયોથેરાપીના કુલ ૧૬૦૦થી વધુ દર્દીઓને સારવાર આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા નવા ૪ રેડિયોથેરાપી સેન્ટર સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્સરની સારવાર માટે પૂરતી વ્યવસ્થા છે. સિવિલ હોસ્પિટલમાં આ બધી જ બાબતો કાર્યરત છે. અન્ય પ્રાઇવેટ હોસ્પિટલમાં આ સારવાર લેવા માટે જાય ત્યારે આયુષ્યમાન ભારત કાર્ડ દ્વારા વિનામૂલ્યે સારવાર પ્રાપ્ત થાય છે. ડ્રગ્સ વ્યસનની પીડિતની સારવાર સરકારી મેડિકલ કૉલેજો, તબીબી સારવાર માટે માનસિક સ્વાસ્થ્ય હૉસ્પિટલો અને વ્યસન મુક્તિ માટે એડિક્શન હૉલ ઉપલબ્ધ છે. તમામ સરકારી મેડિકલ કોલેજો જેમાં, જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કૉલેજો ૧૩, જિલ્લા હોસ્પિટલ ૧૭, કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલ ૩ અને મનોરોગી વિભાગ દ્વારા આઇ.પી.ડી. અને ઓ.પી.ડી. બેઝથી એડિક્શનની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. તેમાં ૧૩૩૪૭ દર્દીઓને ચાલુ વર્ષમાં લાભ મળ્યો છે. આ ઉપરાંત, રાજ્યના વિવિધ વિભાગો દ્વારા સિવિલથી લઇને અન્ય હોસ્પિટલમાં અવારનવાર ખાણીપીણી અને રહેણીકરણી અંગેની માહિતી જાગૃતતા માટે આપવામાં આવે છે. રાજયની સર ટી. સરકારી મેડિકલ કોલેજ, ૧૩ મેડિકલ કોલેજ, ૧૬ જિલ્લા હોસ્પિટલ, ૪ માનસિક આરોગ્ય હોસ્પિટલ ખાતે સુવિધા ઉપલબ્ધ છે. નવા ૧૭ ડી–એડિકશન સેન્ટર શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આમ, કેન્સર રોગથી અને ડ્રગ્સ વ્યસનથી પીડિત સારવાર માટે સમસ્યાઓને નિયંત્રણમાં લેવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે તે માટે રાજય સરકાર તરફથી ફંડની જોગવાઇ કરવામાં આવેલ હોવાથી અલગ ફંડની સ્થાપના કરવા માટે ઉકત કાયદો લાવવાની જરૂરિયાત જણાતી ન હોઇ વિધેયક પરત લેવા માટે હું માનનીય ધારાસભ્યશ્રીને વિનંતી કરું છું.

ડૉ. હસમુખ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડ્રગ્સ અને કેન્સરના ફંડ વિશેની જે વાત થઇ તેની અંદર જે સૂર પૂરાવ્યો તેમાં સભ્યશ્રી પાયલબેન કુકરાનીએ માહિતી આપી અને સાથે સાથે માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા સાહેબે જે માહિતી આપી તેને અનુલક્ષીને એવો કોઇ હેવોક જણાતો નથી અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર આના માટે કટિબદ્ધ છે તો હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૩ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ડૉ. હસમુખ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૩ પાછું ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : **સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૩ પાછું ખેંચવામાં આવે છે.**

સન–૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૪–સન–૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય સભ્યશ્રી ગેરહાજર

માઘ ૩૦, ૧૯૪૭ શાકે

ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક, ૨૦૨૫

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૧

ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક,૨૦૨૫

રાજ્યના અગ્રણી રમતવીરોને સહાય અને પ્રોત્સાહન પૂરું પાડવા તેમજ તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક

હાર્દિક ભ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૧, સન–૨૦૨૫નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર રમત ગમત સંકુલ ખાતે પેરા ખેલાડીઓને વિવિધ રમતો રમવા માટે પ્લેટફોર્મ મળી રહે તેવા ઉમદા વિચાર સાથે રાજ્ય સરકાર દ્વારા ભારતનું સૌપ્રથમ પેરા હાઇ પર્ફોર્મન્સ સેન્ટર મંજૂર કરવામાં આવેલ જેના નિર્માણની કામગીરી હાલ પ્રગતિમાં છે જે આગામી જૂન–૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ પેરા હાઇ પર્ફોર્મન્સ સેન્ટરના નિર્માણ થકી બેડમિન્ટન, ટેબલ ટેનિસ, સીટીંગ વોલીબોલ, વ્હીલચેર બાસ્કેટ બોલ, જુડો, પેરા પાવર લિફ્ટિંગ, સ્વિમિંગ પુલ, વ્હીલચેર રગ્બી, બોસીકા, ગોલબોલ અને પેરા ડાન્સ સ્પોર્ટસ જેવી રમતો રમવા માટે ફેસિલિટીનો સમાવેશ કરવાનું આયોજન છે તથા વધુમાં પેરા ખેલાડીઓની ફિટનેસ તથા મેડિકલ સુવિધા સાથે વિકસાવવાનો સમાવેશ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નારણપુરા, અમદાવાદ ખાતે અત્યાધુનિક રમત સંકુલ ૨૦ એકરમાં આશરે ૮૦૦ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં ઇનડોર એકવેટિક સ્ટેડિયમ, સેન્ટર ઓફ એકસેલન્સ બિલ્ડિંગમાં વિવિધ ઇનડોર રમતો રમવા માટે મલ્ટીપર્પઝ હોલ, વુશુ, ઇનડોર મલ્ટી સ્પોર્ટસ અરેનામા બેડમિન્ટન, બાસ્કેટબોલ કોર્ટ, વોલીબોલ કોર્ટ, જિમ્નાસ્ટીક, ટેકવોનડો કબડ્ડી, કુસ્તી, ટેબલ ટેનિસ તથા કોમ્યુનિટી સ્પોર્ટસ બિલ્ડિંગમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ઇનડોર શુટિંગ રેંજ તથા ડિજિટલ ગેમ્સનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં આઉટડોર ગ્રાઉન્ડ જેવા કે ટેનિસ કોર્ટ, બાસ્કેટબોલ, કબડ્ડી તથા ખો–ખોના ગ્રાઉન્ડ પણ વિકસાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ રાજ્યની ભાજપ સરકાર દ્વારા અને રાજ્યના રમતગમત મંત્રી અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી માનનીય હર્ષભાઇ સંઘવી દ્વારા પણ રમતગમતને વિશેષ પ્રોત્સાહન આપવા માટેનો સતત પ્રયાસ થતો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ૩૩ જિલ્લા પૈકી ૨૧ જિલ્લામાં ૨૩ જિલ્લા રમત સંકુલ કાર્યરત છે તથા આગામી સમયમાં મે ૨૦૨૬ સુધીમાં બીજા ૧૩ જિલ્લા રમત સંકુલના સમાવેશ સહિત ૩૬ જિલ્લા રમત સંકુલ ખેલાડીઓને રમવા માટે તૈયાર થઇ જશે જેમાં ઇનડોર રમતો જેવી કે બેડમિન્ટન, જૂડો, કરાટે, ટેબલ ટેનિસ, યોગા તથા જિમ્નેશિયમ માટે મલ્ટીપર્પઝ હોલ તથા આઉટડોર રનિંગ ટ્રેક, ફૂટબોલ ગ્રાઉન્ડ, બાસ્કેટબોલ, વોલીબોલ, ખોખો ગ્રાઉન્ડ, કબડ્ડી ગ્રાઉન્ડ, ટેનિસ કોર્ટ વગેરેની સુવિધાઓ સહિત રમત સંકુલમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ રાજ્યભરમાં ખેલાડીઓને નિવાસ માટે વિવિધ રમત સંકુલમાં જરૂરિયાતને આધારે નિવાસ માટે નડીયાદ, પોરબંદર, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, ગાંધીનગર, નરોડા, દેવગઢ બારિયા, ગોધરા, ડાંગ, મહેસાણા, વડનગર, પાટણ, સાબરકાંઠા ખાતે હોસ્ટેલની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે તથા વ્યારા ખાતે હોસ્ટેલના નિર્માણની કામગીરી પૂર્ણતાના આરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક જિલ્લામાં એક તાલુકા રમત સંકુલ બનાવવાના આયોજન પૈકી હાલ રાજ્યમાં ૮ તાલુકામાં તાલુકા રમત સંકુલ કાર્યરત છે તથા આગામી છ માસમાં બીજા ૧૭ તાલુકામાં રમત સંકુલના નિર્માણની કામગીરી પૂર્ણ કરી ખેલાડીઓને રમવા માટે ખુલ્લા મૂકવામાં આવનાર છે. ઉક્ત રમતની સુવિધાઓના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ખૂબ ઝડપથી કામગીરી પૂર્ણ કરવા માટે કટિબદ્ધ છે. તેના માટે સરકાર દ્વારા બજેટમાં જોગવાઇ પણ કરાતી હોય છે ત્યારે ખેલ સુવિધાઓ ઊભી કરવાની આવી જબરજસ્ત કામગીરી સરકાર કરતી હોય ત્યારે રમતવીરો માટે સ્વાભાવિકપણે જ ઘણી બધી આનુષંગિક સેવાઓ મળી રહે છે. જ્યાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચ દ્વારા તેઓને પ્રશિક્ષણની સુવિધાઓ પણ ઉપલબ્ધ થાય છે. આમ, સદર બાબત મૂકેલ બિલની જોગવાઇઓ અંગે સરકાર દ્વારા અત્યારે પણ જોગવાઇ કરાયેલ છે. આથી આ બિલની આ તબક્કે કોઇ જરૂરિયાત જણાતી નથી. આથી હું મારું બિન સરકારી વિધેયક પાછુ ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી માગું છું.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા) : Hon'ble Speaker of the House, I rise today to speak in strong support of 'The Gujarat State Sportsmen Encouragement Bill', which has been brought forward by the Hon'ble Member of Legislative Assembly, Shri. Hardikbhai Patel. The Bill being presented during this Budget Session shall reflect the Government's longterm vision of building a healthy, disciplined and globally competitive youth force. Hon'ble Speaker, sports is no longer a merely a recreational activity in today's world. Sports is an engine of social development, employment generation, public health and international recognition. Nation

* વિધેયક તા.૨૦મી માર્ચ, ૨૦૨૫ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

that invests in sport, invests directly into the human capital. Hon'ble Speaker, the discipline of sports can be considered, Gujarat Youth Dividend. Gujarat being a young state with a large percent of its population below the age of 35. This youth dividend must be channelized constructively and the sports promotion act provides a policy framework to identify talent early, nurture it scientifically and provide structured pathways from school to elite performance. Hon'ble Speaker, this bill has rightly recognizes the sports is not an expense but an investment and the bill will yield longterm returns in terms of reducing healthcare cost, improving acedamic performance of the sports persons, build a disciplined routine that keeps the sports persons focused and leaves no room for harmful habits and addictions. It also enhances national and international sporting success. Hon'ble Speaker, this bill also favours infrastructure and grass root development which is one of the strongest features of this bill and it emphasis on grass root sports infrastructure. The Bill further proposes provisions for district level sports complex and upgradation of exsisting facilities, building more multifold academies and it also ensures the talents from rural and semi-urban Gujarat is not left behind. I would humbly suggest that budgetary prioritization should be given to underserved regions, ensuring equitable access to quality sports facilities across all districts of the states. Hon'ble Speaker, a strong governance is essential to ensure that funds reach the field and atleast reach the podium. Proper monetary outcome based funding and performance audit shall form the backbone of such an implementation. Hon'ble Speaker, the government also has put weight on the matter of athlete welfare and further incentives. I say no sport policy can succeed without putting the athlete at the center. The bill has provisions for scholarships and financial assistance, insurance and medical support, career transition programms for sports persons, recognition and incentives for medal winners. This shall sent a powerful message that Gujarat stands firmly behind its athletes not only during the playing years, but also beyond. Hon'ble Speaker, the government painstakingly efforts to align with the national vision of 'Khelo India, Fit India' and India's aspiration to emerge as a global sporting power. Gujarat has already demonstrated its capability by successfully hosting national and international sporting events and through this bill the state positions itself as a leader in sports policy and administration. (Continue…)

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય શ્રી ચૈતન્યભાઇ, થોડીક ક્લિયારિટી કરી લઇએ. માનનીય સદસ્યશ્રી હાર્દિકભાઇ રેકર્ડ પર સુધારવા અને આપે આ વિધેયક ચાલુ રાખવા પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરેલો હોય પ્રથમ વાચનનો સમય પૂર્ણ થાય ત્યાં સુધી વિધેયક ચાલુ રાખવા આપની સંમતિ છે?

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : Hon'ble Speaker, in conclusion of my speech on 'The Sports Encouragement Bill', I say this bill is forward-looking, inclusive and transformative. It lays the foundation for a Gujarat where every child has access to sports, every talented athelete has an opportunity to excel. Sports can also become a viable career option, where health, discipline and excellence are paramount values. Hon'ble Speaker, I whole heartedly, support this bill and urge this house to pass it with collective resolve ensuring the state of Gujarat which can emerge not only as an economic powerhouse but also as a supporting powerhouse for sports in India.

જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય. આભાર.

ડૉ. જયરામભાઇ ચે. ગામીત (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હાર્દિકભાઇ પટેલ દ્વારા રાજ્યના અગ્રણી રમતવીરોને સહાય અને પ્રોત્સાહન પૂરું પાડવા જોગવાઇ બાબતે ગુજરાત રાજ્ય સમતવીર પ્રોત્સાહન અધિનિયમ સન ૨૦૨૫ બિનસરકારી વિધેયક રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિનસરકારી વિધેયક રજૂ કરેલ વિષય બાબતે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી કામગીરી આપના માધ્યમથી રજૂ કરું છું. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના યુવકોને રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહન પૂરું પાડવા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની સ્થાપના સને ૧૯૯૩માં કરવામાં આવી છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત રાજ્યના રમત ગમત

ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયક, ૨૦૨૫

ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન માટે અસરકારક કામગીરી કરી રહેલ છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના માધ્યમથી રાજ્યના રમત ગમતના ધ્યેયને લક્ષમાં રાખીને સંબધિત તમામ બાબતની પૂરતી કાળજી લઇને ખેલાડીઓને અદ્યતન સગવડો સાથે મેદાન તથા આર્થિક સહાય પૂરી પાડી રમત ગમત ક્ષેત્રે ગુજરાતના તમામ વય જૂથના ખેલાડીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા અસરકારક રીતે કામગીરી કરવામાં આવી છે. રાજ્ય સરકારના પ્રયત્નોથી રમત ગમત ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર વિકાસ સાધેલ છે તથા નામના મેળવી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ગુજરાતના ખેલાડીઓએ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આમ રાજ્ય સરકાર વધુ વિસ્તૃતરૂપે રમત ગમતના પ્રોત્સાહન માટે કામગીરી કરતી હોય ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક ૨૦૨૫ની જરૂરિયાત જણાતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના તા.૨૬/૩/૨૦૧૫ તથા તા.૫/૧૨/૨૦૧૫ના ઠરાવથી સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર યોજના અંતર્ગત રાજ્યની નિવાસી અને બિનનિવાસી યોજના અમલીકૃત છે. ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬ની સ્થિતિએ હાલમાં સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર નિવાસી યોજનામાં કુલ ૧૦ જિલ્લામાં ૧૫ રમતવીરોની નિવાસી એકેડમી તથા બિનનિવાસી એકેડમી યોજનામાં કુલ ૩૩ જિલ્લામાં ૨૪ રમતોની એકેડમી કાર્યરત છે.

આમ, પ્રતિવર્ષ અંદાજિત રૂપિયા ૩ લાખ જેટલો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. સન ૨૦૨૫-૨૬માં નિવાસી અંતર્ગત કુલ ૭૪૯ નિવાસી ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ. સન ૨૦૨૫-૨૬માં બિનનિવાસી યોજના અંતર્ગત કુલ ૧૦૪૭ ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને નીચે મુજબના વિવિધ લાભો પણ આપવામાં આવે છે. રાજ્યમાં ખેલ મહાકુંભ, શાળાકીય રમત મહોત્સવ અને અન્ય માન્ય સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓ પૈકી પસંદ કરેલ પ્રતિભા યંગ ટેલેન્ટ અને યુમન ટેલેન્ટને જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સંકુલમાં પ્રવેશ આપવામાં આવે છે. આમ રાજ્ય સરકારના અનેક પગલાને ધ્યાને લેતા સ્પોર્ટસ ઓફ ગુજરાત રાજ્ય દ્વારા માર્ગદર્શન અને રાજ્યના નીતિ નિયમો અને પ્રવર્તમાન સૂચનાઓને ધ્યાનમાં રાખી ખેલકૂદના વિકાસ સાથે ખેલાડીઓના સર્વાંગી વિકાસનું કામકાજ આયોજનબદ્ધ રીતે થાય છે આથી ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયકની જરૂર જણાતી નથી. ઉપરોકત વિગતો ધ્યાને લઇ રાજ્યના રમત ગમતના વિકાસને ધ્યાનમાં રાખીને સંબંધીત બાબતોની પૂરતી કાળજી લઇ ખેલાડીઓને અદ્યતન સગવડો સાથે મેદાન, આર્થિક સહાય પૂરી પાડી રમત ગમત ક્ષેત્રે પણ ગુજરાતના તમામ વયજૂથના ખેલાડીઓનો સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર અસરકારક રીતે કામગીરી કરી રહેલ છે. તેમજ રાજ્ય સરકારના પ્રયત્નોથી રમતગમત ક્ષેત્રે ગુજરાતે ખૂબ જ વિકાસ સાધેલ છે અને નામના પણ મેળવી છે. આંતરારાષ્ટ્રીય કક્ષાએ રાજ્યના ખેલાડીએ સિદ્ધી પ્રાપ્ત કરી છે. આ વર્ષના બજેટમાં રમતગમત વિભાગ માટે ૧૩૩૦ કરોડ ૯૮ લાખની જોગવાઇ કરવામાં આવી તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ, નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો અને કમલેશભાઇ પટેલ સાહેબનો પણ આભાર માનું છું અને અભિનંદન પણ આપું છું. આમ, ગુજરાત રાજ્ય રમવીર પ્રોત્સાહન અધિનિયમ વિધેયક, ૨૦૨૫ની જરૂરિયાત જણાતી નથી. સભ્યશ્રીને બિન-સરકારી ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક-૨૦૨૫ પરત ખેંચવા માટે વિનંતી કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપણા ગુજરાત માટે ગર્વ કહેવાય એવી બાબત સમગ્ર વિશ્વની તમામ રમતો જ્યાં રમાઇ રહી છે એવી કોમનવેલ્થ ગેમ્સ ભારતમાં રમાવાની છે, તે પણ ગુજરાતમાં, અને તે પણ અમદાવાદના આંગણે. એટલે તે ગુજરાત માટે ગર્વનો વિષય છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૫નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૫નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક પાછું ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨

ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયક, ૨૦૨૫

આરોગ્યના અધિકારો પૂરા પડવા અને તેની સાથે સંકળાયેલી, તેને સહાયક અને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક

ડૉ. દર્શના ચં. દેશમુખ (નાંદોદ): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, [*] રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૫નું ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

[*] વિધેયક તા ૨૦મી માર્ચ, ૨૦૨૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયક, ૨૦૨૫

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, ''આરોગ્યમ પરમ ભાગ્યમ, સ્વાસ્થમ સર્વાર્થ સાધનમ,આરોગ્ય મૂલમુત્તમ, જીવનસ્ય સુખાયચ્''

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાસ્થ્ય એ સૌથી મોટું સૌભાગ્ય છે અને સારું સ્વાસ્થ્ય એ લક્ષ્ય હાંસિલ કરવા માટેનું માધ્યમ છે. ગઇકાલે માનનીય નાણામંત્રી કનુભાઇ દેસાઇજી દ્વારા રૂ.૨૫,૪૦૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. જે દર્શાવે છે કે રાજ્ય સરકાર પ્રજાના આરોગ્ય અને સુખાકારી માટે કટિબદ્ધ છે. હું રાજ્યની પ્રજાની સુખાકારી અને આરોગ્યનો અધિકાર કે જે ભારતના બંધારણના ભાગ–૩ના અનુચ્છેદ– ૨૧થી ગૌરવપૂર્વકના જીવન જીવવાના અધિકારમાં સમાવિષ્ટ છે. તેના સંદર્ભમાં આ સન્માનનીય ગૃહ સમક્ષ હું 'The Gujarat Right to Health Bill, 2025' રજૂ કરવાની પરવાનગી લઉં છું. આ વિધેયક ગુજરાતના દરેક નાગરિક માટે આરોગ્યને મૂળભૂત અધિકાર તરીકે સ્થાપિત કરવા માટેનું એક ઐતિહાસિક પગલું છે. ગુજરાત રાજ્યની આરોગ્યની સેવાઓ વધુ સુદૃઢ બનાવવા માટે, વધુ સઘન બનાવવા માટે અને એમાં થતાં ખર્ચમાં ઉત્તરોત્તર ઘટાડો કરવા માટે ગુજરાત રાજ્યના તમામ રહેવાસીઓને વિનામૂલ્યે અને સમાન ધોરણે આરોગ્યની સેવાઓ મળી રહે તે માટેની જોગવાઇઓ કરવાનો મૂળભૂત હેતુ રહેલો છે. આરોગ્યનો અધિકાર એ સર્વાધિક અધિકાર છે, વ્યાપક અધિકાર છે. જે સમયસર આરોગ્યની સંભાળ રાખવાની બાબતને પણ અગ્રેસર રાખે છે. 'સર્વે ભવન્તુ સુખિન:, સર્વે સન્તુ નિરામયા:' અને 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવનાને ચરિતાર્થ કરતું સમગ્ર વિશ્વ એક પરિવાર છે ત્યારે સર્વે લોકોને સમાન ધોરણે આરોગ્યની સેવાઓ મળી રહે તે માટેનો મુખ્ય ઉદ્દેશ આ વિધેયકનો છે. ગુજરાત રાજ્યની દરેક વ્યક્તિને રોગનો પ્રકાર, રોગના લક્ષણો, રોગના સ્વરૂપ, રોગના કારણો, એની નિદાન કરવાની પદ્ધતિ અને એની સાથે–સાથે રોગની સારવાર કરવામાં આવે એની સાથે એના જોખમો અને એની સંપૂર્ણ જાણકારી સાથે અપેક્ષિત ખર્ચની માહિતી રોગના દર્દીને મળી રહેવી જોઇએ એ પ્રકારનું આ વિધેયક છે. જાહેર આરોગ્ય સંસ્થાઓ દ્વારા જ્યારે આરોગ્ય સંભાળ માટે નિ:શુલ્ક ઇનડોર કે આઉટડોરની સેવાઓ આપવામાં આવે છે ત્યારે તે દવાઓ, નિદાન, ઇમરજન્સી સેવાઓ પૂરી પાડવાની સાથે દર્દીઓના રોગ અને સારવારની પ્રાઇવેસી પણ જાળવવી પડે એ આ વિધેયકનો મુખ્ય હેતુ છે. આરોગ્ય સંભાળ સંસ્થાઓ પાસેથી તપાસના રિપોર્ટ, સારવાર અને બિલ મેળવવાનો અધિકાર કોઇ પણ જાતના જાતિ, ધર્મ કે લિંગના ભેદભાવ વગર સારવાર મેળવી શકાય એ માટેનું આ વિધેયક છે. ગંભીર રોગોની સારવાર, ઓપરેશન માટે ઇન્ફોર્મ કન્સેન્ટ મેળવવી પણ ખૂબ જ જરૂરી છે. દરેક પ્રકારની સારવાર અને તેના ચાર્જિસની માહિતી મળી રહે તેવો મુખ્ય ઉદ્દેશ આ વિધેયકનો છે. આ વિધેયક માત્ર સલાહકાર નથી પરંતુ અમલીકરણ, નિરીક્ષણ, ગુણવત્તાપૂર્વકનું નિયંત્રણ અને અપીલનું મજબૂત પ્લેટફોર્મ છે. જેના થકી જિલ્લા સ્તરની સત્તાઓને માર્ગદર્શન મળશે, ખાનગી હૉસ્પિટલો ઉપર જવાબદારી નાંખવામાં આવશે અને રોગચાળા દરમિયાન કટોકટીના સમયે રાજ્યને તૈયાર રાખશે. આનાથી 'આયુષ્યમાન ભારત' અને 'મા અમૃતમ' જેવી યોજનાઓ વધુ અસરકારક બનશે અને પરિણામે ગરીબથી અમીર દરેક નાગરિકને સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય પ્રાપ્ત થશે. આરોગ્ય ક્ષેત્રમાં ગુજરાત સરકારની વાત કરીએ છીએ ત્યારે ગુજરાતમાં ૯૨૩૧ જેટલા પેટા આરોગ્ય કેન્દ્રો છે. જેમાંથી ૧૫૩૯ જેટલા પી.એચ.સી. સેન્ટર છે. ૩૫૩ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. ૬૯ જેટલી એસ.ડી.એચ. છે અને ૧૯ જેટલી જિલ્લા સ્તરની હૉસ્પિટલો આવેલી છે. ગુજરાતમાં ૪ જેટલી મેન્ટલ હૉસ્પિટલો આવેલી છે. ૧ હોસ્પિટલ ચેપી રોગના નિયંત્રણ માટેની હોસ્પિટલ છે. ૧ આંખની હોસ્પિટલ છે. ૬ જેટલી સરકારી મેડિકલ કૉલેજો છે અને ૧૩ જેટલી જી.એમ.આર.ઇ.એસ. સંલગ્ન સિવિલ હોસ્પિટલ છે. ૫ જેટલી બ્રાઉન ફીલ્ડ મેડિકલ કૉલેજો આવેલી છે. ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટમાં આરોગ્ય વિષયક સેવાઓ ખૂબ સારી રીતે મળી રહે એ માટે જાહેર અને ખાનગી ક્ષેત્રની હોસ્પિટલ માટે એક રેગ્યુલેશન અને રજિસ્ટ્રેશન એક્ટની રચના કરવામાં આવી છે કે જેમાં આ એક્ટ વર્ષ ૨૦૨૧ની સાથે વર્ષ ૨૦૨૫ના સુધારા અમલમાં છે. આ ચિકિત્સા પદ્ધતિ દ્વારા આ હોસ્પિટલમાં કેવી વ્યવસ્થા હોવી જોઇએ તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. તબીબી માનવબળની સંખ્યા, ચિકિત્સા પદ્ધતિની લાયકાતની સાથે સાથે ચિકિત્સા સંસ્થાઓમાં જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર, તબીબી સાધનો, દવા જેવા લઘુત્તમ માપદંડો નક્કી કરવામાં આવેલ છે. આ અધિનિયમ હેઠળ ચિકિત્સા સંસ્થાઓની ફરજો પણ નક્કી કરવામાં આવી છે. ડોક્યુમેન્ટેશન પણ પરફેક્ટ હોવું જોઇએ અને જ્યારે પણ જરૂર પડે ત્યારે સરકારને એ ડોક્યુમેન્ટેશન પ્રોવાઇડ કરવા જોઇએ. ઘણી વખત ખૂબ મોટી ગંભીર બીમારીઓમાં મોટા ઓપરેશન, એન્જિયોપ્લાસ્ટી, એન્જિયોગ્રાફી, બાયપાસ સર્જરી અથવા શરીરના કોઇપણ ભાગને કાપી નાખવા માટેની પ્રોસિજર કરવાની હોય ત્યારે આવા સમય દરમિયાન ઓડિયો વિઝ્યુઅલ રેકોર્ડ અને સાથે ઇન્ફેક્શન કન્ટ્રોલ માટેનાં પગલાં તથા દર્દીને મેડિકલ રેકોર્ડની નકલ આપવા માટેની પણ ગાઇડલાઇન આ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં દર્શાવવામાં આવેલી છે. ગુજરાતમાં હાલ ઓનલાઇન અને ઓફલાઇન મળીને ૪૧,૯૫૭ જેટલા રજિસ્ટ્રેશન થયા છે. જેમાંથી ૪૦,૬૦૨ જેટલા હંગામી અને ૧,૩૫૫ જેટલા કાયમી રજિસ્ટ્રેશન થયા છે. હું વાત કરું ૧૦૮ ની. ઇ.એમ.આર.આઇ., ગ્રીન હેલ્થ સર્વિસીસની તો જ્યારે ગુજરાત રાજ્યમાં રોડ ટ્રાફિક એક્સિડન્ટ, કુદરતી આફત, રોગચાળો, હૃદય રોગ જેવા ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થતા હોય, પ્રસૂતિ, પોઇઝનિંગ, બર્ન્સ, ટ્રોમા કે સ્ટ્રોક જેવી પરિસ્થિતિમાં દર્દીને હોસ્પિટલ જવું ખૂબ જ ઇમરજન્સી હોય તે સમયે દર્દીના જીવનને બચાવવા માટે ફ્રી હોસ્પિટલ ઇમરજન્સી મેડિકલ સેવાઓ પૂરી પાડવાનું કામ આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે અને વર્ષ ૨૦૦૭થી કોઇપણ જાતિ અને ધર્મનો ભેદભાવ રાખ્યા વગર, આવકની કોઇપણ જાતની મર્યાદા રાખ્યા વગર 24X7 ૩૬૫ દિવસ ફ્રી ૧૦૮ ઇમરજન્સી ટ્રાન્સપોર્ટેશનની સેવાઓ ઉપલબ્ધ છે. ૧૪૭૪ જેટલી એમ્બ્યુલન્સ સેવાઓ અને સાગરખેડૂ લોકો માટે બે જેટલી બોટ એમ્બ્યુલન્સ અને એક એર એમ્બ્યુલન્સની સેવા જનતાના લાભાર્થે મૂકેલી છે. અમદાવાદ ખાતે સ્ટેટ

ઇમરજન્સી રિસ્પોન્સ એન્ડ રીસર્ચ સેન્ટરની સ્થાપના કરવામાં આવેલી છે. જેમાં પ્રતિદિન ૪૪૫૯ જેટલા પ્રતિસાદ આપવામાં આવે છે અને આ કોલ સેન્ટરમાં ૧૦૮ ઇમરજન્સી સેવાઓ આપવાની આવે ત્યારે શહેરી વિસ્તારમાં ૯ મિનિટ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૫.૪૬ મિનિટમાં કોલ એટેન્ડ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧,૮૭,૬૯,૨૭૬ કોલ એટેન્ડ કરવામાં આવેલા છે. જેમાંથી ૬૦,૫૮,૪૦૫ કોલ પ્રસૂતા સબંધી છે અને ૧૮,૨૯,૪૦૭ જેટલા લોકોની મહામૂલી જિંદગીને બચાવવાનું કામ આ ૧૦૮ દ્વારા કરવામાં આવ્યું છે. એવી જ રીતે હિમોફિલિયાના દર્દીઓ માટે પણ ખૂબ જ જોખમી પરિસ્થિતિ ઊભી થતી હોય છે. કારણ કે આ એક આનુવંશિક રોગ છે અને તેમાં પણ જ્યારે ઇન્ટરનલ અને એક્સટર્નલ બ્લીડિંગ થતું હોય ત્યારે તેમના જીવનને બચાવવા માટેની દવાઓ અને તેની સારવાર ખૂબ જ ખર્ચાળ હોય છે. હિમોફિલિયામાં દર્દીને ફેક્ટર–૭ અને ૯ ની જરૂર પડતી હોય છે ત્યારે આવા દર્દીઓની સારવાર માટે આ વિધેયક પસાર થવાથી ગુજરાત દેશમાં આરોગ્ય અધિકારને કાયદાકીયરૂપ આપનાર અગ્રણી રાજ્યોમાં સ્થાન મળશે અને સફળતા માત્ર પસાર થવામાં નથી પરંતુ તેના અમલમાં પણ છે. પર્યાપ્ત બજેટ, માનવબળની વ્યવસ્થા અને સામુદાયિક સહભાગિતા, જાગૃતિ અભિયાન અને ફરિયાદ નિવારણ વ્યવસ્થાને મજબૂત કરીને નિયમિત ઓડિટ અને મોનિટરિંગ કરીને આપણે એક નવા યુગની શરૂઆત કરી રહ્યા છીએ ત્યારે આરોગ્ય સુવિધા નહીં પરંતુ અધિકાર બનશે અને આ વિધેયકને સર્વાનુમતે પસાર કરીને આપણે ગુજરાતના ભવિષ્યને સ્વસ્થ બનાવીએ તેવી અપેક્ષા સહ હું મારી વાતને વિરામ આપું છું.

ડૉ. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ –પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો જય શિવાજી, જય ભવાની. આજે અખંડ હિન્દુસ્તાનના આરાધ્ય એવા છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતી છે ત્યારે સમગ્ર સભાગૃહ વતી એમને સાદર વંદન સાથે પ્રણામ કરું છું. આજે આરોગ્યના અધિકારો અને આરોગ્યની જોગવાઇ બાબતનું ગુજરાત રાઇટ ટુ હેલ્થ, ૨૦૨૫ જે બિન–સરકારી સંકલ્પ લઇને સભ્યશ્રી આવ્યા છે તે બાબતે મારા વિચારો રજૂ કરું છું.

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभाग् भवेत्।।

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, આપણા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે વિક્રમજનક સવા ચાર લાખ કરોડ રૂપિયાનું બજેટ લઇને આવ્યા છે, જે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરે છે તે બાબતે તેમને ખૂબ ખૂબ અભિનંદન સાથે આભાર માનું છું. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી હંમેશા એવું વિચારે છે કે, 'પહેલું સુખ તે જાતે નર્યા.' આરોગ્યની સેવાઓ ખૂબ સુદૃઢ બને એ માટે આ વખતના બજેટમાં રૂ.૨૫ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ બદલ હું એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી હંમેશા એવું માને છે કે, દરેક વ્યક્તિને યોગથી લઇને આયુષ્યમાન કાર્ડ સુધી, પ્રાથમિક આરોગ્યથી લઇ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ સુધીની તમામ સુવિધાઓ મળવી જોઇએ. આ માટે ગુજરાત સરકાર આ તમામ સુવિધાઓમાં ઉત્તરોઉત્તર વધારો કરે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારનો હંમેશા એક જ ઉદ્દેશ રહ્યો છે કે તમામ લોકોને આરોગ્યની સેવાઓ સમાન રીતે વિનામૂલ્યે મળે અને એની સાથે–સાથે એમના ખર્ચમાં ઉત્તરોઉત્તર ઘટાડો થાય. એટલા માટે આ બિલ લઇને આજે આપની સમક્ષ પ્રસ્તુત થઇ છું. અકસ્માત એ કુદરતની દેન નથી. પરંતુ કોઇની ગંભીર ભૂલનું પરિણામ છે. જ્યારે ઘરની કમાનાર વ્યક્તિનો અકસ્માત થાય છે ત્યારે આખું કુટુંબ નિરાધાર થઇ જાય છે અને કુટુંબ પર આપત્તિ આવે છે. પરંતુ, જો આવા સમયે ગોલ્ડન અવરમાં એટલે કે, અકસ્માતના એક જ કલાકમાં આ વ્યક્તિને જો સારવાર આપવામાં આવે તો આવા ઘણા બધા લોકોને આપણે મૃત્યુમાંથી બચાવી શકીએ. આ માટે આ વખતના બજેટમાં આવા ઇજાગ્રસ્તોને સહાય આપવા રૂ.૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, **दान में है महादान, आओ करें हम परमदान, न जाने कितने मरे, एक देह अंश के लिए तरे। मृतपश्चात आ फिर से जी ले, आओ करें हम जीवन का दान। आओ करें हम अंगदान। आओ करें हम अंगदान।**

માનનીય અધ્યક્ષશ્રી, વિધાતાએ કહ્યું છે કે, 'જે જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત જ છે' પરંતુ, જો એ મરનાર વ્યક્તિ એના અંગનું દાન કરે તો એ ઓછામાં ઓછા ૭થી ૮ લોકોની જિંદગી બચાવી શકે છે. આ ઇશ્વરીય કાર્ય માટે અંગદાન ખૂબ જરૂરી છે. સમગ્ર રાષ્ટ્રમાં આપણું ગુજરાત આ અંગદાનની પહેલમાં મોખરે છે એ આપણા ગુજરાતનું ગૌરવ છે અને સોટોના માધ્યમથી સંપૂર્ણ પારદર્શિતા સાથે અંગદાનની પ્રક્રિયા કરવામાં આવે છે. કિડની એ આપણા શરીરનું ફિલ્ટર છે. જ્યારે ફિલ્ટર બગડી જાય ત્યારે શરીરના તમામ અંગોને નકામા બનાવે છે અને ત્યારે માનવીએ સ્વસ્થ રહેવા માટે ડાયાલિસિસ કરવું પડે છે. ભૂતકાળના દિવસો આપણે યાદ કરીએ. ભૂતકાળમાં જ્યારે લોકોને ડાયાલિસિસ માટે જવું પડતું ત્યારે મોટી–મોટી હૉસ્પિટલોમાં કલાકો સુધી લાઇનમાં ઊભું રહેવું પડતું અને ખર્ચ પણ વધારે થતો અને આ વ્યવસ્થા ખૂબ દૂર હતી. જેથી ગામડાનો વ્યક્તિ આ વ્યવસ્થા સુધી પહોંચી જ નહોતો શકતો. એટલા માટે થઇને જ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ એટલે કે 'વન નેશન, વન ડાયાલિસિસ' પ્રોગ્રામ લાવવામાં આવ્યો. મને કહેતાં ખૂબ ગર્વ થાય કે ગરીબ લોકોને તેના જ વિસ્તારમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અત્યારે સમગ્ર ગુજરાતમાં ૩૩ જિલ્લાઓમાં આવા ૨૮૧ સેન્ટરો ઊભાં કરવામાં આવ્યાં છે. એના માધ્યમથી ૧૪૧૦ જેટલા ડાયાલિસિસ યુનિટ દરેક જગ્યાએ મૂકવામાં આવ્યા છે.

કોઈપણ વ્યક્તિને ડાયાલિસિસ માટે તકલીફ ન પડે એ માટે તમામ સરકારી હૉસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, તાલુકા કક્ષાના આરોગ્ય કેન્દ્રો અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આ સુવિધા સરકારશ્રી દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી છે. એટલા માટે અત્યાર સુધીમાં ૩૫ લાખ જેટલા લોકો ડાયાલિસિસ કરી ચૂક્યા છે. આ બજેટમાં રૂ.૧૮૬ કરોડની જોગવાઇ ખાસ ડાયાલિસિસ સેન્ટર કે જે અમદાવાદની કિડની હોસ્પિટલના માધ્યમથી ચાલે છે એના માટે કરવામાં આવી છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આયુષ્યમાન ભવ મુખ્ય ઉદ્દેશ છે. એટલા માટે સમગ્ર વિશ્વની મોટામાં મોટી યોજના એટલે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના. અત્યાર સુધીમાં ૫૦ કરોડથી પણ વધારે લોકોએ આ યોજનાનો લાભ લીધો છે અને સરકાર દ્વારા રૂ. ૯૫ હજાર કરોડથી વધુની સહાય આ યોજનાના માધ્યમથી આપવામાં આવી છે. આ વખતના બજેટમાં આપણા નાણામંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી દ્વારા ૨ કરોડથી વધુ લોકોને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર મળે એ માટે રૂ. ૩૪૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણને ભૂતકાળનો સમય યાદ હતો. જ્યારે ગરીબ માણસને હૃદયમાં દુઃખાવો ઉપડે ત્યારે ઘરના ચિંતા કરતા કે ઘર બચાવીએ કે ઘરનાને બચાવીએ. કારણ કે હોસ્પિટલ, દવા અને ઓપરેશનનો ખર્ચ થાય અને આ બધામાં એમને પોતાના ઘરબાર ગીરવે મૂકવા પડતા, મંગળસૂત્ર વેચવા પડતા અને બાપદાદાની જમીનો આપી દેવી પડતી હતી, પરંતુ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી તમામ લોકો નિશ્ચિત થઇ ગયા છે. આપ ગમે તે ફાઇવ સ્ટાર કૅટેગરીની હોસ્પિટલમાં જાઓ, ખિસ્સામાંથી તમે રૂ.૧૦ લાખનું ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આપવામાં આવેલ આયુષ્યમાન કાર્ડ કાઢો ત્યારે આપની સંપૂર્ણ સારવાર કેશલેસ થાય છે. આરોગ્ય એ માત્ર રોગની નાબૂદી નથી પરંતુ માનવીની સામાજિક, આર્થિક અને શારીરિક સમૃદ્ધિની સ્થિતિ છે. આજે લોકોને સક્ષમ આરોગ્ય સેવા અને આરોગ્ય અધિકાર મળે એના માટે માનનીય સભ્યશ્રી ગુજરાત રાઇટ ટુ હેલ્થ–૨૦૨૫નું બીલ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું સમગ્ર સભાગૃહને વિનંતી કરું છું. ખૂબ–ખૂબ આભાર.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા (રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખ દ્વારા બિનસરકારી વિધેયક ગુજરાત રાઇટ ટુ હેલ્થ બિલ ૨૦૨૫ રજૂ કરેલ છે જેના સંદર્ભે હું ગૃહ સમક્ષ ધ્યાન દોરવા માગું છું. એમણે વિધેયકમાં સમાજના અંત્યોદય સુધી અકસ્માત થયેલા લોકોને જલદી સારવાર મળી રહે અને આ સારવાર દરેક લોકોના અધિકાર ટાઇપની હોય એ રીતની બને તેવો ઉલ્લેખ કરેલ છે. માનનીય સભ્યશ્રી દ્વારા બિમારીના કારણો જાણવા, સૂચિત તપાસ, સંભાળ, અપેક્ષિત પરિણામ, શક્ય ગૂંચવણ અને અપેક્ષિત ખર્ચ, મફત ઓ.પી.ડી. સેવાઓ, આઇ.પી.ડી. કન્સલટેશન, દવાઓનું ડાયોગ્નેશન, દર્દીઓનું રેકર્ડ, ઇન્ફોર્મ કન્સેન્ટ, ભેદભાવ વગર સારવાર, દરેક પ્રકારની સેવા માટેના દરો અંગેની માહિતી, રેફરલ ટ્રાન્સપોર્ટેશન, રોડ અકસ્માતમાં મફત વીમા કવરેજ વિગેરે મુદ્દાઓ ટાંકીને આ વિધેયક લાવવામાં આવ્યું છે. સામાન્ય એક્સિડન્ટ અને રોજબરોજની ઓ.પી.ડી. તો રોજ શરૂ જ છે પરંતુ મહામારી જેવા રોગોમાં દુનિયાની બેસ્ટ મેડિકલ ફેસિલિટી આપતા દેશો જ્યારે સારવાર આપી શક્યા નથી ત્યારે ગુજરાત અને ભારતમાં આ મહામારી સમયે આપણે સેવા આપી શક્યા છીએ. એ વેક્સિન હોય કે કોરોના સમયે ઓ.પી.ડી. અને ઇનડોર પેશન્ટને દાખલ કરવાના હોય,તમામ ક્ષેત્રે ગુજરાત સરકારે એમનું કર્તવ્ય અને દાયિત્વ નિભાવીને દરેક લોકોને સવલત પૂરી પાડી છે અને ત્યારે ગર્વ છે કે ગુજરાતની દરેક ગવર્નમેન્ટ હોસ્પિટલ અને સેન્ટરો આ સેવા માટે સજ્જ હતા. તેમના કર્મચારીઓથી લઇને તમામ લોકો આ બાબતમાં પ્રાથમિક આરોગ્યથી લઇને સિવિલ હોસ્પિટલ સુધીની સેવા આપી હતી. પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવાઓ, મફત કેશલેસ સારવાર કુલ–૨૩૯૯ પ્રોસિજર માટે ૧૦ લાખ સુધીની મફત સારવાર લગભગ તમામ રોગો આમાં આવી જાય છે. ૭૦ વર્ષ સુધીના તમામ નાગરિકોના આવક બાદ સિવાયની યોજનાનો મફત સારવારનો લાભ મળી રહે છે. બાળપણથી જ ગંભીર રોગો હોય અને આ ગંભીર રોગોને પહેલાં જ સ્ક્રીનિંગ કરીને તેમને સારવાર મળી રહે તે હેતુથી સરકાર દ્વારા અને શાળા આરોગ્ય તપાસ કરીને જે બાળકોને ગંભીર રોગો છે, હૃદય, કિડની, લિવરના રોગ છે તો તેને નાનપણથી જ સારવાર આપીને તેમને તંદુરસ્ત નાગરિક બનાવવાનો એક ભગીરથ પ્રયાસ સરકાર દ્વારા થયો છે. ૧૦૮ તો ગુજરાતના કોઇ પણ ખૂણે મિનિટોની અંદર જ્યારે પહોંચી જાય છે ત્યારે જ અમે આજે ૩૯ જેટલી એમ્બ્યુલન્સ બાળકો માટેની મીની આઇ.સી.યુ.હોસ્પિટલ, મીની આઇ.સી.યુ. એ જ એમ્બ્યુલન્સની અંદર ફીટ કરીને નાનાં સેન્ટરથી મોટાં સેન્ટર સુધી લઇ જવા માટે એક જન્મેલા બાળકને મેડિકલ સુવિધા પૂરી પાડવા માટેની કાલે જ અમે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા લીલી ઝંડી અપાવી અને ગુજરાતની અંદર આવી ૫૦ એમ્બ્યુલન્સ માત્ર જન્મેલાં બાળકો માટે મીની આઇ.સી.યુ. અંદર કાર્ડિયાકથી લઇને તમામ પ્રકારની સુવિધા આ એમ્બ્યુલન્સની અંદર છે ત્યારે જન્મેલાં બાળકને પણ સુવિધા આપવા માટે પણ સરકારે આ એક ભગીરથ પ્રયાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી નિદાન યોજના નિઃશુલ્ક લેબોરેટરી ટેસ્ટ માટે સબ સેન્ટર ખાતે ૭, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૭, સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૩૩, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ૩૩, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ૬૮ અને મેડિકલ કોલેજ ખાતે ૬૧ લેબ યુનિટમાં નિઃશુલ્ક ટેસ્ટ કરવામાં આવે છે. એ જ રીતે ડાયબિટીસ અને બી.પી.ની જે કોસ્ટલી દવાઓ હોય છે તે સિનિયર સિટીઝનથી લઇ અને ગરીબ લોકો માટે એ આપણાં સેન્ટરો પર ઉપલબ્ધ છે. યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજિસ્ટ અને રીસર્ચ સેન્ટરમાં લગભગ ગુજરાતમાં સૌથી વધુ હાર્ટના પેશન્ટો અને તેમને સૌથી સસ્તી અને સારી સારવાર ત્યાં ઉપલબ્ધ છે. દેશમાં સૌથી મોટી સીંગલ સુપર સ્પેશિયાલિસ્ટ કાર્ડિયાક ટીચિંગ ઇન્સ્ટિટ્યૂટ પણ આપણા ગુજરાતની અંદર આ યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ છે.

ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયક, ૨૦૨૫

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં કુલ–૬૬ હૃદય પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે. જે જટિલ કહેવાય એવી આરોગ્ય ક્ષેત્રની સુવિધાઓ પણ આપણે ત્યાં પ્રદાન થઈ રહી છે. અત્યાર સુધીમાં ૧૭૧ રોબોટિક હાર્ટ સર્જરી કરવામાં આવી છે. ક્ષતિગ્રસ્ત કૃત્રિમ વાલ્વ આજે જેને કહેવાય કે દુનિયાની અંદર મેડિકલ ક્ષેત્રે આ રોગો અને આ ઓપરેશનો ખૂબ કોસ્ટલી હોય છે એ અહિયા આપણને વિનામૂલ્યે પ્રાપ્ત થાય છે. ક્ષતિગ્રસ્ત કૃત્રિમ વાલ્વની કુલ–૪૫ સર્જરી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૩૯ વાલ્વ રિપ્લેસમેન્ટ કરવામાં આવ્યા છે. આ બધી જ સુવિધાઓ જયારે આપણે અહિયાં આપીએ છીએ ત્યારે ઘણી વખત એવુ બને છે કે નાનાં બાળકો ૬ વર્ષની ઉંમર સુધીના તે જયારે સાંભળી કે બોલી ના શકતા હોય ત્યારે પણ રાજય સરકારે ૧૦ લાખ, ૧૫ લાખ જેટલો એક બાળક પાછળ ખર્ચ કરી તે સાંભળી શકે એટલા માટે કોકિલયર ઇમ્પ્લાન્ટની સર્જરી દ્વારા તે બાળક હંમેશને માટે દીકરો હોય કે દીકરી હોય તે બોલતા અને સાંભળતા થઇ જતાં હોય છે, ત્યારે માત્ર ડાયાબિટીસ કે કેન્સર જેવા રોગોની સુવિધા નહીં પરંતુ જન્મજાત ખામી સાથે જન્મેલ ગરીબ ઘરના બાળકને આટલી કોસ્ટલી મેડિકલ સુવિધા પ્રાપ્ત કરાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. માત્ર કટિબદ્ધ છે એમ નહીં, આજે એના ઓપરેશનો દરેક સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં થઇ રહ્યા છે. સને ૨૦૨૫માં ૫૦૨ જેટલા કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. ૮૬ જેટલા લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા એ પૈકી ૧૫૨ બ્રેઇન ડેડ દાતાઓમાંથી ૭૬ જેટલા લિવર ટ્રાન્સપ્લાન્ટ થયા છે. આ જ રીતે એક બ્રેઇનડેડેડ તરુણનું સ્પલીટ કરીને એક ભાગ બાળકનો લઇને બીજા વયસ્ક દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું છે. દુનિયામાં નવા સંશોધનો થયેલા અને મેડિકલ ક્ષેત્રે ખૂબ આધુનિક કહેવાય એવા ઓપરેશનો કરીને આજે આપણા ગુજરાતની હોસ્પિટલોમાં સેવાઓ આપી રહ્યા છીએ. રાજ્યની તમામ રોબોટિક કિડની ટ્રાન્સપ્લાન્ટ પી.એમ.જે.એ.વાય. યોજના હેઠળ ફ્રી છે. ગયા વર્ષે ૪૩ રોબોટિક કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. આજે રાઇટ ટુ હેલ્થ કાયદા માટે બહેને પોતાના વિચારો રજૂ કર્યા છે. માનવતાના ઉત્તમ કામ માટે એમણે પોતાના વિચારો રજૂ કર્યા છે. પરંતુ એ વિચારો સાથે સરકાર હંમેશા પહેલેથી જ કામગીરી કરી રહી છે. બજેટમાં પણ એની પૂરતી વ્યવસ્થાઓ કરવામાં આવી છે ત્યારે આ રીતે સુખાકારી, રાઇટ ટુ લાઇફ હસ્તકનો બંધારણીય અધિકાર જ કહેવાય. એને ધ્યાને લઇ રાઇટ ટુ હેલ્થનો અલગ અધિકાર આપવાનો કાયદો બનાવવાની જરૂરિયાત રહેતી નથી. આથી આ વિધેયક પરત લેવા માટે હું માનનીય ધારાસભ્યશ્રીને વિનંતી કરું છું.

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું સમગ્ર ચર્ચાઓને ધ્યાને લેતા માનનીય મંત્રીશ્રી પ્રફુલ્લભાઇ પાનસેરિયા અને મારા સાથી ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ સાથેની ચર્ચાઓના અંતે ગુજરાતના દરેક દવાખાનામાં દર્દીઓ માટે દવાઓની સાથે સાથે જે વ્યવસ્થિત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે અને ગુજરાતે જ્યારે આરોગ્યના ક્ષેત્રમાં પૂરતી સુવિધાઓ અને વ્યવસ્થાઓ ઊભી કરી છે ત્યારે હું પોતે આ પ્રકારની કામગીરીથી સંપૂર્ણ સંતુષ્ટ છું. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૫ના ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયકને પાછુ ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૫ના ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયકને પાછું ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૪–૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬ રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
શુક્રવાર, તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬
ફાલ્ગુન ૦૧, ૧૯૪૭ શાકે
સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો
રાજ્યના ખેડૂતોને એજીઆર - ૫૦ ટ્રેક્ટર અંતર્ગત સહાય

*15/8/70:**શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ** (નારણપુરા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકારશ્રી દ્વારા છેલ્લા એક વર્ષમાં એજીઆર ૫૦ ખેતીના ભારે સાધનો ની ખરીદીની યોજનામાં સબ(ટ્રેક્ટર ઘટક)સિડી માટે ફાળવવામાં આવતી બજેટ જોગવાઇમાં કોઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ,અને	(૧)	હા
(૨)	જો હા, તો બજેટમાં કેટલો વધારો કરવામાં આવેલ છે?	(૨)	છેલ્લા એક વર્ષમાં એજીઆર૫૦ ખેતીના ભારે સાધનો (ટ્રેક્ટર ઘટક)ની ખરીદીની યોજનામાં સહાયકી વર્ષ ૨૦૨૪–૨૫ માં રૂ. ૪૧૨.૦૦ કરોડની સામે વર્ષ ૨૦૨૫–૨૬ માં રૂ. ૩૩૮.૦૦ કરોડનો વધારો કરી કુલ રૂ. ૭૫૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો રાજ્યના ખેડૂતો માટે ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કરવા બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીનો ખૂબ ખૂબ આભાર માનું છું. રાજ્યમાં ટ્રેકટર માટે સહાય આપવાની એ.જી.આર.–૫૦ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી છે? અને છેલ્લાં પાંચ નાણાકીય વર્ષમાં કેટલા ખેડૂત લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ખેડૂતોને યાંત્રિક સાધનોમાં ખાસ કરીને ટ્રેક્ટર સહાય મળી રહે એના થકી રાજ્ય ખેતીના યાંત્રિકીકરણને વેગ મળે છે, વાવેતરમાં વધારો થાય છે. માનનીય વડાપ્રધાનશ્રી અને રાજ્યના જે–તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા કૃષિ વિભાગમાં એ.જી.આર.–૫૦ ટ્રેક્ટર સહાય યોજના વર્ષ ૨૦૧૧–૧૨થી રૂ.૫૫ કરોડની નાણાકીય જોગવાઇથી શરૂ કરવામાં આવી હતી. આમાં ઉત્તરોઉત્તર તમામ મુખ્યમંત્રીશ્રીએ જરૂરિયાત સમજીને જે પ્રકારે ડિમાન્ડ આવી અને જે પ્રકારનો વપરાશ થયો તેના કારણે ખેડૂતના ખેતરમાં એમને સુખ, શાંતિ અને સમૃદ્ધિની અનુભૂતિ થઇ. એના આધાર પર તમામ મુખ્યમંત્રીશ્રીઓએ એમાં વધારો કર્યો અને મારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને વિશેષ અભિનંદન આપવા છે કે આ યોજનામાં વર્ષ ૨૦૨૫–૨૬ સુધીમાં રૂ.૮૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી અને ગત વર્ષમાં સહાયની રકમમાં રૂ. એક લાખનો વધારો કર્યો છે. મને જણાવતાં આનંદ થાય છે કે અલગ અલગ રાજ્યોમાં રાજ્ય સરકાર દ્વારા ટ્રેક્ટર ઘટક માટે કરવામાં આવતી જોગવાઇમાં ગુજરાત સૌ પ્રથમ છે. પહેલું રાજ્ય આખા દેશમાં એ પ્રકારનું છે કે એમણે આ પ્રકારની સૌથી વધારે જોગવાઇ કરી છે. ભારતીય જનતા પાર્ટીની માનનીય ભૂપેન્દ્રભાઇ અને માનનીય હર્ષભાઇના નેતૃત્વની રાજ્યની સરકાર ખેડૂતો માટેનું કમિટમેન્ટ બતાવે છે. એમણે બીજો પ્રશ્ન છેલ્લા પાંચ વર્ષની નાણાકીય સહાય અંગેનો કર્યો છે તેમાં જણાવું તો વર્ષ ૨૦૨૧–૨૨માં ૩૦,૫૬૮ ખેડૂત લાભાર્થીઓને ૧૪૪ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. આપને પાંચ વર્ષનો કુલ આંકડો કહી દઉં તો ૨,૦૧,૬૦૫ ખેડૂતોને રૂપિયા ૧૧૯૧ કરોડની ટ્રેક્ટર સહાય આપવામાં આવી છે. મારે કહેવું છે કે, ઘણા લોકો વિરોધ કરવા નીકળે, વાત કરવા નીકળે તે એમનો અધિકાર છે પણ જે ટ્રેક્ટરો નીકળ્યા હતા તે ટ્રેક્ટરની જોગવાઇ પણ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોને આપી છે. ખેડૂતોને કાંઇ મળ્યું નથી, ખેડૂતોની પાસે કાંઇ છે નહીં. ખેડૂતોની સમૃદ્ધિનું પ્રતિક આ ટ્રેક્ટર લઇ આવનાર માણસો છે એમણે સમજવું જોઇએ કે આ જોગવાઇના કારણે ખેડૂતોના ઘરે ટ્રેક્ટર આવ્યા છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ ગયા વર્ષે વધારે વરસાદ પડ્યો અને ખેડૂતોને નુકસાન થયું એ માટે રૂ. ૧૦ હજાર કરોડનું બજેટ ખેડૂતોને ટેકો કરવા માટે આપવા બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને અમારા કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીનો સાહેબનો આભાર માનું છું. અમારા અમદાવાદ જિલ્લામાં ટોટલ કેટલા ખેડૂતોને ટ્રેક્ટર પેટે સહાય આપી તેની તાલુકાવાઇઝ માહિતી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મેં વાત કરી કે રાજયવ્યાપી માનનીય કિરીટભાઇને પણ હું અભિનંદન આપું છું કે તાલુકાવાઇઝ ખેડૂતોના જીવનની અંદર ટ્રેકટરે જે પ્રકારનો બદલાવ કર્યો છે એની માહિતી એમણે માગી

છે તો અમદાવાદ જિલ્લાની અંદર ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ૨૩૫૭ લાભાર્થીઓએ અને ૨૩૫૭ લાખ રૂપિયાની સહાય કરવામાં આવી છે. બાવળામાં ૪૦૫ ખેડૂત લાભાર્થીઓને ૪૦૫ લાખ રૂપિયાની સહાય, દસક્રોઇમાં ૨૦૦ લાભાર્થીઓને ૨૦૦ લાખની સહાય, દેત્રોજ, રામપુરામાં ૮૦ લાભાર્થીઓને ૮૦ લાખની સહાય આમાં હું લાખ બોલુ છું અને તેની સામે સંખ્યા બોલુ છું એનો અર્થ સમજાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી હમણાં જ આ ગૃહમાં આવ્યા છે જેમણે આ રકમની સહાયમાં વધારો કર્યો અને લાખ લાખ રૂપિયા આ ટ્રેકટરની ખરીદીમાં સહાય કરી તેમનો આ આંકડો આપની સમક્ષ રજૂ કરું છું. ધોલેરામાં ૮૭ ખેડૂત લાભાર્થીઓને ૮૭ લાખની સહાય, ધોળકા ૪૬૦ ખેડૂતો અને ૪૬૦ લાખની સહાય, ઘાટલોડિયા જે શહેરી વિસ્તાર છે ખેડૂતે એક ટ્રેકટર માગ્યું અને તેમને એક ટ્રેકટરની સહાય મળી, સાણંદમાં ૪૨૮ ખેડૂતોને ૪૨૮ લાખની સહાય, વટવામાં ૨ ખેડૂતોને ૨ લાખની સહાય, વેજલપુરમાં ૨ ખેડૂતોને ૨ લાખની સહાય, વિરમગામમાં ૩૭૩ ખેડૂતોમાં ૩૭૩ લાખની સહાય અને આમ કુલ મળીને ૫૩૫૭ લાખ રૂપિયાની ૫૩૫૭ ખેડૂતો માત્ર અમદાવાદ જિલ્લામાં ખેડૂતોને ટ્રેકટરની સહાય આપવામાં આવી છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એજીઆર–૫૦માં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ૨૦૨૪–૨૫માં ૪૧૨ કરોડની સહાય આપી છે અને ૨૦૨૫–૨૬માં ૭૫૦ કરોડની સહાય આપી છે તો ગુજરાત રાજયમાં ટ્રેકટરમાં સબસિડી આપવાનો ગત વર્ષનો લક્ષ્યાંક કેટલો હતો અને એક ખેડૂતે કેટલી સહાય આપી અને એ સહાયમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય સભ્યશ્રી આપનો પ્રશ્ન ફરીવાર કહેશો.

અધ્યક્ષશ્રી : એમણે પૂછ્યું છે કે ગયા વખતે એક ટ્રેકટર દીઠ કેટલી સહાયની રકમ મળતી હતીહતી અને તે સહાયમાં વધારો કરવા માગો છો કે કેમ ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં તેમને વર્ષ ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬નો આંકડો આપ્યો તેમાં ૭૫૦૦૦ લક્ષ્યાંક હતો. સૈદ્ધાંતિક મંજૂરી ૧,૧૧,૮૩૨ની મળી હતી અને ટ્રેકટર ખરીદી એટલે કે રજૂ થયેલ કેસો ૩૮૦૮૭ હતા અને ચૂકવણું જે થયુ તે ૩૨૫૩૬ થયા અને ચૂકવેલ રકમ રૂ.૩૨૫૩૬ લાખ. આમાં કદાચ હજુ તેનો પેટા પ્રશ્ન આવે તે પહેલાં આપ અનુમતિ આપો તો કહી દઉં કે સહાય માટે ફોર્મ ભરતાં હોય છે. હું સમજી શકુ છું કે આ શેના માટે પ્રશ્ન કર્યો છે પણ પછી તે ફોર્મ ભર્યા પછી તેમની પરિસ્થિતિ મુજબ, તેમની જરૂરિયાત મુજબ, એમની આવશ્યકતા મુજબ તેમણે બધા જ પેપરો હોય તે રજૂ કરવાના હોય છે અને ભૌતિક લક્ષ્યાંક કદાચ તે વખતે ઓછો એટલા માટે રહેતો હોય કે તે વખતે ખેડૂતને જરૂરિયાત ના હોય અને તેમના ભૌતિક પેપરો છે તે રજૂ ના કરી શકયા હોય, પણ હું રાજયના ખેડૂતોને વિશ્વાસ અપાવુ છું અને માનનીય ચૈતરભાઇ તમને કહું છું કે, રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર જેટલા પણ ખેડૂતો ટ્રેકટરની સહાય માગશે તે ખેડૂતોને અમે ટ્રેકટરની સહાય વગર વંચિત નહીં રાખીએ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય કૃષિ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે ખેડૂતોના ટ્રેકટર સાથે ટ્રોલી આવે છે તેને આર.ટી.ઓ રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ આપવા માગો છો કે કેમ ? અને સાથો સાથ આ વર્ષે અતિવૃષ્ટિમાં બોટાદ જિલ્લાના ખેડૂતોને સો ટકા સહાય તેમના બેન્કના ખાતામાં મળી ગઇ છે તે બદલ માનનીય કૃષિમંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે છેલ્લાં પાંચ વર્ષનું ખેડૂતોનું અત્યારે જે વ્યાજ ઉપરનું દેણું થઇ ગયુ છે તેની ઉપર કોઇ રાહત આપવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ત્રણ વિભાગના પ્રશ્નો પૂછયા છે તમારી પાસે જેટલી માહિતી હોય એટલા જવાબ આપો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આર.ટી.ઓ.નો વિષય છે. બોટાદ જિલ્લામાં તમામ ખેડૂતોને સહાય મળી તે ઐતિહાસિક છે, પહેલી વખત છે અને હું ભૂપેન્દ્રભાઇને વિશેષ અભિનંદન આપીશ કે રાહત સહાયનું ઐતિહાસિક પેકેજ ખેડૂતોને મદદ કરવા માટે છે, આમાં કોઇ ઉપકારનો ભાવ નથી. બીજું એમનું જે સૂચન છે એ માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ મૂકીશું. ટ્રોલી છે એનું દર વર્ષે રજિસ્ટ્રેશન કરવાનું હોય છે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સામાન્ય માણસને તકલીફ ન પડે એ બાબત માન્ય રાખી છે. એમનું સૂચન માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ મૂકવાના છીએ.

નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી

*15/8/27 **શ્રી ચૈતરભાઈ દામજીભાઇ વસાવા** (દેડીયાપાડા): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદાઅને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી માટેની કેટલી અરજીઓ મળી,	(૧)	તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે માનવદિન રોજગારી માટેની અરજીઓ મળી.

ક્રમ	જિલ્લાનું નામ	માનવદિન રોજગારી માટેની મળેલ અરજીઓની સંખ્યા
૧	નર્મદા	૧૨૭૩૦૨
૨	છોટાઉદેપુર	૧૧૭૯૧૧

<table>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવી છે, અને</td><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં નીચેની વિગતે માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવી.

<table><tr><th>ક્રમ</th><th>જિલ્લાનું નામ</th><th>પૂરી પાડેલ માનવદિન રોજગારી</th></tr><tr><td>૧</td><td>નર્મદા</td><td>૪૬૩૩૮૧૭</td></tr><tr><td>૨</td><td>છોટાઉદેપુર</td><td>૩૦૬૫૯૨૦</td></tr></table></td></tr>
<tr><td>(૩)</td><td>ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા માનવદિન રોજગારી પૂરી પાડવાની બાકી છે?</td><td>(૩)</td><td>ઉક્ત સ્થિતિએ તે પૈકી નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં રોજગારી માટે માંગણી કરેલ શ્રમિકોને માનવદિન રોજગારી પુરી પાડવામાં આવેલ હોય માનવદિન રોજગારી પુરી પાડવાની બાકી રહેવાનો પ્રશ્ન રહેતો નથી.</td></tr>
</table>

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રોજગારીની માગણી માટેની ૧ લાખ ૨૭ હજાર ૩૦૨ અરજીઓ નર્મદામાંથી મળી છે અને ૧ લાખ ૧૭ હજાર ૯૧૧ અરજીઓ છોટાઉદેપુર જિલ્લામાંથી મળી છે. તેની સામે બે વર્ષમાં નર્મદા જિલ્લામાં ૪૬ લાખ ૩૩ હજાર ૮૧૭ દિવસની માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવેલ છે અને છોટાઉદેપુર જિલ્લામાં ૩૦ લાખ ૬૫ હજાર ૯૨૦ દિવસની માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવી છે. એમાં જે લોકોએ રોજગારીની માગણી કરી અને જે માનવદિન રોજગારી પૂરી પાડી છે તેની સરેરાશ જોતાં બે વર્ષમાં નર્મદા જિલ્લામાં એક વ્યક્તિને ૩૬ દિવસ અને છોટા ઉદેપુર જિલ્લામાં ૨૬ દિવસ રોજગારી મળી છે. અનુક્રમે વર્ષે નર્મદામાં જિલ્લામાં ૧૮ અને છોટાઉદેપુર જિલ્લામાં ૧૩ દિવસની રોજગારી મળી ગણાય. મારો પ્રશ્ન છે કે કેન્દ્ર સરકારે હમણાં ૧૦૦ દિવસથી વધારી ૧૨૫ દિવસ કર્યા છે ત્યારે છેલ્લા એક વર્ષમાં નર્મદા અને છોટા ઉદેપુર જિલ્લામાં કેટલા લોકોને ૧૦૦ દિવસની પૂરેપૂરી રોજગારી પૂરી પાડવામાં આવી છે? છેલ્લા એક વર્ષમાં મનરેગા યોજના અંતર્ગત નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદ મળી અને એમાં શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જોબકાર્ડ મેળવ્યા પછી જોબકાર્ડ ઉપર રોજગારી આપવા માટેની આ યોજનામાં માનનીય ચૈતરભાઇએ કહ્યું તેમ નર્મદા જિલ્લામાં મનરેગામાં બંને વર્ષમાં ખાસ કરીને નોંધાયેલ કુટુંબની જે સંખ્યા હતી એમાં હું તાલુકાવાર આંકડા જણાવું તો ડેડિયાપાડામાં ૪૮,૭૮૦, ગરુડેશ્વરમાં ૧૯,૨૦૪, નાંદોદમાં ૧૮,૩૮૯, સાગબારામાં ૨૪,૦૪૨, તિલકવાડામાં ૧૧,૮૫૫ એમ કુલ ૧ લાખ ૨૨ હજાર ૨૭૦ નોંધાયેલ કુટુંબોની સંખ્યા છે. એમાં જે રોજગારી અપાયેલ છે એ વર્ષ ૨૦૨૪-૨૫માં જોઇએ તો ડેડિયાપાડામાં ૩૪,૧૮૦, ગરુડેશ્વરમાં ૭૪૮૭, નાંદોદમાં ૧૨,૭૨૬ અને સાગબારામાં ૧૪,૪૭૩ તેમજ તિલકવાડામાં ૩૫૪૫ એમ કુલ નર્મદા જિલ્લામાં ૭૨,૪૧૧ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. એ પ્રમાણે વર્ષ ૨૦૨૫-૨૬માં ખાસ કરીને નર્મદા જિલ્લામાં ડેડિયાપાડામાં નોંધાયેલ કુટુંબોની સંખ્યા ૪૮,૭૮૦ અને ગરુડેશ્વરમાં ૪૭૮૦ ઉપરાંત નાંદોદમાં ૧૮,૩૮૯, સાગબારામાં ૨૪,૪૦૨ આમ, તિલકવાડામાં ૧૮,૮૫૫ એમ કુલ નોંધાયેલ કુટુંબોમાં ૧ લાખ ૨૨ હજાર ૨૭૦ કુટુંબો છે એમાંથી ૫૫,૦૮૧ને રોજગારી પૂરી પાડવામાં આવી છે. એ પ્રમાણે છોટા ઉદેપુર જિલ્લામાં નોંધાયેલ કુટુંબોની સંખ્યા ૨ લાખ ૫૮ હજાર ૩૦૬ છે અને રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા ૩૫,૬૯૭ છે. એ પ્રમાણે વર્ષ ૨૦૨૫-૨૬માં જિલ્લામાં ૨ લાખ ૬૪ હજાર ૬૩૧ નોંધાયેલ કુટુંબો છે એની સામે ૩૧,૧૮૯ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. ફરિયાદ અંગેની વાત કરી છે ત્યારે, નર્મદા જિલ્લામાં કુલ ૧૮ ફરિયાદો મળી એમાંથી ૧૪ ફરિયાદો પર કાર્યવાહી કરવામાં આવી છે અને ૪ ફરિયાદો તપાસ હેઠળ છે. એ પ્રમાણે છોટાઉદેપુર જિલ્લામાં કુલ ૪ ફરિયાદો મળી એમાંથી ૧ ફરિયાદ પર કાર્યવાહી કરવામાં આવી છે અને ૩ ફરિયાદો તપાસ હેઠળ છે. જોબકાર્ડ જે કુટુંબોએ કઢાવ્યાં છે એમને જરૂરિયાત હોય એ પ્રમાણે કાર્ડદીઠ ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવે છે. માનનીય દેશના પ્રધાનમંત્રીશ્રીએ નવો નિર્ણય કર્યો છે. જી-રામજી યોજનામાં જોબ કાર્ડદીઠ ૧૦૦ દિવસના બદલે હવે ૧૨૫ દિવસની રોજગારી કુટુંબદીઠ આપવામાં આવશે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, તા.૩૧/૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬માં છોટાઉદેપુર જિલ્લામાં કુલ કેટલા એક્ટિવ જોબકાર્ડ સામે કેટલા કુટુંબને રોજગારી આપવામાં આવી?

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો હોય તો પછી..

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧/૨૦૨૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એક્ટિવ જોબકાર્ડ ૭૫,૦૩૩ની સામે ૩૫,૬૯૭ને રોજગારી આપવામાં આવી છે અને વર્ષ ૨૦૨૫-૨૬માં એક્ટિવ જોબકાર્ડ ૭૧,૬૯૪ની સામે ૩૧,૧૮૯ને રોજગારી આપવામાં આવી છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, તા.૩૧/૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬માં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા ટકા વેતન શ્રમિકોને સમયસર આપવામાં આવ્યું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં છોટાઉદેપુર જિલ્લામાં શ્રમિકોને ચૂકવામાં આવેલ વેતન ટકાવારી પ્રમાણે જોઇએ તો ૯૯.૫૧ ટકા જેટલું વેતન ચૂકવામાં આવ્યું છે અને એ પ્રમાણે વર્ષ ૨૦૨૫-૨૬માં ૯૯.૯૩ ટકા જેટલું વેતન શ્રમિકોને સમયસર ચૂકવવામાં આવ્યું છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, એક તો આ જે જિલ્લાનો પ્રશ્ન છે તે જિલ્લામાં મનરેગામાં ભ્રષ્ટાચારની ફરિયાદો આવી હોય એમાં એકપણ પ્રકરણમાં ફાસ્ટટ્રેક કોર્ટમાં સ્પીડી ટ્રાયલ ચલાવીને આપણે કેસ ચલાવ્યો હોય એમાં એકપણ આરોપી સામે કન્વીન્સ થઇ હોય એવો કોઇ કિસ્સો છે કે કેમ? અને બીજું, જે અધિકારીઓની બેદરકારીના કારણે નિયત સમય મર્યાદામાં કામ નહીં મળ્યું હોય એવા અધિકારી સામે કોઇ પગલાં ભરવામાં આવ્યાં છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ શ્રમજીવીઓને રોજગારી આપવા માટેનો વિષય છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને ફરિયાદ અંગે બહુ સ્પષ્ટ સૂચનાઓ આપેલી છે અને કહ્યું છે કે, કોઇપણ જિલ્લામાં મનરેગાની અંદર કોઇ ફરિયાદ મળશે તો કોઇને પણ છોડવામાં આવશે નહીં. જે જિલ્લાઓમાંથી અમને ફરિયાદો મળી છે એવા કેટલાક અધિકારી કે કર્મચારીઓને જેલ ભેગા કર્યાં છે અને હજુ પણ આમાંથી કોઇ જગ્યાએ સાબિત થશે તો આ ગેરરીતિ કરનારા અધિકારીઓ કે કર્મચારીઓને છોડવામાં નહીં આવે. બીજું, ખાસ કરીને બંને જિલ્લાઓમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જે કેસ તપાસ હેઠળ છે એમાં ગુનો સાબિત થશે તો એને ચોક્કસપણે પણ જેલ ભેગા કરવામાં આવશે. કોઇ કચાશ રાખવામાં આવશે નહીં.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ૧૦૦ દિવસના ૧૨૫ દિવસ કર્યાં એ ખૂબ સારી વાત છે. મારો પ્રશ્ન એવો છે કે, છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં અને છોટાઉદેપુર જિલ્લામાં કેટલા લોકોને તમે ૧૦૦ દિવસની પૂરેપૂરી રોજગારી આપી છે? મારો બીજો પ્રશ્ન એ હતો કે કેટલી ફરિયાદ મળી છે? માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ૪ ફરિયાદો મળી છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી આ સભાગૃહના માધ્યમથી જાણવા માગુ છું કે આ જે ૪ ફરિયાદો મળી તેમાં શું કાર્યવાહી કરી છે?

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી ફતેસિંહભાઇના જવાબમાં ૯૯ ટકા કહ્યું એનો જવાબ આવી ગયો છે. બાકીનાનો જવાબ કહો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે છોટાઉદેપુર જિલ્લામાં જે ચાર ફરિયાદો મળી છે એમાં જે ફરિયાદી છે, ફરિયાદ કરનાર વ્યકિતઓના નામ છે કરણસિંહ નરપતસિંહ, બીજા કંચનબેન રાઠવા, ત્રીજી રાજુભાઇ રાઠોડ, ચોથા છે રાજેશભાઇ રાઠવા અને ઉત્પન્ન થયેલ કુલ માનવદિન એમાં સન ૨૦૨૪-૨૫માં ૩૧,૭૬,૭૨૧ એની સામે ૨૦૨૫-૨૬માં કુલ ૪૭,૭૫,૮૧૩. આમ જોબકાર્ડ કાઢવાની માગણી કરી છે એવા દરેને સો દિવસની રોજગારી આપી છે, નર્મદા જિલ્લામાં સો દિવસની પૂરી રોજગારી આપી હોય એવા ૨૩૦ કુટુંબો અને છોટાઉદેપુર જિલ્લામાં ૫૬ કુટુંબો છે.

કચ્છ જીલ્લામાં પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ તૈયાર કરવા ખેડૂતોને સહાય બાબત

***15/8/2:શ્રી પ્રધુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશેકે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએ પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ તૈયાર કરવા ખેડૂતોને કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં કેટલા ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી, અને	(૨)	કુલ ૨૭૪ ખેડુતોને રૂ.૪૪,૯૨,૦૦૦ -/
(૩)	કેટલા મોડેલ ફાર્મ તૈયાર કરવામાં આવ્યા?	(૩)	કુલ ૨૭૪

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ઓર્ગેનિક અને મોડલ ફાર્મ માટે ગુજરાત સરકાર દ્વારા આપણા મુખ્યમંત્રી, દેશના વડાપ્રધાનશ્રી અને આપણા રાજયપાલશ્રી દ્વારા સ્વાસ્થ્ય સારું રહે અને લોકોમાં અને ખેડૂતોમાં જાગૃતિ આવે એના માટે જે પ્રયત્નો થઇ રહ્યા છે એના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને ભૂતકાળની સરકારોમાં લાઇટ પણ દસ વર્ષે મળતી, અત્યારે બે મહિનામાં ખેડૂતને લાઇટ મળી જાય છે. આમાં મારું એક સૂચન છે

અધ્યક્ષશ્રી : આપ જેટલો લાંબો પ્રશ્ન પૂછશો એટલો લાંબો જવાબ મળશે, એટલે તમે ટૂંકમાં જેટલું થાય એટલું કહો તો વધારે સારું.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : ઓર્ગેનિક, પ્રાકૃતિક માટે અત્યારે ખેડૂતો મહેનત કરી રહ્યા છે પણ એના ખરીદ કેન્દ્ર તાલુકાવાર ખોલવામાં આવે તો ખેડૂતને ખૂબ જ ફાયદો થાય.

અધ્યક્ષશ્રી : બંન્ને સૂચન છેને? કોઇ પ્રશ્ન નથી. તમારે આ વિષયમાં જે કંઇ માહિતી આપવી હોય તો આપી શકો છો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : પ્રાકૃતિક ખેતી ખૂબ મહત્ત્વનો વિષય છે. આપ મને થોડો સમય આપો..

અધ્યક્ષશ્રી : થોડો સમય બાકી છે, તમને વિભાગની માગણીઓ ઉપર વધારે સમય મળશે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : થોડોક સમય આપો, આપની અનુમતિ હોય એ પ્રમાણે આપો આ એટલા માટે કે તમામ સભ્યશ્રીઓ ખેતી, ગામડું, અર્થતંત્રની સતત ચર્ચા કરી જાણકારી મેળવી સેવા કરતા હોય છે અને તમામ સભ્યશ્રીઓનો

અંદરનો ભાવ એ હોય છે કે આપણું અર્થતંત્ર ગ્રામીણ ક્ષેત્રના અર્થતંત્રના આધાર ઉપર, ખેડૂતના આધાર ઉપર આગળ વધે એની ચિંતા પણ કરતા હોય છે, એટલે તમામ સભ્યશ્રીઓની એ ચિંતાની લાગણી હું સમજુ છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રાકૃતિક ખેતી માટે, ગાય આધારીત ખેતીને એક મિશન સ્વરૂપે દેશ સમક્ષ મૂકયું છે. હું માનનીય વડાપ્રધાનશ્રીને વિશેષ અભિનંદન એટલા માટે આપું છું કે, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવા માટેની ખૂબ મોટી લોબી હોય છે. આ પહેલા એવા વડાપ્રધાન છે કે એ લોબીની સહેજ પણ ચિંતા કર્યા વગર પ્રાકૃતિક ખેતી ખેડૂત અપનાવે, ગૌ આધારિત ખેતી અપનાવે, ઓછા ખર્ચે વધારે ઉત્પાદન થાય તેના માટે પ્રયત્નો કર્યા છે. હું માનનીય ભૂપેન્દ્રભાઇ અને હર્ષભાઇને વિશેષ અભિનંદન આપીશ કે ગુજરાતમાં પણ પ્રાકૃતિક ખેતી મિશન તરીકે લેવામાં આવેલ છે અને એના પરિણામ પણ રાજયની જનતાને મળ્યા છે. હું આપને પણ અભિનંદન આપીશ કે આપે પણ સી.એન.જી. બાયોગેસ અને એનાથી ઉત્પન્ન થતું ખાતર, હું અને અમિતભાઇ આપના ત્યાં બનાસ ડેરીની મુલાકાતે જયારે આવ્યા હતા અને હું તો દરેક સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે બનાસ ડેરીનો આ પ્રોજેકટ જઇને જોવે. ૬૦૦ રૂપિયાની આ ખાતરની થેલી માટે ખેડૂતો પડાપડી કરીને તમારે ત્યાંથી લઇ જાય છે. હું એ વાત કરવા માગું છું કે મહામહિમ રાજયપાલશ્રી જેમણે આ સન્માનનીય ગૃહ સમક્ષ આ વિષય મૂકયો છે અને રાજયમાં એક એવું વાતાવરણ પેદા થયું છે, હું માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને અભિનંદન આપીશ કે આ મહાપુરૂષ તાલુકાના એક ગામમાં આખે આખી રાત રોકાય, સ્કૂલમાં રોકાય, ખેડૂતોને અવેર કરે, જાગૃતિ આપે, સ્વચ્છતા અભિયાનનું કામ કરે, વૃક્ષારોપણનું કામ કરે અને પ્રગતિશીલ ખેડૂતોને ભેગા કરે. હું આપના માધ્યમથી વિનંતી કરું છું કે આ પ્રાકૃતિક ખેતીના પરિણામો ખૂબ સારા મળ્યા છે. આણંદ યુનિવર્સિટીની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા ત્યારે ટાઇમ ન મળ્યો, હું આપને પણ વિનંતી કરું છું, ત્યાં બે પ્લોટ બાજુ બાજુમાં મૂકયા છે, એના માધ્યમથી ખેડૂતોને કહું છું કે બાજુના ખેતરમાં કોઇ રાસાયણિક ખાતર વાપરાતા હોય, દવા વાપરતા હોય તો બાજુમાં આપણા ખેતરમાં એની અસર થાય એવું નથી હોતું. બાજુ બાજુમાં બે પ્લોટ કર્યા છે અને એના કારણે પ્રાકૃતિક ખેતી અપનાવે છે એમાં કેટલો ફાયદો અને બીજા ખેતરમાં એ છોડવું કેટલું બળી ગયું છે એને કેટલા રોગ લાગી ગયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તમે જે પ્રાકૃતિક ખેતીની વાત કરો છો એ ખૂબ સારી વાત છે પરંતુ એમાં માગણીઓ આવે ત્યારે વિગતવાર ચર્ચા કરજો. એમાં તમારે ઘણું બધું કહેવું પડે એમ છે. ટૂંકમાં નહિ કહી શકો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું તમામ સભ્યશ્રીઓને કહું છું કે આ મિશન માનનીય વડાપ્રધાનશ્રીનું છે કે માનનીય ભૂપેન્દ્રભાઇનું છે એવું ન માનીને આ મિશન ખેડૂતોના જીવન અને એમની આર્થિક સમૃદ્ધિ માટેનું મિશન છે એટલા માટે આ જનજાગૃતિનું કામ સાથે મળીને કરીએ.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ગયા વર્ષે અતિ વરસાદના કારણે ખેડૂતોને નુકસાન થયું અને ખેડૂતો તથા ખેતીને જીવતી રાખવા માટે આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇએ પેકેજ જાહેર કરી ખેતી અને ખેડૂતોને રાહતરૂપે યોજના બનાવી એ બદલ હું ખૂબ–ખૂબ આભાર માનું છું. મારો પ્રશ્ન એ છે કે જે રીતે ખેતી માટે દિન–પ્રતિદિન અતિશય ખાતર અને પેસ્ટીસાઇડ વપરાયા પછી ખેતી શાકભાજી, ફળ કે અનાજનું ઉત્પાદન થાય છે તો પ્રાકૃતિક ખેતી માટે જે ઘટક બનાવ્યું છે એ ઘટકથી ખેડૂતોને ફાયદો થશે? અને ઘટકમાં કેટલો ખર્ચો થશે એ માહિતી મળે તો ખેડૂતો પ્રાકૃતિક ખેતી સ્વીકારે.

અધ્યક્ષશ્રી: બહુ લાંબી માહિતી હોય તો મને લાગે છે કે તમારે એને રેકર્ડ પર મૂકવી જોઇએ. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ વિષય પર જો બધા ધારાસભ્યશ્રીઓને રસ હોય તો એક દિવસ ચર્ચા માટે તમે કલાક–દોઢ કલાકનો સમય રાખશો તો હું મંજૂરી આપીશ. તો તમે એની પર ચર્ચા કરી શકશો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભાર માનું છું. હું અમારા ગૃહના નેતા અને વિપક્ષને પણ વિનંતી કરીશ કે આ વિષય પર ચર્ચા થાય તો રાજ્યની જનતા માટે આપ પણ આપના વિચારો મૂકી શકશો. એના માટે આપે સમય આપવાનું કીધું છે ત્યારે હું રાજ્યના ખેડૂતો વતી આપનો આભાર માનું છું. એમણે વાત કરી છે એમાં પાંચ આયામો છે. (૧) બીજામૃત, (૨) જીવામૃત, (૩) વાફ્સ, (૪) આચ્છાદન અને (૫) સહજીવન. ગાયના ગોબર અને ગૌમૂત્ર આધારિત દ્રાવણથી બિયારણની માવજત. જીવામૃત એટલે ગાયના ગોબર, ગૌમૂત્ર, ગોળ, કઠોળના લોટ, ખેતરની માટીમાંથી તૈયાર કરેલા જીવાણુંથી સમૃદ્ધ પ્રવાહી કલ્ચર, ખાતર અને ઘન જીવામૃત, ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી તૈયાર કરેલ પોષક ઘન ખાતર. વાફ્સા–જમીનમાં હવા અને ભેજનું એકસરખું પ્રમાણ રાખવું જોઇએ જેથી મૂળની વૃદ્ધિ સારી રીતે થાય અને છોડ, પાણી તથા પોષક તત્ત્વો સારી રીતે શોષી શકે. આચ્છાદન – પાકના અવશેષથી જમીન ઢાંકવી, નિંદામણ, તાપમાન, નિયંત્રણ અને ભેજનો સંગ્રહ થાય છે. સહજીવન – એક પાક સાથે ફાયદાકારક પાકોનું વાવેતર કઠોળ, ધાન્ય પાકોને નાઇટ્રોજન પૂરા પાડે છે તથા નિષ્ફળતાનું જોખમ ઘટે છે.

મહીસાગર જિલ્લાના જમીયતપુરા સ્થિત મૌર્યો એન્પાયરો પ્રોજેક્ટલ પ્રા. લી. સાઇટના કારણે આસપાસના કૂવાઓના પાણીમાં પ્રદૂષણ

***15/8/182ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જીલ્લાના જમીયતપુરા ખાતે આવેલ મે. મૌર્યો એન્વાયરો પ્રોજેક્ટલ પ્રા. લી. ની ડમ્પિંગ સાઈટના કારણે તેની આસપાસ વિસ્તારોના કુવાઓમાં કેમિકલયુક્ત પાણી આવે છે તે બાબતની કેટલી ફરિયાદો સરકારને મળી,	(૧)	તા: ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષ (૨૦૨૪, ૨૦૨૫) દરમ્યાન મહીસાગર જીલ્લાના જમીયતપુરા ખાતે આવેલ મે. મૌર્ય એન્વાયરો પ્રોજેકટલ પ્રા. લી. અંગે તેની આસપાસ વિસ્તારોના કુવાઓમાં કેમિકલયુક્ત પાણી આવે છે તે બાબતની બોર્ડને કુલ ૫ ફરિયાદો મળેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે ઉક્ત કુવાઓના પાણીનું ટેસ્ટીંગ છેલ્લા બે વર્ષમાં ક્યારે કરવામાં આવ્યું, અને	(૨)	ઉપરોક્ત ફરિયાદોને આધારે બોર્ડ દ્વારા છેલ્લા બે વર્ષ દરમ્યાન તા. ૦૩/૦૨/૨૦૨૪, ૧૨/૦૪/૨૦૨૪, ૧૬/૦૮/૨૦૨૪, ૦૩/૧૨/૨૦૨૪ અને ૧૮/૦૪/૨૦૨૫ના રોજની મુલાકાત દરમ્યાન એકમના પરિસરમાંથી અને બહારથી ભુગર્ભજળના નમુના લીધેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ટેસ્ટીંગનો રીપોર્ટ શું છે?	(૩)	મે. મૌર્ય એન્વાયરો પ્રોજેકટસ પ્રા. લી.ના પરિસરની અંદરથી તેમજ આસપાસના ગામોમાંથી ઉપરોક્ત મુલાકાતો વખતે એકત્રિત કરવામાં આવેલા ભૂગર્ભજળના નમૂનાઓના પ્રુથ્થકરણ અહેવાલોને આધારે ભુગર્ભ જળની ગુણવત્તામાં કોઈ વ્યાપક અથવા નોંધપાત્ર કાયમી પ્રદૂષણ થયેલ હોવાનું જણાતું નથી. પાણીની ગુણવત્તામાં નોંધાયેલા અમુક ફેરફારો છૂટક તથા અસ્થાયી સ્વરૂપના છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨જી જાન્યુઆરીના રોજ મારા સિવાય મારા બીજા બે સાથી ધારાસભ્યોએ આ ડમ્પિંગ સાઇટની પણ મુલાકાત લીધી હતી અને એ વિસ્તારમાં માથું ફાડી નાંખે એવી દુર્ગંધ સતત આવતી હતી. ત્યારબાદ અમે લગભગ પાંચ જેટલા બોરની મુલાકાત લીધી, ત્રણ કૂવાની મુલાકાત લીધી. તમામમાં લાલ કલરનું દુર્ગંધયુક્ત કેમિકલવાળું પાણી અમે રૂબરૂ જોયું છે. આ કેમિકલયુક્ત પાણીના કારણે ત્યાંના લોકોને કેન્સર, વાળ ખરવાની બીમારી, ચામડીના રોગો થઈ રહ્યા છે. આ પાણી માણસ માટે તો નહિ પણ પશુ માટે પણ પીવાલાયક નથી એ અમે રૂબરૂ જોયું છે. એના કારણે ત્યાંની જમીન પણ બિન ખેતીલાયક બની રહી છે. બોડેલી, જમીયતપુરા સહિત બીજા ૨૯ ગામોને આ અસર થઈ રહી છે. એના અનુસંધાને નાયબ કલેક્ટર અને સબડિવિઝનલ મેજિસ્ટ્રેટે હુકમ કરેલો હતો. જમીનમાં કાર્યરત ડમ્પિંગ સાઇટના કારણે આજુબાજુ કૂવામાં આવતું દુર્ગંધયુક્ત કેમિકલવાળું પાણી અને દુર્ગંધની સમસ્યા યથાવત રહેતા ગ્રામજનોના સ્વાસ્થ્યના જોખમને અટકાવવા માટે કંપનીની પ્રિ–મોન્સુન કામગીરી સિવાયના તમામ ડમ્પિંગ અંગેની કામગીરી કરવાનો મનાઈ હુકમ આપું છું. આ એક મહિના પહેલાંની પરિસ્થિતિ છે. આ ગામને હિજરત કરવી પડે એવી પરિસ્થિતિ છે એ અમે રૂબરૂ જોયું છે. મારો માનનીય મંત્રીશ્રીને એટલો જ પ્રશ્ન છે કે આપ આમાં કડક કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ગુજરાતની ધૂરા જ્યારે આદરણીય નરેન્દ્રભાઈએ સંભાળી ત્યારે તમામ પ્રકારના પ્રદૂષણો ગુજરાતમાંથી દૂર થઈ ગયેલા. તેમાં પાણીની વાત હોય કે એર પોલ્યુશનની વાત હોય તમામ પ્રકારની વ્યવસ્થાઓ જી.પી.સી.બી. દ્વારા કરવામાં આવે છે. એમનો પ્રશ્ન મહીસાગર જિલ્લાનો છે. છેલ્લા બે વર્ષમાં થયેલ ફરિયાદના કારણે તેની પાંચ વાર મુલાકાતો લેવામાં આવી છે. ઇન્ટરનલ કેમ્પસ અને આઉટર એટલે બહારના ક્ષેત્રમાંથી કૂવા, હેન્ડપંપ કે બોરના કુલ ૨૬થી વધુ પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. તેમાં સી.ઓ.ડી., બી.ઓ.ડી. કે ટી.ડી.એસ.માં કોઇપણ જાતનો ફેરફાર આવેલો નથી. તમામ પ્રકારની મંજૂરી સાથે ચાલે છે. જ્યારે પણ આ પ્રકારની ફરિયાદો આવી છે ત્યારે જી.પી.સી.બી. દ્વારા ત્યાં જઇને પણ એક્શન લીધા છે. માનનીય સભ્યશ્રીએ જે એસ.ડી.એમ.ના હુકમની વાત કરી તે હુકમ ઉપર હાઇકોર્ટે સ્ટે આપેલો છે એટલે ચાલુ છે પણ જ્યારે આ પ્રકારની ફરિયાદ આવે ત્યારે જી.પી.સી.બી. એક્શન લેવા માટે તૈયાર છે. હાલ જેટલા પણ નમૂના લેવામાં આવ્યા છે તે તમામ પ્રકારના કન્ટ્રોલમાં છે તે હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે કે, મારો વિસ્તાર બાજુમાં જ આવેલો છે. માનનીય મંત્રીશ્રી મારા મિત્ર પણ છે અને એમણે જે પણ વાત કરી તેમાં ખરેખર નુકસાન છે. સમાચારપત્રોમાં પણ આવ્યું છે. ગત વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રાંત અધિકારીને મારી સામે આને બંધ કરવા માટેનો ઓર્ડર કરવા ફોન કર્યો હતો અને પ્રાંત અધિકારીએ તેને બંધ કરવા માટેનો હુકમ પણ કર્યો છે. હું હાથ જોડીને વિનંતી કરું છું. મારી સાથે જે પણ આવવા તૈયાર હોય તે આવે. નિયમોના કોઇપણ પાલન વગર એ ધમધમે છે. જ્યારે જી.પી.સી.બી.ની લોક સુનાવણી હતી ત્યારે આજુબાજુના ૨૯ પંચાયતે લખીને આપ્યું છે કે ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં ડાયનાસોર ફોસિલ પાર્ક, ફાગવેલ મંદિર,

બાલાસિનોરની ૫૦ હજારની વસતિ છે. આવું હોય તો ક્યારેય મંજૂરી મળે નહીં. કોઈ અધિકારીએ પોતાના અંગત હિત માટે આ કામ કર્યું હોય તેવું લાગે છે. મહેરબાની કરીને આપ સર્વેને વિનંતી કરું છું કે, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળી રહ્યા છીએ ત્યારે આવી કંપનીને બંધ કરવી જોઈએ અને હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ કંપની બંધ કરવા માગો છો કે નહીં?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, કંપનીઓના રુલ્સ એન્ડ રેગ્યુલેશન પ્રમાણે ભારત સરકારના ઇ.સી. દ્વારા એન.ઓ.સી. લીધેલી હોય, કન્સર્ન લીધેલા હોય, કન્સર્ન ટુ ઓપરેટ પણ લીધેલા હોય છે. તે તમામ પ્રકારે નિયમ અનુસાર છે. માનનીય ધારાસભ્યશ્રીની જે લાગણી છે, તેઓ જે દુ:ખ વ્યક્ત કરે છે ત્યારે તે દુ:ખના સહભાગી થવા માટે અમારો વિભાગ તૈયાર છે. એમનો જે પ્રશ્ન છે તે માટે જી.પી.સી.બી. દ્વારા તેની મુલાકાત લઈને અમે વિશેષ સંજ્ઞાન લઈશું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એ ધારાસભ્યશ્રીનું દુ:ખ નથી, પ્રજાનું દુ:ખ છે એટલે ધારાસભ્યશ્રીએ વ્યક્ત કર્યું છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : બિલકુલ સર.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે જવાબ આપ્યો તેમાં પહેલી બાબત ઉત્પન્ન થાય છે કે પાંચ ફરિયાદો થઈ, ફરિયાદ કરનાર વ્યક્તિ કોઈ રાજકીય માણસ નથી પરંતુ આજુબાજુના ગામના લોકોએ ફરિયાદ કરેલી છે. ફરિયાદ ત્યારે જ થાય જ્યારે કોઈ કેમિકલવાળું દૂષિત પાણી આવતું હોય. ગ્રામ પંચાયતે ઠરાવ પણ કરેલો છે કે પાણી ગંદુ આવે છે. તમે ગ્રામ્ય વિસ્તારમાંથી આવો છો એટલે તમને ખ્યાલ હશે કે ગ્રામ પંચાયત ઠરાવ ક્યારે કરે કે જ્યારે ગામમાં સંપૂર્ણ ગંદુ પાણી આવતું હોય ત્યારે. આ બાબતમાં એ લોકો કોર્ટમાં પણ ગયા છે અને કોર્ટે હુકમ પણ કરેલો છે એટલે માનનીય મંત્રીશ્રી એમ કહેતાં હોય કે પાણી સારું આવે છે તો અમારા કૉંગ્રેસ પક્ષના નેતા અને ત્રણ ધારાસભ્યશ્રીઓએ મુલાકાત લીધી હતી. આમ તો દેખાવ કરવાની બાબતે કહેતો નથી પણ તે મુલાકાતને આધીન આ અઠવાડિયા પહેલાંનું જ પાણી છે.

(આ તબક્કે માનનીય સભ્યશ્રીએ પાણીની બોટલ ગૃહ સમક્ષ દર્શાવી.)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે એ લઈને ન આવી શકો. (અંતરાય) માનનીય કાંતિભાઈ, પણ બતાવવા માટે એવું ન હોય.

(આ તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ સાર્જન્ટને પાણીની બોટલ લઈ લેવા માટે સૂચના આપી અને સાર્જન્ટ દ્વારા પાણીની બોટલ માનનીય શૈલેષભાઈ પાસેથી મેળવીને બહાર લઈ જવામાં આવી.)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પાણી એક અઠવાડિયા પહેલાંનું જ પાણી છે. આ કોઈ રાજકીય મુદ્દો નથી. સવાલ ત્યાં છે કે પાણી ગંદુ આવે છે, મુલાકાત લીધી છે, ગ્રામજનોએ ફરિયાદ કરી છે, કોર્ટે હુકમ પણ કર્યો છે એટલે આ બાબતમાં જી.પી.સી.બી.ના નિયમો હોય કે સરકારના નિયમો હોય પણ જ્યારે કોઈ ફરિયાદ કરે ત્યારે તે ફેક્ટરીને બંધ કરવાના સરકાર પાસે ફૂલ પાવર હોય છે. કોઈના આરોગ્ય સાથે જ્યારે ચેડાં થતાં હોય .....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ટૂંકમાં સીધા પ્રશ્ન પર આવી જાઓ.....

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ફેક્ટરી સામે કોઈ પગલાં ભરવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઘવલસિંહ ઝાલાએ પોતે જ કહ્યું કે, ગ્રામજનોની જે ફરિયાદો હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરવામાં આવી. આ રજૂઆત પછી તુરત જ અહીંથી આદેશ કરવામાં આવ્યો છે અને તેમાં નમૂનાની ચકાસણીની કે અન્ય કોઈ રાહ જોવામાં આવી નથી. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારનું કમિટમેન્ટ કેટલું છે એ આના પરથી જ ખ્યાલ આવી જાય છે. બીજી વાત એ છે કે, બે વખત આ ફેક્ટરી બંધ કરવાના ઓર્ડરો આપવામાં આવ્યા. એક વખત અસ્થાયી ધોરણે બંધ કરવાના હુકમો કર્યા અને બીજી વખતે તા.૨૭/૫/૨૦૨૪ના રોજ આ યુનિટને કાયમી ધોરણે બંધ કરવાના હુકમો કરેલા છે. પરંતુ આ જે કંપની છે એ નામદાર હાઇકોર્ટમાં ગઈ અને નામદાર હાઇકોર્ટે તેમાં સ્ટે આપેલ છે. ગૃહના સભ્યશ્રીઓને માહિતી આપું કે, આ યુનિટની એન.ઓ.સી.ની કન્સર્ન ઓગસ્ટ-૨૦૨૬ સુધીની છે અને જ્યારે એની મુદ્દત પૂરી થશે એ વખતે ગ્રામજનોની ફરિયાદો હશે એને ધ્યાનમાં લઈ જરૂરી કાર્યવાહી કરવાની થશે એ કરીશું. માનનીય સભ્યશ્રીઓને ખાતરી આપું છું કે, આપે જે રજૂઆત કરી છે એના સંદર્ભમાં અને કોઈપણ લેખિત ફરિયાદ મળી હોય તો એની તપાસ કરાવેલ છે. છતાં વધારાની માહિતી આપશો તો તુરત જ આ યુનિટની ફરીથી પુનઃ ચકાસણી કરવા માટેની રાજ્ય સરકારની તૈયારી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચના છે કે કોઈપણ પ્રકારનું પ્રદૂષણ ચાલવા ન દેવું જોઈએ અને એના માટેનું કમિટમેન્ટ કેટલું છે એ ગૃહના સભ્યશ્રીઓને જણાવવા માગું છે. આપણા વટવા મોડલમાં ખૂબ જ ગંભીર પ્રકારની ફરિયાદો હતી. આ ફરિયાદો સરકારે દૂર કરવા માટે યુનિટોની સલાહ અને સહકાર લઈને વટવા મોડેલ આજે દેશનું મોડલ બન્યું છે અને આ મોડલ પ્રમાણે આપણે બીજા આવા જી.આઇ.ડી.સી. યુનિટોમાં આ બાબતમાં કાર્યવાહી કરવા માંગીએ છીએ. એટલે બધાને ફરીથી ખાતરી આપવા માગું છું કે, આ પ્રકારની પ્રદૂષણની ફરિયાદ આવશે તો એની પૂરી ચકાસણી કરવામાં આવશે એની માનનીય સભ્યશ્રીઓ નોંધ લે.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય શૈલેષભાઈ, આપણા રુલિંગો છે, આપણા નિર્ણયો છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનનીય અધ્યક્ષશ્રી, હા.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : મારી વિનંતી છે કે, પોઇન્ટ ઓફ ઓર્ડર આપણે પ્રશ્નોત્તરી પછી લઇએ.

કચ્છ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના

*** 15/8/264શ્રીકેશુભાઇ શીવદાસ પટેલ** (ભૂજ) :**માનનીય કલાઇમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના અંતર્ગત કુલ કેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે, અને	(૧)	કુલ–૧૪
(૨)	તેઅન્વયેઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવી છે?	(૨)	૧૪ લાભાર્થીઓને રૂ.૨,૮૬,૭૪,૬૪૪/–(બે કરોડ છ્યાસી લાખ ચુંબોતેર હજાર છસ્સો ચુંબાલીસ) રકમની સહાય પુરી પાડવામાં આવી છે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બાયોગેસ પ્લાન્ટ યોજનાનો લાભ કોણ લઇ શકે? અને કેટલા લોકોને લાભ મળ્યો?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બિનસંસ્થાકીય એટલે કે નહીં નફો નહીં નુકસાનના ધોરણે ચાલતી સંસ્થાઓ જેમ કે, પાંજરાપોળ, એન.જી.ઓ. પણ લાભ લઇ શકે છે. એ જ રીતે નફાકીય સંસ્થાઓ જેમ કે, હોટલ, રેસ્ટોરન્ટ, રસોડા અને કેન્ટીનો પણ લાભ લઇ શકે છે. આમાં બાયોગેસ ઉત્પાદન કરતું ઉચ્ચ ગુણવત્તાનું સેન્દ્રીય ખાતર પણ ઉત્પન્ન થાય છે અને ફોસિલફિલમાં પણ ઘટાડો થતો હોય છે. એટલે આ પ્રકારે એન.જી.ઓ. અને કોમર્શિયલ એમ બંને લોકો લાભ લઇ શકે છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કલાઇમેટ ચેન્જના સંદર્ભમાં જ્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર વિશ્વને ભારતની પહેલને નજર સમક્ષ રાખી છે ત્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા જે પ્રકારે હાલ સંસ્થાઓની વાત કરી કે પાંજરાપોળ, ગૌશાળા, હોટલો છે તો એમાં બાયોગેસ પ્લાન્ટની ક્ષમતા શું હોઇ શકે?, જો એને ઇમ્પ્લાન્ટ કરવામાં આવે તો એમાં કોઇ સબસિડી પ્રાપ્ત થાય છે કે કેમ? કે જેથી વધારે લોકોને આ ફાયદો મળી શકે અને આ પ્લાન્ટની અંદાજિત કિંમત શું હોઇ શકે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારો પ્રશ્ન પૂછ્યો છે. તમામ સભ્યશ્રીઓને પોતાના વિસ્તાર માટે જાણવા જેવું અને અમલ કરવા જેવું છે. આપણે બાયોગેસ યોજનામાં ૨૫ ઘનમીટર, ૩૫ ઘનમીટર, ૪૫ ઘનમીટર, ૬૦ ઘનમીટર અને ૮૫ ઘનમીટર સુધીની ક્ષમતાવાળા બાયોગેસ પ્લાન્ટ લગાવી શકીએ છીએ. ક્રમશ ૨૫ ઘનમીટર હોય તો રૂ.૧૩ લાખ સુધી, ૩૫ ઘનમીટર હોય તો રૂ. ૧૫ લાખ સુધી, ૪૫ ઘનમીટર હોય તો રૂ. ૧૭.૫૩ લાખ સુધી ૬૦ ઘનમીટર હોય રૂ. ૨૦.૬૩ લાખ અને ૮૫ ઘનમીટર સુધી રૂ. ૨૬.૪૮ લાખની કિંમત થતી હોય છે. પાંજરાપોળ, એન.જી.ઓ. જેવી બિનનફાકીય સંસ્થાઓ માટે રાજ્ય સરકાર ૭૫ ટકા સુધીની સબસિડી આપે છે અને કોમર્શિયલ માટે ૫૦ ટકા સુધીની સબસિડી આપે છે.

ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

*15/8/288**શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

	પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ**	**વાવેતર (હેક્ટરમાં)**
			૨૦૨૪–૨૫	૭૩૧.૦૦
			૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)	૯૫૫.૦૦

(૨)	તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	**વર્ષ** / **ખર્ચ (રૂ. લાખમાં)** ૨૦૨૪-૨૫ : ૧૩૫૫.૯૬ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) : ૧૧૭૧.૭૧

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીની સંમતિના અનુસંધાનમાં આ ગૃહ અને માનનીય મંત્રીશ્રીને વનીકરણ યોજનામાં જણાવવા માગું છું કે આપણા દેશના વડાપ્રધાન માનનીય મોદી સાહેબની પ્રેરણાથી ખેડૂતોની આવક બમણી કરવા માટે આશરે ૨૮-૨૯ વર્ષ પહેલાં મારા ફાર્મહાઉસમાં લાલ ચંદન ઉગાડ્યા હતા. મને પણ ખબર નથી કે લાલ ચંદન શું છે. હું સાચું બોલું છું. જોવા હોય તો મારા ફાર્મ ઉપર આવજો તમને આમંત્રણ છે.

અધ્યક્ષશ્રી : એની જાણકારી કર્ણાટક સુધી આપવાની જરૂર નથી.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જેમ પાંચ ઝાડો રક્ષિત છે એમ કેન્દ્ર સરકારશ્રીની પરવાનગીના અનુસંધાનમાં લાલ ચંદનના રોપા નર્સરીમાં ઉછેરવા માટે અને કટિંગ માટે લગભગ બે વર્ષ પહેલાં જાહેર હિસાબ સમિતિના તે વખતના અમારા ચેરમેનશ્રી અને વર્તમાન કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી અને રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીએ અથાગ પ્રયત્નો કરી આમાં ખૂબ રસ લીધો છે.

અધ્યક્ષશ્રી : તમારી આખી પબ્લિક એકાઉન્ટ કમિટીએ ખૂબ રસ લીધો હતો. હવે ટૂંકમાં સીધું કહી દો.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ખેડૂતની ખેતીને નુકસાન થતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે સીધા મુદ્દા ઉપર આવી જાઓ.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો મુદ્દો એ છે કે અત્યારે મારા લાલ ચંદનની ત્રીસ વર્ષની પરિપકવતા થઇ ગઇ છે. આ ચંદનનો નિકાસ અરેબિયન કન્ટ્રીમાં થાય છે. જો વન વિભાગ દ્વારા આના વેચાણની વ્યવસ્થા થાય અને દરેક નર્સરીમાં લાલ ચંદનના રોપા ઉછેરવામાં આવે તો ખેડૂતોની આવક વધે અને માનનીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબનું સપનું સાકાર થાય. સાગ અને સિસમ કરતાં આ અતિ કિમતી લાકડું છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, મંજૂરી મળે એટલો જ પ્રશ્ન છેને?

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની મંજૂરી મળી ગઇ છે પણ પરિપકવ થયા પછી એની નિકાસ થાય છે. અહીંયા હિન્દુસ્તાનમાં...

અધ્યક્ષશ્રી : નર્સરીમાં એના રોપાનો ઉછેર કરે એટલો જ પ્રશ્ન છેને?

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હા. એના રોપાનો ઉછેર થાય. આજે આખા ગુજરાતમાં લગભગ ઓછામાં ઓછી...

અધ્યક્ષશ્રી : આપની વાત સમજી ગયા. જયારે વિગતવાર ભાષણ કરવાનું હોય ત્યારે વિગત આપજો.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો સવાલ છે કે દરેક નર્સરીમાં જેમ બીજા રોપાનું વાવેતર થાય છે એમ જો લાલ ચંદનનું વાવેતર થાય તો ખેડૂતોને વાજબી ભાવે મળે. કારણ કે એ છોડ મળતા નથી.

અધ્યક્ષશ્રી : દરેક નર્સરીમાં આવું વાવેતર કરવા માગો છો કે કેમ? એટલો જ પ્રશ્ન છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, દરેક નર્સરીમાં આવું વાવેતર કરવા માગો છો કે કેમ અને જે પાક થયો હોય એની વેચાણ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? એ જણાવવા મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્રશ્ન છેલ્લે કહ્યો એ બે લાઇનવાળો જ છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો ખૂબ સારો પ્રશ્ન છે. એમની દુવિધા પણ ખૂબ સારી છે. જે લોકો રક્તચંદનનું વાવેતર કરે છે એના વેચાણ માટે અમે પોતે અને વિભાગ ચિંતિત છે કે આવનાર સમયમાં આનું સારી રીતે માર્કેટ ઊભું થાય એ માટેની વ્યવસ્થા અમે કરવા જઇ રહ્યા છીએ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ક્ષેત્રિય વનીકરણમાં જે વૃક્ષારોપણ થાય છે તેમાં ફળ ફળાદિના વૃક્ષો રોપવા માગો છો કે કેમ? કેમ કે ક્ષેત્રિય વનીકરણમાં ઘણી વખત માનવીને કે કોઇ પશુ, ઢોર ઢાંખરને ઉપયોગી ના થાય એવા પ્રકારના જ વૃક્ષો વવાય છે તો ફળ ફળાદિના વૃક્ષો વાવવા માગો છો કે કેમ ? બીજુ, ક્ષેત્રિય વનીકરણમાં જે પણ રોપા રોપાય છે તે રોપાયા બાદ ઉછેર માટે, માવજત માટે એક રોપા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવે છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગોધરા જિલ્લાનો પ્રશ્ન છે એટલે અલગથી માહિતી માગશે તો અમે આપીશું.

અધ્યક્ષશ્રી : તમે લેખિતમાં આપજો એમણે આખા રાજયનું નથી માગ્યું. ફ્રુટની કિમત કેટલી થાય, ફળાઉ ઝાડ હોય તો તેની કિમત કેટલી? તે હોય તો તમે આપજો.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વનીકરણ તે માત્ર સરકારની જ નહીં આપણી બધાની સામૂહિક જવાબદારી છે તો આ વનીકરણની અંદર આ તાલુકામાં કેટલી સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ આવેલી છે ? અને સરકાર સાથે મળીને કેવી રીતે કામગીરી કરે છે તે પણ માનનીય મંત્રીશ્રી ગૃહને જણાવે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, કુલ જોઇન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ કમિટી તે જંગલ વિસ્તાર માટે બહુ મહત્ત્વની કમિટી છે. અત્યારે જે સહભાગી જોઇન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ કમિટી ચાલી રહી છે તેમાં ૬૧૪૫ હેકટર વિસ્તારને આવરી લીધેલ છે. આને પણ અમે સ્ટ્રેન્ધનિંગ કરવા માટે વિચાર કરી રહ્યા છીએ. જોઇન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ કમિટી હસ્તક કેવી રીતે સ્થાનિક પ્રજાનું એમ્પાવર્મેન્ટ થઇ શકે માટે અમે વિચારી રહ્યા છીએ.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં કેટલાં નવા રોપા રોપવામાં આવેલ છે તેની માહિતી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા તાલુકામાં વર્ષ ૨૦૨૪–૨૫ની અંદર ૨૧ ગામોમાં ૬.૫૧ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે અને વર્ષ ૨૦૨૫–૨૬ની અંદર ૨૩ ગામોમાં ૯.૪૩ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલું છે.

કચ્છ અને જૂનાગઢ જીલ્લામાં વન વિભાગની જમીનો પર ગેરકાયદે દબાણ

* 15/8/330**શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશેકેઃ–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને જુનાગઢ જિલ્લામાં વન વિભાગ હસ્તકની કુલ કેટલી જમીનો પર ગેરકાયદે દબાણની કેટલી ફરિયાદો મળી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતે છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વન વિભાગ હસ્તકની જમીન પર ગેરકાયદે દબાણની કોઈ ફરિયાદ મળી નથી; જયારે કચ્છ જિલ્લાના ભારાપર જંગલ સર્વે નં.૩૩૯ની આશરે ૭ એકર જમીન પર ગેરકાયદે દબાણની એક ફરિયાદ મળી હતી
(૨)	ઉક્ત ફરિયાદો સંદર્ભે કેટલા દબાણો હટાવવામાં આવ્યા, અને	(૨)	ઉક્ત ફરિયાદ પરત્વે દબાણકર્તા સામે "ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦" હેઠળ કાર્યવાહી હાથ ધરેલ. જેની સામે દબાણકર્તાએ નામ.ઉચ્ચ અદાલતમાં અપીલ કરતા નામ.ઉચ્ચ અદાલત દ્વારા તા.૧૫/૧૦/૨૦૨૫ના હુકમથી સ્ટે ઓર્ડર આપેલ છે, જેથી દબાણ હટાવવામાં આવેલ નહીં.
(૩)	ઉક્ત ફરિયાદો અન્વયે કેટલા ઇસમો સામે વિભાગ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી?	(૩)	ઉક્ત ફરિયાદ અન્વયે એક ઈસમ– જગદીશભાઈ આણંદજી ઠક્કર સામે વિભાગ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને એવો જવાબ મળ્યો છે કે, કચ્છમાં ૭ એકર જમીનમાં દબાણ છે અને ગ્રાઉન્ડ ઉપર ઘણાં બધા લોકોની ફરિયાદો સાંભળી. છાપાઓ બહુ જ ગંભીર નોંધ લઇ રહ્યાં છે. બહુ જ રીસ્પેકટફૂલી મંત્રીશ્રીને વિનંતી કરું છું, સવાલ પણ પૂછું છું છાપાઓએ છેલ્લાં ૬ મહિનામાં એવા રિપોર્ટસ કર્યા છે કે, ૭૦ હજાર હેકટર જમીનમાં રિઝર્વ્ડ ફોરેસ્ટ અને સેન્ચ્યુરી સહિતના ૭૦ હજાર હેકટર જમીનમાં દબાણ છે. મને જવાબ મળ્યો છે ૭ એકર તો કયાં ૭ એકર અને કયાં ૭૦ હજાર એકર? આની ઉપરાંત ૧૯ હજાર બોરવેલ ગેરકાયદેસર રીતે બની ગયા છે. ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ રેડ પાડવા જાય તો તેમની ઉપર હુમલો કરવાની ધમકીઓ મળે છે.

અધ્યક્ષશ્રી : સીધો પ્રશ્ન પૂછો, પ્રશ્ન ઉપર આવો.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, શિકારપુર ગામમાં પોલીસ ફાયરિંગમાં ચાર લોકો ઘવાયા એટલે આ ૭૦ હજાર હેકટર જમીનના દબાણ અંગે છાપાં જે અહેવાલો લખી રહ્યા છે તેની બાબતે માનનીય મંત્રીશ્રી કોઇ તપાસ કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન જે વ્યવસ્થાની અંદર પૂછવામાં આવ્યો તે જ જવાબ અમે વ્યવસ્થામાં છાપીને જ આપ્યો છે એટલે તેના ઉપર અમે કાયમ છીએ કે ૭ એકરની અંદર જ દબાણ છે અને તેના માટે જ કાર્યવાહી કરવામાં આવેલ છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત સરકારનું ધ્યાન દોરવા પણ માગું છું, જે જિગ્નેશભાઇએ જે પ્રશ્ન પૂછયો છે તેમાં દબાણનો જે મુદ્દો આવ્યો છે તેની અંદર ગીર જંગલ વિસ્તારમાં જે જિલ્લાઓ આવે છે અને

તે જિલ્લામાં આર.એફ છે, પી.એફ છે અને વાઇલ્ડ લાઇફ પણ છે. તો મારી સરકારશ્રીને અને મંત્રીશ્રીને વિનંતી છે કે રેવન્યુની સાથે જોઇન્ટ સરવે કરાવીને જંગલનું આર.એફ.કયાં છે, પી.એફ.કયાં છે અને વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીની આપણી બોર્ડર કયાં છે? ઘણી વખત ખેડૂતોને ખબર નથી હોતી કે જંગલની જમીન છે અથવા જંગલવાળાને ખબર નથી કે આ ખેડૂતની જમીન છે. એટલે આવા વિવાદો અમારે ગીર ફોરેસ્ટનાં ઘણાં બધાં ગામડાંઓમાં થાય છે. આના માટે એક પાયલોટ પ્રોજેકટ બનાવીને જો આનો એક જોઇન્ટ સરવે ખાલી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ નહીં પણ બન્ને ડિપાર્ટમેન્ટ સાથે રહીને કરાવવામાં આવે તો ઘણી બધી સમસ્યાઓ આવનારા સમયમાં હળવી થઇ જાય તો આવો કોઇ પાયલોટ પ્રોજેકટ સરકાર બનાવવા માગે છે કે કેમ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારી વાત કરી છે. હાલમાં આપણે બાઉન્ડ્રી ડીમાર્કેશનનું કામ કરતા હોઇએ છીએ. જ્યાં જ્યાં પ્રશ્નો આવતા હોય છે એ માટે આવનારા સમયમાં જેટલા પણ રિઝર્વ ફોરેસ્ટ છે, જેટલી પણ જગ્યાઓ છે એને ડિજિટલ રીતે જી.ઓ.ફેન્સ કરવું, જી.આઇ.એસ. મેપિંગ કરવું એ પ્રકારની કામગીરી પણ કરવામાં આવશે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન સાથે એક માહિતી પણ આપવા માગું છું કે, જે પ્રકારે કચ્છની વાત થઇ, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી મોદી સાહેબે 'એક પેડ માં કે નામ' જ્યારે આ વસ્તુની વાત કરી ત્યારે લોકોએ એને સ્વીકારી અને મને આ ગૃહના માધ્યમથી, આપના માધ્યમથી આપને પણ જ્યારે પર્યાવરણમાં ખૂબ રસ લઇને સીડ બોલ્સના પ્રયોગ કરતાં મેં જોયા છે. પર્વતો ઉપર જઇને આપ સીડ બોલ્સ ફેંકાવો છો. એના કારણે લાખોની સંખ્યામાં વૃક્ષો ઉગે છે. 'એક પેડ માં કે નામ' માનનીય નરેન્દ્રભાઇએ લોન્ચ કર્યું તો મારા વિધાનસભા મત વિસ્તારમાં સદ્ભાવના વૃદ્ધાશ્રમ સંસ્થાના માધ્યમથી ..

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન પર આવી જાઓ.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, એક માહિતી હતી અને એ સંદર્ભે જ પ્રશ્ન પૂછી રહ્યો છું કે સદભાવના વૃદ્ધાશ્રમ મારફતે ૧.૨૫ લાખથી વધુ ઝાડ માંડવી મતવિસ્તારમાં વવડાવી રહ્યો છું અને એ કાર્ય શરૂ થઇ રહ્યું છે તો હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કચ્છ જિલ્લામાં તાલુકાવાર વન વિસ્તાર કેટલો આવેલો છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, બાયો ડાયવર્સિટી જાળવવા માટે કચ્છ જિલ્લો બહુ મહત્ત્વનો છે. એમાં ભુજ, મુન્દ્રા, અંજાર, ભચાઉ, રાપર, માંડવી, લખપત, નખત્રાણા, અબડાસા, અને બન્ની ઘાસ વિસ્તાર એ મળીને કુલ ૫.૬૮ લાખ વિસ્તાર ત્યાં આવેલો છે અને ત્યાં ખૂબ અલગ અલગ પ્રકારની કામગીરી થઇ રહી છે. ખૂબ પશુ–પંખીઓ અને પ્રાણીઓ ત્યાં વસવાટ કરી રહ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો ઉચ્ચ અદાલતમાં ગયા હતા અને સ્ટે લીધેલ છે તો આપણી સરકાર એની સામે સુપ્રીમકોર્ટમાં ગઇ છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : સ્કોપ બહારનો પ્રશ્ન છે. અલગથી પ્રશ્ન પૂછશે તો જવાબ આપીશું. આ કચ્છ અને જૂનાગઢ જિલ્લાના દબાણનો પ્રશ્ન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : આ સ્કોપ બહારનો પ્રશ્ન ક્યાં છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આ બાબતે આપ કંઇ કહેવા માગો છો?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કાર્યવાહી સબ–જ્યુડિશ છે એટલે એ બાબતે જે યોગ્ય કાર્યવાહી કરવાની થશે એ કરવામાં આવશે. (અંતરાય) સબ જ્યુડિશ છે અને એના માટેની યોગ્ય કાર્યવાહી ચાલે છે. માનનીય ભગાભાઇ બારડે વાત કરી કે જોઇન્ટ સરવે કરવો જોઇએ. આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે હમણાં જ આપણે ત્યાં લગભગ ૬૦ જેટલા વન વિભાગના સર્વેયરોની નવી નિમણૂકો કરી છે એટલે સરવેની કામગીરીમાં જે થોડી અડચણો આવતી હતી એ નહીં આવે. જ્યાં ડિસ્પ્યૂટ હશે ત્યાં વન વિભાગના સર્વેયરો અને મહેસૂલના સર્વેયરોનો સહકાર લઇને જોઇન્ટ માપણી કરાવી શકીશું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, જવાબ મળી ગયો. એટલા માટે કે માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે સબ–જ્યુડિશ છે એટલે એની ચર્ચા અહીંયા નહીં કરી શકીએ. એક સિનિયર મંત્રીશ્રીએ અનુભવ્યું છે કે જ્યાં કોર્ટમાં મેટર ચાલતી હોય તો એની ચર્ચા અહીંયા નથી થતી. છતાં એમણે એવો જવાબ આપ્યો છે કે યોગ્ય જે કરવા જેવું હશે એ બધું કરશે. પૂરેપૂરો જવાબ મળી ગયો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કહે છે કે સ્કોપ બહારનો પ્રશ્ન છે એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : એટલા માટે એમાં કેબિનેટ મંત્રીશ્રી ઊભા થયા.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલો વન વિસ્તાર છે અને શ્રી સી.કે. રાઉલજીએ કહ્યું એ મુજબ જૂનાગઢ જિલ્લામાં બાકીના વિસ્તારમાં લાલ ચંદન વાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : ચંદન એ બાયો–ડાયવર્સિટી દેખીને થતું હોય છે. જગ્યા, જમીનની ફળદ્રુપતા જોઇને નક્કી થતું હોય છે, છતાં માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

ફાલ્ગુન ૦૧, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

રાજ્યના ખેડૂતોને એજીઆર -૫૦ ટ્રેક્ટર અંતર્ગત સહાય

*15/8/73:**શ્રી દિવ્યેશભાઈ રણછોડભાઈ અકબરી** (જામનગર (દક્ષિણ)): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં એજીઆર ૫૦ ખેતીના ભારે સાધનો ટ્રેક્ટર) ની ખરીદીની યોજનામાં ખેડૂતોને(ઘટક મળતીસબસિડીમાં કોઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ,અને	(૧)	હા
(૨)	જો હા, તો તે ઘટકમાં સરકારશ્રી દ્વારા સહાયની કેટલી રકમનો વધારો કરવામાં આવેલ છે?	(૨)	આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ સુધી ૪૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના મોડેલ માટે ખર્ચના ૨૫% અથવા રૂ. ૪૫,૦૦૦/– ની મર્યાદામાં બે માંથી જે ઓછુ હોય તે તથા ૪૦ પી.ટી.ઓ હોર્સ પાવરથી વધુ અને ૬૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના મોડેલ માટે ખર્ચના ૨૫% અથવા રૂ.૬૦,૦૦૦/– ની મર્યાદામાં બે માંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવતી હતી. આ સહાય ઘોરણામાં સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૫–૨૬ થી વધારો કરી ૨૦ પી.ટી.ઓ હોર્સ પાવરથી વધુ અને ૬૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના મોડેલ માટે ખર્ચના ૨૫% અથવા રૂ. ૧,૦૦,૦૦૦/– ની મર્યાદામાં બે માંથી જે ઓછુ હોય તે સહાય નિયત કરવામાં આવેલ છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના મારફતે ગુજરાતના ખેડૂતોને ઐતિહાસિક રાહત પેકેજ અને સાથોસાથ ટેકાના ભાવે મગફળીની ખરીદીના ઐતિહાસિક નિર્ણય માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ અને માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે ટ્રેક્ટર સહાય માટે એ.જી.આર. ૫૦ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાઇઝ કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવામાં આવી?

અધ્યક્ષશ્રી : કેટલા ખેડૂત છે અને કેટલી રકમ આપી છે? જામનગર જિલ્લાના બે પ્રશ્નો છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાઇઝ કહ્યું છે.

અધ્યક્ષશ્રી : હા, તાલુકાવાઇઝ કેટલી રકમ અને કેટલા ખેડૂતો? (અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિવ્યેશભાઇ જે પ્રશ્ન કર્યો છે, મેં અગાઉ પણ વાત કરી છે. વખત ઘણી ચર્ચા થતી હોય છે એટલે સભાગૃહની સમક્ષ પણ માહિતી રહે એટલા માટે ટ્રેક્ટર માટેની સહાયમાં અહીંયા ઘણી વખત પંજાબની ચર્ચાઓ ખૂબ થાય છે. પંજાબના આખા રાજ્યમાં કૃષિ યાંત્રિકીકરણ એટલે એમાં તમામ નાના–મોટા સાધનો માત્ર રૂ.૭૦૦ કરોડ કૃષિ સાધનો માટે બજેટમાં અમે જોગવાઇ કરી છે ત્યારે સમગ્ર યાંત્રિકીકરણમાં ટ્રેક્ટર પણ આવી જાય. માત્ર રૂ.૫૦૦ કરોડ પંજાબમાં રાખ્યાં છે. કર્ણાટકની ચર્ચાઓ થતી હોય છે ત્યારે કર્ણાટકમાં રાજ્યનું કૃષિ યાંત્રિકીકરણ એટલે સમગ્ર યાંત્રિકીકરણ એટલે નાનું–મોટું ટ્રેક્ટર ૫૦ હોર્સ પાવર એ રૂ.૪૮૮ કરોડનું છે. મને કહેતાં આનંદ છે કે સૌથી વધારે અહીંયા રૂ.૮૦૦ કરોડ છે. નાના ખેડૂતોની વારંવાર ચર્ચા કરે છે એટલે વાત કરું છું. એ પણ અહીંયા ના બોલત તો વાંધો નથી. હું પણ રાજ્યની જ ચર્ચા કરત. નહીતર પંજાબમાં એ પેકેજમાં કેવી રીતે જોગવાઇ કરી છે એની પણ ચર્ચા કરવા તૈયાર છું. વાતો બહુ કરે છે. રેકર્ડ ઉપર પણ છે. એમની અપેક્ષા હોય તો હું ના બોલું. અહીંયા માત્ર રાજ્યના હિત અને રાજ્યના વિકાસની ચર્ચા કરવી જોઇએ. જે માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે (અંતરાય) જ્યારે બોલવું હોય ત્યારે મજા આવે છે પણ સાચી હકીકત કર્ણાટક અને પંજાબની સાંભળવાની હોય ત્યારે તકલીફ પડે છે. હું તો ખાલી ધ્યાને મૂકું છું કે પંજાબ અને કર્ણાટકની સ્થિતિ (અંતરાયF

એ ખેડૂતોની વાત કરે છે ત્યારે જ્યારે પણ એમને ચર્ચા કરવી હોય તો હું રાહત પેકેજની પણ ચર્ચા કરવા માટે તૈયાર છું. એટલે ખેડૂતોને સભ્યશ્રીએ જે સવાલ કર્યો છે માત્ર માહિતી હું આપતો હતો. કારણ કે સાચું સાંભળવું એ માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષની ટેવ નથી. માત્ર દેકારો કરીને બહાર જવું, વાતો કરવાની ટેવ છે. સન્માનીય સભાગૃહ સમક્ષ હું વાત મૂકું છું કે ધ્રોલની અંદર ૧૫૯ ખેડૂતો (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ જવાબ ઉપર આવી જાવ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ધ્રોલની અંદર ૧૫૯ ખેડૂતો અને ૧૫૯ લાખ રૂપિયા. જામજોધપુર ૨૦૩ ખેડૂતો ૨૦૩ લાખ રૂપિયા, જામનગર શહેર ૧ ખેડૂત ૧ લાખ રૂપિયા. જામનગરમાં ૩૦૪ ખેડૂતો ૩૦૪ લાખ રૂપિયા, જોડિયા ૧૯૮ ખેડૂતો ૧૯૮ લાખ રૂપિયા, કાલાવડ ૨૮૭ ખેડૂતો ૨૮૭ લાખ રૂપિયા, લાલપુર ૨૪૩ ખેડૂતો ૨૪૩ લાખ રૂપિયા. માનનીય દિવ્યેશભાઇએ જે વાત કરી છે એમાં જામનગર જિલ્લા અને તાલુકા સહિત કુલ લાભાર્થી ખેડૂતોની સંખ્યા ૧૩૯૫ છે. માનનીય અધ્યક્ષશ્રી, એમાં ચૂકવાયેલી રકમ ૧૯૩૫ લાખ રૂપિયા છે. મેં અગાઉ વાત કરી એ પ્રમાણે જે ટ્રેક્ટર લઇને નીકળે છે એ ટ્રેકટર ખેડૂતોને રાજ્ય સરકારે સહાયથી આપેલા ટ્રેક્ટર છે. ભૂતકાળમાં કોઇ વિપક્ષે આપ્યાં નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જે ભૂલી ગયા છે એ શું કામ યાદ કરાવો છો**?**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કરું છું કે જે પ્રકારે ખેડૂતોને મદદ કરીને એમના જીવનની અંદર યાંત્રિકીકરણના સાધનો માનનીય ભૂપેન્દ્રભાઇ અને માનનીય જગદીશભાઇ બેઠાં છે એમના નેતૃત્વમાં ચાલતી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ સગવડ કરી છે. જામનગર એક જિલ્લાની વાત કરું છું કે કુલ ૧૩૯૫ ખેડૂતોને તા.૧૩/૧૨/૨૦૨૫ની સ્થિતિ રૂ.૧૩૯૫ લાખ રૂપિયા અપાયા છે. મને કહેતા આનંદ છે કે માનનીય ભૂપેન્દ્રભાઇ અને માનનીય જગદીશભાઇની નેતૃત્વમાં ચાલતી અમારી સરકારે ખેડૂતો માટે હંમેશા (અંતરાય) હજુ પણ કહુ છું કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બસ હવે બેસી જાવ. ભાઇ, બેઠા બેઠા ચર્ચા નહીં કરીએ. શાંતિ રાખો. બેઠા બેઠા અવાજ નહીં કરીએ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે તમારા મતવિસ્તારમાં ૨૦ હોર્સ પાવરથી ૫૦ હોર્સ પાવર સુધીનું ટ્રેકટર જોઇતું હોય તો અમને જણાવે. લક્ષ્યાંક ઉપરાંત પણ ભારતીય જનતા પાર્ટીની માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અને અમારા માનનીય જગદીશભાઇ પ્રમુખ અહીંયા બેસે છે અને એમના નેતૃત્વમાં ચાલતી સરકાર એ આપવા માટે તૈયાર છે. અમારું આ કમિટમેન્ટ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

અમદાવાદ જિલ્લાની નરોડા જી.આઇ.ડીસી. ની કેમિકલ કંપનીઓ દ્વારા છોડવામાં આવતો ઝેરી ગેસ

15/8/106શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્થિત નરોડા જી.આઇ.ડી.સી વિસ્તારમાં કેમિકલ ઉત્પાદન કરતી કંપનીઓ રાત્રે ઝેરી ગેસ છોડે છે તે અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,	(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્થિત નરોડા જી.આઇ.ડી.સી વિસ્તારમાં કેમિકલ ઉત્પાદન કરતી કંપનીઓ રાત્રે ગેસ છોડે છે તે અંગેનીચે મુજબ કુલ ૦૭ (સાત) ફરિયાદો મળેલ. વર્ષ ૨૦૨૪ – ૧ વર્ષ–૨૦૨૫ – ૬
(૨)	ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદો અન્વયે કેટલી કંપનીઓની સામે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ચકાસણી કરવામાં આવી,અને	(૨)	ઉકત ફરિયાદો અન્વયે નીચે મુજબ કંપનીઓની સામે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ચકાસણી કરવામાં આવી. વર્ષ ૨૦૨૪ – ૧ વર્ષ–૨૦૨૫ – ૦૬ (છ)
(૩)	ઉકત ફરિયાદો અંતર્ગત કઈ કંપનીઓ સામે શા પગલાં લીધા?	(૩)	સદર રજૂઆતો અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. ૧. મે. પશુપતિ ઇન્ડસ્ટ્રીઝ, જી. આઈ. ડી. સી., નરોડા – હવા પ્રદૂષણ અધિનિયમ ૧૯૮૧ હેઠળ બંધનો હુકમ પાઠવેલ અને રૂ. ૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ)નો પર્યાવરણીય વળતર (ઇ. ડી. સી.) તથા રૂ. ૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ)ની બેન્ક ગેરંટી લીધેલ ૨. મે. એમ. એસ. કેમિકલ – હવા પ્રદૂષણ અધિનિયમ

				& કે. એસ. કેમિકલ, જી. આઈ. ડી. સી., નરોડા	૧૯૮૧ હેઠળ ત્રુટીઓ જોવા મળેલ મળેલ નથી.
			૩.	મે. રાજીવ ઉદ્યોગ, જી. આઈ. ડી. સી., નરોડા	હવા પ્રદૂષણ અધિનિયમ ૧૯૮૧ હેઠળ કારણ દર્શક નોટિસ પાઠવેલ
			૪	મે. નરોડા એન્વાયરો પ્રોજેક્ટ લિમિટેડ, સીઇટીપી, જી. આઈ. ડી. સી., નરોડા	હવા પ્રદૂષણ અધિનિયમ ૧૯૮૧ હેઠળ કારણ દર્શક નોટિસ પાઠવેલ
			૫	મે. દીશમાન કારબોજેન અમીક્સ લિ.. જી. આઈ. ડી. સી., નરોડા	હવા પ્રદૂષણ અધિનિયમ ૧૯૮૧ હેઠળ જોવા મળેલ ત્રુટીઓ અન્વયે લેખિત સૂચનાઓ પાઠવેલ.
			૬.	નરોડા જી.આઈ.ડી.સી વિસ્તાર	નરોડા જી.આઈ.ડી.સી વિસ્તાર માં હવા પ્રદુષણ ની ફરીયાદ ના અનુસંધાને મુલાકાત દરમિયાન હવા પ્રદુષણ જોવા મળેલ નહિ.
			૭	નરોડા જી.આઈ.ડી.સી વિસ્તાર	નરોડા જી.આઈ.ડી.સી વિસ્તાર માં હવા પ્રદુષણ ની ફરીયાદ ના અનુસંધાને મુલાકાત દરમિયાન હવા પ્રદુષણ જોવા મળેલ નહિ.

અમદાવાદ શહેરમાં ડીસેમ્બર માસમાં વાયુ પ્રદૂષણ બાબત

15/8/298શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	અમદાવાદ શહેરના કયા વિસ્તારોમાં ડિસેમ્બર,૨૦૨૫ના કુલ કેટલા દિવસો એવા નોંધાયેલ કે જે દિવસે તે વિસ્તારમાં હવા પ્રદુષણની વાયુ ગુણવત્તાનો સૂચકાંક(AQI)૩૦૦ કરતાં વધારે હતો,અને	(૧)	શૂન્ય
(૨)	આ વાયુ પ્રદૂષણ ઓછું કરવા સરકારે શું ઉપાયાત્મક પગલા લીધા છે?	(૨)	ઉપરોકત વિગતે માહિતી શૂન્ય છે. વધુમાં, રાજ્યના ચાર મહત્વના શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ તથા સુરત માટે નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP)– "સ્વચ્છ વાયુ અભિયાન" અંતર્ગત હવા પ્રદુષણ નિયંત્રણમા રહે તે હેતુસર એક્શન પ્લાન ઘડી નાખવામાં આવેલ છે, જેના અમલીકરણની કાર્યવાહી પ્રગતિમાં છે. આ એક્શન પ્લાન અંતર્ગત; (૧) ઔદ્યોગિક હવા પ્રદુષણ નિયંત્રણના પગલાં, (૨) વાહનોના ધુમાડાથી થતા હવા પ્રદુષણ નિયંત્રણના પગલાં, (૩) બાંધકામની પ્રવૃતિથી થતા હવા પ્રદુષણ નિયંત્રણના પગલાં, (૪) માર્ગ ઉપરના Road Dustથી થતા હવા પ્રદૂષણના નિયંત્રણ માટેના પગલાં, (૫) ઘરગથ્થુ ગંદા કચરાના દહનને નિયંત્રણના પગલાં, નો મુખ્યત્વે વિષયો તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

ઉમરગામ તાલુકામાં કમોસમી વરસાદને કારણે થયેલ પાક નુકશાન

15/8/316 : શ્રીરમણલાલ નાનુભાઈ પાટકર (ઉમરગામ)**: માનનીય કૃષિ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉમરગામ તાલુકામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલ નુકશાન બાબતે કેટલું વળતર આપવામાં આવેલ છે,	(૧)	"કૃષિ રાહત પેકેજ–ઓકટોબર–૨૦૨૫" હેઠળ કુલ૩.૪,૩૨,૧૨,૬૦૦/–ની રકમની સહાય આપવામાં આવેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવામાં આવી, અને	(૨)	૨,૨૪૫.
(૩)	ઉક્ત સ્થિતિએ બાકી રહેલ ખેડૂતોને કયાં સુધીમાં આર્થિક સહાય ચૂકવવામાં આવશે?	(૩)	નિયમોનુસાર પાત્રતા ધરાવતા બાકી રહેલ ખેડૂતોને શક્ય તેટલા વહેલા સહાય ચૂકવવામાં આવશે.

નવસારી જિલ્લામાં પશુઓનું રસીકરણ

15/8/77શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઈ (નવસારી)**:માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને	(૧)	૮,૬૫,૭૧૬
(૨)	આ રસીકરણ કયા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું?	(૨)	વિવિધ જીવાણુજન્ય અને વિષાણુજન્ય રોગો

તાપી જિલામાં પપૈયા પાકના વાવેતર માટે પ્રોત્સાહન

15/8/83: શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ રાજયમાં ખેડૂતોને પપૈયા ફળપાકના વાવેતર માટે સરકારશ્રી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો પપૈયા ફળ પાકના વાવેતર માટે તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ–૨૫૨ લાભાર્થીઓને ૩.૪૩,૪૯,૦૧૭/–

મહેસાણા જિલ્લામાંખેડૂતોને એજીઆર- ૫૦ ટ્રેક્ટર અંતર્ગત સહાય

15/8/72:**શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ(કે.કે.પટેલ)** (ઉંઝા):**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં એજીઆર ૫૦ ટ્રેક્ટર સહાય યોજના અંતર્ગત ટ્રેક્ટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડૂતોની અરજીઓ મળીઅને,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જીલ્લામાં એજીઆર ૫૦ ટ્રેક્ટર સહાય યોજના અંતર્ગત ટ્રેક્ટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોની અરજીઓ મળી,અને

ક્રમ	તાલુકાનું નામ	મળેલ અરજીઓની સંખ્યા
૧	બેચરાજી	૩૩૯
૨	જોટાણા	૧૮૧
૩	કડી	૬૫૭

			૪ ખેરાલુ ૮૭૪ ૫ મહેસાણા ૬૭૩ ૬ સતલાસણા ૬૩૪ ૭ ઉંઝા ૨૯૧ ૮ વડનગર ૫૯૮ ૯ વિજાપુર ૧૩૪૩ ૧૦ વિસનગર ૫૫૦ કુલ ૬૧૪૦
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી?	(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી. ક્રમ / તાલુકાનું નામ / સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા ૧ બેચરાજી ૧૨૦ ૨ જોટાણા ૭૫ ૩ કડી ૨૩૯ ૪ ખેરાલુ ૧૯૫ ૫ મહેસાણા ૨૧૯ ૬ સતલાસણા ૧૪૪ ૭ ઉંઝા ૭૯ ૮ વડનગર ૧૪૫ ૯ વિજાપુર ૩૭૧ ૧૦ વિસનગર ૧૫૩ કુલ ૧૭૪૦

પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિ અને માવઠાને કારણે થયેલ પાક નુકશાની પેટે ચૂકવેલ સહાય બાબત

***15/8/131 :ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ)**: માનનીય કૃષિ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	સને૨૦૨૫ના વર્ષમાં પાટણજિલ્લામાં અતિવૃષ્ટિ અને માવઠાના કારણે ખેડૂતોનાપાકને થયેલ નુકસાન અન્વયે સહાય મંજૂર કરવામાં આવી છે તે હકીકત સાચી છે કે કેમ	(૧)	હા, ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૫ માસમાં ભારે વરસાદ અંતર્ગત અસરગ્રસ્ત જિલ્લાઓ માટે રાજય સરકાર તરફથી "કૃષિ રાહત પેકેજ" જાહેર કરેલ છે. જેમાં પાટણ જિલ્લા સમાવેશ થયેલ છે.
(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ખેડૂતોને મળવાપાત્ર સહાય પૈકી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,	(૨)	**સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા** / **ચૂકવેલ સહાયની રકમ રૂ.** ૬૪,૪૭૧ / ૨૪૧,૭૦,૫૪,૧૩૬/–
(૩)	ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર કેટલી સહાય કયા કારણોસર ચૂકવવાની બાકી છે, અને	(૩)	સાધનિક કાગળોમાં ક્ષતિ પૂર્તતા, બેંક વિગતોમાં આવેલ વિસંગતતા જેવા કારણોસર નીચે મુજબ સહાય ચૂકવવાની બાકી છે. **સહાય ચૂકવવાની બાકી ખેડૂતોની સંખ્યા** / **રિમાર્કસ** ૩૩૧ / બાકી રહેલ અરજીઓની પાત્રતા નક્કી કરી વિસ્તાર આધારીત (પ્રતિ હેકટર મુજબ) સહાય ચૂકવવાની થતી હોય સહાય ચૂકવવાની બાકી રકમ અરજીની પાત્રતાની ચકાસણી થયા બાદ નક્કી થઈ શકે.
(૪)	ઉક્તબાકી રહેલ સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?	(૪)	નિયમોનુસાર પાત્રતા ધરાવતા ખેડૂતોને શક્ય તેટલા વહેલા સહાય ચૂકવવામાં આવશે.

વાંસદા અને ચીખલી તાલુકામાં કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકસાન

15/8/247 : શ્રીઅનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાંસદા અને ચીખલી તાલુકામાં કમોસમી વરસાદના કારણે કેટલા ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવામાં આવી અને કેટલાને કયા કારણોસર આર્થિક સહાય ચૂકવવાની બાકી છે, અને	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાંસદા તાલુકાના ૧૦૧૧૩ ખેડૂતોને અને ચીખલી તાલુકાના ૪૨૮૪ ખેડૂતોને નિયમોનુસાર ચૂકવવાપાત્ર સહાય ચૂકવવામાં આવેલ છે, વાંસદા તાલુકામાં ૨૦૩ ખેડૂતો અને ચીખલી તાલુકામાં ૫૦ ખેડૂતોના બેંક એકાઉન્ટ સંબંધિત ક્ષતિ પુર્તતા બાકી હોવાના કારણોસર સહાય ચૂકવવાની બાકીછે.
(૨)	ઉક્ત બાકી રહેલ આર્થિક સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?	(૨)	નિયમોનુસાર પાત્રતા ધરાવતા ખેડૂતોને શક્ય તેટલા વહેલા સહાય ચૂકવવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના

15/8/265ડો.મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી) **:માનનીય કલાઇમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના અંતર્ગત કુલ કેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે, અને	(૧)	કુલ-૧૦
(૨)	તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવી છે?	(૨)	૧૦ બાયોગેસ પ્લાન્ટના લાભાર્થીઓને ૩.૧,૬૬,૮૯,૮૨૫/– (એક કરોડ છાંસઠ લાખ નેવ્યાસી હજાર આઠસો પચ્ચીસ) રકમની સહાય પુરી પાડવામાં આવી છે.

–––––

જૂનાગઢ જીલ્લામાં મગફળી, સોયાબીન અને ચણાની ટેકાના ભાવે ખરીદી બાબત

15/8/321 : શ્રીગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લાં છ મહિનામાં મગફળી, સોયાબીન,અને ચણાનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે જૂનાગઢ જીલ્લામાં તાલુકાવાર જણસદીઠ કેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કર્યા.	(૧)	મગફળી અને સોયાબીન પાકના ખે રજીસ્ટ્રેશનની વિગત પત્રક–૧ મુજબ છે તે ચણા પાકનું રજીસ્ટ્રેશન થયેલ નથી.
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિ સુધીમાં તાલુકાવાર જણસવાર કુલ કેટલા ખેડૂતોએ વેચાણ કર્યુ, અને	(૨)	પત્રક– ૨ મુજબ.

(૩)	ઉક્ત ખેડૂતો પૈકી ઉક્ત વેચાણ માટે કેટલા ખેડૂતોને ચુકવણું કરવામાં આવ્યું અને કેટલાને બાકી છે?	(૩)	પત્રક– ૩ મુજબ.

પત્રક–૧

તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લાં છ મહિનામાં મગફળી અને સોયાબીનનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જણસદીઠ ખેડૂતોનુ થયેલ રજિસ્ટ્રેશન

મગફળી		**સોયાબીન**	
તાલુકા	**ખેડૂત રજીસ્ટ્રેશન**	**તાલુકા**	**ખેડૂતરજીસ્ટ્રેશન**
ભેસાણ	૧૧૬૮૪	ભેસાણ	૨૮૪૪
જૂનાગઢ	૬૮૯૧	જૂનાગઢ	૫૯૬૨
કેશોદ	૧૯૯૬૮	કેશોદ	૩૮૦
માળીયા હાટીના	૧૬૨૫૨	માળીયા હાટીના	૪૯૮
માણાવદર	૧૬૭૩૯	માણાવદર	૯૪૭
માંગરોળ	૧૧૫૧૬	માંગરોળ	૪૪
મેંદરડા	૮૧૭૬	મેંદરડા	૨૫૯૫
વંથલી	૧૦૩૪૮	વંથલી	૧૫૯૮
વિસાવદર	૧૩૦૦૯	વિસાવદર	૫૩૮૫

પત્રક–૨

તાલુકાવાર જણસવાર કરેલ વેચાણની ખેડૂતોની સંખ્યાની વિગત

મગફળી		**સોયાબીન**	
તાલુકા	**વેચાણ કરેલ ખેડૂતોની સંખ્યા**	**તાલુકા**	**વેચાણ કરેલ ખેડૂતોની સંખ્યા**
ભેસાણ	૮૪૧૯	ભેસાણ	૨૨૬૦
જૂનાગઢ	૫૬૧૨	જૂનાગઢ	૪૮૧૭
કેશોદ	૧૭૪૩૫	કેશોદ	૧૮૮
માળીયા હાટીના	૧૫૧૨૫	માળીયા હાટીના	૨૯૧
માણાવદર	૧૫૮૪૬	માણાવદર	૭૮૫
માંગરોળ	૭૪૦૨	માંગરોળ	૧૮
મેંદરડા	૭૪૮૮	મેંદરડા	૨૦૭૧
વંથલી	૯૬૬૬	વંથલી	૧૨૪૫
વિસાવદર	૯૩૫૩	વિસાવદર	૩૯૬૬

પત્રક –૩

ખેડૂતોને કરેલ ચુકવણું તથા બાકી ચુકવણાની વિગત

મગફળી			**સોયાબીન**		
તાલુકા	**ચુકવણું કરેલ ખેડૂત**	**ચુકવણું બાકી રહેલ ખેડૂત**	**તાલુકા**	**ચુકવણું કરેલ ખેડૂત**	**ચુકવણું બાકી રહેલ ખેડૂત**
ભેસાણ	૨૯૪૧	૫૪૭૮	ભેસાણ	૧૩૩૯	૯૨૧
જૂનાગઢ	૨૬૧૯	૨૯૯૩	જૂનાગઢ	૪૫૯૪	૨૨૩
કેશોદ	૧૬૬૯૬	૭૩૯	કેશોદ	૧૮૪	૪
માળીયા હાટીના	૧૧૬૬૮	૩૪૫૭	માળીયા હાટીના	૨૪૯	૪૨
માણાવદર	૭૪૪૯	૮૩૯૭	માણાવદર	૭૩૯	૪૬

માંગરોળ	૫૦૬૩	૨૩૩૯	માંગરોળ	૧૭	૧
મેંદરડા	૫૩૭૪	૨૧૧૪	મેંદરડા	૧૯૨૫	૧૪૬
વંથલી	૭૪૩૨	૨૨૩૪	વંથલી	૯૪૨	૩૦૩
વિસાવદર	૪૪૬૪	૪૮૮૯	વિસાવદર	૨૫૩૯	૧૪૨૭

છોટાઉદેપુર જીલ્લા ખાતે ડેરી વિજ્ઞાન કેન્દ્ર બનાવવાબાબત

15/8/155 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લા ખાતે ડેરી વિજ્ઞાન કેન્દ્ર બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે તે હકીકત ખરી છે.	(૧)	હા
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યાં તબકકે છે?	(૨)	૧. છોટાઉદેપુર જીલ્લા ખાતે ડેરી વિજ્ઞાન કેન્દ્ર સ્થાપવા માટે કલેકટરશ્રીના પરામર્શમાં જમીન સંપાદન માટેની કામગીરી પ્રગતિમાં છે. ૨. તાલીમ તથા પરિસંવાદોનું આયોજન કરી લક્ષિત જૂથને વૈજ્ઞાનિક પધ્ધતિથી દૂધ ઉત્પાદન કરવા અંગેની તાલીમો આપવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઝાંઝરવા ગામે પ્રદૂષણ ફેલાવતી કંપની સામે ફરિયાદ

15/8/98શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઝાંઝરવા ગામે સ્થિત પથ્થરનો પાવડર બનાવતી કંપની દ્વારા વ્યાપક પ્રદૂષણ ફેલાય છે તેવી કેટલી ફરિયાદો સરકારને મળી, અને	(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઝાંઝરવા ગામે સ્થિત પથ્થરનો પાવડર બનાવતી કંપની દ્વારા પ્રદુષણ ફેલાય છે તેવી ૦૨ ફરિયાદો ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને મળેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે કઈ કંપનીઓમાં સામે શાં પગલા લેવામાં આવ્યા ?	(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદ અન્વયે મે. વનરાજ મિનરલ્સ પ્રા. લી., ઝાંઝરવા ગામ, તા. અમીરગઢ, જી. બનાસકાંઠા ને તા. ૨૭/૦૩/૨૦૨૫ ના પત્રથી કારણદર્શક નોટીસ પાઠવેલ છે.

અમદાવાદ જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય

15/૪/85: શ્રી કાળુભાઈ રૂપાભાઈ ડાભી (ધંધુકા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં સરકારશ્રી દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને	(૧)	હા
(૨)	જો હા, તો શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ–૯૦૫ લાભાર્થીઓને રૂ.૨,૦૫,૧૭,૬૪૧ /–

પંચમહાલ જિલ્લામાંમનરેગાયોજનામાંથયેલગેરરીતિ.

15/8/420 શ્રીઅમિતચાવડા (આંકલાવ) :**માનનીયગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવાકૃપાકરશેકે.–

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં મનરેગા અંતર્ગતના વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર–ગેરરીતિની કેટલી ફરિયાદો મળેલછે,	(૧)	૩૩
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી રકમની ગેરરીતિ–ભ્રષ્ટાચાર થયાનું ધ્યાનમાં આવેલ છે, અને	(૨)	ઉક્ત ફરિયાદો અન્વયે કોઈ ભ્રષ્ટાચાર–ગેરરીતિ અંગેની રકમ ધ્યાનમાં આવેલનથી.
(૩)	ઉકત ભ્રષ્ટાચાર–ગેરરીતી સંદર્ભે કોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધાયેલ શિક્ષિત બેરોજગારો

15/8/38**શ્રી જેઠાભાઈ આહીર (ભરવાડ)** (શહેરા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં જિલ્લા રોજગાર વિનીમય કચેરીમાં કેટલા શિક્ષીત બેરોજગારો નોંધાયેલ છે,અને	(૧)	૩૧૮૯૧
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી?	(૨)	૨૭૪૦૩

રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

15/8/67 :શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ)**: માનનીય કૃષિ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	૧૦૫
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૪૬
(૩)	તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩.૧૦૪ લાખ

જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સહાય.

15/8/378 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.**-**

પ્રશ્ન	જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) હેઠળ કુલ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવેલ છે,	(૧)	**જિલ્લો** / **રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) હેઠળસ્વસહાય જૂથોની સંખ્યા** જામનગર — ૩૮૨ દેવભૂમિ દ્વારકા — ૩૨૨
(૨)	ઉક્ત સ્થિતિએ આવા સ્વસહાય જૂથોને છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય આપવામાં આવેલ છે, અને	(૨)	**જિલ્લો** / **આપવામાં આવેલ સહાય** જામનગર — ૩. ૮૧૫.૫૫ લાખ દેવભૂમિ દ્વારકા — ૩. ૧૩૦.૭૫ લાખ
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે?	(૩)	રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) હેઠળ સ્ટાર્ટઅપ ફંડ, રિવોલ્વીંગ ફંડ, કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ, બેંક ધિરાણ પર વ્યાજ સહાય, PMFME (પ્રધાનમંત્રી ફુડ એન્ડ માઇક્રો ઇન્ટરપાઇઝ) યોજના અંતર્ગત સિડ કેપીટલ, પ્રોડ્યુસર ગૃપોને ઇન્ફ્રાસ્ટ્રકચર અને વર્કીંગ કેપીટલ ફંડ આપવામાં આવે છે.

———————

પંચમહાલ જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

15/8/78શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૨૨૪
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ?	(૨)	કુલ ૩. ૨,૩૪,૧૧,૬૯૧/–

———————

બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રૂફટોપ સોલાર પેનલ સહાય

15/8/82: શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કોલ્ડ સ્ટોરેજમાં રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?	(૨)	૩. ૬,૬૮,૭૭,૯૦૦/–

————————

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રોજગારી

15/8/114 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજનાઅંતર્ગતમહિસાગર અને પંચમહાલ જિલ્લામાં કેટલા શ્રમિકોને રોજગારી આપવામાં આવી છે, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં નીચેની વિગતે શ્રમિકોને રોજગારી આપવામાં આવી છે.

ક્રમ	જિલ્લાનું નામ	શ્રમિકોને આપવામાં આવેલ રોજગારી	
		વર્ષ ૨૦૨૪-૨૫	વર્ષ ૨૦૨૫-૨૬(તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ)
૧	મહીસાગર	૫૬૨૯૬	૫૭૬૮૫
૨	પંચમહાલ	૧૩૩૦૨૭	૧૦૮૧૦૮

(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને ઓછામાં ઓછી ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવી?	(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શ્રમિકો પૈકી નીચેની વિગતે શ્રમિકોને ઓછામાં ઓછી ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવી.

ક્રમ	જિલ્લાનું નામ	ઓછામાં ઓછી ૧૦૦ દિવસની રોજગારી આપેલ શ્રમિકોની સંખ્યા	
		વર્ષ ૨૦૨૪-૨૫	વર્ષ ૨૦૨૫-૨૬(તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ)
૧	મહીસાગર	૨૩૦	૭૨
૨	પંચમહાલ	૨૨૩૧	૫૬૯

———————

છોટાઉદેપુર જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેતીને થયેલ નુકશાનની સહાય બાબત

15/8/230 : શ્રીઅભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા)**: માનનીય કૃષિ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેતીને થયેલ નુકશાનની કેટલી રકમમંજૂર કરવામાં આવી, અને	(૧)	પત્રક –૧ મુજબ.
(૨)	તે પૈકી કુલ કેટલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી?	(૨)	પત્રક –૨ મુજબ.

પત્રક–૧

તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં કમોસમી વરસાદના કારણે ખેતીને થયેલ નુકશાન સહાયની રકમ પ્રતિ હેકટર મહતમ બે હેકટરની મર્યાદામાં જાહેર કરવામાં આવી.

વર્ષ	**જાહેર કરેલ પેકેજ**	**સહાયના ધોરણો (પ્રતિ હેકટર)**
૨૦૨૪	"કૃષિ રાહત પેકેજ–કપાસ–ઓકટોબર–૨૦૨૪"	SDRF હેઠળ કુલ ૩.૮,૫૦૦/– અને રાજય ભંડોળ માંથી વધારાની કુલ ૩.૨,૫૦૦/–ની સહાય મળી કુલ ૩.૧૧,૦૦૦/–ની સહાય
૨૦૨૫	"કૃષિ રાહત પેકેજ–ઓકટોબર–૨૦૨૫"	૧.બિન પિયત ખેતી પાકો: SDRF હેઠળ કુલ ૩.૮,૫૦૦/– અને રાજય ભંડોળમાંથી વધારાની કુલ ૩.૧૩,૫૦૦/–ની સહાય મળી કુલ ૩.૨૨,૦૦૦/–ની સહાય ૨. પિયત પાકો માટે: SDRF હેઠળ કુલ ૩.૧૭,૦૦૦/– અને રાજય ભંડોળમાંથી વધારાની કુલ૩.૫,૦૦૦/–ની સહાય મળી કુલ ૩.૨૨,૦૦૦/–ની સહાય ૩. બહુવર્ષાયુ પાકો માટે: SDRF હેઠળ કુલ ૩.૨૨,૦૦૦/– ની સહાય

પત્રક–૨

"કૃષિ રાહત પેકેજ–કપાસ–ઓકટોબર–૨૦૨૪" અને "કૃષિ રાહત પેકેજ–ઓકટોબર–૨૦૨૫" અંતર્ગત સહાય ચુકવવામાં આવેલ ખેડૂતોની સંખ્યા

જાહેર કરેલ પેકેજ	સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા	ચૂકવેલ સહાયની રકમ (રૂ.)
"કૃષિ રાહત પેકેજ–કપાસ–ઓકટોબર–૨૦૨૪"	૧૦૬૨	૧,૬૨,૦૪,૭૭૪/–
"કૃષિ રાહત પેકેજ– ઓકટોબર–૨૦૨૫"	૭૨,૮૯૮	૨૧૪,૭૬,૨૬,૭૯૯/–

ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/8/287**શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ** (ધરમપુર): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ** – **હેક્ટર** ૨૦૨૪–૨૫ – ૮૫૦ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) – ૭૩૮
(૨)	તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	**વર્ષ** – **ખર્ચ (રૂ. લાખમાં)** ૨૦૨૪–૨૫ – ૫૩૪.૯૮ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) – ૩૭૩.૭૧

નર્મદા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય

15/8/69: **ડૉ.દર્શના ચંદુભાઈ દેશમુખ** (નાંદોદ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિ એ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા ૬૬૮ અરજીઓ મળી,
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	તે પૈકી ૩૭૭ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને
(૩)	તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	તે પૈકી૩.૧૨,૬૧,૨૦૩/– સહાય ચૂકવવામાં આવી.

રાજકોટ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

15/8/344**શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશેકે.–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટની રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયા,અને	(૧)	સમયગાળો / શિક્ષિત / અર્ધશિક્ષિત / કુલ તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૫ / ૪૨૫૭૨ / ૫૯૬૩ / ૪૮૫૩૫
(૨)	તે પૈકી કેટલા બેરોજગારોને વર્ષવાર રોજગારી મળી?	(૨)	વર્ષ / શિક્ષિત / અર્ધશિક્ષિત / કુલ ૨૦૨૪ / ૨૦૦૩૯ / ૩૦૨૩ / ૨૩૦૬૨ ૨૦૨૫ / ૧૯૬૯૫ / ૨૭૯૪ / ૨૨૪૮૯ કુલ / ૩૯૭૩૪ / ૫૮૧૭ / ૪૫૫૫૧

અમદાવાદ જિલ્લામાં એજીઆર-૫૦ ટ્રેક્ટર અંતર્ગત સહાય

15/8/71: **શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ** (દસક્રોઈ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં એજીઆર ૫૦ ટ્રેક્ટર સહાય યોજના અંતર્ગત ટ્રેક્ટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડૂતોની અરજીઓ મળી,અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જીલ્લામાં એજીઆર ૫૦ ટ્રેક્ટર સહાય યોજના અંતર્ગત ટ્રેક્ટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોની અરજીઓ મળી,અને

ક્રમ	તાલુકાનું નામ	મળેલ અરજીઓની સંખ્યા
૧	અસારવા	૦
૨	બાવળા	૧૨૪૪
૩	દશક્રોઈ	૬૧૮
૪	દેત્રોજ	૨૮૦
૫	ધંધુકા	૫૨૬
૬	ધોલેરા	૨૪૮
૭	ધોળકા	૧૬૬૬
૮	ધાટલોડીયા	૨
૯	માંડલ	૬૩૧
૧૦	મણિનગર	૦
૧૧	સાબરમતી	૦
૧૨	સાણંદ	૧૩૬૩
૧૩	વટવા	૬
૧૪	વેજલપુર	૧૦
૧૫	વિરમગામ	૧૩૭૦
	કુલ	૭૯૬૪

(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી?	(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી.

ક્રમ	તાલુકાનું નામ	સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા
૧	અસારવા	૦
૨	બાવળા	૪૦૫
૩	દશક્રોઈ	૨૦૦
૪	દેત્રોજ	૮૦
૫	ધંધુકા	૧૪૧
૬	ધોલેરા	૮૭
૭	ધોળકા	૪૬૦
૮	ધાટલોડીયા	૧
૯	માંડલ	૧૫૮
૧૦	મણિનગર	૦
૧૧	સાબરમતી	૦
૧૨	સાણંદ	૪૨૮

			૧૩	વટવા	૨	
			૧૪	વેજલપુર	૨	
			૧૫	વિરમગામ	૩૯૩	
				કુલ	૨૩૫૭	

સુરેન્દ્રનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/8/80શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈપરમાર (દસાડા):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ગાય–ભેંસ માટેની વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૫૫૪
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	૩.૨૨,૦૨,૧૫૦/–

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં શાહુકાર ધારોની જોગવાઇ મુજબ કરેલ કાર્યવાહી

15/8/417શ્રીદિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવારપાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ચાલતી બિન અધિકૃત ધિરાણ પ્રવૃતિઓને શોધીને તેની ઉપર અંકુશ મેળવવા શાહુકાર ધારાની જોગવાઇ મુજબ કેટલા ઇસમોને શોધી કાઢવામાં આવ્યા, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં શાહુકાર ધારાની જોગવાઇ મુજબઅનુક્રમે ૪૪ અને ૧૯૮ તપાસ હાથ ધરવામાં આવેલ છે જેમાં કોઇ બિન અધિકૃત ધિરાણ પ્રવૃતિઓ જોવા મળેલ નથી.
(૨)	ઉક્ત ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?	(૨)	બિનધિકૃત ધિરાણની પ્રવૃતિ મળેલ ન હોઇ કાર્યવાહી કરવાનો પ્રશ્ન નથી.

જુનાગઢ કૃષિ યુનીવર્સીટી હેઠળ મોરબી ખાતે કૃષિ કોલેજ શરુ કરવા અંગે

15/8/118:શ્રીદુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા (ટંકારા) : માનનીય **કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ કૃષિ યુનીવર્સીટી હસ્તકની મોરબી ખાતે નવી કૃષિ કોલેજ બનાવવા માટે અંદાજ પત્ર ૨૦૨૫–૨૬માં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી, અને	(૧)	સરકારશ્રી દ્વારા મોરબી ખાતે નવી કૃષિ કોલેજનું બિલ્ડીંગ બનાવવા માટે વર્ષ ૨૦૨૫–૨૬માં કુલ ૩.૭.૧૯ કરોડની નાણાકીય જોગવાઈ મંજૂર કરેલ છે.
(૨)	મોરબી કૃષિ કોલેજનું બાંધકામ કયારે શરૂ કરવામાં આવનાર છે?	(૨)	બાંધકામ અંગેના ટેન્ડર કરવાનીપ્રક્રિયા હાલ પ્રગતી હેઠળ છે.

સાબરકાંઠા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન બાબત

15/8/76શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

અતારાંકિત પ્રશ્નો

	પ્રશ્ન			જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને		(૧)	૧૪૪
(૨)	તેમાં કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી?		(૨)	૧૮,૭૧૬

મહિસાગર જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

15/8/79શ્રી માનસિંહ કોહ્યાભાઇ ચૌહાણ (બાલાસિનોર):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૨૫૮
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ?	(૨)	કુલ રૂ. ૨,૬૭,૯૪,૩૪૧ /–

––––––––

બોટાદ જિલ્લામાં પશુ દવાખાના અને એમ્બ્યુલન્સ

15/8/173શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ)**:માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં જિલ્લા લેવલનું પશુ દવાખાનું બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને	(૧)	વર્ષ ૨૦૨૫–૨૬માં નવીન મકાન બાંધકામ યોજના મંજુર થયેલ અને આ બાબતે માર્ગ અને મકાન વિભાગની નિયત ટાઇપ ડિઝાઇન માટે ફાળવેલ જમીન કરતાં વધારેની જમીનની જરૂરિયાત સૂચવેલ હોય, જરૂરિયાતમુજબની જમીન મેળવવા માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.
(૨)	ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી પશુ એમ્બ્યુલન્સ કાર્યરત છે અને તાલુકાવાર બાકી ગામોમાં પશુ એમ્બ્યુલન્સ સેવા આપવાનું આયોજન છે કે કેમ?	(૨)	૧૦(દસ) અ.નં | તાલુકા | સંખ્યા ૧ | બોટાદ | ૩ ૨ | બરવાળા | ૧ ૩ | ગઢડા | ૪ ૪ | રાણપુર | ૨ કુલ | ૧૦ બોટાદ જિલ્લાના તમામ તાલુકાના તમામ ગામો પશુ એમ્બ્યુલન્સ સેવા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ખેડા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય

15/8/68:**શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા ૨૩૧૮ અરજીઓ મળી,
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	તે પૈકી ૧૪૮૬ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩)	તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	તે પૈકી ૩૫૭.,૦૫,૨૩૩/- સહાય ચૂકવવામાં આવી.

અમરેલી જિલ્લામાં આંબા ફળપાક માટે પ્રોત્સાહન

15/8/84:શ્રી જનકભાઇ તળાવિયા (લાઠી): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ રાજ્યમાં ઘનિષ્ટ ખેતીથી વાવેલ આંબા ફળપાક માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ-૩૯૪ લાભાર્થીઓને રૂ. ૧,૩૦,૨૪,૭૩૪/-

---

વેરાવળ બંદરની જેટી ઉપર હાઇ માસ્ટર લાઇટનાં અભાવની ફરિયાદો

15/8/350 : શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથમાં વેરાવળ બંદર પર માછીમારની મિલકતની સુરક્ષા માટે જેટી ઉપર હાઇ માસ્ટર લાઇટનો અભાવ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,અને	(૧)	૧૦
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો નિવારવા સરકાર દ્વારા શી કાર્યવાહી કરી?	(૨)	બંદર પરની હાઇમાસ્ટ ટાવરની લાઇટ્સની ચકાસણી કરી અંશત: ૬ બંધ લાઇટ્સને સ્થાને નવી લાઇટ્સ લગાડવાની કામગીરી હાથ ધરેલ છે.

અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં આવેલ ફેકટરીઓમાં શ્રમિકોને લઘુત્તમ વેતન મુજબ મહેનતાણું ન મળતું હોવાની ફરિયાદો

15/8/107**શ્રી અમૃતજી મોતીજી ઠાકોર** (કાંકરેજ):**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**

<table>
<tr>
<td>(૧)</td>
<td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં આવેલ ફેક્ટરીઓમાં કામ કરતા શ્રમિકોને લઘુત્તમ વેતન મુજબ મહેનતાણું ચૂકવાતું નહિ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને</td>
<td>(૧)</td>
<td>
<table>
<tr><td>૧</td><td>૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪</td><td>અમદાવાદ</td><td>૨૨</td></tr>
<tr><td></td><td></td><td>બનાસકાંઠા</td><td>૦૦</td></tr>
<tr><td colspan="3">કુલ</td><td>૨૨</td></tr>
<tr><td>૨</td><td>૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫</td><td>અમદાવાદ</td><td>૩૨</td></tr>
<tr><td></td><td></td><td>બનાસકાંઠા</td><td>૦૦</td></tr>
<tr><td colspan="3">કુલ</td><td>૩૨</td></tr>
</table>
</td>
</tr>
<tr>
<td>(૨)</td>
<td>ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે શ્રમિકોને પુરતું મહેનતાણું મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી?</td>
<td>(૨)</td>
<td>(૧) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આવેલ ફેક્ટરીઓમાં કામ કરતાં શ્રમિકોને લઘુત્તમ વેતન મુજબ મહેનતાણું મળી રહે તે માટે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.
❖ વર્ષ–૨૦૨૪ માં કુલ ૨૨ ફરીયાદો ૨૫ ફેક્ટરીઓ વિરુધ્ધ મળેલ. જે પૈકી ૦૧ ફરિયાદ ૦૪ ફેક્ટરીઓ વિરુધ્ધની હતી.
➢ જે પૈકી ૨૦ ફરિયાદોમાં કુલ ૨૩ ફેક્ટરીઓમાં ૨૩ નિરીક્ષણો કરવામાં આવેલ.
• ૦૯ ફરિયાદોમાં ૧૨ ફેક્ટરીઓ દ્વારા શ્રમયોગીઓને લઘુતમ વેતન કરતાં વધારે પગાર ચુકવવામાં આવતો હોવાનું માલુમ પડેલ છે.
• ૦૧ ફરિયાદમાં ૦૧ ફેક્ટરી દ્વારા નિરીક્ષણ બાદ ૦૪ શ્રમયોગીઓને પગાર તફાવતની રકમ રૂ.૨૭,૪૫૬ /– ચુકવવામાં આવેલ છે.
• ૧૦ ફરિયાદોમાં ૧૦ ફેક્ટરીઓ દ્વારા નિરીક્ષણ દરમિયાન ફેક્ટરીઓને પાઠવેલ તપાસનોંધની પૂર્તતા ન કરતાં ફેક્ટરીઓ વિરુધ્ધ લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ નામદાર લેબર કોર્ટ ખાતે કુલ – ૧૦ કોર્ટ કેસો દાખલ કરવામાં આવેલ છે.
➢ ૦૨ ફરિયાદોમાં ૦૨ ફેક્ટરીઓ દ્વારા ૦૯ શ્રમયોગીઓને સમાધાનથી લઘુતમ વેતન મુજબનો પગાર તફાવતનું કુલ રૂ. ૭૮,૫૦૦/– નું ચુકવણું કરાવવામા આવેલ છે.

❖ વર્ષ–૨૦૨૫ માં કુલ ૩૨ ફરીયાદો ૩૨ ફેક્ટરીઓ વિરુધ્ધ મળેલ.
➢ જે પૈકી કુલ ૨૯ ફરિયાદોમાં ૨૯ ફેક્ટરીઓમાં ૨૯ નિરીક્ષણો કરવામાં આવેલ.
• ૧૫ ફરિયાદોમાં ૧૫ ફેક્ટરીઓ દ્વારા શ્રમયોગીઓને લઘુતમ વેતન કરતાં વધારે પગાર ચુકવવામાં આવતો હોવાનું માલુમ પડેલ છે.
• ૦૨ ફરિયાદમાં ૦૨ ફેક્ટરી દ્વારા નિરીક્ષણ બાદ ૨૯ શ્રમયોગીઓને પગાર તફાવતની રકમ રૂ. ૧,૪૧,૯૬૮/– ચુકવવામાં આવેલ છે.
• ૦૯ ફરિયાદોમાં ૦૯ ફેક્ટરીઓ દ્વારા નિરીક્ષણ દરમિયાન ફેક્ટરીઓને પાઠવેલ તપાસનોંધની પૂર્તતા</td>
</tr>
</table>

			ન કરતાં ફેક્ટરીઓ વિરુધ્ધ લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ નામદાર લેબર કોર્ટ ખાતે કુલ ૦૯ કોર્ટ કેસો દાખલ કરવામાં આવેલ છે. • ૦૨ ફરિયાદોમાં ૦૨ ફેક્ટરીઓ સામે નિરીક્ષણ દરમિયાન પાઠવેલ તપાસનોંધની પૂર્તતા ફેક્ટરીઓ દ્વારા રજુ કરવાની બાકી છે. • ૦૧ ફેક્ટરી સામે ૦૧ ફરિયાદમાં શ્રમયોગી દ્વારા ફરિયાદ પરત ખેંચેલ છે. ➢ ૦૩ ફરિયાદોમાં ૦૩ ફેક્ટરીઓ દ્વારા ૦૬ શ્રમયોગીઓને સમાધાનથી લઘુતમ વેતન મુજબનો પગાર તફાવતનું કુલ રૂ. ૮૩,૭૧૪/– નું ચુકવણું કરાવવામા આવેલ છે. (૨) ઉક્ત સ્થિતિએ શ્રમિકોને પુરતું મહેનતાણું મળી રહે તે અંગેની બનાસકાંઠા જિલ્લામાં કોઈ ફરિયાદ મળેલ ન હોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નર્મદા જિલ્લામાં વન વિભાગ દ્વારા રસ્તા અને બ્રિજના કામો અટકાવવા બાબત

15/8/28**શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા** (દેડીયાપાડા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૨૦/૦૧/૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં વન વિભાગ દ્વારા અન્ય વિભાગ હસ્તકના રસ્તાઅને બ્રિજના કામો અટકાવવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,	(૧)	હા, જી
(૨)	જો હા, તો તેની વિગત શી છે તથા ઉકત કામો અટકાવવાના શાં કારણો છે, અને	(૨)	વન/અભ્યારણ્ય વિસ્તારમાં ૦૬(છ) રસ્તા અને બ્રિજના કામો માટે સંબંધિત વિભાગ/યુઝર એજન્સી દ્વારા દરખાસ્ત કરી મંજુરી મેળવવામાં આવેલ ન હોવાથી વન વિભાગ દ્વારા જરુરી મંજુરી મેળવવા જણાવવામાં આવેલ.
(૩)	ઉકત કામો કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?	(૩)	રસ્તા/બ્રિજના ૦૬(છ) કામો પૈકી ૦૨(બે)કામોને નિયમાનુસારની મંજુરી આપવામાં આવેલ છે. બાકીના ૦૪(ચાર) કામોની દરખાસ્તો પુર્તતા હેઠળ છે.

કચ્છ જીલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ

15/8/4**શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૧)

વર્ષ	તાલુકો	ચેકડેમની સંખ્યા	વન તલાવડીઓની સંખ્યા
૨૦૨૪-૨૫	ભુજ	૦	૩૮
	ભચાઉ	૦	૬
	રાપર	૦	૭
	નખત્રાણા	૦	૭
	અબડાસા	૦	૩
	લખપત	૧	૨૩
	માંડવી	૦	૫
૨૦૨૫-૨૬(તા.૩૧-૧૨-૨૦૨૫ ની સ્થિતિએ)	ભુજ	૧	૨૮
	મુંદ્રા	૦	૧૪
	ભચાઉ	૦	૧૦
	રાપર	૦	૧૩
	નખત્રાણા	૦	૩
	લખપત	૧	૧
	માંડવી	૦	૫

(૨) તેની પાછળ તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

વર્ષ	તાલુકો	ચેકડેમ પાછળ થયેલ ખર્ચ (રૂ.લાખમાં)	વન તલાવડીઓ પાછળ થયેલ ખર્ચ (રૂ.લાખમાં)	તાલુકાવાર કુલ ખર્ચ (રૂ.લાખમાં)
૨૦૨૪-૨૫	ભુજ	૦.૦૦	૧૫૨.૧૨	૧૫૨.૧૨
	ભચાઉ	૦.૦૦	૨૩.૦૫	૨૩.૦૫
	રાપર	૦.૦૦	૩૦.૬૪	૩૦.૬૪
	નખત્રાણા	૦.૦૦	૨૯.૭૫	૨૯.૭૫
	અબડાસા	૦.૦૦	૧૧.૭૬	૧૧.૭૬
	લખપત	૧.૮૪	૮૮.૩૦	૯૦.૮૪
	માંડવી	૦.૦૦	૨૩.૭૩	૨૩.૭૩
૨૦૨૫-૨૬ (તા.૩૧-૧૨-૨૦૨૫ ની સ્થિતિએ)	ભુજ	૪.૫૦	૧૦૪.૮૨	૧૦૯.૩૨
	મુંદ્રા	૦.૦૦	૫૮.૪૦	૫૮.૪૦
	ભચાઉ	૦.૦૦	૪૧.૫૨	૪૧.૫૨
	રાપર	૦.૦૦	૫૪.૮૮	૫૪.૮૮
	નખત્રાણા	૦.૦૦	૧૦.૭૦	૧૦.૭૦
	લખપત	૪.૯૯	૪.૯૮	૯.૯૭
	માંડવી	૦.૦૦	૨૨.૯૧	૨૨.૯૧

રાજ્યમાં એગ્રી બિઝનેસ પોલીસી

15/8/183:**ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં એગ્રી બિઝનેસ પોલીસીની મુદત ક્યારે પૂર્ણ	(૧)	તા.૦૬/૦૫/૨૦૨૧

	થઈ? (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પોલીસી નવી બનાવવા માટેનું આયોજન છે કે કેમ?	(૨)	હા, જી.

રાજ્યમાં માદા વાઘ લાવવા બાબતે રજૂઆત

15/8/331શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): **માનનીયવન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રીય નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટીને ગુજરાતમાં માદા વાઘ લાવવા બાબતે છેલ્લા બે વર્ષમાં રજૂઆત કરવામાં આવી છેતે હકીકત સાચી છે,	(૧) હા, જી.
(૨)	જો હા તો, ઉકત રજૂઆત કયારે કરવામાં આવી, અને	(૨)તા.૨૪/૧૧/૨૦૨૫ના રોજ
(૩)	ઉકત રજૂઆત સંદર્ભે શી કાર્યવાહી થઈ?	(૩)ઉકત બાબત નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટી, ભારત સરકારશ્રીના સ્તરે વિચારણા હેઠળ છે.

પાટણ જિલ્લામાં તાલુકાવાર ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સ સેવા

15/8/132ડૉ.કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) :માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કયા ગામો ૧૯૬૨ એનીમલ મોબાઈલ મેડીકલ એમ્બ્યુલન્સ સેવાથી વંચિત છે,	(૧)	સામેલ પત્રક મુજબ
(૨)	ઉકત ગામો ઉકત સહાયથી વંચિત રહેવાના કારણો શાં છે, અને	(૨)	જે ગામોમાં પશુદવાખાના, પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઉપકેંદ્ર તથા અન્ય પશુસારવાર સંસ્થાઓ મારફતે પશુ સારવારની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ છે તેવા ગામોમાં અલગથી ૧૯૬૨ એનિમલ મોબાઈલ મેડિકલ એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવતી નથી. પાટણ જિલ્લાના કુલ ૫૨૪ ગામોમાંથી ૨૦૭ ગામોમાં ૧૯૬૨ એનિમલ મોબાઈલ મેડિકલ એમ્બ્યુલન્સ દ્વારા પશુ સારવારની સેવાઓ આપવામાં આવે છે, જ્યારે બાકીના ૩૧૭ ગામોમાં ૧ (એક) વેટરનરી પોલિક્લિનિક, ૩૩ પશુદવાખાના, ૧૬ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો, ૫૦ ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઉપ કેન્દ્રો તથા ૪ અન્ય પશુસારવાર કેન્દ્રો મળી કુલ ૧૦૪ પશુસારવાર સંસ્થાઓ દ્વારા પશુ સારવાર ઉપલબ્ધ છે. તેથી કોઈ ગામ પશુ સારવારથી વંચિત નથી. આ ઉપરાંત, મહેસાણા જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (દૂધ સાગર ડેરી) મારફતે ચાણસ્મા, પાટણ, શંખેશ્વર, સમી, સરસ્વતી, સિદ્ધપુર અને હારીજ તાલુકાના તમામ ગામોના સભાસદોને તેમજ, બનાસકાંઠા જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (બનાસ ડેરી) મારફતે પણ રાધનપુર અને સાંતલપુર તાલુકાના તમામ ગામોના સભાસદોને પશુ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
(૩)	ઉકત બાકી રહેલ ગામોને ઉકત સેવા ક્યાં સુધીમાં પૂરી પાડવામાં આવશે ?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પાટણ જિલ્લામાં તાલુકાવાર ૧૯૬૨ મોબાઈલ એમ્બ્યુલન્સ સેવાથી વંચિતરહેલ ગામોની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	તાલુકાનું નામ	ગામની વિગત
૧	સાંતલપુર	એવાલ, ચારણકા, ફાંગલી, ઝઝામ, વરણોસરી, વાવડી, કીલાણા, કેશરગઢ, બોરૂડા, ચારંડા, ધ્રાન્ડવા, ઝંડાલા, ગઢા, રામપુરા, કોરડા, જામવાડા, પાટણકા, આલુવાસ, ધોકાવાડા, જાખોત્રા, વૌવા, બરારા, બકુત્રા, બાવરડા, બાબરા, સિધાડા, ડાલડી, ઉનરોટ, જારૂષા, ઝેકડા, ઝાંઝણસર, કોલીવાડા, જોરાવરગઢ, કુલપુરા, શેરપુરા, પર, કલ્યાણપુરા, રણમલપુરા, દાત્રાણા, મઢુત્રા, રોઝુ, ગરામ્બડી, સાંતલપુર, રાજુસરા, છાણસરા, પરસુંદ, વાઘપુરા, નલિયા, કમાલપુરા, લાખાપુરા, વારાહી, સાદપુરા, નવાગામ, વાન્ઢીયા, ઉંદરગઢા, હમીરપુરા, લુણીચણા, આતંરનેસ, પીંપરાળા

૨	રાધનપુર	લોટીયા, ઠીકરીયા, પાણવી, ચલવાડા, દેવ, સુલતાનપુરા, સુબાપુરા, અરજણસર, અલ્હાબાદ, બંધવડ, સુરકા, જાવંત્રી, લીમ્બડકા, સાંથલી, રંગપુરા, ભીલોટ, મેમદાવાદ, કોલ્હાપુર, શેરગંજ, પોરાણા, વિજયનગર, વડનગર, જેતલપુરા, ભાડીયા, શીનાડ, સરદારપુરા, કલ્યાણપુરા, નાયતવાડા, મોટીપીંપળી, નાનીપીંપળી, સરકારપુરા, સાતુન, અમીરપુરા, શાહપુર, નાનાપુરા, ઘરવડી, બાદરપુરા, મઘાપુરા, મસાલી, કામલપુર, જોરાવરગંજ, કરશનગઢ, બીસ્મીલ્લાગંજ, રાધનપુર, પ્રેમનગર
૩	સિધ્ધપુર	મેથાણ, ડીંડરોલ, મામવાડા, ડુંગરીયાસણ, જાફરીપુરા, સહેસા, કાકોશી, વાઘરોલ, કાલેડા, દશાવાડા, ઘનાવાડા, ખડીયાસણ, સેદાણા, લુખાસણ, મેળોજ, કોટ, આંકવી, સુજાણપુર, ઉમરૂ, કલ્યાણા, નિદોડા, ગણેશપુરા, મુડાણા, સંડેસરી, નાગવાસણ, ગણવાડા, સમોડા, ચાટાવાડા, લાલપુર, વનાસણ, પુનાસણ., કારણ, નેદરા, કનેસરા, બીલીયા, સિધ્ધપુર, ચંદ્રાવતી
૪	પાટણ	સુજનીપુર, લોઢપુર, માતરવાડી, અનાવાડા, હનુમાનપુરા, દુધારામપુરા, કુલેસણા, વડાલી, રામનગર(ગુંગડીપટી(, હાંસાપુર, રુની, હાજીપુર, ડેર, ચડાસણા, નાના રામણદા, સાંતી, ધારપુર, દીગડી, ખાનપુરકોડી, માંડોત્રી, બોરસણ, ગોલાપુર, ખારીવાવડી, ભલગામ, કુણઘેર, ઈલમપુર, કતપુર, રાજપુર, ગજા, નોરતા, સરવા, કુડેર, બાલીસણા, ડેરાસણા, બબાસણા, હમીદપુર, મહેમદપુર, મીઠી વાવડી, સંખારી, અંબાપુરા, રણુંજ, સંડેર, મણુંદ, પાટણ)M), નાના વેલોડા, મોટા વેલોડા, નોરતા(તળપદ), નોરતા (વાન્ટો), સાંપ્રા–ખાલ્સા, ખાનપુરડા
૫	હારીજ	ખાખલ, જશવંતપુરા, રુગનાથપુરા, રોડા, માંસા, દુનાવાડા, વાંસા, વેજાવાડા, કાઠી, નાંણા, માંકા (જુના(નવા–, થરોડ, એકલવા, સવાસડા, ખાખડી, બોરતવાડા, પીલુવાડા, જાસ્કા, પાલોલી, હારીજ)M), કુકરાણા, વાઘેલ, અરીઠા, બુડા, રસુલપુરા, વાગોસણ, નવા માનકા
૬	સમી	દાઉદપુર, ભામાથળ, મુબારકપુરા, નાનાજોરાવરપુરા, બાસ્પા, ઉમેદપુરા, સુખપુરા, સમશેરપુરા, સોનાર, જલાલાબાદ, ગુજરવાડા, જીલવાણા, કઠીવાડા, તારોરા, સમી, નાયકા, કોકતા, નાની ચંદુર, દુદખા, કાઠી, રવદ, પાલીપુર
૭	ચાણસ્મા	સેવાળા, સરદારપુરા, વસાઇ, સેંધા, જસલપુર, સરસાવ, સેલાવી, ઝીલીયાવાસણા, ઘરમોડા, કંબોઇ, ગોખરવા, ખોરસમ, બ્રાહ્મણવાડા, રણાસણ, ઘીણોજ, મીઠાઘરવા, ચવેલી, ઈટોદા, દેલમાલ, મણીયારી, મીઠીઘારીયાલ, ખોખલા, સુણસર, વડાવલી, પંચાસર, ચાણસ્મા)M), રામગઢ
૮	શંખેશ્વર	બોલેરા, ફતેપુરા, જતુરપુરા, કંચનપુરા, ખંડીયા, મનવરપુરા, મદાનગંજ, મુજપુર, મુતુજાનગર, પાડલા, પંચાસર, રતનપુરા, શંખેશ્વર, જેસંગપુરા
૯	સરસ્વતી	અબલોવા, અઘાર, બાલવા, ભીલવણ, ચારુપ, દેલીયાથરા, દેલવાડા, ઘનાસરા, ઘારુસણ, ગણેશપુરા, ઘચેલી, જાખા, જાળેશ્વરપાલડી, જંગરાલ, કાંસા, કાતરા સમાલ, ખલીપુર, ખારેડા, કીમ્બુવા, કોઈટા, લક્ષ્મીપુરા(વદાણી), મેલુસણ, મેસર, નવા બાવાહાજી, રખાવ, રુગનાથપુરા, સરીયદ, ટાંકવાસણા, વાછલવા, વાધી, વડુ, વાગડોદ, વાસણી, વાયડ, વોલાવી, કુબા

વલસાડ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર

15/8/410 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** (વાંસદા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયા,અને	(૧)	વર્ષ / શિક્ષિત / અર્ધશિક્ષિત / કુલ ૨૦૨૪ / ૧૩૮૧૧ / ૨૧ / ૧૩૮૩૨ ૨૦૨૫ / ૧૪૯૬૫ / ૦ / ૧૪૯૬૫ કુલ / ૨૮૭૭૬ / ૨૧ / ૨૮૭૯૭
(૨)	તે પૈકી કેટલા બેરોજગારોને વર્ષવાર રોજગારી આપવામાં આવી?	(૨)	વર્ષ / શિક્ષિત / અર્ધશિક્ષિત / કુલ ૨૦૨૪ / ૧૩૮૬૨ / ૦ / ૧૩૮૬૨ ૨૦૨૫ / ૧૩૬૮૬ / ૦ / ૧૩૬૮૬

			કુલ	૨૭૫૪૮	૦	૨૭૫૪૮

વિસાવદર અને તાલાલા તાલુકામાં અનમાત જંગલ જમીનના સેટલમેન્ટ અંગે

15/8/217**શ્રી ગોપાલભાઇ ગોરધનભાઇ ઇટાલીયા** (વિસાવદર)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ જીલ્લાના વિસાવદર અને ગીર સોમનાથ જીલ્લાના તાલાલા તાલુકામાં વન ખાતાના નિયંત્રણ હેઠળની કેટલા ગામોની અનામત જંગલ જમીનોનું ફોરેસ્ટ સેટલમેન્ટ કરવાનું બાકી છે,	(૧) એક પણ નહીં.
(૨)	ઉક્ત ગામડાઓની અનામત જંગલ જમીનનું ફોરેસ્ટ સેટલમેન્ટ કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શા પ્રયાસો કર્યા, અને	(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	સરકાર દ્વારા ઉક્ત ફોરેસ્ટ સેટલમેન્ટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?	(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

છોટાઉદેપુરજિલ્લામાંસ્વચ્છભારતમીશન(ગ્રામીણ) યોજનાહેઠળનીકામગીરી

15/8/157 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર સ્વચ્છ ભારત મીશન (ગ્રામીણ) યોજના હેઠળ વ્યક્તિગત અને સામૂહિક શૌચાલય બનાવવા માટેની કેટલી માંગણી આવી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિ એ કેટલા વ્યકિતગત અને સામૂહિક શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧)

તાલુકાનું નામ	વ્યક્તિગત શૌચાલય બનાવવા માટે આવેલ માંગણી	સામૂહિક શૌચાલય બનાવવા માટે આવેલ માંગણી
બોડેલી	૫૧	૧
છોટાઉદેપુર	૪૧૦	૧
જેતપુરપાવી	૫૪૫	૦
કવાંટ	૯૨૫	૨
નસવાડી	૧૬૩	૦
સંખેડા	૮૬	૧
કુલ	**૨૧૮૦**	**૫**

(૨)

તાલુકાનું નામ	બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા	બનાવવામાં આવેલ સામૂહિક શૌચાલયની સંખ્યા
બોડેલી	૨૩	૧
છોટાઉદેપુર	૨૮૫	૧
જેતપુરપાવી	૨૫૮	૦
કવાંટ	૪૩૮	૦
નસવાડી	૪૨	૦
સંખેડા	૪૪	૦
કુલ	**૧૦૯૦**	**૨**

(૩) વ્યક્તિગત શૌચાલય પાછળ કુલ રૂ. ૨૨,૨૦,૦૦૦/– (અંકે રૂપિયા બાવીસ લાખ વીસ હજારપુરા) અને સામુહિક શૌચાલય પાછળ કુલ રૂ.૪,૨૦,૦૦૦/–(અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર પુરા) નો ખર્ચ થયેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા રોડ માટેની બાકી મંજૂરી

અતારાંકિત પ્રશ્નો

15/8/99**શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાંવર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ કેટલા અને કયારસ્તાઓને વન વિભાગની મંજૂરી ન મળતા તેના કામો અટવાયેલા છે, અને</td><td>(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૪ ના વર્ષમાં ૦૩(ત્રણ) અને ૨૦૨૫ ના વર્ષમાં ૧૨(બાર) રસ્તાની દરખાસ્તોને મંજુરી આપવામાં આવેલ છે, અને નીચે મુજબના ૮(આઠ) રસ્તાઓની મંજુરી પ્રગતિમાં છે:
<table>
<tr><th>અ.નં</th><th>વર્ષ</th><th>રસ્તાનો વિષય</th><th>રીમાર્કસ</th></tr>
<tr><td>૧</td><td>૨૦૨૪</td><td>ચિત્રાસણી રબારીયાવાસ ટુ ગોગામહારાજ ટેમ્પલ રોડ</td><td>યુઝર એજન્સી પાસે પડતર છે.</td></tr>
<tr><td>૨</td><td>૨૦૨૪</td><td>છાપરા ટુ ચુલીપાણી</td><td>યુઝર એજન્સી પાસે પડતર છે.</td></tr>
<tr><td>૩</td><td>૨૦૨૪</td><td>ખેરોજ–અંબાજી–આબુરોડ</td><td>યુઝર એજન્સી પાસે પડતર છે.</td></tr>
<tr><td>૪</td><td>૨૦૨૪</td><td>ચંડીસર–દાંતીવાડા રોડ</td><td>ભારત સરકારશ્રી કક્ષાએ મંજુરી અર્થે રજૂ કરેલ છે.</td></tr>
<tr><td>૫</td><td>૨૦૨૪</td><td>દાંતીવાડા–કુચાવાડા રોડ</td><td>ભારત સરકારશ્રી કક્ષાએ મંજુરી અર્થે રજૂ કરેલ છે.</td></tr>
<tr><td>૬</td><td>૨૦૨૫</td><td>અનાપુરગઢ ટુ નેગાળા રોડ</td><td>સદર દરખાસ્તમાં ભારત સરકારશ્રી દ્વારા પુર્તતા માંગેલ છે. જે એજન્સી પાસે પડતર છે.</td></tr>
<tr><td>૭</td><td>૨૦૨૫</td><td>સુઇગામ–જલોયા–નડાબેટ</td><td>દરખાસ્ત સંયુક્ત સ્થળ તપાસ માટે કાર્યવાહી હેઠળ છે.</td></tr>
<tr><td>૮</td><td>૨૦૨૫</td><td>ખાપા–ઘોડા રોડ</td><td>દરખાસ્તમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ મંજુરી મેળવવા માટે સબંધિત યુઝર એજન્સીને જણાવેલ છે. જે એજન્સી પાસે પડતર છે.</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉકત સ્થિતિએ ઉકત અટવાયેલ રસ્તાઓને મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે?</td><td>(૨)ઉપરોક્ત પૂર્તતા થયેથી કાર્યવાહી કરવામાં આવશે.</td></tr>
</table>

વલસાડ શહેર અને જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી

15/8/425 **શ્રી અમિત ચાવડા** (આંકલાવ)**: માનની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર વલસાડ જીલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા એકમોએ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને	(૧)	શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી અંગે દર છ માસે (જૂન અને ડીસેમ્બર અંતિત) સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે. વર્ષ:૨૦૨૫ કુલ:૧૯ એકમો
(૨)	તે અન્વયે ઉકત સ્થિતિએ ક્યા એકમો સામે શાં પગલા ભરવામાં આવ્યા?	(૨)	પત્રક–અ મુજબના એકમો સામે પત્રક–બ અનુસાર એક વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. • સંબંધિત એકમને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી

			જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે. • ઠરાવનો ભંગ કરતાએકમો સાથે નાયબ નિયામક (રોજગાર),સુરત દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારુ રીતે થઈ શકે તે માટે તેઓને ઉંડાણપુર્વક સમજ આપવામાં આવેલ છે. • સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર વિનિમયકચેરીદ્વારાસંબંધિતજીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા રાજય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે. • રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,ગાંધીનગર દ્વારા છેલ્લા એક વર્ષમાં (વર્ષ–૨૦૨૫) રાજયમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશનરની કચેરી, ગાંધીનગરને યાદી મોકલી આપવામાં આવેલ છે. • સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવેછે.

પત્રક–અ ખંડ–૦૨નોજવાબ

શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી અંગે દર છ માસે (જૂન અંતિત અને ડીસેમ્બર અંતિત) સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે.સ્થાનિકોનીનિયતટકાવારીનીચેમુજબનાએકમોમાંજળવાતીનથી.

વલસાડજિલ્લો:	
વર્ષ:૨૦૨૫	
ક્રમ	એકમનીવિગત
૦૧	હેમાની ઈન્ટરમિડિયેટ લિમિટેડ, તા. વાપી, જિ. વલસાડ
૦૨	એક્સેમ્ડ ફાર્માસ્યુટીકલ્સ , તા. વાપી, જિ. વલસાડ
૦૩	પ્રભાત ઈલાસ્ટોમર્સ પ્રાઇવેટ લિમિટેડ, સરીગામ, તા. ઉમરગામ, જિ. વલસાડ
૦૪	મોદીસન મેટલ્સ લિમિટેડ, તા. વાપી, જિ. વલસાડ
૦૫	એશિયન પેઇન્ટ્સ ઇન્ડસ્ટ્રીયલ કોટીંગ લિમિટેડ, સરીગામ, તા. ઉમરગામ, જિ. વલસાડ
૦૬	પાયોનીર એક્ટુડર્સ પ્રાઇવેટ લિમિટેડ , વન્કાસ, તા. ઉમરગામજિ. વલસાડ(જુન–૨૦૨૫અંતિતએકમનુંનામ/ લિનહાર્ડ પ્રાઇવેટ લિમિટેડ, તા. ઉમરગામ, જિ. વલસાડ(ડીસે–૨૦૨૫અંતિતએકમનુંબદલાયેલનવુંનામ)
૦૭	એ–૧ ફેન્સ પ્રોડક્ટ્સ કો પ્રાઇવેટ લીમીટેડ, તુંબ, તા. ઉમરગામજિ. વલસાડ
૦૮	લિંક પેન & પ્લાસ્ટિકસ લીમીટેડ, તા. ઉમરગામ જિ. વલસાડ
૦૯	ટેકનો ટાર્પ પોલીમર્સ પ્રાઇવેટ લિમિટેડ, સરીગામ, તા. ઉમરગામ , જિ. વલસાડ
૧૦	અતુલ બાયોસાયન્સ લિમિટેડ,અતુલ, તા. વલસાડ, જિ. વલસાડ
૧૧	પ્રેમકો ગ્લોબલ લિમિટેડ, તા. વાપી, જિ. વલસાડ
૧૨	એફ સી જી હાઈ ટેક પ્રાઇવેટ લિમિટેડ, તા. વાપી, જિ. વલસાડ
૧૩	સંધ્યા ઓર્ગેનિક કેમિકલ પ્રાઇવેટ લિમિટેડ, યુનિટ ૬,પ્લોટ નં.૨૮૦૯/૧૦, સરીગામ, તા. ઉમરગામ, જિ. વલસાડ
૧૪	માઈક્રો ઓર્ગોકેમ, તા. વાપી, જિ. વલસાડ
૧૫	કુક્ષ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ, તા. પારડી, જિ. વલસાડ
૧૬	સંધ્યા ઓર્ગેનિક કેમિકલ પ્રાઇવેટ લિમિટેડ, યુનિટ–૪,પ્લોટ નં. ૧૭૦૩/૦૫, સરીગામ , તા. ઉમરગામ, જિ. વલસાડ.
૧૭	પ્રિસિઝન રબર ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, તા. ઉમરગામ, જિ. વલસાડ
૧૮	ગ્રોવેર એન્ડ વેઇલ ઇન્ડિયાલિમિટેડ, તા. વાપી, જિ. વલસાડ
૧૯	ઓપેરા કલોથીંગ પ્રાઇવેટ લિમિટેડ, તા. વાપી, જિ. વલસાડ

સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમો સામે કરવામાં આવેલ કાર્યવાહી(વલસાડ જિલ્લો)

ક્રમ	સમયગાળો	નોકરીદાતાને અર્ધસરકારી પત્રો પાઠવ્યાતારીખ	નાયબનિયામકશ્રી(રોજગાર), સુરતના અધ્યક્ષપણા હેઠળ મળેલ મિટીંગની તારીખ	જિલ્લાઉદ્યોગ કેન્દ્ર અનેવેરા કચેરીને યાદી મોકલ્યા તારીખ	રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીનેયાદી મોકલ્યા તારીખ
૧	૨	૩	૪	૫	૬
૧	જૂન–૨૦૨૫	૦૫/૦૮/૨૦૨૫	૧૨/૦૮/૨૦૨૫	૦૫/૦૮/૨૦૨૫	૦૪/૦૯/૨૦૨૫
૨	ડીસેમ્બર–૨૦૨૫	૦૨/૦૨/૨૦૨૬	૦૩/૦૨/૨૦૨૬	૦૨/૦૨/૨૦૨૬	૦૬/૦૨/૨૦૨૬

———————

પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ગાય નિભાવ ખર્ચ માટે મળેલ અરજીઓ

15/8/39:શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએ છેલ્લા બે(૨) વર્ષ દરમ્યાન વર્ષવાર પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ગાય નિભાવ ખર્ચ માટે આઈ–ખેડૂત પોર્ટલ હેઠળ કેટલી અરજીઓમળી, અને	(૧)	<table><tr><th>તાલુકો</th><th>વર્ષતા.૦૧/૦૧/૨૦૨૪થીતા.૩૧/૧૨/૨૦૨૪</th><th>વર્ષતા.૦૧/૦૧/૨૦૨૫ થીતા.૩૧/૧૨/૨૦૨૫</th></tr><tr><td>ગોધરા</td><td rowspan="8">શૂન્ય</td><td>૨૦૮૫</td></tr><tr><td>હાલોલ</td><td>૫૫૫</td></tr><tr><td>કાલોલ</td><td>૪૦૯</td></tr><tr><td>ઘોઘંબા</td><td>૧૬૯૭</td></tr><tr><td>જંબુઘોડા</td><td>૨૮૬</td></tr><tr><td>શહેરા</td><td>૨૫૬૯</td></tr><tr><td>મોરવા(હ)</td><td>૧૭૫૦</td></tr><tr><td>કુલ</td><td>શૂન્ય</td><td>૯૩૫૧</td></tr></table>
(૨)	તે પૈકી કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકાવવામાં આવી?	(૨)	મળેલ તમામ અરજીઓ ખરાઈની પ્રક્રીયા હેઠળ છે.

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલ નુકશાન અન્વયે પાક સહાય

15/8/379 :શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જોમજોધપુર)**: માનનીય કૃષિ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં સન૨૦૨૫ના વર્ષમાં અતિવૃષ્ટિ અને માવઠાના કારણે ખેડૂતોને થયેલ નુકશાન અન્વયે પાક સહાય પેકેજ જાહેર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,	(૧)	હા, ઓકટોબર–૨૦૨૫ માસમાં કમોસમી વરસાદ અંતર્ગત અસરગ્રસ્ત જિલ્લાઓ માટે રાજય સરકાર તરફથી "કૃષિ રાહત પેકેજ" જાહેર કરેલ છે. જેમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો સમાવેશ થયેલ છે.
(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કેટલી મળવાપાત્ર સહાયની ચુકવણી કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવાની બાકી છે,	(૨)	પત્રક મુજબ.

(૩)	સહાય ચુકવણી બાકી રહેવાના શા કારણો છે, અને	(૩)	ખેડૂતો દ્વારા આપવામાં આવેલ સાધનિક કાગળોમાં ક્ષતિ પૂર્તતા, બેંક વિગતોમાં આવેલ વિસંગતતા, સંયુકત ખાતેદારોના કિસ્સામાં સંમતિ ન મળવા જેવા કારણોસર ચૂકવવાની બાકી છે.
(૪)	બાકી રહેલ તમામ સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે?	(૪)	નિયમોનુસાર પાત્રતા ધરાવતા ખેડૂતોને શક્ય તેટલા વહેલા સહાય ચૂકવવામાં આવશે.

પત્રક

તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ઓકટોબર-૨૦૨૫ માસમાં જાહેર કરેલ "કૃષિ રાહત પેકેજ" અંતર્ગત મળવાપાત્ર સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે અને સહાય ચુકવવાની બાકી વિગત.

ડિજિટલ ગુજરાત પોર્ટલના સર્વર સંબંધિત ફરિયાદો

15/8/115 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડીજિટલ ગુજરાત પોર્ટલના સર્વર ડાઉન, ખૂબ ધીમા ચાલતા અથવા વારંવાર એરર આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને	(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડિજિટલ ગુજરાત પોર્ટલના સર્વર ડાઉન, ખુબ ધીમા ચાલતા અથવા વારંવાર એરર આવવા સંબંધિત કુલ ૫૫ ફરિયાદો સરકારને મળેલ છે.

જિલ્લાનું નામ	**સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા**	**ચૂકવેલ સહાયની રકમ રૂ.**	**સહાય ચૂકવવાની બાકી ખેડૂતોની સંખ્યા**	**રિમાર્કસ**
જામનગર	૧,૩૮,૩૬૩	૪૭૬,૭૭,૩૬,૮૬૬/-	૨,૬૪૬	બાકી રહેલ અરજીઓની પાત્રતા નક્કી કરી વિસ્તાર આધારીત (પ્રતિ હેકટર મુજબ) સહાય ચૂકવવાની થતી હોય સહાય ચૂકવવાની બાકી રકમ અરજીની પાત્રતાની ચકાસણી થયા બાદ નક્કી થઈ શકે.
દેવભૂમિ દ્વારકા	૮૫,૮૫૫	૨૯૬,૫૯,૪૫,૬૫૫/-	૧,૨૯૮	

(૨)	ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદોને નિવારવા માટે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	ડિજિટલ ગુજરાત પોર્ટલના સર્વરના પર્ફોર્મન્સ અને સ્પીડમાં સુધારો કરવા માટે NIC ટીમ દ્વારા ડેટાબેઝ અને એપ્લિકેશન સર્વરના સ્ટોરેજ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો, ક્વેરી ઓપ્ટિમાઈઝેશન જેવા જરૂરી ટેકનિકલ પગલાં લેવામાં આવ્યા છે, આ હેતુસર, સ્ટેટ ડેટા સેન્ટર (SDC) દ્વારા પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સપોર્ટ કરવામાં આવ્યો છે.

વેરાવળ બંદર પર શુધ્ધ પીવાના પાણી અને પાયાની સુવિધાની અછત

15/8/351 : શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેરાવળ બંદર ઉપર શુધ્ધ પીવાના પાણી અને પાયાની સુવિધાની અછત હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને	(૧)	૭

(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે છેલ્લા એક વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી?	(૨)	વેરાવળ ફેઝ–૨ બંદર વિકસાવવાની કામગીરી હાલ પ્રથમ તબક્કામાં છે. બંદર ઉપર શુધ્ધ પીવાના પાણી અને પાયાની સુવિધાઓ વિકસાવવાની કામગીરી બીજા તબક્કામાં સામેલ કરેલ છે.

––––––

રાજયમાં શાહુકાર ધારાનો અમલ કરવા મંજૂર મહેકમ

15/8/245શ્રીઅમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): માનનીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં શાહુકાર ધારાનો અમલ કરવા મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં શાહુકાર ધારાનો અમલ કરવા વિભાગ હેઠળની વર્ગ–૨ની ૦૭ જગ્યાઓ તથા વર્ગ–૩ની ૩૨ જગ્યાઓના મંજુર મહેકમ સામે વર્ગ–૨ની ૦૭ જગ્યાઓ તથા વર્ગ–૩ની ૧૦ જગ્યાઓ ખાલી છે. જેમાં, વર્ગ–૨ની જગ્યાઓ છેલ્લા એક વર્ષથી લઈને બાર વર્ષથી ખાલી છે અને વર્ગ–૩ની જગ્યાઓ છેલ્લાં બે મહિનાથી લઈને અગિયાર વર્ષથી ખાલી છે.
(૨)	ઉકત સ્થિતિએ ખાલી જગ્યાઓ સત્વરે નહી ભરવાના કારણો શાં છે?	વિભાગ હેઠળની મદદનીશ ધિરધાર, વર્ગ–૨ની કામગીરી વર્ષ–૨૦૨૧થી સંબંધિત જિલ્લાનાં જિલ્લા રજિસ્ટ્રારશ્રી, વર્ગ–૧ને સુપ્રત કરેલ હોઈ સદર જગ્યાઓ ભરવાની જરૂરીયાત રહેલ નથી. વર્ગ–૩ની ૧૦ ખાલી જગ્યાઓ પૈકી તાજેતરમાં સીધી ભરતીથી ૦૩ જગ્યા ભરવા નિમણુક આપવામાં આવેલ, તે ઉમેદવારો હાજર ન થયેલ હોવાથી કુલ–૧૦ જગ્યા ખાલી રહેવા પામેલ છે
(૩)	ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?	ઉપલબ્ધ મહેકમ ધ્યાને લઈ વહીવટી અનુકુળતાએ બઢતી, બદલી અને સીધી ભરતીના પ્રસંગે ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

કચ્છ જીલ્લામાં નોંધાયેલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર

15/8/10 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં તાલુકાવાર નોંધાયેલા શિક્ષીત અને અર્ધશિક્ષિત બેરોજગારો કેટલા છે,અને	(૧)	

તાલુકાનું નામ	શિક્ષિત	અર્ધ શિક્ષિત	કુલ
લખપત	૧૯૪	૩૨	૨૨૬
અબડાસા	૩૨૭	૪૪	૩૭૧
ભચાઉ	૪૩૧	૬૫	૪૯૬
માંડવી	૪૧૭	૯૭	૫૧૪
મુંદ્રા	૫૦૩	૬૮	૫૭૧
અંજાર	૧૧૬૯	૧૦૬	૧૨૭૫
ગાંધીધામ	૧૫૪૦	૨૨૩	૧૭૬૩
ભૂજ	૬૯૯	૩૪૬	૧૦૪૫
રાપર	૮૫	૨૬૦	૩૪૫

			નખત્રાણા ૧૨૮ ૨૪૩ ૩૭૧ કુલ ૫૪૯૩ ૧૪૮૪ ૬૯૭૭
(૨)	ઉક્ત નોંધાયેલા બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી પૂરી પાડવામાં આવી?	(૨)	વર્ષ: આપેલ રોજગારી ૨૦૨૫: શિક્ષિત ૧૯૭૬, અર્ધ શિક્ષિત ૧૧૯૯૮, કુલ ૧૩૯૭૪

રાજયમાંસ્ટેટ એકશનપ્લાન ફોર ક્લાઈમેટ ચેન્જ

15/8/133 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): **માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે સ્ટેટ એકશનપ્લાન ફોર ક્લાઈમેટ ચેન્જ (SAPCC) છે કે કેમ, અને	(૧)	હા.
(૨)	જો હા, તો ઉક્ત પ્લાન છેલ્લે ક્યારે અપડેટ કરવામાં આવેલ ?	(૨)	તા. ૦૮/૦૩/૨૦૨૧

પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના માછીમારો

15/8/322શ્રીગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૨૦/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ રાજ્યના કુલ કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે,	(૧)	૧૨૮
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા માછીમારોનાં પાકિસ્તાનની જેલમાં મૃત્યુ થયા, અને	(૨)	**વર્ષ** / **મૃત્યુ થયેલ માછીમારોની સંખ્યા** તા. ૨૧.૦૧.૨૦૨૪ થી તા.૨૦.૦૧.૨૦૨૫ : ૨ તા. ૨૧.૦૧.૨૦૨૫ થી તા. ૨૦.૦૧.૨૦૨૬ : ૧ **કુલ** : **૩**
(૩)	ઉકત સ્થિતિએ માછીમારોને છોડાવવા મુખ્યત્વે શા પ્રયત્નો કરવામાં આવ્યા?	(૩)	રાજ્ય સરકારશ્રી દ્વારા કેન્દ્ર સરકારશ્રીને ઉક્ત માછીમારોને વહેલીતકે મુક્ત કરાવવા બાબતે સમયાંતરે પત્રો પાઠવવામાં આવે છે.

રાજ્યમાં અનુસૂચિત જનજાતિના લોકોને ગૌણ વન પેદાશો અંતર્ગત રોજગારી

15/8/100**શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

	પ્રશ્ન	**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જનજાતિના લોકોને ગૌણ વન પેદાશો અંતર્ગત રોજગારીની તક પૂરી પાડવા માટે યોજના કાર્યરત છે તે હકીકત ખરી છે,	(૧) ના જી, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વન અને પર્યાવરણ વિભાગહેઠળ અનુસૂચિત જનજાતિના લોકોને ગૌણ વન પેદાશો અંતર્ગત રોજગારીની તક પૂરી પાડવા માટે કોઇ યોજના કાર્યરત નથી.
(૨)	જો હા તો, ઉક્ત સ્થિતિએ કઇ યોજનાઓ અમલમાં છે, અને	(૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત યોજનાઓ માટે વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬માં કેટલું બજેટ ફાળવવામાં આવ્યું?	(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોના પાક નુકશાનીની વળતરની અરજીઓ

15/8/44 : શ્રીજેઠાભાઈ આહિર(ભરવાડ) (શહેરા)**: માનનીય કૃષિ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોના પાક નુકશાનીની વળતરની કેટલીઅરજીઓ આવી,	(૧)	પત્રક–૧ મુજબ.
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી નામંજુર કરવામાં આવી, અને	(૨)	પત્રક–૨ મુજબ.
(૩)	ઉક્ત મંજુર અરજીઓ પૈકી કેટલી સહાય ચુકવવાની બાકી છે?	(૩)	પત્રક–૩ મુજબ.

પત્રક–૧

તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર પાક નુકશાનીની અરજીઓ

અ.નં.	**તાલુકાનું નામ**	**ઓનલાઇન થયેલ અરજીઓની સંખ્યા**
૧	ઘોઘંબા	૧૧૪૩૭
૨	ગોધરા	૧૫૨૩૯
૩	ગોધરા શહેર	૩૩૪
૪	હાલોલ	૪૧૨૦
૫	જાંબુઘોડા	૨૦૪૭
૬	કાલોલ	૬૬૫૧
૭	મોરવા(હ)	૮૫૮૩
૮	શહેરા	૧૫૯૩૭
કુલ		**૬૪૩૪૮**

પત્રક–૨

મંજુર/નામંજુર કરવામાં આવેલ અરજીઓની સંખ્યા

અ.નં.	**તાલુકાનું નામ**	**મંજુર કરેલ અરજીઓની સંખ્યા**	**નામંજુર કરેલ અરજીઓની સંખ્યા**

૧	ઘોઘંબા	૧૦૬૩૭	૧૯
૨	ગોધરા	૧૪૫૬૭	૪૭
૩	ગોધરા શહેર	૩૦૩	૦
૪	હાલોલ	૩૯૦૨	૪૫
૫	જાંબુઘોડા	૧૯૨૬	૮
૬	કાલોલ	૬૫૫૧	૧૪
૭	મોરવા(હ)	૮૪૨૪	૫૨
૮	શહેરા	૧૫૪૮૮	૧૯
કુલ		**૬૧૭૯૮**	**૨૦૪**

પત્રક–૩

સહાય ચુકવવાની બાકી રહેતી અરજીઓની સંખ્યા

અ.નં.	**તાલુકાનું નામ**	**સહાય ચુકવવાની બાકી રહેલ અરજીઓની સંખ્યા**
૧	ઘોઘંબા	૭૮૧
૨	ગોધરા	૬૨૫
૩	ગોધરા શહેર	૩૧
૪	હાલોલ	૧૭૩
૫	જાંબુઘોડા	૧૧૩
૬	કાલોલ	૮૬
૭	મોરવા(હ)	૧૦૭
૮	શહેરા	૪૩૦
કુલ		**૨૩૪૬**

કચ્છ જિલ્લામાં ચુઝર એજન્સી પાસેથી નેટ પ્રેઝન્ટ વેલ્યુની વસૂલાત

15/8/362**શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર** (જામજોધપુર)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ચુઝર એજન્સીને વન વિભાગની જમીન બિનજંગલ હેતુ માટે આપવામાં આવે છે, ત્યારે 'નેટ પ્રેઝન્ટ વેલ્યુ'(NPV)ભરવા અંગે જોગવાઇ છે તે હકીકત સાચી છે,	(૧) હા,જી
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં ચુઝર એજન્સી પાસે NPVની કેટલી રકમ કોની પાસેથી વસુલવાની બાકી છે,	(૨) છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં રૂ.૦૩,૩૯,૦૯૨/– એન.પી.વી નીરકમભરવાની બાકી છે. જેની દરખાસ્ત વાર વિગતો સામેલ પત્રક મુજબછે.

(૩)	ઉક્ત સ્થિતિએ વસુલાત ના થવાના શાં કારણો છે, અને	(૩) વન (સંરક્ષણ એવમ સવર્ધન) અધિનિયમ ૧૯૮૦ હેઠળ યુઝર એજન્સીદ્વારા કરવામાં આવેલ દરખાસ્તને સૈધ્ધાંતિક મંજુરી મળ્યા બાદ સંબંધિતયુઝર એજન્સી દ્વારા એન.પી.વીના નાણાની ભરપાઈ માટેડીમાન્ડ નોટ આપવામાં આવેલ છે, પરંતુ એજન્સી દ્વારા ભરપાઈ કરેલ નથી.
(૪)	ક્યાં સુધીમાં વસૂલાત કરવામાં આવનાર છે?	(૪) સૈધ્ધાંતિક મંજુરી મળ્યા બાદ સંબંધિત વન વિભાગ દ્વારા એન.પી.વી ના નાણાની ભરપાઈ માટે ડીમાન્ડ નોટ આપેલ છે, પરંતુ એજન્સી દ્વારા ભરપાઈ કરવામાં ન આવે ત્યાં સુધી વન વિભાગ હસ્તકની જમીન પર કોઈ પણ પ્રકારની કામગીરી કરવાની પરવાનગી આપવામાં આવતી નથી.

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન
પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા હોવા અંગે

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(**શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. માનનીય ધારાસભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા દ્વારા તા. ૨૯-૨-૨૦૨૬ના રોજ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫૮૨૨૦ થી જૂનાગઢની બે ટી.પી. સ્કીમોમાં માલિકોને વળતર આપવા બાબતના પ્રશ્ન માટે મારા હસ્તકના શહેરી વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવેલ જવાબ ખોટો છે તેવી સન્માનનીય ગૃહમાં વાત કરેલી, આ ઉપરાંત માનનીય ધારાસભ્યશ્રીએ અન્ય એક પ્રશ્ન ક્રમાંકઃ ૨૨૨ જે પ્રાયોરીટીમાં ક્રમાંકઃ ૪૨ ઉપર રહેલ તેમાં પણ જવાબ ખોટો છે એવું સન્માનનીય ગૃહને જણાવેલું. ઉપરોકત બંન્ને પ્રશ્નો મારા હસ્તકના શહેરી વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવેલ જવાબ બિલકુલ સાચા છે અને તેને અમે વળગી રહીએ છીએ અને આપના આદેશ મુજબ માનનીય ધારાસભ્યશ્રીને વિગતવાર પત્રો પાઠવી દીધેલ છે જે પરત્વે આપના માધ્યમથી હું ગૃહનું ધ્યાન દોરું છું.

અધ્યક્ષશ્રી : બંને પત્રો માનનીય મંત્રીશ્રીએ અધ્યક્ષની ચેમ્બરમાં મને પણ આપ્યા છે અને તેની અંદર માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ જે આક્ષેપો કર્યા છે તેના જવાબ સહિત એમણે મને વિગત આપી છે અને રાજ્ય સરકારે જે જવાબ આપ્યો છે એ બિલકુલ તથ્ય આધારિત છે, આંકડા આધારિત છે અને આ બાબત એમણે મને પોતાને પણ આપ્યા છે એટલે મને લાગે છે કે જયારે પણ માનનીય સભ્યશ્રી કોઇપણ આક્ષેપ કરે છે ત્યારે આપણે માત્ર એક એંગલ જોઇને સરકાર ખોટી છે, સરકારનો જવાબ ખોટો છે તેવું અહીંયા રેકોર્ડ ઉપર લેવું એ પણ વ્યાજબી નથી. કેમ કે કોઇપણ સંદર્ભ જયારે માનનીય

સભ્યશ્રી અહીંયા રજૂ કરે છે ત્યારે માત્ર એક એંગલ લઇને વાત કરવી એ બાબત ઠીક નથી (અંતરાય) હવે એના ઉપર ચર્ચા નથી મેં જવાબ આપી દીધો છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખુલાસો કરવો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે આ વિષયની ચર્ચા થઇ ગઇ, માનનીય મંત્રીશ્રીએ ગૃહમાં વાત કરી, મેં એનો જવાબ આપી દીધો છે એટલે આપ સૌ બેસો. તમે જે ખુલાસો કર્યો એના પછીનો જવાબ છે. (અંતરાય) સ્પીકરના નિર્ણય પછી કઇ કહેવાનું હોતું નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે જવાબ આપવો છે, મારા નામજોગ છે.

અધ્યક્ષશ્રી : તમને જવાબ નથી આપ્યો. ગૃહને જવાબ આપ્યો છે. આપ બેસો. તમારે ફરી કહેવું હશે તો તમે નોટિસ આપજો. હું તમને ટાઇમ આપીશ અથવા તો તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરજો. હું તમને મંજૂરી આપીશ. (અંતરાય) આ વિષય ઉપર માનનીય જીતુભાઇ, નહીં કહી શકાય, મેં જજમેન્ટ આપી દીધું છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

ગૃહમાં પ્રદર્શન કરવા અંગે

શ્રી શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી **(**કૃષિ અને સહકાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર..

અધ્યક્ષશ્રી : તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? હા એ તમે કરી શકો છો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કહે છે.

અધ્યક્ષશ્રી : બીજો વિષય છે, એના ઉપર નથી. અરે, માનનીય ગોપાલભાઇ એ વિષય નથી. હું અહીંથી નિર્ણય કરું છું મને કરવા દોને.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમના ઉપર કહેવું હોય તો પણ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો છે. ખોટી માહિતી આપે છે એવું કહેવું પણ બરાબર નથી છતાં બહાર મીડિયામાં બોલે છે.

અધ્યક્ષશ્રી : એ વિષય ઉપરની ચર્ચા માટે હું તમને અત્યારે એલાઉ નથી કરતો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય શૈલેષભાઇ ખૂબ સિનિયર સાથી છે, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા માટે છે કે અગાઉ પણ આપે બે દિવસ પહેલાં જયારે માનનીય સભ્યશ્રી જીગ્નેશભાઇ માટે આપની પાસે અગાઉથી માહિતી હશે કે પ્લેકાર્ડ વગેરે લઇને આવે છે અને આપે અહીંયા પણ એ નિર્ણય જાહેર કર્યો કે આવું અહીં લાવી શકાતું નથી. અગાઉના પણ નિર્ણયો છે કે સભ્યો બોલતી વખતે હાથમાં કાગળ રાખીને તેનું પ્રદર્શન કરી શકતા નથી. સભ્યોમાં હાજરીની જે વર્તણૂક છે એ બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના જે નિર્ણયો છે એમાં પાના નં. પર ઉપર કોઇપણ વસ્તુ અહીંયા લાવવી નહીં એના માટેનો પણ નિર્ણય છે એ હું આપના ધ્યાન ઉપર મૂકું છું. મારી વિનંતી એટલા માટે છે કે માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ તો સારા વ્યકિત છે, એ એનો દૂરુપયોગ નહીં કરે પણ કયારેક કોઇ અન્ય સભ્યશ્રીઓ લઇને આવે અને ત્યારે કયારેક ચર્ચાની અંદર અથવા તો વધારે બતાવવા માટે, કોઇને મીડિયામાં અને પ્રેસમાં આવવાની ઇચ્છા હોય તો એમના માટે કયારેક કોઇની ઉપર ફેંકી પણ શકે, ભૂતકાળમાં આવા નિર્ણયો આપેલા છે. ગેલેરીમાં પણ નથી લાવી શકાતી.ગેલેરીમાં પણ પીવાના પાણીની બોટલ એલાઉ નથી. (માનનીય સભ્યશ્રી કાંતિભાઇ ખરાડી બેઠાં–બેઠાં કૉમેન્ટ કરે છે.)

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ બેઠાં–બેઠાં નથી બોલી શકાતું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ બે દિવસ પહેલાં જ કહ્યું છે કે આ પ્રકારની કોઇ વસ્તુ લાવવી નહિ. અમારી માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારમાં રાજ્યની જનતાના હિતની કોઇ પણ બાબત હોય તો તેઓ કોઇ પણ મંત્રીને કહી શકે છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને નાયબ મુખ્યમંત્રી પણ એટલી સરળતાથી સાંભળે છે. આપ એલાઉ કરો તો માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં વાત મૂકી શકતા હોય છે. મારે તમને પણ એટલા માટે અભિનંદન આપવા છે કે જ્યારે પણ આવી બાબત બની હોય છે ત્યારે તમને અંગત વાત કરી હોય છે ત્યારે તમે સરકારમાં એ વાત મૂકો છો. શૈલેષભાઇએ જે વાત કરી છે એ રાજ્યના હિતમાં ધ્યાન દોરવા કરી છે. એમનો ઇરાદો ખરાબ નહિ હોય કારણ કે, એ સિનિયર સભ્ય છે પણ ક્યારેક કોઇના મગજ હાથમાં ન રહે અને ચર્ચા દરમિયાન કોઇની ઉપર ઘા થઇ જાય તો મને એવું લાગે છે કે આ નિર્ણયનું ઉલ્લંઘન ગણાય એટલે હું આપનો નિર્ણય ચાહું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇ મારું મગજ બિલકુલ ઠેકાણે છે. તમે જે રીતે કર્ણાટક અને પંજાબ ઉપર પહોંચી ગયા હતા એટલે તમે થોડું ધ્યાન રાખજો. મેં માનનીય મંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે તેમાં સિનિયર સભ્ય હોવાથી મને ખ્યાલ છે કે અહીં કોઇ પ્રદર્શન કરી શકાતું નથી અને મારો ઇરાદો કોઇ પ્રદર્શન કરવાનો નહોતો. સરકારના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે ''આવા કોઇ પણ ભૂગર્ભજળના નમૂનાના પૃથ્થકરણ અહેવાલ આધારે ભૂગર્ભજળની ગુણવત્તામાં કોઇ પણ વ્યાપક નોંધપાત્ર કાયમી પ્રદૂષણ હોય તેવું જણાતું નથી.'' આવો જવાબ સરકારે આપ્યો છે ત્યારે એક અઠવાડિયા પહેલાં ધારાસભ્યશ્રી પોતે ત્યાં ગયા હતા અને નમૂનો બતાવતા પહેલાં મેં માનનીય અધ્યક્ષશ્રીનું પણ ધ્યાન દોર્યું કે ''હું આ બતાવું છું અને આ બતાવી શકાતું નથી.'' આપ રેકર્ડ પર ચેક કરી લેજો. મેં પ્રદર્શન કરવાના સ્વરૂપે આ વસ્તુ બતાવી નથી. બીજું કે પ્રજાના હિતની વાત હતી. ડહોળું પાણી આવે છે, ખરાબ પાણી આવે છે અને લોકો હેરાન થાય છે એ અનુસંધાનમાં એક સેમ્પલના અનુસંધાનમાં બતાવ્યું હતું. એ બતાવી શકાતું નથી પણ તેમ છતાં મેં

પ્રદર્શનના સ્વરૂપમાં કીધું નથી. બીજું આપનો જે પણ આદેશ હશે એ આદેશનું હું પાલન કરીશ. માનનીય જીતુભાઈ પ્રદર્શન કોને કહેવાય? આમ આદમીના પાર્ટીના ધારાસભ્યો પ્લેકાર્ડ લાવે અને વિધાનસભા લાઇવ કરો ત્યારે તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હોત તો એ સારી બાબત હતી. આ પ્રજાલક્ષી બાબત હતી અને એ બાબત વિધાનસભા ગૃહની બાબત હતી. આપ જે પણ નિર્ણય લેશો એ મને યોગ્ય રહેશે પણ મેં કોઇ પ્રદર્શન કરવા માટે આ બોટલ બતાવી નથી. પ્રજાના પ્રશ્નો માટે પ્રજાને પડતી મુશ્કેલીમાં સરકારે આપેલા જવાબના અનુસંધાનમાં મેં બોટલ બતાવી છે પણ આપનો નિર્ણય જે હશે એ મને માન્ય રહેશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇ આ ગૃહના વરિષ્ઠ સભ્ય છે. એ નાતે એ સરકારનું ધ્યાન દોરે તો એનો નિર્ણય થઇ જતો હોય છે. એની સાબિતી એ છે કે માનનીય ઘવલસિંહભાઇએ પોતે જ કીધું કે એ બોટલ લઇને નહોતા ગયા અને લેબોરેટરીના પૃથ્થકરણના માણસોને પણ લઇને નહોતા ગયા છતાં આ યુનિટને તુરત જ બંધ કરવાની સૂચના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. જો ખરેખર ધ્યાન દોરવું હોત તો એમણે ત્યાં જઇને માનનીય મુખ્યમંત્રીશ્રીને કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વાત કરી હોત તો ઓક્કસપણે એનો ઉકેલ આવ્યો હોત. કોઇ નવા સભ્યો હોય અને એ આવા દેખાવો કરે તો સમજવા લાયક છે પરંતુ શૈલેષભાઇ જેવા વરિષ્ઠ સભ્યએ જાણકારી હોવા છતાં આવી બોટલ ન બતાવવી જોઇએ. આ બાબતે આપે એની નોંધ લઇ જે કાર્યવાહી થતી હોય એ કરવી જોઇએ કારણ કે, એમણે પોતે જ સ્વીકાર્યું છે કે હું નિયમ જાણું છું પણ એમણે પાછો આધાર લીધો કે આની પહેલાં પણ થયું હતું એટલે મેં કર્યું છે પણ એ લોકો તો દિલ્હીથી અને પંજાબથી પ્રેરણા મેળવે છે. તમારે પણ જો એ રીતે પ્રેરણા મેળવવી હોય તો એ કમનસીબ બાબત છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : (જગ્યા પર બેઠાં–બેઠાં) પંજાબમાંથી પ્રેરણા લઇને શાળા બનાવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : અરે ભાઇ! **તમારા નેતા ત્યાં દારૂ વેચીને રૂપિયા બે–બે હજાર કરોડ રૂપિયા કમાયા છે. તમે વચ્ચે ન બોલો. સમગ્ર દેશમાં રેકોર્ડ હોય કે બે હજાર કરોડ રૂપિયા દારૂમાંથી કમિશન લીધું હતું તો તમારા નેતાએ લીધું છે અને છતાં આખા ગામમાં બધી જગ્યાએ તમે ફેરવો છો.** (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું તમને પણ તક આપું છું. હા, વાત કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પોઇન્ટ ઓફ ઓર્ડરની ચર્ચામાં માનનીય શૈલેષભાઇ અને માનનીય મંત્રીશ્રીએ અમારી પાર્ટી અને અમારા વિશે ચર્ચા કરી. આ ગૃહમાં કોણે કોના ઉપર માઇક ફેંક્યા, માઇક તોડ્યા .....

અધ્યક્ષશ્રી : આપ, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ ચર્ચા કરો. આક્ષેપ–પ્રતિઆક્ષેપમાં નહીં પડીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર એટલું જ કહેવાનું છે કે જે તે વખતે અમારા કોઇ પ્રદર્શનની વિરુધ્ધમાં આ સભાગૃહમાં કોઇ સભ્યએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો નથી એટલે એ વાતનો ઉલ્લેખ માનનીય શૈલેષભાઇએ કરવો જોઇએ નહીં. બીજી વાત કે દિલ્હી અને પંજાબની સરકારે સારી શાળા બનાવી છે. તેમાંથી પ્રેરણા લઇને અહીંયા પણ સારી શાળા બનાવી શકાય તેમ હતી. પંજાબની સરકાર ખેડૂતોને મફત વીજળી આપે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, અહીંયા પંજાબનો વિષય ક્યાં આવ્યો? પોઇન્ટ ઓફ ઓર્ડરનો વિષય છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પંજાબનો ઉલ્લેખ કર્યો હતો એટલે મારે ખુલાસો કરવો પડે. પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર ખેડૂતોને મફત વીજળી આપે છે.

અધ્યક્ષશ્રી : આપે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કંઇ કહેવું છે? પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કંઇ કહેવું હોય તો કહો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ બોલું છું. જે તે વખતે અમારો મુદ્દો જનતાલક્ષી હતો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં ન બોલો. (અંતરાય) માનનીય જીતુભાઇ આપ બેસો. માનનીય અમિતભાઇ, આપ પણ બેસો. મને ખબર છે આપનો અવાજ મોટો છે. આપ બેસો. તમારે બોલવું હશે તો હું તમને મોકો આપીશ પણ બેઠાં બેઠાં વાત નહીં.

શ્રી ગોપાલ ઇટાલિયા : આટલા અસહજ કેમ થાઓ છો? તમારી સરકાર .....

અધ્યક્ષશ્રી : માનનીય ગોપાલભાઇ, તમે સીધા મુદ્દા પર વાત કરો. મારી સામે જોઇને બોલો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌથી જુનિયર વિદ્યાર્થી લેવલનો સભ્ય છું. અમે બોલવા ઊભા થઇએ ત્યારે કાયમ આ લોકો અમારો વિરોધ કરે છે. તમે થોડું સહન કરતા શીખો. ૩૦ વર્ષથી સરકારમાં બેઠા છો.

અધ્યક્ષશ્રી : તમે સીધા મુદ્દા ઉપર વાત કરો. આ ભાષણ માટેનો સમય નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વિનંતી છે કે આ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં બિનજરૂરી રીતે અમારું કે અમારી પાર્ટીનું જે નામ લીધું છે તે શબ્દો પાછા ખેંચવામાં આવે. માનો કે અમે જે તે વખતે વિધાનસભા ગૃહમાં કોઇ કામ કર્યું છે, જે તે વખતે તે બાબત પૂરી થઇ ગયા પછી તે બાબતની ચર્ચા નવેસરથી અહીંયા થવી જોઇએ નહીં. બીજી વાત કે આ સભાગૃહમાં આજના પોઇન્ટ ઓફ ઓર્ડરના ભૂતકાળના અનેક દાખલાઓ છે. મારી સામે સ્ક્રીન ઉપર ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમની ચોપડી અને અધ્યક્ષશ્રીના નિર્ણયો ખુલ્લા છે. આ સભાગૃહમાં સિનિયર ધારાસભ્યશ્રીઓએ,

સીનિયર પાર્ટી મેમ્બરોએ કેવા કેવા પ્રકારના પ્રદર્શનો કર્યા છે તેનાથી ભાજપ અને કૉંગ્રેસ બંને વાકેફ છે છતાં આજે બંને ભેગા મળીને અમારા ઉપર આરોપ કરે છે. અમે ચારેય ધારાસભ્યો નવા છીએ. .....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય શૈલેષભાઇ એમ કહે છે કે તમારી સામે ભાજપે પોઇન્ટ ઓફ ઓર્ડર ન ઉઠાવ્યો એવો આક્ષેપ કરે છે. આ આક્ષેપમાં તમે ન પડશો. આપનો મુદ્દો આવી ગયો. આપ બેસી જાઓ. આપનો બીજો કોઇ તર્ક નથી. આપ બેસો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારો બીજો મુદ્દો એટલો જ છે કે અમારી સામે જે કોઇ પણ આરોપ મૂકવામાં આવ્યા છે તે પાછા ખેંચવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ આપ વાત કરી લો. માનનીય શૈલેષભાઇ હવે વિષય ક્યાં આવે છે? તમે વાતો કર્યા કરો અને હું સમય આપ્યા કરું એવું થોડું હોય? તમારું એકબીજાનું અન્ડરસ્ટેન્ડિંગ હોય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમે કોઇ એવી વાત કરી નથી. માત્ર શૈલેષભાઇએ આવું ન કરવું જોઇએ એ જ વાત કરી હતી. આ તો અમને સામે કહેવામાં આવ્યું એટલે કહ્યું. બાકી લોકસભામાં *(xxx) થઇને કોણે ભાષણ કર્યું એ પણ મેં કહ્યું નથી. પંજાબમાં (xxx) થઇને જાહેરસભાઓ કોણે સંબોધી એ પણ અમે વાત કરતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપ મુદ્દાસર વાત કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એ બાબતમાં કોઇનું નામ આપ્યું નથી એટલે આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૦ ટકા હું સિનિયર સભ્ય છું, નિયમોથી જાણકાર છું. વિધાનસભાગૃહમાં કોઇ પ્રદર્શન કરી શકાતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી જીતુભાઇ, આપ બેસો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય ગોપાલભાઇને ધ્યાનથી સાંભળવા વિનંતી કરું છું. તમે જ્યારે વિધાનસભા ગૃહનું લાઇવ કરો તે રીતે પ્રદર્શન કર્યું તે તમારો અધિકાર છે અને તમે કર્યું તે ખોટું પણ નથી. એ વખતે મોટા પ્રમાણમાં પ્રદર્શન થયું હતું. મેં તો જસ્ટ હાથમાં બોટલ હતી અને બોટલનું ગંદુ પાણી હતું તે આપે કહ્યું એટલે મૂકી દીધું અને પાછું પણ આપી દીધું. તેને પ્રદર્શન ન કહેવાય. પાણી બતાવ્યું હતું અને આપે ઓર્ડર કર્યો એટલે તરત ઓન ધ સ્પોટ હું માની પણ ગયો. તમે જે કર્યું હતું તે પાંચ સાત મિનિટ ચાલ્યું હતું. સભાગૃહના તમામ સભ્યોએ જોયું હતું. મેં તો એટલું જ કીધું કે, જીતુભાઇએ મેં જે બોટલ બતાવી એ માટે પોઇન્ટ ઓફ ઓર્ડર મારા માટે ઉપાડ્યો. એ વખતે જ્યારે પ્રદર્શન કર્યું ત્યારે તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હોત તો વધારે સારું હતું. કેમ ના ઉઠાવ્યો એ તમે અને ગોપાલભાઇ જાણો. અત્યારે મારા માટે ઉઠાવ્યો તો કંઇ વાંધો નહીં.

અધ્યક્ષશ્રી : આ વિષય હવે પૂરો થઇ ગયો. માનનીય જીતુભાઇ, ચર્ચા થઇ ગઇ. માનનીય સંસદીય મંત્રીશ્રી, કોઇ ટેકનિકલ મુદ્દો હોય તો કહો, પોલિટિકલ મુદ્દો મારે સાંભળવો નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે એ વખતે કોઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ના ઉઠાવ્યો પરંતુ આપશ્રીએ તાત્કાલિક એ બાબતને ધ્યાનમાં લઇને કાર્યવાહી કરી દીધી હતી. એટલે મેં એ વખતે હાથ ઊંચો પણ કર્યો હતો પણ એ દરમિયાન આપે કાર્યવાહી કરીને તાત્કાલિક એમની પાસેથી લઇ પણ લીધું હતું અને આપે માફ પણ કર્યા હતા. એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર નહોતો ઉઠાવ્યો એ વિષય નહોતો. પરંતુ આપે સભાગૃહના નિયમો પ્રમાણે તુરત જ કાર્યવાહી કરી હતી. માનનીય શૈલેષભાઇ જે લાવ્યા, જાણે-અજાણ્યે જે થયું એ બોટલ દેખાડવા માટે લાવ્યા હતા. કોઇપણ વિષય કે કોઇપણ ચીજવસ્તુ ગૃહમાં લાવી શકાતી નથી. એ જ વાત માનનીય જીતુભાઇ કહી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આવી વસ્તુ લાવી શકાતી નથી એ બધાએ કહ્યું. બંને પક્ષમાંથી કોઇ એવું નથી કહેતા કે ન લાવે એના માટે શું કરવું જોઇએ? એવો કોઇનો પ્રસ્તાવ પણ નથી. માત્ર એટલો જ વિષય છે કે આવું અંદર ગૃહમાં ન લાવવું જોઇએ અને હવે હું મારો નિર્ણય આપું છું. આપ સૌ માનનીય સભ્યશ્રીઓને વિધાનસભાના નિયમો અંતર્ગત આ બાબતની જાણકારી છે જ કે અહીંયા કોઇપણ વસ્તુ બહારથી લાવીને તેનું પ્રદર્શન કરી શકાતું નથી. માનનીય કાંતિભાઇ, હું નિર્ણય આપી રહ્યો છું. બીજી વખત આવું કરશો તો બહાર કાઢવા પડશે. મારા મનમાં એવું છે કે, શરૂઆતના દિવસોમાં તમારે કોઇ નાનું-મોટું બહારના વાતાવરણમાંથી આવ્યા હશો તો એની અસર હશે. એટલા માટે સેટ થતા વાર લાગશે. એટલા માટે હું કોઇ કડક નિર્ણય નથી કરતો પરંતુ, એનો મતલબ એવો નથી કે આપણે વિધાનસભાના નિયમોનું પાલન ન કરીએ. બીજો વિષય કે, માનનીય ધારાસભ્યશ્રીઓ માટે સંસદીય શિષ્ટાચાર, વર્તણૂંક અને ચર્ચાના મુદ્દા સંબંધે ગુજરાત વિધાનસભાના નિયમો અને માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોથી નિયત થયેલ સામાન્ય નિયમો અંગેની સમજ નેવા ઇ-બુકમાં નિયમોના

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જાહેર અગત્યની બાબત પર નાયબ મુખ્યમંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

મથાળા હેઠળ (ક્રમાંક–૩૦) જોઈ લેવા. તમે એમાં જોઈ શકશો કે, બહારની કોઇપણ વસ્તુ લાવીને અહીંયા પ્રદર્શન કરી શકાતું નથી. આવું બે વખત થયું છે અને બંને વખતે શરૂઆતના દિવસો હતા એટલે મારા મનમાં એવું છે કે એના માટે કોઇ સખત પગલાં હું ન લઉં કારણ કે, સુચારુ રીતે આ ગૃહનું કામ ચાલે છે. માનનીય શૈલેષભાઇ, તમે સિનિયર સભ્ય છો. નિયમોની જાણકારી તમારી પાસે છે. તમે લઇને આવ્યા હશો એવું મને લાગતું નથી. મારે ચેક કરાવવું પડશે? કે બીજા કોઇ લઇને આવ્યા એની પાસેથી તમે લીધું કે કેમ? કોણ લઇને આવ્યું? માનો કે તમે જવાબદાર માણસ છો પરંતુ અંદર લાવ્યા છો એ પાણી છે કે બીજી કોઇ વસ્તુ છે તે અહીંયા ખબર નહીં પડે. કોઇ એવી વસ્તુ આવી જાય કે આ ગૃહના માનનીય સભ્યશ્રીઓને કે અન્ય લોકોને કોઇ નુકસાન થાય એ સલામતીની દ્રષ્ટિએ ઠીક નથી. એટલે મારી તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આવું પ્રદર્શન કરવાનો પ્રયત્ન કરશો નહિ, નહિતર પછી મારે નાછૂટકે એક્શન લેવા પડશે. ટ્રેઝરી બેંચને પણ મારે અભિનંદન આપવા છે કે, એમણે વધારે સખત પગલાં લેવાં માટે કહ્યું નથી. નહીંતર તેઓશ્રી કડક પગલાં લેવાની મને ભલામણ કરી શકત કે તમે આ પ્રકારનાં પગલાં એમની પર લો. બંને વખતે ટ્રેઝરી બેંચ તરફથી આ જે ઉદારતા અને સોહાર્દ જાળવ્યું છે તેને હું આવકારું છું. આપણે બધા ભેગા મળીને આ કામગીરી શાંતિથી કરીએ. માનનીય શૈલેષભાઇ, હવે પછી આવા પ્રકારની કોઇ કાર્યવાહી ન થાય તેની તમને ટકોર પણ કરું છું.

જાહેર અગત્યની બાબત ઉપર નાયબ મુખ્યમંત્રીનું નિવેદન (નિયમ–૪૪)

ગુજરાત રજિસ્ટ્રેશન ઓફ મેરેજીસ નિયમોમાં લગ્ન નોંધણીની પ્રક્રિયામાં સુધારા અંગે

શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ''આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સરકારશ્રીને રાજ્યના વિવિધ સંગઠનો, સમાજો અને ક્ષેત્રોમાંથી મળેલ વિવિધ રજૂઆતોને ધ્યાને લઇને ગુજરાત રજિસ્ટ્રેશન ઓફ મેરેજીસ એક્ટ –૨૦૦૬ હેઠળ બનાવેલ ગુજરાત રજિસ્ટ્રેશન ઓફ મેરેજીસ નિયમોમાં લગ્ન નોંધણીની પ્રક્રિયા સુધારા કરવાના હેતુથી નિયમોમાં સુધારો કરવામાં આવી રહેલ છે. જેના અનુસંધાને કરવામાં આવેલા સુધારા સંબંધે કોઇપણ વાંધા–સૂચનો કરવા હોય તો તે વાંધા–સૂચનો મંગાવવામાં આવનાર છે. આ વાંધા–સૂચનો માટે આવનારા ૩૦ દિવસ સુધી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વેબસાઇટ ઉપર તમામ સામાજિક સંસ્થાઓ અને રાજ્યના નાગરિકો આ નિયમો માટે આપી શકે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને મળનાર વાંધા–સૂચનો અંગે વિચારણા કરી, જે કોઇ યોગ્ય વાંધાઓ કે સૂચનો હશે તેનો પણ ઉમેરો કરવામાં આવશે. ''

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું આ ગૃહના તમામ સભ્યશ્રીઓનો આભાર માનું છું. મેં ગઇકાલે આ લગ્ન નોંધણી સુધારા વિધેયકને દાખલ કર્યું અને એ દાખલ થયું. વિશેષ આભાર માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો માનું છું કે જેમને એવી જરૂર લાગી છે આ લગ્ન નોંધણી સુધારામાં કયાંકને કયાંક સુધારો કરવો જોઇએ. ગુજરાતના લાખો મા–બાપની ચિંતા છે કે લગ્ન નોંધણી સુધારાના કાયદાનો લાભ લઇ અમુક આવારા તત્ત્વો પુખ્ત ઉંમરની દીકરીઓ ના હોય એમને અથવા તો પુખ્ત ઉંમરની થઇ હોય અને એકાદ–બે મહિનાનો સમય થયો હોય એમને લલચાવી–ફોસલાવી, એનો ગેરલાભ લઇ, બ્લેકમેઇલ કરી બોગસ લગ્ન નોંધણી કરાવી લેતા હોય છે. આવા સમયમાં લગ્ન નોંધણી પ્રક્રિયાના નિયમોમાં સુધારો કરવાનું સરકાર સમક્ષ ધ્યાનમાં આવ્યું તે બદલ કોઇપણ જાતની રાજકીય ટીકા–ટીપ્પણી કર્યા વિના, ગઇકાલે આ ગૃહ સમક્ષ મારું બિલ દાખલ થયું અને આજે આપ નિવેદન લઇને આવ્યા છો તેમજ સમગ્રની ગુજરાતની પ્રજા પાસેથી આપે સૂચનો મંગાવ્યા એ બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. ગુજરાતની જનતા અને લાખો લોકોની આશા, અપેક્ષાઓ છે તે દરેક દીકરીના મા–બાપની આશા અપેક્ષાઓ છે. આ ગૃહમાં બેઠેલા...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, કોઇ પ્રશ્ન હોય તો આપ પૂછો. તમારે આમાં નિવેદન આપવાનું નથી. માનનીય મંત્રીશ્રીએ આપવાનું છે. આપ કોઇ પ્રશ્ન હોય તો વાત કરી શકો છો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારું બિલ છે અને મારા બિલ રિલેટેડ માનનીય મંત્રીશ્રીએ નિવેદન કર્યું છે એવું મને લાગે છે એટલે હું અભિનંદન આપવા માટે ઊભો થયો છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, અભિનંદન આપો પણ ટૂંકમાં અભિનંદન આપો. બસ એટલો વિષય જ છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હા. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે ગુજરાત રાજ્યના માતા–પિતાઓની જે અપેક્ષાઓ છે એ મુજબની અપેક્ષાઓ સરકારશ્રી પૂરી કરશે અને આ બિલમાં સુધારો લઇને આવશે તો આ ગૃહના માધ્યમથી ગુજરાતના લાખો લોકોને કહું છું કે હું મારા ઘરેથી ચાલીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો પાઘડી પહેરાવીની આભાર માનવા આ ગૃહ સમક્ષ આવીશ. મારું ઘર અહીંયા છે. હું વિરોધપક્ષનો ધારાસભ્ય છે. હું છેલ્લાં બે વર્ષથી આ બિલ ઉપર કામ કરતો હતો. ગઇકાલે મારું બિલ દાખલ થયું એ સુધારા વિધેયક–૨૦૨૪ મુજબ દાખલ થયું છે. આમાં કોઇ રાજકીય ટીકા–ટીપ્પણી કરવી નથી. આમાં કોઇ યશ લેવો નથી પરંતુ આ ખરેખર ગુજરાતની હાલની પીડા છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે અભિનંદન આપી દીધા છે. ચાલતા જજો અને પાઘડી પણ પહેરાવજો. વિષય પૂરો થયો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી આ બિલમાં સુધારો લઇને આવશે તો અમે ચાલીને આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપીશું અને એમનું પાઘડી પહેરાવીને સન્માન કરીશું.

અધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, તમે બંને બેઠાં બેઠાં બોલો નહીં. વાત કરો નહીં.

તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

જાહેર અગત્યની બાબત પર નાયબ મુખ્યમંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૭૭)

શ્રી લવિંગજી મુ. સોલંકી(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય ઊર્જાવાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીને મારે હૃદયપૂર્વકના ખૂબ–ખૂબ અભિનંદન આપવાના છે. આજે ગુજરાત રાજ્યમાં લવજેહાદ અને છળકપટ દ્વારા સંસ્કાર ઉપર આક્રમણ કરીને સમાજના ડેમોગ્રાફિક માળખાને તોડવાના જે સુનિયોજિત પ્રયાસો થઇ રહ્યા છે તેને રોકવા માટે અને આપણી પ્રાચીન લગ્ન પરંપરાની ગરિમા જાળવવા માટે સરકાર કાયદાકીય રીતે સજ્જ છે તે જાણવું છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વપ્રથમ તો હું મારા સાથી ધારાસભ્ય આદરણીયશ્રી હેમંતભાઇનો પણ આભાર માનવા માગું છું. આદરણીય મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા, હું અને અનેક સમાજના લોકોની છેલ્લાં સાડા ત્રણ મહિનાની અંદર કમસે કમ ૨૦ થી ૩૦ વખત આ બાબતે બહુ ડિટેઇલ બેઠકો કરવામાં આવી. ઉત્તર, દક્ષિણ, સૌરાષ્ટ્ર, કચ્છ આ બધી જ જગ્યાઓ પરથી સંસ્થાઓ સચિવાલયમાં આવી. પ્રેસ મીડિયાની અંદર પણ આ વિષય રાજયના ખૂણે ખૂણે પહોંચ્યો અને પહોંચતાની સાથે અલગ અલગ લોકોના અલગ અલગ સજેશનો અમારી પાસે આવ્યા. અનેક વખત આ બેઠકો મારી હાજરીમાં પણ થઇ, મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં પણ આ બાબતે ખૂબ ડીટેઇલ ચર્ચા થઇ અને કમસે કમ ૨૦થી વધારે વખત અમારા આ યુવાન મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયાના અધ્યક્ષસ્થાને સમાજો જોડે આ બાબતની બેઠકો થઇ અને નિયમોમાં રહીને પદ્ધતિમાં કઇ રીતે બદલાવ લાવી શકાય તે માટે આ કાર્ય કરવામાં આવ્યુ અને આ કાર્યની મહેનતમાં હેમંતભાઇ પણ જોડાયા તે બદલ હું તમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રી લવિંગજીભાઇ ઠાકોર એ ઠાકોર સમાજના આગેવાન છે. ઉત્તર ગુજરાતની અંદર ગામે ગામ તેમનો પ્રવાસ થતો હોય છે અને એમણે પણ જયારે આ કાયદો બનાવી રહ્યાં હતા ત્યારે ઠાકોર સમાજમાંથી અમારા અલ્પેશભાઇ, અમારા મંત્રીશ્રી આ બધા જ લોકો સાથે આવીને આખા ઠાકોર સમાજનું પ્રતિનિધિત્વ કરતા તેમણે આ નિયમોની અંદર ખરેખર શું જરૂર છે તે બાબતે સરકારને રજૂઆત કરી હતી. આદરણીય સભ્યશ્રી લવિંગજીએ આજના સમયની સૌથી મોટી સમસ્યા અને સમાજમાં ઉઘઇની જેમ વિસ્તરી રહી હતી તેને રોકવામાં ગુજરાત સરકારને ખૂબ મોટી સફળતા પણ પ્રાપ્ત થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર તે પ્રેમની વિરોધી નથી પરંતુ ''પ્રેમ'' શબ્દને બદનામ કરનાર કોઇ પણ વ્યકિતને રાજયના ગમે તે ખૂણેથી પકડીને તેની ઉપર કડક પગલાં ભરવા માટે કટિબદ્ધ છે. ભારતની આ પવિત્ર ધરતી ઉપર લગ્ન એ જનમોજનમનો સાથ અને સોળ સંસ્કારોનો એક અત્યંત મહત્ત્વનો સંસ્કાર છે. આપણી સંસ્કૃતિમાં બ્રહ્મ વિવાહથી માંડીને ગાંધર્વ વિવાહ સુધીની અનેક પરંપરાઓ છે પણ દરેક પરંપરાનો પાયો સત્ય અને ધર્મ રહ્યો છે. જયારે આ પવિત્ર પરંપરામાં છળકપટ ભળે છે ત્યારે તે માત્ર એક પરિવારની નહીં પણ સમગ્ર રાષ્ટ્રના પતનની શરૂઆત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસ ગવાહ છે કે જયારે જયારે છળકપટથી સ્ત્રીના સન્માન ઉપર તરાપ મારવામાં આવી છે ત્યારે ભારતની અસ્મિતા જોખમાય છે. રાવણ જયારે સીતા માતાનું અપહરણ કરવા માટે આવ્યા ત્યારે તે સીધે સીધો નહોતો આવ્યો તે સાધુના વેશમાં આવ્યો હતો. તેનુ લક્ષ્ય પ્રેમ નહીં પણ કપટ હતું. એ જ રીતે અલાઉદ્દીન ખીલજીએ પદમાવતીજીના રૂપથી અંજાઇને જે આતંક મચાવ્યો અને લાખો નિર્દોષોનું લોહી રેડાયુ તે ઇતિહાસ આજે પણ આપણને સૌને સાવચેત કરે છે. ''લવ જેહાદ'' ના નામે જે ખેલ થઇ રહ્યો છે, જે પ્રકારે આ ઇતિહાસને ભૂતકાળની અંદર રાવણ હોય કે અલાઉદ્દીન ખીલજી હોય તે જ પ્રકારે આજે લવ જેહાદ તે ઇતિહાસનું આધુનિક અને ઘાતક સ્વરૂપ બન્યું છે. લગ્ન વ્યવસ્થા પર જ સમાજના તાણાવાણા હોય કે ડેમોગ્રાફિક ચેન્જ આ બધા જ વિષય પરિવર્તનો પર ટકેલા છે. જો ઓળખ છૂપાવીને ખોટું નામ ધારણ કરીને આપણી દીકરીઓને ફસાવવામાં આવશે તો આવનારા સમયમાં આપણી સંસ્કૃતિનું મૂળ માળખું વિખેરાઇ જશે. આ કોઇ નાનીસૂની બાબત નથી. આ એ સાંસ્કૃતિક આક્રમણ છે. આવા ગંભીર વિષયને આ સરકાર ક્યારેય કોરાણે ના મૂકી શકે. ભારતની લગ્ન પરંપરા અને સંસ્કારોને બચાવવા માટે આ સરકાર હંમેશા કટિબદ્ધ છે. અમે એવું સુરક્ષા કવચ બનાવી રહ્યા છીએ કે જે કાયદેસર માન્ય અને સામાજિક રીતે અભેદ રહેશે. ગુજરાતની ધરતી પર ફરી કોઇ છળકપટ કરે તો એને દબાવી શકાય, તેને રોકી શકાય તે પ્રકારની પદ્ધત્તિઓ બદલાવવા માટેના નિયમો આજે લાવ્યા છીએ. આ સભાગૃહ સમક્ષ બહુ ગંભીરતાપૂર્વક, બહુ જવાબદારીથી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારનો વિચાર સ્પષ્ટપણે મૂકવા માગું છું કે, મારા રાજ્યની કોઇપણ ભલી–ભોળી દીકરીઓ ઉપર કોઇ સલીમ સુરેશ બનીને જો એની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ પણ કરશે તો આ ભારતીય જનતા પાર્ટીની, માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર એના એવા હાલ કરશે કે જીવનભર કોઇ દીકરી કે છોકરી તરફ જોવાની પણ હિંમત નહીં કરે અને હું મારા સાથી સિનિયર ધારાસભ્યશ્રી લવિંગજી ઠાકોરને ૧૦૦ ટકા ખૂબ જ જવાબદારીપૂર્વક કહેવા માગું છું કે, તમારી લવજેહાદ બાબતની જે ચિંતા છે એ બાબતે આ રાજ્ય સરકાર રાજ્યની કરોડો દીકરીઓના હિતમાં એના રક્ષણ માટે હંમેશા સાથે ઉભી છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી એક વડીલ તરીકે, રાજ્યના ગૃહમંત્રી

તરીકે હું એક ભાઇ તરીકે અને બધા જ ધારાસભ્યો, અમે કોઇ પક્ષા–પક્ષીમાં નથી માનતા, એના ભાઇ તરીકે એમના રક્ષણ માટે એમની સાથે ઊભા રહેવા માટે તત્પર છે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૭–૧૮નો ગ્રામ પંચાયતોનો સ્થાનિક ભંડોળ હિસાબનો ઓડિટ અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૭–૧૮નો ગ્રામ પંચાયતોનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ અને સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૦૨૫નો ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સ્વરુપજી ઠાકોર (રાજ્યકક્ષાના ગ્રામોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૦૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ અને સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેના જાહેરનામા

શ્રી ઋષિકેશ ગ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેનું પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનું તા.૦૧/૧૧/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક : કેપી/૨૦૨૫નો ૪૬/પીઆરએચઆરડીડી/ પીઆરસી/ઈ–ફાઇલ/૧૪/૨૦૨૫/૨૨૪૮/ચ તથા તા.૦૩/૦૭/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક : કેપી/૨૦૨૫નો ૩૧/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ–ફાઇલ/૧૪/૨૦૨૪/૨૧૫૧/સેક્શન–જી તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક ગુરૂવાર તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧–૧૫ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

૧. સોમવાર, તા.૨૩/૦૨/૨૦૨૬ના રોજ નિયમ–૧૨૦ હેઠળના માનનીય મુખ્યમંત્રીશ્રીના "વંદેમાતરમ્" ગાનના ૧૫૦ વર્ષની ઉજવણી અંગેના સરકારી સંકલ્પ પર ચર્ચા કરવી અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા ત્યારબાદ તે દિવસની બેઠકના નિર્ધારીત કામકાજ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) હાથ ધરવી અને ચર્ચા માટે ગૃહનો સમય ૯૦ મિનિટ લંબાવવો.

૨. ગુરૂવાર તા.૫/૩/૨૦૨૬ ના રોજની સભાગૃહની બેઠક રદ કરવી અને શનિવાર, તા.૨૮/૨/૨૦૨૬ના રોજ સભાગૃહની બેઠક રાખવી અને તેમાં તા.૫/૩/૨૦૨૬ના રોજની નિર્ધારીત તારાંકિત પ્રશ્નોત્તરી હાથ ધરવી. ગુરૂવાર, તા.૨૬/૨/૨૬ના રોજનું બિન–સરકારી કામકાજ શુક્રવાર, તા.૨૭/૦૨/૨૦૨૬ના રોજ હાથ ધરવું તેમજ ગુરૂવાર, તા.૫/૦૩/૨૦૨૬ના રોજનું નિર્ધારીત બિન–સરકારી કામકાજ રદ કરવું. તદનુસાર સભાગૃહનું કામકાજ હવે, નીચે મુજબ રહેશે.

ગુરૂવાર	૨૬/૦૨/૨૦૨૬	અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)
શુક્રવાર	૨૭/૦૨/૨૦૨૬	(૧) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)
		(૨) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)
શનિવાર	૨૮/૦૨/૨૦૨૬	(૧) પૂરક વિનિયોગ વિધેયક
		(૨) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

૩. શુક્રવાર, તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજની સભાગૃહની બેઠક રદ કરવી અને તા.૧૪/૦૩/૨૦૨૬ના રોજ સભાગૃહની બેઠક રાખવી અને તેમાં તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજની નિર્ધારીત તારાંકિત પ્રશ્નોત્તરી હાથ ધરવી. તદનુસાર સભાગૃહનું કામકાજ હવે, નીચે મુજબ રહેશે.

સોમવાર	૦૯/૦૩/૨૦૨૬	(૧) વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અનેમ મતદાન
		(૨) માંગણીઓ પર ચર્ચા અને મતદાર (પહેલો દિવસ)
મંગળવાર	૧૦/૦૩/૨૦૨૬	**પહેલી બેઠક**
		માંગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)
		બીજી બેઠક
		માંગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)
બુધવાર	૧૧/૦૩/૨૦૨૬	માંગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)
ગુરૂવાર	૧૨/૦૩/૨૦૨૬	**પહેલી બેઠક**
		માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)
		બીજી બેઠક
		માંગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)
શુક્રવાર	૧૩/૦૩/૨૦૨૬	(૧) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)
		(૨) બિન-સરકારી સંકલ્પો
શનિવાર	૧૪/૦૩/૨૦૨૬	માંગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

૪. મંગળવાર, તા.૨૪/૦૩/૨૦૨૬ના રોજ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક ચર્ચા માટે હાથ ધરવું અને તેની વિચારણા કરવી.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઇ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી જગદીશ વિશ્વકર્મા(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલશ્રીએ જે સભાગૃહ સમક્ષ ગુજરાતના વિકાસ અને સુશાસનના પગલાંના અહેવાલ આપતું જે પ્રવચન કર્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. સાથેસાથે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને વર્ષ ૨૦૨૬-૨૭ના વિક્રમી બજેટ રૂ. ૪ લાખ ૦૮ હજાર ૫૩ કરોડનું આપવા બદલ એમને પણ અભિનંદન પાઠવું છું. ગુજરાતની સ્થાપના થઇ પછી કદાચ આ પહેલા રાજ્યપાલશ્રી આપણને એવા મળ્યા છે કે જેમણે ગાય માતાની, પ્રાકૃતિક ખેતીની ચિંતા થઇ, ગાય માતાની ચિંતા થઇ, પ્રાકૃતિક ખેતી થાય અને સાડા છ કરોડ ગુજરાતીઓનું આ સૌભાગ્ય છે કે પ્રાકૃતિક ખેતીની આ મુહિમને સમગ્ર રાજયમાં લઇ જઇ અને કિસાનોના કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેનાર મહામહીમ રાજયપાલ મહોદયશ્રી આચાર્ય દેવવ્રતજીને આજના દિવસે અભિનંદન પાઠવું છું અને આભારની લાગણી વ્યકત કરું છું. સાથેસાથે દેશનું પૈરાણિક ગુજરાત સ્થિત સોમનાથ મંદિર જે ૧૪૦ કરોડ ભારતીયોનું આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી માનનીય મોદીજીના માર્ગદર્શન હેઠળ આપણે સોમનાથ ખાતે ''સોમનાથ સ્વાભિમાન પર્વ''ની ઉજવણી કરી રહ્યા છીએ અને આ ઉજવણી આખું વર્ષ ચાલવાની છે. આપણા ગુજરાતનું સોમનાથ મંદિર એ કરોડો શિવભકતોની આસ્થાનું કેન્દ્ર છે ત્યારે એક હજાર વર્ષ પૂર્વેના ઇતિહાસની કલ્પના કરીએ તો ત્યારે મહમ્મદ ગઝનીએ સન ૧૦૨૬માં સોમનાથ મંદિર ઉપર જે હુમલો કરેલો, આ હુમલો એક વખત નહીં, બે વખત નહીં સોળ-સોળ વખત સોમનાથ મંદિરને તોડવાનો પ્રયાસ કર્યો અને જયારે ભારત ગુલામીના બંધનમાંથી મુકત થયું અને જયારે સરદાર વલ્લભભાઇ પટેલે સોમનાથનો જીર્ણોદ્ધાર કરવાની પ્રતિજ્ઞા લીધી અને ત્યારે તેમને રોકવાનો પ્રયાસ પણ મિત્રો કરવામાં આવ્યો હતો. તા.૧૧ મે, ૧૯૫૧ના રોજ સોમનાથના ભવ્ય મંદિરના દરવાજા જયારે ભકતો માટે ખોલવામાં આવ્યા, કમનસીબે આજે પણ સોમનાથના પુનઃનિર્માણનો વિરોધ કરતી શકિતઓ આજે પણ આ ભારતની અંદર અને આ ગૃહની અંદર છે. ભારત વિરુદ્ધ કાવતરા અને તલવારો સિવાય અન્ય દૃષ્ટ માધ્યમો દ્વારા જે કામ કરવામાં આવી રહ્યું છે એ ખૂબ જ શરમજનક ઘટના છે. દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી, લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિની ઉજવણીનું આ વર્ષ ઐતિહાસિક વર્ષ જયારે બની

રહ્યું છે ત્યારે કરમસદથી કેવડીયા એ સરદાર **@** ૧૫૦નું આયોજન કરવામાં આવ્યું**,** લગભગ ૧૧ દિવસ આ યાત્રા ચાલી**,** જેટલી જગ્યાએ યાત્રા ગઇ ત્યાં બધી જ જગ્યાએ સરદાર વન નામના વન બનાવવામાં આવ્યા. દેશભરમાંથી યુવાનો આવી અને આ યાત્રામાં જોડાયા**.** આ યાત્રા જયારે વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચરણોમાં પહોંચી ત્યારે અભૂતપૂર્વ માહોલ સર્જાયો. સરદાર સાહેબને જે લોકોએ સતત અન્યાય કર્યો અને તેમણે આ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો જે વિરોધ કર્યો એવા લોકો પણ આજે હયાત છે. હું આ તબક્કે ગુજરાતની જનતાને અભિનંદન આપવા માગું છું કે ગુજરાતની પ્રજાએ લોકતાંત્રિક મૂલ્યો અને બંધારણીય પરંપરાનું સન્માન ન કરનાર એ વિપક્ષને એ ૩૪–૩૪ વર્ષથી સત્તાથી દૂર રાખેલ છે. દેશની જનતા એન ગુજરાતની જનતા સારી રીતે ઓળખે છે કે તેમાં તૃષ્ટિકરણની રાજનીતિ કોણ કરી રહ્યું છે**?** સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો વિરોધ કોણે કર્યો? કોંગ્રેસે. રામ મંદિરનો વિરોધ કોણે કર્યો? કોંગ્રેસે. સરદાર પટેલને વડાપ્રધાન બનતા કોણે રોક્યા? કોંગ્રેસે. આર્ટિકલ – ૩૭૦ કોણે લગાવી? કોંગ્રેસે. આર્ટિકલ – ૩૭૦ દૂર કરતી વખતે વિરોધ કોણે કર્યો? કોંગ્રેસે. સ્ટેચ્યુ ઓફ યુનિટીનો વિરોધ કોણે કર્યો? કોંગ્રેસે. આંબેડકર સાહેબને બે વખત ચૂંટણીમાં હરાવવાનું પાપ કોણે કર્યું? કોંગ્રેસે. મોદી સાહેબની મુખ્યમંત્રી તરીકેની સફરને આપણે એક નજરે જોઇ લઇએ તો વર્ષ ૨૦૦૧નો સમય જેટલા પણ ગુજરાતીઓએ જોયો છે કદાચ નવી જનરેશનને એ જોવાનો મોકો નથી મળ્યો. યુવા પેઢીને ખબર નથી કે ભૂકંપ આવ્યો ત્યારે કેવી સ્થિતિ હતી? સતત પાણીનો દુકાળ હતો. કોંગ્રેસના રાજમાં સૌરાષ્ટ્રમાં ટ્રેનના માધ્યમથી પાણી જતું હતું. આ નવી યુવા પેઢીએ એ નથી જોયું. લાખો લોકોની બેહાલી તકલીફભર્યું જીવન અને વર્ષ ૨૦૦૨માં ગુજરાતને બદનામ કરવાનાં *(**xxx**) થયાં હતાં.

માનનીય અધ્યક્ષશ્રી**,** આપ સહકારી ક્ષેત્રના આગેવાન છો. માધુપુરા બેંક બંધ થતાં લોકો થાપણ ઉઠાવવા લાગ્યા. જનજીવન ખોરવાવા લાગ્યું. ગુજરાતના આર્થિક જીવનમાં હાહાકાર હતો. એ વખતે ઉદ્યોગ જગતમાં પણ નિરાશા હતી. ગુજરાતમાં મૂડી રોકાણ ક્યાંથી આવશે? ગુજરાત વિરોધી એજન્ડા લઇ દરેક ઘટનાનું એનાલિસીસ કરતાં. ગુજરાતને બદનામ કરવાની અનેક કોશિશો થઇ અને સુડો સેક્યુલર લોકો એવું કહેતા હતા કે ગુજરાતમાં ઉદ્યોગો**,** યુવાનો અને વેપારીઓ બધાં જ પલાયન થઇ જશે. ગુજરાત બરબાદ થઇ જશે. બદનામી**,** (**xxx**) ચલાવનાર લોકોએ આખા ગુજરાતમાં નિરાશાનો માહોલ ઊભો કર્યો હતો અને ત્યારે કહેતા હતા કે ગુજરાત ક્યારેય પગભર નહીં થાય. લોકોએ આશા છોડી દીધી હતી અને તે વખતે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર નર્મદા યોજનામાં અડચણરૂપ બનતી હતી. મૂડી રોકાણ ગુજરાતમાં ન આવે એ માટેના દરેક પ્રયાસ કોંગ્રેસે કર્યા હતા. અમે ગુજરાતની સાડા છ કરોડ જનતાનો આભાર માનીએ છીએ કે એ વખતે માનનીય મોદી સાહેબે પદભાર સંભાળ્યો અને જે ભગીરથ કાર્યો કર્યા એમાં કચ્છને બેઠું કરવાનું કાર્ય કર્યું હોય તો દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબે કર્યું છે. ગુજરાતમાં સાંપ્રદાયિક શાંતિ સ્થાપવાનું કાર્ય કર્યું હોય તો એ વખતના તત્કાલિન મુખ્યમંત્રી માનનીય મોદી સાહેબે કર્યું છે. ગુજરાતને ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રે અગ્રેસર બનાવવાનો શ્રેય જો કોઇને જતો હોય તો તત્કાલીન મુખ્યમંત્રી માનનીય મોદી સાહેબને જાય છે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતનું વાયબ્રન્ટ મૉડેલ આખા દેશમાં ચાલી ગયું છે. માનનીય મોદી સાહેબે વર્ષ ૨૦૦૩માં વાયબ્રન્ટની શરૂઆત કરી ત્યારે આજે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય હર્ષભાઇના નેતૃત્ત્વમાં અત્યાધુનિક ગુજરાતના વિકાસપથ પર એક મજબૂત પગલાં તરીકે ચાર ઝોનમાં વાયબ્રન્ટ ગુજરાત અને રિજિઓનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે એના કારણે દરેક ઉદ્યોગોમાં વેગ આવ્યો છે. મહેસાણા તથા રાજકોટ ખાતે વાયબ્રન્ટ ગુજરાતનું રિજિઓનલ કોન્ફરન્સ સંપન્ન થયેલ છે. 'હર ઘર સ્વદેશી**,** ઘર ઘર સ્વદેશી' ની ભાવના સાથે થયેલ રિજિઓનલ કોન્ફરન્સ માત્ર એક કાર્યક્રમ નહિ પરંતુ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા માટે આખું પ્લેટફોર્મ ઊભું કર્યું છે. અમે જિલ્લાઓ મજબૂત થાય તે માટે ક્લસ્ટર આધારિત ઉદ્યોગો ડેવલપ થાય તે માટેના પ્રયાસો કરી રહ્યા છીએ. બીજી બાજુ અન્ય લોકો ગમે તેટલા દેખાવ કરે તો પણ પ્રજાને તમને સાંભળવામાં એ વખતે પણ રસ નહોતો અને આજે પણ નથી. તમારી ગમે તેવી જનઆક્રોશ યાત્રા હોય તો પણ તમારી ૫૦૦ ખુરશીઓ પણ ખાલી રહે છે. કારણ કે**,** પ્રજાને ખબર છે એ વિકાસને વૉટ આપે છે અને પ્રજા વિકાસ હોય ત્યાં જ સ્નેહ વરસાવે છે. આ બધું કરવા કરતાં પોતાના વિસ્તારમાં જનકલ્યાણ પૂરતું ધ્યાન આપીએ. માનનીય મોદીજીએ શાસકકર્તાની ખુરશીને કર્તવ્યની ખુરશી બનાવી દીધી છે અને આ કર્તવ્યની સૂચિમાં પ્રથમ રહી ગુજરાતની દીકરીઓની આંગળી પકડી માનનીય મોદીજી શાળાએ મૂકવા જતાં અને આ દીકરી મારી છે એમ માની તેની સુરક્ષા અને સ્વમાનની જવાબદારી માનનીય મોદીજીએ ઉપાડી હતી. સોચ હોય કે સેટેલાઇટ આજે ગુજરાત છે અગ્રેસર. પ્લેન હોય કે રેલવે કોચ આજે ગુજરાત છે અગ્રેસર.

માનનીય અધ્યક્ષશ્રી**,** હું બદલાતાં ગુજરાતની તાસીર કહું ત્યારે કોંગ્રેસના મિત્રો અહીંયા બેઠાં છે. માત્ર બે બચ્યા છે અત્યારે**,** અત્યારે. વર્ષ ૨૦૦૨માં પંચામૃત યોજના**,** વર્ષ ૨૦૦૩માં શાળા મહોત્સવ**,** કન્યા કેળવણી**,** વાઇબ્રન્ટ ગુજરાત**,** સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ**,** વર્ષ ૨૦૦૪માં સુજલામ સુફલામ યોજના**,** વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવ**,** રણોત્સવ**,** વર્ષ ૨૦૦૬માં પ્રભાવશાળી યુવા ખેલાડીને પ્રોત્સાહન આપવા માટે શક્તિદૂત યોજનાનો પ્રારંભ**,** વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ**,** બેટી બચાવો અભિયાન**,** ૧૦૮ એમ્બ્યુલન્સ**,** વર્ષ ૨૦૦૮માં નિરોગી બાળક વર્ષનો પ્રારંભ**,** વર્ષ ૨૦૦૯માં ગરીબ કલ્યાણ મેળા**,** કાંકરિયા કાર્નિવલ**,** સી.એમ. ફ્લેગશીપ કાર્યક્રમ.

* આ શબ્દ અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાદમાંથી દૂર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વન અને પર્યાવરણ વિભાગની ચર્ચા ચાલતી હતી. આપ પણ કદાચ પર્યાવરણ મંત્રી હતા. સમગ્ર દેશમાં કોઇ રાજ્યમાં ક્લાઇમેટચેન્જ ડીપાર્ટમેન્ટ બન્યો હોય તો એશિયામાં ગુજરાત પહેલું રાજ્ય હતું. વર્ષ ૨૦૧૦માં સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણી, વાંચે ગુજરાત, ખેલ મહાકુંભ, વર્ષ ૨૦૧૧માં ઈન્ટિગ્રેટેડ મહાત્મા મંદિર, વાઇબ્રન્ટ તાલુકો–એ.ટી.વી.ટી., વર્ષ ૨૦૧૨માં મુખ્યમંત્રી અમૃતમ–મા યોજના, દેશનો પ્રથમ સોલાર પાવર પ્લાન્ટ બનાસકાંઠાના ચારણકામાં શરૂ કરવામાં આવ્યો અને એ જ વખતે દેશનો સૌથી પહેલો રિવરફ્રન્ટ ગુજરાતના અમદાવાદમાં બનાવવામાં આવ્યો. વર્ષ ૨૦૧૩માં મુખ્યમંત્રી ગૃહ યોજના, વર્ષ ૨૦૧૪માં સરદાર સરોવર ડેમ. જે કોંગ્રેસે વર્ષો સુધી સરદાર સરોવર ડેમની મંજૂરી ન આપી તેને વડાપ્રધાન બનતાની સાથે જ માત્ર ૧૭ દિવસમાં મંજૂરી આપી હોય તો તે દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપી. ૧૮૧ અભયમ હેલ્પ લાઇન, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, ગિફ્ટ સિટીની સ્થાપના, વર્ષ ૨૦૧૬માં સેવાસેતુ કાર્યક્રમની શરૂઆત, વર્ષ ૨૦૧૭માં શ્રમિક અન્નપૂર્ણા યોજના, વર્ષ ૨૦૧૮માં સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સી.એમ. ડેશબોર્ડ, વર્ષ ૨૦૧૯માં કોરોનાના સમયમાં સસ્તા દરે અનાજ આપવાનું કામ કે વેક્સિન આપવાનું કામ કર્યું હોય તો દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબે કર્યું છે. વર્ષ ૨૦૨૦માં એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ–વેનું લોકાર્પણ, વર્ષ ૨૦૨૧માં કોરોનામાં મા–બાપ ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળસેવા યોજના, વર્ષ ૨૦૨૨માં અમદાવાદમાં મેટ્રો ટ્રેનની શરૂઆત, સાબરમતી નદી પર આઇકોનિક અટલ બ્રિજ, વર્ષ ૨૦૨૩માં અમૃત સરોવરનું નિર્માણ, દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબે દેશના તમામે તમામ જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાનું દેશનું ખૂબ મોટું કામ કર્યું છે. વર્ષ ૨૦૨૪માં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળ નમો લક્ષ્મી, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, વર્ષ ૨૦૨૫માં ગુજરાતની કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા, વર્ષ ૨૦૨૬માં રૂપિયા ૯૫૦ કરોડના ખર્ચે અંબાજી શક્તિ કોરિડોર.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા કોંગ્રેસને સત્તાથી દૂર રાખે છે તેનું એકમાત્ર કારણ તો આ જ છે. ગુજરાતની ભાજપ સરકાર એટલે સાડા છ કરોડ જનતાનો ભરોસો, ભાજપ પરનો પ્રજાના વિશ્વાસનો અવાજ, પ્રજા પ્રત્યેની સમર્પિતતા. ગુજરાતની વિકાસ યાત્રાનો આત્મા સૌનો સાથ સૌનો વિકાસ, પ્રત્યેક ગુજરાતીઓને એમ લાગે છે કે પોતે ગુજરાતનો ઘડવૈયો છે. પ્રત્યેક ગુજરાતીઓને એમ લાગે કે ગુજરાતના વિકાસમાં પોતાનો યશફાળો છે, પોતે ભાગીદારીમાં સમાયેલો છે. મારે ગૌરવ સાથે કહેવું પડે કે સુરાજ્યના સપનાને સાકાર કરવામાં ગુજરાત સફળ રહ્યું છે અને તેનો શ્રેય કોઇને જાય તો તે દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબ અને તત્કાલીન મુખ્યમંત્રીને જાય છે. ગુજરાતની સાડા છ કરોડની જનતા જે અડીખમ ભાજપ સાથે ઊભી છે તેનો અમને સૌને ગર્વ છે. કોંગ્રેસના શાસનમાં સરદાર સરોવરની આ પરિયોજનાની બાબતમાં જ્યારે મુખ્યમંત્રી દ્વારા પત્રો લખવામાં આવતા ત્યારે જણાવવામાં આવતું હતું કે પર્યાવરણ મંત્રાલય તરફથી મંજૂરી મળે તરત કામ શરૂ કરવામાં આવશે. આ તમારી ત્યાંની કેન્દ્રની સરકાર આવો જવાબ આપતી હતી. આને કહેવાય વાયદો. કેન્દ્ર સરકારના મંત્રાલયે ચર્ચા–વિચારણા કરી છે અને ટૂંક સમયમાં તમને મંજૂરી મળી જશે આ પ્રકારનો વાયદો તમારી સરકાર એ વખતે કરતી હતી અને વડાપ્રધાન બનતાંની સાથે...

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ, તમારા સ્વભાવને સુધારો. સીધા બેસો. બેઠાં–બેઠાં બોલી શકાતું નથી.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાન બનતાંની સાથે સત્તર દિવસમાં મંજૂરી આપી અને ડેમના દરવાજા લગાવ્યા એ કોઇ નાની ઘટના નથી. ૭૦ હજાર કિલોમીટરનું નહેરનું નેટવર્ક અને નર્મદાના નીર ઘેર–ઘેર પહોંચાડવાનું કામ અને ટેન્કર રાજનો અંત લાવવાનું કામ કર્યું હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, લગભગ ૨.૬૩ લાખથી વધુ હેક્ટર જમીનમાં સિંચાઇનું કામ નર્મદા યોજનાથી થઇ રહ્યું છે. ગામડામાં વીજળી મળે એ માટે પણ। તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને ગૃહના નેતા રહેલા દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ જ્યોર્તિગ્રામ યોજના શરૂ કરી હતી. આજે પી.એમ.સૂર્યઘર યોજનામાં પાંચ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે એ દેશમાં પ્રથમ છે. સોલાર વિલેજ તરીકે મહેસાણાનું મોઢેરા, ખેડાનું સુખી, કચ્છનું ધોરડો અને બનાસકાંઠાનું મસાલી ગામ દેશનું પ્રથમ સરહદી સોલાર વિલેજ છે. આ સુઇગામ અમારા ધારાસભ્યશ્રી સ્વરૂપજીના વિસ્તારનું છે. આ મસાલી ગામના સરપંચ પણ મને હમણાં મળવા આવ્યા હતા. એમણે કહ્યું કે મારું ગામ બોર્ડરનું છે અને કદાચ આપ પણ ઓળખતા હશો. સાથે–સાથે મારે કહેવું છે કે, માથે આકાશ, નીચે ધરતી. જેનું ઘર ન હોય એની સ્થિતિ શું હોય એની કદાચ કોંગ્રેસને ખબર નહીં પડે. પણ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી આ બાબત બેખૂબી જાણતા હતા અને એટલે જ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ઘરના ઘરનું સ્વપ્ન પૂરું કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના આપી છે. આ યોજના માત્ર દિવાલો ચણી દે, દિવાલો ઊભી કરે દે એવું નહીં પણ છેવાડાના માનવીના સ્વપ્નમાં પ્રાણ ભરવાનું કામ કોઇએ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે, એન.ડી.એ.ની સરકારે કર્યું છે અને એનો આજે અમને સૌને આનંદ છે. દેશમાં લગભગ ચાર કરોડ કરતાં વધારે આવાસો આપવાનું કામ કર્યું છે. ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૫ લાખ ૭૭ હજાર કરતાં વધારે આવાસોનું નિર્માણ કર્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના થકી શહેરમાં ૮ લાખ ૯૮ હજાર કરતાં વધારે.....

સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે

રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ(મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના આભાર–પ્રસ્તાવ પર માનનીય સભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા સાહેબનું પ્રવચન પૂરું થાય ત્યારપછી વિરામ જાહેર કરવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, જેને ઘર ન હોય, માથે છત ન હોય, નીચે તબિયું ન હોય એની વેદના એ ૬૦ વર્ષના શાસનમાં જેણે માત્ર રાજપાટ ભોગવ્યું હોય એને ખબર ના હોય કે ગરીબની વેદના શું છે? આ વેદના જે ખભે થેલો લઇને ફરતું હોય એ ભારતીય જનતા પાર્ટીના નાનામાં નાના કાર્યકર્તાને હોય કે ઘરવિહોણા લોકોને કેવી રીતે ઘર આપવું? પંડિત દિનદયાળજીની વિચારધારાને હું સાર્થક કરતાં એવું કહીશ કે, 'ન ઘરા સુધી, ન ગગન સુધી. અમારે જવું છે છેવાડાના માનવી સુધી.' અમે અંત્યોદયની વિચારધારાવાળા કાર્યકર્તા છીએ. છેવાડાના વ્યકિતની ચિંતા કરવાવાળા કાર્યકર્તા છીએ. આ છે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા. પાર્લામેન્ટમાં એક કોંગ્રેસના યુવરાજ જેના જિન્સમાં ઇટાલીનું લોહી વહી રહ્યું છે આવા યુવરાજ જ્યારે એવું કહેતા હોય, જવાબદાર વ્યકિત તરીકે અને કોંગ્રેસના યુવરાજ ઇ.વી.એમ.પર જ્યારે પ્રેઝન્ટેશન આપે અને કહે કે ઇ.વી.એમ. હેક થાય છે. તો ખાલી એટલું વિચારો કે ઇ.વી.એમ. હેક કરે છે કોણ? ઇ.વી.એમ. હેક કરે છે દેશની ૧૪૦ કરોડની જનતા, ગુજરાતની સાડા છ કરોડની જનતા. કોંગ્રેસના રાજમાં ઘેર–ઘેર શૌચાલય હતા? એન.ડી.એ.ની સરકારે ઘેર–ઘેર શૌચાલય બનાવ્યા. કોંગ્રેસની સરકારમાં કિસાન સન્માન નિધિ હતી? ભા.જ.પ.ની સરકારમાં કિસાન સન્માન નિધિ છે. કોંગ્રેસના રાજમાં ૨૪ કલાક વીજળી હતી? સાંજે–૬ વાગ્યે વાળું પહેલાં ખાઇ લેવું પડતું હતું. શ્રી ખરાડીજી, એ સ્થિતિમાં તમે અને હું આપણે બધા જીવ્યા છીએ. આજે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૨૪ કલાક વીજળી મળી રહી છે. કોંગ્રેસના રાજમાં ગરીબો પાસે ઝીરો બેલેન્સથી બેંકના એકાઉન્ટ ન હતા, આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગરીબો પાસે બેંકના એકાઉન્ટ છે. વિશ્વની સૌથી મોટી આયુષ્યમાન યોજના કોંગ્રેસના રાજમાં નથી બની, માનનીય નરેન્દ્રભાઇ મોદીના રાજમાં બની છે. શ્રી ચિદમ્બરમજી હાઉસમાં એવું કહેતા હતા કે સાત રૂપિયાની શાકભાજી લેવા જાય, બે રૂપિયાનું દહીં–દૂધ લેવા જાય એવાં ગામડાંના માણસને યુ.પી.આઇ.ની ઓનલાઇન પદ્ધતિ કયાંથી આવડશે? બે દિવસ પહેલાં જ એ.આઇ.સમિટમાં એક વૈશ્વિક નેતા બોલ્યા છે કે, ભારતમાં ૧૦ વર્ષમાં જે શક્ય ન હતું તે એ.આઇ. ટેકનોલોજી દેશના ગામડે ગામડે પહોંચી છે. હું માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપીશ કે બનાસ બેંકે, બનાસ ડેરીએ ગામડામાં કોઇ દૂધ ભરાવે તો એને પૈસા લેવા જવું પડતું નથી. ડેરીએ કયાંય ધક્કા ખાવા પડતા નથી. શ્રી ખરાડીજી, તમારા ઘરે પૂછજો કદાચ બેન દૂધ ભરાવતા હશે તો માનનીય શંકરભાઇ સાહેબ ચેરમેન છે એમની ડેરીમાંથી સીધું ઓનલાઇન પેમેન્ટ તમારા ખાતામાં જમા થાય છે. દુનિયાની સૌથી મોટી યુ.પી.આઇ.ની સુવિધા ભારતમાં છે. કોંગ્રેસના રાજમાં ન હતી. તમારા રાજમાં ટેન્કરથી પાણી પહોંચાડાતું હતું, નળથી જળ પહોંચાડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. તમારા રાજમાં ચૂલાથી ફૂંકી–ફૂંકીને આંખો બાળવાનું કામ થતું હતું. દેશની મહિલાઓ માનનીય વડાપ્રધાનશ્રીનો આભાર માને છે કે જેમને ઉધરસ આવતી હોય, આંખમાંથી પાણી પડતું હોય, ફેફસાંની બીમારી થાય, શ્રી ખરાડીજી, તમારી બા, મારી બાને પૂછજો, શ્રી અર્જુનભાઇ, આપણી બધાની માઁ એ ચૂલા ઉપર રસોઇ કરીને આપણને બધાને મોટા કર્યા છે આ દિવસો ભૂલી ના જતા. આજે દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબે એલ.પી.જી.ના સિલિન્ડર આપ્યા છે એ કોંગ્રેસે નથી આપ્યા. ઉજ્જવલા ગેસ યોજના અમલમાં મૂકેલ છે. કોંગ્રેસના રાજમાં માત્ર વિદેશથી માણસો ઇમ્પોર્ટ કરતા હતા. તમે લોકો તો છોકરાની વહુ પણ વિદેશથી, ઇટલીથી લઇને આવતા હતા. આજે ભારત આત્મનિર્ભર થયું છે અને એટલા માટે ગુજરાતની પ્રજા હોય કે ભારતની પ્રજા હોય એમનો સ્નેહ ઇ.વી.એમ. હેક કરે છે. ઇ.વી.એમ. હેક કરવાની કોઇ સિસ્ટમ હોતી નથી. કોંગ્રેસના એક વડાપ્રધાનશ્રી એવું કહેતા હતા કે અમે એક રૂપિયો મોકલીએ છીએ અને પંદર પૈસા જનતા સુધી પહોંચે છે. આજે મોદીજીના શાસનમાં યુ.પી.આઇ.ના માધ્યમથી સો ટકા ડાયરેક્ટ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં પૈસા પહોંચાડવાનું કામ થતું હોય એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થાય છે. આજે વિશ્વભરમાં ભારત સૌથી મોટું ડિજિટલ પેમેન્ટ રીવોલ્યુશન બન્યું છે. માસિક વોલ્યુમ ૨૧.૭૦ બિલિયન એટલે કે ૨૧૭૦ કરોડ ટ્રાન્જેક્શનનો નવો રેકોર્ડ તૂટ્યો છે. ડેઇલી એવરેજ ૭૦૦ મિલિયન એટલે રોજના ૭૦ કરોડ ટ્રાન્જેક્શન એટલે પ્રતિ દિવસ વેલ્યુ ૯૧૪૦૩ કરોડની થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદનો છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી પણ અમદાવાદના છે. આજે અમદાવાદમાં દેશ–વિદેશના લોકો આ રિવરફ્રન્ટને જોવા માટે આવે છે. અટલ બ્રિજ અને રિવરફ્રન્ટ જોવા બધા લોકો આવે છે. તે વિદેશી પ્રવાસીઓ માટે એક કેન્દ્ર બન્યું છે અને વિદેશી પ્રવાસીઓ પણ ત્યાં આવી રહ્યા છે. માનનીય તુષારભાઇ અહીંયા બેઠા હતા. આ ખેડૂતોની ચિંતા કરતા કોંગ્રેસના મિત્રોને ફક્ત મારે એટલું જ પૂછવું છે કે, જ્યારે તમારા પૂર્વ નેતા શ્રદ્ધેય શ્રી અમરસિંહભાઇ ચૌધરી, આપણે એમનું સન્માન કરીએ છીએ, એમના રાજમાં તારીખ ૧૯મી માર્ચ ૧૯૮૭નો એ કાળો દિવસ યાદ કરો કે જે અન્નદાતા ઉપર તમે લાઠી વરસાવી, ગોળીઓ વરસાવી, કમનસીબે ગાંધીનગર રજૂઆત કરવા આવનાર ૧૯ ખેડૂતો શહીદ થયા. ગુજરાતની ૬.૫ કરોડની જનતા અને આ અન્નદાતા તમને કયારેય માફ નહીં કરે.તેમની હાય આજે તમને લાગી છે આજે માત્ર ૧૫ વધ્યા છો આવનારા દિવસોમાં અત્યારે માત્ર જેમ બે બેઠાં છે તેમ બે જ રહેવાના છો. પાક નુકસાન, આત્મહત્યાઓ એ

ખેડૂતની ઓળખ હતી અને બાપડા–બિચારા બની ગયેલા કોંગ્રેસના સમયમાં તે વાળુ સમયે વીજળી નહોતી મળતી અને આજે કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યનાં ૯૭ ટકા ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે ત્યારે આજે પણ માનનીય વીજમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાનું મન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન સન્માન નિધિ હેઠળ ૨૨ હજાર કરોડની સહાય ૬૯ લાખથી વધુ ખેડૂત કુટુંબોને પહોંચી રહી છે. ૧૯ લાખ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ, ટ્રેકટર ખરીદી માટે સહાય વધારીને એક લાખ રૂપિયા કરવામાં આવી છે. ટેકાના ભાવની વાત હોય ત્યારે ભાજપ સરકાર લાઠી, ગોળી નહીં, હમણાં જે અતિવૃષ્ટિ થઈ માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાનું મન થાય ૧૧ હજાર કરોડનું રાહત પેકેજ આપી આ અન્નદાતાની જોડે ઊભા રહ્યા છે. અમારા ભોળા ખેડૂતોને છેતરશો નહીં. તમારી વાતોમાં ખેડૂતો કયારેય ભરમાશે નહીં. ૩૦–૩૦ વર્ષથી દૂર રાખ્યા છે અને હજુ બીજા ૩૦ વર્ષની રાહ જોઈ લો કયારેય તમને આ ખેડૂતો જીતવા નહીં દે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, વર્ષ ૨૦૧૪ પહેલાં સ્થિતિ શું હતી? વર્ષ ૨૦૦૮માં મુંબઈ પર પાકિસ્તાની આતંકવાદી હુમલો, કોંગ્રેસ એટલે ભય, ભૂખ, ભ્રષ્ટાચાર, કોંગ્રેસ એટલે ખોટા વાયદાઓ અને જુઠ્ઠાણાંઓ, કોંગ્રેસ એટલે કોમનવેલ્થ કૌભાંડ, કોંગ્રેસ એટલે ટુ જી સ્પેક્ટ્રમ કૌભાંડ, કોંગ્રેસ એટલે અગસ્તા વેસ્ટલેન્ડ કૌભાંડ, કોંગ્રેસ એટલે આઇ.એન.એકસ મીડિયા કેસ, કોંગ્રેસ એટલે કોલ બ્લોક ઓકશન કૌભાંડ, કોંગ્રેસ એટલે આદર્શ હાઉસિંગ કૌભાંડ. નવાઈની બાબત એ લાગે છે કે, રમખાણો ચોક્કસ કોઈ કોમ કરે, આતંકવાદ ચોક્કસ કોઈ કોમ કરે, ડ્રગ્સની હેરાફેરી પણ આખા દેશની અંદર જે થાય છે આખા રાજ્યમાં જેટલા ડ્રગ્સ પેડલર પકડાય છે એ માત્ર ચોક્કસ કોમના પકડાય છે અને બધામાં જવાબદાર માત્ર સનાતન ધર્મીઓ, માત્ર હિન્દુ સમાજને ટાર્ગેટ કરવાનો? આ જ કોંગ્રેસ કરતી આવી છે. એ કોમન વાયોલન્સ બિલ તે માત્ર હિન્દુઓ માટે લાવવાનું? આ જવાબ દેશની ૧૪૦ કરોડ જનતા તમને કયારેય નહીં પૂછે અને ત્યારે મિત્રો, જયારે ઇવીએમના રિઝલ્ટ નીકળે ત્યારે વાંક કાઢવાનો ઇવીએમનો કે ચૂંટણી પંચનો? અને એટલે જ કહું છું કે શેખચલ્લીના વિચારોનાં સપનાં જોવાનું છોડી દો. હજુ ઘણાં લાંબા વર્ષો તમારે રાહ જોવાની છે. દેશની અને ગુજરાતની પ્રજા ખૂબ સારી રીતે તમને ઓળખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે કહેવું છે કે, કેન્દ્રની પાસેથી ગુજરાતની નીકળતી ફૂડ ઓઇલની રોયલ્ટીનો પ્રશ્ન કોણે દૂર કર્યો? મોદીજીએ, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની ભેટ કોણે આપી? મોદીજીએ, ગિફ્ટ સિટીમાં ગાંધીનગરમાં ભારતનું સૌથી આઇ.એફ.એસ.સેન્ટર કોણે બનાવ્યું? મોદીજીએ, ડ્રીમ સિટી ગુજરાત વિશ્વનું સૌથી મોટું સીંગલ ઓફિસ કોમ્પ્લેક્ષ કોણે બનાવ્યું ? મોદીજીએ, વાયબ્રન્ટની શરૂઆત કોણે કરી? મોદીજીએ, વર્લ્ડ લાર્જેસ્ટ સોલાર વિન્ડ પાવર ખાવડા, કચ્છ કોના શાસનમાં સ્થપાયું ? મોદીજીના, દિલ્હી, મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોનું વિઝન? મોદીજીનું, માંડલ બેચરાજી સરનો વિકાસ કોણે કર્યો? મોદીજીએ, મેટ્રો ટ્રેન કોણ લાવ્યું? મોદીજી, વંદે ભારત ટ્રેન કોણ લાવ્યું? મોદીજી, બુલેટ ટ્રેન કોણ લાવી રહ્યું છે? મોદીજી, બુલેટ ટ્રેન આવ્યા પછી પ્રવાસ કરવા જજો પાછા. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના વખતમાં ગુજરાતમાં આવુ સ્વપ્ન આવે તે કયારેય શકય નહોતું. આ ભાજપના શાસનમાં વાસ્તવિકતા રૂપે કરતુ આખું ચિત્ર દેશે જોયું છે અને તેના કારણે આખા ભારતની અંદર થયુ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ શરૂ કરેલી મહત્ત્વની યોજનાઓ કિસાનોની પી.એમ.સન્માન નિધિ, સાચું સન્માન અન્નદાતાને કોણે આપ્યું? માનનીય મોદીજીએ, અન્નદાતાને ઊર્જા બચાવવાનું કામ કોણે કર્યું? માનનીય મોદીજીએ, ઘરનું ઘર કોણે આપ્યું? માનનીય મોદીજીએ, ઉજ્જવલા યોજના અંતર્ગત એલ.પી.જી.સિલિન્ડર કોણે આપ્યા? મોદીજીએ, નારીશકિત વંદના કાર્યક્રમ અંતર્ગત મહિલાઓનું સાચું સન્માન કોણે કર્યું? મોદીજીએ, કોઇ નાગરિક ભૂખ્યો ના સૂવે તેના માટે વિનામૂલ્યે અનાજ કોણે આપ્યું? મોદીજીએ, આયુષ્યમાન ભારત યોજના દ્વારા દેશના નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા કોણે કરી? મોદીજીએ, પ્રધાનમંત્રી મુદ્રા યોજના દ્વારા ઉદ્યોગ સાહસિક લોન કોણે આપી? મોદીજીએ. પી.એમ.વિશ્વકર્મા યોજના દ્વારા કારીગરોના જીવનના આર્થિક ઉત્કર્ષનું કામ માનનીય મોદીજીએ કર્યું. વિશ્વમાં ભારતના અર્થતંત્રને ત્રીજા સ્થાને માનનીય મોદીજીએ પહોંચાડ્યું. ડિજિટલ ઇન્ડિયાનું સ્વપ્ન માનનીય મોદીજીએ પૂર્ણ કર્યું. મેઇક ઇન ઇન્ડિયા બનાવવાનું સ્વપ્ન માનનીય મોદીજીએ પૂરું કર્યું. વોકલ ટુ લોકલનો સંકલ્પ માનનીય મોદીજીએ ચરિતાર્થ કર્યો. 'એક દેશ મેં દો વિધાન, દો પ્રધાન, દો નિશાન નહીં ચલેંગે, નહીં ચલેંગે.' ૩૭૦ ની કલમ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ દૂર કરી. ભારતમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટ–અપ ઇકો સિસ્ટમ માનનીય મોદીજી લાવ્યા. મારે વિપક્ષના મિત્રોને પૂછવું છે કે તમે પ્રજા સમક્ષ જ્યારે કામો લઇને જાઓ, જનઆક્રોશ યાત્રા કાઢવાના બદલે તમે અમારા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, અમારા મંત્રીઓ જોડે ખાલી કાગળ લઇને જાઓ તો અમારી આખી ટ્રેઝરી બેન્ચ તમારા કામ એક મિનિટમાં કરી નાખે. પણ તમારે ક્યારેય સરકાર પાસે આવવું નથી. જનઆક્રોશ રેલી કરવી છે અને પાછું કહેવું છે કે કોંગ્રેસના નેતાની વફાદારી કોના માટે? માત્ર એક જ પરિવાર માટે. તમારા માટે જે ગણો એ એક માત્ર પરિવાર. એ પરિવારને ખુશ કરવા માટે. મારે તમને એટલું જ પૂછવું છે કે પ્રજા તમને કેમ ધિક્કારે છે? કારણ કે તમે ગુજરાતની ધરતી પર રહી ગુજરાતની સાડા છ કરોડની જનતા કે જેણે તમને વોટ આપ્યા છે, ગણ્યા–ગાંઠ્યાને વોટ આપ્યા છે, ત્યાં રહી અને જનઆક્રોશ યાત્રામાં એવું બોલવું છે કે ગુજરાતમાં નેપાળવાળી થશે. આ ગુજરાતની સાડા છ કરોડની જનતા તમને ક્યારેય માફ નહીં કરે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોમેન્ટ નહીં કરીએ. (અંતરાય) વ્યક્તિગત નામ નથી લેતા. બેઠાં બેઠાં નહીં કહી શકાય.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, દાયકાઓથી કોંગ્રેસ માત્ર એક વાત કરતી હતી ગરીબી હટાવો. બિચારા નાના લોકોને ગુમરાહ કરવાનું કામ કોંગ્રેસ કરે છે. તાજેતરમાં થયેલા એક રિપોર્ટ મુજબ મોદી સરકારના કાર્યકાળમાં આ દેશની અંદર લગભગ ૨૫ કરોડ કરતાં વધારે લોકો ગરીબી રેખાથી બહાર આવ્યા છે. ઔદ્યોગિક ક્રાંતિની વાત કરું તો વાયબ્રન્ટ ગુજરાત થકી ઉદ્યોગમાં આપણું ગુજરાત રાજ્ય અગ્રેસર બન્યું. વાયબ્રન્ટ ગુજરાત થકી ઇન્વેસ્ટમેન્ટમાં પસંદગીનું રાજ્ય બન્યું ગુજરાત, વાયબ્રન્ટ ગુજરાત થકી રોજગારીની સંભાવનાઓ વધી અને અન્ય રાજ્યો માટે આપણું ગુજરાત પ્રેરણાસ્ત્રોત બન્યું. વાયબ્રન્ટ થકી ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝ, સેમીકન્ડકટર, ટેક્સટાઇલ, ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝ, ટોચની તમામ ઇન્ડસ્ટ્રીઝો, કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ, ફૂડ ઇન્ડસ્ટ્રીઝ, સિરામિક ઇન્ડસ્ટ્રીઝ, માત્ર ને માત્ર આ મળ્યું હોય તો વાયબ્રન્ટ થકી મળ્યું છે. આના થકી ગુજરાતના લાખો યુવાનોને જેને તમે લોકોએ બેરોજગારીમાં ધકેલી દીધા હતા એ બધા યુવાનોને માત્ર ગુજરાત નહીં પણ દેશભરમાંથી યુવાનોને રોજગારીની તકો દેખાતી હોય તો ગુજરાતમાં દેખાય છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના કાર્યકાળમાં ગુજરાતની આ ઔદ્યોગિક આગેકૂચ આગળ વધી રહી છે અને વિશ્વની ટોચની કંપનીઓ આજે ગુજરાતમાં મૂડીરોકાણ માટે આવી રહી છે. મને જણાવતા આનંદ થાય કે, કચ્છમાં પીન બનતી હોય તો ગુજરાતમાં પ્લેન પણ બને છે. ટાંકણી સાથે ટેન્ક પણ બને છે. આજે દુનિયાની એકપણ પ્રોડક્ટ એવી નથી કે જે ગુજરાતમાં ન બનતી હોય. દેશ આઝાદ થયો ત્યારે એવું કહેવાતું હતું કે આ સપેરાઓનો દેશ છે. ત્યારે આખા દેશમાં માત્ર બે જ પ્રકારની ઇકોનોમી હતી. એક એગ્રીકલ્ચર ઇકોનોમી અને ત્યારે કદાચ નાની મોટી ઇન્ડસ્ટ્રીઝની શરૂઆત થઇ હતી અને આજે ઇન્ડસ્ટ્રીયલ ઇકોનોમી, રુરલ ઇકોનોમી, મેડિકલ ઇકોનોમી, ડિજિટલ ઇકોનોમી, ટૂરિઝમ ઇકોનોમી, સ્પીરિચ્યુઅલ ઇકોનોમી, સોમનાથ, ઉજ્જૈન, મહાકાલ, પાવાગઢ, અયોધ્યા, અંબાજી આ પ્રકારની આખી ઇકોનોમી ડેવલપ થઇ છે. બ્લ્યુ ઇકોનોમી, ગ્રે ઇકોનોમી, ઓરેન્જ ઇકોનોમી. કદાચ કોંગ્રેસ સ્વપ્નમાં જ રહી ગઇ કે અમે બધા શું કરતા હતા અને નરેન્દ્રભાઇ આ બધું શું લઇ આવ્યા? કોંગ્રેસના સ્વપ્ન ક્યારેય ન તો ગુજરાતમાં પૂરા થાય કે દેશના અન્ય રાજ્યોમાં પૂરાં થાય. આજે મને જણાવતા આનંદ થાય છે કે દેશના અડધા કરતાં વધારે રાજ્યની અંદર ભારતીય જનતા પાર્ટીની એન.ડી.એ.ની સરકાર રાજ કરી રહી છે. આજે મને જણાવતા આનંદ થાય છે કે આ વિકાસ માત્ર આ કોંગ્રેસના મિત્રોને જ **આંખના કણાની જેમ ખૂંચે છે** એવું નથી. આ તમને એકલાને નહીં બીજા જે નવા નવા અન્ય પાર્ટીના લોકો આવે છે એને પણ આ વિકાસ ખૂંચી રહ્યો છે અને દુનિયાની બીજી મહાસત્તાઓને એમને માનનીય નરેન્દ્રભાઇ જે રીતે કામ કરી રહ્યાં છે એ વિકાસ એમને પણ ખૂંચી રહ્યો છે અને આ વિકાસની રાજનીતિના કારણે આવનારાં વર્ષો સુધી વારંવાર આ હાઉસમાં બોલ્યો છું કે ગુજરાતની જનતા કે દેશની જનતા એ ક્યારેય તમને સરકારમાં આવવા નહીં દે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને જણાવતા આનંદ થાય છે કે આજે વિકાસ થયો અને આ બધું શક્ય કેમ બન્યું છે? આજે ભારતીય જનતા પાર્ટી અને.ડી.એ. પાસે વિઝન છે. આજે એવા નેતા છે કે જે નેતામાં સામર્થ્ય છે અને જે નેતાને પણ પ્રજાનો સો એ સો ટકા ભરોસો છે તેવા નેતા દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં આજે ભારત દેશ આગળ વધી રહ્યો છે. બીજી વાત કરું તો આજે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય હર્ષભાઇ સંઘવી જે રીતે કામ કરી રહ્યા છે. ૧૯ કરતાં પણ વધારે પૉલિસીઓ ગુજરાતમાં છે: એમાં ટેક્સટાઇલ, ઇન્ડસ્ટ્રીયલ, સેમીકન્ડક્ટર, સ્પેસ, ગુજરાતની હાઇડ્રો પૉલિસી હોય, આવી કેટલીય પૉલિસીઓના કારણે દુનિયાભરના લોકો ગુજરાતમાં રોકાણ કરવા માટે આવે છે અને સરકારે એ રીતનું આખું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. એટલા માટે ઇલોન મસ્કની સ્પેસની સબસિડીયરી કંપની સ્ટારલિંક અને ગુજરાત સરકારમાં ઇન્ટરનેટની સુવિધા માટે કરાર થયા છે. ફોરેનની કંપનીઓ ગુજરાતમાં આવી છે એનું એક માત્ર કારણ છે કે ઉદ્યોગકારોને સારામાં સારું વાતાવરણ અને સારામાં સારું પ્લેટફોર્મ જોબ માટે જે યુવાનો મળે છે એ માત્ર અને માત્ર ગુજરાતમાં સારામાં સારી રીતે મળી રહે છે. માનનીય સ્પોર્ટસ મંત્રીશ્રી બેઠા છે ત્યારે કહીશ કે માનનીય દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, માનનીય અમિતભાઇ શાહ સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય હર્ષભાઇ સાહેબના પ્રયત્નોથી આજે ગુજરાતની અંદર કોમનવેલ્થ ગેમ્સ આવી રહી છે. વર્ષ ૨૦૩૦માં આપણી યજમાની અને રાજ્યની વૈશ્વિક ઓળખમાં વધારો થવાનો છે ત્યારે રમત-ગમત, પ્રવાસન, હોટલ્સ, ટ્રાન્સપોર્ટેશન અને અન્ય સેવાના ક્ષેત્રમાં પણ રોકાણ વધવાના છે. જેથી રોજગારીની વિશાળ તકો સર્જાવાની છે એના કારણે ગામડાનાં ખેડૂતોનાં બાળકો અહીંયા રમવા માટે આવશે. માત્ર અને માત્ર ગુજરાત કક્ષાએ નહીં પણ કોમનવેલ્થ સુધી પહોંચે એ પ્રકારની તૈયારીઓ ગુજરાત સરકારની છે. દેશમાં સ્ટાર્ટઅપ પોલિસીનું સફળ અમલીકરણ કરનાર ગુજરાત એ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. લગભગ ૧૩,૪૦૦ કરતા વધારે સ્ટાર્ટઅપ ગુજરાત સ્ટાર્ટઅપ અને ઇનોવેશન હેઠળ ૩.૬૮.૧૪ કરોડથી વધારે સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું છે. રાજ્ય સતત પાંચ વર્ષ સુધી આ સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કીંગમાં બેસ્ટ પર્ફોમન્સ એવોર્ડ એનાયત થયો છે. આઇ-સ્ટ્રીટ સેન્ટરની જે સ્થાપના કરવામાં આવી છે અને સ્ટાર્ટઅપ માટે આઇ-હબ અમદાવાદ ખાતે ઊભું કરવામાં આવ્યું છે. ઇકો સિસ્ટમનો વિસ્તાર વધારે વિસ્તારવા માટે સુરત, અમદાવાદ, મહેસાણા અને રાજકોટ ખાતે એ આઇ-હબના રિજિયોનલ સેન્ટર આગામી દિવસોમાં સ્થાપવામાં આવશે અને જેના ખાતમુહૂર્ત થાય છે એના લોકાપર્ણ પણ ભારતીય જનતા પાર્ટી સરકારના માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય હર્ષભાઇ સંઘવીની આખી ટીમ જેમ માનનીય વડાપ્રધાનશ્રીએ આ શિરસ્તો પાડ્યો હતો તે જ રીતે કરીએ છીએ અને આ સંસ્કૃતિને માનનીય ભૂપેન્દ્રભાઇ આગળ વધારી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં એટલું કહીશ કે, હવે તો નાનાં બાળકોથી લઇને બધા એકજ વાત કહે છે કે –

2014 से पहले सत्ता का मोह था, मोदी जी के बाद सत्ता नहीं किंतु सेवा है,

2014 से पहले सत्ता नहीं परंतु समस्या थी, मोदी जी के बाद समाधान है।

2014 से पहले सिर्फ आतंकवाद था, मोदी जी के बाद ओपरेशन सिंदूर और शांति है।

2014 से पहले गरीबी थी, मोदी जी के बाद समृद्धि है।

2014 से पहले बेरोजगारी थी, मोदी जी के बाद कौशल्य-विकास है।

2014 से पहले अव्यवस्था थी, मोदी जी के बाद व्यवस्था है।

2014 से पहले तृष्टिकरण की राजनीति थी, मोदी जी के बाद सबका साथ- सबका विकास है।

2014 से पहले परिवारवाद था, मोदी जी के बाद लोकतंत्र है।

2014 से पहले परावलंबन था, मोदी जी के आज भारत आत्म-निर्भर है।

માનનીય અધ્યક્ષશ્રી, ભારત પાસે દુશ્મનોને જડબાતોડ જવાબ આપી શકે એવા બાહોશ નેતા આ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી માનનીય મોદી સાહેબ છે. છેલ્લે એટલું કહીશ કે, વિકસિત ગુજરાત એટલે ૧૦૮ યુનિવર્સિટી, ૩૫ મેડિકલ કોલેજો. વિકસિત ગુજરાત એટલે ૧૩૦ એન્જિનિયરિંગ કોલેજો, વિકસિત ગુજરાત એટલે ૨૩૯ જી.આઇ.ડી.સી., વિકસિત ગુજરાત એટલે ૫૦૦ ઇન્ડસ્ટ્રીયલ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ, વિકસિત ગુજરાત એટલે ૧.૨૫ લાખ કિલોમીટરનો સ્ટેટ રોડ નેટવર્ક વિકસિત ગુજરાત એટલે ૫૨.૨ ગીગાવોટની પાવર જનરેશન કેપેસિટી, વિકસિત ગુજરાત એટલે ૩૬ હજાર કિલોમીટરનો ઓપ્ટીકલ ફાઇબર નેટવર્ક, વિકસિત ગુજરાત એટલે ૫૨૦૦ કિલોમીટરની રેલ કનેક્ટિવિટી, વિકસિત ગુજરાત એટલે એક મેજર પોર્ટ અને ૪૮ નોન મેજર પોર્ટસ અને વિકસિત ગુજરાત એટલે ૧૯ ઓપરેશનલ એરપોર્ટસ. આ વિચારધારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી હોય કે પંડિત દીનદયાળજીની જેમાં જનસેવાનો અમારો સંકલ્પ રહ્યો છે. આ વિચારધારાને અનુસરીને છેક છેવાડાના માનવી સુધી પંચનિષ્ઠા હોય, એકાત્મ માનવવાદ, છેવાડાના માનવીના જનકલ્યાણની ભાવનાને ગતિશીલ કરવાનો અમારો પ્રયાસ રહ્યો છે અને એટલા માટે જ હું આંકડા જણાવું તો દેશની અંદર રાજ્યસભા અને લોકસભામાં થઇ ૩૪૩ જેટલા તો માત્ર સાંસદો ભારતીય જનતા પાર્ટી અને એન.ડી.એ.ના છે. ૧૬૫૫ ધારાસભ્યો છે, હજી તો આવનારા દિવસોમાં ચૂંટણી આવવા દો, આ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકામાં કોંગ્રેસનાં સૂપડાં સાફ થવાનાં છે. આ એકમાત્ર કારણ છે કે દેશની સાડા છ કરોડ જનતાને અમારી ઉપર ભરોસો છે. છેલ્લે એવું કહીશ કે,

तेरी माटी तेरा देश पहले, दुनिया के सारे सुख पीछे, मेरा देश पहले....

આ ભાવના સાથે ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર જીવી રહ્યો છે.

तुझे परम वैभव के शिखर पर ले जाना, यही संकल्प है हमारा।

છેલ્લે માનનીય મોદી સાહેબના શબ્દોમાં કહું કે–

'' નીચું જોવાનો વારો આવે એવું કયારેય નહીં કરવું, કદીએ નહીં,
ઉન્નત પહાડની જેમ અડીખમ નિર્મળ જાણે વહે નદી,
મારે એક કર્મની પાછળ ઇશ્વરનો હોય આશીર્વાદ,
ખોટું નહીં કરે, કદીએ નહીં ડરે આચરણ મારું હોય નહીં કદી બદી,
નીચું જોવાનો વારો આવે એવું નહીં કરું કદી''.

આ છે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા. માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર માનનીય સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે એમાં આ મારા વિચારો છે, ભારત માતાકી જય. વંદે માતરમ.

અધ્યક્ષશ્રી : અસંસદીય શબ્દો હોય એ રેકોર્ડ ઉપરથી દૂર કરીએ. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી બપોરના ૧૨–૦૦ કલાકે મળશે.

વિરામ : બપોરના ૧૧–૨૨ થી ૧૨–૦૦

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ સન્માનનીય સભાગૃહને સંબોધન કર્યું તેનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમાર લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

કૃષિ ક્ષેત્રે ગુજરાતે દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અને લાંબા ગાળાનો વિકાસ વ્યૂહ અપનાવ્યો છે. વાવણીથી વેચાણ સુધી ખેડૂતો સાથે અડીખમ ઊભી રહેતી અમારી સરકારે કૃષિ ઉત્પાદન વધારવાની દિશામાં મક્કમ પગલાં ભર્યા છે. કૃષિમાં વૈવિધ્યકરણ લાવી બાગાયત, પશુપાલન, એગ્રો પ્રોસેસિંગ, એગ્રો માર્કેટિંગ જેવી સવલતભરી પ્રવત્તિઓ તેમજ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ખેડૂતોની આવક વધારવાનો અમારી સરકારનો ધ્યેય છે. આ વખતે ચોમાસામાં અતિવૃષ્ટિ, પૂર જેવી પરિસ્થિતિમાં ચોમાસું ખેડૂતોના આંસુ બનીને વરસ્યું હતું. આ અતિ વર્ષના અતિ કપરા સમયમાં અમારી સરકારે ખેડૂતોની સાથે અડગ ઊભા

રહી કમોસમી વરસાદ સામે ખેડૂતોને સહાય માટે ચાલુ વર્ષે માતબર રકમના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરેલ. લગભગ ૩૩ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને રૂ.૧૧,૦૦૦ કરોડની સહાય તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવેલ. અમારી સરકારે ખેડૂતોને થયેલ નુકસાનીની ગણતરી અને ચૂકવણી તાત્કાલિક ધોરણે શરૂ કરી અને ગણતરીના સમયમાં પૂર્ણ કરી હતી. ગુજરાતના ઇતિહાસમાં આટલા ઓછા સમયમાં આટલા મોટા પ્રમાણમાં સહાય સીધી ખેડૂતોના ખાતામાં પહોંચી હોય તેવો આ પ્રથમ દાખલો છે. આ જ દર્શાવે છે કે ઇરાદા મજબૂત હોય તો આફતો પણ ઝૂકી જાય છે. આ અમારી સરકારની ખેડૂતો પ્રત્યેની સંવેદનશીલતા અને પ્રતિબદ્ધતા દર્શાવે છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ રાજ્યમાં આજ દિન સુધી ૧થી ૨૧ હપ્તામાં આશરે રૂ.૨૨,૦૦૦ કરોડની સહાય ૬૯ લાખથી વધુ ખેડૂત કુટુંબોને તેમના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવી છે. ટ્રેક્ટર ખરીદીમાં સહાય વધારીને વર્ષ ૨૦૨૫-૨૬થી રૂ.૧ લાખ કરવામાં આવેલ છે. ખેડૂતોને સમયસર યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુસર કૃષિ પ્રગતિ વેબ પોર્ટલ અને કૃષિ પ્રગતિ મોબાઇલ એપ વિકસાવવામાં આવેલ છે. જેમાં લાખોની સંખ્યામાં ખેડૂતો સીધા જોડાય છે અને આ સુવિધાનો લાભ લઇ રહ્યા છે. વધુમાં કેન્દ્ર સરકારની એગ્રિસ્ટેક યોજના હેઠળ ગુજરાત રાજ્ય દ્વારા ફાર્મર રજિસ્ટ્રી હેઠળ અત્યાર સુધીમાં ૫૯ લાખથી વધુ ખેડૂતોનું રજિસ્ટ્રેશન પૂર્ણ કરવામાં આવેલ છે તથા ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જેમાં સારી કામગીરી બદલ ભારત સરકાર દ્વારા રૂ.૪૧૩ કરોડ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે આપવામાં આવ્યા છે. બાગાયતી પાકોમાં કાપણી પછીના વ્યવસ્થાપન માટે રાજ્યમાં વિવિધ માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવેલ છે. જેમાં ૫૪૮ કોલ્ડ સ્ટોરેજ, ૨૭૬૨ પેક હાઉસ, ૮૩ રાઇપનિંગ ચેમ્બર, ૪૧૩ શોર્ટિંગ, વેડિંગ એકમ તેમજ ૧૯ રિફર વાન તથા અન્ય માળખાગત સુવિધાઓ પણ બાગાયત પાકો માટે કરવામાં આવેલ છે. વધુમાં રાજ્યના ખેડૂતોને બાગાયત પાકો માટે અદ્યતન ટેકનોલોજી પ્રદાન કરવાના હેતુથી રાજ્યમાં ૮ સેન્ટર ઓફ એક્સલન્સ કાર્યરત છે. બીજા નવા ૯ સેન્ટર ઓફ એક્સલન્સ નિર્માણ પામી રહેલ છે. અત્યાર સુધીમાં લગભગ ૧ લાખ જેટલા ખેડૂતો, યુવાનોને કૌશલ્યવર્ધન અંગેની તાલીમ આપવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે ભારતીય સંસ્કૃતિ ગૌ, ગંગા, ગીતા અને ગાયત્રીની સંસ્કૃતિ છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા, પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય, ભેંસ અને અન્ય પશુઓના નિભાવ માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત પ્રતિદિન રૂ.૩૦ લેખે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૧૬૦૦થી વધુ સંસ્થાઓ અને ૪.૫૦ લાખથી વધુ પશુઓ માટે રૂ.૨૪૧.૩૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. બનાસ ડેરી દ્વારા દામા ખાતે રોજનું લગભગ ૪૦ મેટ્રિક ટન ગોબર એકત્રીકરણ અને વૈજ્ઞાનિક પ્રોસેસિંગ કરીને બાયો સી.એન.જી.નું ઉત્પાદન કરતો પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે. જેનાથી પશુપાલકોને ગોબરના વેચાણ થકી વધારાની આવક પણ પ્રાપ્ત થાય છે. આ પ્રોસેસિંગ દરમિયાન તૈયાર થતાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભૂમિ જૈવિક ખાતર, ભૂમિ અમૃતના ઉપયોગથી ખેડૂતોના ખેતીના ખર્ચમાં ઘટાડો થયો છે. જેનો લાભ મોટા ખેડૂત વર્ગને થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આ યોજનાનો અમલ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં પણ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ.૨૪ હજાર ૨૨ કરોડની જોગવાઇ અમારી સરકારે કરેલ છે. અમારી સરકારે કૃષિ વિભાગ દ્વારા ખેડૂતોના હિતમાં અનેક યોજનાઓ અમલમાં મૂકેલ છે. જેવી કે, ટ્રેક્ટર સહાય યોજના, કૃષિ યાંત્રિકીકરણ યોજના, મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના, કિસાન પરિવહન યોજના, સનેડો સહાય યોજના, નેશનલ ફૂડ સિક્યુરિટી મિશન-કઠોળમાં આત્મ નિર્ભરતા માટેનું મિશન, નેશનલ મિશન ઓન એડિબલ ઓઇલ્સ એન્ડ ઓઇલ સીડ, કૃષિ રાહત પેકેજ હેઠળ ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના, ટેકાના ભાવે ખરીદી, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પી.એમ. કિસાન ગુણવત્તા નિયંત્રણ અંગેની કામગીરી, રાસાયણિક ખાતરોનું વિતરણ, તારની વાડની યોજના, બિયારણની જરૂરિયાત મુજબ વિતરણ અને ખેડૂતોને જરૂરી તાલીમ આપવામાં આવે છે. કૃષિ મહોત્સવનું આયોજન પણ કરવામાં આવે છે. મિલેટ ડેવલપમેન્ટ યોજના, આઇ-ખેડૂત પોર્ટલ-૨, ડિજિટલ ક્રોપ, ફાર્મર રજિસ્ટ્રી, કૃષિ પ્રગતિ એપ્લિકેશન, કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેકનોલોજી થકી કૃષિ વિમાનનો ઉપયોગ વગેરે ઉપર્યુક્ત આયોજન રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં કરેલ છે તેમજ રાજ્ય સરકાર દ્વારા અપાતી સહાયમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં પ્રાકૃતિક કૃષિનો પણ ઉલ્લેખ કરીને જણાવેલ છે કે, જમીન, પર્યાવરણ અને માનવજાતના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ આશીર્વાદરૂપ છે. પ્રાકૃતિક કૃષિને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પોતાના હૃદયની સૌથી નજીક ગણાવેલ છે અને આ દેશનો દરેક ખેડૂત પ્રાકૃતિક કૃષિ અપનાવે તેવું તેમનું સ્વપ્ન છે. આ સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા સુઆયોજિત ઝુંબેશના રૂપમાં કામગીરી થઇ રહી છે. અત્યાર સુધી ૧૯ લાખ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી છે તેમજ એક લાખથી વધુ ખેડૂતોને દેશી ગાય નિભાવ ખર્ચ માટે રૂ.૫૮.૭૭ કરોડની સહાય આપવામાં આવી છે. સન ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં પ્રાકૃતિક કૃષિની વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂ.૩૯૨ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ માટે કેન્દ્ર સરકારે પણ સમગ્ર દેશ માટે માતબર રકમનું આયોજન કરેલ છે. વિશ્વમાં એકમાત્ર પ્રાકૃતિક કૃષિ અને વિજ્ઞાન યુનિવર્સિટી ગુજરાતમાં છે. આ સન્માનનીય સભાગૃહને જણાવતાં મને આનંદ થાય કે તે યુનિવર્સિટી મારા મતવિસ્તાર હાલોલમાં છે. જેનું હેડ ક્વાર્ટર પણ હાલોલમાં જ છે. હાલોલ ખાતે વિશ્વની પ્રથમ પ્રાકૃતિક કૃષિ આધારિત ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીનું ભૂમિપૂજન

મહામહિમ રાજ્યપાલશ્રીના કરકમલોથી થયેલું અને વર્ષ ૨૦૨૪-૨૫થી હાલોલ ખાતે સંપૂર્ણપણે કાર્યરત બની છે. પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક આધાર સંશોધન, શિક્ષણ અને પ્રસાર માટે સમર્પિત આ યુનિવર્સિટી ગુજરાત તેમજ દેશભરમાં પ્રાકૃતિક કૃષિ પ્રણાલીને પ્રોત્સાહ આપવાનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની રહી છે. અમારી સરકારે આ યુનિવર્સિટીના આધુનિક બાંધકામ, શૈક્ષણિક ઇમારતો, પ્રયોગશાળાઓ, વહીવટી વિભાગો અને ફર્નિચર માટે કુલ રૂ.૧૯૩.૦૫ કરોડની મહત્ત્વપૂર્ણ રકમ મંજૂર કરી છે. જેના દ્વારા સુવિધાસભર અને સંશોધનમુખી કેમ્પસનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ યુનિવર્સિટીના તાબા હેઠળ બી.એ.સી. અને એમ.એ.સી.ના નેચરલ ફાર્મિંગના અભ્યાસક્રમો માટે હાલોલ અને અમરેલી ખાતે બે કૉલેજો કાર્યરત છે.આ કોલેજોમાં પ્રાકૃતિક ખેતીના મૂળ તત્વો, જીવામૃત, બીજામૃત, ગૌ આધારિત કૃષિ પદ્ધતિ, જીવવિજ્ઞાન આધારિત જીવાત નિયંત્રણ, જમીન આરોગ્ય સંરક્ષણ અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. વધુમાં, અમરેલી ખાતે રાજ્ય સરકારે ૨૬ હેક્ટર જમીન ફાળવેલ છે તેમજ હાલોલ ખાતે પ્રાકૃતિક કૃષિ આધારિત પોલિટેકનિક અભ્યાસક્રમ માટે અલગ કોલેજને મંજૂરી આપવામાં આવેલ છે. જેનાથી ટેકનિકલ અને પ્રાયોગિક જ્ઞાન ધરાવતા યુવાનો તૈયાર થઇ શકશે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ અમલમાં મૂકાયેલ એફ.પી.ઓ. યોજના હેઠળ ગુજરાતમાં પણ ૯૭ પ્રાકૃતિક કૃષિ આધારિત એફ.પી.ઓ.કાર્યરત છે. જે ખેડૂતોને સંગઠિત બજાર, મૂલ્યવર્ધન અને નિકાસની તકો પૂરી પાડે છે. વધુમાં કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત કાર્બન ફાર્મિંગનો પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ પણ હાલોલ ખાતે કાર્યરત છે. રાસાયણિક ખાતરો અને દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે કુદરતી તત્ત્વો જેવા કે, જળ, જમીન અને હવા આ ત્રણેય તત્ત્વોને થયેલ ગંભીર નુકસાનના દુષ્પ્રભાવને નિવારવા માટે પ્રાકૃતિક ખેતી તરફનું પ્રયાણ એ ક્રાંતિકારી પરિવર્તન છે. આજે દેશ અને રાજ્યના હજારો કિસાનો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલા છે. ગુજરાતના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના આ મહાઅભિયાનનું નેતૃત્વ રાજ્યસરકારે લીધું છે. જેમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી પણ ખૂબ રસ લઇ રહ્યા છે. મને જણાવતાં આનંદ થાય છે કે, મહામહિમ રાજ્યપાલશ્રી પણ જિલ્લે-જિલ્લે જઇને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે વિગતવાર માર્ગદર્શન આપે છે. તેઓ નાના ગામમાં રાત્રિ રોકાણ કરે છે, પ્રાથમિક શાળામાં નિવાસ કરે છે. ગામમાં રહેતા એસ.સી./એસ.ટી. ખેડૂત જેમણે પ્રાકૃતિક ખેતી કરી હોય તેમને ત્યાં ભોજન લે, રાત્રે ગ્રામસભાનું આયોજન કરે અને સવારે પ્રાકૃતિક કૃષિ કરેલ ખેતરની મુલાકાત પણ લે છે અને ગામલોકોને એકત્રિત કરીને પ્રાકૃતિક કૃષિનું ખૂબ સુંદર માર્ગદર્શન તેમના થકી મળે છે. આજે સમગ્ર વિશ્વ અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે. આ પૈકી જળ અને વાયુ પરિવર્તન એ વિશ્વ સામેનો એક મોટો પડકાર છે. પ્રકૃતિ સાથે છેડછાડ કરવાના કારણે સમગ્ર વાતાવરણ દૂષિત થયું છે. આજે શુદ્ધ હવા, પાણી અને ખોરાક મેળવવો અશક્ય બની ગયેલ છે ત્યારે આપણા માટે કુદરત તરફ પાછા વળવાનો સમય આવી ગયો છે. ખેડૂતો રાત-દિવસ મહેનત કરીને અન્ન પેદા કરે છે. પરંતુ આધુનિક રીતે કરવામાં આવતી રાસાયણિક ખેતીમાં વધેલ ખર્ચના કારણે તેને આર્થિક હાડમારી ભોગવવી પડે છે. અનુભવે એ તારણ બહાર આવ્યું છે કે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ખેતી અંગેનો ખર્ચ ઘટાડવાની સાથે તેમની આવકમાં વધારો થયો છે તેવી રાસાયણિક ખેતીને તિલાંજલિ આપી આપણી પ્રાચીન કૃષિ પરંપરા અનુસાર ગાયના છાણ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા ખેડૂતોને આગળ લાવવા પ્રશિક્ષિત કરવામાં આવે છે. ડબલ્યુ.એચ.ઓ.એ કહ્યું છે, વર્લ્ડના જાણીતા લોકોએ કહ્યું છે, હેરીક ડેવીસે કહ્યું કે, Harmful impact of chemical fertilizer on Human Health, શ્રીલંકાના હેમંતા તુલાંગાએ કહ્યું છે કે, Impact of Chemical fertilizers on Human Health and Environment. આવી રીતે અનેક લોકોએ ચિંતા કરી કે આવું કેમ થયું? તો પચાસ વર્ષ પહેલાં આવું થતું નહોતું. પણ અચાનક હાર્ટએટેક, કિડની ફેલ્યોર, કેન્સર. માણસ ઘાણાની દાળ પણ ખાતો ન હોય અને કોઇ વ્યસન પણ ન હોય અને ડિટેક્ટ થાય કે કેન્સર છે. તો એનું શું કારણ? સવારમાં ઉઠીને ચા પીવે, ચા ઊગાડવામાં કેમિકલ, ખાતર અને જંતુનાશક દવા. ખાંડમાં શેરડી પકવવામાં જંતુનાશક દવા અને ખાતર. દૂધમાં ગાય-ભેંસ જે ચારો ખાય તેમાં પણ આખા દિવસમાં આપણે પણ જે ખોરાક લઇએ છીએ રોટલી, દાળ-ભાત, શાક, ફળો. આ બધું પકવવામાં અપ્રમાણ અને વધારે ઉપજ લેવાની લ્હાયમાં વપરાતા રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓની આજે માનવજાત પર અસર પડે છે. માટે જ આજે લોકો પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે. ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. આ જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિમાં પ્રોત્સાહન મળે એ માટે બે હેક્ટરની મર્યાદામાં સહાય પણ આપવામાં આવે છે. અત્યાર સુધી હજારો ખેડૂતોને આ સહાયનો લાભ મળ્યો છે. ખેડૂતો સાથે અડીખમ ઊભી રહેતી અમારી સરકારે કૃષિ ઉત્પાદન વધારવાની દિશામાં મક્કમ પગલાં ભર્યાં છે. કૃષિમાં વૈવિધ્યકરણ લાવી બાગાયત, પશુપાલન, એગ્રો પ્રોસેસિંગ, એગ્રો માર્કેટિંગ જેવી સવલતભરી પ્રવૃત્તિઓ તેમજ અદ્યતન ટેકનૉલૉજીના ઉપયોગથી ખેડૂતોની આવક વધારવાનું અમારી સરકારનું ધ્યેય છે. માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાતા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

મારા વિસ્તારની ચર્ચા કરું ત્યારે સરસ મજાનો નારો સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ તેમજ બેટી પઢાવો, બેટી બચાવોની વાતો થતી હોય ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે બે દિવસ પહેલાં માનનીય નાણાં મંત્રીશ્રી બજેટ લઇને આવ્યા અને ચર્ચામાં મેં જોયું અને વિચાર્યું તથા સામેથી મને જાણવા મળ્યું કે શ્રી કાંતિભાઇ તમારા વિસ્તારમાં સૌથી વધારે નાણાં ફાળવવામાં આવ્યાં. મારે દુઃખ સાથે એટલા માટે કહેવું પડે છે કે, મા અંબાજીના નામે નાણાં ફાળવી રહ્યાં છો એ

સારું છે પણ *(xxx) મને એવું લાગી રહ્યું છે. *(xxx) એટલે હું માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું. દુઃખની વાત એ છે કે હમણાં થોડા દિવસ પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રી મારા વિસ્તારમાં અંબાજીમાં આવ્યા ત્યારે સ્થાનિક ધારાસભ્યશ્રીને આમંત્રણ આપવામાં ના આવે એ શરમજનક બાબત છે. માતાજીના પૈસાના લીધે વન વિભાગ જ્યાં-ત્યાં ઈન્ટરફીયર કરીને, એ વિસ્તારમાં વર્ષોથી રહેતા આવતા આદિવાસીઓને, વન વિભાગ તો પછી આવ્યું એના પહેલાં વસતા આદિવાસીઓને આદિજાતિના નામે જે નાણાં ફાળવવામાં આવે એ નાણાં વન વિભાગ મારફતે જાય અને વન વિભાગ મારફતે આદિવાસીઓનું શોષણ કરવામાં આવી રહ્યું છે. આજે આ સભાગૃહમાં મારા ચાર-ચાર આદિવાસી મંત્રીઓ બેઠા છે એમને પણ વિનંતી કરું છું કે તાજેતરમાં થોડા દિવસ પહેલાં મારા વિસ્તારમાં વર્ષોથી રહેતા પાજિયા ગામની એક વિધવા બાઇને અને આખા પરિવારને ધિક્કારીને કાઢવામાં આવ્યા. અમારા આદિવાસીઓને વન વિભાગે તો માર્યા પણ સાથે પોલીસ વિભાગે વગર મંજૂરીએ આવીને માર્યા છે. શરમજનક બાબત એ છે કે આટલું બધું હોવા છતાં વન વિભાગના મંત્રીશ્રી કે આદિજાતિ મંત્રીશ્રી પણ ત્યાં ફરક્યા નહીં. વન વિભાગ અને પોલીસ વિભાગ મારફતે અમારા આદિવાસીઓને એટલી હદે માર્યા કે ૨૦૦ થી ૩૦૦ મીટર સુધી ઘસડીને માર્યા. વન વિભાગ અને પોલીસ વિભાગના કર્મચારીઓ જમીન એ ટાઇપની હોવાના કારણે પડ્યા. પથ્થરો લાગ્યા અને એની સામે આદિવાસીઓ ઉપર ફરિયાદ કરવામાં આવી એની સામે આદિવાસીઓને જે મારવામાં આવ્યા એમાં આદિવાસીઓની ફરિયાદ લેવામાં આવી નથી એટલે ચોખ્ખું એવું કહેવાય છે કે આદિવાસીઓનાં નાણાંના આધારે આદિવાસીઓ ઉપર આ સરકાર ચોખ્ખેચોખ્ખી અત્યાચાર કરી રહી છે. એમને વર્ષોથી સનદો આપવાની હતી પણ આજ તારીખ સુધી સનદો આપવામાં આવી નથી. સનદો આપી હોત તો એકપણ આદિવાસી હેરાન ના થાત. એ જ રીતે આજે આખા ગુજરાતમાં...

ઉપાધ્યક્ષશ્રી : અંદર અંદર અવાજ નહીં કરો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : આખા ગુજરાતની અંદર અંબાજીથી ઉમરગામ સુધી દીકરા-દીકરીઓને ભણીને નોકરીએ લાગવાનો ટાઇમ આવે છે ત્યારે,

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાંતિભાઇના કેટલાક અસંસદીય શબ્દો બોલવાની સાથે મને એવું લાગે છે કે, રેકર્ડ ઉપર કેટલીક બાબતો સાચી જવી જોઇએ. તેમણે જે પ્રકારે (**xxx**) એ પ્રકારે ગયો હોય તો એમણે અહીંયા આક્ષેપે કરતા પહેલાં અહીંયા માહિતી અને સાહિત્ય લાવવું જોઇએ અને જણાવવું જોઇએ. જો તેમની પાસે હોય તો અહીંયા રજૂ કરે અન્યથા આ રેકર્ડ ઉપરથી દૂર થાય. તેમના વખતે મંદિરના જે પૈસા છે તેનો ઓવર ડ્રાફટ લેવાની ફરજ પડી હતી અને મંદિરના પૈસા તો કોંગ્રેસે ઉપાડયા હતા. અમે કોઇ મંદિરના પૈસા એ પ્રકારે લીધા નથી પણ તેમની પાસે એ પુરાવા હોય તો અહીંયા રજૂ કરવા જોઇએ અન્યથા એમની પાસેથી જ એમના શબ્દો પાછાં ખેંચાવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપની પાસે કોઇ પુરાવા હોય કે કોઇ આંકડાકીય માહિતી હોય તો રજૂ કરો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વિસ્તારમાંથી આવું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, વિસ્તારનો પ્રશ્ન નથી પણ તમારી પાસે કોઇ પુરાવો હોય કે કોઇ આંકડાકીય માહિતી હોય તો રજૂ કરો નહીંતર રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું રજૂ કરીશ અને અંબાજીના પૈસા એટલે જનતાના પૈસા છે.

ઉપાધ્યક્ષશ્રી : જે અસંસદીય શબ્દો વાપર્યા છે તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે અને આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સી.કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ ગૃહ સમક્ષ જે સંબોધન કર્યું છે તેને સમર્થન કરવા માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાન આદરણીય મોદી સાહેબ અને ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ચાલતી ભાજપની સરકાર વિવિધ ક્ષેત્રે ચાહે આરોગ્ય હોય, કૃષિ ક્ષેત્ર હોય, ઔધોગિક ક્ષેત્ર હોય કે રોજગારીનું ક્ષેત્ર હોય તેમાં છેવાડાના માનવીને મદદરૂપ થાય એવા કામ વિવિધ વિભાગો મારફત રાજય સરકાર કરી રહી છે ત્યારે ગુજરાત રાજયની અંદર માર્ગ અને મકાન વિભાગ એ ખૂબ અગત્યનો વિભાગ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજયના માર્ગો અને પુલોનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે. આ વિભાગનાં અને અન્ય વિભાગોનાં મકાનોની બાંધકામની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. આ વિભાગ દ્વારા લાંબા કોરીડોરની પ્રગતિપથ યોજના, બંદરોને જોડતા રસ્તા, ઔધોગિક વિસ્તારોને જોડતા રસ્તા, યાત્રાધામોને જોડતા રસ્તા, જિલ્લા મથકને બાજુના જિલ્લા મથક સાથે ૧૦ મીટર પહોળા રસ્તાનું જોડાણ, અત્યંત પ્રચલિત થયેલ ગ્રામ્ય માર્ગોનું માળખુ ઊભું કરવા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વિગેરે યોજનાઓ થકી સમગ્ર ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે તે દેશમાં ગણનાપાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજય સરકારે સોમનાથથી દ્વારકા ''નમો શકિત એકસપ્રેસ-વે'' બનાવવાનો નિર્ધાર કર્યો છે અને તેનું કામ પણ પ્રગતિમાં છે. ગુણવત્તાયુકત રસ્તા અને અને ફલાય ઓવરના નિર્માણથી ઇંધણની બચત થશે અને મુસાફરી ઝડપી અને સુરક્ષિત બનશે એના માટે ૧૧૦૦ કિલોમીટરના લગભગ

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

૯૩,૨૪૦ અંદાજીત ખર્ચે હાથ ધરાનાર પ્રોજેકટની રાજ્યના ૧૫ જિલ્લાના ૨.૫ કરોડથી વધુ લોકોને લાભ અને છેવાડાના જીલ્લાઓના વિકાસ તથા આંતરમાળખાકીય સુવિધાઓના લાભ થકી સમગ્ર રાજ્યનો વિકાસ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હાઇસ્પીડ કોરીડોર અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૧૨ કોરીડોરને ૭૨૦૬.૧૮ કરોડના ખર્ચે વિકસાવવા માટે મંજૂરી આપેલ છે અને તે કામ પણ પ્રગતિ હેઠળ છે. રાજ્યમાં ચાર માર્ગીય રસ્તાની જગ્યાએ છ માર્ગીય રસ્તાઓનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ યોજનાઓમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના થકી વર્ષ ૨૦૧૬-૧૭થી ૪૨૪૭૮ કરોડ અને ૮૬૭૫૭ કિલોમિટરના લગભગ ૩૬૪૭૪ કામો મંજૂર કર્યા છે.એ પૈકી ૩૭,૮૩૦ કામો પૂર્ણ થયા છે અને બાકીના કામો પ્રગતિ હેઠળ છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના એ ખૂબ અગત્યની યોજના છે. છેવાડાના ગ્રામ્ય વિસ્તારમાં નાના પરાને જોડતા રસ્તા માટે છેલ્લા પાંચ વર્ષમાં અનેક ગણી રકમનો વધારો થયો છે અને તેમાં લગભગ રૂપિયા ૨૯૬૯ કરોડના ૨૯૯ રસ્તાઓ તથા લગભગ રૂપિયા ૧૭૨૫ કરોડના ખર્ચે ૧૯૧ બ્રીજનાં કામોની મંજૂરી મેળવવામાં આવી છે. હાલની સ્થિતિએ ૨૮૦૦ કિલોમિટર લંબાઇના રસ્તાના કામો અને ૪૫ બ્રીજનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ખાસ કરીને ઔદ્યોગિક વિકાસ હેઠળ ખાણ ખનિજ વિભાગનું ડેવલપમેન્ટ થાય એના માટે ગુજરાતના ૧૬૦૦ કિલોમિટરના દરિયાકિનારા ઉપરના બંદરોના વિકાસ માટે અને બંદરોને જોડતા રસ્તા માટેના ૧૦૮૬ કિલોમિટરના ૭૭ કામો રૂપિયા ૨૯૧૨ કરોડના ખર્ચે અગાઉના વર્ષોમાં મંજૂર કરીને તેમાંથી ૪૬ કામો પૂર્ણ કર્યા છે અને ૨૨ કામો પ્રગતિ હેઠળ છે. રેલવે વિભાગ કેન્દ્ર સરકાર હસ્તક છે. ગુજરાતમાં કેન્દ્રના રેલ્વે વિભાગ મારફતે એ કામો કરવામાં આવે છે ત્યારે ફાટકમુક્ત અભિયાન હેઠળ રાજ્ય સરકારના ૫૦ ટકા અને કેન્દ્ર સરકારના ૫૦ ટકા ફાળા થકી અને મને આનંદ થાય છે કે ગોધરા મતવિસ્તારમાં વર્ષોથી બે ફાટક એવા હતા કે જયાં અઢી થી ત્રણ લાખની વસ્તી છે. આજે એ એલ.સી.૪ અને એલ.સી.૫ ફાટકના કામો ચાલુ છે. એમાં રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ ટકા ગ્રાન્ટ મુખ્યમંત્રીશ્રીએ અમારી રજૂઆતને ધ્યાને લઇ મંજૂર કરી છે અને આજે તેની ૮૦ ટકા કામગીરી પૂરી થવામાં છે. ટૂંક સમયમાં ગ્રામ્ય વિસ્તારના બન્ને ફાટકોથી ટ્રાફિકની અનુકૂળતા રહેશે. ગોધરા શહેર અને પંચમહાલની વસતિ વધી છે ત્યારે ગોધરામાં આર.ઓ.બી. ફ્લાયઓવર ૧૫૬ કરોડ રૂપિયાની રકમ માટેના ૭૦:૩૦ ટકા હેઠળના કામ પ્રગતિ હેઠળ છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્યનો ઔદ્યોગિક દ્રષ્ટિએ વિકાસ થાય અને માનનીય મોદી સાહેબનું વિકસિત ભારત ૨૦૪૭નું સ્વપ્ન છે એ સાકાર કરશે. આ વિભાગ મારફતે ૪ પેટા વિભાગો પંચાયત વિભાગ, સ્ટેટ વિભાગ, નેશનલ-હાઇવે વિભાગ અને પાટનગર યોજના વિભાગ કાર્યરત છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર દરેક તાલુકામાં મોટાભાગના તાલુકાઓમાં સર્કિટ હાઉસોનાં કામ પૂર્ણ થવા આવ્યાં છે. વિજાપુર, બારડોલી, માણસા, શામળાજી, બોરસદ, ગઢડા, સૂઇગામ ખાતે રૂપિયા ૧૮ કરોડના ખર્ચે કામગીરી પૂર્ણ થઇ છે અને રાજુલા, માંડવી, ડીસા, અબડાસા, દ્યાપર, શહેરા, હારીજ, વાવ, નવસારી, વાલોડ, પાવી જેતપુર, ધ્રાંગધ્રા, બરવાળા, વિંછીયા, શંખેશ્વર, થરાદ, સાવરકુંડલાના વિશ્રામગૃહનાં કામો રૂપિયા ૬૭ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. વધુમાં, વલભીપુર, દેત્રોજ, વિરમગામ, વિસનગર, ખેરાલુ , સોજીત્રા, તારાપુર, ખંભાત, ભાભર, ઓલપાડ અને ગોંડલ ખાતે વિશ્રામગૃહોનાં કામો રૂપિયા ૪૭ કરોડના ખર્ચે શરૂ થનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું જોઇએ કે પંચાયત વિભાગમાં પણ આજે ગુજરાત રાજ્યમાં છેવાડાનાં રસ્તાઓનાં કામ થયાં છે. હું સને ૧૯૮૭માં તાલુકા પંચાયતનો પ્રમુખ હતો ત્યારે ફક્ત બે વર્ષમાં કૉંગ્રેસની સરકારમાં એક જ રસ્તાનો જોબ નંબર મને મળ્યો હતો. (અંતરાય) અમે અપક્ષમાં હતા. રાજકારણની વાત ન કરશો. ટૂંકમાં અમે જ્યાં છીએ ત્યાં સલામત છીએ. તમે વિચાર કરીને આગળ ચાલજો. હમણાં જ આપણે સાથે નાસ્તો કર્યો છે. અમને એવું નથી કે તમારા ઉપર અવિશ્વાસ કરીએ. તમે પણ ભવિષ્યમાં અમારી સાથે જોડાશો એવી આશા રાખીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાની પંચાયતના રસ્તાની વાત કરું તો ૯૭૩ રસ્તા અને ૮૮ પુલો થઇ કુલ ૧૦૬૧ કામો રૂ.૧,૩૩૧ કરોડના ખર્ચે મંજૂર થયા છે હું મારા મતવિસ્તારની વાત કરું તો છેલ્લા ત્રણ વર્ષની અંદર કુલ ૧૫૫ રસ્તા પંચાયત હેડે અને નવા ૮ પુલોના કામ તથા ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીની દૂરંદેશીતાના કારણે માર્ગ મકાન વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે સંભાળે છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, ફક્ત ૮૦૦ બૂથનું ગામ નદી હોવાના કારણે બે ભાગમાં વહેંચાયેલું છે. વર્ષોથી બાળકોને જવા-આવવામાં બહુ તકલીફ પડતી હતી. સામે કિનારે રહેવાનું અને બીજા કિનારે કિનારે સ્કૂલ. તેના માટે લગભગ રૂ.૭ કરોડ જેટલી રકમ આપીને પુલ બનાવવાનું કામ પૂર્ણ થઇ ગયું છે અને એનું ઉદ્ઘાટન થઇ ગયું છે. આખું ગામ પણ સરકારના વખાણ કરે એ મારા માટે ખૂબ આનંદનો વિષય છે. એ સિવાય રાજ્ય સરકાર દ્વારા વિવિધ ઓફિસો અને અમારા ગોધારા મતવિસ્તારમાં જે સેવા સદનનું મકાન રૂ.૫૦૦ કરોડ જેટલી માતબર રકમ ખર્ચીને બનાવ્યું એ ખૂબજ અઘતન છે. ગોધરા અને પંચમહાલ જિલ્લાના વિકાસની છેલ્લી વાત એ કરીશ કે પાવાગઢ ગુજરાતનું તીર્થધામ છે. ત્યાં આગળ ૫૦૦ વર્ષ સુધી માતાજીના મંદિર ઉપર ધજા ફરકાવી શકાતી ન હતી. ૫૦૦ વર્ષ બાદ એમાં એવું કહેવાય છે કે માતાજીના ઘુંમટ ઉપર ગેબનશાહ પીરની દરગાહ હતી. બંને પક્ષોની સમજૂતીથી મોદી સાહેબે આવીને કરી અને આજે ૫૦૦ વર્ષ પછી (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ધજા ફરકાવી એ આ આધ્યાત્મિક શક્તિનું પ્રતિક છે, ત્યારે સનાતન ધર્મની અંદર જ્યારે આ પાર્ટીમાં સારા વિચાર હોય ત્યારે હું એમ માનું છું કે કોઇપણ વ્યક્તિ

હોય આધ્યાત્મિક શકિત અને રાજકીય શકિત જ્યારે ભેગી થાય ત્યારે કોઇ કામ અશક્ય રહેતું નથી. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આધ્યાત્મિક શકિતના અમારા મૃદુ અને નિખાલસ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી કે અમારા માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ થકી અમારી વાત સાંભળીને જે કામ થાય છે એનો પણ અમને આનંદ છે. હું જ્યારે કોંગ્રેસમાં હતો ત્યારે બજેટ પણ ઓછું હતું અને કામ પણ ના થાય અને પાછું વૈમનસ્યના કારણે મોટા લોકોની મોટી વાત. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : અંદરો અંદર વાત ના કરો.

શ્રી સી.કે. રાઉલજી : હવે મારે એટલું જ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટી એક કુટુંબ તરીકે બધાને સાથે રાખીને ચાલતી હોય છે ત્યારે ''સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ'' એ સૂત્રને સાર્થક કરીને રાજ્ય સરકાર વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી રહી છે અને નાનામાં નાના લોકોને મદદરૂપ થાય છે. ખૂબ ખૂબ આભાર.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી અમૃતજી ઠાકોર.

શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના સંબોધન પર મારા વિચારો રજૂ કરું છું. ખેડૂત ખેડૂત ખેડૂતના સજાવેલા શબ્દોથી (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપની પાસે ૪ મિનિટ છે. સીધા પોઇન્ટ પર વાત કરો.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ઓગષ્ટથી સપ્ટેમ્બર મહિનો અને હાલમાં દાહોદ જિલ્લામાં કમોસમી વરસાદ પડવાથી જગતના તાતની કમર ભાંગી જાય અને વારંવાર રજૂઆત કરવા છતાં ખેડૂતોના દેવા માફ થતાં નથી. મારા મત–વિસ્તારના ઓગડ તાલુકામાં રેફરલ હોસ્પિટલને અધતન કરીને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનાવવા માટે વારંવાર માગણીઓ કરવા છતાં ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનો દરજ્જો મળતો નથી જેથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ખાનગી દવાખાનાનો સહારો લેવાથી મોટા દેવાના પહાડ નીચે દબાવું પડે છે. મારા મતવિસ્તારમાં નર્મદા કેનાલની વિવિધ બ્રાન્ચ કેનાલ, માઇનોર કેનાલ અને શેઢા કેનાલો આવેલી છે. જ્યારે રવી સિઝન પાકવાની અણી ઉપર આવે અથવા વાવેતર કરવાની અણી ઉપર આવે ત્યારે કોઇને કોઇ કારણોસર કેનાલોની સિંચાઇનું પાણી બંધ કરી દેવામાં આવે છે જેના લીધે ખેડૂત પૂરતા પ્રમાણમાં ઉત્પાદન મેળવી શકતો નથી અને ખેડૂત આર્થિક રીતે બરબાદ થઇ રહ્યો છે. બનાસ નદીમાં સુજલામ્ સુફલામ્ કેનાલ મારફતે જો અવિરત પાણી છોડવામાં આવે તો બનાસકાંઠાના મોટાભાગના ગામોની અંદર પાણીના તળ ઊંડા ગયા છે એ તળ ઉપર આવે અને જગતનો તાત આર્થિક રીતે પગભર થઇ શકે. મારા મતવિસ્તારની અંદર સામખીયાળીથી પાલનપુર સુધી જે ૪૦ કિલોમિટરનો નેશનલ હાઇવે નં. ૨૭ છે એની ઉપર બે ટોલટેકસ આવેલા છે. આ બંન્ને ટોલટેકસ ઉપર કયાંય સર્વિસ રોડ આપેલો નથી. મારા બન્ને તાલુકાના ખેડૂતો કે વેપારીઓને રાધનપુર જવું હોય કે પાલનપુર –ડીસા જવું હોય તો ટોલ ચૂકવીને જવું પડે છે. આજુબાજુના ગામોમાં કોઇને જવું હોય તો પણ ટોલ ચૂકવીને જવું પડે છે. હમણાં દિલ્હીની અંદર ચર્ચા ચાલી રહી છે થ્રી ડીલ, આ થ્રી ડીલનો અમલ જો ત્યાં કરવામાં આવશે તો આ દેશનો અને ગુજરાતનો ખેડૂત આર્થિક પાયમાલ થઇ જશે. હમણાં વારંવાર માનનીય સભ્યશ્રીઓ કહે છે કોંગ્રેસ, કોગ્રેસ, કોંગ્રેસ, જનઆક્રોશ, જનઆક્રોશ, જનઆક્રોશ..

ઉપાધ્યક્ષશ્રી : તમારી પાસે એક મિનિટ છે એ રાજકીય અવલોકન કરવામાં જતી રહેશે. આપ મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસના જનઆક્રોશની વાત કરે એનો મતલબ કે ૫૦ દિવસથી ગુજરાતમાં ફરેલી જનઆક્રોશ યાત્રાની નોંધ કયાંકને કયાંક આ ભારતીય જનતા પાર્ટીએ લીધેલી છે અને એના હૃદયના ધબકારા કયાંક વધી રહ્યા હોય એવું સ્પષ્ટપણે દેખાઇ આવે છે ત્યારે જનઆક્રોશની વાત કરે છે. આ જનઆક્રોશ જયારે રોડ ઉપર ઉતરશે એટલે આવનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ખબર પડી જશે. ટેકાના ભાવે મગફળી ખરીદાય છે. આ મગફળી અન્ય રાજયોમાંથી લાવી અને ટેકાના ભાવો જયારે નોંધાવવામાં આવે છે ત્યારે આ ગુજરાતના ખેડૂતોને જે એનો નફો મળવો જોઇએ, જે વળતર મળવું જોઇએ એ સમયસર મળતું નથી. શા માટે આવું થાય છે? ખેડૂત જયારે ખેતી કરતો હોય ત્યારે એને સમયસર ખાતરની જરૂર પડે ત્યારે ખાતરની અછત કેમ વર્તાય છે? આ ખાતરની અછત ના વર્તાવવી જોઇએ. હમણાં મને જાણવા મળ્યું છે કે કોળી ઠાકોર નિગમની અંદર ૭/૧૨ના ઉતારામાં બોજા એન્ટ્રી પડશે તો જ એને લોન મળશે. લોનની જરૂરિયાત કોને હોય? જેની જોડે ખેતી નથી, જેની જોડે કોઇ ધંધો નથી, જેની જોડે કોઇ આવક નથી એવા કોળી ઠાકોરના દીકરા દીકરીઓને ભણવા માટે ૭/૧૨ના ઉતારાનો જે પરિપત્ર બહાર પડયો છે એ પરિપત્ર પાછો ખેંચવો જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અભિભાષણ પરનો આભાર પ્રસ્તાવ માનનીય સદસ્યશ્રી ઇશ્વરભાઇ પરમાર લાવ્યા છે જેને સદસ્યશ્રી સરદારભાઇ ચૌધરીએ ટેકો આપ્યો છે એ સંદર્ભે હું તેના સમર્થનમાં પ્રવાસન અને યાત્રાધામ વિષય ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું. માનનીય મહામહીમ રાજયપાલશ્રીએ પોતાના અભિભાષણની શરૂઆત ઓમકારથી કરેલી હતી.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते॥

ઓમકાર એ પૂર્ણાંકની વાત છે અને આજે આપ અહીંયા બેઠા છો, આપનું નામ પણ પૂર્ણેશ છે એટલે આ પૂર્ણના સ્વરૂપમાં ગુજરાતની સરકાર આદરણીય મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં કાર્ય કરી રહી છે,

સર્વસ્પર્શીય, સર્વ સમાવેશક વસ્તુઓને સાથે રાખીને આપણા જે યાત્રાધામો અને પ્રવાસનના વિસ્તારો છે એ પ્રવાસન અને યાત્રાધામોના વિસ્તારોમાં જે પ્રકારે જેના ઉપર ભગવાન કુબેરની ખૂબ કૃપા વરસી રહી છે એવા અમારા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ એમનો પટારો ખોલીને અનેકવિધ પૈસા, અનેકવિધ રકમો યાત્રાધામોના વિકાસ માટે અને પ્રવાસનના વિકાસ માટે ફાળવ્યા છે એના માટે હું વાત કરવા ઉભો થયો છું. આ તીર્થ અને પ્રવાસન. તીર્થ એટલે તારે ઇતિ તીર્થમ.. જે તરવામાં ઉપયોગ કરે, ભવસાગરને તરવામાં ઉપયોગ કરે એ તીર્થ છે અને માણસ માત્ર એ ફરવા માટે આનંદીત થતો હોય છે એ પછી ધાર્મિક યાત્રાધામ હોય કે વન પર્યાવરણનું પ્રાકૃતિક યાત્રાધામ હોય, અમારા કચ્છનું મરુ, મેરુ અને મહેરામણ એ ત્રણેય વસ્તુઓની સાથે સમર્પિત રહેતું પ્રાકૃતિક સ્વરૂપમાં એડવેન્ચર, સાહસિક પ્રવાસન હોય અને કેટલાક લોકો પોલિટીકલ પ્રવાસન કરવા પણ આવ્યા છે અને જે આજે અહીંથી ભાગી ગયા છે. તો આવા અનેકવિધ પ્રવાસનોને સાંકળી લેતું ધાર્મિક સ્વરૂપના પ્રવાસનમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે ભગવાન કૃષ્ણ અને રુક્ષ્મણીના ધામને વિકસાવવા માટે, વિવાહ પ્રસંગના સ્થળને વિકસાવવા માટે અને દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પનાને સાકાર કરવા માટે સૌરાષ્ટ્ર તામિલ સંગમના વિષયને સાથે રાખીને ચાલતા હોય ત્યારે રુક્ષ્મણી ધામ માટે રૂ.૪૭ કરોડથી વધારે રકમ માનનીય ગુજરાત સરકારે ફાળવી છે. હું જે જિલ્લામાંથી આવું છું એ ભગવતી જગદંબા આઇ આશાપુરા, કચ્છ ઘણિયાણી આઇ આશાપુરાનું એ ધામ છે અને એ આશાપુરાના ધામમાં પણ રૂ.૩૨ કરોડથી વધારે રકમ ફાળવી માતાનું ધામ વિકસાવવા માટે અને ત્યાં આવતા પ્રવાસીઓને સુગમતા પ્રાપ્ત થાય એના માટે ફાળવવામાં આવ્યા છે. હું જે કચ્છ જિલ્લામાંથી આવું છું ત્યાં સમરસતાનું કેન્દ્ર અને મારા અનુસૂચિત જાતિ પરિવારની શ્રદ્ધાનું કેન્દ્ર મઘિયા દાદાનું મંદિર છે. એ મંદિર માટે પણ રૂ.૫ કરોડથી વધારે રકમ ગુજરાત સરકારે ફાળવી અને સમરસતાનું ઉદાહરણ પૂરું પાડી ભાવપૂર્વક એ ધામ પણ વિકસાવ્યું છે. મહામહિમ રાજ્યપાલશ્રીએ પોતાના અભિભાષણમાં આપણા ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત એવી ગરબાની વૈશ્વિક ધરોહરના સંદર્ભમાં આમૂર્ત વારસો આપ્યો છે તેનો ઉલ્લેખ કરી કલ્ચરલ હેરિટેજ તરીકેનો જ્યારે ઉલ્લેખ કર્યો છે એ ગરવો ગરબો આખા વિશ્વમાં પ્રસ્થાપિત થયો છે ત્યારે ગુજરાતની બહાર રાજસ્થાનના ઉદયપુરમાં પ્રિ-નવરાત્રી અને દિલ્હીમાં પોસ્ટ નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઐતિહાસિક ઓળખ સંદર્ભમાં ધોળાવીરા હોય, વડનગર હોય, સાબરમતી આશ્રમ હોય, લોથલ હોય, અડાલજની વાવ હોય કે પછી હાલમાં મારા માંડવી વિધાનસભા મતવિસ્તારમાં ગુજરાત સરકારે ૧૦ દિવસ સુધી જે બીચ ફેસ્ટિવલનું આયોજન કર્યું હતું તે હોય. એક બાજુ મહેરામણ ઉમરતો હતો અને બીજી બાજુ માનવ મહેરામણ ઉમરતો હતો. યાત્રાધામોના વિકાસના સંદર્ભમાં આદ્ય જ્યોતિર્લિંગની શરૂઆત ગુજરાતથી થાય છે. ''સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રીશૈલે મલ્લિકાર્જુનમ''. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રીએ આખા ભારતવર્ષમાં સોમનાથ સ્વાભિમાન પર્વનું આયોજન કર્યું. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે મને અહીં બોલવાની તક મળી છે અને સાથે-સાથે મારા પક્ષે મને મહામંત્રીની જવાબદારી આપી અને એમાં પણ સૌરાષ્ટ્ર ઝોન આપ્યો. એ ઝોનમાં મને સૌથી પહેલો કાર્યક્રમ સોમનાથ દાદાના ચરણમાં કરવા મળ્યો હતો. માનનીય મંત્રીશ્રી જીતુભાઇ, માનનીય મંત્રીશ્રી કૌશિકભાઇ, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી એ તમામ લોકો સોમનાથમાં ઉપસ્થિત રહ્યા હતા અને સોમનાથમાં ખૂબ અદભુત વાતાવરણ ઉત્પન્ન થયું હતું. આ વિરાસત સૌ લોકોને ગમે છે. વિરોધપક્ષના કેટલાક લોકોને નથી ગમતી. (માનનીય સભ્યશ્રી કાંતિભાઇ ખરાડી જગ્યા પર બેઠાં-બેઠાં કૉમેન્ટ કરે છે.)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ એમણે તમારા નામનો ઉલ્લેખ કર્યો નથી.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, મા અંબાનું નામ લઇએ તો એમને વાંધો. ભગવાન રામનું નામ લઇએ તો એમને વાંધો. ભગવાન રામને આદર્શ માનનારી સરકારના માર્ગદર્શનમાં કામ કરતી માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર શબરી કુંભ નામે વનવાસીઓના કલ્યાણ માટે કાર્ય કરી રહી છે એટલે વનવાસીના સંદર્ભમાં વાત કરવી એમના માટે વાજબી નથી. જે પ્રકારે સોમનાથની વાત થઇ તે જ રીતે ભવનાથમાં હાલમાં જ શિવરાત્રિના દિવસે .....

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના જે શબ્દો છે કે ભગવાન/માતાજીમાં વિરોધપક્ષના સભ્યોને વાંધો હોય છે તો ભગવાન/માતાજી સૌના માટે વંદનીય છે અને આસ્થાનું પ્રતીક છે. ક્યારેય કોઇ ભગવાન કે દેવી શક્તિ ઉપર કોઇ વાંધો હોઇ જ ન શકે. (અંતરાય) હું ક્ષત્રિયનો દીકરો છું. વાંધો હોય જ નહીં.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : તો પ્રભુ શ્રી રામના દર્શન અયોધ્યામાં જઇને કરી આવજો અને સાથે તમારા પરિવારના લોકોને લઇ જજો. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમૃતજીભાઇ, સાંભળો.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ભવનાથ મંદિરમાં સુંદર ઉત્સવ યોજાયો. ગુજરાતની સરકાર દ્વારા ભવનાથની તળેટીમાં ગરવા ગિરનારના ખોળામાં પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે મહાશિવરાત્રિ ઉત્સવ પર્વની ૧૧ તારીખથી શરૂઆત થઇ હતી. તે આસ્થાના વિષયની વાત છે. અહીંથી જે લોકોને વિરોધ કરવો હોય તે કરે. અમારા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી માનનીય હર્ષભાઇ સંઘવી અને અહીંયા ઉપસ્થિત માનનીય મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયાએ ચાર કિલોમિટર સુધી ખુલ્લા પગે ચાલીને ભવનાથની યાત્રા કરી છે. પગમાં છાલા પડવા છતાં પણ ભવનાથની પદયાત્રા કરી છે તે આસ્થા અને શ્રદ્ધાનો વિષય છે. તમને વિરોધ લાગતો હોય તો તમે જઇને દર્શન કરી આવજો. (અંતરાય)

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના યશસ્વી ગૃહમંત્રી આદરણીય અમિતભાઈ શાહ સાહેબે હાલમાં વડોદરા ખાતે સર્વેશ્વર મહાદેવ તીર્થસ્થાને ખૂબ મોટા ઉત્સવમાં હાજરી આપી હતી. આ સર્વેશ્વર મહાદેવ મંદિરના ઉત્સવમાં લગભગ ૨૦ લાખથી વધારે લોકો એટલે કે આખું વડોદરા ઉપસ્થિત રહ્યું હતું. ત્યાં સર્વેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન થયું હતું. મને જણાવતાં આનંદ થાય છે કે, પાલીતાણા, ડાકોર, શામળાજી, પાવાગઢ, દ્વારકા, ગિરનાર સહિત અનેક યાત્રાધામોનો સર્વગ્રાહી વિકાસ થઈ રહ્યો છે અને સર્વગ્રાહી નીતિના સ્વરૂપે ગુજરાત સરકાર કાર્ય કરી રહી છે. ગુજરાત સરકાર યાત્રાળુઓને લગતી વાતાવરણની સુંદર મજાની અનુકૂળતા ઊભી કરે છે. ત્યાં સ્વચ્છતાના સરસ કાર્યક્રમો કરીને સારામાં સારી સ્વચ્છતા અને પવિત્રતા રાખવામાં આવે છે. આ નાણા લોકોની સુખાકારી અને આસ્થાના તીર્થો માટે વપરાતા હોય છે. સરકારશ્રી હસ્તકના વહીવટ હેઠળના ધર્મસ્થાનો કે ખાનગી ટ્રસ્ટ સંચાલિત ધર્મસ્થાનોના વિકાસ માટે સર્વગ્રાહી નીતિ તા.૧૧/૦૪/૨૦૨૩ના ઠરાવથી નિયત કરીને ખાનગી ટ્રસ્ટ સંચાલિત ધર્મસ્થાનોને અ, બ, અને ક એમ અલગ અલગ શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવેલા હોય અને માન્યતા પ્રાપ્ત થઈ હોય તેવા ખાનગી ટ્રસ્ટોને પણ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈની સરકાર અનુક્રમે ૩.૨ કરોડ ૪૦ લાખ, ૩.૧ કરોડ ૨૦ લાખ અને ૩.૬૦ લાખની સહાય આપે છે અને આ ૨૦ ટકા રકમ સબંધિત ટ્રસ્ટ દ્વારા પણ ભરવામાં આવતી હોય છે. આ પ્રકારની સામાન્ય સેવા ખાનગી ટ્રસ્ટોને પણ ઉપયોગી થતી હોય છે. ડાકોર યાત્રાધામનું કદ પણ ખૂબ વધારીને ડાકોરમાં જતાં યાત્રાળુઓને સુવિધા ઉત્પન્ન થાય તે માટે ૩.૧૨૫ કરોડના ખર્ચે સર્વાંગી વિકાસ કરવા માટે કન્સલટન્સીની નિમણૂક પણ કરવામાં આવી રહી છે. સન ૨૦૨૬-૨૭માં ૩.૫ કરોડની ફાળવણી માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈએ કરેલી છે. હું રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી ચૈતરભાઈ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીએ સંબોધન કર્યું છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

હાલના તબક્કે જે પ્રકારે ગુજરાત હોય કે પૂરા દેશમાં આદિવાસીને વનબંધુ, વનવાસી કે બીજી રીતે સંબોધવામાં આવે છે. આદિવાસી એટલે આદિ અનાદિ કાળથી વસનારને આદિવાસી કહેવામાં આવે છે. જે સમાજમાંથી હું આવું છું તેનું પ્રતિનિધિત્વ કરું છું તો તેની વાત પણ મૂકવા માગીશ. આદિજાતિ માટે સંવિધાનના આર્ટિકલ ૨૪૩ના ૧૩(ક) અંતર્ગત અનુસૂચિ-૫ની અમલવારી કરવાની જોગવાઈ છે પણ આજદિન સુધી આદિવાસી વિસ્તારમાં અનુસૂચિ-૫નો અમલ થયો નથી. સાથે-સાથે મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધનમાં એનો એકપણ જગ્યાએ ઉલ્લેખ થયો નથી. એ જ રીતે, વર્ષ ૧૯૯૬ના પાસા એક્ટમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. 'ન વિધાનસભા, ન લોકસભા, સબસે ઊંચી ગ્રામસભા.' આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લામાં લાગુ કરવા માટે સરકારશ્રીએ જે-તે વખતે જાહેરાત કરી છે. આજદિન સુધી ગ્રામસભામાં મળેલા ઠરાવો અને એની કોઈપણ જગ્યાએ પરવાનગી લીધા વગર બારોબાર પ્રોજેક્ટો આવીને જમીનો સંપાદન થઈ જાય છે. ૭૩-AAની આદિવાસીઓની જે જમીનો છે એની જોગવાઈ એવી છે કે આદિવાસીની જમીનો કોઈપણ બિનઆદિવાસી ખરીદી ન શકે કે વેચાણ પણ ના કરી શકાય. આજે પણ સિટી એરીયામાં ૭૩-AAનો ભંગ કરીને એન.એ. થયેલ જમીનો કેટલાક વિસ્તારોમાં છે એ બાબતે દાહોદમાં કાયદેસરની કાર્યવાહી પણ થઈ છે. એ જ પ્રકારે એટ્રોસિટી એક્ટની વાત હોય કે આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રની વાત હોય, વિશ્લેષણ સમિતિ તો બની ગઈ છે. એના વર્ષ ૨૦૧૮ અને ૨૦૨૦માં નિયમો પણ બનાવવામાં આવ્યા છે. જાતિના ખોટા પ્રમાણપત્ર લઈને કેટલાક લોકો આજે નોકરીઓમાં છે. આજદિન સુધી વિશ્લેષણ સમિતિ દ્વારા ખરાઈ કરીને કેટલા લોકોને નોકરીમાં બહાર કાઢવાની કાર્યવાહી કરી એની પણ કોઈ જોગવાઈ નથી. સંવિધાનના આર્ટિકલ-૩૩૫માં આદિજાતિઓને નોકરીમાં ૧૫ ટકા અનામતની જોગવાઈ મળી છે ત્યારે આ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૧૮/૫/૨૦૨૩ના રોજ એક પરિપત્ર બહાર પાડીને ગૌણ સેવા પસંદગી મંડળમાં ૪૦ ટકા લઘુત્તમ માર્ક ફરજિયાત લાવવાની જોગવાઈ કરી છે ત્યારે એમાં પણ ક્વોટા ખાલી રહે છે. કાયદો અને વ્યવસ્થાની વાત કરું તો, એનું ઉત્તમ ઉદાહરણ હું છું. જે પ્રકારે વિપક્ષમાં જ્યારે અમે વરવી વાસ્તવિકતાની વાતો કરીએ છીએ ત્યારે સરકારમાંથી પોલીસના ઈશારે ખોટા કેસો કરીને ખોટી રીતે જેલોમાં નાંખી દે છે. આજે પણ મારા મતવિસ્તારમાં મને જવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. પોલીસ દ્વારા ખોટા સોગંદનામાં કરીને એક ચૂંટાયેલા ધારાસભ્યને પોતાના વિસ્તારમાં જવા માટે પણ આજે પ્રતિબંધ કરવામાં આવ્યો છે ત્યારે અમે લોકો સાચી વાસ્તવિકતા રજૂ કરવાવાળા લોકો છીએ, અમે લડવાવાળા લોકો છીએ, જેટલી પણ એફ.આઈ.આર. થશે, જેટલીવાર પણ જેલોમાં જવું પડશે એટલા જ મજબૂતાઈથી લડીશું. આજે મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધનમાં....

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સાથી સદસ્યશ્રી એવું કહે છે કે, મને મારા વિસ્તારમાં જવાની બંદી કરેલ છે એ કોર્ટે હુકમ કરેલ છે. એટલે તમે આ વાત સભાગૃહમાં ન બોલી શકો. રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી ઉદયભાઈ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સદસ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન પર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

મારે પછાત વર્ગોના કલ્યાણના વિષય પર મારા વિચારો રજૂ કરવા છે. પરંતુ, મારે ગુજરાત વિધાનસભાના આ બજેટસત્રના પ્રારંભે મહામહિમ રાજ્યપાલશ્રીએ પોતાના ઉદ્બોધનમાં કરેલ ગુજરાતની ભવ્ય વિરાસત, ઊજળો વારસો અને

સંતુલિત વિકાસની હરણફાળ અંગેની ખૂબ જ માનનીય અને પ્રેરક વાતો કરવી છે. આપણી અસ્મિતા અને આપણી સંસ્કૃતિ સાથે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ થકી સાર્વત્રિક, સામાજિક વિકાસ અંગે રાજ્ય સરકારના મહત્ત્વપૂર્ણ પ્રયાસોને બિરદાવીને મહામહિમ રાજ્યપાલશ્રીએ ગુજરાતના સર્વાંગી વિકાસનો નકશો મૂક્યો છે. ગુજરાતનું લક્ષ્ય નવીન પહેલની ગૌરવશાળી વાત કરવા સાથે પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના મંગલ પ્રારંભે મહામહિમ રાજ્યપાલશ્રીએ વિશ્વને સત્ય અને અહિંસાનો માર્ગ બતાવનાર મહાત્મા ગાંધી અને દેશને એકતાના તાંતણે બાંધનાર સરદાર વલ્લભભાઇ પટેલનું પુણ્ય સ્મરણ કરેલ અને ગુજરાત રાજ્યની સ્થાપનાનો દીપ જેમના હસ્તે પ્રજ્વલિત થયો હતો તેવા ઋષિતુલ્ય મહામાનવ અને મૂકસેવક પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ, આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીજી, ગુજરાતની અસ્મિતાના ધ્વજધારક શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક જેવા અનેક મહાપુરૂષોને આ તકે મહામહિમ રાજ્યપાલશ્રીએ યાદ કરેલ. આવતીકાલે સદનમાં રજાનો દિવસ છે.આવતી કાલે વિશ્વ માતૃભાષા દિવસ છે. આપણી માતૃભાષા ગુજરાતીનું ગૌરવગાન કરતો રૂડો દિવસ છે ત્યારે હું ગુજરાતી તરીકે કહીશ કે,

હું ગુજરાતી છું અને મારી ભાષા છે ગુજરાતી.
ગુણિયલ ગરવી ભાવે રૂડી શબ્દોથી છલકાતી,
મારી ભાષા છે ગુજરાતી.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં બોલાતી વિવિધ સાત હજાર કરતાં વધુ ભાષાઓનું સન્માન કરવા ઊજવાતા આ દિવસની હું આ સદનના માધ્યમથી સૌને એડવાન્સમાં શુભકામના પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત એવું થાય કે વિપક્ષના મિત્રો સરકારના કોઇપણ કામની સતત ટીકા કરે છે અને કરવી પણ જોઇએ. ગુજરાતની જનતાએ એમને ત્રીસ વર્ષથી વિરોધ પક્ષમાં બેસાડ્યા છે અને દિવસે-દિવસે સંખ્યા પણ ઘટતી જાય છે. એનું કારણ છે કે એને ગ્રહોમાં બારમે રાહુ છે. પાછળ 'લ' નથી બોલતો. હમણાં થોડા સમય થયો છે રાહુનો ગ્રહ સ્થિર પડ્યો છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપણે સીધા પ્રવચન ઉપર આવીએ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, સીધો પ્રવચન ઉપર જ આવું છું. સાથે કેતુ પણ ભળ્યો છે. રાહુ, કેતુ બંને ગ્રહો ગુજરાતને પરેશાન કરવાના પ્રયત્નો કરી રહ્યા છે પણ ગુજરાતના ગ્રહોમાં ગુરુ ગ્રહ સ્વગ્રહી છે અને સાથે મંગલ છે. મંગલ એટલે સેનાપતિ કહેવાય અને ગુરુ માંગલ્ય યોગ બને એટલે અહીંયા રાહુ, કેતુનું કંઇ આવવાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દરેક સ્થિતિમાં હંમેશા પ્રજાની પડખે ઊભી રહી છે. અણધારી રીતે આવતી કુદરતી આફતોમાં રાજ્ય સરકારે ખૂબ ઉમદા કામ કર્યું છે. એમ કહેવાય કે આ સરકાર ગરીબો માટે, પીડિતો માટે, પછાતો માટે, શોષિતો માટે હંમેશા ઉદાર હાથે એનો ઉત્કર્ષ થાય, છેવાડાના માનવીનો ઉદ્ધાર થાય તે માટે કામ કરી રહી છે. વૈષ્ણવજન જેવી આ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી સરકાર પ્રજાની પીડાને પોતાની પીડા સમજીને કાર્ય કરી રહી છે. રાજ્યના દરેક વર્ગના લોકોનું કલ્યાણ રાજ્ય સરકારનો જીવનમંત્ર છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ કરવાની બાબત રાજ્ય સરકાર માટે હંમેશા પ્રાથમિકતા રહી છે. ભારતમાં લોકકલ્યાણના હેતુલક્ષી બંધારણના રાજનૈતિક માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનેક જોગવાઇઓમાં નાત-જાત અને ધર્મના ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને સમાજના નબળા વર્ગોના વિકાસ માટે ખાસ માવજતનીગોઠવણ કરી છે. પછાત વર્ગો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય સમાજની હરોળમાં આવે તે માટે રાજ્યએ અનેકવિધ પ્રયાસો હાથ ધરેલ છે. અમારી સરકારનો ધ્યેય છે કે સૌના ઘરે દીવાનો ઉજાસ ફેલાય. એમ કહેવાય કે માત્ર મારા આંગણે દીવો બળે એ પૂરતું નથી. આખી ગલીમાં અજવાળું થાય તો જ રાત ટૂંકી પડે. આ પછાત વર્ગોમાં શિક્ષણનો ફેલાવો થતાં, રાજ્યની નોકરીમાં તેમના માટે નિયત કરેલ ટકાવારી મુજબ ભરતી થતાં તેમનામાં આત્મવિશ્વાસ આવતો જાય છે. પછાત વર્ગોના સર્વાંગી વિકાસ માટે તેઓની આર્થિક નબળાઇ દૂર કરવી તે એક મહત્ત્વની બંધારણીય જવાબદારી છે અને ગ્રામ્ય ક્ષેત્રોમાં પછાત વર્ગોની વસતિનો ઘણો મોટો સમૂદાય ખેત મજૂરી ઉપર નભે છે જેથી તેઓના આર્થિક ઉત્કર્ષ માટે રાજ્ય સરકારે મોટું કાર્ય હાથ ધર્યું છે. રાજ્ય સરકાર પછાત વર્ગો માટે અનેક શૈક્ષણિક યોજનાઓ ચલાવે છે. વિકસિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા રાજ્યનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી-વિમુક્તિ જાતિ તેમજ બિનઅનામત વર્ગોના શૈક્ષણિક, આર્થિક અને આરોગ્ય વસવાટ અંગેના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં આવી રહી છે. પૂર્વ એસ.એસ.સી. ધોરણ-૧ થી ૮ના વિધાર્થીઓ માટે રાજ્ય શિષ્યવૃત્તિ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ, લઘુમતી, વિચરતી- વિમુક્ત જાતિ, ધોરણ ૧થી ૮ના કુમારને વાર્ષિક રૂ. ૭૫૦/- અને ધોરણ-૧ થી પમાં કન્યાને વાર્ષિક રૂ. ૭૫૦/- તેમજ ધોરણ ૬થી ૧૦ માટે વાર્ષિક આવક મર્યાદા વિના, વાર્ષિક રૂ. ૧૦૦૦/- લેખે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લાં દસ વર્ષમાં ૩.૧૯ કરોડ વિધાર્થીઓને રૂપિયા ૨૩૯૧.૩૩ કરોડની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે. એટલે સામાન્ય માટે જે પછાત વર્ગના લોકો છે તેના માટે અનેક કલ્યાણકારી યોજનાઓ આ સરકાર ચલાવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગણવેશ સહાય યોજના હેઠળ બાલ વાટિકા ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ, લઘુમતિ વિચરતી વિમુકત જાતિઓને ત્રણ જોડી ગણવેશ માટે રૂપિયા ૯૦૦ની સહાય આપવામાં આવે છે એમાં પણ કોઇ વાર્ષિક આવક મર્યાદા નથી. આ યોજનામાં છેલ્લાં દસ વર્ષમાં ૩.૪૯ કરોડ વિધાર્થીઓને ૨૦૩૮ કરોડની ગણવેશ સહાય ચૂકવવામાં આવી છે. દીકરીઓ પણ પાછળ ના રહી જાય તે માટે ધોરણ-૯માં

ભણતી કન્યાઓની કેળવણીને ઉત્તેજન આપવા અને કન્યાઓનો ડ્રોપ આઉટ રેશિયો નાબૂદ કરવા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગની કન્યાઓને વિના મૂલ્યે સાયકલ આપવામાં આવે છે. છેલ્લાં દસ વર્ષમાં ૧૨.૧૪ લાખ કન્યાઓને રૂપિયા ૫૫૭.૨૭ કરોડની સાઇકલ સહાય આપવામાં આવી છે. મેડિકલ અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને ભોજન બિલમાં રાહત આપવાની યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કોલેજ અને સંલગ્ન છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે માસિક રૂપિયા ૧૫૦૦ રાહત આપવામાં આવે છે. જેમાં વાર્ષિક આવક મર્યાદા રૂપિયા ૬ લાખ છે. છેલ્લાં દસ વર્ષમાં અંદાજે ૩૬,૪૯૧ વિદ્યાર્થીઓને રૂપિયા ૪૭.૫૩ કરોડની ભોજન બિલમાં રાહત ચૂકવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મેડિકલ, એન્જિનિયરિંગ અને ડિપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધનો ખરીદવા માટે અનુક્રમે રૂપિયા ૧૫ હજાર, ૧૦ હજાર અને ૫ હજારની સહાય આપવામાં આવે છે. એટલે આવી અનેક કલ્યાણકારી યોજનાઓ દ્વારા આ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કેન્દ્ર સરકાર અને તેમના માર્ગદર્શનમાં ચાલતી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા ચાલતી ગુજરાત સરકાર સામાન્ય માણસ, પછાત વર્ગનો હોય, ગરીબ હોય, દરિદ્ર નારાયણ હોય તેનો ઉત્કર્ષ કેમ થાય, તેની સેવા કેમ થાય, તે દરેક સમાજની સાથે તાલમાં તાલ મીલાવીને આગળ કેમ વધી શકે, તેના દીકરા–દીકરીઓનું ભવિષ્ય ઉજ્જવળ કેમ બને તેના માટે અનેક કલ્યાણકારી યોજનાઓ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લઇ આવી છે અને તે કામ કરી રહી છે. સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ ફી, ટ્યૂશન ફી, રજિસ્ટ્રેશન ફી તેમજ શિષ્યવૃત્તિ વગેરે માટે પણ રૂપિયા ૫૦ હજાર સુધીની સહાય આપવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આમાં કહેવા જાઉં તો એક કલાક પણ ઓછો પડે એટલા બધા કામો સરકાર પછાત વર્ગના કલ્યાણ માટે કરી રહી છે અને ગુજરાત સરકારને હું પહેલાં તો અભિનંદન આપું છું કે, તેમણે જે ઐતિહાસિક બિલ જે ઓ.બી.સી.જે ઝવેરી કમિશન હતું અને તેમાં જેમનો જે કંઈ પ્રસ્તાવ આવ્યો અને ૨૭ ટકા ઓ.બી.સી.સમાજને પણ નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતમાં અને જે રીઝર્વેશન અને અનામત આપી ત્યારે મને યાદ છે વિપક્ષના સભ્યોએ તેનો બહિષ્કાર કરી અને વોકઆઉટ કરી ગયા હતા. એટલે બક્ષીપંચ અને ઓ.બી.સી. સમાજ માટે એની અંદર કેટલી નફરત પડી છે તે દિવસે તે લોકોએ દેખાડેલુ હતું પરંતુ આ ભારતીય જનતા પાર્ટીએ નાના નાના સમાજને પણ પ્રતિનિધિત્વ મળે તેના માટે પણ ખૂબ સારું કામ કર્યું છે ત્યારે હું આને મારું સમર્થન આપું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તારીખ ૧૬મી ફેબ્રુઆરીના રોજ ગુજરાત વિધાનસભા સમક્ષ જે પ્રેરણાદાયી અભિભાષણ કર્યું અને જેનો આભાર પ્રસ્તાવ આ જ ગૃહના સન્માનીય સભ્યશ્રી ઈશ્વરભાઇ પરમાર દ્વારા જે મૂકવામાં આવ્યો છે અને સન્માનીય સભ્યશ્રી ભાઇશ્રી સરદારભાઇ ચૌધરી દ્વારા જેને ટેકો આપવામાં આવ્યો છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના અભિભાષણમાં ગુજરાતમાં ગયા વર્ષ દરમિયાન થયેલ વિકાસના લેખાજોખા સંપૂર્ણપણે આપણને જોવા મળે છે. એમણે સ્પષ્ટ રીતે એમની વાતમાં વિશ્વને સત્ય અને અહિંસાનો માર્ગ બતાવનાર પૂજ્ય મહાત્મા ગાંધીજી, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ, ઋષિતુલ્ય મૂકસેવક શ્રી રવિશંકર મહારાજ, સ્વામી દયાનંદ, શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક જેવા મહાન વિભૂતિઓની આ જન્મભૂમિ એવા ગુજરાતની વિકાસની ગાથા આજે જ્યારે ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી છે એનો મને અતિ આનંદ છે. ચોક્કસ રીતે આપણે સૌ માનીએ છીએ કે વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો મંત્ર સાર્થક કરવા તેમજ ગુજરાતના પ્રજાનો સર્વસમાવેશી, સર્વસ્પર્શી અને સર્વાંગી વિકાસ કરવા માટે આ વિધાનસભામાં અનેક નાગરિકલક્ષી નિર્ણયો થયા છે. બાળકથી લઇને સિનિયર સિટિઝન સુધી ચિંતા કરતી અમારી સરકાર, સરળ, સહજ પરંતુ મક્કમ લોકાભિમુખ વહીવટ માટે સતત પ્રયત્નશીલ છે. ગુજરાતને આજે વૈશ્વિક ફલક ઉપર જે ઓળખ મળી છે તે ગુજરાતની પ્રગતિશીલ વિચારસરણી અને વિકાસને રાષ્ટ્રીય આંદોલન બનાવનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના લોકપ્રિય નેતૃત્વનું પ્રતિબિંબ છે. ગુજરાત માટે વિકાસની પરિભાષા એટલે એવો વિકાસ કે જેમાં 'સર્વજન સુખાય, સર્વજન હિતાય'ની ભાવના અને આ ભાવના સાથે જોડાયેલ વિકાસયાત્રામાં યુવા, મહિલા, ખેડૂત, ગરીબના વિકાસની ચિંતા કરીને વ્યથા નહીં પણ વ્યવસ્થા સાથે આ ગુજરાત ખૂબ આગળ વધી રહ્યું છે. એટલા માટે જ કહેવાયું છે કે સર્વપક્ષીય અને સર્વગ્રાહી વિકાસની ગુજરાતની જનતા સાક્ષી છે. જ્યારે આ ગુજરાત વિધાનસભા ગૃહની અંદર રાજ્યપાલશ્રીના પ્રવચનમાં વિકાસની અનેક વાતો જોઇ છે પણ આ વર્ષ આપણા માટે, ભગવાન સોમનાથને પણ યાદ કરીને સૌ ગર્વ લઇ શકીએ. ''રત્નાકર ઘૂઘવતો ગુંજતો ડમરું નાદ, સત દૃષ્ટિ અખંડ સમય આનું અભિમાન'' માત્ર ગુજરાત જ નહીં, સમગ્ર ભારતવર્ષની આન, બાન, શાન અને સ્વાભિમાનનું પ્રતીક એટલે સોમનાથ. વિનાશથી વિકાસની સફરનો સાક્ષી એટલે સોમનાથ, ૧૨ જ્યોતિર્લિંગમાં પ્રથમ એવા સોમનાથ ઉપર એક કરતાં વધુ વખત થયેલા આક્રમણો બાદ પણ મંદિર અડીખમ ઊભું રહી એક હજાર વર્ષ પરિપૂર્ણ કરવાના અવસરને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતે સ્વાભિમાન પર્વ તરીકે ઊજવ્યો. વર્ષ ૧૦૨૬ થી ૨૦૨૬ સુધી સંઘર્ષ, શૌર્ય, વિરતા, સ્વાભિમાન અને અતૂટ શ્રદ્ધાના એક હજાર વર્ષ સાથે સ્વાભિમાન પર્વનો સંદેશો નવી પેઢીમાં મા–ભારત શાશ્વત, સનાતન અને સંસ્કૃતિની ગાથાને આત્મસાત કરવાની પ્રેરણા આપનાર ઉત્સવ

બની રહ્યો છે. આ વર્ષ સમગ્ર દેશવાસીઓને ખાસ કરીને ગુજરાત માટે ગૌરવવંતુ રહ્યું છે. અખંડ ભારતના શીલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ, વંદે માતરમ્ ગીતની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાનમાં રાખીને તેની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે વંદે માતરમ્ ગીતના ૧૫૦ વર્ષ નિમિત્તે રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમો કરવામાં આવ્યાં. જે ગીત સને ૧૮૫૭માં શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચવામાં આવ્યું અને શ્રી રવિન્દ્રનાથ ટાગોરે તેનું પઠન કર્યું હતું. વંદે માતરમ્ સ્વદેશી ચળવળનું મુખ્ય સૂત્ર બન્યું હતું. બાળ ગંગાધર તિલક, લાલા લજપતરાય, શહિદ ભગતસિંહ અને સુભાષચંદ્ર બોઝ જેવા ક્રાંતિકારીઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યું હતું. ખાસ કરીને આ વર્ષ અમારા અને પૂરા ભારત દેશવાસીઓ માટે સરદાર વલ્લભભાઇ પટેલની પણ ૧૫૦મી જન્મજયંતિ હતી.ભગવાન બિરસા મુંડાજીની પણ જન્મજયંતિ આપણે ભવ્ય રીતે ઊજવી છે. આ વર્ષ ઐતિહાસિક વર્ષ બની રહ્યું છે. રાષ્ટ્રીય ગૌરવ ઉજાગર કરવાનું પાવન પર્વ પણ બની રહ્યું છે. વર્ષ ગાન 'વંદેમાતરમ્'' સરદાર સાહેબની રાષ્ટ્રીય વિચારધારાને ઊજાગર કરવાનું એક પ્રેરણા સ્ત્રોત બની રહ્યું છે. લોહ પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મ જયંતિના અવસરે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે કરમસદથી કેવડિયા સુધીની યુનિટી માર્ચ પદયાત્રા પ્રારંભ કરાવી. ૧૧ દિવસ સુધી ચાલેલી આ પદયાત્રામાં અનેક રાજકીય, સામાજિક આગેવાનો, શ્રેષ્ઠીઓ અને યુવા પઢીએ ભાગ લઇને યાત્રાને સફળ બનાવી, એનાથી એકતાનો સંદેશો હરહંમેશ માટે ગુંજતો રહેશે એવો મને પૂરો વિશ્વાસ છે. મને કહેતા આનંદ થાય છે કે ભારતની માતૃભૂમિ ઉપર જન્મેલી વિભૂતિ અને અમારા સમગ્ર આદિવાસી સમાજના હૃદયમાં વસેલા ધરતી આભા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિની પણ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીની સાથે ઝારખંડ રાજ્યના ઉલિહાત ગામમાં પિતાશ્રી સુગના મૂંડાજી, માતા કરમી હાતૂના ઘરે જન્મેલા ભગવાન બિરસા મુંડાજીને વર્ષો પછી સન્માન આપવાનું કામ આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. આ દેશની આઝાદી માટે અનેક ક્રાતિવીરોએ પોતાના બલિદાન આપ્યા છે અને તેમાં આદિવાસી સમાજમાંથી પણ બલિદાન આપનારા ક્રાંતિવીરોની સંખ્યા મોટી હતી. તેમને ભૂતકાળના શાસનમાં ક્યારેય યાદ કરવામાં આવ્યાં ના હતા. આ તમામ લોકોને યાદ કરીને આદિવાસી સમાજને પણ ગર્વ થાય એ માટે યશસ્વી પ્રધાનમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૧માં ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ ૧૫મી નવેમ્બરને જનજાતિય ગૌરવ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી. આજે સમગ્ર દેશમાં ૨૦૨૫નું વર્ષ જનજાતીય ગૌરવ તરીકે ઊજવવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયના ભાગરૂપે મા-અંબાજીની પવિત્ર ધરતીથી એકતાનગર સુધી ૭૧૩ કિલોમિટર અને વલસાડના ઉંમરગામના અમારા માનનીય રમણલાલ પાટકરનો મતવિસ્તાર છે ત્યાં ખૂબ પૌરાણિક હનુમાનજીનું મંદિર છે ત્યાં હજારો લોકો દર્શને આવે છે એવા એમના ધામથી ૬૬૫ કિલોમિટર મળીને કુલ ૧૩૭૮ કિલોમિટરની આ આદિવાસી વિસ્તારને આવરી લેતી જનજાતિય ગૌરવ યાત્રાનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારોની સંખ્યામાં લોકોએ અનેક સ્થળોએ ભાગ લઇને ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પૂષ્પાંજલિ અપર્ણ કરી હર્ષોલ્લાસ સાથે આ યાત્રાના વધામણા કર્યાં હતા. વિશેષ આનંદની વાત એ છે કે બંને મહાન વિભૂતિ સરદાર વલ્લભભાઇ પટેલ અને ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજ્યંતિ નીમિતે યુનિટી માર્ચ અને જનજાતિય ગૌરવયાત્રાનું સમાપન એકતાનગર ખાતે કરવામાં આવ્યું અને મને કહેતા આનંદ થાય છે કે ૧૫મી નવેમ્બર રાષ્ટ્રીય જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી પણ નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે આદિવાસી સમાજની કૂળદેવી મા-દેવ મોગરા અને પાંડોરી માતાજીની પવિત્ર ભૂમિ ઉપર દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીમાં કરી ભગવાન બિરસા મુંડાજી અને સમગ્ર આદિવાસી સમાજને સન્માન આપવાનું કામ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. માનનીય શ્રી ચૈતરભાઇ બેઠા છે એટલે યાદ આવી ગયું.

ઉપાધ્યક્ષશ્રી : અંદરો અંદર વાત નહીં કરો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પૂરા ભારત દેશની અંદર ૧૧ કરોડથી પણ વધારે આદિવાસી સમાજની વસતિ છે. તેમછતાં ભગવાન બિરસા મુંડાજી ફક્ત આદિવાસી સમાજના નથી પણ જે રીતે સરદાર વલ્લભભાઇ પટેલજીનું અને પૂજ્ય મહાત્માજીનું દેશ માટેનું યોગદાન છે એ રીતે અમારો પૂરો આદિવાસી સમાજ જેમને ભગાવન સમજે છે એવા ભગવાન બિરસા મુંડાજીની પણ નાની વયે એકદમ ૨૫ વર્ષની ઉંમરે જેમણે આ દેશની આઝાદી માટે, સમાજ માટે લડત ઉપાડીને પોતાનું બલિદાન આપ્યું છે એવા ભગવાન બિરસા મુંડાજી ૧૫૦મી જન્મજયંતિની ઉજણવણી થતી હોય. જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી થતી હોય, આપણા સપૂત, આજ ગૃહના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વર્ષો સુધી જેમણે ગુજરાતના વિકાસમાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે એવા વિશ્વ વિભૂતી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે એમના પોતાના જિલ્લામાં આવે એ આપણા ચૈતરભાઇને ના ગમે, એમનો ખર્ચ પૂછે, એનો હિસાબ પૂછે. મારે ચૈતરભાઇને કહેવું છે કે હજારો લોકો ત્યાં આવ્યા અને એ તમામ આદિવાસી ભાઇ-બહેનો હતા અને એનાથી આગળ વધીને હું વાત કરું, અમે બસમાં બેસાડીને લાવીએ તો શું અમે ગુનો કર્યો? એમને અમે સારો નાસ્તો આપીએ, એમને સારું જમવાનું આપીએ, એમને સારા મંડપ નીચે એકદમ છાયામાં ખુરશીમાં બેસે એવી વ્યવસ્થા કરીએ એ શું અમારો ગુનો છે? અમારો કોઇ ગુનો છે?

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય વડાપ્રધાન સાહેબ જનજાતીય ગૌરવ દિવસમાં દેડીયાપાડા આવ્યા તો મારા નામજોગ એમણે કહ્યું છે કે ચૈતરભાઇએ હિસાબ માગ્યો. હું ત્યાંનો પ્રતિનિધિ છું. માનનીય વડાપ્રધાનસાહેબ અમારા વિસ્તારમાં આવે, સ્વાભાવિક મારા ઉપર પ્રતિબંધ છે એટલે હું ત્યાં કાર્યક્રમમાં હાજર નથી રહ્યો. જનજાતીય ગૌરવ દિવસ અમે પણ નેત્રંગમાં મનાવ્યો હતો અને લાખો લોકો ત્યાં પણ ઉપસ્થિત

રહ્યા હતા. એ મારો અધિકાર છે. કાલે પણ સન્માનનીય ગૃહમાં માહિતી મંત્રી સાહેબે આપી છે કે આદિજાતિ વિકાસ વિભાગમાં ૪૧ કરોડનો..

ઉપાધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : પોઇન્ટ ઓફ ઓર્ડર સાહેબ એજ છે કે એમણે કહ્યું કે હિસાબ માગ્યો એની આપત્તિ એમણે જતાવી તો હિસાબ માગવો એ મારો અધિકાર છે.

ઉપાધ્યક્ષશ્રી : કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચૈતરભાઇ અમારું પણ બહુ લાંબુ જાહેરજીવન થયું છે. તમારું પણ ભાગ્ય છે કે તમને પણ ગુજરાતની જનતાની સેવા કરવાની તક મળી છે. ખાલી એક દેડીયાપાડા પૂરતો વિચાર ન કરો, ફકત આદિવાસી સમાજ પૂરતો જ વિચાર ના કરો. સાત કરોડની આજુબાજુ આપણી વસ્તી છે. બધાજ આપણા ભાઇ-બહેનો છે. બધા જ લોકો સાથે એકદમ મિલનસાર સ્વભાવ સાથે આપણે અગાળ વધવું પડે. આજે કોંગ્રેસના એક સભ્ય નથી, માથા ફોડી નાખવાની વાત કરો, તીરકામઠા બતાવો, કોઇ બીજી ધમકી આપો, કોઇ ત્રીજી ધમકી આપો આ કયાં સુધી ચાલશે? કયાં સુધી આવું ચાલશે? આ ૧૮૨ ધારાસભ્યોમાંથી ૨૭ ધારાસભ્ય આદિવાસી છે. આ ૧૮૨ ધારાસભ્યોને સાથે લઇને ચાલવા પડે. આ એમનેમ વિકાસ નથી થતો ભાઇ. આ પૂજય મહાત્મા ગાંધીજીની ધરતી છે. સરદાર વલ્લભભાઇ પટેલજીની ધરતી છે. આ બધા મેં એમનેમ નામો નથી લીધા. ભગવાન સોમનાથની ધરતી છે . દ્વારીકાધીશ, કૃષ્ણ ભગવાનની ધરતી છે. માં અંબાજીની ધરતી છે. માં શબરી માતાની ધરતી છે. માં મહાકાળી પાવાગઢની ધરતી છે. તેમ છતાં અમારો અધિકાર છે એમ કહો છો. જયારે આ ગૃહમાં કૃષિમંત્રીશ્રી ઉપસ્થિત છે, જે સમયે માનનીય રાજયપાલશ્રીનું સંબોધન ચાલતું હતું, સંવિધાન અને બીજું એક સૂત્ર ચાલતું હતું કે '' દેવું માફ કરો'' , ''દેવું માફ કરો. '' ભૂતકાળના શાસનમાં ખેડૂતોની શું દશા હતી તે આખા ગૃહના તમામ સભ્ય જાણે છે. ખેડૂતો માટેની શું વ્યવસ્થા હતી? ૧૨ થી ૧૮ ટકાના વ્યાજે નાની મોટી લોન આપવાની, મુદ્દલ કરતા વ્યાજ બમણું થઇ જતું હતું. આ મુદ્દલ કોઇ ભૂલ્યા નથી. ૧૯૯૫માં હું પણ એક મંડળીનો ચેરમેન હતો. આ દેવા માફ કરતી વખતે અમારા ખેડૂતને બ્લેક લીસ્ટમાં મૂકી દીધા. આજે કેટલાય એવા ખેડૂત હશે કે જેને બેંક આજે પણ ધિરાણ કરી શકતી નથી. એ શાસન અને અમારા શાસનમાં બહુ મોટો તફાવત છે. જયારે ખેડૂતોની વાત કરું તો ઝીરો ટકાએ ત્રણ લાખ સુધીની લોન આપવાનું કામ અમારી સરકારે કર્યું છે. એટલું જ નહિ પણ ખેડૂતો માટે ટ્રેક્ટરથી લઇ અનેક પ્રકારના ઓજારો, ખાતર, બિયારણ અનેક પ્રકારની સબસિડી આપ્યા પછી ખેડૂત મજબૂત શકશે. અમારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી, અમારા નાણામંત્રીશ્રી અને અમારા કૃષિમંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે કે આપણે રસ્તાની માળખાકીય સુવિધા ઊભી કરી છે. એમને સારા રોડ પણ આપવા પડે. પાણીની વ્યવસ્થા પણ સારી રીતે ઊભી કરી આપવી પડે. ઊર્જાની વ્યવસ્થા પણ સારી રીતે ઊભી કરી આપવી પડે. એક સમય હતો જયારે ખેડૂતોને કેટલા કલાક લાઇટ મળતી હતી? કેવી ગુણવત્તાવાળી લાઇટ મળતી હતી? બાપ-દીકરાએ બંનેએ ખેતરમાં જવું પડે. એક જણાએ મોટર પાસે બેસવું પડે અને એક જણાએ ખેતર પાસે બેસવું પડે. ગયા વખતે ઊર્જા વિભાગ નાણામંત્રી પાસે હતો અને આજે અમારા માનનીય ઋષિકેશ ભાઇ પાસે છે. ચૈતરભાઇ પણ મારા મિત્ર છે. હું એમને નાના ભાઇ તરીકે માનું છું. હું એમને દુશ્મન નથી માનતો. એમની સાચી વાતને હું આજે પણ સ્વીકારું છું. આવો આપણે સાથે મળીને ૧૪ જિલ્લા, ૫૮ તાલુકાના આદિવાસી સમાજ માટે નાણા મંત્રી પાસે જઇએ, મુખ્યમંત્રી પાસે જઇએ, નાયબ મુખ્યમંત્રી પાસે જઇએ. અન્ય વિભાગ સંભાળતા મંત્રીઓ પાસે જઇએ પણ એ લોકોને તો શરમ આવે છે. ચૈતરભાઇ તો ક્યારેક ક્યારેક આવે પણ અનંતભાઇને તો અમે અમારી ચેમ્બરમાં જોયા જ નથી. ચૈતરભાઇ, હજી સુધી અમારા એક પણ મંત્રીની ચેમ્બરમાં તમારા એક પણ સભ્ય આવ્યા નથી પછી બહાર નીકળીને આદિવાસીઓ પ્રત્યે ખૂબ લાગણી બતાવી દે છે કે ખાલી આંસુ પાડવાના બાકી રાખે છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

મંત્રીશ્રીનો જવાબ વખતે સભાગૃહમાં હાજર રહેવા અંગે

શ્રી શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કોઇ સભ્યશ્રીના નામ આપીને કહ્યું કે એ અહીં હાજર નથી. સંસદીય શિષ્ટાચાર, સંસદીય ગૃહમાં હાજરીની વર્તણૂકોમાં પાના નં – ૧૧૪ અને ૧૧૫ પર માનનીય અધ્યક્ષશ્રીઓએ નિર્ણયો લીધા છે. ચર્ચામાં ભાગ લેનાર સભ્યોએ અને ખાસ કરીને આમાં ભાગ લીધો છે અને જેમણે ટીકાઓ કરી છે એમણે જવાબ સાંભળવા માટે ગૃહમાં હાજર રહેવું જોઇએ. પાના નં – ૧૧૪ પર ઉપાધ્યક્ષશ્રી અંબાલાલ શાહ ઉપાધ્યક્ષપદે બેઠાં હતાં એમનો પણ એક નિર્ણય છે કે ''માનનીય મંત્રીશ્રી તરફથી જ્યારે જવાબ આપવામાં આવે ત્યારે જે-જે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો હોય તે સભ્યોએ જવાબ સાંભળવા માટે સભાગૃહમાં હાજર રહેવું જોઇએ. અત્યારે પણ સામા પક્ષે ચર્ચામાં ભાગ લીધા પછી સભ્યશ્રીઓ હાજર નથી. આપના તરફથી પણ અગાઉના માનનીય અધ્યક્ષશ્રીના જે નિર્ણયો છે એ પ્રમાણે આપને જે યોગ્ય લાગે એ પ્રમાણેની સૂચનાઓ આપવામાં આવે અને આપના તરફથી પણ નિર્ણય થાય એવી અપેક્ષા રાખું છું.

ઉપાધ્યક્ષશ્રી: માનનીયશ્રી જીતુભાઇ વાઘાણીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે. એના અનુસંધાનમાં તાકીદ કરવામાં આવે છે કે જ્યારે પ્રભારી મંત્રીશ્રી જવાબ આપતાં હોય ત્યારે હાજર રહે અને તેઓ આજે ચોક્કસપણે હાજર રહી શકે તેમ હોવા છતાં શ્રી કાંતિભાઇ ખરાડી અને શ્રી અમૃતજી ઠાકોર બહાર નીકળી ગયા છે. તો હું ફરીથી એક વખત ગૃહના બધા સભ્યોને

વિનંતી કરું છું કે આ મહત્ત્વની બાબત હોય, આપણે ચર્ચામાં ભાગ લીધો હોય, આપણે ચર્ચા કરતાં હોય ત્યારે ચોક્કસ હાજર રહેવું જોઈએ. એવી હું ટકોર કરું છું.

શ્રી નરેશભાઈ મ. પટેલ : (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, અમે નવા નવા મંત્રી બન્યા હતા. અમારે તો સન્માન સમારોહ રાખવા જોઈએ પણ તે સમયે કમોસમી વરસાદના કારણે અમારા કૃષિમંત્રીશ્રીએ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે સંકલન કરીને અમને બધા મંત્રીઓને પોતપોતાના વિસ્તારમાં ખેડૂતોના પડખે ઊભા રહેવા માટે મોકલ્યા હતા. આ વખતે મોટું પેકેજ આપીને ખેડૂતોની પડખે ઊભા રહેવાનું કામ અમારી સરકારે કર્યું છે. પ્રધાનમંત્રી કિસાન નિધિમાં ૧ થી ૨૧ હપ્તામાં ૫૯ લાખ ખેડૂતોના ખાતામાં રૂપિયા ૨૨ હજાર કરોડ જમા કર્યા છે. અમારા કૃષિમંત્રીશ્રી દ્વારા એકદમ પારદર્શિતા સાથે ૩૩ લાખથી વધારે ખેડૂતોને રૂ.૯,૬૧૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ખેતી અને કૃષિ વિશે ઘણું બોલાયું છે પણ ખાસ કરીને સામેના પક્ષના મહાનુભાવો ઘણીવાર ટ્રાયબલ વિસ્તારની વાત કરતા હોય ત્યારે માનનીય કાંતિભાઈ અત્યારે ઉપસ્થિત નથી પણ તેમણે જે જંગલની જમીનની વાત કરી તેના વિશે કહું તો જંગલની જમીન આપવાનો નિર્ણય ભાજપ સરકારે કરેલો. કૉંગ્રેસના શાસનમાં એક પણ એકર જમીન આપેલી નથી. તેમણે ભૂતકાળ જોઇ લેવો જોઈએ. તેઓ ભારતીય જનતા પાર્ટી ઉપર કેવી રીતે આક્ષેપ કરી શકે? હું ફક્ત માનનીય કાંતિભાઈના મતવિસ્તાર દાંતાની વાત કરું તો મળેલ ૩૬૩૭ દાવાઓ સામે મંજૂર કરેલ દાવાઓ ૨૧૭૧ છે અને અત્યાર સુધીમાં ૧૪૦૯ હેક્ટર જમીન આપી છે. મારી પાસે સમગ્ર ગુજરાતનો રેકર્ડ છે. અમારી સરકાર મોંના ગર્ભમાં બાળક હોય ત્યારથી કાળજી લે છે તો સ્મશાન ભૂમિ પણ બનાવી આપે છે અને સ્મશાન ભૂમિમાં દેહને અગ્નિદાહ આપવા માટે લાકડા પણ આપીએ છીએ. અમારી સરકાર જન્મથી મૃત્યુ સુધીની સગવડ કરે છે. મારી પાસે સમય ઓછો છે એટલે હું વધારે વાત કરતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ વિશે વાત કરું તો માનનીય ચૈતરભાઇના વિસ્તારમાં ૧૪૦૮ કરોડના ખર્ચે કડાણા દાહોદ ઉદ્વહન પાઇપલાઇન યોજના દ્વારા મહીસાગર અને દાહોદ જિલ્લા ખાતે સાત તાલુકાના ૧૨૪ ગામોને ૨૪,૭૨૫ એકરમાં આ પાણીનો લાભ મળવાનો છે. આ સિવાય સિંચાઇના અનેક કામો એવા રૂ. ૧૮૮ કરોડના ખર્ચે કડાણા જળાશય, રૂ.૪૪૦ કરોડના ખર્ચે કરજણ વાડી કપાટ ઉદવહન પાઇપલાઇન યોજના દ્વારા નર્મદાના જિલ્લાના નાંદોદ, સુરત, ભરૂચ જિલ્લાના ૧૦૩ ગામોનો ૧૮,૭૦૦ એકર વિસ્તારનો સિંચાઇનો લાભ પડોશમાં મળવાનો છે. તેનાથી આગળ વાત કરું તો રૂ.૨૯૨ કરોડના ખર્ચે પાનમ જળાશય આધારિત ઉદવહન સિંચાઇ યોજના, પંચમહાલ જિલ્લાના ૮૫ ગામોનો ૮૬,૪૫૦ એકર વિસ્તારનો લાભ મળવાનો છે. રૂ.૧૧૮ કરોડના ખર્ચે પાનમ ઉચ્ચસ્તરીય નહેર આધારિત મહીસાગર અને પંચમહાલ જિલ્લાના વિવિધ તળાવ ભરવાની યોજના, રૂ.૫૪ કરોડના ખર્ચે પારડી ઉદવહન પાઇપલાઇન યોજના, રૂ.૫૭૧ કરોડના ખર્ચે કાકરાપર વડવાવડ ઉદવહન પાઇપલાઇન યોજના, રૂ.૯૫૧ કરોડના ખર્ચે સોનગઢ ઉચ્છલ–નિઝર ઉદવહન પાઇપલાઇન યોજના, રૂ.૭૧૧ કરોડના ખર્ચે તાપી–કરજણ ઉદવહન પાઇપલાઇન યોજના, રૂ.૫૪૫ કરોડના ખર્ચે માંડવી માંગરોળ ઉદવહન સિંચાઇ યોજના. આમ, આ બહુ લાંબુ લિસ્ટ છે. આ બધું કામ આદિવાસી પટ્ટામાં થયું છે. આ રાતોરાત થતું નથી. આ અમારા આદરણીય નરેન્દ્રભાઈની ૩૦ વર્ષની તપસ્યા છે. અમારા સ્વર્ગીય કેશુભાઇએ શરૂઆત કરી. મેટલ અને ડામર રસ્તાની શરૂઆત વાઇડનીંગ સાથે કરી. શ્રી અનંતભાઇ આજે અહીંયા નથી પણ ખારેલથી લઇને ચાર કલાકમાં અમારા જ રોડ પર ગાંધીનગર સુધી આવી ગયા હશે અને એ જ ભાઇ થોડા પહોળા કરીએ તો વિરોધ કરે. રોડનો વેરો, ડેમનો વેરો આ ડેમો કોણે બનાવ્યા? આજે પણ હું કૉંગ્રેસનો આભાર માનું છું. ભૂતકાળમાં કૉંગ્રેસના વખતે ડેમો બન્યા તેમ છતાં આદિવાસી સમાજ ત્યાં પાણી જોયા કરતી હતી. પીવાનું પાણી અને સિંચાઇનું પાણી નહોતું મળતું. એને પાણી આપવાનું કામ આદરણીય નરેન્દ્રભાઇથી લઇને તમામ મુખ્યમંત્રીશ્રીઓએ અને માનનીય ભૂપેન્દ્રભાઇથી લઇને બધા જ એની પાછળ મહેનત કરી રહ્યા છે. હું એવી આશા રાખું છું કે, થોડુંક તો સાચું બોલો. કોઇક જગ્યાએ નાનું–મોટું હશે તો આપણે સાથે મળીને કરીશું. અમારા નાણામંત્રીશ્રીએ કોઇ કસર રાખી નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને સંગઠનના પ્રમુખ શ્રી જગદીશભાઇએ અમારા ટ્રાયબલ ધારાસભ્યોને બોલાવીને બેઠક કરી છે. આજે પણ શું ખૂટે છે? સમાજને શું અસર કરે છે? એવા મુદ્દા શોધી લાવો એટલા માટે છોટાઉદેપુરને પણ અમે ભૂલ્યા નથી. છોટાઉદેપુરના લોકો કેટલા વર્ષોથી એની રાહ જોતા હતા. એનાથી આગળ વધુ છું. ચૈતરભાઇ, આમ તો ઘણું કહી શકું. આદરણીય નરેન્દ્રભાઇને હું આજે ભૂલી શકતો નથી. ભારતસરકારની એકલવ્ય રેસીડેન્શિયલ સ્કૂલના મોડલ આધારે આપણી બે પ્રકારની સ્કૂલો ચાલે છે. આદર્શ નિવાસી શાળા, કન્યા સાક્ષરતા શાળા અને એકલવ્ય રેસીડેન્શીયલ શાળા. આ શાળાઓ સો ટકા સુધીનું પરિણામ લાવતી થઇ ગઇ છે. આઇ.આઇ.ટી. સુધી અમારા આદિવાસી બાળકો જતા થઇ ગયા. મેં આજે આંકડા જોયા. એકલવ્ય અને આદર્શ નિવાસી શાળામાંથી આદિવાસી સમાજના ૨૧૬ દીકરા–દીકરી મેડિકલમાં ગયા છે. અન્ય મેડિકલમાં ૬૩૫ અને ૧૮૭૦ બી.એસ.સી.નર્સિંગ અને ૮૫૯ જેટલા એન્જિનિયરિંગમાં ગયા છે. ધીરે–ધીરે બદલાવ આવી રહ્યો છે. મને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ચોક્કસ વિશ્વાસ છે. સારી રીતે કામગીરી ચાલી રહી છે. આદિવાસી સમાજ પણ મુખ્ય ધારામાં આવી રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને પણ હું અભિનંદન આપું છું. શ્રી કનુભાઇથી લઇને આખું મંત્રીમંડળ સક્રિય છે. એક–એક વિભાગનો એક–એક રૂપિયો કેવી રીતે સાચા અર્થમાં વપરાય એની ચિંતા તમામ મંત્રીશ્રીઓ કરી રહ્યા છે. શ્રી ચૈતરભાઇ, કોઇ જગ્યાએ કોઇ ખામી લાગે તો આવજો મારું કાર્યાલય ખુલ્લું છે અને તમારા ફોન માટે હું ચોવીસ કલાક જાગતો છું. કોઇ ચિંતા કરતા નહીં. સોમનાથ ભગવાન કી જય.

સભાગૃહનું કામકાજ બપોરના ૧.૩૪ કલાકે પૂરું થતાં સભાગૃહ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.

પુસ્તક–૧૧૬	વિષય સૂચિ	ચોથી શ્રેણી
સભ્યનું નામ	**વિષય**	**પેજ નં.**
અનંતકુમાર હ. પટેલ	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬	૧૩૭
	નવસારી અને ચિખલી તાલુકામાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત સનદો	૧૮૧
	નવસારી અને વલસાડ જિલ્લામાં પકડાયેલ નશીલા પદાર્થો	૧૮૮
	રાજ્ય સરકારનું દેવું	૨૫૭
	રાજ્યમાં પોષણ સુધા યોજના	૮૮
	સુરત અને વડોદરા જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો	૧૯૩
	નવસારી અને ડાંગ જિલ્લામાં જર્જરિત પ્રાથમિક શાળાઓ	૨૪૮
	નવસારી અને વલસાડ શહેર/જિલ્લામાં બીપીએલ અને એએવાય કાર્ડધારકોની સંખ્યા	૨૬૦
	વલસાડ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર	૩૧૯
	વાંસદા અને ચીખલી તાલુકામાં કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકસાન	૩૦૪
અનિકેત ગિ. ઠાકર	પાલનપુર–ગોબરી રોડ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવા	૭૫
	બનાસકાંઠા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨ હેઠળ MSME એકમોની કલેઇમ અરજીઓ	૧૮૧
અનિરુદ્ધ ભા.દવે	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૪૮
	ગુજરાત સર્વ ધર્મ શ્રદ્ધા, પ્રતીક અને સદભાવ સંરક્ષક વિધેયક, ૨૦૨૫	૨૭૭
અભેસિંહ મો.તડવી	છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના નાગરવાડા મુકામે ઉચ્છ નદી ઉપર પુલ બનાવવા બાબત	૧૨૬
	છોટાઉદેપુર જિલ્લામાં સંખેડા તાલુકામાં ઢાઢર નદી ઉપર કંટેશ્વર ગામ પાસે પુલ બનાવવા બાબત	૧૨૧
	છોટાઉદેપુર જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેતીને થયેલ નુકશાનની સહાય બાબત	૩૦૯
	છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાના નવીન ઓરડાઓ	૨૩૩
અમૃતજી મો. ઠાકોર	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૪૭
	અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં આવેલ ફેકટરીઓમાં શ્રમિકોને લઘુત્તમ વેતન મુજબ મહેનતાણું ન મળતું હોવાની ફરિયાદો	૩૧૫
	અમદાવાદ જિલ્લાની નરોડા જી.આઇ.ડીસી. ની કેમિકલ કંપનીઓ દ્વારા છોડવામાં આવતો ઝેરી ગેસ	૩૦૦
	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના પ્લોટની હરાજી	૨૪૫
	કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે બસ સ્ટેશન બનાવવા બાબત	૧૬૦
	નર્મદા કેનાલમાં તળાવો ભરવા માટેની પાઈપલાઈનો તૂટી જવાની ઘટના	૮૮
	બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓ	૨૫૪
	રાજ્ય સરકાર હસ્તકના વિમાન, હેલિકોપ્ટર માટે બજેટ જોગવાઇ	૧૮૪
	રાજ્યમાં ટોલ પ્લાઝાના નિયમન બાબત	૧૨૦
	રાજ્યમાં શાહુકાર ધારાનો અમલ કરવા મંજૂર મહેકમ	૩૨૫
અમુલ ભટ્ટ	અમદાવાદ શહેરમાં મંજૂર કરવામાં આવેલ ઈસ્ટર્ન ટ્રંક	૨૫૧
અમિત ચાવડા	અમદાવાદ અને સુરત શહેરમાં પકડાયેલા નશીલા પદાર્થો	૧૬૪
	દાહોદ અને મહિસાગર જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત થયેલ ગેરરીતીઓ	૧૧૪
	નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત	૧૨૫
	ભાવનગર જિલ્લામાં રત્ન કલાકારોના બાળકોને સ્કુલ ફીની સહાય	૧૬૦
	વલસાડ શહેર અને જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી	૩૨૨
	લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો	૧૮૫
	સ્માર્ટસીટી મીશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો	૨૪૨
	પંચમહાલ જિલ્લામાંમનરેગાયોજનામાંથયેલગેરરીતિ	૩૦૭
અર્જુનભાઇ દે. મોઢવાડિયા	ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનસુખભાઇ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહંમદભાઇ ગુલામમોહયુદીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ધીરજલાલ કુલાભાઇ રીબડીયા, સ્વ. શ્રી અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ. શ્રી વજુભાઇ પરમાભાઇ ડોડિયા અને સ્વ. શ્રી બાવનજીભાઇ હંસરાજભાઇ મેતલિયાના અવસાન અંગે	૬૭
અર્જુનસિંહ ઉ. ચૌહાણ	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૫૧
અરવિંદ છો. પટેલ	ઘરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ	૩૧૦
	વલસાડ જિલ્લામાં વન નેશન વન રેશનકાર્ડ યોજના	૨૫૨

અલ્પેશ ખો. ઠાકોર	ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તળાવો વિકસાવવા બાબત	૨૫૦
ઇમરાન યુ.ખેડાવાલા	જમાલપુર નાગરિક પુરવઠાની ઝોનલ કચેરી અન્ય સ્થળે ખસેડવા બાબતે	૨૬૦
	અમદાવાદ શહેરમાં ડીસેમ્બર માસમાં વાયુ પ્રદૂષણ બાબત	૩૦૧
	અમદાવાદની સાબરમતી જેલમાં આપઘાતના કિસ્સા	૧૭૯
	ટી.પી. અને નોન ટી.પી. પ્રોજેક્ટમાં કપાત કરવા બાબત	૨૪૭
	રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત સવારની પાળીમાં પ્રવેશ ન આપવા બાબત.	૨૫૫
	રાજ્યમાં હેલ્થ લિકર પરમીટ ફી બાબત	૧૮૭
ઇશ્વરભાઈ ર. પરમાર	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(પહેલો દિવસ)	૨૬૬
ઉદય પ્ર. કાનગડ	રાજકોટ જિલ્લામાં જુથ યોજના	૭૬
	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૫૦
ઉમેશભાઈ ના. મકવાણા	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬	૧૩૬
	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(પહેલો દિવસ)	૨૭૨
	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૫૦
	બોટાદ જિલ્લામાં પશુ દવાખાના અને એમ્બ્યુલન્સ	૩૧૩
	બોટાદ જિલામાં સાયન્સ, કોમર્સ અને આર્ટસની સરકારી કોલેજ બનાવવાની કામગીરી	૨૫૧
	બોટાદ શહેર ફરતે રિંગરોડ બનાવવાની કામગીરી	૮૪
	બોટાદ જિલ્લામાં ખાદીના કેન્દ્રો	૧૮૦
	બોટાદ જિલ્લામાં નવા આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવા બાબત	૧૧૯
ઋષિકેશ ગ. પટેલ	કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ	૩૩૬
કનુભાઈ મો. દેસાઇ	સન ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત	૧૬૭
	કચ્છ જિલ્લામાં ચુઝર એજન્સી પાસેથી નેટ પ્રેઝન્ટ વેલ્યુની વસૂલાત	૩૨૯
કનુભાઈ ક. પટેલ	અમદાવાદ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત કરવા વ્યાજ સહાય યોજના	૧૮૩
કનૈયાલાલ બ.કિશોરી	દાહોદ જિલ્લાના પાટાડુંગરી ડેમ આધારિત જુથ યોજના	૯૨
કેયુર ના. રોકડિયા	પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત બેનિફિસયરી લેડ કન્સ્ટ્રકશન ઘટકમાં આવાસો મંજૂર	૨૪૩
કલ્પેશભાઈ આ. પરમાર	નડિયાદ નગરપાલિકા હસ્તકના રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી	૨૪૪
કુંવરજીભાઈ મો. બાવળિયા	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬	૧૩૦
	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬	૧૩૮
કેશુભાઈ શી. પટેલ	કચ્છ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના	૨૯૫
કેશાજી શિ.ચૌહાણ	બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના	૨૪૭
	બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રૂફટોપ સોલાર પેનલ સહાય	૩૦૮
કાન્તિભાઈ કા. ખરાડી	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૪૫
	બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના	૧૮૯
	બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા રોડ માટેની બાકી મંજૂરી	૩૨૧
	રાજ્યમાં અનુસૂચિત જનજાતિના લોકોને ગૌણ વન પેદાશો અંતર્ગત રોજગારી	૩૨૭
	દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત જમીન ફાળવણીના દાવા	૧૮૨
	બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઝાંઝરવા ગામે પ્રદૂષણ ફેલાવતી કંપની સામે ફરિયાદ	૩૦૬
	બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ગેરકાયદેસર ખનન	૧૧૮
	બનાસકાંઠા જિલ્લામાં આવેલ ક્વોરીઓ (બ્લેક ટ્રેપ)	૭૯
	બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જલસંચય યોજના	૧૨૬
કાળુભાઈ ચ.રાઠોડ	ગીર સોમનાથ જિલ્લાના સૈયદ રાજપરા ગામે દરિયાઇ ધોવાણ અટકાવવા બાબત	૭૮
કાળુભાઈ રૂ.ડાભી	અમદાવાદ જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય	૩૦૬
કિરીટકુમાર કે.પટેલ	મહેસાણા જિલ્લામાંખેડૂતોને એજીઆર- ૫૦ ટ્રેક્ટર અંતર્ગત સહાય	૩૦૨
ડૉ.કીરીટકુમાર ચી. પટેલ	પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિ અને માવઠાને કારણે થયેલ પાક નુકશાની પેટે ચૂકવેલ સહાય બાબત	૩૦૩
	પાટણ જિલ્લામાં તાલુકાવાર ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સ સેવા	૩૧૮

	પાટણ જિલ્લામાં સરકારી જમીન પર દબાણ	૮૧
	રાજ્યમાં જિલ્લા સરકારી વકીલોની વયમર્યાદા બાબત	૧૮૧
	રાજ્યમાંસ્ટેટ એકશનપ્લાન ફોર ક્લાઈમેટ ચેન્જ	૩૨૬
	શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ખરાબ ગુણવત્તાવાળા પાઠ્યપુસ્તકો છાપવા અંગે ફરિયાદ	૨૫૭
	શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરી આપવા બાબત	૨૪૯
	રાજ્ય સરકારના પ્રચાર પ્રસાર માટે થયેલ ખર્ચ	૧૧૯
કૌશિકભાઈ સુખલાલ જૈન	રાજ્યમાં રહેણાંક વીજ ગ્રાહકો પાસેથી વીજકર લેવા બાબત	૨૩૪
ગુલાબસિંહ સો. ચૌહાણ	આંગણવાડી વર્કર અને હેલ્પરના પગાર વધારા બાબત.	૧૨૫
	ડિજિટલ ગુજરાત પોર્ટલના સર્વર સંબંધિત ફરિયાદો	૩૨૪
	મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આંગણવાડીઓના મહેકમ બાબત	૧૧૫
	મહિસાગર જિલ્લામાં જમીન માપણી/રી સર્વે અંતર્ગત રહી ગયેલ ભુલો સુધારવાની અરજીઓ	૭૩
	મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રોજગારી	૩૦૯
ગીતાબા જ. જાડેજા	ગોંડલ નગરપાલિકા હસ્તકના રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી	૨૫૦
	રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય	૩૦૭
	રાજ્યમાં અભયમ મહિલા હેલ્પલાઈન યોજના પાછળ થયેલ ખર્ચ	૧૧૪
ગોપાલ ગો.ઈટાલિયા	ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનસુખભાઈ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહંમદભાઈ ગુલામમોહ્યુદીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ધીરજલાલ કુલાભાઈ રીબડીયા, સ્વ. શ્રી અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ. શ્રી વજુભાઈ પરમાભાઈ ડોડિયા અને સ્વ. શ્રી બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાન અંગે	૬૮
	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(પહેલો દિવસ)	૨૭૨
	સભાગૃહમાં વિધેયક રજૂ થવાના બે દિવસ પહેલાં સભ્યશ્રીઓને નકલ આપવા બાબત	૧૪૦
	જૂનાગઢ શહેર ટાઉન પ્લાનિંગ સ્કીમ 9–સુખપુર અને 7–ઝાંઝરડામાં જમીન માલિકોને વળતર	૨૩૭
	વિસાવદર અને તાલાલા તાલુકામાં અનમાત જંગલ જમીનના સેટલમેન્ટ અંગે	૩૨૦
	સુરત શહેર અને રાજકોટ શહેરના પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલના વાહનો મુકવા માટે પાર્કિંગ પ્લોટ બાબત	૧૭૬
	જૂનાગઢ જીલ્લામાં કોન્ટ્રાક્ટર્સ દ્વારા અધૂરા મુકવામાં આવેલ રોડના કામો બાબત	૧૨૬
	વિસાવદર તાલુકાના સરસઈ ગામે ઘ્રાફડ નદી ઉપર મેજર બ્રીજના અધૂરા કામ બાબત	૮૯
	વિસાવદર તાલુકાના મોણીયા વડલી ફાટક રોડ રિસરફેસ કરવા બાબત	૧૨૧
	અમરેલી લેટરકાંડ બાબતે રચવામાં આવેલી SIT બાબત	૧૮૬
	જૂનાગઢ જીલ્લામાં મગફળી, સોયાબીન અને ચણાની ટેકાના ભાવે ખરીદી બાબત	૩૦૪
	જૂનાગઢ જિલ્લામાં લોકલ ફંડ ઓડીટ.	૨૫૯
	ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ સમાવિષ્ટ જમીનના સુધારેલા ક્ષેત્રફળ પ્રમાણે રેવન્યુ રેકર્ડને અદ્યતન કરવા બાબત	૨૫૨
	પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના માછીમારો	૩૨૬
ગૌતમભાઈ ગો. ચૌહાણ	ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના	૨૩૬
ચૈતન્ય મ. દેસાઇ	કામકાજના સ્થળે મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે યોજાયેલ સેમીનાર	૧૧૫
	ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક,૨૦૨૫	૨૮૨
ચૈતન્યસિંહ પ્र.ઝાલા	વડોદરા જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર લેવા બાબત	૨૫૧
ચૈતરભાઈ દા. વસાવા	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૪૯
	ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનસુખભાઈ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહંમદભાઈ ગુલામમોહ્યુદીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ધીરજલાલ કુલાભાઈ રીબડીયા, સ્વ. શ્રી અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ. શ્રી વજુભાઈ પરમાભાઈ ડોડિયા અને સ્વ. શ્રી બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાન અંગે	૬૭
	નર્મદા અને દાહોદ જિલ્લામાં કુપોષિત બાળકો	૯૩
	નર્મદા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ	૨૪૧
	નર્મદા જિલ્લામાં ઝરવાણી જુથ પાણી પુરવઠા યોજના	૧૨૭
	નર્મદા જિલ્લામાં વન વિભાગ દ્વારા રસ્તા અને બ્રિજના કામો અટકાવવા બાબત	૩૧૬
	પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના	૧૮૭
	નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી	૨૮૯

	આદિજાતિ વિકાસ વિભાગ માટે નાણાકીય જોગવાઈ	૧૭૮
	જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી કાર્યક્રમ બાબત	૧૯૧
	નર્મદા અને ભરૂચ જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવાની ફરિયાદો	૨૫૩
	સાપુતારા–સ્ટેચ્યુ ઓફ યુનીટીને જોડતા ગ્રીન કોરીડોરની કામગીરી	૧૨૨
જગદીશ વિશ્વકર્મા	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૩૬
જેઠાભાઇ ઘે.આહીર(ભરવાડ)	પંચમહાલ જિલ્લાના હદમાં આવતા ગામો પોલીસ સ્ટેશનોમાં સમાવવા બાબત	૧૭૯
	પંચમહાલ જિલ્લામાં જળસંપત્તિ પ્રભાગ હસ્તકની કચેરીઓ	૧૨૨
	પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ગાય નિભાવ ખર્ચ માટે મળેલ અરજીઓ	૩૨૩
	પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ	૯૨
	પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોના પાક નુકશાનીની વળતરની અરજીઓ	૩૨૭
	પંચમહાલ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને રકમ ફાળવવા	૧૨૭
	પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધાયેલ શિક્ષિત બેરોજગારો	૩૦૭
	પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓની માંગણી.	૨૪૫
જનકભાઇ તળાવિયા	અમરેલી જિલ્લામાં આંબા ફળપાક માટે પ્રોત્સાહન	૩૧૪
જયંતિભાઇ સો. પટેલ	ગાંધીનગર–માણસા રોડ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવા	૧૧૩
જયદ્રથસિંહજી ચં.પરમાર	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૪૨
જયરામભાઇ ચે. ગામીત	ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક,૨૦૨૫	૨૮૩
જિગ્નેશ મેવાણી	અનુસૂચિત જાતિ પરના અત્યાચારના બનાવોના મોનીટરીંગ માટે નાગરિક એકમ	૨૩૯
	અમદાવાદ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં ડ્રગ્સ, અફીણ, ચરસ, ગાંજા સંબંધિત આરોપીઓ	૧૮૩
	કચ્છ અને જૂનાગઢ જીલ્લામાં વન વિભાગની જમીનો પર ગેરકાયદે દબાણ	૨૯૭
	નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત.	૯૧
	રાજ્યમાં માદા વાઘ લાવવા બાબતે રજૂઆત	૩૧૮
	વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત માહિતી વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચ	૧૨૧
	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(પહેલો દિવસ)	૨૭૦
	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૪૩
જિતેન્દ્રભાઇ સ. વાઘાણી	ગૃહમાં પ્રદર્શન કરવા અંગે	૩૩૦
	મંત્રીશ્રીનો જવાબ વખતે સભાગૃહમાં હાજર રહેવા અંગે	૩૫૪
જીતેન્દ્રકુમાર ર. પટેલ	પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત મંજૂર પ્રોજેકટ	૨૨૯
	રાજ્યના ખેડૂતોને એજીઆર – ૫૦ ટ્રેક્ટર અંતર્ગત સહાય	૨૮૮
ડૉ.તુષાર અ. ચૌધરી	ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનસુખભાઈ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહંમદભાઈ ગુલામમોહયુદીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ધીરજલાલ કુલાભાઈ રીબડીયા, સ્વ. શ્રી અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ. શ્રી વજુભાઈ પરમાભાઈ ડોડિયા અને સ્વ. શ્રી બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાન અંગે	૬૭
	આદિજાતિ વિભાગની વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષ માટે બજેટમાં વણવપરાયેલ રકમ બાબત	૧૮૯
	મહીસાગર જિલ્લાના જમીયતપુરા સ્થિત મૌર્યો એન્વાયરો પ્રોજેક્ટલ પ્રા. લી. સાઇટના કારણે આસપાસના કૂવાઓના પાણીમાં પ્રદૂષણ	૨૯૩
	ખેડવા જળાશય આધારિત ડિસ્ટ્રી–૨ને એમ.એસ. પાઇપલાઇન વડે નવીનીકરણ કરવા	૯૧
	તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકા ગ્રાન્ટના દુરુપયોગની ફરીયાદો	૨૪૪
	બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ આદિજાતિ વિસ્તારોને સહાય	૧૯૬
	ભરૂચ જિલ્લામાં ઈ.પી.સી.ના ધોરણે ભાડભૂત બેરેજના બાંધકામ	૧૨૧
	રાજ્યમાં એગ્રી બિઝનેસ પોલીસી	૩૧૮
	સોનગઢ તાલુકાના ટ્રાયબલ સબ પ્લાન હેઠળ થયેલ કામોની ફરિયાદ બાબત	૧૮૪
દુર્લભજીભાઇ હ. દેથરીયા	જુનાગઢ કૃષિ યુનીવર્સીટી હેઠળ મોરબી ખાતે કૃષિ કોલેજ શરુ કરવા અંગે	૩૧૨
	મોરબી મહાનગરપાલિકાના વિસ્તાર બહાર રીંગ રોડ બનાવવા બાબત	૯૦
ડૉ.દર્શના ચં. દેશમુખ	નર્મદા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય	૩૧૦
	ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયક, ૨૦૨૫	૨૮૪
દર્શિતાબેન પા. શાહ	ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયક, ૨૦૨૫	૨૮૫
	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૪૫

દિનેશભાઇ આ. ઠાકોર	પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં શાહુકાર ધારોની જોગવાઇ મુજબ કરેલ કાર્યવાહી	૩૧૨
	રાજ્યમાંથી પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવા બાબત	૨૪૩
	મહેસાણામાં યોજાયેલ વાયબ્રન્ટ રીજીયોનલ કોન્ફરન્સ	૧૮૭
	રાજ્યમાં પોલીસ ઈન્સ્પેક્ટર અને અન્ય સ્ટાફ વિરૂધ્ધ કાર્યવાહી	૧૮૦
દિવ્યેશભાઈ ર.અકબરી	રાજ્યના ખેડૂતોને એજીઆર –૫૦ ટ્રેક્ટર અંતર્ગત સહાય	૨૯૯
નરેશભાઇ મ. પટેલ	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૫૧
પ્રકાશભાઇ પ. વરમોરા	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬	૧૩૩
ડૉ.પ્રધુમન ગ. વાજા	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(પહેલો દિવસ)	૨૭૩
પ્રધુમનસિંહ મ. જાડેજા	કચ્છ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના માર્ગો	૧૧૩
	કચ્છ જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ મળેલ અરજીઓ.	૨૫૯
	કચ્છ જીલ્લામાં આરટીઓ દ્વારા પકડેલ ઓવરલોડ વાહનો	૧૫૮
	કચ્છ જીલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ	૩૧૭
	કચ્છ જીલ્લામાં ડિસેલીનેશન પ્લાન્ટ બાબત	૧૨૮
	કચ્છ જીલ્લામાં નોંધાયેલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર	૩૨૬
	કચ્છ જીલ્લામાં પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ તૈયાર કરવા ખેડૂતોને સહાય બાબત	૨૯૧
	નખત્રાણા નગરપાલિકાનું મંજૂર મહેકમ	૨૩૮
	નલિયા કોલેજની બિલ્ડીંગ બનાવવા બાબત.	૨૫૩
	કચ્છ જિલ્લામાં ગૌચર જમીનની ફાળવણી	૧૨૪
પ્રફુલભાઇ પાનસેરીયા	ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયક, ૨૦૨૫	૨૮૬
	ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૨૫	૨૮૦
પરસોત્તમભાઈ ખેં. પરમાર	સુરેન્દ્રનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના	૩૧૨
ડૉ.પાયલ મ. કુકરાની	ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૨૫	૨૭૮
	અમદાવાદ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ	૧૮૩
ફતેસિંહ વ. ચૌહાણ	પંચમહાલ જિલ્લાના કાલોલ બાયપાસ રોડને ચારમાર્ગીય બનાવવા	૧૧૪
	પંચમહાલ જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના	૩૦૮
બાબુભાઇ જ. પટેલ	ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક, ૨૦૨૫	૨૭૬
	અમદાવાદ જિલ્લામાં એજીઆર–૫૦ ટ્રેક્ટર અંતર્ગત સહાય	૩૧૧
ભગાભાઇ ઘા. બારડ	ગીર સોમનાથ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના	૨૪૯
	ગીર સોમનાથ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ	૧૭૫
ભૂપેન્દ્રભાઇ ર. પટેલ	ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનસુખભાઈ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહંમદભાઈ ગુલામમોહયુદીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ધીરજલાલ કુલાભાઈ રીબડીયા, સ્વ. શ્રી અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ. શ્રી વજુભાઈ પરમાભાઈ ડોડિયા અને સ્વ. શ્રી બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાન અંગે	૬૫
મુકેશકુમાર દ્વા.પટેલ	મહેસાણા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨ હેઠળ MSME એકમોની ક્લેઇમ અરજીઓ	૧૬૩
મેઘજીભાઇ અ. ચાવડા	જામનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના	૨૪૬
મનુભાઇ એમ. પટેલ	સુરત જિલ્લામાં પેન્શનરોનું મેડિકલ રિએમ્બર્સમેંટ	૨૪૯
ડૉ.મહેન્દ્રભાઇ પાડલિયા	રાજકોટ જિલ્લામાં આંતરીક પાણી પુરવઠા યોજનાની હેલ્પલાઇન પર મળેલ ફરિયાદો	૮૬
	રાજકોટ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના	૩૦૪
	રાજકોટ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે પાવર ટેરીફ સહાય	૧૫૯
માનસિંહ કો. ચૌહાણ	મહિસાગર જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના	૩૧૩
માલતી કિ. મહેશ્વરી	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬	૧૩૪
	મુન્દ્રા તાલુકામાં મુન્દ્રા જુથ સુધારણા પાણી પુરવઠા યોજના	૧૧૩
મોહનભાઈ ઢે.કોંકણી	તાપી જિલામાં પપૈયા પાકના વાવેતર માટે પ્રોત્સાહન	૩૦૨
	તાપી–કરજણ લીફ્ટ ઈરીગેશન પાઇપલાઈન યોજના	૧૧૫
મોહનભાઇ ઘ. ઢોડિયા	સુરત જિલ્લાના મીયાપુર શેખપુર મુડત મોરદેવી રોડને વાઇડનીંગ કરવા બાબત	૭૨
યોગેન્દ્રસિંહ પરમાર	ખેડા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય	૩૧૪
રમણલાલ ના.પાટકર	ઉમરગામ તાલુકામાં એસ	૧૮૨

	વલસાડ જિલ્લામાં પાણીની ટાંકી બનાવવા બાબત	૧૧૪
	ઉમરગામ તાલુકાની પ્રાથમિક શાળાઓનું મહેકમ	૨૨૯
	ઉમરગામ તાલુકામાં કમોસમી વરસાદને કારણે થયેલ પાક નુકશાન	૩૦૨
રમેશભાઈ ના. મિસ્ત્રી	ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પાનોલી રોડને રિસરફેસિંગ કરવા બાબત	૧૧૨
	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ભરૂચ નગરપાલિકામાં મંજૂર રોડ	૨૩૧
રમેશભાઈ વિ. ટીલાળા	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬	૧૩૬
	રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના	૨૪૮
રાકેશ ગુ.દેસાઈ	નવસારી જિલ્લામાં પશુઓનું રસીકરણ	૩૦૨
	નવસારી જિલ્લામાં વન નેશન વન રેશનકાર્ડ યોજના	૨૩૮
રાજેન્દ્રકુમાર દા. ચાવડા	મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના	૨૩૫
રાજેન્દ્રસિંહ મો. રાઠવા	છોટા ઉદેપુર જિલ્લામાં ૨૭૫(૧) હેઠળની ગ્રાન્ટ માંથી કામગીરી બાબત	૧૮૩
	છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાઓ નવા બનાવવા બાબ	૨૬૦
	છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના બાબત	૧૮૯
	છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના બાબત	૧૬૪
	છોટાઉદેપુર જીલ્લા ખાતે ડેરી વિજ્ઞાન કેન્દ્ર બનાવવાબાબત	૩૦૬
	છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં ગામોનો સમાવેશ કરવા બાબત	૨૫૫
	છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં રિવરફ્રંટની કામગીરી	૨૪૬
	છોટાઉદેપુરજિલ્લામાંસ્વચ્છભારતમીશન(ગ્રામીણ) યોજનાહેઠળનીકામગીરી	૩૨૦
	છોટાઉદેપુર જીલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો	૯૦
વિનેન્દ્રસિંહ દિ. ઝાલા	સાબરકાંઠા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન બાબત	૩૧૩
	સાબરકાંઠા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ	૧૮૦
	સાબરકાંઠા જિલ્લામાં સરકારી કોલેજ	૨૪૭
વિમલભાઈ કા. ચુડાસમા	વેરાવળ ખાતે ઘન કચરાના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન્ટ	૨૩૮
	વેરાવળ બંદર પર શુધ્ધ પીવાના પાણી અને પાયાની સુવિધાની અછત	૩૨૫
	વેરાવળ બંદરની જેટી ઉપર હાઈ માસ્ટર લાઈટનાં અભાવની ફરિયાદો	૩૧૪
	પ્રભાસ પાટણમાં ભૂગર્ભ ગટર નાખવાની મંજૂરી	૨૫૩
શૈલેષ મ. પરમાર	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમ અને સેવાની શરતો)(સુધારા) વિધેયક,૨૦૨૬	૧૩૧
	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૪૭
	અમદાવાદ અને રાજકોટ શહેરમાં નોંધાયેલ ગુનાઓ	૧૮૬
	અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશન દીઠ વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી દ્રવ્યો	૧૬૮
	આભડછેટ માટે સેપ્ટનો અહેવાલ	૨૬૧
	નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત	૧૧૯
	રાજ્ય સરકારનું દેવું	૨૫૨
	વડોદરા અને સુરત શહેરમાં નોંધાયેલ ગુનાઓ	૧૬૧
	અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બિનખેતી કરવા બાબત	૮૫
	અમદાવાદ શહેર અને સુરત શહેરમાં એપીએલ–૧, એપીએલ–૨, બીપીએલ અને એએવાયના કાર્ડ ધારકોની સંખ્યા	૨૫૮
	રાજકોટ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૩૧૧
શિવાભાઈ જે. ગોહિલ	ભાવનગર જિલ્લાની પસવી જુથ સુધારણા પાણી પુરવઠા યોજના	૮૭
સંજયસિંહ વિ. મહિડા	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૩૯
	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૫૨
સેજલબેન રા. પંડ્યા	ભાવનગર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ	૧૬૨
સંદિપ દેસાઇ	સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના	૨૪૬
સરદારભાઈ શા. ચૌધરી	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(પહેલો દિવસ)	૨૬૮
	મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ	૨૪૪
સી. કે. રાઉલજી	ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ	૨૬૫

	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)	૩૪૫
સી.જે.ચાવડા	ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેન્ટસ ઓથોરીટીને પોલીસ વિરુધ્ધ મળેલ ફરિયાદો	૧૮૮
	મહેસાણા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ	૧૮૪
	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૪૯
હેમંતભાઇ હ. આહિર	ગુજરાત લગ્ન–નોંધણી (સુધારા) વિધેયક, ૨૦૨૪	૨૭૭
	સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૧૫૨
	ઉપ કુલપતિ લઘુત્તમ લાયકાત ઘરાવતા ન હોવાની ફરિયાદો	૨૬૧
	કચ્છ જિલ્લામાં યુઝર એજન્સી પાસેથી નેટ પ્રેઝન્ટ વેલ્યુની વસૂલાત	૩૨૯
	ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેન્ટસ ઓથોરીટીને પોલીસ વિરુધ્ધ મળેલ ફરિયાદો	૧૮૭
	જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ગૌચરની જમીન બાબત	૯૪
	જામનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં શૂન્ય ગૌચર	૧૨૩
	રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ અન્વયે અભ્યાસ કરતા બાળકોને પ્રધાનમંત્રી પોષણ શકિત નિર્માણ યોજનાનો લાભ ન મળવા બાબત.	૨૫૮
	સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ કેમ્પસમાં મંજૂરી વગર બાંધકામ	૨૫૦
	રાજ્યમાં ખાનગી બસ સંચાલકોએ કેરેજ પરમીટ મેળવવા કરેલી રજુઆતો	૧૮૧
	જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મંજુર થયેલ પ્રવાસનના વિકાસના કામો	૧૯૨
	જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલ નુકશાન અન્વયે પાક સહાય	૩૨૪
	જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સહાય.	૩૦૮
	સરકારી જમીનો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ફાળવવા	૧૨૮
હર્ષ ર. સંઘવી	ગુજરાત રજિસ્ટ્રેશન ઓફ મેરેજીસ નિયમોમાં લગ્ન નોંધણીની પ્રક્રિયામાં સુધારા અંગે	૩૩૩
ડૉ. હસમુખ પટેલ	ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૨૫	૨૭૭
હાર્દિક ભ. પટેલ	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(પહેલો દિવસ)	૨૭૦
	અમદાવાદ જિલ્લામાં ખેત વીજ જોડાણ ઘરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર લેવા બા	૨૩૨